23100

23100

મુંબઈ, મધ્યભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૩૨ : અંક ૧] મુંબઈ [એપ્રીલ—૧૯૫૭

સંપાદકીય

બાલમંદિરોના ખર્ચ સંબંધી મુંબઈ રાજ્યનું ધોરણ

કેટલાક દિવસો પહેલાં મુંબઈ રાજ્યના કેળવણી ખાતાના એક નિરીક્ષણ અધિકારીએ બાલમંદિરોમાં થતો ખર્ચ કયા ધોરણ સ્વીકૃત અગર અસ્વીકૃત ગણવો તે માટેનો ખુલાશો ખાતા તરફથી માગ્યો હતો એના જવાબરૂપે ખાતા તરફથી કેટલાક નિયમો ઘડવામાં આવ્યાં અને તે બાલમંદિરના સંચાલકો ઉપર માહિતિ માટે મોકલવામાં આવ્યા છે, આ નિયમો વાંચ્યા પછી પૂર્વપ્રાથમિક કેળવણીમાં અખિલ ભારતમાં સાથી આગળ રહેલા મુંબઈ રાજ્યના તે કેળવણી માટેના ભાવિ માટે અમે અત્યંત ચિંતાતુર થયા છીએ. આ નિયમો સરકારમાન્ય બાલમંદિરોને લાગુ થનાર હોવાથી અને આ પ્રકારની સંસ્થાઓને સમાજમાં પણ સરકારી પ્રતિષ્ઠા મળવાથી પૂર્વ પ્રાથમિક કેળવણીની પ્રગતિને હવે પછી કઈ દિશા મળે છે તે માટે અમે સાશંક થયા છીયે. પૂર્વ પ્રાથમિક કેળવણીના ખર્ચનું મુંબઈ રાજ્યનું આ ધોરણ પૂર્વપ્રાથમિક ઉંમરના બાળકોના વિકાસમાટે ઘાતક નિવડશે. એમ અમારું માનવું છે.

આ નિયમો મુજબ:—

(૧) દર ૪૦ બાલકો માટે એક તાલીમ પામેલો શિક્ષક. એ પ્રમાણમાં શિક્ષક પગાર ખાતા પર થયેલું પગાર ખર્ચ સરકાર ગ્રાન્ટ માટે સ્વીકૃત ગણશે.

(૨) બાલમંદિર નાનું હોય કે મોટું હોય તો પણ જેનું માસિક વેતન રૂા. ૩૦) કરતાં વધુ ન હોય એવો એકજ નોકર અથવા તો તેડાગર બાઈને સંસ્થા રોકી શકશે.

(૩) શિક્ષકોનું મોંઘવારી ભથ્થુ, નાસ્તા ખર્ચ, પ્રાવિડન્ટફંડ અને શાળાઓના મકાન પરના કર વગેરેનું ખર્ચ ઉપર સરકારી ગ્રાન્ટ મળશે નહી.

આ ત્રણ નિયમોની સાથોસાથ ગ્રાન્ટ અંગે આ પૂર્વે સરકારે જે નિયમો ઘડ્યા છે. તે ચાલુજ છે. એમ અમે સમજીએ છીએ આ નિયમો મુજબ જે બાલમંદિરો શિક્ષણ ફી દર મહીને રૂા ૩) અથવા તેથી ઓછી લે છે, એવાજ બાલમંદિરોને સ્વીકૃત ખર્ચના ૨૫% ટકા જેટલી ગ્રાંટ સરકાર તરફથી અપાઈ છે.

પૂર્વ પ્રાથમિક સંસ્થામાં શિક્ષક અને બાળકો વચ્ચેનું જે પ્રમાણ સરકારે દાખલ કર્યું છે તેનો શો આધાર છે. તે અમે કલ્પી શકતા નથી. ત્રણ થી છ વર્ષના બાળકોને અનેક અંગત મુસ્કેલીઓ હોય છે તેથી ચટ્ટીઓમાં નાડી નાખવાથી માંડીને અનેક જાતના નાના મોટા કામો માટે આ ઉમરના બાળકો શિક્ષકો ઉપર અથવા મોટેરાં ઉમર અવલંબતાહોય છે. બાલમંદિરમાં દાખલ થતાં કેટલાક બાળકો કેટલાય દિવસો સુધી બાલમંદિરના વાતાવરણમાં હળીમળી શકતા નથી તેથી આવાં બાળકો તરફ શિક્ષકોને વ્યકિતગત જોવું પડે છે. વર્ષના બધા મહીનાઓમાં બાળકો બાલમંદિરમાં દાખલ થતા હોવાથી એક શિક્ષક હમેશ આ નવા બાળકોને સમજાવવામાં અને તેઓનો વિશ્વાસ સંપાદન કરવામાં રોકાય છે. અહિંની કેળવણીનું સ્વરૂપ વ્યકિતગત માથાકુટીયું અને વધુ જવાબદારીનું હોવાથી અહિં શિક્ષક દીઠ બાળકોની સંખ્યા વધારવામાં આવે તો શિક્ષક ઉપર તેનું તાણ પડે છે. પ્રાથમિક શાળાઓની જેમ અહિંના બાળકોને એક આસન પર બેસાડી મૂકાય નહિ તે બધાંને કોઈ પણ એક વિષય પર શિક્ષક વધુ સમયને માટે કેંદ્રિત કરી શકતો નથી આ પરિસ્થિતિમાં બાલમંદિરોને પ્રાથમિક શાળાઓની જેમ ગણવામાં સરકારી ખાતાની મોટી ભૂલ થઈ છે. એક

* શિક્ષણ પત્રિકાના વાચકો માટે આ નિયમોની વિગતો આજ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવી છે.

શિક્ષિકા ૨૦ થી ૨૫ બાળકો કરતાં વધુ બાળકો પર દેખરેખ રાખે તે અશકય છે.

સરકારે પોતેજ પૂર્વપ્રાથમિક શાળામાં એક શિક્ષકને ૪૦ બાળકો સોંપવાનું શિક્ષકોને અન્યાય કરનારૂં જે ધોરણ સ્વીકાર્યું છે તેથી બાનગી બાલમંદિરોના સંચાલકોને તે અત્યંત અનુચિત દિશામાં દોરનારૂં છે. એમ અમને લાગે છે.

શિક્ષક ઉપર થયેલા આ અન્યાયનું પરિણામ બાળકો માટે અત્યંત બરાબ નિવડશે. આ ઉંમરના બાળકોનો શારિરીક વિકાસ અત્યંત વેગીલો હોવાથી આ બાળકો એક સરખી હિલચાલ કરતા હોય છે. તેમને એક જગ્યા પર સ્થિર કરી શકાતું નથી. તેઓને સ્થિર કરવા માટે જબરજસ્તી થાય તો તે તેમના વિકાસમાં વિરોધી નીવડે છે. તેમ કરવું તે બાળકો પરની ક્રુરતા ગણાશે. બાલમંદીરના ઓરડામાં આ બાળકોની હીલચાલ માટે અવકાશ મળવોજ જોઈએ તે તેમના શારીરિક તેમજ માનસીક સ્વાસ્થ્યની દૃષ્ટિએ અત્યંત જરૂરનું હોય છે. આ ઉંમરના બાળકો માટે ઓરડામાં દર બાળક દીઠ ૨૪ ચોરસ ફુટ ઓછામા ઓછી જગા મળવી જોઈએ. પાશ્ચાત્ય દેશોમાં ૫૦ ફૂટ સુધી જગા રાખવાનો આગ્રહ રાખવામાં આવે છે. આપણે ત્યાં ક્રીમાન ૨૦ ચોરસ ફુટ જગા મળવી જોઈએ એમ કહીએ તો ૪૦ બાળકો માટે ૮૦૦ ચોરસ ફૂટનો ઓરડો આપવો પડશે. ૪૦ બાળકોના વર્ગ માટે જગ્યા કેટલી જોઈએ તે માટે સરકારનો કોઈ નિયમ નથી. અત્યારે ૧૦×૧૫ ની ઓરડીઓમાં કેટલાક ધંધાદારી બાલમંદીરો ૩૦–૪૦ બાળકોને બેસાડી રાખે છે. સરકારના ખર્ચના ધોરણને લીધે. આ પ્રયાસ લોકોને વધુ ફાવશે અને તેથી બાળકો ઉપર અનર્થ ઉતરશે.

'શિક્ષક માટે બાળકોની એટલી મોટી સંખ્યા સંભાળવાની મુસ્કેલી લાગે તો તે રૂક્ષરૂપ ધારણ કરીને બાળકોને એક જગ્યા પર કોઇ બેસાડ્યા માટે જે નહી કરવા જેવું તે બધું કરશે. વાલીઓનો વર્ગ પોતાના બાળકોની જરૂરિયાતો માટે હજુ ઉંઘતો હોવાથી બાળકોની મુસ્કેલીઓ જાણી શકશે નહી. શિક્ષીકા જાણશે છતાં તેના પોતા ઉપર જુલમ થતો હોવાથી તે બાળકો ઉપર જુલમ ગુજારશે. સંચાલકોને આ બાબતો પર ધ્યાન આપવાનું સગવડ ભર્યું ન હોવાથી તે પણ આ અંગે બોલશે નહી. એથી ચારે તરફથી બાળકોને અન્યાય થશે. તેથી સરકારના આ ધોરણને જેના હૈયામાં બાલહિત છે. એવા લોકોએ અત્યંત કડક શબ્દોમાં નિષેધ કરવો જોઈએ.

ભારતીય ધટના મુજબ હવે. ૭ થી ૧૪ વર્ષના બાળકોની નહી પણ જન્મથી ચૌદ વર્ષ સુધીના બાળકોની કેળવણી અને તેમના કલ્યાણની જવાબદારી સોંપવામ આવી છે. આ નવી પરિસ્થિતિમાં પૂર્વપ્રાથમિક વયન બાળકોની જવાબદારી અમારી નથી. એમ હવે સરકાર કહે શકશે નહી. પૂર્વપ્રાથમિક શિક્ષકોને પ્રાથમિક શિક્ષ કરતાં જુદી રીતે વર્તવાનું ધોરણ કયા તત્વના આધાર પ ન્યાયી થાય છે. તે અમે સમજી શકતા નથી. આ શિક્ષકો મોંઘવારી, ગ્રાંટ શા માટે ન મળે. તેમજ પ્રોવિડન્ડફંડ વ્યવસ્થા શું કામ તેમને માટે ન હોય ? તે અમે સમ શકતા નથી.

બાળમંદિરની કેળવણી વ્યવસાયદ્વારા હોવાથી બા મંદિરોના સાધન સામગ્રી અંગે સ્વાભાવિક રીતે વધુ ખ થાય છે. સરકારી ધોરણ મુજબ સર્વ ખર્ચના કેવળ ૭% જ ખર્ચ મંજૂર ગણવામાં આવશે એટલે કોઈ બાળવાડ વાર્ષિક ખર્ચ રૂા. ૨૦૦૦ નું હોય તો એ સંસ્થાએ સા સામગ્રી પર આખા વર્ષમાં ૧૪૦ રૂા. જેટલું કરેલું ખર ગ્રાંટમાટે સ્વીકૃત ગણાશે. એક બાજુએ દરેક વર્ગમાં બાળકો લેવાનુ સૂચવીને અને બીજા નિયમથી બાળ રમતના સાધનો પર મર્યાદા મૂકીને. સરકાર શુ બાળ આખો દિવસ અદ્દલ પલાંઠીવાળી બેસવાનું સૂચવે છે !

બાળમંદિરોને આપવામાં આવતી સરકારી ગ્રાંટનુ દે એટલું અવાસ્તવિક છે કે તેથી સરકારી ગ્રાંટ લેવ સંસ્થાઓને ન પોસાતી બાબત થઈ ગઈ છે તેથી નિયંત્રિત સંસ્થાઓનો આંકડો કેવો વધતોજ જાય છે. પણ તોંધ સરકારે લેવી ઘટે. સરકારી ખર્ચના આ ધો લીધે મુંબઈ રાજ્યની બાળકેળવણી ઉપર સંકટ આવી છે. આ સંબંધમાં સમયસર કોઈ યોગ્ય પગલાં લે અત્યંત જરૂર છે એમ અમે માનીએ છીએ.

—શેષ નામ

શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને:—

આપનુ લવાજમ પુરૂં થયે આપ તુરતજ લવાજમના રૂા. ૪–૦–૦ મોકલાવી આપશો. વી. પી. ના ખોટા ખર્ચમાંથી બચવા અને સંસ્થાને તે ખર્ચમાંથી મુક્ત કરવા આપનુ લવાજમ તાત્કાલિક ભરી દેશો.

—વ્ય. સંપાદક.

પૂર્વ પ્રાથમિક ભૂમિતિ

આંક સાતમો : વર્તુળ.

બાળમંદિરમાં વર્તુળનો પ્રત્યક્ષ પરિચય પ્રથમ ભૌ. તક આકૃતિઓની પેટીમાં બાળકને થાય છે. ભૂમિતિની ત્રિમૂર્તિ જેવી વર્તુળ, ચોરસ અને ત્રિકોણ જેવી આકૃતિના માટે ભૌમિતિક આકૃતિઓમાં એકે બાસ ટ્રે યોજવામાં આવી છે તેમજ તે દરેક આકૃતિનું વિસ્તરણ તરીકે એક બીજી ટ્રે પણ યોજવામાં આવી છે. આ સાધનો સાથે રમતાં રમતાં બાળક વર્તુળનો પ્રથમ પરિચય મેળવી લે છે.

ગોળ માટેની પરિભાષા

સામાન્ય રીતે ગોળ શબ્દ ક્ષેત્રાકૃતિ અને ઘનાકૃતિ આ બંનેના અર્થમાં વપરાય છે. "સરસ ગોળ ભાખરી અને 'બૉલ ગોળ છે' અહિં પહેલા વાક્યમાં જે આકાર છે તે ક્ષેત્રનો આકાર છે. જ્યારે બીજા વાક્યમાં ગોળ શબ્દ ઘનાકૃતિ સૂચવે છે. ક્ષેત્રાકૃતિ માટે 'વર્તુળ' શબ્દ અને ઘનાકૃતિ માટે 'ગોળ' શબ્દ બાલમંદિરનાં શિક્ષકોએ નિશ્ચિત રીતે શરૂઆતથી વાપરવો જોઈએ. આગળ જતાં વર્તુળ માટેની પરિભાષા ભૌમિતિક આકૃતિમાં શબ્દવિષયક ચિત્રો દ્વારા, કંપાસની મદદથી થતાં ચિત્રો દ્વારા, ને કાતરકામ દ્વારા બાળકોને અપાય છે. હસ્તવ્યવસાયનાં વિષયમાં આ વિષય આવી ગયો હોય છે. એમાં 'મધ્ય બિંદુ' 'ત્રિજ્યા', 'વ્યાસ', 'પરીધ' વગેરે શબ્દોનો પરિચય થાય છે.

મુળાકૃતિનો પરસ્પર સંબંધ

વર્તુળનાં પરિધ પર જેનું કોણબિંદુ હોય એવું એક ચોરસ દોરી અને વર્તુળનાં પરિધને જેની બાજુઓ અડકે છે એવું એક બહાર ચોરસ દોરીએ તો પહેલું ચોરસ ક્ષેત્રમાં બીજાં કરતાં અર્ધું હોય છે. તેજ પ્રમાણ વર્તુલમાં અંતર્ગત ને બાહ્યિર્ગત ત્રિકોણ અથવા કોઈ પણ બહુકોણાકૃતિ દોરીએ તો તેમના ક્ષેત્રમાં નિશ્ચિત સંબંધ હોય છે એ ભૂમિતિનાં પહેલા જ અભ્યાસક્રમમાં શીખવાયું હોય છે. પરંતુ બાળકોને ભૌમિતિક આકૃતિ હાથમાં લઈ તેનો પરસ્પર સંબંધ પ્રત્યક્ષ સમજવાનો પ્રસંગ ન મળવાથી ભૂમિતિનો વિષય વિદ્યાર્થીઓને અઘરો લાગે છે. આ દૃષ્ટિથી ડૉ. મોન્ટેસોરીએ પૂર્વ પ્રાથમિક શાળામાં વિવિધ રંગી ભૌમિતિક આકૃતિઓનું સાધન બાસ સુચવ્યું છે આ સાધન બજારમાં તૈયાર મળતું નથી. કોઈ તેનો નમુનો કારખાનામાં આપે તો તેઓ કદાચ તેને બહુ ટકાઉ અને સુંદર સ્વરૂપ આપે. પણ જ્યાં સુધી એમ બને નહિ ત્યાં સુધી શિક્ષક જ કામચલાઉ સાધન બનાવી શકે છે. આવા સાધનને ઓળખવાની દ્રષ્ટિથી આપણે તેને 'સંબંધ સાધન' એમ નામ આપીશું.

સંબંધ સાધન

૨૦"×૨૦" સેંટીમીટરનો એક ચોરસ પુઠ્ઠાનો ટુકડો કાપો તેનું મધ્યબિંદુ કાઢી તેની બાજુઓને અંદરથી સ્પર્શતું એક વર્તુળ કાઢો પછી આ વર્તુલને જેનાં કોણબિંદુ સ્પર્શ કરે છે એવો એક ચોરસ બનાવો આ પ્રમાણે હજુ આગળ વધી આ ચોરસમાં વર્તુલ અને પછી ફરી વર્તુલમાં ચોરસ એમ ઓછામાં ઓછાં ચાર ચોરસ અને ત્રણ વર્તુલ બનાવો. પછી આ ચોરસ અને વર્તુલનું માપ લઈ જુદા જ પુઠ્ઠા પર આ આકૃતિ કાપો પછી બીજો એક ૨૦ × ૨૦ સેન્ટીમીટરનો ચોરસ બનાવી તેને ૨૦ × ૧૦, ૧૦ × ૧૦, ૧૦ × ૫ સેં. મી. નાં ટુકડા કરો પછી બધી ચારકોણી આકૃતિપર નારંગી અથવા ગુલાબી (અથવા કોઈ પણ આકર્ષક રંગનો) રંગનો કાગળ મૂકો. વર્તુલ માટે કોઈ પણ વિરોધી રંગનો કાગળ લઇ તેની પર ચોડવો. આ સાધન ચોરસ અને વર્તુલ સંબંધી નિદર્શન કરવા માટે ઉપયોગી થશે. આ જ પ્રમાણે ત્રિકોણ–વર્તુલનાં, પટ્ટકોણ–વર્તુલનાં અથવા કોઈપણ બહુકોણાકૃતિનો સંબંધ બતાવનારા સાધનો બનાવી શકાય.

બાળકોને માટે બાસ જરૂરી

ટાનિક પાવડર :

બાળકો અને પ્રૌઢોની નબળાઈ માટે અજમાવેલ સ્વાદિષ્ટ ટૉનિક ભૂખને ઉત્તેજનાર અને બાળકોની શારીરિક નબળાઈ માટે તેમજ વૃદ્ધાવસ્થાની નસોની કમજોરી માટે ઉપયોગી.

ન્યુ ઈરા હોમીયો ફાર્મસી

વેસ્ટર્ન રેલ્વે સામે, દાદર, મુંબઈ–૨૮

શિક્ષિકા ૨૦ થી ૨૫ બાળકો કરતાં વધુ બાળકો પર દેખરેખ રાખે તે અશકય છે.

સરકારે પોતેજ પૂર્વપ્રાથમિક શાળામાં એક શિક્ષકને ૪૦ બાળકો સોંપવાનું શિક્ષકોને અન્યાય કરનારૂં જે ધોરણ સ્વીકાર્યું છે તેથી ખાનગી બાલમંદિરોના સંચાલકોને તે અત્યંત અનુચિત દિશામાં દોરનારૂં છે. એમ અમને લાગે છે.

શિક્ષક ઉપર થયેલા આ અન્યાયનું પરિણામ બાળકો માટે અત્યંત ખરાબ નિવડશે. આ ઉંમરના બાળકોનો શારિરીક વિકાસ અત્યંત વેગીલો હોવાથી આ બાળકો એક સરખી હિલચાલ કરતા હોય છે. તેમને એક જગ્યા પર સ્થિર કરી શકાતું નથી. તેઓને સ્થિર કરવા માટે જબરજસ્તી થાય તો તે તેમના વિકાસમાં વિરોધી નીવડે છે. તેમ કરવું તે બાળકો પરની ક્રુરતા ગણાશે. બાલમંદીરના ઓરડામાં આ બાળકોની હીલચાલ માટે અવકાશ મળવોજ જોઈએ તે તેમના શારીરિક તેમજ માનસીક સ્વાસ્થ્યની દૃષ્ટિએ અત્યંત જરૂરનું હોય છે. આ ઉંમરના બાળકો માટે ઓરડામાં દર બાળક દીઠ ૨૪ ચોરસ ફુટ ઓછામા ઓછી જગા મળવી જોઈએ. પાશ્ચાત્ય દેશોમાં ૫૦ ફૂટ સુધી જગા રાખવાનો આગ્રહ રાખવામાં આવે છે. આપણે ત્યાં કામચલાઉ ૨૦ ચોરસ ફુટ જગા મળવી જોઈએ એમ કહીએ તો ૪૦ બાળકો માટે ૮૦૦ ચોરસ ફૂટનો ઓરડો આપવો પડશે. ૪૦ બાળકોના વર્ગ માટે જગ્યા કેટલી જોઈએ તે માટે સરકારનો કોઈ નિયમ નથી. અત્યારે ૧૦×૧૫ ની ઓરડીઓમાં કેટલાક ધંધાદારી બાલમંદીરો ૩૦–૪૦ બાળકોને બેસાડી રાખે છે. સરકારના ખર્ચના ધોરણને લીધે. આ પ્રયાસ લોકોને વધુ ફાવશે અને તેથી બાળકો ઉપર અનર્થ ઉતરશે.

'શિક્ષક માટે બાળકોની એટલી મોટી સંખ્યા સભાળવાની મુસ્કેલી લાગે તો તે ૩૦૨૫ ધારણ કરીને બાળકોને એક જગ્યા પર ઠોકી બેસાડયા માટે જે નહી કરવા જેવુ તે બધું કરશે. વાલીઓનો વર્ગ પોતાના બાળકોની જરૂરિયાતો માટે હજુ ઉંઘતો હોવાથી બાળકોની મુસ્કેલીઓ જાણી શકશે નહી. શિક્ષીકા જાણશે છતાં તેના પોતા ઉપર જુલમ થતો હોવાથી તે બાળકો ઉપર જુલમ ગુજારશે. સંચાલકોને આ બાબતો પર ધ્યાન આપવાનું સગવડ ભર્યું ન હોવાથી તે પણ આ અંગે બોલશે નહી. એથી ચારે તરફથી બાળકોને અન્યાય થશે. તેથી સરકારના આ ધોરણને જેના હૈયામાં બાલહિત છે. એવા લોકોએ અત્યંત કડક શબ્દોમાં નિષેધ કરવો જોઈએ.

ભારતીય ઘટના મુજબ હવે. ૭ થી ૧૪ વર્ષના બાળકોની નહી પણ જન્મથી ચૌદ વર્ષ સુધીના બાળકોની કેળવણી અને તેમના કલ્યાણની જવાબદારી સોંપવામાં આવી છે. આ નવી પરિસ્થિતિમાં પૂર્વપ્રાથમિક વયના બાળકોની જવાબદારી અમારી નથી. એમ હવે સરકાર કહી શકશે નહી. પૂર્વપ્રાથમિક શિક્ષકોને પ્રાથમિક શિક્ષકો કરતાં જુદી રીતે વર્તવાનું ધોરણ કયા તત્વના આધાર પર ન્યાયી થાય છે. તે અમે સમજી શકતા નથી. આ શિક્ષકોને મોંઘવારી, ગ્રાંટ શા માટે ન મળે. તેમજ પ્રોવિડન્ડફંડની વ્યવસ્થા શું કામ તેમને માટે ન હોય ? તે અમે સમજી શકતા નથી.

બાળમંદિરની કેળવણી વ્યવસાયદ્વારા હોવાથી બાળમંદિરોના સાધન સામગ્રી અંગે સ્વાભાવિક રીતે વધુ ખર્ચ થાય છે. સરકારી ધોરણ મુજબ સર્વ ખર્ચના કેવળ ૭% ટકા જ ખર્ચ મંજૂર ગણવામાં આવશે એટલે કોઈ બાળવાડીનું વાર્ષિક ખર્ચ રૂા. ૨૦૦૦) નું હોય તો એ સંસ્થાએ સાધન સામગ્રી પર આખા વર્ષમાં ૧૪૦) રૂા. જેટલું કરેલું ખર્ચ જ ગ્રાંટમાટે સ્વીકૃત ગણાશે. એક બાજુએ દરેક વર્ગમાં ૪૦ બાળકો લેવાનુ સૂચવીને અને બીજા નિયમથી બાળકના રમતના સાધનો પર મર્યાદા મૂકીને સરકાર શું બાળકોને આખો દિવસ અદબ પલાંઠીવાળી બેસવાનું સૂચવે છે ?

બાળમંદિરોને આપવામાં આવતી સરકારી ગ્રાંટનુ ધોરણ એટલું અવાસ્તવિક છે કે તેથી સરકારી ગ્રાંટ લેવી એ સંસ્થાઓને ન પોસાતી બાબત થઈ ગઈ છે તેથી અનિયંત્રિત સંસ્થાઓનો આંકડો કેવો વધતોજ જાય છે. તેની પણ નોંધ સરકારે લેવી ઘટે. સરકારી ખર્ચના આ ધોરણને લીધે મુંબઈ રાજ્યની બાળકેળવણી ઉપર સંકટ આવી રહ્યુ છે. આ સંબંધમાં સમયસર કોઈ યોગ્ય પગલાં લેવાની અત્યંત જરૂર છે એમ અમે માનીએ છીએ.

—શેષ નામલે.

શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને:—

આપનું લવાજમ પુરૂં થયે આપ તુરતજ લવાજમના રૂા. ૪–૦–૦ મોકલાવી આપશો. વી. પી. ના બોટા ખર્ચમાંથી બચવા અને સંસ્થાને તે ખર્ચમાંથી મુક્ત કરવા આપનું લવાજમ તાત્કાલિક ભરી દેશો.

—વ્ય. સંપાદક.

પૂર્વ પ્રાથમિક ભૂમિતિ

આંક સાતમો : વર્તુળ.

બાળમંદિરમાં વર્તુળનો પ્રત્યક્ષ પરિચય પ્રથમ ભૌ. તક આકૃતિઓની પેટીમાં બાળકને થાય છે. ભૂમિતિની ત્રિમૂર્તિ જેવી વર્તુળ, ચોરસ અને ત્રિકોણ જેવી આકૃતિના માટે ભૌમિતિક આકૃતિઓમાં એકે બાસ ટ્રે યોજવામાં આવી છે તેમજ તે દરેક આકૃતિનું વિસ્તરણ તરીકે એક બીજી ટ્રે પણ યોજવામાં આવી છે. આ સાધનો સાથે રમતાં રમતાં બાળક વર્તુળનો પ્રથમ પરિચય મેળવી લે છે.

ગોળ માટેની પરિભાષા

સામાન્ય રીતે ગોળ શબ્દ ક્ષેત્રાકૃતિ અને ઘનાકૃતિ આ બંનેના અર્થમાં વપરાય છે. "સરસ ગોળ ભાખરી અને 'બૉલ ગોળ છે' અહિં પહેલા વાક્યમાં જે આકાર છે તે ક્ષેત્રનો આકાર છે. જ્યારે બીજા વાક્યમાં ગોળ શબ્દ ઘનાકૃતિ સૂચવે છે. ક્ષેત્રાકૃતિ માટે 'વર્તુળ' શબ્દ અને ઘનાકૃતિ માટે 'ગોળ' શબ્દ બાલમંદિરનાં શિક્ષકોએ નિશ્ચિત રીતે શરૂઆતથી વાપરવો જોઈએ. આગળ જતાં વર્તુળ માટેની પરિભાષા ભૌમિતિક આકૃતિમાં શબ્દવિષયક ચિત્રો દ્વારા, કંપાસની મદદથી થતાં ચિત્રો દ્વારા, ને કાતરકામ દ્વારા બાળકોને અપાય છે. હસ્તવ્યવસાયનાં વિષયમાં આ વિષય આવી ગયો હોય છે. એમાં 'મધ્ય બિંદુ' 'ત્રિજ્યા', 'વ્યાસ', 'પરીધ' વગેરે શબ્દોનો પરિચય થાય છે.

મુળાકૃતિનો પરસ્પર સંબંધ

વર્તુલનાં પરિધ પર જેનું કોણબિંદુ હોય એવું એક ચોરસ દોરી અને વર્તુલનાં પરિધને જેની બાજુઓ અડકે છે એવું એક બહાર ચોરસ દોરીએ તો પહેલુ ચોરસ ક્ષેત્રમાં બીજાં કરતાં અર્ધું હોય છે. તેજ પ્રમાણ વર્તુલમાં અંતર્ગત ને બાહિર્ગત ત્રિકોણ અથવા કોઈ પણ બહુકોણાકૃતિ દોરીએ તો તેમના ક્ષેત્રમાં નિશ્ચિત સંબંધ હોય છે એ ભૂમિતિનાં પહેલા જ અભ્યાસક્રમમાં શીખવાયુ હોય છે. પરંતુ બાળકોને ભૌમિતિક આકૃતિ હાથમાં લઈ તેનો પરસ્પર સંબંધ પ્રત્યક્ષ સમજવાનો પ્રસંગ ન મળવાથી ભૂમિતિનો વિષય વિદ્યાર્થીઓને અઘરો લાગે છે. આ દૃષ્ટિથી ડૉ. મોન્ટેસોરીએ પૂર્વ પ્રાથમિક શાળામાં વિવિધ રંગી ભૌમિતિક આકૃતિઓનું સાધન ખાસ સુચવ્યું છે આ સાધન બજારમાં તૈયાર મળતું નથી. કોઈ તેનો નમુનો કારખાનામાં આપે તો તેઓ કદાચ તેને બહુ ટકાઉ અને સુંદર સ્વરૂપ આપે. પણ જ્યાં સુધી એમ બને નહિ ત્યાં સુધી શિક્ષક જ કામચલાઉ સાધન બનાવી શકે છે. આવા સાધનને ઓળખવાની દ્રષ્ટિથી આપણે તેને 'સંબંધ સાધન' એમ નામ આપીશું.

સંબંધ સાધન

૨૦"×૨૦" સેંટીમીટરનો એક ચોરસ પુઠ્ઠાનો ટુકડો કાપો તેનું મધ્યબિંદુ કાઢી તેની બાજુઓને અંદરથી સ્પર્શતું એક વર્તુળ કાઢો પછી આ વર્તુલને જેનાં કોણબિંદુ સ્પર્શ કરે છે એવો એક ચોરસ બનાવો આ પ્રમાણે હજુ આગળ વધી આ ચોરસમાં વર્તુલ અને પછી ફરી વર્તુલમાં ચોરસ એમ ઓછામાં ઓછાં ચાર ચોરસ અને ત્રણ વર્તુલ બનાવો. પછી આ ચોરસ અને વર્તુલનું માપ લઈ જુદા જ પુઠ્ઠા પર આ આકૃતિ કાપો પછી બીજાને એક ૨૦ × ૨૦ સેન્ટીમીટરનો ચોરસ બનાવી તેને ૨૦ × ૧૦, ૧૦ × ૧૦, ૧૦ × ૫ સેં. મી. નાં ટુકડા કરો પછી બધી ચારકોણી આકૃતિપર નારંગી અથવા ગુલાબી (અથવા કોઈ પણ આકર્ષક રંગનો) રંગનો કાગળ મૂકો. વર્તુલ માટે કોઈ પણ વિરોધી રંગનો કાગળ લઇ તેની પર ચોડવો. આ સાધન ચોરસ અને વર્તુલ સંબંધી નિદર્શન કરવા માટે ઉપયોગી થશે. આ જ પ્રમાણે ત્રિકોણ–વર્તુલનાં, ષટ્કોણ–વર્તુલનાં અથવા કોઈપણ બહુકોણાકૃતિનો સંબંધ બતાવનારા સાધનો બનાવી શકાય.

બાળકોને માટે ખાસ જરૂરી

ટૉનિક પાવડર :

બાળકો અને પ્રૌઢોની નબળાઈ માટે અજમાવેલ સ્વાદિષ્ટ ટૉનિક ભૂખને ઉત્તેજનાર અને બાળકોની શારીરિક નબળાઈ માટે તેમજ વૃદ્ધાવસ્થાની નસોની કમજોરી માટે ઉપયોગી.

ન્યુ ઈરા હોમીયો ફાર્મસી

વેસ્ટર્ન રેલ્વે સામે, દાદર, મુંબઈ–૨૮

આમ જ એક ૨૦ × ૨૦ સેં. મી. નું ચોરસ લઈ તેની એક બાજુ જેનો પાયો હોય એવું બીજું એક ચોરસ બનાવો. પછી આ બે ક્રમાંકનાં ચોરસની એક બાજુએ જેનો પાયો હોય એવું ચોરસ બનાવો અને એમ કરતાં કરતાં એકદમ નાનું ચોરસ થાય ત્યાં સુધી બનાવો—પહેલા કંપાસનો ઉપયોગ કરી—ત્યાર પછી પુઠ્ઠાં પર આ માપનાં ચોરસ બનાવો અને તેમાં બેકી ક્રમાંક માટે એક પ્રકારનો રંગ અને બેકી ક્રમાંક માટે વિરોધી રંગ લઈ તેની પર રંગીન કાગળ ચોંટાડો આ જ પ્રમાણે પહેલાં એક ૨૦ સેં. મી. નાં પાયાવાળુ સમભુજ ત્રિકોણ બનાવો, તેનાં **શિરોકોણથી** પાયા સુધી **લંબરેખા** દોરો. પછી આ **લંબરેખા** નવાં ત્રીકોણનો પાયો બનશે માટે તેની ઉપર બીજું સમકોણ ત્રિકોણ બનાવો ફરીપાછી આ ત્રિકોણનાં **શિરોબિંદુ** પરથી એક **લંબરેખા** દોરી તેની પર બીજુ ત્રિકોણ દોરો આમ કરતાં જવું જેથી નાનાં નાનાં ત્રિકોણ થતાં જશે. જેટલા નાનાં કરી શકાય તેટલાં કરી તે જ માપનાં ત્રિકોણ પુઠ્ઠા પર કાપવા. પછી તેમનાં બેકી અને બેકી ક્રમાંકને વિરોધી ૨ ગના કાગળ ચોડવા આમ કરવાથી એક નવું સાધન તૈયાર થશે.

આમ અનેક પ્રકારનાં સાધનો તૈયાર થઈ શકશે. દા:–ત:– ૨૦ × ૨૦ નુ ચોરસ લઈ તેની બાજુનુ મધ્યબિંદુ કાઢી તેને જોડીને બીજુ ચોરસ અને પછી તેનાં મધ્યબિંદુને જોડી ત્રીજુ ચોરસ આમ જેટલાં ચોરસ કરી શકાય તેટલાં બનાવી તેનાં બેકી અને બેકી ક્રમાંકને જુદા જુદા ૨ ગ આપવા. આજ પ્રમાણે સમકોણ ત્રિકોણમાં પણ કરી શકાય. આા બધાં સાધનો માટે પૂઠ્ઠાનાં ડબ્બા રાખવા.


આ બધાં સાધનો બનાવી જુઓકે તેમની ઉપર બાળકો કેટલી જુદી જુદી રીતે રમે છે ! એનાથી જુદા.જુદા પ્રકારનાં સુશોભન બાળકો ખૂબ હોંશથી કરે છે. વર્તુલ, ત્રિકોણ અને ચોરસ જેવી આકૃતિઓનો અનેક પ્રકારનો સબંધ શોધી કાઢે છે. બાલમંદિરોએ આ સાધનો વાપરી જોવાં અને તેમના અનુભવો મને લખી જણાવવા એવી મારી આગ્રહપૂર્વક વિનંતી છે.

કોણ માપન.

ગયા એક લેખમાં આપણે ત્રિકોણનુ રચનાત્મક કાર્ય અને ચોરસનાં ક્ષેત્રમાપનનુ કાર્ય બાળકો આગળ કઈ રીતે સ્પષ્ટ કરાય તે જોયુ. અહિ આજે વર્તુલના ઉપયોગ વિષે કહેવાનુ છે. વર્તુલને લીધે ખુબ **લાંબા** અંતર માપવાનુ કામ સહેલું બન્યુ છે. એકમેકથી દૂર એવાં બે ગામમાંથી વિશિષ્ટ તારાઓના જે અંશથી કોણ કરે છે તેના પરથી તે. બે ગામનુ અંતર ધ્યાનમાં લઈને બે તારાઓ વચ્ચેનુ અંતર ગણતાં આવડે છે. એક તારકનુ અંતર કાઢતાં આવડયુ કે તે ઉપરથી ઓછા વધતા અંતરો ઉપર આવેલા તારકોનુ અંતર માપી શકાય છે. બાલમંદિરમાં આકૃતિના ખૂણા માપવામાં વર્તુલનો ઉપયોગ કરી શકાય છે. વર્તુલથી કોણ માપતાં આવડે તે માટે વર્તુલનાં મધ્યબિંદુ પરથી ત્રિજ્યા કાઢી ૩૬૦ સરખા ભાગ કર્યા હોય તેને અંશ કહેવાય છે. આ પૂર્વપ્રાથમિક શિક્ષકને કહેવાની જરૂર નથી. કંપાસ પેટીમાં અર્ધગોળાકાર જે કોણમાપન છે તે બહુ નાનુ ને બહુ ફાવે તેવું ન હોવાથી બાળકોની દૃષ્ટિથી વધારે ફાવે તેવું કોણમાપન ડૉ. મોન્ટેસોરીએ યોજ્યુ છે.

સાધનનું વર્ણન.

કોણમાપન ચોરસ આકારનુ છે અને તેનો પાયો ૧૦ સેં. મી. છે. તેની વચ્ચોવચ્ચ ૪. સેં. મી.ની ત્રિજ્યાનું



ઝરણાંથી બનતું સુગંધિત તેલ

આપને ત્રિવિધ ફાયદાઓની ખાત્રી આપે છે.



૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે,
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે,

આજે જ એક બાટલી ખરીદો અનો હમેશના વપરાશનુ સર્વોતમ કેશતેલ ઘેરબેઠાં આસાનીથી તૈયાર કરો .....

બધે જ ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ
સુગંધ ઘર
ખાડીયા, અમદાવાદ

સી. નરોત્તમની કાં
મંગલદાસ રોડ,
મુંબઈ ૨.
ટે. ન. ૩૦૫૭૫

M. P. S-

એક પૂર્ણ વર્તુલ હોય છે. વચલી વ્યાસની રેખા લાલ હોય છે અને તેની ડાબી બાજુએ 0° (અંશ) ને જમણી બાજુએ ૧૮૦, એમ અંક લખ્યા છે. આ કોણમાપકની સાથે અપૂર્ણાંક પેટી રાખવામાં આવે છે. આ પેટીમાં કૂલ ૧૦ લોખંડની આકૃતિના ખાનાં હોય છે. આ સાધનનુ વર્ણન થોડા વખત પહેલાં લખેલા અપૂર્ણાંકવિષયક લેખમાળામાં આવ્યું હતું અને તેજ પ્રમાણે આ સાધન ઘણા બાલમંદિરમાં હોય છે તેથી તેનું વર્ણન હું અહિ કરીશ નહિ. વર્તુલના એક, બે, ત્રણ એમ ક્રમશઃ દસ સુધીના ભાગો આ ખાનાઓમાં હોય છે. તે જ પ્રમાણે બીજુ 'દશાંશ સાધન' પણ આની સાથે ઉપયોગ માટે મુકવામાં આવ્યુ હોય છે.

દશાંશ સાધન.

કોણમાપકની જેમજ આ સાધન બનાવવામા આવ્યુ છે. પણ આમાં ૩૬૦ ભાગને બદલે વર્તુલના ફકત ૧૦૦ જ ભાગ દર્શાવ્યા છે. કોણમાપક અને દશાંશનાં સાધન વચ્ચેનુ વર્તુલ એવી રીતે કર્યું છે કે જેથી વતુલમાં અપુર્ણાંકનાં સાધનનો કોઈ પણ ભાગ મૂકયો હોય, તો પણ સાધનની અને તે વર્તુલની સપાટી એક સરખીજ રહે.

નિદર્શન.

અપુર્ણાંક પેટીનો પરિચય કેમ કરવો તે તો અપુર્ણાંક સબંધી લેખમાં આપ્યુ છે. તેથી ફરી સમજાવીશ નહિ, આ સાધનમાં પ્રથમ $\frac{1}{2}$, $\frac{1}{3}$, $\frac{1}{4}$, $\frac{1}{5}$, $\frac{1}{6}$, $\frac{1}{8}$, $\frac{1}{7}$, $\frac{1}{9}$, $\frac{1}{10}$ એવા ભાગ કરી એક નીચે એક એમ ટેબલ પર માંડવા. પછી તેમાંથી, એક અપુર્ણાંક ઉપાડી કોણમાપની લાભ રેખા પર એવી રીતે મૂકવુ કે તે અપૂર્ણાંકનો શિરોકોણ લાલ રેખાનાં મધ્યબિંદુ પર પડે અને અપૂર્ણાંકની એક એક બાજુ ડાબીબાજુની લાલ રેખા પર પડે, આ અપૂર્ણાંક બરોબર મુકયું છે કે નહિ તે બરોબર જોઈ લેવું પછી અપૂર્ણાંકની બન્ને બાજુએ અંશકોણ–માપક પર જોવુ ધારોકે અપૂર્ણાંક $\frac{1}{2}$ હોય તો અપૂર્ણાંકની બન્ને બાજુનો કોણ ૯૦° આવશે. આ પ્રમાણે બાળકને અપૂર્ણાંકનું અંશમાં રૂપાંતર કઈ રીતે થાય તે બતાવ્યા પછી અપૂર્ણાંકનુ રૂપાન્તર કરતાં બતાવવું. આગળ કામ આ પ્રમાણે થશે. તેની નોંધ બાળકને પોતાની ચોપડીમાં આ રીતે કરતા બતાવવી.

$\frac{1}{2}$	વર્તુલ	=	૧૮૦°	$\frac{1}{10}$	વર્તુલ	=	૬૦°
$\frac{1}{3}$	,,	=	૧૨૦°	$\frac{1}{8}$	,,	=	૫૧°
$\frac{1}{4}$	,,	=	૯૦°	$\frac{1}{7}$	,,	=	૪૫°
$\frac{1}{5}$	,,	=	૭૨°	$\frac{1}{9}$	,,	=	૪૦°
				$\frac{1}{10}$	,,	=	૩૬°

અપૂર્ણાંકનાં સરવાળા બાદબાકીના દાખલા સાથે-જે અંશના સરવાળા બાદબાકીનો વિષય આગળ લેવો.

દશાંશ માપનનો ઉપયોગ.

અહિ કોઈપણ અપૂર્ણાંકનુ રૂપાંતર દશાંશમાં કઈ રીતે કરાય તે બાળકોને પ્રત્યક્ષ બતાવવાનુ હોય છે. ઉપર નિદર્શનમાં સુચવ્યા પ્રમાણે અપૂર્ણાંકની માંડણી ક્રમશઃ કરવી અને એમાનું એક અપૂર્ણાંક દશાંશ સાધનનાં વર્તુલના મધ્યબિંદુ પર પહેલાંની જેમ જ મુકવું. $\frac{1}{4}$ નુ અપૂર્ણાંક આ પ્રમાણે મુકવાથી અહિ ૨૬, ૨૫ એમ જવાબ આવશે. આ પ્રમાણે જુદા જુદા અપૂર્ણાંક આપી તેનુ રૂપાંતર દશાંશ કરતાં બતાવવું. તેનો સરવાળોને બાદબાકી આગળ અંકગણિતનો વિષય છે માટે અહિ બતાવ્યું નથી.

અંકગણિતના વિષયના ભુમિતિના જ્ઞાન સાથે શરૂઆતથી જ પરિચય કર્યો હોય તો આ વિષય કેટલો સહેલો ને રસમય કરી શકાય તે અનુભવથી શિક્ષકના ધ્યાનમાં આવ્યુ હશે. હવે પછીના પત્રિકાના ભુમિતિનો સંબંધ બીજ ગણિત સાથે શરૂઆતથી જ કઈ રીતે બતાવી શકાય તે સંબંધી વિવેચન કરીને પૂર્વપ્રાથમિક ભુમિતિની આ લેખમાળા પૂર્ણ કરીશ.

[illegible] શેષ નામલે

પ્રસંગોપાત મુખવાસ માટે વપરાતી

☆ દિલરંજન ☆

સેન્ટેડ સોપારી

* સુમધુર * સૌને આનંદીત કરતી

સર્વે જગ્યાએ વેચાય છે.

આપની ગામની એજન્સી માટે લખો :—

બાબુભાઈ આર. સોપારીવાલા

શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ, મુંબઈ–૭

બ્રાન્ચ : પોસ્ટ ઓફીસની બાજુમાં,

વીઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪

બુદ્ધિ માટે ખોરાક

બ્હેન જુઓ લક્ષ્મીએ સીતાફળ ખાધું, "કાચ્ચુ જ? "હા કાચ્ચુ જ." અને તેથી મે કાચ્ચા સીતાફળ ન ખવાય તે બાબત એક ભાષણ આપ્યુ. બાળકો સાંભળતાં હતાં ને હસતાં હતાં પણ તેમનાં મગજમાં કેટલુ જતું હતું તે તો કોણ જાણે. કારણ બીજા દિવસે સુંદરે કાચ્ચુ પપૈયું ખાધું, કમુએ કુમળી આમલી પાડી અને અમારે જ ઘેરથી મીઠું લઈ બધાએ તે ખાધી! હુંગરાળ પ્રદેશ માંથી બાંધુનાં કુમળા અંકુરો રોજ આવે છે તેનુ અથાણુ અથવાતો શાક સરસ થાય છે એમ કહેવાય છે. મકાઈનો ટૂકડો શેરડીની જેમ–ચાવતું ચાવતુ એક બાળક આવ્યું. પણ સૌથી કમાલ તો પેલા બાળકનું કે જે મોઢામાં વડલાની કુમળી ડાળી મોંમા નાખીને કંઈ ચુસતું હતું "અરે આ શું કરે છે." તો જવાબ આપે છે. ગળ્યું લાગે છે એટલે અમે ખાઈએ છીએ. "અરે આ શું કરો છો!" એમ પુછ્યું ત્યારે "ગળ્યું ગળ્યુ છે." "અમે ખાઈએ છીએ, એમ બધાએ કહ્યું.

પેટ ખાલી તેમ મન પણ ખાલી! અમુક કામ કરવું, અમુક વખતે અમુક જ ખાવું. ખાલી આમતેમ આંટા મારવા ને ઉંઘ આવે ત્યારે ઉંઘવું મનમાં કશો જ વિચાર નહિ. બુદ્ધિ પર કોઈ પણ જાતનું તાણ નહિ. રાજ્ય કોનું, કયો પક્ષ, કોણ આવ્યું ને ગયું તેની કંઈ પંચાત જ નહિ, અંજારમાં ધરતીકંપ થયો, બધે વરસાદમાં પુર આવ્યાં, પણ અમને તેમાં સુખદુઃખ નહિ! કોઈ કહે છે કેટલુ સુખી જીવન! કામ કરે છે, ખાય છે, પીએ છે, નાચે છે ને મજા કરે છે. પણ 'અજ્ઞાન' 'જાણવું નહિ' એને જો સુખી જીવન કહેવાય તો બધી શાળાઓ, બધા શૈક્ષણિક પ્રયોગો એ તદ્દન નકકામાં જ કહેવાય. બુદ્ધિનો જો ઉપયોગ જ કરવાનો ન હોય તો પછી માણસોમાં ને બીજા પશુઓમાં શું ફેર કહેવાય? તેથી બુદ્ધિનો ઉપયોગ તો કરવો જ જોઈએ. પણ તેમની બુદ્ધિને પહોંચે તેવો ખોરાક પણ ન! અને એવો ખોરાક મળે તો બહુ દિવસની ભૂખી એવી બુદ્ધિ પણ ખીલવા માંડે છે. જુઓ કઈ રીતે—૧) અમારી શાળા નવી જ શરૂ થઈ હતી. નાના મોટાં ઘણાં બાળકો આવવાં લાગ્યાં. તેમને એક સુંદર અભિનય ગીત બતાવ્યું પણ તેઓ તો મૂર્ખાની જેમ હસતાં બેઠાં પછી ખુબ નાનાં નાનાં ગીતો ગાવાનાં શરૂ કર્યાં. અને તેમને આવાં ગીતો ગાયાં. ખુબ ધ્યાન દઈ સાંભળ્યાં. ૩–૪ દિવસ આ ગાયનો સાંભળ્યાં પછી રસ્તામાં, ઘરે ગમે ત્યાં બાળકો આજ ગીતો બબડવા લાગ્યા. ૨) અમે રોજ ચરખા પર કાંતતા હતા આવતાં જતાં બાળકો અમને જોઈ રહેતાં હતાં., પછી જ્યારે અમે કોઈ કાંતતા ન હોઈએ ત્યારે ધીમેથી બાળકો આવી તે ફેરવવા બેસતાં. તેથી અમે ચરખા લાવ્યા. તેની પર બાળકોએ નામો લખ્યાં. શું તેમનો આનંદ! સવારથી સાંજ સુધી કોઈ કોઈ ઘરોમાં તો જાણે અખંડ ચરખા ફરવા લાગ્યા. જરા વખત મળે કે જઈને ચરખો ફેરવે અને. આઠ દિવસની અંદર બધાને સુતર કાઢતાં આવડી ગયું! ૩) આ બાળકોને ખુબ રમતો આવડે છે. કૂદવું, દોડવુ આવા પ્રકારની રમતો હોય છે. તેમને દોરી પરથી કુદકા મારતા બતાવ્યા. બસ આખો દિવસ પછી તો દોરી ઉપરથી કુદકા જ મરાય ૪–૫ દિવસ તો એકી શ્વાસે પચાસ પચાસ કુદકા મારે અને આને લીધે તેમને ૧ થી ૫૦ સુધી ગણતાં પણ આવડયું પણ આશ્ચર્યની વાત તો એ કે બાગમાં કામ કરતા મજુરો પણ સાંજે વડ નીચે ભેગા મળી કુદકા મારવા લાગ્યા!

કંઈ નવુ દેખાય કે આત્મસાત કરવા તેમનું મન ને બુધ્ધિ તૈયાર જ હોય છે. એવુ આ ઉપરથી જણાય છે. અને તેમને જોઈએ તે વસ્તુ મેળવવા સતત પ્રયત્ન કરવાની શકિત પણ દેખાઈ આવે છે. ખાલી પેટ હોય તો ખાવા માંગે છે. તેમ ખાલી મન પણ વિચાર માગતું હોય છે.

(કોસવાડનાં આદિવાસી બાળકોના અનુભવ પરથી)

—અનુતાઇ.

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો,
બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સુચિપત્ર મંગાવો
લખો:

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કસ (પ્રાઇવેટ) લી૦
સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર.)

–પરિષદમાં પરિભ્રમણ–

"રમકડાં કામકડાં"

(૨)

આમે ય માણસ આંખ–કાન, ખુલ્લાં રાખે તો જગતમાં ડગલે ને પગલે ઘણું જોવા–સાંભળવા મળે છે. પણ પરિષદમાં તો ઘણીવાર આપણે આંખ–કાન ખુલ્લા ન રાખીએ તો ય બહારના અસામાન્ય અવાજે આપણા કાન ખોલી નાખે, અસામાન્ય દૃશ્યો આંખો ખોલી નાખે.

પરિષદમાં બીજે દિવસે વકતાઓ કંઈક વિશેષ મોકળે મને ચર્ચા કરતા હોય એવું લાગ્યુ.

પહલે દિવસે તો બધુ અજાણ્યુ હોઈ માણસ કંઈ પણ પગલું ભરતાં અચકાય. અજ્ઞાતનો ભય ચેતનપ્રાણીને સહજ છે.

પણ પ્રાણીમાત્ર ભયભીત થઈને બેઠુ નથી રહેતુ. એ ભયનો ભેદ શોધવા લાગે છે. અને છેવટે એ ભયને જીતી લે છે.

એટલે પહેલે દિવસ અમુક વકતાઓ જે અચકાતા બોલતા હતા–વિનયની પરાકાષ્ટા જાળવી બોલતા હતા તેઓ બીજે દિવસે હિંમતમાં આવીને જાહેર રીતે ઝગડાના સ્વરૂપમાં પણ દલીલ કરતા અચકાતા ન દેખાયા.

તેમાં મોન્ટેસોરી માવડીને કારણે ઝગડો કરવા જાણે બે પક્ષો હોય અને ઝગડવા સજ્જ હોય એવી હવા લાગતી હતી. એક પક્ષ એવો હતો કે જેમને મન મોન્ટેસોરી–પદ્ધતિ એ ને એજ સ્વરૂપમાં ગામડાંમાં લઈ જવી જોઇએ એમ લાગતું હતુ. તો બીજો પક્ષ મોન્ટેસોરીની ફીલોસોફી જાળવીને ગામડાંને અનુકુળ ધરગથ્થુ સાધનોથી ચલાવવું જોઈએ એમ લાગતું હતું.

જો કે આ બેયની વાત ઉપર ચોકડી તો મૂકી શ્રી. કેળકર ભાઉએ ! એમને માન્ટેસોરીમાં કંઈ દમ લાગતો હોય એવું ન દેખાયું.

પણ જે વ્યકિતએ મોન્ટેસોરીને સોએસો ટકા વફાદારી રાખવાનો આગ્રહ રાખેલો તે વ્યકિતમાં બીજે, દી જાહેર રીતે સામેની પાર્ટીને અપમાનોત કરવાની હીંમત આવી ગયેલી દેખાઇ.


એ જ વ્યકિત આગલે દીવસે બહુ જ વિનયથી અને બહુજ વ્યવસ્થિત રીતે બોલેલી.

આગલા દીવસનું એનુ વકતવ્ય એવું હતું કે એવી વ્યકિત બોલે તો સારૂ એવુ અમને શ્રોતાઓને લાગતુ હતું. પણ એના એ બીજા વકતવ્યે એને જે પ્રશંસા



સર્વત્ર મળે છે. ટે. ન, ૩૮૨૨૨૧

તંદુરસ્ત બાળકો દેશનુ સાચુ ધન છે. બાળકોની તંદુરસ્તી માટે તેમને હમેશા સંતોષ કુકરમાં બનાવેલ પૌષ્ટીક રસોઈ બનરાવો



સંતોષ કુકર બળતણ વખત, પૈસાને મહેનત બચાવે છે **સંતોષ કુકર કું.**
૧૧૯ ન્યુ ચર્ની રોડ, મુંબઈ–૪.

અપાવી એ પ્રશંસાએ એની અજ્ઞાતની ભીતિ કઢાવીને એમના - નિર્બંધ મને સીમોલ્લંઘન કર્યું હોય એવું મને લાગ્યું.

એમણે બીજે દીવસે બોલતાં વચ્ચેજ સામે બેઠેલ સામી પાર્ટીને ધમકાવી કાઢી.

હું પાસે જ બેઠો હતો. એટલે હું જોઈ શક્યો કે એમાં એની ભૂલ હતી. એણે જેને સભળાવ્યું તે વ્યક્તિએ માત્ર ત્યારે સ્મિત કરેલુ. જેનો અર્થ માત્ર એટલોજ હતો કે 'આજ ફરી આપણો ઈંદરીવાળો પુરાણો મતભેદનો ઝગડો ચાલુ થયો!'

પણ મને તો ત્યારે માથામાં જે વિચાર ચક્ર ચોલવા લાગ્યું તે બીજું જ હતું.

મને થતું હતુ કે બધાય મહાપુરૂષોની પાછળ આમજ એમના અનુયાયીઓ ઝગડા કરીને વહેલામાં વહેલી તકે એ મૂળ વ્યક્તિના વિચાર શરીરને પણ કેવું મારી નાખે છે!

શું ખ્રિસ્ત, બુધ્ધ, શુ ગાંધી અને શું મોન્ટેસોરી! આ ઠેકાણે મને આપણા જે. કૃષ્ણમૂર્તિની વાત બહુ સારી લાગે છે. એ કહે છે મારૂં સત્ય તે તમારૂં સત્ય નથી. અને મારૂં આજનું સત્ય તે મારૂં ગઈકાલનુ કે આવતી કાલનું સત્ય નથી. એટલે દરેકે પોતાને માટે પોતેજ વિચાર કરવો પડશે. બીજાના વિચારોને એમને એમ ગળી જવાથી કઈ વળવાનુ નથી.

ગાંધીજીને પોતાની રીતે લેવા વાળા વિનોબાજી જેવા તો બહુ થોડા વિરલા છે. બાકી તો બધા 'બાબાવાક્ય પ્રમાણ' માનીને ગાંધીવાદી બની બેસે છે.

તેમજ આ મોન્ટેસોરી બાબતમાં આ મોન્ટેસોરીના પરમભક્તો સ્વ. ગિજુભાઈને તો જાણે એ મોન્ટેસોરી પધ્ધતિમાં કંઈ સમજતાજ નહોતા– ધતિંગ ચળવળ હતા– એમ માને છે!

પણ જેણે ગિજુભાઈનો સહવાસ અનુભવ્યો છે એ જાણે છે કે એ માણસ કેવો પોતેજ સ્વતંત્ર કેળવણીકાર હતો! અને એણે આંધળુકિયાં કર્યા વગર મોન્ટેસોરીને સારી રીતે પચાવી હતી.

અને વફાદારી એટલી બધી કે મુ. કાકાસાહેબ જેવા લોકોએ તો એમને કહેલુ પણ ખરૂં કે 'ગિજુભાઈ તમે શા માટે આમ પરદેશ ઉપર પરાધીન રહો છો? તમે પોતેજ સ્વતંત્ર આજન્મ કેળવણીકાર છો. પણ ગિજુભાઇએ તો એકલવ્યની નિષ્ઠાથી મોન્ટેસોરીની પૂજા ચાલુ રાખી. અને એકલવ્યની જેમ એમને પણ ગુરૂ પાસેથી કોઈ પ્રશંસા ન મળી. મળી હોય તો ટીકા મળી!

પણ મારે તો એ કહેવું છે કે આ ઝગડાની રસ્સીખેચ વચ્ચે જે એક અસામાન્ય વાત થઇ ગઈ એ તરફ કોઇનું ધ્યાન ન ગયુ

આપણામાં એક કહેવત છે: 'વાસીદામાં સાંબેલું ચાલ્યું ગયુ!' આમ સામાન્યતઃ હમેશ બને છે. કેમકે આપણે સૌ જે વસ્તુને ઝાઝા લોકો ઝાઝીવાર કહે છે કે કરે છે તેને જ ડાહીવાત માનીએ છીએ.

શેક્સપીઅર કહે છે: Hollies repeated many time becomes wisdom: મૂર્ખાઈઓ પુનરાવર્તન પામતાં ડહાપણમાં ખપે છે. આ બહુ સાચુ છે.

ટપાલદ્વારા કટીંગનું શિક્ષણ



દરેક પ્રકાર કાપડનુ કટીંગનુ શિક્ષણ પોસ્ટ થી આપવામાં આવે છે. કોલેજ તથા લડન ડિપ્લોમા માટે સૂચિ પત્રક મગાવો.

સ્થાનિક શિક્ષણ માટે મળો.

ઝારાપકર ટેલરીંગ કોલેજ


ભવાનીશકર રોડ દાદર, મુબઈ–૨૮



મોદી એન્ડ કંપની

૬૨૫ પ્રિન્સેસ સ્ટ્રીટ, બોમ્બે ૨.

ભારતમાં સર્વ શ્રેષ્ઠ



ઝારાપકર શિવણયંત્ર

રોકડે થી તથા હપ્તાથી પાંચ વર્ષની ગેરટી સાથે સીંગર, ફ્રાફ, ઝુકી, અરૂણ, ઉષા, ટેલરનુ સૂચિપત્ર મગાવો.

ઝારાપકર શિવણયંત્ર ભંડાર

ભવાનીશકર રોડ, દાદર, મુબઈ–૨૮

પેલી ચોર બ્રાહ્મણની વાર્તામાં માનસશાસ્ત્રનો એક સિધ્ધાંત રહેલો છે. ચાર ચોરોએ બ્રાહ્મણનું બકરૂ એ કુતરૂં છે એ વાતનું પુનરાવર્તન કરીને બીચારા બ્રાહ્મણને છેતરી લીધો! પુનરાવર્તનથીજ બ્રાહ્મણને અસત્ય સત્ય લાગ્યુ.

આમ જ વિચારોનું છે : ઝાઝા લોકોએ ઝાઝીવાર જાહેર કરેલા વિચારોને જ આપણે લોકો સત્ય ગણીને ચાલીએ છીએ. વળી ગમે: તે કારણે કોઈ વ્યકિતની કીર્તિ જામ પછી એની ગમે તેવી મૂર્ખાઈને પણ આપણે ડહાપણમાં ગણીએ છીએ!—જ્યારે બીજી વકિતઓ અમુલ્ય વીચાર રત્નો આપે: છતાં આપણે એને કાંકરાગણીને સામે પણ જોતા નથી.

એટલે ભલે કહેવાય કે 'નાના બાળક પાસેથી પણ જ્ઞાન મેળવવું' પણ એમ કહેનારા પણ એ રીતે કરતા નથી.

આવું જ તે દીવસે બન્યું.

મુરબ્બી જુગતરામ ભાઇએ એક બહુજ મૈાલિક મુદ્દો ઉભો કર્યો.

"બચ્ચા કભી ખેલતા નહી. વહ કામ કરનાહી પસદ કરતા હૈ."

અને ઉમેર્યું કે, 'એટલે હું તો રમકડાંમાં માનતો નથી. રમકડાં નહી પણ જેને હું કામકડાં કહું છું, તે કામનાં સાધનો આપવાં જોઈએ.

પણ આ વાત તરફ કોઈએ ખાસ ધ્યાન ન આપ્યું. એ લોકો તો મહાન્ મોન્ટેસોરીમાં મશ્ગુલ હતા. વળી, જુગતરામ ભાઈ તો ગાંધીવાદી હોઈ એમ કહેજ એમાં શુ નવું છે?' એવો કંઈક લોકોનો પૂર્વગ્રહ પણ ખરો!

પણ મને લાગે છે ઓછામાં ઓછું કેળવણીકારોએ તો પેલી કહેવત (જ્ઞાન તો બાળક પાસેથી પણ લેવું.) ધ્યાનમાં રાખવી જોઇએ.

મારા નમ્ર મત પ્રમાણે મુ. જૂગતરામભાઈનો આ વિચાર બહુજ મૈાલિક અને બુનિયાદી છે. એ વિચાર આખા શિક્ષણશાસ્ત્રને ફરીથી લખવા ફરજ પાડે એવો છે.

અહી બાલગૃહમાં ચોવીશે કલાક અમે બાળકો વચ્ચેજ રહેતાં હોઈ આ બાબતમાં સારીરીતે અવલોકન કરવા મળે છે.

અને એ વાત ખરી છે કે બાળક પેલાં નિષ્ક્રિય રમકડાંથી રમવામાં રસ નથી લેતુ એને ક્રિયામાં રસ છે.

અને એ માત્ર ક્રિયાનો રસજ બાળકને જગત અને જીવનમાં પ્રગતિને પંથે લઈ જાય છે.

એટલે કામ કરવાને શિક્ષણમાં મુખ્ય સ્થાને મૂકવાની મુ. જુગતરામભાઈની દલીલ ઘણી નકકર છે.

મને લાગે છે કે એમનું એમ કહેવાનું હતું કે મોન્ટે-સોરીએ જે સાધનો કર્યા છે; તે બાળકને વાસ્તવિક કામ તરફ ન દોરતાં એવાં રમકડાં છે કે જે બાળકને કૃત્રિમ રીતે એક કાલ્પનિક વાતાવરણમાં રાખે છે કે જ્યાં જગતની વાસ્તવિક ક્રિયાને ગૌણ સ્થાન અપાય છે. વળી આટલાં મોંઘા સાધનો આપણાં ગરીબ ગામડાંમાં લઈજવાં એ યોગ્ય નથી.

જો કે એમને માત્ર મોંઘા છે માટેજ વિરોધ નથી લાગતો પણ એમને તો એ સાધનોજ અનોખાં લાગતાં હોય એમ ન લાગ્યું.

આ કાળની એક વિશિષ્ટતા એ છે કે ગમે તેવી નમાલી વસ્તુનો બહુજ ઝીણવટથી અભ્યાસ થાય. અને પછી એ નમાલી વસ્તુમાં ખૂબ ગહનતા દેખાય. અને પછી એનો ઢંઢેરો પીટાય. એટલે સામાન્યજનો એજ એક વસ્તુને મહાન ગણી વળગી રહે! એમજ ભવ અટવીમાં અટવાયા કરે.

એમજ મોન્ટેસોરી સાધનો બાબતમાં થતું હોય એ બનવા જોગ છે. આપણે એ બાબતમાં પૂર્વગ્રહ રાખ્યા વગર અવલોકન કરવું જોઇએ. કેટલાંય વર્ષોથી આ મોન્ટેસોરી પધ્ધતિ ચાલે છે. તેમાંથી તૈયાર થયેલાં બાળકોમાં એ સાધનો કારણે આવેલી વિશિષ્ટતા કેટલી આવી એના પૂરાવા મેળવવા જોઇએ.

માતાપિતાનું ઋણ

ધ્રુવ ભણી ધરણીજ ઢળે, કદી સૂર્ય ઉગે જઈ પશ્ચિમ પાસે,
મેરૂ ડગે ધરતી પરથી, કદી સાગરથી મર્યાદ મુકાશે,
આધિ અને વ્યાધિ તણીજ, ઉપાધિ વધી ભલે પ્રાણજ જાશે,
તો પણ માતપિતા ન ભૂકુ, મુજ વ્રત થનારૂં હશે ત્યમ થાશે.

× × × (શ્રવણ)

માતાપિતા માટે શ્રવણે અનેક કષ્ટો સહ્યાં છતાં પોતાના મૃત્યુ સુધી એણે માતાપિતાનીજ સેવા કરી: આપણે પણ આપણા પુણ્યશ્લોક માતાપિતાનુ ઋણ સદા કરી કરીએ વેન્ગાર્ડમાં એમની તસ્વીર, એન્લાર્જમેન્ટ, કે પેઈન્ટીગ બનાવરાવીને.

★ ફોટોગ્રાફી ★ પેઇન્ટીગ
★ એન્લાર્જમેટ ★ ફ્રેમીગ

વેન્ગાર્ડ સ્ટુડીયો
ઉલ્પ ભાઈ રોડ ચાર પોઈન્ટ સામે મુલુંડ

વળી ખુદ મોન્ટેસોરી તો પોતાના વિચારોમાં ફરક કરતાં રહ્યાં. હવે એ રીતે એમની પછી કોઇને વિચાર કરવાની શામાટે બંધી હોવી જોઇએ !

અલબત્ત ગમે તે આમજીભાઈ ભીમજીભાઇને એમાં સુધારો કરવાનો અધિકાર ન હોય. પણ એને માટે યોગ્ય-સ્થાને સંશોધન કરીને વિચારોમાં વધારો કે ફરક કરવાની છૂટ જોઇએ.

અને એને માટે માત્ર મોન્ટેસોરીનો અભ્યાસ કર્યો એટલેથી ન ચાલે. એને માટે તો એ વ્યક્તિએ જીવન અને જગતનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવો જોઇએ.

પરંતુ મારૂં કહેવું એવું નથી કે મુ. જુગતરામભાઇનો એ વિચાર બધાએ તરતજ ગળે એમને એમ ઉતારીજવો જોઈ તો હતો. ના. મારે તો એ કહેવું છે કે એ વખતે કોઇએ ન તો એ વાતનો વિરોધ કર્યો ન તો અનુમોદન આપ્યું !

શિક્ષણ એ વિજ્ઞાન છે. અને વિજ્ઞાનમાં તો સાબીત થએલા સિધ્ધાંતોને પણ ચકાસી જોવા જોઇએ. જૂના સિધ્ધાંતોને આઈન્સ્ટાઇને ફરી ચકાસીને ફેરવી નાંખ્યા !

આમ સદા ખુલ્લા મને શિક્ષણકારે ચાલવું જોઇએ. અને એ રીતે એ બધા શિક્ષણકારોએ મુ. જુગતરામભાઈના આ વિચારને ચકાસી જોવા જોઈતો હતા.

મારા ઉપર તો એ વીચાર બહુ અસર કરી ગયો !

પરંતુ.....

જ્યારે જુગતરામભાઈ બોલ્યા.

' બચ્ચા કભી ખેલતા નહી.

જ્યારે પહેલું જ કોઈ વાકય હું મનમાં ગણુગણ્યો હોઉં તો તે એ હતું કે :

અરે ખુદ ખુદા ખેલ રહા હે ! '

અને એ સાથેજ મારૂ મગજ વિચાર ચક્રે ચડી ગયું.

ખુદ ભગવાન કહે છે કે ' હું એકમાંથી અનેક બનીને આ જગતનો ખેલ ખેલી રહ્યોછું ! '

અને જગતને પણ માયાનો ખેલ જ કહેવામાં આવે છે. વળી આપણે કુદરતમાં પણ જોઈએ છીએ કે માનવીને છોડી અન્ય બધાં પ્રાણીઓ ખેલતાં દેખાય છે. આ લખું છું ત્યારે સામે કુતરાંઓ અકારણ દોડાદોડ કરી રહ્યાં છે અકારણ એક બીજા સાથે મીઠી લડાઈ કરી રહ્યાં છે.


અને બાળક પણ જે આ કુદરતનું પ્રાણી છે એ કેમ ખેલતું ન હોય ?


એટલે બાંળક કદિયે ખેલતું નથી એમ કહેવું એ બરાબર લાગતું નથી.

આપણે મોટેરાંઓ બહુજ ઉપયોગીતાવાદી છીએ. અને આ વસ્તુ આપણને જગતને જીવન વિશે વિચાર કરતાં હાલતાં ચાલતાં વચ્ચે આવે છે, ખરૂં પુછો તો બધી યે ક્રિયા ઉપયોગ માટેજ હોય છે. સીધો બોધ ન દેતી કોઈ વાર્તા છેવટ કઈ નહીં તો સૌંદર્યનો સંસ્કાર પણ મન ઉપર મૂકી મનને સૌંદર્યની દૃષ્ટિ આપી જાય છે.

પણ ઉપયોગીતાવાદીઓને તો લાંબી વાત પસંદ નથી. એમને તો તત્કાલ રૂપિયા–આના–પાઈમાં જ બધું જોઇએ છે ! અને લાંજ ઉપાધિ ઉભી થાય છે. એમને અધીરતા હોય છે. એ તો તરત શુષ્ક ડહાપણના બોધ વચનો સંભાળાવીને બાળકને ડાહ્યુ બનાવવા માગે છે. જે આજ સુધી તો બન્યુ નથી. અને બનવાવું પણ નથી રાજા હરિશ્ચંદ્રની વાર્તા આજ યુગોથી આપણે બાળકને સંભળાવીએ છીએ. પણ જગત ઉપર તો અસત્યજ વધતું ચાલ્યું છે.

અને આજ ઉતાવળમાં આપણે મોટેરાંઓ બાળકના શિક્ષણમાં ઊંડા ગયા વગર આપણે નક્કી કરેલે માર્ગે બાળકને ઢસડી જવા માગીએ છીએ. આ કંઈ વૈજ્ઞાનિક વલણ ન કહેવાય.





કે....ઠ....પૂ....ત....લી....ના.....ખે....લ

મિત્રો,

આપણે બધાં ઘણીવાર નાટકો કરીએ છીએ. આજે આપે તમને જરા જુદી જાતનો નાટક આપીએ છીએ.

તમે બધાંએ કોઈકવાર તો કઠપૂતલીના ખેલ જોયા હશે. ચુંચે ચુંચે કરતી એ પૂતલીઓ જોવાની કેવી મઝા આવે છે. પણ એવા ખેલ આપણને રોજ રોજ જોવાના નથી મળતા.

આપણે બધાં મળીને શરીરના છુટા જુદા જુદા ભાગવાળી અને દોરીથી હાલી ચાલી શકે એવી સાદી કઠપૂતલી બનાવી શકીએ. જાતે રંગબેરંગી કપડાનાં કે કાગળનાં કપડાં પહેરાવી શકીએ. ઉપર રંગ લગાવી શકીએ. રોજ મહાવરો કરી શકીએ. નાનાં મોટાં સવળાં ભાગ લઈ શકે.

ઘણીવાર આપણે જાતે જ પૂતલી જેવાં કપડાં પહેરી પૂતલીનો ખેલ ભજવી શકીએ. લાકડાની પૂતલી જેવું ચાલવાની અને નાચવાની

આ સાથેના નાટકને અમે 'પૂતલીખેલ' કહીએ છીએ.

બન્ને રીતે ભજવી શકાય.

તમારાથી જાતે પણ આવા નાનાં નાનાં નાટકો લખી શકાય. બધું કરવાની લહેર આવે.

નાટક ભજવવામાં કંઈ જરૂર પડે તો અમને જરૂર લખશો.

તમારાં જ,

નૂતન બાલશિક્ષણ સંઘ શાખા,

જીવનભારતી, સૂરત

જગદીશ મોદી, રમેશ ન

વળી ખુદ મોન્ટેસોરી તો પોતાના વિચારોમાં ફરક કરતાં રહ્યાં. હવે એ રીતે એમની પછી કોઇને વિચાર કરવાની શામાટે બંધી હોવી જોઇએ !

અલબત્ત ગમે તે આમજીભાઈ ભીમજીભાઇને એમાં સુધારો કરવાનો અધિકાર ન હોય. પણ એને માટે યોગ્ય-સ્થાને સંશોધન કરીને વિચારોમાં વધારો કે ફરક કરવાની છૂટ જોઇએ.

અને એને માટે માત્ર મોન્ટેસોરીનો અભ્યાસ કર્યો એટલેથી ન ચાલે. એને માટે તો એ વ્યક્તિએ જીવન અને જગતનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવો જોઇએ.

પરંતુ મારૂં કહેવું એવું નથી કે મુ. જુગતરામભાઇનો એ વિચાર બધાએ તરતૂજ ગળે એમને એમ ઉતારીજવો જોઈ તો હતો. ના. મારે તો એ કહેવું છે કે એ વખતે કોઇએ ન તો એ વાતનો વિરોધ કર્યો ન તો અનુમોદન આપ્યું !

શિક્ષણ એ વિજ્ઞાન છે. અને વિજ્ઞાનમાં તો સાબીત થએલા સિધ્ધાંતોને પણ ચકાસી જોવા જોઇએ. જૂના સિધ્ધાંતોને આઈન્સ્ટાઈને ફરી ચકાસીને ફેરવી નાંખ્યા !

આમ સદા ખુલ્લા મને શિક્ષણકારે ચાલવું જોઈએ. અને એ રીતે એ બધા શિક્ષણકારોએ મુ. જુગતરામભાઈના આ વિચારને ચકાસી જોવા જોઈતો હતા.

મારા ઉપર તો એ વીચાર બહુ અસર કરી ગયો !

પરંતુ.....

જ્યારે જુગતરામભાઈ બોલ્યા.

"બચ્ચા કભી ખેલતા નહી.

જ્યારે પહેલું જ કોઈ વાકય હું મનમાં ગણગણ્યો હોઉં તો તે એ હતું કે :

'અરે ખુદ ખુદા ખેલ રહા હે !'

અને એ સાથેજ મારૂ મગજ વિચાર ચક્રે ચડી ગયું.

ખુદ ભગવાન કહે છે કે 'હું એકમાંથી અનેક બનીને આ જગતનો ખેલ ખેલી રહ્યોછું !'

અને જગતને પણ માયાનો ખેલ જ કહેવામાં આવે છે. વળી આપણે કુદરતમાં પણ જોઈએ છીએ કે માનવીને છોડી અન્ય બધાં પ્રાણીઓ ખેલતાં દેખાય છે. આ લખું છું ત્યારે સામે કુતરાંઓ અકારણ દોડાદોડ કરી રહ્યાં છે અકારણ એક બીજા સાથે મીઠી લડાઈ કરી રહ્યાં છે.

અને બાળક પણ જે આ કુદરતનું પ્રાણી છે એ કેમ ખેલતું ન હોય ?


એટલે બાળક કદિયે ખેલતું નથી એમ કહેવું એ બરાબર લાગતું નથી.

આપણે મોટેરાંઓ બહુજ ઉપયોગીતાવાદી છીએ. અને આ વસ્તુ આપણને જગતને જીવન વિશે વિચાર કરતાં હાલતાં ચાલતાં વચ્ચે આવે છે, ખરૂં પુછો તો બધી યે ક્રિયા ઉપયોગ માટેજ હોય છે. સીધો બોધ ન દેતી કોઈ વાર્તા છેવટ કઈ નહીં તો સૌંદર્યનો સંસ્કાર પણ મન ઉપર મૂકી મનને સૌંદર્યની દૃષ્ટિ આપી જાય છે.

પણ ઉપયોગીતાવાદીઓને તો લાંબી વાત પસંદ નથી. એમને તો તત્કાલ રૂપિયા–આના–પાઈમાં જ બધું જોઇએ છે ! અને ત્યાંજ ઉપાધિ ઉભી થાય છે. એમને અધીરતા હોય છે. એ તો તરત શુષ્ક ડહાપણના બોધ વચનો સંભાળાવીને બાળકને ડાહ્યુ બનાવવા માગે છે. જે આજ સુધી તો બન્યુ નથી. અને બનવાવું પણ નથી રાજા હરિશ્ચંદ્રની વાર્તા આજ યુગોથી આપણે બાળકને સંભળાવીએ છીએ. પણ જગત ઉપર તો અસલજ વધતું ચાલ્યું છે.

અને આજ ઉતાવળમાં આપણે મોટેરાંઓ બાળકના શિક્ષણમાં ઊંડા ગયા વગર આપણે નક્કી કરેલે માર્ગે બાળકને ઢસડી જવા માગીએ છીએ. આ કંઈ વૈજ્ઞાનિક વલણ ન કહેવાય.





કઠ....ઠ....પૂ....તા....લી....ળા.....પે....લ

મિત્રો,

આપણે બધાં ઘણીવાર નાટકો કરીએ છીએ. આજે અમે તમને જરા જુદી જાતનો નાટક આપીએ છીએ.

તમે બધાંએ કોઈકવાર તો કઠપૂતલીના ખેલ જોયા હશે. ચુંચે ચુંચે કરતી એ પૂતલીઓ જોવાની કેવી મઝા આવે છે. પણ એવા ખેલ આપણને રોજ રોજ જોવાના નથી મળતા.

આપણે બધાં મળીને શરીરના જુદા જુદા ભાગવાળી અને દોરીથી હાલી ચાલી શકે એવી સાદી કઠપૂતલી બનાવી શકીએ. જાતે રંગબેરંગી કપડાનાં કે કાગળનાં કપડાં પહેરાવી શકીએ. ઉપર રંગ લગાવી શકીએ. રોજ મહાવરો કરી શકીએ. નાનાં મોટાં સઘળાં ભાગ લઈ શકે.

ઘણીવાર આપણે જાતે જ પૂતલી જેવાં કપડાં પહેરી પૂતલીનો ખેલ ભજવી શકીએ. લાકડાની પૂતલી જેવું ચાલવાની અને નાચવાની ગમ્મત આવે.

આ સાથેના નાટકને અમે 'પૂતલીખેલ' કહીએ છીએ. એ ઉપરની બન્ને રીતે ભજવી શકાય.

તમારાથી જાતે પણ આવા નાનાં નાનાં નાટકો લખી શકાય. જાતે બધું કરવાની લહેર આવે.

નાટક ભજવવામાં કંઈ જરૂર પડે તો અમને જરૂર લખશો.

તમારાં જ,

નૂતન બાલશિક્ષણ સંઘ શાખા,

જીવનભારતી, સૂરત

જરીશ મોદી, રમેશ

વિદૂષક મીનના રાજા

બાળકો ભજવી શકે એવી અને કઠપૂતલીના ખેલ થઈ શકે એવી બાલનાટિકા.

દૃશ્ય—૧

કઠપૂતલીના ખેલના જેવી રંગભૂમિ.

ખેલ કરનાર :

(પરદાની પાછળથી બોલતો
જાય ને ઢોલ વાગતું જાય.)

આવો રે છોકરાં આવો !
નાનાં આવો મોટાં આવો !
બુઢ્ઢા આવો બુઢ્ઢી આવો !
છૈયાં છોકરાં સાથે લાવો !
હસતાં આવો ફૂદતાં આવો !
ગોથમ ગોથાં ખાતાં આવો !
પૈ ને પૈસા, દમ્બુ આનો
ખીસ્સે કંઈ કંઈ ભરતાં આવો !
આજે મારી વાત મઝાની,
ખાતી પીતી કુંવરી બાની,
દશ ટોપલા જલેબી ખાય, હજાર હજાર તો પેંડા ખાય,
ગાડું ભરી ભજીયાં ખાય, તોય એ તો ના ધરાય.

(ધીમે ધીમે કઠપૂતલીના ખેલનો પરદો ઊઘડે અંદરથી ધીરું સંગીત આવે અને રાજકુંવરી પ્રવેશ કરે)

રાજકુંવરી : જાણો છો હું કોણ છું,
આખા રાજની માલિક છું,
ખાતી પીતી કુંવરી છું,
ડાહી ખૂબ ને ડમરી છું.
દશ ટોપલા જલેબી ખાઉં, હજાર હજાર તો પેંડા ખાઉં,
ગાડું ભરી ભજીયાં ખાઉં, તોય હું તો ના ધરાઉં,

હમણાં મેંતો નાસ્તો કર્યો ! પેટનો આખો કોઠાર ભર્યો !
ચાલો દેખાડું હું નાચ ! તમારા સમને સાચમ સાચ !

(કઠપૂતલીની રીતથી ગોળ ગોળ નૃત્ય ચુંચુંના તાલ સાથે થાય છે. પછી એ પડી જાય પાછી ઊભી થાય છે)

બાપરે બાપ હુ પડી ગઇ;
પેટ ભૂખ તો ખડી થઇ.
છે કોઇ હાજર ! છે સિપાઇ ! ખાવાનું તો લાવો ભાઇ!

(એક ઘરડો સિપાઈ! પ્રવેશ કરે છે. રાજકુંવરીને ઝૂકીને સલામ ભરે છે)

ઘરડો સિપાઈ : તમારો હુકમ હોય તો રાજકુંવરી, તમને હું તમારા ખોરાક માટે કાંઇક કહું.

રાજકુંવરી : બોલ, બોલ ! રાજકુંવરીનો હુકમ છે.

ઘરડો સિપાઈ: રાજકુંવરી સાહેબ, જલેબી ના ખાવ !
પેંડા ના ખાવ ! ભજીયાં તો અટકાવો સાવ !
પેટમાં જલેબી ઝગડો કરશે,
પેંડા પર્વત સમ બનશે
ભજીયાં તો ભડકાવશે ખૂબ,
પછી વૈદજી તો તડકાવશે ખૂબ

રાજ કુંવરી : (ગુસ્સાથી લાલચોળ થઇને કૂદે છે)

મૂરખ તારી વાત બંધ કર ! જા જઇને તું કેદને ભર ! છે કોઇ સિપાઇ ! છે કોઇ !

(સિપાઇઓ દોડી આવે છે)

સિપાઇઓ આ ખરાબ નોકરને જેલમાં નાખો !

(સિપાઈઓ ઘરડા સિપાઇને લઈ જાય છે)

જાવ મારું ખાવાનું લાવો,
ટોપલા ને ટોપલા લાવો,
ગાડાં ને ગાડાં લાવો,
જલેબી, પેંડા ને ભજીયાં લાવો,

હમણાં ને હમણાં લાવો,
ઢગલા ને ઢગલા ખવડાવો,

(નોકરો ખાવાનું લાવે છે. થાળ ને થાળ ભરીને કુંવરી ઘણી ઝડપથી ખાય છે. જાણે કોઇ દિવસ ખાવાનું જ ન જોયું હોય એમ. અને ખાતાં ખાતાં એ પડી જાય છે, નોકરો રડવાને કકળાટ કરવા માંડે છે.)

નોકરો : અરે અરે ! આપણી રાજકુંવરીને શું થયું ? શું થયું ? રાજાજીને બોલાવો ! રાજાજીને બોલાવો !

(દોડતાં દોડતાં રાજાજી આવે છે.)

અરે ! અરે ! અરે !
મારી ફુલ જેવી કુંવરીને શું થયું ?
હાકતરને બોલાવો ! હાકતરને બોલાવો !
વૈદ ને તેડાવો ! વૈદ ને તેડાવો !
હબ્શીઓને હાંક મારો ! હબ્શીઓને હાંક મારો !
શહેરમાં ઢંઢેરો પિટાવો ! ઢંઢેરો પિટાવો.

જે મારી દિકરીને સારી કરશે તેને મારૂં અરધું રાજપાટ અને મારી રાજકુંવરી આપીશ.

(હાકતર આવે છે. તપાસે છે અને ડોકું હલાવે છે.)

હાકતર : અરે ! અરે ! અરે !
આ તો ભા રે રો ગ,
આ તો ખાવાના છે ભોગ,
અહીં હાકતરનું ના કામ,
રાજા વૈદનું લો નામ.

(હાકતર જાય છે અને વૈદ અંદર આવે છે. વૈદ કુંવરીને તપાસે છે અને માંથું હલાવે છે.)

વૈદ : અરે ! અરે ! અરે !
આ તો ભારે રોગ !
આ તો ભજીયાનાં છે ભોગ !

અહીં વૈદ્યનું ના કામ !
રાજા, હકીમનું લ્યો નામ !

(વૈદ્ય જાય છે અને હકીમ આવે છે.)

અરે ! અરે ! અરે !
આ તો ભારે રોગ !
આ તો જલેબીના ભોગ.
અહિં કોઇનું ના કામ;
કુંવરીના બોલા રામ રામ!

(વૈદ્ય જાય છે. રાજા રડવા માંડે છે. મોટેથી પોક મૂકે છે)

રાજા : મારી કુંવરી રે ! કોઇ એને બચાવો રે !

(ત્યાં તો અંદરથી સિપાઇ દોડતો દોડતો આવે છે. રાજાજીને સલામ ભરે છે.)

સિપાઈ : રાજાજી ! રાજાજી !

બહાર કોઈ રાજા છે,
છાતી ઠોકી કહે છે,
રાજકુંવરીને સાજી કરું;
આખા રાજને સુખથી ભરું,

રાજ : બોલાવો ! બોલાવો એમને !

(વિટામીનરાજા પ્રવેશ કરે છે)

વિટામીનરાજા : મારું નામ વિટામીનરાજા,
મારું રાજ્ય તંદુરસ્તી,
મારા દોસ્ત પ્રોટીન,
પ્રોટીન ખાવ, પ્રોટીન ખાવ,
તાજા માજા રાજા થાવ,
મારા દોસ્ત વિટામીન,
એ બી સી ડી અને ઇ,
ખાઇને રાજી રે જો જી,

(એટલામાં કુંવરી આંખો ખોલે છે ને જરા બેઠી થાય છે, રાજા ખુશ થાય છે, વિટામીનરાજા છાતી ઠોકે છે,)

કુંવરી : અરે ! મને શું થયું.
હું કયાં છું....! બાપુજી હું કયાં છું ?
(રાજા ભેટી પડે છે.)

રાજા : ઓ મારી બેટી તું જીવતી થઈ !
(ફરીથી બે ત્રણ વાર ભેટી પડે છે.)

વિટામીનરાજા : જોયો મારો જાદુ !
મેં પગ સૂકયો ને કુંવરી જીવતી થઈ,
વિટામીનની અસર થઈ.

રાજા : વિટામીનરાજા રે'જો અમ સાથ,
તમારી છે ગજબની વાત;
જીવથી મોંઘી કુંવરી બચી,
પરાણાવીશ તમને હું નકી;
અરધું લેજો રાજ ને પાટ,
બેસજો બન્ને સોના ખાટ.

વિટામીનરાજા : મારે જોઈએ ના રાજ ને પાટ,
કુંવરીનું પણ શું છે કાજ,
મારે જોઈએ આટલી ચીજ,
સાચવો તો હું રીઝીશ.

રાજા : બોલો બોલો હમણાં ભાઈ,
જે કે'શો તે પલમાં થાય !
(જેમ જેમ વિટામીનરાજા બોલે છે તેમ તેમ દરેક ચીજ આવે છે ને જાય છે.)

વિટામીન રાજા : શાક ને ભાજી વાવો ખૂબ,
દૂધનું જરાય ના રાખો દુઃખ,
સામે થી કોબી જ ને જુઓ,
સાથે ગબડે ટામેટો જુઓ,

બન્ને માં વિટામીન ખૂબ,
'એ' વિટામીન છે જ ઘણું જ,
આવી ભાટલી વટાણા તણી,
ચણા, ચોળા ને જાતો ઘણી,
'બી' વિટામીનથી ભરપૂર,
ખાશો સૌ તો વધશે નૂર,
નારંગી ને લીંબુ આવ્યાં,
'સી' વિટામીનથી એ ભાવ્યાં,
મકકાઈ ભુક્કો રહી કેમ જાય,
'ડી' વિટામીન એમાં તો સમાય.
ખોરાક સારો ખાશો રોજ,
ભાગશે પલ્લમાં સઘળા રોગ,
કુંવરીજી સમજ્યાં આ વાત,
ખોરાકની સુધારજો જાત
ઘરડા સિપાઇને છૂટો કરો,
રૂપિયે એનો ડગલો ભરો,
સલાહ સાચી આ હતી,
સુધારજો તમારી મતી.

રોજા : વિટામીનરાજા, તમારું ડહાપણ ઘણું,
વિટામીનરાજા તમારું ડહાપણ ઘણું,
કુંવરીને પરણીને રહો,
સાચી સલાહ રોજ સૌને કહો,
સિપાઇ ઘરડાને છૂટો કરો,
રૂપિયે એનો ડગલો ભરો,


વિટામીન રાજા : તમારી મરજી! તમે ખુશ રહો,
રાજ આપો ને રાજી રહો,
કુંવરીને પરણીશ હું આજ,

રોજનું : સિપાઇઓ વગડાનો સાજ.

(તરત અંદરથી સંગીતના સૂર આવે. કુવર કુંવરી પાસે જઇને ઊભો રહે છે. સિપાઇઓ અંદરથી ફૂલની માળાઓ લઇ આવે છે રાજા બન્નેને ગળેરાવે છે. અને ઘણી પૂતળીઓ નાચતી નાચતી બહાર જાય છે. પરદો પડે છે)

ભેદ કરનાર : (પરદાની પાછળથી)

કેમ હોસ્તો, કેવો નાટક,
જોયો વિટામીનગાળ્યા ।। વટ,
લાગી હશે સૌ કોઇને ભૂખ,
ભાગો સઘળાં દોડો ખૂબ,
આ પાસે જઇ કે'જો વાત,
આવા ની સુધા રને જાત,
તાજા માં જાં મોટાં થાવ,
મસ્ત રહીને ગીતો ગાવ,
બોલો બધાં
વિટામીન રાજની જઇ હો !
વિટામીન રાજની જઇ હો !



'બાળક કદિ બેસતું નથી. બાળકને 'કામ' ગમે છે.'

આમાં જરાક ઝીણવટથી જોઈશું તો દેખાશે કે બાળકને 'કામ' ગમે છે એ વાત બરાબર નથી. કેમકે 'કામ' શબ્દ સાથેજ 'કંઈક ઉપયોગી કાર્ય' એવો અર્થ અભિપ્રત લાગે છે.

મારા નમ્ર મત પ્રમાણે બાળકને કામની એની ઉપયોગિતા કારણે રસ નથી. પણ એમાં રહેલી ક્રિયા–સર્જનની સંભાવના કારણે રસ છે. એટલે કે બાળકને ક્રિયામાં ઉપયોગિતા પ્રધાન રસ નથી. પણ સર્જન પ્રધાન રસ છે. એટલે બાળકને ક્રિયામાં રસ છે. એ કહેવું બરાબર છે. હવે, ક્રિયા જ્યારે નિરૂદેશ રસ આપે છે ત્યારે એ ખેલ કહેવાય છે. એજ ક્રિયા સોદ્દેશ થાય છે ત્યારે સર્જન બને છે. જો કે નિરૂદેશ ક્રિયા પણ સર્જનજ છે. બાળક જે કંઈ કરે છે તેથી કંઇને કંઈ પ્રગતિ કરેજ છે. ખેલતું બાળક શારીરિક રીતે તો પ્રગતિ કરેજ છે. પણ સાથે બૌદ્ધિક અને માનસિક પ્રગતિ પણ કરતુંજ હોય છે.

એટલે બાળક ખેલતુ નથી એ જરાકે સાચું લાગતું નથી મારે મને તો બાળક બધોય વખત ખેલેજ છે. પછી. એ ખેલની ક્રિયાને આપણે મોટેરાંઓ ઉપયોગી કામ તરકવાળીએ ત્યારે એવા નિર્ણય ઉપર આવીએ છીએ "બાળક ખેલતું નથી!"

અને અહીંજ આપણા આશ્રમો ભૂલ કરતા હોય એમ નમ્ર પણે હુ માનું છુ.

આપણે મોટેરાંઓ બાલમાનસમાં ઊંડા ઉતર્યા વગર બાળક માટે શિક્ષણ વિચારો ઘડી કાઢીએ છીએ.


અને પછી એ શિક્ષણને બાળકના માથામાં મારીએ છીએ!

આમજ આપણે મોટેરાંઓએ નકકી કરી નાખ્યુ કે માનવીએ સ્વાવલંબી થવું જોઈએ, અને એટલે એ વાતને છેક આ બાળકોથી જ શરૂઆત કરવા બાળકને ફરજનાં ચોકડાં ચડાવ્યાં. એમજ આજકાલ ઉદ્યોગોની તાલીમની બોલબાલા છે. એ પણ આમ ફરજીયાત લાદવામાં આવે છે.

અને આપણે બધાંય જાણીએ છીએ કે કોઈ પણ ક્રિયા ફરજીયાત બને કે તેનો પ્રત્યાઘાત એ ક્રિયાને ધીકકારવામાં જ પરિણમે છે. પછી ભલે એ ગમે તેવી સુંદર વસ્તુ હોય.

આથી ક્રિયાનો–સર્જનનો આનંદ માર્યો જાય છે. અને એ 'કામ' બની જાય છે. પણ 'કામ' બનવા કારણે એ બાળકના હાડમાં ઉતરતું નથી. એ ઉપલક જ રહે છે. એટલે જ તો આપણે જોઈએ છીએ કે આશ્રમોમાં બહાર પડતાં મોટા ભાગના વિદ્યાર્થીઓ પહેલીજ તકે એ કહેવાતા સંસ્કારોને ફેંકી દે છે.

(અપૂર્ણ)



હાર્મોનિગમ, ટ્યુનિંગ, સિતાર
તથા તંબૂરો જવારી
સ્પેશ્યાલિસ્ટ

ઓર્ડરનો ½ એડવાન્સ,
નજીકનુ રેલ્વે સ્ટેશન જણાવો.

હરિભક્ત વિશ્વનાથ એન્ડ કું.
દાદર, મુબઈ ન. ૨૮.
શાખા: સૅન્ડહર્સ્ટ રોડ. ૪ અહમદાબાદ.

નવી ડિઝાઇનનું સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદા જુદા ટાંકાઓની આકૃતિઓની માહિતિ સાથે.
કિં. રૂા. ૩–૦–૦ ટપાલ ખર્ચ જૂદું. વ્યાપારિક પૂછપરછ માટે લખો:

☆ એમ. મધુકર એન્ડ બ્રધર્સ ☆

ટ્રામ નાકું, દાદર મુંબઈ–૧૪.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

મુંબઈ:—

* સ્વ. ગોવિંદજી માધવજી ભાટિયા બાલમંદિરનો ચોવીસમો વાર્ષિક મેળાવડો અને ભાટિયા સ્ત્રી ઉદ્યોગ હુન્નર ગૃહનો ઓગણીસમો વાર્ષિક મેળાવડો શ્રીયુત ગોરધનદાસ વલ્લભદાસના પ્રમુખપદે શનીવાર તા ૯ મી માર્ચના રોજ ભાટીયાવાડીમાં સાંજે ચાર વાગતાં ઉજવવામાં આવ્યો હતો. વિવિધ મનોરંજન કાર્યક્રમ રખાયો હતો.

* શ્રી. કોટ હિન્દુ સ્ત્રી મંડળ સંચાલીત સુમન બાલ મંદિરના બાળકોના વાલીઓ તથા બાલ શિક્ષણ પ્રેમીઓની સભા શનીવાર તા. ૩૦ મી માર્ચે રાખવામાં આવી હતી. આ પ્રસંગે શ્રીયુત કે. એન. બારમેડાએ બાળ-શિક્ષણના વિષયપર મનનીય પ્રવચન કર્યું હતું. બાલ-મંદીરના બાળકોએ મનોરંજન કાર્યક્રમ આપ્યો હતો.

* વ્યવસ્થાપક અને નીયંત્રણ મંડળની સભા એ રવીવાર અને સોમવાર દીનાંક સાત અને આઠ એપ્રીલના રોજ સંઘના વ્ય. મ. તથા નીયંત્રણ મંડળની સભાઓ મુંબઈમાં યોજવામાં આવી છે. આ સભામાં સંઘની શાળાઓની તથા કેન્દ્રની ચૂંટણીના કાર્યક્રમ અંગેની વીચારણા કરવામાં આવશે.

કોલ્હાપુર: ગાંધી બાલક મંદીરના છઠ્ઠા વાર્ષિક સમારંભ વખતે શ્રી. વિજયાલક્ષ્મી રેડડી ના શુભહસ્તે નૂતન બાલ-શીક્ષણ સધની સ્થાનીક શાળાની સ્થાપના કરવામાં આવી છે. કોર્લેસ્કરવાડીના બાળવિકાસ મંડિરનો સાતમો વાર્ષિકોત્સવ દીનાંક ૨૩—૩—૫૭ ના રોજ શ્રીમતી શાહીકલા પંડીતના પ્રમુખપદે યોજવામાં આવ્યો.

સુહૃદ ચેરિટી ટ્રસ્ટ: દર વર્ષે રૂ. ૧૦૦૦ થી ૧૫૦૦ સુધી ગામડાના બાળક્રોડાંગણોના સાધનો માટે આપી શકાય તે માટે વિચારણા ચાલે છે. આ ક્રોડાંગણોના સાધનો બનાવી આપનારા આ સબંધમાં વધુ પુછ પરછ શ્રીમતી મનોરમા બેન સારાભાઈ રિટ્રોટ શાહીબાગ અમદાવાદના સરનામે લખીને કરે.

પાલનપુર જોઈએ છે : શ્રી. પાલનપુર જૈન શિશુશાળા અને બાલમંદિર માટે તાલીમ પામેલ શિક્ષકો માસિક પગાર-મોધવારી સાથે રૂ. ૧૧૦) પૂર્વ પ્રાથમીક બાલ અધ્યાપન મંદિરના પ્રમાણ પત્રવાળા તથા અનુભવીને પહેલી પસંદગી. તા. ૧૦-૫-૫૭ સુધીમાંની બેના સરનામે અરજી કરવી. ઉમેદવારોએ પોતાના ખર્ચે મુલાકાત માટે આવવાનું રહેશે. પસંદગી પામેલ ઉમેદવારે જુન માસમાં ખુલતી જગ્યાએ નોકરીમાં જોડાવાનું છે.

સ્થા. મંત્રી : શ્રી પાલનપુર જૈન શિશુશાળા—
અને બાલમંદિર.—પાલનપુર

શરીરની અંદરની અસહ્ય ગરમી ઓછી કરવા માટે
પર્લ કાઢા શરૂ કરો

શ્રીમતી આનંદીબાઈ દેસાઈની **અમ્બલામૃત** ગોળીઓ સુખી, નિરોગી, આનંદી સ્ત્રી-જીવન માટે એક સ્ત્રીએ ખૂબ વર્ષો સ્ત્રીઓ માટે વાપરીને અનુભવ લઈને તૈયાર કરી છે.



આખા શરીરની, આખની, હથેળીની તથા તળીઆની બળતરા, હંમેશનો મંદાગ્નિ, જૂનો અપચો, તથા મલાવરોધ, શારીરિક તથા માનસિક થાક વગેરે. ગરમ હવા તથા ગરમ પ્રકૃતીને લીધે થનારા વિકાર ઉપર અપ્રતિમ.

'પર્લ કાઢા' નાના મોટા સ્ત્રી-પુરૂષ બધા માટે સરખોજ ગુણકારી નીવડયો છે.



સ્ત્રીઓની જવા,ની, સૌંદર્ય, શકિત પાછી મેળવી દેનાર **અમ્બલામૃત** વાપરો, તમારા કેમીસ્ટ પાસેથી પર્લ કાઢા તથા અમ્બલામૃત લો.

પર્લ કંમ્પની, રાણીબાગ મુંબઈ ૨૭.

બાળકના વાતાવરણનો પહેલો સમાજ.

મનોવિશ્લેષણશાસ્ત્રની પ્રગતિને લીધે અજાત મનના વ્યાપાર વ્યવસ્થાનું જ્ઞાન પ્રાપ્ત કરવાની શકયતા વધી હોવાથી તેનો સમાજ વિજ્ઞાનના વિકાસને ખૂબ મોટો ફાયદો થયો છે. અજ્ઞાત મનના વ્યાપારના જ્ઞાનનો જેમ જેમ પ્રસાર થતો જશે, તેમ તેમ તેનું પરિણામ એટલું વ્યાપક દેખાશે કે એક દિવસે મનોવિશ્લેષણ શાસ્ત્રના પ્રણેતા ફ્રોઇડ એ મનુષ્યના નૈસર્ગિક–જીવન–નીતિના એક મહાન દ્રષ્ટા તરીકે ગણાશે. પ્રચલિત નીતિમત્તાની કલ્પના કરતા આ તેની નીતિમત્તા કેટલાગણી ઊંડી અને માનવી સ્વભાવ સાથે સુસંઘટિત એવી રહેશે. મનોવ્યાપારના આ સમગ્ર જ્ઞાનમાંથી જ 'વિવેકપૂર્ણ સંયમ' અને 'વ્યકિતગત્ વિકાસ'ની પૂર્ણતા આપણને સમજાશે.


મનોવિશ્લેષણના શોધની બાલસંગોપના પ્રશ્ન ઉપર પણ સારો એવો પ્રકાશ પડયો છે. તેને લીધે બાલસંગોપનના ખરેખરા પ્રશ્નો શા છે અને તેના ઉદેશ પ્રાપ્ત કરવા માટે આવશ્યક વાતાવરણ કેવા પ્રકારનું હોવું જોઇએ આ અંગેનું આપણને ચોકકસ જ્ઞાન પ્રાપ્ત થયું છે.

કોઇપણ બાળકનો જન્મ તેના વાતાવરણના વિશિષ્ટ સમાજમાં થાય છે સામાન્ય રીતે એજ સમાજમા તેનો વિકાસ તથા વૃધ્ધિ થતી હોય છે આ વિકાસના કાર્યમાં તે સમાજે આ બાળકનો બહિષ્કાર ન કર્યો હોય તથા તેને જેલમાં ગોંધી ન દીધો હોય તો તેને સામાન્ય પરિસ્થિતિમાં સમાજના નીતિનિયમ પાળવા જ પડે છે. આજૂબાજૂના આ સમાજમાં પોતાના વ્યકિતત્વનું સંયોજન એને કરી જ લેવું પડે છે. બાળકનો જન્મ થતા જ તેનું આ સંયોજનનું કાર્ય શરૂ થાય છે. તેના આ કાર્યની શરૂઆત જે કુટુમ્બમાં થાય છે તે કુટુમ્બ જ તેના વાતાવરણનો પહેલો સમાજ હોય છે. કુટુમ્બ જેવા આ અત્યંત વ્યકિતનિષ્ઠ સમાજમાં માતા–પિતાનું વ્યકિતત્વ, તેમનો પરસ્પર સંબંધ અને તેમને નિર્માણ કરેલા આચાર–વિચારનું વાતાવરણ આ ત્રણે બાબતોની બાળકની મનોરચના પર મૂળભૂત અસર થાય છે. જન્મ પહેલા અને જન્મ પછી બાળકનું સર્વ સંગોપન માતા દ્વારા થાય છે; તેથી કુટુમ્બના વ્યકિતનિષ્ઠ નાનકડા સમાજમાં બાળકનો પહેલા સંબંધ માતાના વ્યકિતત્વ સાથે આવે છે. તેને લીધે આ સમયનુ માતાનું ભાવનાત્મક જીવન કેવા પ્રકારનું હોય છે, તેનો મનોવ્યાપાર શી રીતે થાય છે, આ ઘટનાઓનું બાળકના વિકાસમાં બહુ મહત્ત્વનું સ્થાન છે. સંગોપનના બીજા તંત્ર ગમે તેટલા શાસ્ત્રશુધ્ધ હોય તો પણ આ સમયના માતાના વ્યકિતત્વની ઘટનાને એટલું બધું મહત્ત્વ પ્રાપ્ત થાય છે કે તેને લીધે બીજી બધી બાબતો પરિણામની દૃષ્ટિથી ગૌણ બને છે.

'દરેક સ્ત્રીને જ્યારે બાળક જન્મે છે ત્યારે તેમનામાં અવ્યકત સ્વરૂપમાં વસેલા માતૃત્વનું વ્યકિતત્વ પ્રગટ-થાય છે. આ માતૃત્વનું વ્યકિતત્વ એટલે બાળક સાથેનું તેનું વર્તન અને તે વર્તનની પાછળનું તેનું ભાવનાત્મક જીવન આ ભાવનાત્મક જીવનના સ્વરૂપ ઉપર જ માતાની શરૂઆતની માનસિક પ્રતિક્રિયાનું સ્વરૂપ અવલંબે છે. માતાના ભાવનાત્મક જીવનનું સ્વરૂપ એ તેના જીવનમાના અનુભવમાંથી ઘડાએલું હોય છે. આ સમયે પડનારી માતાના વ્યકિતત્વની છાપ એ તેના વિચારો કરતા પણ વધારે પ્રભાવી હોય છે. એવી કેટલીએ માતા હોય છે કે જેમના હાથથી તેમના અજાનને લીધે સંગોપનના કાર્યમાં અનેક ભૂલો થાય છે. અને તેમ છતાં તેની ભૂલોની અસર તેમના બાળકો પર થતી નથી. તેમના બાળકો સારી રીતે યશસ્વી થતા દેખાય છે. અને બીજી એવી પણ કેટલીક માતાઓ છે જે તેમનો જ્ઞાનને લીધે સંગોપનના કાર્યક્રમમાં તે શાસ્ત્રશુધ્ધ હોય છે. તેમના તરફથી થતી ભૂલો ખૂબ ઓછા પ્રમાણમાં હોય છે અને તેમ છતાં તેમના બાળકો પ્રગતિની દૃષ્ટિથી નિષ્ફળ બન્યાનું જણાયું છે. બાળકના વ્યકિતત્વને પ્રગતિનો યશ આ રીતે ફેળવવા માતાના એ સમયના વ્યકિતત્વ ઉપર

આધાર રાખતો હોવાથી આપણે તેનો વધારે સૂક્ષ્મ રીતે વિચાર કરવો જોઇએ.

મનોવિશ્લેષણાત્મક સંશોધનમાં માતાનું વ્યક્તિત્વ એ તેના (માતાના) જીવનના શરૂઆતના વાતાવરણના પહેલા સમાજ તરફથી જીવનના જે કડવા–મીઠા અનુભવો મળે છે તેના ઉપર અવલંબે છે. માતાના પોતાના બાળક અંગેનું વર્તનનું સ્વરૂપ તેના પોતાના માતા–પિતા અંગેની પ્રતિક્રિયા ઉપર અવલંબે છે; પોતાની મા સંબંધમાં તેના ગુસ્સા–ક્રોધને જે બહાર આવવાને યોગ્ય અવકાશ ન મળ્યો હોય તો તેના અજ્ઞાન મનમાં દટાઇ ગયેલી ભાવનાની અસર તેના વર્તનમાં દેખાઇ આવે છે. બાળક અંગેની તેની પ્રતિક્રિયામાં તેના જીવનનો ઇતિહાસ તેના વ્યક્તિત્વ ઉપર પોતાનો પ્રભાવ પાડતો હોય છે. આવી માતાને બાળક એ તેનો શુધ્ધ સર્જનાત્મક આનંદનો વિષય થઇ શકતો નથી. તેને તેની માતા માટેના વિરોધની તીવ્ર ભાવના ઉપર આવે છે અને બાળકના સંબંધમાં થતી તેની પ્રતિક્રિયાને તેના રંગ ચઢાવે છે. આવી માતા બાળકના ગુસ્સા ક્રોધના આવિષ્કારને સમજી લેવાનો પ્રયત્ન ન કરતા તેની સાથે કડક રીતે વર્તે છે. બાળકના નાનકડા તોફાનને એ મોટુ સ્વરૂપ આપે છે. તેની માએ તેને જે રીતે ઉછેરી હશે તેજ રીતે તે પોતાના બાળકને ઉછેરવાનો પ્રયત્ન કરશે. બાળકથી થોડુ પાણી ઢોળાય તો એને એમ લાગે કે બાળકે પોતાને પાણીમાં ડૂબાડી દીધી હોય એવું એના આવેશયુકત પ્રતિક્રિયા ઉપરથી લાગે છે. નાની નાની બાબતોમાં એ ચીઢાઇ જાય છે. તેના આ ક્રોધના આવિષ્કારની સાથે સાથજ તેના વર્તનમાનો પ્રેમ પણ તરત જ આગળ તરી આવે છે. આવી માતા પોતાના બાળકને તેની નાની ભૂલોને માટે




મારપીટ કરે છે પરંતુ તરત તેને પોતાના આ વર્તન માટે પશ્ચાતાપ થઇને તેને દુઃખ થાય છે. પોતાના વર્તન માટેની એક પ્રકારની ચિંતાની છાયા તેના મન ઉપર પડેલ દેખાઇ આવે છે. પોતાના આવા આક્રમક આવિષ્કારની તેનેજ બીક લાગે છે. લાગતી હોય છે. પોતે કેમ ચીઢાઈ છે, પોતે કેમ મારે છે એનું એનેજ સમજાતું નથી. તેની માતા અગેના વૈમનસ્યની અથવા વિરોધની ભાવના જે એના અજ્ઞાન મનમાં ઊંડી દટાએલી પડેલી હોય છે. તે ભાવનાઓનો તેના વર્તન ઉપર અજ્ઞાન રીતે પ્રભાવ પડતો હોય છે.


તેની દટાઇ ગએલી વિરોધની ભાવનાનો આવિષ્કાર જુદી જુદી રીતે થતો હોય છે. કોઇવાર પોતાના બાળક માટેની અત્યંત ચિંતાનું સ્વરૂપ તેને પ્રાપ્ત થાય છે. જે માતા પોતાના બાળકની શારીરિક પ્રકૃતિ માટે અત્યંત ચિંતા કરતી દેખાય છે, તેના વર્તન ઉપર તેના અજ્ઞાન મનમા દટાઇ ગએલી ભાવનાનુ જ કેવું પરિણામ થાય છે એ તેના (માતાના) મનોવિશ્લેષણ ઉપરથી બહાર પડે છે. આવી માતા પોતાના બાળકને જરા કંઈ દુઃખે કે નાનકડી માંદગી આવે તો પણ જાણે એ મરી જવાનો છે એવું બીક ભર્યું તેનુ વર્તન બની જાય છે. તે ડોકટર પાસે જશે અને માંદગીનું વધારે પડતુ વર્ણન કરશે અને પોતાની બીક, કાળજી જેની તેની પાસે વ્યકત કરતી રહેશે.

આમ ચિંતા અને કડકાઇથી માતાના વર્તનનું બાળકના વિકાસ ઉપર ખૂબ વિપરિત પરિણામ થાય છે. આ બન્ને પ્રકારની માતા બાળકની તેના વિકાસને યોગ્ય એવી માનસિક સ્વસ્થતા મળવા દેતી નથી.

બાળકને સ્તનપાન કરાવવાનો કંટાળો અથવા એ કરાવવાની અપાત્રતાની (ધાવણનો અભાવ) પાછળ પણ ઘણું બરું માતાના મનની માનસિક



પેકિંગ કેનરમા પણ મળે છે.



23103

અજ્ઞાન પ્રતિક્રિયાનું કારણ હોય છે. માતાના દબાઇ ગએલી આક્રમણની ભાવના અને તેમાંથી નિર્માણ થએલી બીકની ભાવનાનો પ્રતીક બાળક બને છે. આવી માતા શકય તેટલું જલદી બાળકને પોતાથી દૂર કયાંક બોર્ડીંગમા સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરે છે. પ્રગટ (consaiurs) કારણો કોઇપણ હોય, પરંતુ માતાના મનનું વિશ્લેષણ કરવાથી તેના મૂળમા તેના મનમા દબાઇ ગએલી વિરોધની ભાવનાની બીક જ દેખાઇ આવે છે. તેથી એકમેકના આક્રમણથી બન્નેનો બચાવ કરવાની દૃષ્ટિથી બાળકને દૂર કરવાની પ્રેરણા થાય છે. જે માતા પોતાના બાળકો આયા, નોકર અથવા સગાસંબંધીને સોપે છે તેમના મન ઉપર આ અજ્ઞાત આક્રમણવૃત્તિનો પ્રભાવ હોય છે. માતાપિતાના વર્તનને લીધે તેમની પોતાની જે ભાવનાઓ સંધાઇ ગઇ હોય તે ભાવનાઓ અજ્ઞાતપણે તેમના બાળકો સાથે યોગ્ય સંયોજન કરવાના માર્ગમા આડે આવે છે આમા કોઇને પણ દોષ આપી શકાય એમ નથી આ પ્રશ્નની અને સર્વ પરિસ્થિતિ અંગેની યોગ્ય સમજણ હોવી જરૂરી છે.

માતાના વ્યકિતત્વની સાથોસાથજ કૌટુમ્બિક વાતાવરણમાં બીજા એવા ઘટકો હોય છે કે જે બાળકના વિકાસ ઉપર ઘણી અસર કરે છે. અર્ભકાવસ્થામાંથી બાળકની પ્રગતિ બાલ્યાવસ્થા તરફ થતી વખતે જ્યાં માતપિતાનુ વર્તન સ્થિર અને નિશ્ચિત થએલું હોય છે ત્યાં બાળકનો મનોવિકાસ પણ નિશ્ચિત અને સ્પષ્ટ સ્વરૂપનો દેખાય છે. આવા વાતાવરણમાં બાળકમાં કોઇપણ માનસિક પ્રશ્ન હોય તો પણ બાળકને સમધારણ બનાવવાની દિશામાં આ વાતાવરણનો નિશ્ચિત ઉપયોગ થાય છે.

દરેક બાળકના વિકાસમાં એક એવો કાળ આવે છે કે જ્યારે એનુ ભાવિ તેની સયોજન શકિત પર અવલંબિત હોય છે. જ્યાં ચિંતાનું અવાસ્તવિક વાતાવરણ નથી ત્યાં દરેક બાળકની ઇચ્છા પોતાના માતપિતાને આદર્શ ગણી અનુસરવાની હોય છે દિકરી પોતાની માતા મુજબ મોટા થવાની ઇચ્છા રાખે છે. તેમજ દિકરો પિતાને અનુસરે છે આ ઇચ્છા મોટી વયે પૂર્ણ કરવા માટેનો પ્રયત્ન તેના માતાપિતાના વૈવાહિક જીવનની જે છાપ તેના પોતાના મન ઉપર પડેલી





બગડેલા લોહીને સુધારનાર
ડો. વામન ગોપાલનું
સારસાપરિલા વાપરો.

હોય છે તેના ઉપર અવલંબિત હોય છે. પોતાની માતા મુજબ વર, બાળકો હોવા જોઇએ કે ન હોવા જોઇએ; અથવા તે પિતા મુજબ પત્ની અને ઘર કરવું કે ન કરવું આ સંબંધની ઇચ્છા આગળ કહ્યા મુજબ માતાપિતાના વ્યક્તિત્વની જે છાપ પડે છે તેના ઉપર અવલંબિત હોય છે. તેથી બાળકના જીવન વિકાસમાં કુટુમ્બના વાતાવરણનો ઘણો મોટો ભાગ છે. એમાં શારીરિક, કુદરતી જરુરિયાતો પ્રાપ્ત કરવાના માર્ગમાં માતા–પિતાના દુઃખદ જીવનની જાણ રહે તો અજ્ઞાન મનના સંઘર્ષમાં વધુ ઉમેરો થાય છે અને પછી એવી વ્યક્તિઓના જીવનનો પ્રશ્ન નિરાકરણને માટે મુશ્કેલ બને છે.

આસપાસનુ વાતાવરણ જેવું હોય તેમાંથી બોધ લઇને બાળક વર્તવાનો પ્રયત્ન કરે છે. પણ કુટુમ્બમાં જ્યારે સત્તાના ભાગલા પડે છે ત્યારે કઇ વાત કોની આગળ કરવી તે વાત બાળક ઝટ સમજી જાય છે. માતાપિતામાંથી એક જ ને દુરાગ્રહી હોય તો બીજાની દ્વારા બાળક પોતાનું ધાર્યું કરાવી લે છે. એજ રીતે જુદા જુદા બાળકો પ્રત્યે જે ઓછોવત્તો પ્રેમ કરવામાં આવે તો એ પણ બાળકોના ધ્યાનમાં આવે છે. કેટલાંક કુટુમ્બોમાં સૌથી વધુ વડીલ વ્યક્તિનું ચાલે છે. ત્યારે બીજા કેટલાંક કુટુમ્બમાં સૌથી નાના બાળકનુ પણ વર્ચસ્વ હોય છે. જ્યાં બાળકને વધારે પડતુ સ્થાન હોય છે ત્યાં તેના માતાપિતા વધુમાં વધુ લાંબા સમય સુધી અસાધ્ય રાખવામાં આવે છે. તેને લીધે ઇર્ષ્યા તો વધે જ છે, પરંતુ માતા–પિતા અપરિપકવતાને (બાળપણને) અવાસ્તવિક મહત્ત્વ આપવાથી મોટા થવાની ઇચ્છાનો આનંદ પણ ઓછો લાગે છે. તેથીજ આવા કુટુમ્બના બાળકો વિકૃત બને તો આપણને આશ્ચર્ય ન થવું જોઇએ.

કુટુમ્બમાં બાળકના ભાવિ માટે જે પ્રગટ એવું આયોજન કરવામાં આવે તે અંગે સૂક્ષ્મ રીતે ચર્ચા કરવી જરૂરી છે. દા. ત. બાળકના ધંધા અથવા જીવનવ્યવસાય બાબતમાં જ્યારે કુટુમ્બનો પરંપરિત ધંધો અથવા જીવનવ્યવસાય નિશ્ચિત હોય છે ત્યારે બાળકની તૈયારી આપણે તે તે દિશામાં કરવાનો પ્રયત્ન કરીએ છીએ લશ્કરના અધિકારીપદ ઉપર જે પિતા હોય તે પોતાના બાળકે પણ તે જ ધંધો સ્વીકારવા એ એ દિશામાં પ્રયત્ન કરે છે. અથવા તો એંજિનિયર પિતા પોતાનો દિકરો પણ એંજિનિયર બનવો જોઇએ એવી અપેક્ષા રાખીને તેની સત્તા પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે બાળક ઉપર લાદવાનો પ્રયત્ન કરે છે. આ અંગેની બાળકની પ્રતિકૂળતા હોય તો તેના સમગ્ર જીવન ઉપર એક વિકૃતતા વ્યાપેલી જણાય છે. પોતાના એ પ્રકારના જીવનમાં તેને કદી જ આનંદપ્રાપ્તિ થઇ શકિત નથી.

સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો



શાસ્ત્રીય પદ્ધતિથી દૂધ પીવડાવવું અને બાળકનું સંવર્ધન, તેનો સમય સાચવવો, નિયમ સંભાળીને તેનું સંગોપન કરવું સારું હોય છે. પરંતુ તેમાં દરેક બાળકના વ્યક્તિત્વનો સ્વતંત્ર રીતે વિચાર કરવો જોઇએ. માતાપિતાની પ્રેમાળ અને સમજણને અભાવે સંગોપન ગમે તેટલું શાસ્ત્રીય રીતે થાય તો પણ તેનું પરિણામ વિચિત્રજ આવ્યાનું જણાય છે. માતા-પિતાના મનની અજ્ઞાત વિરોધની પ્રતિક્રિયાનું યોગ્ય જ્ઞાન થાય તો આપણા પોતાના હેતુ માટે, આપણા ગમવા ન ગમવા માટે બાળકનો કેટલો ઉપયોગ કરવો એ નક્કી કરતી વખતે જાગૃત રહેવું પડશે.

જે બાબત આપણે માતાના વ્યક્તિત્વ અંગે ચર્ચી તેજ પિતાના ઘરના વર્તનને પણ લાગુ પડે છે. તે પણ પોતાના જીવન અનુભવનું પુનરાવર્તન પોતાના કુટુમ્બમાં કરતા હોય છે. અજ્ઞાન મનમાં દટાઇ ગએલી પ્રતિક્રિયાનું જ્ઞાન માતા-પિતાને હોય તો તેમને તેમના વર્તનની સમજણ પડે છે. વિવેકથી પોતાની વૃત્તિને બાળકના વિકાસને પરિપોષક એવું વલણ આપી શકાય. બાળકનો પહેલો સમાજ આ તેના માતા-પિતાએ બનાવેલો હોય છે. આ સમાજની સિધ્ધાન્તવાર રચના વ્યવસ્થા જે પ્રકારની હોય તે પરંપરિત બને છે. અહિ બનેલી ઘટના વ્યક્તિના અવ્યકત મનમાં પ્હોંચીને તે ભાવી અનેક પેઢીને દુઃખ પ્હોંચાડે છે તે આપણે ધ્યાનમાં લેવું જોઇએ.

—શેષ નામલે.

(ઇલા શ્રીમન શાર્પના લેખને આધારે.)

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....

કુલી

* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે
* સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે

લોમા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :
એમ. એમ. ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ.

○

: એજન્ટસ :
સી. નરોત્તમ એન્ડ કું.
મગલદાસ રોડ, મુંબઇ-૨
ટે નં. ૩૦૫૭૫ M.P.S

ટપાલદ્વારા કટીંગનું શિક્ષણ



દરેક પ્રકારનું કાપડનું કટીંગનું શિક્ષણ પોસ્ટ થી આપવામાં આવે છે. કોલેજ તથા લંડન ડિપ્લોમા માટે સૂચિ પત્રક મંગાવો.

સ્થાનિક શિક્ષણ માટે મળો.


ઝારાપકર ટેલરીંગ કૉલેજ

ભવાનીશંકર રોડ, દાદર મુંબઇ-૨૮



B-TEX OINTMENT MFG. CO.
24, Bapu Khote Street Bombay3

ભારતમાં સર્વ શ્રેષ્ઠ



ઝારાપકર શિવણયંત્ર

રોકડે થી ત્યા હપ્તાથી પાંચ વર્ષની ગેરંટી સાથે સીગર, ફાફ, ઝુકી, અરૂણ, ઉષા, ટેલરનું સૂચિપત્ર મંગાવો.

ઝારાપકર શિવણયંત્ર ભંડાર

ભવાનીશંકર રોડ, દાદર, મુંબઇ-૨૮

બાલવાડીની જગ્યા અને સાધન સામગ્રી

ઓછામાં ઓછું શું જોઇએ ?

૧. બાળકોની સંખ્યાના પ્રમાણમાં બાળક દીઠ ૧૦૦ ચોરસફૂટ જગ્યા હોવી જોઇએ. એમાં બાળક દીઠ ઓછામાં ઓછી ૧૬ ચોરસ ફીટની બાંધેલી જગ્યા જોઇએ.

૨. જગ્યાના ૧/૪ ભાગમાં બગીચો જોઇએ અને અર્ધા ભાગમાં છૂટી જગ્યા, રમવા માટે ક્રીડાંગણ તરીકે જોઇએ.

૩. પાણી વીના બાગ થતો નથી તેમજ તેના વિના સ્વચ્છતા પણ જાળવી શકાતી નથી. તેથી બાલવાડીને ભરપૂર પાણી મળવું જોઇએ જ્યાં નળ હોતા નથી. ત્યાં દરેક બાલવાડીમાં પંપવાળો કુવો જરૂરનો હોય છે.

૪. ક્રીડાંગણમાં ઓછામાં ઓછા આગળ મૂજબના સાધનો જોઇએ. ચડવા માટે ટેકરો; તેના પરથી લપસવા માટે પાટીયું મૂકીને બનાવેલું લપસણું, રેતીનો મોટો ખાડો, કુસ્તી માટે કાથીની ગાદી અને લટકવા માટે રોમનરીંગ્ઝ અને દોરડાની સીડીઓ.

૫. ક્રીડાંગણની પાસે કર્મશાળાની (Workshop) યોજના કરવી જોઇએ. તેમાં કરવત, હથોડી, ખીલીઓ, તાર, દોરડાં, સળીયો, લાકડાંના પાટિયાં, નાના મોટા કટકા, ભાંગી તૂટેલી વસ્તુઓ, નાના મોટા ખોખાં, સુથારકામ કરવાના ટેબલો; બાગ કામના સાધનો વગેરે હોવું જોઇએ.

૬. સાફસફાઇના કામો :—

૧. જેમાં શરીર સ્વચ્છતા :—હાથપગ ધોવા માટે, વાળની સ્વચ્છતા માટે, નખ ઉતારવા માટેની વ્યવસ્થા.

૨. કપડાંની સ્વચ્છતામાં:—કપડાં ધોવાં, સૂકવવાં, ઘડી કરવી; ઇસ્ત્રી કરવી વગેરે કામો આવે.



સાંડૂ
ઓરિજીનલ
બ્રાહ્મી તેલ
જાગરણ અને માનસિક શ્રમ કરનારાઓ માટે
અુપયુક્ત

દત્તાત્રેય કૃષ્ણ સાંડૂ બ્રધર્સ
ચેંબૂર પ્રાયવ્હેટ લિ.
ચેમ્બૂર–મુંબઈ ૩૮



સુલેખા પેન
સંતોષ જનક કાર્ય માટે
બધી દુકાનોમાં

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ –
પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વીસીઝ
કાંદીવલી (મુંબઈ એસ્. ડી.)
લોકલ સેલ.–૧૦,શામસેટ સ્ટ્રીટ, મુંબઈ-૨.

(M P S.)

૩. બાલવાડી અને આંગણની સામુદાયિક સ્વચ્છતા:—જેમાં ઝાડવું; જારાં ઉતાળવાં, સંડાસ, મૂતરડીની સફાઇ; ગંદાપાણીનો નિકાલ; કચરાનો નિકાલ વગેરે કામો અંગેની સગવડો જોઇએ.

૭. બાલવાડીમાં ઉપહાર તૈયાર કરવાનો કાર્યક્રમ જરૂરનો હોય છે. ઉપહાર તૈયાર કરવા માટે જે જે સગવડોની જરૂર હોય તે કરી લેવી જોઇએ આ કાર્યક્રમને લીધે નીચેના કામો નીકળે છે.

૧. અનાજની સાફસફાઇ :—
૨. કાંકરી વીણવી, ઝાટકવું, દળવું; અને ફાડા કરવા.
૩. ચારવું અને ભરવું.
૪. શાકભાજી અને ફળની સાફ સફાઈ છોલવું; સમારવું વગેરે.
૫. રસોડાનાં કેટલાંક કામો.
૬. જમવાની પૂર્વ તૈયારી.
૭. જમવાના કામો જમવું, પીરસવું, એંઠું કાઢવું, વાસણો માંજવા; સાફસફાઇ કરવી.
૮. મંત્રશ્લોકો બોલવા.

આ બધાં કામોની બાળકોને તક મળવી જોઇએ.


૮. ગીતો, વાર્તાઓ, રમતો; નાટકો અને હસ્ત વ્યવસાય એ બધાં વિષયોને બાલમંદિરોના કાર્યક્રમોમાં સ્થાન મળવું જોઇએ. તે માટે ઓછામાં ઓછા આગળ મૂજબના સાધનો હોવાં જોઇએ. બાળગીતોની ચોપડીઓ; મંજીરા; ઢોલ; દાંડીયા; વાર્તાના પુસ્તકો, રમતોના સાધનો; બાળ નાટકોના પુસ્તકો, કપડાંના જાત જાતનાં રંગીન કટકા, રંગ વગેરે.


હસ્ત વ્યવસાય માટે કાગળ, કાતરો, ગુંદર, માટી, વર્તમાનપત્ર, માસિકો અને સુતકતાઇના સાધનો.


૯. ચિત્રો અને લેખન વાંચન માટેના સર્વ સાધનો.

સુશોભન અને રંગોળીઓ


















WANTED STOCKISTS.



મુખ્ય વિક્રેતા :
પી. રમણલાલ એન્ડ કું.
૧૧૬/૧૮ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ મુંબઈ ૩.

ઉત્પાદક :
પ્રકાશ મેટલ વર્ક્સ.
મુંબઈ ૪.




આપની દરેક
જરૂરિયાતો
ખરીદવાનુ એક માત્ર
: ભરોસા પાત્ર સ્થળ :
આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.
ધી
ગુજરાત સ્વદેશી કૉ-ઓપરેટીવ સ્ટોર્સ કું૦
લિ૦
સર ફિરોઝશાહ મહેતા રોડ, મુંબઈ ૧.
શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.

મુ. યા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શેષ નારાયણ હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.
મુદ્રણસ્થાન : રામકૃષ્ણ પ્રિ. પ્રેસ, મોરબાગ રોડ, દાદર, મુંબઈ ૧૪.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨ અંક
મે—૧૯૫૭



સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી. તારાબેન મોડક


☆

તંત્રી :
શેષ નાભલે

લોકશાહીની પ્રગતિ કેળવણી પર અને કેળવણીની પ્રગતિ લોકશાહી પર અવલંબે છે. સાચી કેળવણીના સંસ્કાર લોકશાહીને અનુરૂપ હોવા જોઈએ તેમજ કુટુંબ–નિશાળો અને સમાજનો વ્યવહાર લોકશાહી પદ્ધતિથી ચાલે તો જ તેમાંથી સાચી કેળવણીના સંસ્કારો પડી શકશે.

સ્વયંવિકાસ અને સ્વયંશાસન, જીવનવિકાસની આ બન્ને બાજુ એક બીજાને પોષક હોવી જોઈએ.


વાર્ષિક લવાજમ : ૩. ૪–૦–૦ | કાર્યાલય : ૧૨૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ. ૧૪. | છૂટક નકલ ૩૭ નયે પૈસે



all the cloth you need



all the variety you need



Mafatlal House, Backbay Reclamation, Bombay

Phone 36581 (5 lines) Grams 'HITSAGAR' Bombay

મુંબઈ, મધ્યભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૩૨ : અંક ૨] મુંબઈ [મે—૧૯૫૭

સંપાદકીય

બાલશિક્ષક સંચાલકોએ હવે આગળ આવવું જોઈએ

(૧)

નૂતન બાલશિક્ષણ સંઘની સંસ્થાને, ખરા અર્થમાં વાલી-શિક્ષક સંઘટના બનાવવી જોઇએ. બાળકના સર્વાંગી વિકાસનું કાર્ય બાળકના માતા-પિતા અથવા વાલી અને બાલશિક્ષક-શિક્ષિકાના સહકાર વિના શક્ય નથી તે વાત તો હવે ઘણીજ સ્પષ્ટ થઈ ગઈ છે.

શિક્ષણતજ્ઞો બાલશિક્ષણનો ઉદ્દેશ સ્પષ્ટ કરે છે, શિક્ષણના તાત્વિક સ્વરૂપ અને તેની પદ્ધતિની ચર્ચા કરે છે, સરકાર પણ આ પ્રકારના શિક્ષણ માટે વ્યવસ્થા તંત્ર ઘડે છે, પરન્તુ શિક્ષણના દૈનિક પ્રશ્નોનો ઉકેલ વાલીઓ અને શિક્ષકોએ જ કરવો પડે છે.

શિક્ષણના સંસ્કાર ફક્ત શાળામાં જ મળી શકે, તે કલ્પના હવે રહી નથી. સંસ્કારનું કાર્ય તો જન્મ પહેલાથી જ જુદા જુદા પ્રકારે થતું હોય છે. જન્મ પહેલાનો સમય અને જન્મ પછીનો શરૂઆતનો સમય માતાના નિકટના સમાગમમાં જતો હોવાથી, બાળકોના વ્યક્તિત્વના પ્રભાવમાં બાળમનનું ખરું પ્રાથમિક શિક્ષણ શરૂ થાય છે. ત્યાર પછી કુટુમ્બની મુખ્ય વ્યક્તિ તરીકે પિતાનો અને સમાજની મુખ્ય વ્યક્તિ તરીકે શિક્ષક-શિક્ષિકાનો બાળકના શિક્ષણ સાથે સંબંધ બંધાય છે, આ રીતે પ્રથમ માતા, પછી પિતા અને પછી શિક્ષિકા અથવા શિક્ષક આ ત્રણ વ્યક્તિઓ ક્રમમાં જવાબદાર ગણાતી હોવા છતા તે ત્રણેના સહકાર વડે જ શિક્ષણનું ઉત્તમ કાર્ય થાય છે. તેની સ્પષ્ટ જાણ આજના વાલી શિક્ષકોને નથી.

માતા, પિતા અને શિક્ષક તે ત્રણેના વ્યક્તિગત કાર્યનું બાલશિક્ષણમાં અને કોઈપણ શિક્ષણમાં કેટલું મહત્ત્વ છે તેનું સ્પષ્ટ જ્ઞાન આ ત્રણે વ્યક્તિઓને એક-બીજા વિષે નથી. તે જ આજના બાલશિક્ષણનો એક ખૂબજ મોટો પ્રશ્ન છે.

જીવનના શરૂઆતના બાર વર્ષ, તે બાલ્યાવસ્થાનો કાળ ગણાય છે. આ કાળ દરમ્યાન બાળકના સર્વાંગી અને યોગ્ય વિકાસ માટે વાલી અને શિક્ષકના અત્યંત ઘનિષ્ઠ સહકારની જરૂર અનિવાર્ય છે. શિક્ષણતજ્ઞ, સમાજ અને સરકાર તે ત્રણેના સહકારની પણ તેટલી જ જરૂર છે. બાલશિક્ષણના કાર્યમાં સર્વના સહકારની જરૂર છે. પરન્તુ આ સર્વનો માતા, પિતા, વાલી, શિક્ષણતજ્ઞ, સમાજ અને સરકારનો સુસંવાદિત સહકાર કોણે, અને કેવી રીતે યોજવો ?

અમારા મત પ્રમાણે આ સહકાર યોજવાની જવાબદારી

ગુજરાતી પત્રિકા અંગે નોટીસ

ગુજરાતી પત્રિકાના સર્વ ગ્રાહકોને આથી જણાવવામાં આવે છે કે આ પત્રિકાનો જુન ૧૯૫૭ નો અંક હવે **ગુજરાતી શિક્ષણ પત્રિકા કાર્યાલય, દક્ષિણામૂર્તિ ભાવનગર (સૌરાષ્ટ્ર)** થી, જુનની પહેલીએ પ્રકટ થશે. તે માટે મે ની ૧૫ મી થી એ પત્રિકાનુ મુંબઇનું કાર્યાલય ભાવનગર ફેરવવામાં આવશે. મે ૧૫ પછી ગુજરાતી પત્રિકા અંગેનો સર્વ પત્રવ્યવહાર, **શ્રી. સોમાભાઇ ભાવસાર તંત્રી અને વ્યવસ્થાપક, ગુજરાતી શિક્ષણ પત્રિકાના** સરનામે કરવા વાચકોને વિનતિ છે.

તંત્રી

લેવા માટે બાલશિક્ષક-શિક્ષિકાઓએ આગળ આવવું જોઇએ. શિક્ષણ સંસ્થાનો સંચાલક આ શિક્ષકોનો નાયક છે. તેનું કાર્ય શિક્ષકોના કાર્યનું યોગ્ય વ્યવસ્થા તંત્ર ઘડવાનું છે. શિક્ષક અને સંચાલકોનો સંબંધ મજૂર અને શેઠ જેવો બનાવો ન જોઈએ. તેમજ શૈક્ષણિક કાર્યની રીતિ-નીતીમાં પણ મતભેદ રહેવો ન જોઈએ. કોઈપણ બાબત માટે તેઓનો મતભેદ હોય તો પણ પોતાના કાર્યના સમગ્ર ઉદ્દેશ તરફ લક્ષ આપીને મતભેદોને મર્યાદિત બનાવવા જોઈએ બાલશિક્ષણમાં બાલશિક્ષક અને સંચાલક વચ્ચે ભિન્ન ભિન્ન ઉદ્દેશ રહે તે યોગ્ય નથી.

આજકાલ બાલશિક્ષક અને સંચાલકો સમક્ષ ઉદ્દીષ્ટ ને બદલે તેની ભિન્નતા ઉપર ખૂબજ ભાર મૂકવામાં આવે છે, તે કારણે તે બન્ને એક બીજાથી દૂર હોવાનો આભાસ ઉત્પન્ન થાય છે. સંચાલકો ઉપર આર્થિક જવાબ-દારી, અને બાલશિક્ષક ઉપર શૈક્ષણીક જવાબદારી હોય છે તેવુ માનવામાં આવે છે. તે ખ્યાલને સંચાલક અને શિક્ષકોએ મળીને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

બાલશિક્ષણનું નવીન સ્વરૂપ વ્યાપક, અને સર્વના સહકાર ઉપર અવલંબતું હોવાને કારણે સંચાલક અને શિક્ષકોએ આગળ પડીને પાલક, શિક્ષણતજ્ઞો સમાજ અને સરકાર તે સર્વનો સહકાર યોજવાની દૃષ્ટિથી સંઘટના કરવાનું કાર્ય ઉપાડી લેવું જોઈએ. શાળાની ચાર ભીંતો વચ્ચે વાતાવરણ ગમે તેટલું સમૃધ્ધ બનાવવામાં આવે, શિક્ષક, સંચાલકો બાળશિક્ષણનુ કાર્ય ગમે તેટલુ ઉત્તમ કરે, ગમે તેટલુ સુસજ્જ કરે તે પણ ખરા અર્થમાં તેઓના શિક્ષણકાર્યમાં યશ મળતો નથી. તેથી શિક્ષણના સર્વ ઘટકોને એકત્ર લાવવાનુ અને એકબીજાના કાર્યની જાણ કરવાનું, તેમજ નવીન શિક્ષણના સ્વરૂપની કલ્પના પ્રત્યક્ષ રીતે પોતાના આચરણ દ્વારા પ્રચલિત કરવાનું તે સર્વ કાય કરનારી સંઘટના ઉભી કરવાની જવાબદારી લેવા માટે શિક્ષક-સંચાલકોએ આગળ આવવું જોઈએ.

ચાલુ મહિનાની આઠ તારીખે નૂતન બાલશિક્ષણ સંઘની નિયંત્રણ મંડળની એક અત્યંત મહત્ત્વની સભા થઈ હતી. આ સભામાં નૂતન બાલશિક્ષણ સંઘની સંસ્થાને પાલક-શિક્ષક સંઘટનાનું વ્યાપક સ્વરૂપ આપવાની દૃષ્ટિથી આ જાતનો ફેરફાર સૂચવવામાં આવ્યો છે. તે કારણે સંસ્થાના શિક્ષક અને વાલી મળીને, ચાર રૂપીયા ભરનાર દસ સભ્યો મળે તો તે સંસ્થામાં વાલી-શિક્ષક મંડળ શરૂ કરી શકાય. આવા દરેક મંડળોનો ઓછામાં ઓછો એક પ્રતિનિધી નૂતન બાલશિક્ષણ સંઘના નિયંત્રણ મંડળ ઉપર મોકલી શકાય.

વાર્ષિક ચાર રૂપીયા ભરનાર પ્રત્યેક સભ્યોને શિક્ષણ પત્રિકા મળશે અને આ સભ્યના લવાજમમાંથી ૦-૬-૦ તે દરેક બાલસંસ્થાનાં વાલી-શિક્ષક મંડળને મળશે. આ શિવાય બાલશિક્ષણ જયંતી ફાળામાંથી તે તે સંસ્થાએ ભેગા કરેલા ફાળાનો અર્ધો ભાગ પણ તે મંડળને મળશે. અમે-રીકાની પ્રત્યેક શાળામાં વાલી-શિક્ષક સંસ્થાઓ (Parent Teacher Associations) (P. T. A.) હોય છે. આ સંસ્થા દ્વારા વાલી-શિક્ષકોને આગળ જણાવેલા પ્રશ્નો બાબત એક બીજાને માહિતી મળે છે. શિક્ષણ, માનસશાસ્ત્ર, આરોગ્ય, આહાર-વિહાર, વિજ્ઞાન-આ વિષયો ઉપર વ્યાખ્યાનો યોજવામાં આવે છે. તેઓના સહકાર દ્વારા પ્રદર્શનો, ઉત્સવો, સમારંભ વગેરે પણ કરવામાં આવે છે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા, સરકાર અને સમાજનુ બાલશિક્ષણના પ્રશ્નો તરફ લક્ષ્ય ખેંચવાનું ખૂબ મોટું કાર્ય આ સંસ્થા (P. T. A.) દ્વારા થાય છે. સંસ્થાના બાળકોના શિક્ષણ સંબંધીના પ્રશ્નો બાબત ઉત્તમ પ્રકારનું સહકાર્ય કરવામાં આ સંસ્થા ખૂબજ ઉપયોગી બને છે.

અમેરીકા કરતાં પણ આપણા દેશમાં આ પ્રકારની સંસ્થાની અનેક ઘણી જરૂર છે.

બાલશિક્ષક—શિક્ષિકાઓ અને સંચાલકો ! આપણે બાલશિક્ષણની સંસ્થા ચલાવીને બાળકના સર્વાંગી શિક્ષણની જવાબદારી સ્વીકારી છે. આ જવાબદારી ઉત્તમ પ્રકારે પાર પાડવા માટે આપણી સંસ્થામાં બાલ—શિક્ષક મંડળો ઉભાં કરવાં જોઈએ. આ પ્રકારના મંડળો નીર્માણ કરવામાં અને તેનું યોગ્ય પ્રકારે સંચાલન કરવામાં નૂતન બાલ-શિક્ષણ સંઘ માર્ગદર્શન આપશે. આ રીતે દરેક બાળ-શિક્ષણ સંસ્થામાં આ પ્રકારના મંડળો યોજાય તે જ નૂતન બાલશિક્ષણ સંઘની અભિલાષા છે.

આવતા ઓગસ્ટ સપ્ટેમ્બરમાં નૂતન બાલશિક્ષણ સંઘ સાથે સર્વ સંબંધ ધરાવતી સંસ્થાની ચૂંટણી થવાની છે. આ ચુંટણીની દૃષ્ટિથી સંઘ સાથે સંબંધીત એવી દરેક સંસ્થામાં વાલી—શિક્ષક મંડળની સ્થાનિક શાખા સ્થાપવાનું કાર્ય, સંઘમાં શ્રધ્ધા ધરાવનાર દરેક કાર્યકર્તાનું છે. તે લોકોએ આ પ્રકારની શાખા સર્વત્ર કરવી અને સંઘનો કાર્યક્રમ બનાવવાનો પ્રયત્ન કરવો. સંઘની આવા પ્રકારની હજારો સંસ્થા (મંડળો) સ્થપાય તે બાલશિક્ષણની પ્રગ-તિની દૃષ્ટિએ આવશ્યક છે. આ કાર્યમાટે બાલશિક્ષણ સંસ્થાના શિક્ષક-શિક્ષિકાઓ અને સંચાલકો આગળ આવશે તેવી અમે આશા રાખીએ છીએ.

ગુજરાતી પત્રિકા ભાવનગર પાછી જાય છે.

ગયા માસથી ગુજરાતી પત્રિકાએ બત્રીસમાં વર્ષમાં પદાર્પણ કર્યું છે. આ વર્ષનો ત્રીજો અંક એટલે કે જુનની પહેલીએ પ્રકટ થનારો અંક હવે ભાવનગરથી પ્રકાશિત કરવાનો નિર્ણય પત્રિકાના સંચાલકોએ લીધો છે.

ભાવનગર એ નૂતન બાલશિક્ષણ સંઘ તથા તેનુ મૂખપત્ર તરીકે ચલાવવામાં શિક્ષણ પત્રિકાનુ જન્મસ્થાન છે. ૧૯૨૬ ના માર્ચ મહિનામાં પત્રિકાનો પ્રથમ અંક પ્રકટ થયો. ગિજુભાઇ જેવા સમર્થ પિતાના ઉછેરમાં શિક્ષણ પત્રિકા કુદકે અને ભુસકે પ્રગતિ કરતી ગઇ. તેનો વાચકવૃંદ ખૂબ વિશાળ બન્યો. પરંતુ ૧૯૩૬ માં ગિજુભાઇના એકાએક અવસાનથી પત્રિકાનુ રક્ષણ છત્ર જાણે એકાએક આવેલા વાદળમાં ઉડી ગયું પરંતુ એ પ્રસંગે ગિજુભાઇના જ સાથી શ્રીમતી તારાબેન મોડક આગળ આવ્યા અને પત્રિકાને ભાવનગરથી મુંબઇ લઇ આવ્યા. ચૌદમું વર્ષ સાતમો અંક મુંબઇથી પ્રકટ થયો. ત્યારથી આ અંક સુધી પંદર વર્ષથી પત્રિકા મુંબઇમાં જ પ્રકટ થતી આવીછે. છેલ્લા પંદર વર્ષના કાળમાં અનેક પ્રકારનાં સંકટો જે આપણા દેશ પર આવ્યા તેમ પત્રિકા પર પણ આવ્યા અને ચાલ્યા ગયા. એમાં સૌથી મોટુ સંકટ એટલે પત્રિકાના માતા સમા શ્રીમતી તારાબેન મોડકની માંદગીનું હતુ. ૧૯૫૨ માં તેમની પ્રકૃતિએ એવુ સ્વરૂપ લીધું કે જેથી તેઓ તદ્દન પથારીવશ થઇ ગયા. એવે સમયે પત્રિકા બંધ કરવી પડશે કે કેમ એમજ બધાને લાગતુ હતું. એવા સમયે શ્રી શેષ નામલે અને તેમના સાથીદારો આગળ આવ્યા અને તેમને પત્રિકાના સંચાલન સંપાદનની બધી જવાબદારી સંભાળી લીધી.

પ્રકાશનોની પ્રગતિમાં અનેક સંજોગો પોતાનો ભાગ ભજવતા હોય છે. તેમાં તેની વૈચારિક ઉપયોગિતા અને નવીનતા એ જેમ તેનો પ્રાણ હોય છે તેમ મુદ્રણાલયની અને કાર્યાલય વ્યવસ્થાની સગવડોને લીધે તેનો પાર્થિવ દેહ ઘડાય છે. પત્રિકાના શરૂઆતના દિવસોમાં એ બન્ને તત્વો પત્રિકાને પૂરતા પ્રમાણમાં મળવાના સંજોગો હતા તેથી પત્રિકા ખૂબ ઝડપથી પ્રગતિ કરી શકી. શરૂઆતની આ પ્રગતિ સાથે પત્રિકાના મુંબઇ કાલની સરખામણી કરીએ તો ગુજરાતી પત્રિકાએ જે પ્રકારનો વિકાસ સાધ્યો તેથી કોઇનુ જ સમાધાન ન થયું એ હકીકત છે તેથી ગુજરાતી પત્રિકા ગુજરાતમાં કોઇ યોગ્ય સ્થળે લઇ જવી જોઇએ એવા વિચારો પર સંઘના કાર્યકરો આવ્યા. તે દૃષ્ટિથી પત્રિકા માટે જુદા જુદા કેન્દ્રોનો વિચાર સંઘના વ્યવસ્થાપક મંડળે કર્યો અને ગયા માસમાં સંઘના વ્યવસ્થાપક અને નિયંત્રણ મંડળની જે બેઠકો મળી તેમાં ગુજરાતી પત્રિકા ફરી ભાવનગરથી જ પ્રકટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

ગુજરાતી પત્રિકા માટે ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છના જુદા જુદા પ્રદેશોમાંથી કાર્યકરોની પસંદગી ને પત્રિકા સંચાલન માટે એક ગુજરાતી શિક્ષણ પત્રિકા સંચાલક મંડળ રચવામાં આવ્યું છે. જેમાં શ્રી. રામનારાયણ ના. પાઠક, શ્રી. ચંદુલાલ ભટ્ટ, શ્રી. શેષ નામલે શ્રી. નરેન્દ્ર બ્રહ્મભટ્ટ તથા શ્રી. સોમાભાઇ ભાવસારના નામો નિશ્ચિત થયા છે. આ યાદીમાં કચ્છ, મહેસાણા, અને મધ્યગુજરાત વડોદરા અને સુરતથી કેટલાક નામો વિચારવામાં આવશે એ સંચાલક મંડળને છેલ્લુ રૂપ અપાશે.

આ સંચાલન મંડળ વતી પત્રિકાની વ્યવસ્થા તથા સંપાદન વિશેની મુખ્ય જવાબદારી શ્રી. સોમાભાઇ ભાવસારને સોંપવામાં આવે છે. અને તેમની મદદમાં એક સંપાદક મંડળની રચના કરવામાં આવશે. પત્રિકાના વિકાસ માટે હવે પરિસ્થિતિ ઘણી અનુકૂલ દેખાય છે. એક તો પત્રિકા શરૂઆતમાં જે મુદ્રણાલયમાં છપાતી હતી તે સરસ્વતી મુદ્રણાલયમાં જ હવે છપાશે. એ મુદ્રણાલયના સંચાલકો તથા કાર્યકરોએ પત્રિકાનું ખૂબ આનંદથી સ્વાગત કર્યું છે. પત્રિકાની સર્વ વ્યવસ્થા શ્રી. સોમાભાઇએ લીધી હોવાથી પત્રિકાના બીજા સર્વ સંપાદકોનો ઉત્સાહ ખૂબ વધી ગયો છે.

રાજ્ય પુનર્રચના પછી સમગ્ર ગુજરાતી પ્રદેશ એક

: શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને :

'શિક્ષણ પત્રિકા'ના પ્રત્યેક ગ્રાહકને અંક વ્યવસ્થિત રવાના કરવામાં આવે છે. તે છતાં ઘણા ગ્રાહકોની ફરિયાદ અંક વ્યવસ્થિત નથી મળતા તે અંગેની આવે છે. ગ્રાહકોને સવિનય વિનંતિ છે કે તેઓ પોતાના અંકની સંપૂર્ણ તપાસ પોસ્ટ ઓફિસમાં કર્યા પછી જ કાર્યાલયને તે અંગે તા. ૧૫ મી સુધીમાં જાણ કરે. તો તે અંગે ઘટતું કરવામાં આવશે. તા. ૧૫ મી પછી અંક નથી મળ્યો તેવા પત્રો પર લક્ષ આપવામાં આવશે નહીં.

વ્ય.–સંપાદક

વહીવટ નીચે આવી ગયેા છે તેમજ તેમાં જે રચનાત્મક કાર્યના નવા મંડાણ થયા છે તેથી પત્રિકાની માંગ દીવસે દીવસે વધતી જ જાય છે. ગ્રામ વિસ્તારમાં ચાલી રહેલા સમાજ કેન્દ્રેા, વિસ્તરણ કેન્દ્રેા, સમાજ કલ્યાણ કેન્દ્રેા, મજુર કેન્દ્રેા, વાચનાલયેા એ બધામાં બાલવિકાસ તથા બાળકેળવણીને સારૂ એવું સ્થાન મળે તે માટેના ચક્રેા ગતિમાન થયાં છે. તેથી પત્રિકા જેવા એકમેળ બાલકલ્યાણ અને કેળવણીના પ્રવૃત્તિના સામાયિકને માટે ઠેર ઠેર પ્રેાત્સાહન મળી રહેશે એવેા પૂરતેા સંભવ છે. આ બધા સંજોગેા ઓળખીને નૂતન બાલશિક્ષણ સધના કાર્યકરેા જાગૃત થયાં છે અને હવે પછી ગુજરાતી પત્રિકા ગામડે ગામડે પહેાંચાડવાની યેાજનાઓ ઘડી રહ્યા છે.

સ્વ. ગિજુભાઇના તપથી પાવન બનેલી દક્ષિણામૂર્તિ શિક્ષણ પત્રિકાનું નવુ કાર્યાલય એપ્રિલની ૧૫ થી શરૂ કરવામાં આવશે. પત્રિકાના સંચાલકેાના પત્રિકાનું ફરીથી ઉત્થાન કરવાના મનેારથને સફળ બનાવવા માટે પત્રિકાના વાચકેા અને ગ્રાહકેા પેાતાથી બનતેા સાથ આપશે એની હું આશા રાખું છું.

શિક્ષણ પત્રિકાના ગ્રાહકેાનેઃ—

આપનુ લવાજમ પુરૂ થયે આપ તુરતજ લવાજમના રૂ. ૪–૦–૦ મેાકલાવી આપશેા. વી. પી. ના ખેાટા ખર્ચમાંથી બચવા અને સસ્થાને તે ખર્ચમાંથી મુકત કરવા આપનુ લવાજમ તાત્કાલિક ભરી દેશેા.

—વ્ય. સંપાદક.

શરીરની અંદરની અસહ્ય ગરમી ઓછી કરવા માટે પર્લ કાઢા શરૂ કરેા

શ્રીમતી આનંદીબાઈ દેસાઈની અબલામૃત ગેાળીઓ સુખી, નિરેાગી, આનંદી સ્ત્રી–જીવન માટે એક સ્ત્રીએ ખૂબ વર્ષો સ્ત્રીઓ માટે વાપરીને અનુભવ લઇને તૈયાર કરી છે.



આખા શરીરની, આંખની, હથેળીની તથા તળીઆની બળતરા, હમેશનેા મંદાગ્નિ, જૂનેા અપચેા, તથા મલાવરેાધ, શારીરિક તથા માનસિક થાક વગેરે. ગરમ હવા તથા ગરમ પ્રકૃતીને લીધે થનારા વિકાર ઉપર અપ્રતિમ.

'પર્લ કાઢા' નાના મેાટા સ્ત્રી–પુરૂષ બધા માટે સરખેાજ ગુણકારી નીવડયેા છે.



સ્ત્રીઓની જવાની, સૌંદર્ય, શકિત પાછી મેળવી દેનાર **અબલામૃત** વાપરેા, તમારા કેમીસ્ટ પાસેથી પર્લ કાઢા તથા અબલામૃત લેા.

પર્લ કંપની, રાણીબાગ મુંબઈ ૨૭.

બાળકોનું ચિત્રકામ

(આ. અમીલાબાઇ ફાટકે કોસબાડ પરિષદમાં મોકલેલો લેખ)

નાનાં બાળકોનું જીવન એટલે જુદાં જુદાં સ્વયંસ્ફૂર્તિ વાળા કાર્યોમાંથી આનંદ મેળવવો. આ આનંદ મેળવતાં માનવ જીવનમાં આવશ્યક એવી શારીરિક હિલચાલ અને તેનો કલાપૂર્ણ ઉપયોગ બાળકનાં વિકાસમાં મદદરૂપ થાય છે. પૂર્વ પ્રાથમિક શાળાઓમાં જતાં બાળકોના શિક્ષણમાં આવાં સ્વયંસ્ફૂર્તિ કાર્યોને ઠીક મહત્વ અપાય છે. તેથી ત્યાંના શિક્ષકોની આવી જુદી જુદી પ્રવૃત્તિઓનો ઉપયોગ કરી લેવો તે તરફ દૃષ્ટિ હોય છે. સ્વાભાવિક રીતે જ બાળકોની સ્વયંસ્ફૂર્તિને સંતોષવાની તક પૂર્વ પ્રાથમીક શાળાઓમાં મળતી હોય છે. કોઈ પણ યોગ્ય રીતે ચલાવાતાં બાલમંદિરમાં સ્વયંસ્ફૂર્તિને સંતોષવા અથવા તે ચિત્રો પાડવાના યોગ્ય સાધનો મૂકયાં હોય છે. એટલું જ નહિ પણ મુકત વ્યવસાય માટે યોજેલી અનેક પ્રવૃત્તિઓમાં પણ ચિત્રકામનો સમાવેશ થાય છે. કાગળ, રંગ, પેન્સિલ, ચોક, પાટીયાં વગેરે સાધનોનો ઉપયોગ કરવો તે બાલ-મંદીરના બાળકોને એક ખુશ ગમે એવી પ્રવૃત્તિ હોય છે. બાળકોએ પાડેલા ચિત્રોનો આપણાથી કઇ રીતે ઉપયોગ થશે આવો પ્રશ્ન ઘણા શિક્ષકોના મનમાં ઉભો થાય છે. આ પ્રશ્નનો ઉત્તર આપી મદદ કરવાની દૃષ્ટિથી નીચેના લેખમાં બાળકોના ચિત્રોનો માનસશાસ્ત્રમાં કઈ રીતે ઉપયોગ થાય છે તે બાબત માહિતી આપી છે.

બાળકોના ચિત્રો અને ચિત્રકલા

આજકાલ બાળકોએ પાડેલાં ચિત્રો તરફ ઘણાનુ ધ્યાન જાય છે. બાળકોના ચિત્રોનું પ્રદર્શન જેવું કરી તેમને ઈનામ આપવામાં આવે છે. આ સમયે બાળકોના ચિત્રો તરફ કલાની દૃષ્ટિથી જોવામાં આવે છે. પૂર્વ પ્રાથમિક શાળાના બાળકો જે ચિત્રો કાઢે છે તે તરફ કલાની દૃષ્ટિથી જોવું શકય નથી તે સહજ સમજી શકાય છે. કલાત્મક કૃતિ નિર્માણ કરવા કંઈ વિશીષ્ટ તત્વનો અભ્યાસ કરવો પડે છે અને તે પૂર્વ પ્રાથમિક શાળાના બાળકોની કક્ષાની બહાર છે. નાના બાળકો સ્વયસ્ફૂર્તિથી ચિત્રો પાડે છે. ચિત્ર પડાવતાં કોઇ એક બાળકનુ નિરીક્ષણ કરીએ તો જણાઈ આવશે કે તે બાળક પોતાનાં કામમાં તલ્લીન બની ગયો છે. હાથમાં જે કામ છે તેનું ધ્યેય શું છે તેની તેને અબર હોતી નથી. પણ ચિત્ર દોરવાનાં આનંદમાં જ તે મગ્ન હોય છે. માનસશાસ્ત્રની દૃષ્ટિથી તેમનાં આ કાર્યનો અભ્યાસ પોતે પેન્સિલ, કાગળ લઈ એક રમત રમતો હોય એવી જ રીતે થાય છે.

બાળકોની સહજ કૃતિઓ જ બોલતી હોય છે. તેમનાં મનમાં ઉદ્‌ભવતાં ભાવનાતરંગો, અથવા તે પર થતાં અદભૂત આઘાતો અથવા ન સમજાતા મનોવિકાસ તેનો અવિષ્કાર બાળકોની અનેક કૃતિઓ દ્વારા થતો હોય છે. ચિત્રો પાડવાં એ પણ એક આજ પ્રકારની આત્મઅવિષ્કારાત્મક કૃતિ કહી શકાય. બાળકે પાડેલાં ચિત્ર તરફ ' આત્મ–અવિષ્કાર'નુ સોધન છે માનીને જોયું હોય તો તે ચિત્રો દ્વારા આપણને બાળકનાં મનમાં ઉદ્‌ભવતાં ભાવનાતરંગો, તેનાં મન પર થતાં સુખમય કે દુઃખદ આઘાતો અથવા તેનાં થતા મનો-વિકાસનો ખ્યાલ આપણાથી કરી શકાય છે.

ચિત્રકૃતિનો વિકાસ

બાલમાનસશાસ્ત્રનાં અભ્યાસકારોએ જુદેજુદે સમયે ને



ઝરણાથી
બનતું
સુગંધિત
તેલ

આપને ત્રિવિધ ફાયદા-ઓની ખાત્રી આપે છે.



૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે,
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે,

આજે જ એક બાટલી ખરીદો અને હમેશના વપરાશનું સર્વોતમ કેશતેલ ઘેરબેઠાં આસાનીથી તૈયાર કરો.....

બધે જ ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ
સુગંધ ઘર
ખાડીયા, અમદાવાદ

સી. નરોત્તમની કું
મંગલદાસ રોડ,
મુબઈ ૨.
ટે. ન. ૩૦૫૭૫

M. P. 8-

જુદેજુદે સ્થળે બાળકોની ચિત્રાકૃતિનો વિકાસ કઈ રીતે થાય છે તેનો ઝીણવટથી અભ્યાસ કર્યો છે. બધાં અભ્યાસકોએ આ વિકાસની નિશ્ચિત અવસ્થાઓ છે એમ ઠેરવ્યું છે. આ અવસ્થા સાધારણ રીતે કેટલાં વર્ષ સુધી નજરે પડે છે:– તે પણ તેમણે જોયું છે. આ અવસ્થા નીચે પ્રમાણે છે. (૧) લીટા કરવો, (૨ થી ૩ વર્ષ) આ લીટામાં ધીમે ધીમે ફેરફાર થતો જાય છે. ધીમે ધીમે તે છૂટી, વર્તુલાકાર અનુકરણાત્મક ને નિશ્ચિત બનતી જાય છે. (૨) રેખાત્મક ચિત્રો. (૪ વર્ષ) આંખની કાર્યક્ષમતા વધવાથી ને કોઈ લીટીઓમાં સામ્યપણું હોવાથી કંઈક અર્થ આવવા લાગે છે. માનવાકૃતિ એ સૌથી ગમતો વિષય હોય છે. વર્તુલ એટલે માથું, તેમાં ટપકાં એટલે આંખો, નાક વગેરે. તેમાં જોડેલી લીટી એટલે હાથ, પગ વગેરે. ચિત્રનો અર્થ ધીમે ધીમે નિર્માણ થતો જાય છે. (૩) ચિન્હ વિકાસ. (૫ થી ૬ વર્ષ) આ સમયે ઉપર વર્ણન કર્યા પ્રમાણે વિશિષ્ટ વસ્તુદર્શક ચિન્હો દરેક બાળકની કૃતિમાં નિશ્ચિત થતાં દેખાય છે અને પોતાનાં દરેક ચિત્રમાં પોતે નક્કી કરેલાં ચિન્હનો ઉપયોગ બાળક કરતું થાય છે. કોઈ વખત એક ચિન્હથી અનેક વસ્તુનો નિર્દેશ કરાય છે. (૪) જ્ઞાનમૂલક ચિત્રકૃતિ (૭ થી ૮ વર્ષ) આ સમયે જોવું દેખાય છે એવું દોરવા કરતાં જેમ હોવું જોઇએ તેમ દોરવાપર વધુ ધ્યાન અપાય છે. માનવાકૃતિમાં મોઢાંના દાંત, પેટમાં ખોરાક, કપડાં નીચે ઢંકાએલી છાતી, ઘરની આકૃતિમાં ઓરડો ને તેની અંદરનો સામાન, માણસો વગેરે વસ્તુઓ બતાવવાનો પ્રયત્ન બાળક કરે છે. સંચિત માહિતી કરતાં કોઈ પણ એક માહિતી બતાવવી તે બાળકનાં ચિત્ર કાઢતી વખતનાં વિશિષ્ટ આકર્ષણ અને મનઃસ્થિતિ પર આધાર રાખે છે. (૫) દૃષ્ટિ વાસ્તવતા (૯ થી ૧૦ વર્ષ) આ સમયે બાળક કોઈ પણ ચિત્ર જેવું દેખાય તેવું કાઢવાનો પ્રયત્ન કરે છે. વસ્તુની પહોળાઈ બે લીંટી કાઢીને બતાવવાથી માંડીને રંગનો ઉપયોગ કરવા સુધી બાળકની પ્રગતિ દેખાય છે. એક વસ્તુની આગળ બીજી આવે તેનો ઝીણવટથી વિચાર કરી ચિત્ર પાડે છે. કુદરતને લગતાં ચિત્રો વધુ પાડે છે. (૬) રેખાકૃતિ અવરોધ. (૧૧ થી ૧૪ વર્ષ) ચિત્ર પાડતી વખતે વાસ્તવતાનો ખ્યાલ હોય છે. (૭) ચિત્રકલાનો ઉદ્‌ભવ. (૧૫ વર્ષ) આ સમયે બહુ થોડાં બાળકો ફરી ચિત્રની પ્રવૃત્તિ કરે છે. અને જે જે ચિત્રો બનાવે છે તેમની કૃતિ કલાત્મક થતી જાય છે.

ઉપર આપેલા સર્વ વિકાસ સાથે આપણો સંબંધ નથી. પણ પહેલી ચાર અવસ્થાનો અનુભવ આપણી પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓનાં બાળકોની સ્વયંસ્ફૂરિત ચિત્રો પરથી દેખાઈ આવે છે. આચાર અવસ્થામાં હજુએ બીજી વાતો માનશાસ્ત્રનાં અભ્યાસકારોને મળી આવી છે. અને તેમાં એક કે બે ગમે તે સ્થળે રહેતાં બાળકોને માણસ, ઘર, ઝાડ, જેવી આકૃતિઓ પાડવી બહુ ગમે છે અને આ આકૃતિઓ દોરવાના વિકાસમાં પણ ઘણું સરખાપણું જણાય છે.


ચિત્રકૃતિ અને બુદ્ધિમાપન

ચિત્રકૃતિ વિકાસનો આટલી ઝીણવટથી અભ્યાસ કર્યા



સર્વત્ર મળે છે, ટે. નં. ૩૮૨૨૨૧

તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે. બાળકોની તંદુરસ્તી માટે તેમને હમેશા સંતોષ કુકરમાં બનાવેલ પૌષ્ટીક રસોઈ ખવરાવો



મુસાફરીનો મિત્ર

સંતોષ કુકર બળતણ વખત, પૈસાને મહેનત બચાવે છે. **સંતોષ** કુકર કું. ૧૧૮ ન્યુ ચર્ની રોડ, મુંબઈ–૪.

પછી સ્વાભાવિક તેનો બાળકોનાં બુદ્ધિવિકાસ સાથે સંબંધ હશે તેનો ખ્યાલ માનસશાસ્ત્રનાં અભ્યાસીઓને થયો અને બાળકોની ચિત્રકૃતિ પરથી તેમનું બુદ્ધિમાપન કરવાને પ્રયત્ન થયો. ડૉ. ફ્લોરેન્સ ગુડઈનફ (Dr. Florence Good-enough) નામની અમેરીકન સ્ત્રીએ બાળકોએ દોરેલી માનવાકૃતિ ને આધારે એક ગુણમાપન તૈયાર કર્યું છે. ડૉ. ગુડઈનફનાં કામને આધારે મેં એક ગુણમાપન તૈયાર કર્યું છે. આ ગુણમાપન તૈયાર કરવા પાછળનો હેતુ એ હતો કે તે આપણાં બાળકો માટે યોગ્ય થાય. આ ગુણમાપન કઈ રીતે વાપરવું તે માટે એક અંગ્રેજીમાં પત્રિકા પ્રસિદ્ધ કરી છે.


ચિત્રકૃતિ અને બાળકોનું આકર્ષણ

ચિત્રકૃતિ સ્વયંસ્ફૂરિત કૃતિ હોવાથી તેનો ઉપયોગ અવિષ્કારનાં માધ્યમ તરીકે કરવો તે સ્વભાવિક છે. સાધારણ રીતે બાળકોને ચિત્ર પાડવા કહ્યું હોય તો તેમને જે વસ્તુ કે આકૃતિનું આકર્ષણ તે સમયે થતુ હશે તે જ બાબતનું કે તે જ આકૃતિનું ચિત્ર તે પાડશે. એટલે કે બાળકનાં ચિત્રમાંથી તેને આકર્ષણ થતા પ્રસંગ કે વસ્તુ જોવા મળે છે. આ પ્રકારનાં ચિત્રો દ્વારા શિક્ષક બાલમાનસ સમજી શકે છે.

ચિત્રકૃતિ અને રંગજ્ઞાનનો વિકાસ

ચિત્ર અને રંગને નિકટનો સંબંધ હોય છે. બાળકોની ચિત્રકૃતિ તે એક કલા નહિ હોય છતાં તેમાં રંગને બહુ મહત્વ મળે છે. બાળકો જેમ જેમ મોટાં થાય છે તેમ તેમ તેમનાં રંગની પસંદગી બદલાતી જાય છે. રંગની પસંદગીમા થતા ફેરફારો તેમની ચિત્રકૃતિ દ્વારા સહજ જણાઈ આવે છે.

રંગની બાબતમાં થતો જ્ઞાનવિકાસ પણ બાળકોનાં ચિત્રોમાં પગલે પગલે દેખાઈ આવે છે. પહેલાં બાળકોનાં ચિત્રોમાં વસ્તુ ને રંગનો મેળ મળતો નથી. ઝાડ પાડતી વખતે તેનાં પાંદડાંનો લીલો રંગ હમેશ જોતાં હોવાં છતાં પહેલાં તો બાળકો લાલ, પીળો ભૂરો એમને ગમે તેવો રંગ આપે છે. ધીમે ધીમે વસ્તુ અને તેના રંગનો મનમાં નિશ્ચિત ખ્યાલ આવે છે, રંગ રંગમાં ફરક પારખી શકાય છે અને તેનું પરિણામ ચિત્રો પર દેખાય છે.



ચિત્રકૃતિ અને મનોવિશ્લેષણ

બાળકોની ચિત્રકૃતિનો શાસ્ત્રીય અભ્યાસ માનશશાસ્ત્રીઓ બીજી રીતે પણ કરે છે. ચિત્રકૃતિ એ બાલમાનસની અંતઃપ્રેરણા વ્યકત કરે છે. મનમાં ને મનમાં રહેલી અનિષ્ટ ભાવના, ઈચ્છા, આકાંક્ષાઓ અવિષ્કાર માટે તૈયાર હોય છે. સામાન્ય વ્યવહરમાં તેનો અવિષ્કાર કરી શકાતો નથી. ચિત્રકૃતિ એ એક પ્રકારની ભાષા છે. આ ભાષા નિશ્ચિત સ્વરૂપની નથી તે દરેક વ્યકિતઅનુસાર ને સ્થલકાલાનુસાર જુદી જુદી જ હોય છે. કોઈ બાળકનાં અંતર્મનની ભાવના બહાર કાઢવા તેની ચિત્રકૃતિનો અમુક જ રીતે ઉપયોગ કરવો પડે છે. અહિ સ્વય પ્રેરણાથી કાઢેલી એક જ ચિત્રકૃતિ બહુ કામ લાગતી નથી પણ સ્વય પ્રેરણાથી પાડેલી અને ખાસ સૂચનાનુસાર પાડેલાં અનેક ચિત્રો જોઈ તેમાં ફરી ફરી ઉદ્‌ભવતી આકૃતિ કે રચના દ્વારા બાલમન સમજવાનો પ્રયત્ન થાય છે. દા. ત. બાળકોને ઘર ઝાડ કે માણુસનુ ચિત્ર પાડવા કહી તેમાં જે વસ્તુને મહત્વ આપ્યુ છે તે પરથી કે વિશિષ્ટ સ્થાન મળ્યુ છે તે પરથી બાળકની ભાવનાસબધી અનુમાન કરી શકાય છે. આ અનુમાન કેમ કરવું અને તેનો ઉપયોગ બાળકનાં માનસીક અભ્યાસમાં કઈ રીતે કરવો તે ખાસ શીખવુ પડે છે.

ચિત્રદ્વારા બાલમાનસનો અભ્યાસકે વિશ્લેષણ કરવાની ઉપર બતાવેલી પદ્ધતિનું સ્વરૂપ વ્યકિતગત છે અને તેનો ઉપયોગ વિકૃત બાળકો પર વધુ થાય છે.

ચિત્રકૃતિ અને બાલપરિચય

ચિત્રકૃતિ આકર્ષક પ્રવૃત્તિ હોવાથી શિક્ષકોને પણ તેનો ઉપયોગ કરવાનું સહેલું પડે છે. ઘણું ખરૂં શાળામાં સૌથી પહેલાં બાળક આવે છે ત્યારે અચકાતું હોય છે. ઘણીવાર તો શાળામાં હમેશ આવનારૂં બાળક પણ શિક્ષકથી દૂર જ રહે છે. આવાં બાળકોને બોલતાં કરી ભાષાદ્વારા સબધ ઉભો કરવો શિક્ષકને અઘરો પડે છે. આવે સમયે ચિત્રકૃતિની પ્રવૃત્તિથી શરૂઆત કરી બાળકોને તેમાં તલ્લીન થવા દઈ ધીમે ધીમે બોલતાં કરી શકાય છે. અને આવે વખતે શિક્ષક અને બાળક પોતપોતે એક એક ચિત્ર પાડી તેનુ નામ અથવા માહિતી આપવાની રમત શરૂ કરે તો તે બહુ ફાયદાકારક થાય.

સમારોપ

બાળકના ચિત્રનો ઉપયોગ માનસશાસ્ત્રનાં અભ્યાસકો બાલમાનસ સમજવા કઇ રીતે કરી લે છે તે માટેની જે માહિતિ આપી છે તે પરથી આપણને સહેજ સમજાશે કે બાળકનાં ચિત્રનો ઉપયોગ બાળકનું મન સમજવાનાં એક સાધન તરીકે થાય છે. બાળકનાં ચિત્ર પરથી તેનુ બુદ્ધીમાપન કે મનોવિશ્લેપણ કરી શકાય છે. ચિત્રકૃતિ પરથી બાળકનો વિકાસ અને તે સમયની મનઃસ્થિતીનો ખ્યાલ આવી શકે છે. તેજ પ્રમાણે ચિત્રકૃતિનો ઉપયોગ બાળકની ઓળખાણ કરી તેમાં વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે થાય છે. પરંતુ આમાંથી કોઈ પણ પ્રકાર દ્વારા ચિત્રનો ઉપયોગ કરવા માટે શિક્ષકને અભ્યાસને સાધના કરવાની આવશ્યકતા રહે છે.

સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉ-તેજન આપો



પૂર્વ પ્રાથમિક ભૂમિતી

લેખાંક આઠમો : (છેલ્લો) ભૂમિતિ અને બીજ ગણીત

સાદા ગણિતમાં આપણે સંખ્યા અથવા રાશી અંકમાં દર્શાવિએ છીએ. ૧, ૫, ૯ વગેરે વિશિષ્ટ અંકોથી દર્શાવેલી સંખ્યા અથવા રાશી ભૂમિતીમાં રેખાની લંબાઇના પરિમાણથી દર્શાવાય છે. ધન અને ઋણ સંખ્યા વિરૂદ્ધ દિશાનો ઉપયોગ કરીને બતાવાય છે, તે જ પ્રમાણે અંકના ઘાત ક્ષેત્રાકૃતીમાં અને ઘનાકૃતિમાં બતાવવામાં આવે છે. ભૂમિતિની રાશી આ પ્રમાણે અમૂર્ત હોવાથી ગણિતનો વિષય સમજવા માટે ભૂમિતિનો ઉપયોગ કરી શકાય છે.

અંકગણિતના કરતા બીજગણિત વધારે અમૂર્ત હોવાથી અંકગણિત કરતા બીજગણિતના વિકાસ માટે ભૂમિતિનો ખૂબ ઉપયોગ થાય છે. ભાસ્કરાચાર્યની વ્યાખ્યા પ્રમાણે "બીજ પ્રતિર્વિવિધ વર્ણ —સહાયનીહિ" વિવિધ વર્ણ મદદથી કરેલો વિચાર એ જ બીજ. આ અર્થમાં અંકગણિત બીજગણિત અથવા ભૂમિતિ આ ત્રણે વિચાર–શાસ્ત્રના એટલે તર્કશાસ્ત્રના વિભાગના ગણાય. અંકગણત્રીદ્વારા અંકગણીતમાં રેષા, ક્ષેત્ર અને અવકાશ અથવા પરિણામની ગણત્રીદ્વારા ભૂમિતિમાં અને અક્ષરની મદદથી બીજગણીતમાં મનુષ્યની તર્કશકિતનો વિકાસ કરી શકાય છે. સારાંશ તર્કશકિતનો વિકાસ એ ગણિત શીક્ષણનો મૂળ પાયો છે.

અત્યાર સુધીના લેખમાં મેં અંકગણિત અને ભૂમિતિ એ અંગે પૂર્વપ્રાથમીક શાળામા શું કરી શકાય એનું સૂચન કર્યું છે. આજના લેખમા અંકગણિત અને ભૂમિતિની સાથેસાથ બીજગણિતનો પાયો કેવી રીતે નાખી શકાય તે કહેવાનો વિચાર છે.

અંકોને મૂર્તસ્વરૂપ આપવા માટે મેડમ મોન્ટેસોરીએ ગણિત શિક્ષણમાં ભૂમિતિનો ઉપયોગ કર્યો છે, બાળકોને મૂર્ત સ્વરૂપ આપવા માટે લાંબી સીડીનો એટલે લંબાઈની રેષાનો ઉપયોગ, મૂળાંકોના વર્ગોને મૂર્તસ્વરૂપ આપવા માટે ચોરસનો ઉપયોગ અને મૂળાંકોનો ત્રિઘાત દર્શાવવા માટે ઘનનો ઉપયોગ તદ્દન શરૂઆતથી જ કરવામાં આવે છે. અંકગણિત શિક્ષણમા લાંબી સીડીનું રૂપાંતર પટ્ટાવાળી સીડીમા થયું; તે જ પ્રમાણે પહોળી સીડી અને મિનારાનું રૂપાંતર મોતીના અથવા લાકડાના ચોરસમાં અને ઘનમાં (દશમાન સાધન) થયું.

વત્તા (+) સપાંકાર અને બાદ (–) સપાંકારની રમતમાં ધન રાશી જમણીબાજુ આગળ ગણતા જવી અને ઋણ રાશી પાછળ ડાબી બાજુ ગણતા જવી એ સચવ્યું છે.

બીજ ગણિતની સપાંકારની રમત :

આને માટે મોતીના સાધનને બદલે મે એક લાકડાની પટ્ટીનું સાધન કરી લીધું હતું. આ સાધનમાં 'અ' 'બ' 'ક' 'ય' 'ક્ષ' એમ જુદી જુદી લંબાઇની પટ્ટીઓના (સ્ટ્રીપ બોર્ડ જેવી) પાંચ પાંચ સેટસ બનાવ્યા હતા. દરેક પટ્ટી ઉપર 'અ' 'બ' 'ક' એમ સ્પષ્ટ અક્ષરોમાં નામ લખ્યા હતા. ધન રાશી બનાવવા માટે ધન પટ્ટીને કાળો રંગ આપ્યો હતો. પટ્ટીને સફેદ રંગ આપ્યો હતો. આ સાધનની સાથેસાથ બીજ ગણિતનો એક એક દાખલો ૨॥" × ૫" ના કાર્ડ ઉપર લખેલા એવા અનેક દાખલાઓ યોજેલા હતા.

દાખલાના કાર્ડનો નમૂનો

બીજ ગણિત. સપાંકારની રમત. દાખલો ૭ મો.

૩ અ + ૪ બ + ૨ ક – ૨ અ – ક – ૨ બ – ક – અ

દરેક કાર્ડની પાછળ દાખલાનો જવાબ લાલ શાહીથી

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....

કેશોલી

* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળપ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે.

લોભા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :

એમ. એમ. ખંભાતવાળા

રાયપુર. અમદાવાદ.

o

: એજન્ટસ :

સી. નરોત્તમ એન્ડ કું.

મંગલદાસ રોડ, મુંબઈ–૨

ટે. નં. ૩૦૫૭૫ M. P. S.

લખેલો હોય છે. સટમાનો ઉપર પ્રમાણે કાર્ડ લઈને બાળકો યોગ્ય પટ્ટીની પસંદગી કરીને, સર્પાકાર ગોઠવશે. પછી સફેદ અને કાળી પટ્ટીઓ, એકબીજામાંથી બાદ કરીને, જે પટ્ટી છેવટે રહે તે જવાબ આગળ ઉપર આ દાખલાઓ ચોપડીના પાના પર કેમ લખવા તે બતાવવું. તેમાં સમાન રાશિ પાસે લાવીને દાખલાની ફરીથી ગોઠવણી કેવી રીતે કરવી. તે સુચવ્યું છે.

૩ અ – ૨ અ – અ + ૪ બ – ૨ બ + ૨ ક – ક

૩ અ – ૩ અ + ૨ ક – ૨ ક + ૪ બ – ૨ બ = ૨ બ.

આવા અનેક દાખલા બાળકો સાપ ગોઠવીને બનાવે છે.

બાળકની વય ૫॥ વર્ષ હતી. બીજગણિતના વિકાસની દૃષ્ટિથી સર્પાકારની રમતમાં પ્રત્યેક અંકની મોતીની સળીમાંથી ચોરસ બનાવવું. એનો ઘન કરવો વગેરે રમતોનો સારો ઉપયોગ થાય છે. સાડાત્રણ ચાર વર્ષની વય બીજગણિતના આગળના વિકાસમાં ઉપયોગી થાય. તેથી દ્વિપટ્ટી અને ત્રિપટ્ટી વર્ગ અને ઘનના સાધનો એકત્ર મોન્ટેસોરીએ યોજ્યા છે.

સ્ટુડીઓ
વેન્ગાર્ડ

મુંબઈ છે ભારતનું દ્વાર,
વિચરંગી છે નર ને નાર!
મુંબઇનો સ્ટુડીયો વેન્ગાર્ડ,
છબીઓનો એ છે સમ્રાટ!
ફોટામાં ફુલડાંની બહાર,
રૂપ રૂપની છે અંબાર!
અદ્‌ભુતરંગી એન્લાર્જમેન્ટ,
દિલડાંનું એ ડિપાર્ટમેન્ટ!
પેઇન્ટિંગમાં છે પ્રફુલ્લતા,
જોનારાનાં દિલ ડોલતાં!
ફ્રેમોની છે ફાંકડી ટીમ,
ફોટાની એ છે રીમઝીમ!

.....★ ફોટોગ્રાફી ★ પેઇન્ટીંગ .....
★ એન્લાર્જમેંટ ★ ફ્રેમીંગ

વેન્ગાર્ડ સ્ટુડીયો
ઉલ્હાસ બાઝાર પોસ્ટ સામે મુંબઈ

દ્વિપટ્ટી ત્રિપટ્ટી નો વર્ગ અને ઘન:—

આ સાધનો ૩॥ વર્ષથી બાળકને રમવા આપી શકાય એવા છે. પરંતુ ખૂબ જ થોડાં બાલમંદિરમાં એ રાખેલાં હોય છે. બાળકોને તે કોયડા–રૂપ લાગવાથી અનેકવાર તે રમવામાં મઝા લાગે છે. આ સાધનોમાં દ્વિપટ્ટી, ત્રિપટ્ટીના વર્ગોનુ સાધન બજારમાં મળતું નથી. ઉત્સાહી શિક્ષકે, તે પોતાના સુધાર પાસેથી બનાવી લેવું.

દ્વીપદી તથા ત્રીપદી વર્ગોનું સાધન :—


દ્વીપદી એટલે બે પદ, અને બે બીજ, સાધન તૈયાર કરવા માટે હાર્ડ બોર્ડમાંથી ૨″×૨″, ૪″×૪″, અને ૨″×૪″, બે એવાં કટકા કાપી લો. આ બધાં ટૂકડા ૬″×૬″ની ચોરસ ટ્રેમાં બેસાડી ૨″×૨″ ના ટુકડાને પીળો, ૪×૪″ લાલ, અને ૨×૪″ ના ટુકડાંને ભુરો રંગ કરવો. ત્રિપટ્ટીનું સાધન આ જ પ્રમાણે તૈયાર કરાવવું. તેમાં ૨×૨″; ૩×૩″, ૨×૩″ એમ અનુક્રમે, પીળા. ભુરા ને લાલ ચોરસ તૈયાર કરી લેવાં પછી ૪×૨″ બે ટૂકડાં. ૪×૩″ બે ટૂકડા અને ૨×૩″ ના બે ટુકડા કાપી લેવાં. આ બધાં ટુકડા ૯×૯″ ની ચોરસ ટ્રેમાં બેસાડવાં.

સાધનની રજુઆત :

સૌથી પહેલાં 'સૌથી મોટા ક્ષેત્રનો ટુકડો ઉચકીને ટ્રેમાં એક ખુણામાં ગોઠવવો. પછી ક્રમશઃ નાના આકારના ટુકડા શોધીને કેવી રીતે ગોઠવવા એ બાળકને બતાવવું. આવી રીતે થોડા દિવસ સાધનનો ઉપયોગ થયાં પછી, પહેલાં રમેલાં સર્પાકારની 'અ' પટ્ટી અને 'બ' પટ્ટી લાવીને, આ કટકાને નામો કેવી રીતે આપવા તે બતાવવું. તેને માટે પહેલાં મોટા ચોરસ ઉંચકીને તેની એક બાજુ 'અ' પટ્ટીના જેવડી છે. બીજી બાજુ પણ 'અ' જેટલી જ છે. તેથી આને 'અ' નું 'ચોરસ' અથવા અ નો 'વર્ગ' કહેવાય. એ જ પ્રમાણે 'બ' નો વર્ગ. અને અ, બ' દર્શાવનારા કટકા બતાવવા, ને પછી આ કટકાના નામો બાળકો જાતે ઓળખે. એ પ્રમાણે કટકા બતાવીને નામો પૂછવા.

લેખનની અવસ્થામાં આ કટકા ઉપરથી, દાખલો લખી બતાવવો.

$(અ + બ)^{૨} = અ^{૨} + ૨ અ બ + બ^{૨}$



વહાલાં બાલમિત્રો,

તમારે બધાંને રજાઓ પડી હશે. રજા એટલે જાતજાતની રમતો રમવાનો વખત. જાતજાતના શોખ કેળવવાનો વખત. કોઈ વાતોઓ વાંચે તો કોઈ વળી બાગકામ કરે. કોઈ ટિકિટો ભેગી કરે તો કોઈ સફાઈકામ કરે.

આ વખતે આપણે આપણા આ બાલવિભાગમાં એક નવી વસ્તુ દાખલ કરીએ છીએ, એ વસ્તુ તમને બધાંને બહુ ગમી જશે. આ વસ્તુ છે શિક્ષણ-પત્રિકાનો 'બાલસંઘ' તમે બધાં આ પાનાં તો વાંચો છો જ. આપણે બધાં વાંચનાર મિત્રોની એક મંડળી બનાવીએ તો સારું, એવો ઘણા મિત્રોનો વિચાર છે. આ રજાઓના ગાળામાં એમના આ વિચારને અમે ઉપાડી લીધો છે અને આ વેળાથી એક 'બાલસંઘ'નું ખાનું રાખ્યું છે. દરેક વાંચક મિત્રે આ ખાનું ભરી અમને ટપાલથી મોકલી આપવાનું છે. અમને એ મળશે કે તરત જ બીજા બાલવિભાગમાં એ બાલમિત્રનું નામ છાપીશું.

અમને ખાત્રી છે કે જેમ બધાં અવારનવાર નવા વિભાગો વિષે પત્રો લખો છો કે માબાપ કે મોટાં ભાઈબહેન પાસે લખાવો છો, તેમ આ વેળાએ પણ કરશો.

ચાલો દોસ્તો હવે તમે બધાં વાંચવા માંડો.

તમારા જ દોસ્તો,
રમેશ ઠાકોરી
હેમન્ત ભટ્ટ

પૂછો અમને ઉખાણાં.....

ના મોં ના કંઈ કંઠ છે,
તોય સુરીલ અવાજ,
નાનું પણ મોંઘું ઘણું,
નહિ ગાયક, નહિ સાજ !
તાર તણાં કંઈ દોરડાં;
ચાવી કંઈ બે ચાર,
ચાંપ દબાવો સાંભળે,
લોકો લાખ હજાર !

(ઉત્તર)

કોટ નહિ !
કોટ નહિ !
કોટ નહિ !
કોટ નહિ !
પણ બધાં એની વાત કરે !
બે અક્ષરનો શબ્દ ધમાલ મચાવે !
એને લીધે બધે દોડા દોડ થાય !

બોલો શું ?

(કોયડો)

પૈ નહિ, પૈસો નહિ,
આનો નહિ બે આની !
છતાં સૌએ માંગે એને,
બતાવ્યો જેણે પાણી !

(ઉત્તર)

છૂ ! છૂ ! છૂમંતર !
દેખો જંતર મંતર !
બંદર બેટા બંદર !
બતાવ જાદુમંતર !
આડેતીન પંદર !
બેઠો બેટા અંદર !

જાઓ બોરીબંદર !
છૂ ! છૂ ! છૂમંતર !
આવું બોલે નર કોણ !
રાખે અજગર કોણ ?

(કોયડો)

લાંબી દાઢી, મૂછજી !
ધોળી ધોળી મૂછજી !
માથે નહિ બાલજી !
મનની મોટી ટાલજી !
વાર્તા કે' ટચૂકડી જી !
રમાડે સંતાકૂકડી જી !
પેટ ભરીને હસાવેજી !
કોઈ દિવસ રડાવેજી !
બાપુજીના બાપુજી કોણ
સદા રહે એ રાજી કોણ


(કોયડો)

પાણી ! પાણી ! પાણી !
જ્યાં જુઓ ત્યાં પાણી !
પૂર્વ, પશ્ચિમ પાણી !
ઉત્તર દક્ષિણ પાણી !
ખારાં ખારાં પાણી !
લીલાં લીલાં પાણી !
દુનિયા પોણીમાં આ પાણી !
પાણી ! પાણી ! પાણી !
આવાં પાણી વાળી કોણ
તોફાની એ રાણી કોણ !

(ઉત્તર) !

—મધુ કોઠારી

ખરી મહેનતનાં ફૂલ



એક નાનું ગામ. ગામમાં એક નિશાળ. નિશાળમાં ઘણાં છોકરાં ભણે.

મનુ, મોહનને મહન, માયા માલતી અને મણી. એ બધાંની એક નાનકડી મંડળી. મંડળી બધાં કામ કરવામાં હોશિયાર.

આ મંડળી રમત રમવામાં તો મોખરે જ રહે. સફાઈ કરવામાં તો મોખરે જ રહે અને ભણવામાં પણ મોખરે.

એ બધાં છોકરાંઓના વર્ગમાં એક વાર એક નવો વિદ્યાર્થી આવ્યો. એ તો ગામના જમીનદારનો. એને મૂકવા બે ઘોડાની ગાડી આવે. રમતે રમતાં એને ખાસ માણસ શીખવે. ભણાવવા એને ઘેર બે બે શિક્ષક જાય. એને થોડું આવડે પણ તોય નંબર પહેલો ! જમીનદારનો છોકરો એટલે એને સફાઈ કરવાની જ નહિ. એ કોઈ છોકરાં સાથે બોલે જ નહિ. શાળામાં એને કોઈ કાંઈ કહે જ નહિ. રમતમાં એ બીજો આવે તોય ઇનામ અપાવવા બધાં એને જ પહેલો નંબર આપે.

મહન અને મનુને આ વાત ખૂબ સાલે. એમણે તો પોતાની મંડળી ભેગી કરી અને વાત રજૂ કરી; આપણે ગમે તેમ કરીએ, ને આ અન્યાય મટાડીએ, બધાંએ સારું કામ કરવાનું બીડું ઉઠાવ્યું. ખૂબ કામ કરે પણ પેલો છોકરો જ પહેલો. આમ તે કેમ ચાલે ?

એટલામાં શાળામાંથી બધાં છોકરાંઓ પાસેના શહેરના પ્રવાસે ગયાં. શહેરમાં સરસ બાગ. શિક્ષકે કહ્યું; 'ચાલો છોકરાં, આપણે ઘરે જઈને શાળા પાસે બાગ કરીશું, જે મંડળીનાં સૌથી મોટાં ફૂલ થશે, એને

હું ઇનામ આપીશ. બધાંને આ વાત ગમી. મંડળી તો ગામડે પાછી ગઇ.

બાગકામ માટે બે બે જણની ટુકડી પડી. મણી અને મનુ, માલતી અને મોહન, અને મદન ને માયા. રહી ગયો જમીનદારનો છોકરો જુગલ. જુગલે પોતાની સાથે પોતાનો માળી લીધો, માળી તો બાગકામનો ખૂબ અનુભવી.

ક્યારા ખોદાયા. ખાતર નંખાયાં બી વવાયાં. જુગલના બાપે એને માટે ખાસ વિલાયતી બી મંગાવ્યાં. ખાસ વિલાયતી ખાતર મંગાવ્યાં, ને પાણી માટે વિલાયતી સંચા બેસાડ્યા.

છોકરાંઓએ તો હાથે ક્યારા ખોદ્યા. આજુબાજુથી બી ભેગાં કરી લાવ્યાં. હાથે ખાતર ખોદી લાવ્યાં. બધાં છોકરાંના બાગ થવા માંડ્યા. જુગલે પોતાનો બાગ માળીને સોંપ્યો, માળી તો બે ત્રણ કલાક કામ કરી સુઇ જાય. છોકરાંઓ રાત દિવસ મહેનત કરે. માળીનાં ફૂલ બીજે ત્યાર પહેલાં છોકરાંઓના બાગમાં કળીઓ આવી. રાત્રે બધાં ઘરે જાય ત્યારે માળી કળીઓ ચૂંટી કાઢે. તોય સવાર પડતાં નવી કળી ફૂટે. એક રાત્રે માળીએ સમૂળગા છોડ ઉખેડી નાખ્યા. પણ એક ક્યારામાં એક નાનકડો સૂરજમુખીનો છોડ રહી ગયો.

એ ક્યારો મદન ને માયાનો હતો. સવારે બધાં છોકરાં આવ્યાં. એ તો ક્યારાઓને વેર વિખેર જોઇને હેબતાઇ ગયાં. જુગલના સાથીદારો હસ્યા. મદનને માયાની મંડળીનાં માણસો ભેગાં થયાં. એમણે ક્યારા પર પહેરો ભરવાનું નક્કી કર્યું. મદનને માયાએ ખૂબ મહેનત કરી, રોજ નિયમિત પાણી પાય. બપોર પડે છોડ પર છાંયો કરી આપે. મંડળી રાત દિવસ ચોકી કરે.

જુગલનાં વિલાયતી ફૂલ તો સાવ નાનાં થયાં. પણ મદનને માયાના ક્યારામાં આંખ આંજી દે એવા છોડ નીકળ્યા. છોડ પર કળીઓ બેઠી.

જુગલનો ભાડૂતી માણસ મહેનત કરે પણ મદન માયાની મહેનતની સરખામણીમાં એનો પત્તો ન ખાય.

આખરે એમનાં ફૂલ નીકળ્યા. સૂરજમુખીનાં ફૂલ તો ખાસ્સાં મોટાં સોનાની થાળી જેવાં.

આખા ગામે સૂરજમુખીના ફૂલનાં વખાણ કર્યાં. બધાંએ એક કંઠે કહ્યું કે 'મદન માયાંનાં ફૂલ' જુગલનાં ફૂલ કરતાં ઘણાં મોટાં છે.

ખરી મહેનતનાં મોટાં ફૂલ.

—કુ. ગુલ નીમચવાલા

અજબ ગજબ વાતો.....

આ રહી વાતો ! પણ આવી વાતો સાંભળી નહિ હોય હોં ! એકે એક વાત ખૂબ મજાની છે !

દૂધિયું ઝાડ !

આ વળી શું ? દૂધિયું ઝાડ ! દૂધિયું ઝાડ એટલે દૂધ આપે તેવું ઝાડ ! ઝાડતો વળી દૂધ આપતું હશે ? એતો અજબ કહેવાય ! હા ભાઈ હા, ઉત્તર અને મધ્ય અમેરિકામાં આવાં દૂધિયાં ઝાડ થાય છે. આવાં ઝાડને સીધી અને વાંકી વળેલી ડાળીઓ હોય છે. લંબગોળ પાંદડાં પણ ખરાં.

ઝાડમાંથી દૂધ મેળવવા ડાળી ઉપર ઘણી જગ્યાએ કાપા પાડવામાં આવે છે. ડાળી ને વાસણ આગળ નમાવવામાં આવે છે, થોડીવારે આખું વાસણ દૂધથી ભરાઇ જાય છે. દૂધ પણ કેવું, મધમધતું ! તાજા ગાયના દૂધ જેવું ! પણ પ્રાણીઓ આ દૂધને સૂંઘે પણ નહિ ! અરે દૂધખાઉ મીનીમાસી પણ નહિ !

પક્ષીઓની ઊંઘ

પક્ષીઓ કેવી રીતે ઊંઘતાં હશે ? આના વિષે કોઇ દિવસ તમે વિચાર કર્યો છે કે ? તે કંઇ આપણી માફક પથારીમાં ઊંઘતાં નથી. એતો ડાળી ઉપર બેસીને જ ઊંઘે. હા, પણ ઊંઘતી વખતે ઝોકું આવે તો તો ડાળી ઉપરથી પડી જવાય ! પણ આ વાત જાણવા જેવી છે. જ્યારે તેઓ ડાળી ઉપર ઊંઘે છે, ત્યારે તેમના પગ ડાળી સાથે એટલા સજ્જડ ચોંટી જાય છે કે મહામહેનતે જ ઉખડે. અરે ! પક્ષીઓને ઉડવું હોય તો પણ ખૂબ પ્રયત્ન કરી, પગ છૂટા કરીને જ ઉડી શકાય ! આથી ઊંઘતી વખતે એ કદી ગબડી પડતાં નથી !

પ્રાણીઓનું આયુષ્ય !

તમને થોડાં પ્રાણીઓનાં આયુષ્યની ખબર છે ? ત્યારે સૌથી લાંબું આયુષ્ય કોનું ? આની કદાચ તમને ખબર નહિ હોય ! સૌથી લાંબુ આયુષ્ય કાચબાકાકાનું ! ને બીજો નંબર મગર ભાઈનો ! જુદાં જુદાં પ્રાણીઓનાં આયુષ્ય આ રહ્યાં:—

નામ	વર્ષ	નામ	વર્ષ
સસલું	— ૫	ઘોડો	— ૩૦
ઘેટું	— ૧૨	ઊંટ	— ૪૦
મીનીમાસી	— ૧૩	સિંહ	— ૪૦
કૂતરો	— ૧૫	વહેલ	— ૧૦૦
ગાય	— ૨૫	હાથી	— ૧૦૦
ડુક્કર	— ૨૫	મગર	— ૩૦૦
		કાચબા કાકા	૪૦૦

ચા ! ચા ! ચા !

ચાની વાત આવી કે મોંમાં પાણી આવી જાય ! હા, પણ ચાના ઇતિહાસની તમને ખબર છે ? ચા સૌથી પહેલી આસામમાં ૧૭૮૮માં શોધાઈ ! ૧૮૩૦ પહેલાં તો ચા કેવી ને વાત કેવી ! ૧૮૩૯-માં એક પાઉન્ડ ચા લન્ડન મોકલાઈ. અને ત્યાર પછી તો ચાનો વપરાશ ખૂબ વધ્યો. આસામમાં થતી ચા ખૂબ વેચાવા લાગી ! અને એક પાઉન્ડ ચાને બદલે ૬૦૦૦ પાઉન્ડ ચા લન્ડન મોકલાવા માંડી ! આજે પણ ભારતમાં ચાનો ઉદ્યોગ ખૂબ સારો ચાલે છે. વરસે દિવસે ભારત ૬૦૦ હજાર પાઉન્ડ ચા તૈયાર કરે છે. આટલું ઉત્પાદન દુનિયામાં થતાં ચાના ઉત્પાદનનું લગભગ અડધું છે !

ગધેડાએ દયા માગી.

એક હતો ગધેડો. ગધેડાનો પગ ફૂલેલો. ફૂલેલો પગ લઇને ગધેડો બધે ફરે. ગામમાં ફરે અને ગામની ભાગોળે ફરે. બધાંને એ દુઃખની વાત કરતો ફરે. કોઇ એને હાથ ફેરવે તો કોઇ એને ઘાસ ધરે. ફરતાં ફરતાં એ ખેતર તરફ નીકળ્યો. સામેથી મળ્યું વરુ. વરુ તો બહુ લુચ્ચું, પણ બિચારા ગધેડાએ હંમેશા મુજબ પોતાના દુઃખની વાત વરુને કહી; "વરુભાઇ વરુભાઇ જુઓને મારો પગ ફૂલ્યો. મને તો એમાં કાંટો વાગ્યો. બહુ દુઃખ થાય છે. શું કરું." એટલે વરુ બોલ્યું; "ઉભો રે ભાઈ. જેને દુઃખ થતું હોય તેના દુઃખનો છેડો લાવવો જોઇએ." વરુ આમ બોલી બિચારા ગધેડા પર તૂટી પડ્યું અને ગધેડાને પૂરો કર્યો.

જેનામાં દયા ન હોય તેની પાસેથી દયા માગવાથી શો ફાયદો ?

બગલો હંસ બનવા ગયો

સરોવરનો એક કાંઠો. લીલાંછમ ઘાસથી ભરેલો. એ પર એક બગલો રહે. બગલો રોજ માછલી પકડે ને મઝા કરે. એક દિવસ એ જ સરોવરમાં ઉડતું ઉડતું એક હંસોનું ટોળું આવીને બેઠું. હંસો સફેદ સફેદ સરસ રુપાળી ડોકવાળા. બધાં પંખીઓ એમનાં જ વખાણ કરે.

બગલો તો હંસલાના વખાણ સાંભળીને બળી જાય. જ્યારે હંસો ઉડી ગયા ત્યારે બગલાએ વિચાર કર્યો, જો હંસો સફેદ છે તો હું પણ સફેદ છું. જો હંસોની ડોક વાંકી છે તો મારી પણ ડોક વાંકી છે. તો હંસોની જેમ કેમ ન તરું. બધાં પંખીઓ મારાં વખાણ કેમ ન કરે. એમ કરીને ઉંડા પાણીમાં તરવા પડ્યો. બગલાને કંઈ હંસની જેમ તરતાં આવડે ? એ તો બિચારો તરફડિયાં મારીને ડૂબી મર્યો.

આપણને જે આવડતું ન હોય તે આવડે છે એવો ઢોંગ ન કરીએ.

—હેમન્ત ભટ્ટ

સોરઠા અને દુહાની વાનગી

આમ કરનારને ઘેર વૈદ્ય જતો નથી.

દાંતે લૂણ જે વાપરે,
કવળે ઊણું ખાય,
ડાબું પડખું દાબી સુએ,
તે ઘેર વૈદ્ય ન જાય.

ઓછી દાતણ જે કરે,
નરણાં હરડે ખાય.
દૂધે વાળુ જે કરે,
તે ઘેર વદ્ય ન જાય.

ભોંય પથારી જે કરે,
હોઢી ઠેબર ખાય.
તુંબે પાણી જે પીએ,
તે ઘેર વૈદ્ય ન જાય.

પણ માંદા પડવું છે ?

શ્રાવણની કાકડી,
ને ભાદરવાની છાશ;
તાવ સંદેશો મોકલે,
આજ આવું કે કાલ ?

(સાચું ખોટું ડાકતરને પૂછજો,
અમે તો શ્રાવણ ભાદરવામાં તાવ
આવે છે તે મગજીરને લીધે. બાકી
કાકડી ને છાશનું બહાનું છે !)

સ્વ. ગિજુભાઈના સંગ્રહમાંથી

બાલ સંઘ

પહેલા પાના પર જે વાત આપણે કરી, એ પ્રમાણે નીચેની નોંધ વાંચી તમે કોઠો ભરી મોકલો.

○ આ કોઠો ભરીને મોકલનાર મિત્રને 'બાલસંઘ સાથી' તરીકે અમે સ્વીકારીશું.

○ જે મહિને આ કોઠો ભરાશે તે મહિને કે તેને બીજે મહીને મોકલનાર મિત્રનું નામ આ વિભાગમાં છપાશે.

○ 'બાલસંઘ' નાનાં મોટાં બાળકોને ગમે એવી પ્રવૃત્તિઓ આ વિભાગદ્વારા આપશે.

○ આ 'બાળસંઘ સાથી'ઓ આ વિભાગ સાથે પત્ર વ્યવહાર કરી શકશે.

○ બાળકો પોતાનાં લખાણો અને ચિત્રો મોકલી શકશે. યોગ્ય હશે તે છપાશે પણ.

કાપો

શિક્ષણ પત્રિકા બાલસંઘ

પ્રિય વિમલબહેન,

મારે 'બાલસંઘ સાથી' તરીકે જોડાવું છે મેં નીચેની વિગતો ભરી છે.

પૂરેપૂરું નામ_____

_____

સરનામું_____

_____

_____

માબાપની સહી_____

_____

ઉંમર_____

શોખ_____

મોકલનારની સહી

કાપો

આ ભાગ કાપી બુકપોસ્ટથી કે અંદર લખેલો પત્ર મૂકવો હોય તો કવર બીડી પત્ર નીચેને સરનામે મોકલવો. ટિકિટ પૂરતી જ મારવી.

સરનામું

શ્રી. વિમલબહેન શાહ

કૈલાસ નગર

અમૃતલાલ લાઈન્સ, સૂરત

તેવી જ રીતે. $(અ + બ + ક)^2 = અ^2 + બ^2 + ક^2 + 2 (અ બ + બ ક + ક અ)$.


દ્વિપદી, અને ત્રિપદી ઘનનું સાધન:—આ સાધન બન્નરમાં મળે છે. દ્વિપદી 'અ' = ૧" અને બ" = ૨" લંબાઇ લઇને $(અ + બ)^3$ ના નીચે પ્રમાણેના કટકા યોજવામાં આવે છે. $અ^3$, $બ^3$, ૩ અ બ, તથા ૩ અ $બ^2$ આ બધા કટકા એક ઘનાકાર ડબ્બીમાં ગોઠવવામાં આવે છે. $અ^3$ નો રંગ લાલ, તથા $બ^3$ નો રંગ પીળો. બાકીના ટૂકડાનાં ચોરસ બાજુ લાલ અને પીળા રંગે રંગેલી હોય છે. બાકીની બાજુ કાળી હોય છે.

રમત ૧ લી:—કટકાની રચના કરીને ઘન કરીને બનાવવું. એમાં સૌથી પહેલાં મોટો ઘનાકાર લઇને તે ડબ્બીના ખુણામાં ગોઠવવું. આ ઘનની બાજુનો લાલ રંગ બતાવીને, આવા લાલ ચોરસની બાજુ હોય એવો કટકો શોધવાનું સુચવીને તે ગોઠવી બતાવવું. આ જ પ્રમાણે ઘનની બીજી બાજુ બેસી શકે એવો કટકો શોધવાનું સૂચવવું. પછી ખાલી રહેલી જગ્યામાં અ $બ^2$ ગોઠવીને, પહેલુ પગથિયું કેમ ગોઠવવું તે સુચવવું. પછી ઘનની ઉપરની બાજુ પર, પહેલાં $અ^2$ બ, મૂકીને, તેની બંને બાજુએ મૂકીને અ $બ^2$ ના બે કટકા બેસાડીને છેલ્લે બ ઘન કેવી રીતે ગોઠવવો તે બતાવવો. આવી રીતે અ + બ નો ઘન બનાવતા આવડ્યા પછી, કટકાના નામો ઓળખાવાની રમત આપવી.

કટકાના નામો, આપવાની તથા ઓળખવાની રમત આ નામો આપતાં પહેલાં કટકાની ગોઠવણી નીચે પ્રમાણે કરવી.

$અ^3$ $બ^3$





પછી નામ ઓળખવાની રમત આપવી. આગળ ઉપર ૫।। થી ૬।। વર્ષમાં લેખિત જ્ઞાન આપવું.


ત્રિપદીનું ઘન:—દ્વિપદી પ્રમાણે જ ત્રિપદીના ઘનની રમત રમવી. અહીં કટકાની સંખ્યા બહુ મોટી હોવાથી, નામ, ઓળખવાની રમત પહેલાં રચના કરતાં નીચે પ્રમાણે નિદર્શન કરવાથી, બાળકને વધારે આનંદ પડશે.

આ બધાં કટકાના ઢગલામાં ત્રણ રાજા, તેના પ્રધાન, સરદાર, અને સિપાઇ અસ્તવ્યસ્ત પડયા છે. તેના સૈન્યની રચના વ્યવસ્થિત કરીએ. ઢગલામાંથી, મોટો, વચલો, અને નાનો ઘન કાઢીને કહેવું કે આ ત્રણ રાજા છે.

આ એક મોટો લાલ ઘન રાજા.
" " વચલો ભૂરો " "
" " નાનો પીળો " "



હવે આ ઘનરાજાના ત્રણ પ્રધાન છે. દરેક રાજાનો જે ઘન છે, તે પ્રધાનની પાઘડીનો રંગ છે. ચાલો આપણે પ્રધાનોને શોધી કાઢીએ. આ પ્રમાણે શોધીને પ્રધાનોને રાજાની સાથે ગોઠવવો. આપ્રધાન એટલે $અ^2$ બ ના કટકા છે.



હજી પ્રધાનની સાથે સાથે ત્રણ સરદાર છે. આ સરદારની પાઘડીનો રંગ પણ, એના રાજાની પાઘડીના રંગ જેવો છે તે ઉપરથી દેખાય એવી રીતે આ સરદારોને ઊભા કરો. આ સરદારો એટલે અહીં અશ્વના કટકા. તેમને પ્રધાનની નીચેની હારમાં ગોઠવવાં. આવી રીતે ત્રણ રાણી, તેના ત્રણ, પ્રધાન, અને ૩ સરદારની ગોઠવણી થયા પછી. અ બ, ક, દર્શાવનારા છ કટકા બાકી રહે છે. તે તેની વહેંચણી દરેક રાજાના બખ્તે સિપાઈ તરીકે કરીને, તેને રાજાની બાજુમાં ઊભા રાખવા. આવી ગોઠવણી બાળકો ઉત્સાહથી કરી બતાવે છે. તેમાં ઘનાકારનુ વર્ગીકરણ થાય છે. અને પછી આ કટકાના ઘનની ગોઠવણી બનાવતી વખતે ગોટાળો થતો નથી. દ્વિપદીના ઘન પ્રમાણે જ સૂચના આપીને આ ઘનની રચના કરવાનું કહેવું. આગળ ઉપર, લેખનની અવસ્થામાં ચોપડી પર આ કટકાનું લેખન કેવીરીતે કરાય તે બતાવવુ. આ બધાં સાધનના ઉપયોગથી, બાળકને પહેલાં મૂર્ત પરિમાણો તેને લીધે બીજ ગણિતની રાશિ માટે તેના મનમાં વાપરવા માંડે છે. આગળ આ રાશિનો ઉપયોગ ન કરતાં, તે અક્ષર ગણિત, અથવા બીજ ગણિત કરી શકે છે. આની આગળનો વિષય પ્રાથમિક કક્ષામાં જતો હોવાથી આ વિષય અહીં આજના છેવટના લેખમાં પૂરો થાય છે.

પ્રસંગોપાત મુખવાસ માટે વપરાતી

☆ દિલ્હી જંક્શન ☆

સેન્ટેડ સોપારી.

* સુમધુર * સૌને આનંદીત કરતી

સર્વે જગ્યાએ વેચાય છે.

આપના ગામની એજન્સી માટે લખો :—

બાબુભાઈ આર. સોપારીવાલા

શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ, મુંબઈ–૭

બ્રાન્ચ : પોસ્ટ ઓફીસની બાજુમાં,

વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪.

એવાં પણ 'નાટકો' નહિ જોઈએ—

(૧) અરવિંદ વધુ જીદ્દી કેમ બન્યો:—


અરવિંદના બા અને બાપૂને સિનેમામાં જવું હતુ. ત્રણ વર્ષના અરવિંદને ઘેર મૂકવાનો તેમનો વિચાર હતો. તેને કોઈ રમતમાં પરોવી ભાગી જવાનો મનસુબો હતો—પણ અરવિંદ કંઈ ઓછો ઉસ્તાદ? આજે સવારથી તે બાની પાછળ પાછળ ફરી રહ્યો છે. રમકડાં, ખાવાનું બધુ અપાયું છતાં એ બા પાસેથી ખસે નહિ. પછી બાએ જાજરે જવા માટે લોટો ઉપાડયો અને તે બાજુ ગયા. અરવિંદ ચિત્રોની નોટ જોતો હતો. બા જાજરે જાય છે એમ માનીને થોડી વાર સ્વસ્થ થયો. બાએ લોટો જાજરા પાસે મૂકયો અને પેલી બાજુએ આગળ નિકળી ગયા.

અહીં અરવિંદ રાહ જોયા જ કરે છે. કંટાળીને પછી ઉભો થયો અને બાની શોધમાં જાજરા તરફ નિકળ્યો. ત્યાં જાજરાનું બારણું સાવ ઉઘાડું હતુ. તે સમજી ગયો. બા મને છેતરીને બહાર નિકળી ગયા છે. એને ઘણોજ આઘાત થયો. એના વિશ્વાસનું સ્થાન, એનો સર્વાધાર બા એ કેમ આપણને છેતરે? અરવિંદના નાનકડા મગજપર તેની ખૂબ અસર થઈ. બા ના શબ્દોપર તેનો હવે વિશ્વાસ રહયો નહી અંતે વધુ જીદ્દી બન્યો.

(૨) રાજૂ બેપરવા થયો:—

ચાર વર્ષનાં રાજુને ઘોડાગાડીનો ભારે શોખ ઘોડાગાડીમાં બેસવાનુ કહીએ કે તે બીજું બધું ભૂલી જાય. રાજુના મોટેરાઓ રાજુની આ બાસિયત સમજી ગયા હતા.

એક વાર સવારે રાજુ આંગણમાં રમતો હતો. બા એ નહાવા માટે બૂમ પાડી પણ રાજુને રમત છોડીને જવાનુ મન ન થયુ. તે ગયો નહી. બાએ જરા મોટેથી ગાંટો પાડયો તો પણ રાજુના કાન પર તેની અસર ન થઈ એટલામાં ચાલો ઘોડાગાડીમાં બેસીને મંદિર જોવા કોણ આવે છે? જેને આવવુ હોય તે નહાયને તૈયાર થાય. રાજુએ તરતજ રમત મૂકી દીધી અને તે નહાવા દોડયો. રાજુ નાહયો એના બા પણ નાહયા. રસોઈ કરવા લાગ્યાં છતાં ઘોડાગાડીનો પત્તો ન હતો. બહાર જવાની વાત પણ કોઇ કરતું નહતુ. પછી રાજુ બાની પાછળ પડયો. બા એક સરખું કહેતાં હતાં બપોરે જઈશુ પણ હવે રાજુને વિશ્વાસ આવતો ન હતો. છેવટે બા એ રૂદ્રાવતાર ધારણ કર્યો. બિચારો રાજુ મોઢું નાનુ કરીને રમવા નીકળી ગયો. પણ બા ખોટી ખોટી ગપ મારીને આપણને છેતરી ગયાં એનો રંજ એના દિલમાં રહી ગયો.



આપની દરેક
જરૂરિયાતો
ખરીદવાનુ એક માત્ર
: ભરોસા પાત્ર સ્થળ :
આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.
ધી
બોમ્બે સ્વદેશી કૉ—ઓપરેટીવ સ્ટોર્સ લિં૦
લિ૦
સરદૂફિરોઝશાહ: મહેતા રોડ, મુંબઈ ૧.
શાખાઓ :: મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.

આજ રીતે બે ત્રણ વાર બાપુએ એક બે વાર મોટી બેને અને ઘણીવાર મોટા ભાઇએ પણ તેને છેતર્યો હતો હવે આ મોટી મંડળીના શબ્દોનો ભરોસો ન કરવો એમ રાજુએ નક્કી કર્યું હતું તે વધુ બે–પરવાહ થયો હતો.

(૩) કનુનું અભ્યાસમાં મન ચોંટતું નથી :

દશ વર્ષના કનુને અભ્યાસનો ભારે કંટાળો. તે સારો અભ્યાસ કરે તે માટે તેના બાપુએ એક દીવસ તેને કહ્યું ! કનુ તું જો પાંચ નંબરની અંદર સારો નંબર લાવે તો તારે માટે એક સરસ નાની સાઈકિલ લઈ આપીશ. કનુને ખુબ આનંદ થયો. તે ધ્યાન પૂર્વક અભ્યાસ કરવા લાગ્યો. સવાર સાંજ તે કલ્પનાઓ દોડાવતો હતો ! આ બે મહીનામાં સાઈકિલ પર આમ તેમ આંટા મારશું. મિત્રો આગળ વટ મારશું વગેરે. પરીક્ષા થઈ. કનુના કર્મના સન્જોગે એ ત્રીજા નંબરે આવ્યો. ફરતો ફરતો તે ઘેર આવ્યો. બાપુ ચાલો હવે સાઈકિલ લાવો ! બાપુ તો સાઈકલ લેવા માગતા ન હતા. તેમણે એમ કહ્યું એવી તે શી મોટી ધાડ મારી. મેટ્રીકની પરીક્ષામાં જો તું ૬૦/ ટકા ઉપરાંત માર્ક લાવીશ તો પછી લેશુ. સાઈકિલ. કનુનું મોઢુ ઉતરી ગયું. અત્યારે સાતમાં ધોરણમાં હવે સાઈકલની વાત ચાર વર્ષ પર ગઈ કનુ નિરાશ થયો એના મનોરથો ભાંગી પડયા. તેને રડવુ આવ્યું. પણ કરે શું ? હવે જ્યારે તે અભ્યાસ કરવા બેસે છે ત્યારે સાઇકલ એની આંખ સામે આવે છે. અને તેનુ અભ્યાસમાં મન ચોંટતુ નથી.

(૪) મંદા બાલમંદિરે જતી નથી

૨॥ વર્ષની મંદાને બાલમંદિરમાં મૂકવામાં આવી હતી. ત્યાંની બધી નવી નવી વસ્તુઓ જોઇને કોઇ વાતની સુઝ ન પડે અને તે રડવા લાગે. તેને બાલમંદીરમાં મૂકવા માટે તેના બા આવતા હતા. રોજ તે બાને પકડીને બેસી રહે. બા જવા લાગે કે તેની પાછળ તે દોડી જતી. નહીં તો મોટેથી ધાંટો પાડી રડતી. હતી બા પાસે હોય ત્યારે તે કોઇ રમકડુ લઇને રમતી પણ તેનુ ધ્યાન બા તરફ રહેતુ. એક વાર એમજ તેને કાંઇ રમતમાં રસ પડયો તેની બા તેને કહે હુ અહિ છુ હ. તુ તારે રમ અને બા તેની નજર ચુકવીને ઘરે ગયાં.

બીજે દીવસે મંદા બાલમંદીરમાં આવવા તૈયાર ન થઈ. બા એને પરાણે લઇ આવ્યાં ત્યારે તેની સાડી પકડીને બેસી રહી. કાલની જેમજ ભાગી જાય તો ?

એની બા પરનો એનો વિશ્વાસ ઉઠી ગયો. છેવટે મંદા બાલમંદીરમાં બેઠી નહી.

બાળકોને ઓછુ સમજાય છે, તેને છેતરીને યુકતી વડે આપણે જે ધારીએ તે એમની પાસેથી કરાવી લેવાય એમ મોટેરાંઓને લાગે તે ભૂલ ભરેલુ છે તેથી બાળકોમાં મોટેરાંઓને માટે અવિશ્વાસ બેસે છે. તેઓ ઉદ્ધત અને જીદ્દી બને છે. તેથી બાળકોને છેતરવાના નાટકો ન કરવાં જોઇએ સાચે સાચી સીધી વાત કરવી જોઇએ.

ટપાલદ્વારા કટીંગનું શિક્ષણ



દરેક પ્રકારના કાપડનુ કટીંગનુ શિક્ષણ પોસ્ટ થી આપવામાં આવે છે. કોલેજ તથા લડન ડિપ્લોમા માટે સૂચિ પત્રક મગાવો. સ્થાનિક શિક્ષણ માટે મળો.

ઝારાપકર ટેલરીંગ કોલેજ


ભવાનીશંકર રોડ દાદર, મુંબઈ–૨૮



મોદી એન્ડ કંપની

૬૨૫ પ્રિન્સેસ સ્ટ્રીટ, બોમ્બે ૨.

ભારતમાં સર્વ શ્રેષ્ઠ



ઝારાપકર શિવણયંત્ર

– રોકડે થી તથા હપ્તાથી પાંચ વર્ષની ગેરંટી સાથે સીંગર, ફ્રાક, ફ્રુકી, અરૂણ, ઉષા, ટેલરનુ સૂચિપત્ર મગાવો.

ઝારાપકર શિવણયંત્ર ભંડાર

ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ–૨૮

પરિષદનાં પરિશ્રમણ

ગતાંકથી ચાલુઃ—

પણ આનો અર્થ એવો નથી કે સ્વાવલંબન-સંસ્કારનું શિક્ષણ અયોગ્ય છે. ઉલટું, મને લાગે છે કે શિક્ષણનો ઉદ્દેશ માનવીને આ શિક્ષણ કાળમાં ત્રણ વસ્તુ આપવાનો હોવો જોઈએ.

૧. સ્વાવલંબન (Self help) ૨. સ્વ. વિશ્વાસ (self confidence) અને ૩. સ્વ-માન Self respect)

પણ આપણે બાલમાનસનો વિચાર કર્યા વગર પહેલેજ પગથિયે આ કામ દુણાવી નાખીએ છીએ.

આશ્રમમાં આ સ્વાવલંબનના શિક્ષણ માટે શી વ્યવસ્થા આપણે કરીએ છીએ ? : તારાં કપડાં તું ધોઈ લે, તારી થાળી તું સાફ કર, તારી પથારી તું કર. વગેરે—આ રીતે કરીએ છીએ.


પણ આથી આ ક્રિયા કામ બની જાય છે.


પણ એજ ક્રિયાઓ જો સમુહગત રાખવામાં આવે તો બાળકો એને ખેલ સમજી કરેજ છે. અને સારે પણ પરિણામ તો એનુ એજ લાવે છે.

અહીં બાલગૃહમાં અમુક બાળકો દળે છે. બાકીના નથી દળતા. પણ દળનાર બાળક એની દલીલ નથી કરતા કે 'પેલા નથી દળતા માટે અમે પણ નહીં દળીએ.' કેમકે એમને દળવા કોઇએ હુકમ તો કર્યોજ નથી. તેમજ કેટલાંય બાળકો કપડાં ધોતાં હોય છે. કેટલાંક નથી ધોતાં. પણ ન ધોનાર બાળકોનાં કપડાં ધોવા માટે ધોનાર બાળકો કેટલાં કરગરતાં હોય છે! આમજ શું વાસણ માંઝવાં, કે શું રસોડામાં રાંધવા જવુ—બધેય સામે ચાલીને આવે છે, એટલુંજ નહી પણ એ માટે બહુ વિનવતાં હોય છે. અને કામ મળે તો કેટલાં ખૂશ થતાં હોય છે!

હવે આ બધી ક્રિયા બાળક માટે ખેલ જ છે. જ્યારે એને બહારથી જોનાર મોટેરાં તો કામજ થતું જુએ છે!

એ વાત કબુલ છે કે બાળકને પેલાં નિષ્ક્રિય રમકડાં બહુ આકર્ષી શકતા નથી. અહી જોઉ છું કે બાળકને મોકલેલું





પ્રસિદ્ધ કરવામા આવ્યુ છે.

રમકડું બીજે જ દિવસે કાં તો બીજાના હાથમાં નહીં તો કયાંક ફળિયામાં રખડતુ પડયું હોય છે. અથવા તો એનો ખુરદો કરી પછી એમાંથી કંઈક નવુંજ બેલનું સાધન બનાવાય છે. સાયકલની કેરીયર ઉપર આવતો દબાણનો તાર છૂટો પડતાં જ એક બાળક ઉઠાવે છે અને આંખે મંડાવીને બોલે છેઃ 'ચશ્મા' !

એટલે બાળકને કોઈ ઉપયોગિતામાં રસ હોય એવુ લાગતું નથી. એને તો રસ છે, કંઈક સર્જનમાં અને એ સર્જન ઉપયોગી બનતું હોય તો ય વાંધો નથી અને અનુપયોગી હોય તો ય એને વાંધો નથી.

અહીં સુથાર આસપાસ બાળકો કદિય ટેબલ–ખુરશી જેવી ઉપયોગી વસ્તુ બનાવતુ નથી દેખાતુ. પણ બંદુક, તલવાર, ભાલું કે વિમાનકે ગાડી બનાવતા દેખાય છે.

કેમકે આ વસ્તુઓ બાળકને માનસિક સર્જન એટલે કે તરંગ જીવવા (Phantaoy) માં મદદરૂપ થાય છે. બાલ્યાવસ્થાની આ તરંગાવસ્થાને શિક્ષણકારોએ ઉવેખ્યે નહીં ચાલે. આ એજ વૃત્તિ છે કે જેના સહારાથી જ જગતમાં અનેક શોધો–સાહસો અને વિચારના નવા પ્રદેશો ખેડાય છે. આપણે મોટેરાંઓ આપણું કામ આપણે કરી લેવામાં કદાચ રસ લઈએ, પણ બાળકને તો સમુહમાં જ જીવવુ ગમે છે. કેમકે ત્યારે કામ બેલ વિશેષ બને છે.


માનવ સામાજીક પ્રાણી છે. માનવીનો બાલ્યસ્થાનો ઉચ્છેર સમુહમાં જ યોગ્ય થઈ શકે. માત્ર એટલુ જ આપણે એ સમુહ જીવનને આપણી ઉપયોગીતાવાદી દૃષ્ટિથી બગાડી મારીએ છીએ.

અને જો આપણો આ બેલવૃત્તિને નીભાવીલે, બાળકમાં શ્રધ્ધારાખે તો બાળક જરૂર સ્વાવલંબી બને અને સ્વાવલંબન માનવીને આત્મવિશ્વાસ આપે અને આત્મવિશ્વાસ સ્વમાન જન્માવે, કે જે માનવીને પશુથી જૂદો બતાવે છે.

એટલુ જ નહી પણ આ બેલને દીધેલો છૂટોદોર માનવીને સમુહજીવનની તાલીમદ્વારા એવો કેળવેકે પછીએ મોટપણે પોતાનું વ્યકિતગત કામ બેલ સમજી પોતેજ કરે અને બાકીનો સમય સમાજને ઉપયોગી થવામાં કીર્તિ ના લોભ વગર આપે. અને આજ માનવીનુ ધ્યેય હોય. આમ બને ત્યારેજ સમાજને સાચા સેવકો મળે. સમાજરૂપી ઘડિયાળના વ્યકિતરૂપી ચક્રો પહેલાં પોતે પોતાની રીતે સમતોલ (Balanced) બને અને પછી સમાજમાં જોડાય કે એ પોતે કરે છે સાથેજ બીજાને પણ પ્રગતિ કરાવે છે. અને ત્યાંજ વ્યષ્ટિ, સમષ્ટિના ઝગડાનો અંત આવે.

(સંપૂર્ણ)

—ઓજસ.





નૂ. બા. શિ. સંઘના બંધારણમાં સૂચવવામાં આવેલા કેટલાક ફેરફારો.

Rules and Regulations ની શરૂઆતમાં ઉમેરવાનો ફકરો.

"નૂતન બાલશિક્ષણ સંઘમાં રચવામાં આવેલી દરેક પ્રાદેશિક અને સ્થાનિક શાખાઓ એક બીજાથી આર્થિક સ્વતંત્ર રહેશે. દરેક શાખાએ પોતાનું રજીસ્ટ્રેશન અને મીલકત હોય તેનું ટ્રસ્ટ કરવું જોઇએ."

નિયમ ૧ : "કોઇ પણ અઢાર વર્ષ ઉપરની વ્યકિત કે જેને સંઘના ઉદ્દેશ્યો માન્ય છે અને સંઘનો સદસ્ય થવા ઇચ્છે છે તે પ્રથમ પોતાના ગામમાં જો સંઘની સ્થાનિક શાખા હોય તો પ્રથમ તેનો સંપર્ક સાધે, ત્યાં પોતાનું લવાજમ ભરીને તે શાખા દ્વારા જ સંઘનું સદસ્યત્વ પ્રાપ્ત કરે જે ગામમાં સંઘની શાખા ન હોય ત્યાંની વ્યકિતઓએ કોઇપણ શાખા દ્વારા જ સંઘમાં જોડાવવું જોઇએ. શિક્ષણ પત્રિકાના ગ્રાહક બનવાથી કોઇ પણ વ્યકિત હવે પછી આપ મેળે નૂતન બાલ શિક્ષણ સંઘનુ સભાસદત્વ પ્રાપ્ત કરી શકશે નહિ.

નિયમ ૧૪ : સંઘના દરેક પ્રકારના સદસ્યના લવાજમમાંથી શિક્ષણ પત્રિકાનું લવાજમ અને નિરીક્ષણનું લવાજમ તથા કેન્દ્રીય લવાજમ ના ભાગની રકમ દરેક શાખાએ ઑગસ્ટ અને માર્ચ માસની ૧૦ મી તારીખ પહેલાં કેન્દ્રીય કાર્યાલયમાં ભરવી જોઇએ. તેમજ ઓગસ્ટ ૧૦ મી પહેલાં માર્ચ આખરે પૂરૂં થતાં વર્ષનો ઓડિટેડ હિસાબની એક પ્રત તથા અહેવાલ કેન્દ્રીય કાર્યાલય પર મોકલવું આવશ્યક છે.

નિયમ ૧૬ : કોઇ પણ ગામમાં ઓછામાં ઓછા ૧૦ સહાયક સદસ્યો મળે તો કેન્દ્રીય કાર્યાલયની સંમતિથી સંઘની સ્થાનિક શાખા શરૂ કરી શકાશે.

નિયમ ૨૨ : સામાન્ય રીતે દરેક જીલ્લા માટે અથવા સંઘે (વ્યવસ્થાપક મંડળે) નકકી કરેલા પ્રદેશ માટે અથવા એક લાખ અથવા તેથી વધુ વસ્તીના શહેર માટે સંઘની એક પ્રાદેશિક શાખા સ્થાપન કરી શકાશે. દરેક પ્રાદેશિક શાખા સ્થાપન કરવા માટે ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખાઓ અથવા ચાલીસ સહાયક સદસ્યોની સંખ્યા ચાલુ રહે તે આવશ્યક ગણાશે.

મંત્રી;
નૂતન બાલ શિક્ષણ સંઘ.

---

* જોઇએ છે *

સંસ્થાના બાલમંદીર- કુમારમંદીર સારૂ **બાલ અધ્યાપન** આવીણ્ય; એસ. ટી. સી. ટી. ડી સીનીયર ટ્રેઇન્ડ, શિક્ષક-શિક્ષિકાઓ :

સંપૂર્ણ વિગત સાથે સંપર્ક સાધવા ઉમેદવારોને સૂચના છે.

માનાર્હ મંત્રી,
શ્રી. કેળવણી મંડળ, વીરમગામ.

નવી ડિઝાઇનોનું સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદા જુદા ટાંકાઓની આકૃતિઓની માહિતિ સાથે.
કિં. રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જૂદું. વ્યાપારિક પૂછપરછ માટે લખો:

☆ **એમ. મધુકર એન્ડ બ્રધર્સ** ☆

ટ્રામ નાકું, દાદર મુંબઈ-૧૪.

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

અમદાવાદ : દિનાંક ૨૧–૪–૫૭ ના રોજ શારદા મંદિરના આચાર્ય શ્રી. વજુભાઇ દવેના આમંત્રણથી શાળાનુ માસિક મીલન નવા શારદા મંદિરમાં રાખવામાં આવ્યું હતું. શ્રી ચંદ્રકાન્ત ગાંધીના પ્રમુખપદે મીલનના મુખ્ય મહેમાન શ્રી. મણિભાઈ દવે (અમદાવાદ જીલ્લાના વિધાધિકારી) એ પૂર્વપ્રાથમિક કેળવણી અને આપણા બાલમંદિરો એ વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું.

મુંબઇ : સુમન બાળવિનોદ. સુમન બાળમંદિર તથા નૃત્ય વર્ગોનો એક મનોરંજન કાર્યક્રમ રવિવાર દિ. ૧૪ એપ્રિલના રોજ શ્રી. જવારનાથજી પ્રભાશંકર ભટ્ટ ના પ્રમુખપદે ઉજવાયો.

અમદાવાદ : શ્રી, પુષ્પ બાળમંદિર અને નૂતન પ્રાથમિક શાળા, મણીનગર દિ. ૨૮–૪–૫૭ ના રોજ શ્રી. આર. બી. શાહના વરદ હસ્તે આ સંસ્થાનો વાર્ષિકોત્સવ ઉજવાયો એ વખતે શ્રી. શાંતિકુમાર પંડયાની કૃતી પર આધારેલો મનોરંજન કાર્યક્રમ અત્યંત ઉત્સાહપૂર્વક રજુ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ : ગુજરાત બાલઅધ્યાપન મંદિર સંસ્થાના બાલિપાર્થિઓનો પદ–વિદાન સમારંભ જાણીતા માજી કેળવણી મંત્રી શ્રી. જદવજીભાઇ મોદીના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો.

મુંબઈ : નવા મુંબઇ રાજ્યમાં આવેલા બાલ અધ્યાપન મંદિરોના મુખ્યાધ્યાપકોની એક સભા મુંબઇમાં દિનાંક ૨૮–૪–૫૭ ના રોજ મળી હતી જેમાં મુંબઇ રાજ્યના પૂર્વપ્રાથમિક શિક્ષણ નિમિત્તેની વિચારણા કરવામાં આવી હતી.

અમદાવાદ : નૂતન બાલશિક્ષણ સંઘની અમદાવાદ શાળાના ઉપક્રમે દિનાંક ૬–૫–૫૭ થી દિનાંક ૧૯–૫–૫૭ સુધી એક ગ્રીષ્મ બાલશિક્ષણ શિબીર યોજવામાં આવી છે. વધુ માહિતી તથા પ્રવેશ પત્ર માટે ૦—૩—૦ ટિકિટ સાથે નીચેના સરનામે લખો. ગ્રીષ્મ તાલીમ શિબિર કિલ્લોલ બાલમંદિર. કોચરબ ઠાળે, પ્રીતમનગર એક્સટેન્શન અમદાવાદ ૭.

મુંબઈ : ના. દા. ઠા. મહિલા વિદ્યાપીઠ તરફથી ગયાવર્ષથી પૂર્વ પ્રાથમિક કેળવણીનો જે પોસ્ટ ગ્રેજ્યુએટ શિક્ષણક્રમ (B. T. course) શરૂકરવામાં આવ્યો છે તેમાં મુંબઇની નવ તેમજ પૂનાના એક બહેન પરીક્ષામાં બેઠા હતા. આ બહેનોમાંથી (૧) શ્રીમતી શાલિનિબાઇ જોગલેકર, (૨) શ્રીમતી જયાબહેન વોરા, (૩) શ્રીમતી કુસુમ બેલગાંવકર અને શ્રીમતી હેમલતા માલવી પ્રથમ શ્રેણીમાં પસાર થયા છે. બાકીના બહેનોમાં શ્રીમતી સરલાતાઇ દેવધર, શ્રીમતી માલતી મનોહર, શ્રીમતી ચૈતન્યબાળા પરીખ, શ્રી. લતાબેન મહેતા અને શ્રી. શાંતાબેન ભાગવત દ્વિતિય શ્રેણીમાં પસાર થયા છે.

વીરમગામ : બાલમંદિર કુમાર મંદિરનો છઠ્ઠો વાર્ષિક સમારંભ તા. ૨૪—૩—૫૭ ના રોજ વલ્લભ વિદ્યાનગરના ઉપકુલપતિ શ્રીયુત ભાઇલાલભાઇ પટેલના પ્રમુખપદે ઉજવાયો હતો.

લગભગ સાત હજ્જરની મેદની સમક્ષ રજુ થયેલ 'રામ શબરી' સળંગ નૃત્ય નાટિકા આ કાર્યક્રમની વિશેષતા હતી.




સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :–
પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વિસીઝ
કાંદીવલી (મુંબઈ એસ. ડી.)
જોબબર સેલ :–૧૦, શામસેટ સ્ટ્રીટ, મુંબઈ–૨.
(M. P. S.)

લેખન વાંચન તેમજ ઉજાગરાથી થતાં
આંખના અનેક દર્દો જેવાંકે ફૂલાં, ઝારી 'ઝાંખ—
વિ. દર્દો ઉપર ગુણકારી—શુદ્ધ આયુર્વેદીક દવા
* જીવદયા નેત્રપ્રભા *
[રજીસ્ટર્ડ]
તો ઉપયોગ કરો. સર્વત્ર મળે છે.
જીવદયા નેત્રપ્રભા કાર્યાલય, ગામદેવી રોડ, મુંબઇ ૭.
— ચેતવણી —
નામની પુરેપુરી ખાત્રી કરીને ખરીદવી

સાભાર પહોંચ :

શુભમંગલ : દરેક બાલમંદિરને પોતાના વાલીઓ સાથે સંપર્ક રાખવા માટે પત્રિકાનું સંચાલન કરવાની શરૂઆત કેટલા એક બાળમંદિરોએ કરી છે. 'શિશુમંગલ' નામથી ઍલીસબ્રીજ વિભાગમાં આવેલ કિલ્લોલ બાળમંદીરે શરૂ કરી છે. એના પહેલા જ અંકમાં બાલકમાં અભય રોપણ કરવાની જરૂર માટેનો એક લેખ તેમજ 'દેવુભાઈ' દ્વારા આજના જમાનાના એક શિક્ષકનો આલેખ આપવામાં આવ્યો છે. આવી પત્રિકાઓ સંસ્થાના બાળકોના સીધા પ્રશ્નોની સામાજીક કક્ષાએ ચર્ચા કરતી હોય તો તે સંસ્થાના વાલીઓને વધુ પાસે કરી શકશે. પત્રિકાના આ નવા સાહસ માટે તેના માલિકોને અભિનંદન

રૂખડેલ લાલચંદ : લેખક અને પ્રકાશક જશવંત કારેલિયા, ટેલીફોન ઓફીસ કંડલા :(કચ્છ) મુલ્ય ૧-૪-૦ બાળકોને બોધ આપવા માટે લેખેલા આ લાલચંદના ચરિત્રમાં બાળ વાચકોને દંગ કરવા સિવાય કોઇ ઉદ્દેશ છે એમ સ્પષ્ટ થતું નથી. ભાષા અને વસ્તુ કથનમા બાળકોને ઉમ્કેરવાનો પ્રયત્ન થયો છે. સાચુ બાળસાહિત્ય બાળકોની વૃત્તિઓને રચનાત્મક બનાવે, શાંતિ અને આનંદ આપે એવુ હોવુ જોઇએ.



:: પ્રેરક પ્રસંગો :

(૧)


સાંજનો સમય હતો. ઘરે જવું હતું એટલે ટેકસીની વાટ જોતી ફૂટપાથ ઉપર ઉભી હતી એટલીવારમાં એક મધ્યમ વયની સ્ત્રી ૪-૪॥ વર્ષની છોકરીને અને ૨-૨॥ વર્ષના છોકરાને બીજી આંગળીએ વળગાડીને રસ્તેથી જતી હતી છોકરી કંઈ માંગતી હશે તેથી કચકચ ચાલતી હતી મા તેને ધાક બતાવતી હતી એટલીવારમાં એક સિપાઈ જતો હતો. એટલે બાઇએ તરત એને બૂમ મારી 'સિપાઈ સિપાઈ' સિપાંઈ આશ્ચર્ય પામી ઉભો રહ્યો. મને પણ થોડું આશ્ચર્ય થયુ. આ બાઇને સિપાઇની શી જરૂર પડી હશે ? રસ્તો ભૂલી ગઈ હશે ? સિપાઈ પાસે આવ્યો એટલે બાઇએ કહ્યું, 'લે આ છોકરીને પકડી જા.' સિપાઈ પહેલા તો જરા ગોટાળામાં પડયો. પણ પછી સમજી ગયો. તરત તે છોકરીનો હાથ પકડવા લાગ્યો. તેને વઢવા લાગ્યો. એટલે છોકરી માને વળગીને વધારે રડવા લાગી મા તેને દૂર હડસેલતી હતી અને કહેતી હતી, 'જો હવે જીદ કરશે કે ? સિપાઇ, સિપાઇ આને પકડો જા.' છોકરી ગભરાઇ ગઇ અને તેણે કહ્યું હુ હવે જીદ નહિ કરું સીધી ચાલીશ. 'સિપાઈ ચાલી ગયો. આ બધું નાટક જ હતુ પણ પેલી છોકરીને આ બધું સાચુ લાગતું હતુ. તેના નાજુક મનમાં સિપાઇની સારી એવી બીક પેસી ગઇ હતી.


(૨)

બાળક જન્મે નહિ કે રાત્રે સૂએ નહિ એટલે એને બાવાની સિપાઇની વરૂ શિયાળની બીક બતાવેછે. માને ખબર હોય છે કે કોઇ પોતાના બાળકને ઉંચકી જવાનું નથી. આ ફકત નાટક જ છે એમ બધાને ખબર હોય છે પણ બાળકોને તો તે સાચી વાત લાગે છે એટલે એ લોકો ગભરાયા છે, શાંત થાય છે, મોટા માણસો કહે છે તે પ્રમાણે વર્તે છે. મોટેરાઓ તાત્કાલિક મુશ્કેલીમાંથી છૂટી જાય છે.


પરંતુ નાનપણમાં આવી રીતે બેઠેલી બીક કાયમ રહે છે તેને લીધે માનસિક વિકૃતિ ઉભી થાય છે. જ્યાં ગભરાવાની જરૂર નથી ત્યાં પણ માણસ બીએ છે. એક રીતે બીકણ બને છે. તેથી નાનપણમાં બાળકોના સાથે આવા ક્રૂર નાટકો રમવાએ યોગ્ય નથી.


—અનુતાઈ













WANTED STOCKISTS.





ચૂ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શેષ નામલે હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૮.
મુદ્રણ સ્થાન : રામકૃષ્ણ પ્રિ. પ્રેસ, મોરબાગ રોડ, દાદર, મુંબઈ ૧૪.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨ અંક ૩
જુન—૧૯૫૭



વિનોબાનો સંદેશ

ગ્રામદાની લોકોએ પૈસાના મોહમાંથી મુક્ત થવું જોઇશે. બાજુની જરૂરિયાતના કપડા ગોળ, તેલ આદિ રોજીંદા ઉપયોગની વસ્તુઓ ગામમાં જ તૈયાર થવી જોઇએ. જમીનની માલિકી છોડો ગ્રામોદ્યોગ વધારો બધા બાળકોને કેળવણી આપો. ગમના ઝગડાં ગામની બાહર જવા દેવો નહિ. બધા મળીને ભગવાનની પ્રાર્થના કરો.

પૂર્વ
શ્રી.
હિંદની
ાતથીજ
નાગપુરની
ોલગ ઘર-
. સૌરાષ્ટ્રની
બાલશિક્ષણ


રડી, પુના અને
પ્રશિક્ષણ સંસ્થા
ા છે. આ બધા
તું શિક્ષણ બાતું

સંસ્થાપકો :
ગિજુભાઇ બધેકા
તારાબેન મોડક

તંત્રી :
શેષ નાબદે

વિ ક લવાજમ :
૪-૦-૦


કાર્યાલય :
: : ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ. ૧૪. : :



all the state you like !



all the variety you like !



Mafatlal House, Backbay Reclamation, Bombay
Phone 30801 (5 lines)
Grams: 'HITSAGAR' Bombay

મુંબઈ, મધ્યભારત ઉત્તર–પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૩૨ : અંક ૩] મુંબઈ [જૂન—૧૯૫૭

બાલ અધ્યાપન નિયંત્રણ મંડળની પુનઃરચના કરો

નવા મુંબઈ રાજ્યના કેળવણી પ્રધાને વચમાં બંધ કરવામાં આવેલા માધ્યમિક શિક્ષણ સલાહકાર મંડળની પુનઃરચના કરવાનો નિર્ણય લીધો છે. એ સમાચાર સાંભળીને કેળવણીના કાર્યને માટે રસ લેતા અનેક કાર્યકર્તાઓને અમારી જેમજ આનંદ થયો હોય એમાં શંકા નથી. કેળવણી સંસ્થાઓની મુશ્કેલીઓ અને તેની પ્રગતિના પ્રશ્નો સરકારી કેળવણી ખાતું સમજે તે માટે સલાહકાર મંડળની નિમણુંકથી એક વધુ માર્ગ મળશે એમ અમે માનીયે છીએ.

પૂર્વ પ્રાથમિક પ્રશિક્ષણના અને શિક્ષણના ઉગતા ક્ષેત્રમાં તો આ પ્રકારના સલાહકાર મંડળની અનેક રીતે જરૂર છે. આ કેળવણીનું સ્વરૂપ સમજી લઈને તેની વિશેષ મુશ્કેલીઓનો વિચાર કરનાર, અને આ કેળવણી સંબંધમાં જેમને પ્રત્યક્ષ અનુભવ છે તેવો અધિકારી વર્ગ કેળવણી ખાતામાં ન હોવાથી કેળવણી ખાતાને અનુભવી સલાહ આપનાર મંડળની વિશેષ જરૂર છે એ કોઈનાથી ના પાડી શકાય નહિ.

રાજ્ય પુનઃઘટનાને લીધે સૌરાષ્ટ્ર અને વિદર્ભની નાની મોટી છ સાત પૂર્વ પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓ, જુના મુંબઈની સાથે પહેલી છ પ્રશિક્ષણ સંસ્થાઓમાં ઉમેરાઇ ગઈ છે આ નવીન પ્રદેશોની સંસ્થાઓનું સ્વરૂપ અને તેઓની કાર્યપદ્ધતિ સ્વતંત્ર છે. વિદર્ભ અથવા જુના મધ્ય પ્રદેશના નાગપુરમાં તો એક સરકારી પૂર્વ પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા છે. આ શિક્ષણ સંસ્થાનો અભ્યાસક્રમ ભાવિ સરકારે ઘડ્યો છે. આ સંસ્થા સિવાય નાગપુરમાં હજી બે પ્રશિક્ષણ સંસ્થાઓ છે જેમાની એક નૂતન બાલ શિક્ષણ સંઘની બાલ અધ્યાપન સમિતિ સાથે જોડાએલી છે. આ સંસ્થાનું નિરીક્ષણ અને પરિક્ષણનુ કાર્ય સંઘ તરફથી છેલ્લા કેટલાક વર્ષોથી થતું આવે છે. બીજી પ્રશિક્ષણ સંસ્થા ત્યાંની સેવાસદન સંસ્થાએ શરૂ કરી છે. એ સંસ્થાને પણ ત્યાંની સરકારની માન્યતા હતી એમ જણાય છે. આ સિવાય વિદર્ભના યેવતમાલમાં મોન્ટેસોરી ઇન્ટરનેશનલ સાથે જોડાયેલી એક ત્રીજી પ્રશિક્ષણ સંસ્થા છે. તેમજ વર્ધામાં નયી તાલીમ અંગે એક બુનિયાદી પૂર્વ પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા શરૂ કરી હતી એમ જણાય છે, આ સંસ્થા શિક્ષકોની જરૂરીયાત પ્રમાણે બંધ અથવા ચાલુ રાખવામાં આવે છે એમ સંભળાય છે.

વિદર્ભની જેમ સૌરાષ્ટ્રમાં પણ વિવિધ પ્રકારની પૂર્વ પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓ છે. તેમાં ભાવનગરની શ્રી. દક્ષિણામુર્તિ બાલઅધ્યાપન મંદિરની સંસ્થા અખિલ હિંદની આદ્ય પૂર્વપ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા છે. અને શરૂઆતથીજ તે નૂતનબાલ શિક્ષણ સંઘ સાથે સંબંધીત છે. નાગપુરની જેમ ભાવનગરમાં પણ શ્રી. દક્ષિણામુર્તિની લગોલગ ધરશાળાએ ચલાવેલી એક બીજી પ્રશિક્ષણ સંસ્થા છે. સૌરાષ્ટ્રની ત્રીજી સંસ્થા સુરેન્દ્રનગરમાં છે. અને તેને નૂતન બાલશિક્ષણ સંઘે પ્રવેશ શિક્ષણક્રમ માટે માન્ય રાખી છે.

જુના મુંબઇ રાજ્યમાં અમદાવાદ, બોરડી, પુના અને સોલાપુર, એમાંના દરેક ઠેકાણે એક એક પ્રશિક્ષણ સંસ્થા છે. અને મુંબઈ શહેરમાં બે સંસ્થાઓ છે. આ બધા પ્રકારની સંસ્થાઓને નવા મુંબઇ રાજ્યનું શિક્ષણ ખાતું

કઈ રીતે નિયંત્રિત કરે છે તે વાત તરફ કેળવણી રસીકોનું લક્ષ્ય છે. જુના મુંબઇ રાજ્યના નિયમ મુજબ આ બધી શિક્ષણ સંસ્થાઓ એકજ સરકારી કંટ્રોલ નીચે લાવવા માટે કેળવણી ખાતુ મથશે કે દરેક પ્રકારની સંસ્થાને જેને તેની કલ્પના પ્રમાણે પોતાનો વિકાશ કરી લેવાને સગવડ આપીને આ સંસ્થાઓ ઉપર કંઇક સામાન્ય નિયંત્રિણ પ્રકાર રાખવા ઇચ્છા છે? પૂર્વ પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓનું સ્વરૂપ આપણે ત્યાંની પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓ કરતાં કંઇક જુદુ છે. પ્રાથમિક શિક્ષણમાં તેનો અભ્યાસ ક્રમ તેની કાર્યપદ્ધતિ સંબંધી સરકારનુ પોતાનુ ધોરણ છે. અને તે મુજબ આ સંસ્થાઓને ઉઘડવાને સરકારનો ઇરાદો હોય છે. આ સંસ્થાઓને પોતાની એવી પ્રણાલિકા પણ છે. એવી એક ધારી પ્રણાલીકા પૂર્વપ્રાથમિક સંસ્થાઓ પાસે નથી. જુના મુંબઇ રાજ્યની પૂર્વપ્રાથમિક સંસ્થાઓના નિયંત્રણનો પુરતો ઇતિહાસ આગળ મુજબ છે.

૧૯૩૬ માં જુના મુંબઇ રાજ્યમાં દાદર, મુંબઇ મુકામે શ્રીમતી તારાબેન મોડકના પ્રયત્નથી પૂર્વપ્રાથમિક શિક્ષકો માટે પહેલી પ્રશિક્ષણ સંસ્થા શરૂ કરવામાં આવી. આ સંસ્થાને રાજ્યની માન્યતા શરૂઆતથીજ મળી ગઇ હતી. તો પણ એના અભ્યાસક્રમમાં કે પરિક્ષાઓના સંબંધમાં શરૂઆતના નવ વર્ષ સુધી રાજ્યે તેના પર કોઇ પણ પ્રકારનું નિયંત્રણ મુકયું ન હતું.

૧૯૪૫ માં પુનાની "ઇંગ્લિશ સ્ત્રી સંસ્થાએ" બીજી પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થા સ્થાપન કરી દાદર અને પુનાની બન્ને સંસ્થાઓનું સંચાલન સમાન ધોરણે રહે તે માટે નૂતન બાલશિક્ષણ સંઘ, બાલ અધ્યાપન મંદિર દાદર, અને બાલ અધ્યાપન મંદિર ઇંગ્લિશ સ્ત્રી સંસ્થા પુના એ ત્રણ સંસ્થાઓના બધ્યે પ્રતિનીધિઓ લઇને એક નિયંત્રણ મંડળ રચ્યું. આ મંડળે બાલ સંસ્થાપન મંદિરો માટે એક સમાન શિક્ષણ ક્રમ તૈયાર કર્યો. અને પરિક્ષાઓ લેવાનું પણ તંત્ર ઉભુ કર્યું. જુના મુંબઈ રાજ્યના શિક્ષણ ખાતાએ આ પૂર્વ પ્રાથમિક નિયંત્રણ મંડળને પોતાની માન્યતા આપીને તેના કાર્ય સાથે સંપર્ક રાખવા માટે પુનાના ઇન્સ્પેકટરેસ ઓફ ગર્લ્સ સ્કુલને પોતાના પ્રતિનીધિ તરીકે મોકલવાની વ્યવસ્થા કરી. આ પ્રકારના સરકારી નિયંત્રણ મંડળે અભ્યાસક્રમને ફરી તપાસણી કરીને પરિક્ષાઓનું સંચાલન તથા પરિક્ષામાં યશ મળેલા વિદ્યાર્થીઓને પ્રશસ્તી પત્રકો આપવાનુ વગેરે કામો ચલાવ્યા. આ વખતે સોલાપુરમા કિંડરગાર્ડન પધ્ધતિયે ચાલતી એક પ્રશિક્ષણ સંસ્થા હતી. આ સંસ્થાની પરિક્ષા રાજ્યના ખાતા તરફથી થતી હતી. તેથી રાજ્યની બધી સંસ્થાઓ કંઈક સમાન ભૂમિકા પર આવે તે માટે સરકારે બધી પૂર્વ પ્રાથમિક સંસ્થાઓનું નિયંત્રણ કરવા માટે પુનાના બોર્ડની માન્યતા બંધ કરીને પોતાનું જ એક પૂર્વ પ્રાથમિક નિયંત્રણ બોર્ડ તૈયાર કર્યું. અને એ બોર્ડમાં પ્રશિક્ષણ સંસ્થાઓ સાથે સંબંધ ધરાવતી વ્યકિતઓને નિમવામાં આવી.

આ સરકારી બોર્ડ અભ્યાસક્રમમાં ફરી જોઇતા ફેરફારો કરીને કિંડરગાર્ડન અને મોન્ટેસોરી ધોરણે ચાલતી પ્રશિક્ષણ સંસ્થાઓને ઘણે અંશે સમાન બને એવો શિક્ષણ ક્રમ યોજ્યો. આ બે સંસ્થાઓની કાર્ય પધ્ધતિમાં રહેલો ફેરફાર ધ્યાનમાં લઈ કાર્યપધ્ધતિ અંગેનો અભ્યાસક્રમ જુદો જુદો રાખવામાં આવ્યો. બોર્ડમાં આ કાર્યને લીધે પૂર્વ પ્રાથમિક પ્રશિક્ષણની પ્રગતિનો પાયો નખાયો એમ કહેવાય. પણ પછી ૧૯૫૨ માં સરકારી ધોરણમાં તરતજ અનુષ્ટ એવો ફેરફાર થયો. આર્થિક કરકસરના નામે પૂર્વપ્રાથમિક કેળવણી એ રાજ્ય સરકારની જવાબદારી નથી તેવી સમજણથી સરકારે પૂર્વપ્રાથમિક શિક્ષણ નિયંત્રણ બોર્ડ બંધ કર્યું અને તેમનું કામ સરકારી શિક્ષણ ખાતામાં આપવામાં આવ્યું. આ ખાતા પર રૂપીયા ચાલીસ હજાર જેટલું ખર્ચ કરવાની મર્યાદા સરકારે મુકી દીધી અને એમાં જે કંઈ થઇ શકે તેટલું જ કરવાનો સરકારે નિશ્ચય કર્યો.

દરમ્યાન પૂર્વ પ્રાથમિક સંસ્થાઓ તો વધતીજ ગઇ. સરકારી પ્રોત્સાહનનો અભાવ છતાં લોકોની પ્રેરણાથી એ સંસ્થાઓમાં વધારો થયો. પ્રશિક્ષણ સંસ્થાઓમાં પણ વધારો થયો. વિલેપાર્લે, વડોદરા, અમદાવાદમાં એમ ત્રણ નવી પ્રશિક્ષણ સંસ્થાઓ નીકળી. અત્યારે આ બાબતમાં લોકોનો દિવસે દિવસે વધુ ઉત્સાહ અને બીજી બાજુએ સરકારનો વધતો નિરૂત્સાહ એમ વિપરીત ચિત્ર ખડું થયુ છે. તેથી આ ક્ષેત્રના વિકાસ માટે જે કાર્ય કર્તાઓએ પારતંત્રના સમયમાં પોતાની જાતની પરવા કર્યા વગર જે પ્રયત્ન કર્યા તેઓએ સ્વાતંત્ર્યના કાળમાં આ ચળવળ માટે ઘણું કષ્ટ ઉઠાવ્યું તેઓને સ્વાતંત્ર્યના કાળમાં જે આ ચળવળ જે રીતે રૂંધાઇ ગઇ તે જોઇને ચિંતા ઉભી થઇ છે. આજ પરિસ્થિતીમાં મુંબઈ રાજ્યનું વિસ્તરણ થયું. તેથી નવો પ્રદેશ અને નવી પૂર્વપ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓનો આ રાજ્યમાં ઉમેરો થયો. આ સંસ્થાઓએ નવું મંત્રી મંડળ શું કરે છે, તે જાણવા માટે આ ક્ષેત્રના કાર્યકર્તાઓને ઉત્સુક કર્યા છે. એવે વખતે માધ્યમિક કેળવણી સલાહકાર મંડળ રચવાની સરકારે જે ઘોષણા કરી તે

બધાયે આવકારી છે. સરકારી નવા ધોરણનું આ પૂર્વ ચિન્હતો ના હોય ?

માધ્યમિક કેળવણી કરતાં પણ પૂર્વ પ્રાથમિક કેળવણી માટેના આ બોર્ડની તે પ્રમાણેજ આ કેળવણીના પ્રશ્ન માટે સહાનુભૂતિ રાખનાર સરકારી ધોરણની વધુ જરૂર છે. સરકારે પૂર્વપ્રાથમિક શિક્ષણ અને પ્રશિક્ષણના ક્ષેત્રમાં જેઓને વધુ અનુભવ છે એવી વ્યકિતઓનું એક પૂર્વ-પ્રાથમિક શિક્ષણ નિયંત્રણ મંડળ નિયુકત કરવું અને તેના મારફત ઉપરની બાબતો તુરતજ શરૂ કરવી. (અમલમાં મૂકવી.)

(૧) પૂર્વપ્રાથમિક પ્રશિક્ષણ સસ્થાની તેની વાસ્તવિક જરૂરીયાતો અને મૂશ્કેલીઓ શું છે તે સમજીને બોર્ડિક પ્રાથમિક શિક્ષણ સંસ્થા પ્રમાણે તેમને આર્થિક સહાયતા દેવાનું ધોરણ અમલમાં મૂકવું.

(૨) પ્રત્યેક પ્રશિક્ષણ સંસ્થાને સાધન સંપન્ન અને આદર્શ એવી પ્રેકટીસીંગ શાળાની જરૂર હોય છે. આ શાળા કયા ધોરણે ચલાવવી અને તેનું સ્વરૂપ કેવું હોવું જોઇએ, તે સંબંધી નિર્ણય લઇને પ્રશિક્ષણ સંસ્થાઓની આવી શાળાઓ, સરકારે વિશેષ સાધ્ય કરવી.

(૩) રાજ્યની સર્વ પ્રશિક્ષણ સંસ્થાનો શિક્ષણક્રમ મંગાવીને આ શિક્ષણ બાબત અમુક સમાન ભૂમિકા નિર્માણ કરીને, બાકીની બાબતોમાં તે દરેક સંસ્થાને પોતપોતાની વૈચારીક ભૂમિકા પ્રમાણે કેટલે સુધી સગવડતા આપી શકાય તેનો વિચાર કરવો. હાલ મોન્ટેસોરી અને કિંડરગાર્ડન આ ધોરણે ચાલતી સંસ્થાઓ જેમ તેમની કાર્યપદ્ધતિ બાબત સ્વતંત્ર રાખવામાં આવી છે તે પ્રમાણે આજ ધોરણ નવીન સંસ્થાઓને પણ લાગુ કરી શકાય કેકેમ તે જોવું. તેને માટે આ સર્વ સંસ્થાના પ્રતિનિધીઓની એક સભા બોલાવવી અને તે સંબંધી નિર્ણય લેવો.

(૪) ઉપરનું ધોરણ નકકી, થયા પછી અધ્યાપન શિક્ષણ ક્રમની ફરીથી તપાસણી કરવી અને તેમાં આવશ્યક ફેરફાર કરવાની વ્યવસ્થા કરવી.

(૫) પૂર્વપ્રાથમિક ક્ષેત્ર આપણા દેશમાં નવીન હોવાને કારણે આ સંસ્થાના અધ્યાપક વર્ગમાં જે જે પ્રકારે વિચાર વિનિમય થતો રહેશે તેમ તેમ પોતપોતાના અનુભવોનો પણ વિનિમય થઈ શકશે. એક બીજાની સંસ્થામાં ચાલતા કાર્યની કલ્પના પણ મેળવી શકાય તેવી સગવડ કરી આપવી જરૂરી છે આ બાબતને (૧) અધ્યાપકો માટે વચ્ચે વચ્ચે સેમિનાર અથવા ચર્ચા પરિષદ યોજીને (૨) આ કાર્ય માટે ભરવામાં આવતી સભા પરિષદોને ઉત્તેજન આપીને (૩) પ્રાત્યક્ષિક પરીક્ષા લેવા માટે એક સંસ્થાના અધ્યાપક વર્ગને બીજી સસ્થામાં મોકલીને (૪) આ ક્ષેત્રમાં સંશોધનોને અને અદ્યતન સાહિત્યને માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા કરીને–સારૂં પ્રોત્સાહન આપી શકાય (૫) પરીક્ષાના તંત્રમાં એક સુચના લાવવાની દૃષ્ટિથી, હાલ જે પ્રમાણે શિક્ષણ અધિકારીઓ પાસે તેની વ્યવસ્થા છે તે પ્રમાણે ન રાખતાં તે બોર્ડના હાથમાં સોંપવી. અધિકારી વર્ગની બદલી થવી અપરિહાર્ય હોય છે પરંતુ બોર્ડ પાસે તે વ્યવસ્થા જવાથી તેના ધોરણમા એક સૂત્રતા રહેશે.

(૬) પૂર્વપ્રાથમિક સંસ્થાનુ નિરિક્ષણ, અને તેને આપવામાં આવતી આર્થિક સહાયતા – તે સંબંધી સરકારને સલાહ આપવાનું કાર્ય પણ આ બોર્ડને સોંપવું.

પૂર્વપ્રાથમિક શિક્ષણના બોર્ડની નિયુકતીને કારણે પૂર્વ-પ્રાથમિક શિક્ષણની પ્રગતિને અનેક પ્રકારે ઉત્તેજન મળવાની શકયતા છે. પૂર્વપ્રાથમિક શિક્ષણ સંબંધી લોકોને લાગતી જરૂરીયાતો ધ્યાનમાં લઇને નવીન મંત્રીમંડળે પોતાનું ધોરણ જલ્દીથી બદલવું એવી અમારી નમ્ર સૂચના છે.

તો પછી એ રડે છે કેમ ?

'—એને શું, જોઇએ છે ?'

'એને તો...'

'—શું રમકડાં જોઇએ છે ?'

'ના !'

'ત્યારે શું મીઠાઈ માગે છે ?'

'ના !'

'—ત્યારે એને જોઇએ છે શું ?'

'—એ કહે છે કે બધાનો ભલે ગ્રુપ ફોટો પાડો પણ મારો ખાસ જુદો પોઝ લ્યો...'

'જુદો પોઝ કેમ ?'

'એ કહે છે કે બીજા છોકરાઓએ નવી સ્ટાઈલના પોઝ પડાવ્યા છે તો મારે પણ એવો જ પડાવવો છે.'

'આટલી બધી હઠનું કારણ ?'

'કારણ છે માત્ર વેન્ગાર્ડ પોઝ !'

.....★ ફોટોગ્રાફી ★ પેઇન્ટીંગ.....
★ એન્લાર્જમેંટ ★ ફ્રેમીંગ
વેન્ગાર્ડ સ્ટુડીયો
ઉલપ, ઠાકોરકાર પોટ સામે, સુરત

બાળક અને કળા

બાળકો જેમ ચિત્રો કરે તેમ કરવાં દેવાં જોઈએ અથવા આપણે શીખવવું જોઈએ.

દરેક બાલમંદિરમાં બાળકોને જુદી જુદી કળાઓની પ્રવૃત્તિઓ તો અપાય જ છે. આ પ્રવૃત્તિઓમાં બાલકોને આનંદ આવે છે તે પણ બધાના અનુભવની વાત છે.

શિક્ષણના ક્ષેત્રમાં એજ નવાં નવાં સંશોધનો થતાં જાય છે નવા નવા મૂલ્યો રચાતાં જાય છે. સાથે સાથે નવા નવા સાધનો પ્રવેશતાં જાય છે.

બાળકળાના ક્ષેત્રમાં તો ઘણા મુળભૂત ફેરફારો થયા છે. હજી આપણા દેશના બાલમંદિરોમાં આ નવા વિકાસની અસર થવાની બાકી છે એમ લાગે છે.

વિકાસ

પહેલાંની શિક્ષણ પ્રણાલીમાં કલા પ્રવૃત્તિને સ્થાન ન હતું. પછી ધીરે ધીરે થોડા શિક્ષણ શાસ્ત્રીઓએ કલાની પ્રવૃત્તિને સ્વિકારી. આ વેળાએ કલા માત્ર ચિત્રશકિત જેવી કલા કરવાની શકિતઓ કેળવવા માટે જ વપરાવા માંડી. આ ગાળામાં બાળકને અમુક ચોક્કસ આકારો રંગઓજનાઓ અને રેખા કૌસલ્ય પ્રાપ્ત કરવાનો યત્ન જ કરવો પડતો.

પછી ધીરે ધીરે રીઝા, ચીયકે, અને મહોલી નાગી જેવા મુકત પણે ચિત્ર કરવાની પદ્ધતિને વાપરનાર કલાકારોએ બાળકોના મુકત રીતે ચિત્રો કરાવવાના અખતરા કર્યા. આ મુકત ચિત્રો બાળકના અંતરની લાગણીઓ બહાર લાવે છે, એના અંતરના સંઘર્ષોને હળવા કરીને ઉકેલે છે, સર્જન કાર્યનો અનહદ આનંદ આપે છે અને મુકત કાર્યની સરલતાથી સ્નાયુઓની શકિતઓનો વિકાસ કરે છે.

આ શિક્ષણશાસ્ત્રીઓના અખતરાથી આખા યુરોપ અને અમેરીકાની કલાશિક્ષણ પ્રત્યેની દૃષ્ટિ બદલાઈ છે.

આપણા દેશમાં પણ કોઇક કોઈક શાળાઓમાં મુકત પણ ચિત્ર કરવાની પ્રવૃત્તિને સ્વીકારવામાં આવી છે એક વાર ગુરુદેવ રવિન્દ્રનાથ વિએનામાં ચિયકેની બાલકલા શાળામાં ગયેલા અને ત્યાં એમના મનપર મુકત કલાપ્રવૃત્તિએ ભારે અસર કરેલી તેથી જ શાન્તિનિકેતનની શાળાઓમાં સૌથી પ્રથમ આ પધ્ધતિનો સ્વિકાર થયો. શાન્તિનિકેતનના કાર્યકરોએ આ પ્રવૃત્તિને દેશનાં જુદાં જુદાં કેન્દ્રોમાં સ્થાપિત કરી.

આ નવી પદ્ધતિ બાળકના મનને મુખ્ય કેન્દ્ર ગણીને કાર્ય કરવાની પદ્ધતિ છે. એમાં બાળકને જાતે વિકાસ સાધવાની મોકળાશ કરી આપવામાં આવી છે.

બાલ કલા શા માટે ?

૧. **સર્જનનો આનંદ**—દરેક વ્યકિતને થાય છે. અને તેથી જ બાળકને મૌલિક સર્જન કરવાની સગવડ આપવી જોઇએ—સાધરણ રીતે આપણે ઘોડાનું ચિત્ર બાળકની સામે મુકીએ અને પછી એની અનુકૃતિ કરવાનું કહીએ. આ રીત ખોટી છે બાળકના અંતરમાં ઘોડાની કલ્પના છે. એની ઘોડા માટે લાગણીઓ છે. અને ઘોડાના રૂપની ચોકકસ અસર છે. એને અવકાશ આપવા માટે મુકત રીતે ચિત્ર કરવા દેવું યોગ્ય જણાય.

૨. **મનની ગુંચનો**—ઉકેલ લાવવાના ઉપાય તરીકે માનસશાસ્ત્રીઓએ મુકત કલાપ્રવૃત્તિનો ઘણો ઉપયોગ કર્યો છે. બાળકો માટે તો આ રીત આશિર્વાદ રૂપ છે—આ દાખલાથી ઉપરનો મુદ્દો તદ્દન સ્પષ્ટ થઇ જશે. સુનિલ કરીને એક મિત્રનો દીકરો કમાટી બાગ જોવા ગએલો. મોટા અજગરને જોવા ગયો ત્યારે એના સાથીઓએ એની બીક લગાડી. એની બાને આ વાતની ખબર નહી, પણ આ પ્રસંગ પછી સુનિલ લગભગ દરરોજ રાત્રે ઉધમાંથી ઝબકી ઉઠે ને સાપ સાપ કરીને રડે. આથી એના ઘરમાં ઘણી ચિંતા ઉભી થઈ. સુનિલને તે અઠવાડીએ અમારી બાલકલાકેન્દ્રમાં મોકલવાની શરૂઆત થએલી. સુનિલ તદ્દન મુકત રીતે ચિત્રો કરતો એ હમેશા પીળા લીસોટા કરી એની ઉપર સફેદ લીટા કરી ઢાંકી દે. એમાં ઘણાં ચિત્રોમાં આ પ્રતિક એવડાતું. ધીરે ધીરે એને ચિત્રભાવે ખુબ સુહ્રતાથી સવાલો પુછતાં જણાયું કે એ સાપનું ચિત્ર પાડતો હતો અને સફેદ જાળીમાં પુરી દેતો હતો. આ જ ચિત્ર પ્રવૃત્તિમાંથી એણે જાતે જ ધીરે ધીરે સાપની બીક કાઢી નાખી. ચિત્રમાં પાંજરામાં પુરાએલા સાપે એના મનના સાપની બીકપર કાબુ મેળવ્યો.

૩. **સ્નાયુ વિકાસ અને સ્નાયુ સંચલન :** સ્નાયુ વિકાસ અને સ્નાયુ સંચલનની ક્રિયામાં મુકત કલા ઘણી ઉપયોગી થઇ પડે છે. બાળક પોતાની શકિત અને જરૂરત પ્રમાણે પોતાનું કાર્ય રસપૂર્વક કરતું રહે છે. અને ચાલુ કાર્યમાં જ સહજ રીતે એ સ્નાયુ સંચલન સારી રીતે કેળવી શકે છે. આ કારણથી બાળકોને ચિત્ર કરવાનો કાગળ જરા મોટો જોઇએ. મોટા કાગળ પર બાળકને સ્નાયુ સંચલનમાં અખતરા કરવાનું મોકળું ક્ષેત્ર મળી રહે.

૪. કલાના ક્ષેત્રની પહેચાણ કરવાની સૌથી સારી શરૂઆતી બાલ્ય કાળમાં થઇ શકે.

આપણે આપણી આજુબાજુ રહેતા લોકો ઉપર નજર નાખીએ તો સહુજે ખબર પડશે કે કલાની બરી ખૂબીઓ બહુ થોડા લોકોને ખબર પડે છે. જો બાલ્ય કાળથી આ પ્રવૃત્તિ સાથે આ વ્યકિતઓને પરિચય હોત તો ઘણો ફેર પડત. સારી શાળાઓમાંથી ભણીને મોટા થએલી વ્યકિતઓમાં વ્યકતવ્ય વાણી, અભીરૂચી રાચરચીલા અને ઘરમાં આ વાતની સ્પષ્ટ છાપ જણાય છે.

મુકત બાલકલા પ્રવૃત્તિનાં નીચેના ચાર મુદ્દા અગત્યના છે.

૧. સર્જનનો આનંદ
૨. મનની ગુંચનો ઉકેલ
૩. સ્નાયુસંચાલનનો વિકાસ
૪. કલાક્ષેત્રની શરૂઆત

સાધનો :

૧ મોટા કાગળ : છાપાનાં અરધા માપના કાગળ યોગ્ય ગણાય. પણ ઘણી શાળાઓને તો મોંઘા પડી જાય તો છપાએલાના છાપના કાગળો પણ ચિત્ર કરવામાં વાપરી શકાય. આર્થિક રીતે આ તદ્દન બીન ખર્ચાળ સાધન છે. ગામડામાંએ પણ ન મળે તો મોટી જમીનના વિસ્તાર પર રેતી કે ધૂળમાં આંગળીથી કરેલાં ચિત્રો પર અમુક અંશે ગરજ સારે છે. બાસ મુદ્દો ફલક વિસ્તારનો છે. ડ્રોઇંગ પેપર બાલકલા માટે જરા પણ યોગ્ય કાગળ નથી. જરા જાડો ન્યુઝપ્રીન્ટ–છાપાં છાપવાનો કોરો કાગળ–ઘણો યોગ્ય. છે.

૨ રંગ : રંગીન ચાક, ગેરુ, કોલસા કપડા રંગવાના કાચા અને ભપકાદાર રંગ સસ્તા ભાવના ડીસ્ટેમ્પર રંગની ભુકકી ગુંદરના પાણીમાં નાખવાથી યોગ્ય રંગ થાય છે. શેર રંગનું પાકીટ દોઢથી બે રૂપીયામાં મળે. માટીના ભપકાદાર રંગો પણ એથી અઢી રૂપીયાના ભાવે મકાન રંગવાનો સામાન વેચતી–હાર્ડવેર–દુકાનમાં મળી શકે.

૩ પીંછી : સસ્તામાં સસ્તી પીંછી દાતણની છેડે રૂ બાંધીને બનાવાય બાળકોને હમેશાં પહોળી પીંછીઓની જરૂર છે!

૪ આંગળી રંગો : આ રંગો આપણામાંના ઘણા કાર્ય કરો માટે નવા હોઈ શકે. પાતળી ઘઉંની લાઇમાં થોડી સાબુની ભુકકી નાખી અંદર જોઇતો ડીસ્ટેમ્પર રંગ નાખવાથી સરસ રંગીન લાઇ બને. આ રંગ નાનાં બાળકોને આંગળીથી કાગળ પર લીસોટા કાઢવાની કલાપ્રવૃત્તિ કરવા આપવાથી સ્પર્શ, ગતિ અને સર્જનનો આનંદ એક સાથે મળે છે. પણ નાનાં બાળકો રંગ મોંમાન ઘાલેએ જોવું બાસ જરૂરી છે. બીન હાનીકારક રંગો પણ આવે છે. પણ આપણા દેશમાં જોઇએ એટલી સહેલાઇથી મળતા નથી.

૫ કાઢમાલ : ચિત્રપ્રવૃત્તિ એટલે માત્ર સપાટ કાગળ ચિત્ર કરવાની પ્રવૃત્તિ નહિ પણ જુદા જુદા પદાર્થોમાંથી રૂપ યોજવાની પ્રવૃત્તિ ગણવી આજુબાજુ રખડતાં બોખાં, તાર, કપડાં, ટાંકણીઓ, ડાળીઓ અને દોરીમાં બાળકો વ્યકિત ગત રીતે કે સામુહિક રીતે સુંદર આકૃતિઓ બનાવી શકે. આ પ્રવૃતિમાંથી સર્જનનો આનંદ સારા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે.

૬ બેઠકની જગ્યા : બાળકને ચિત્ર કરવાની ઘોડીકે એવાં બીજા કોઇ સાધનની જરૂર નથી. જમીન પર કાગળ પાથરીને જમીન પરજ બેસીને એ ચિત્ર કરી શકે. ખુબ સમૃદ્ધી એવા મ્યુઝીઅમ ઓફ ગાર્ડન આર્ટમાં પણ બાલ કલા-વિકાસમાં બાળકોને આજ રીતે બેસાડવામાં આવે છે. એવું મે વાંચ્યું છે.

આજ વિષયના બીજા લેખમાં સાધનોનો ઉપયોગ અને પ્રવૃતિ સંચાલન વિષે વિગતો આપવાનો યત્ન થશે.

રમેશ કોઠારી.

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....



* બરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળપ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે.

ઇનો પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :

એમ. એમ. ખંભાતવાળા

રાયપુર. અમદાવાદ.

○

: એજન્ટસ :

સી. નરોત્તમ એન્ડ કું.

મંગલદાસ રોડ, મુંબઈ–૨

ટે. નં. ૩૦૪૭૫ M. P. S.

પૂર્વ પ્રાથમિક ભાષા–શિક્ષણ

લેખાંક ૧ લો : ભાષા વિકાસ કેમ થાય છે.


માનસશાસ્ત્રની પરિભાષામાં ભાષા એટલે એક બીજા સાથે વિચાર વિનિમય અંગેનો વર્તનનો પ્રકાર. ભાષાની આ વ્યાપક વ્યાખ્યા પ્રમાણે વિચારવિનિમય માટે કરવામાં આવતો શારીરિક અંગ વિક્ષેપને અને સુચક હાવભાવને પણ આપણે ભાષા કહેવી પડશે. આપણા દેશમાં 'કર–પલ્લવી' અને 'નેત્ર–પલ્લવી' નામથી પ્રસિદ્ધ એવી ભાષા આ પ્રકારમાં મુકી શકાય. પરંતુ આ પ્રકારનો ભાષા વર્તનનો વિચાર અહીં ન કરવાની હોવાથી સર્વસામાન્ય વિચાર વિનિમયનો જે શબ્દમુલ ભાષીક પ્રકાર છે તેનો વિકાસ કેમ થાય છે તે જોવાનો છે. આ પ્રકારમાં અર્ભકના મૂલભૂત ઉચ્ચારના વિકાસનું સ્વરૂપ, મૌખીક શબ્દ–વિસ્તરણ: તથા શબ્દ–સંકેતનું આકલન તથા પ્રકટન કરવાની પાત્રતા શેના પર અવલંબે છે. તે જ પ્રમાણે આ ભાષિક વિકાસમાં બાળકના આજુબાજુના વાતાવરણનો ભાગ કેટલો અનુવંશીક ભાગ કેટલો વગેરે બાબતોનો વિચાર કરવો ભાષા–શિક્ષણની યોજના માટે આવશ્યક છે.

ભાષિક વિકાસનું મહત્વ

બાળકમાં ભાષિક વિનિમય કૌશલ્યનું મહત્વ અનેક દૃષ્ટિથી કહી શકાય. ભાષા અને સંસ્કૃતિનું પરસ્પર આવલંબન એટલું બધું હોય છે કે તેઓ એક બીજા વગર પ્રગતિનુ એક પણ પગલું ભરી શકતાં નથી. બાઇબિલમાં ભાષા અને સંસ્કૃતિનો સંબંધ સ્પષ્ટ કરનારી બેબીલોનના મિનારાની એક વાત છે. બેબીલોનના લોકો ખુબ સુખી અને સમૃદ્ધ હતા. એક દિવસ તેમણે આકાશનું સ્વર્ગ પ્રત્યક્ષ શોધવાના વિચારથી એક ઉંચો મિનારો બાંધવાનું નક્કી કર્યું. મિનારાનું પ્રચંડ કામ શરૂ થયું. દેશદેશના કરોડો મજૂરો આ કામ માટે બેબીલોન આવ્યા, મિનારો ઠીક ઠીક ઉંચો ગયેલો દેખાયો. પરતુ મિનારનું કામ ખુબ ઉંચું ગયા પછી એક દિવસ એવો આવ્યો કે તે દિવસે એક-બીજા સાથે શું બોલવું તે કોઇને ખબર પડે નહિ તેથી એક બીજાંના હુકમો કોઇને જ સમજાય નહિ એવું બન્યુ. લાખો લોકોના કામમા એટલો ગોટાળો ઉભો થયો કે કોઈ એક બીજાને મદદ ન કરી શકે. આખરે મિનારો ત્યાંનો ત્યાંજ અટકયો અને બેબીલોનના લોકોને સ્વર્ગ મળવાનું રહી ગયું. ભાષા એટલે સંસ્કૃતિના દેહમાનું લોહી, લોહી વગર જેમ દેહનું કાર્ય ચાલુ રહી શકતું નથી તે જ પ્રમાણે સંસ્કૃતિનું કાર્ય ભાષાની મદદ વગર થઇ શકતું નથી. પ્રગત સંસ્કૃતિની ભાષા પણ પ્રગત તેજ પ્રમાણે પછાત સંસ્કૃતિની ભાષા પણ પછાત, રહેલી જણાય છે.

જે બાળકનુ ભાષિક કૌશલ્ય, લેખન અને વાંચનમાં પ્રગતિ થતી નથી. તેના સામાજીક જીવનમાં તેને અનેક મુશ્કેલીઓ આવે છે. સમાજ સાથે તે સહકાર સાધી શકતો નથી. તે અસહાય બને છે અથવા એકલો પડે છે. તે પોતાની જરૂરીઆતો બીજાને કહી શકતો નથી. અને બીજાની જરૂરીઆતો તે સમજી શકતો નથી. તેને લીધે તેનો સમાજ સાથે સંબંધ રહેતો નથી. આપ સંબંધ તૂટે એટલે આવા બાળકનો મનોવિકાસ થઈ શકતો નથી. પ્રગતિના બધા રસ્તા બંધ થઈ જાય છે.

એનાંથી ઉધુ પોતાના વિચારો વ્યકત કરવા માટે યોગ્ય શબ્દ જેને યોજતાં આવડે છે. તે સમાજ ઉપર મોટો પ્રભાવ પાડી શકે છે. સાચી વ્યકિત બરાબર ખ્યાલ મળે એવી




શબ્દ યોજના થાય તે માટે શબ્દના સર્વ સામાન્ય સંકેત વ્યકિતને આવડવા જોઇએ. બાલકના મનમાં તે તે શબ્દનો સમાજે માન્ય કરેલા શબ્દોના અર્થબોધ ઉત્પન્ન થાય તો જ તે એ શબ્દોનો ઉપયોગ કરી શકે. ભાષાશિક્ષણ એ આ અર્થમાં એક પ્રકારનું સામાજીક જ્ઞાન છે. સમાજને સમન્વય છે તે શબ્દો પોતાના કર્યા સિવાય ભાષા પ્રભાવી બની શકતી નથી. લોકોની ભાષા સમજ્યા વગર કોઈ લોકો સાથે સહકાર સાથી શકતા નથી. આધુનિક લોકશાહી સમજમાં ભાષિક વિકાસને અધિકાધિક મહત્વ પ્રાપ્ત થતું જાય છે.

અર્ભકાવસ્થામાં ઉચ્ચારનો વિકાસ.

મોટેરાંઓના શબ્દોમાંથી અર્ભકો ભાષિક ઉચ્ચાર શીખતાં હોય છે. આ ઉચ્ચાર જલ્દીથી શીખવો અથવા ન આવડવા એ બે બાબતો પર અવલંબે છે. તેમાંની એક એટલે ઉચ્ચાર કરવાની પાત્રતા એ બાળકમાં શરીર–મજ્જા વિષયક આંતરિક પકવીભવન પર અવલંબે છે. સ્નાયું મજ્જાતંતુનો યોગ્ય વિકાસ થયા વગર ઉચ્ચાર કરવાની પાત્રતા આવવી નથી. બાળકની ઉચ્ચાર પાત્રતાનો સંબંધ બાળકની ગ્રહણશકિત સાથે પણ હોય છે. અર્થાત ગ્રહણ શકિતને યોગ્ય એવા વાતાવરણની જરૂર હોય છે. જ્યાં બાળકની આજુબાજુની વ્યકિતઓમાં નિશ્ચિત સ્થિર એવી એક ભાષા સ્વાભાવિક હોય છે. ત્યાં ઉચ્ચાર ગ્રહણનું કાર્ય બાલક સારી રીતે કરી શકે છે. આ સમયે અર્ભકના કાન પર જે ભાષા પડશે. તેમાંના મૂલભૂત ઉચ્ચાર તે અત્યંત સંપૂર્ણ રીતે આત્મસાત કરી શકે છે. મોટેરાંઓની ભાષામાં જે ઉચ્ચાર આવતાં નથી એવા ઉચ્ચાર કરવાની બાળકની પાત્રતા નષ્ટ તો થઈ જાય છે. પણ એ પાત્રતા આગળ ઉપર મોટપણે પણ આવી શકિત નથી એવું દેખાય છે, દા. ત. જે ભાષામાં 'ળ' અથવા 'ચ' (વિશિષ્ટ મરાઠી ઉચ્ચાર) ન હોય તો તે ભાષાના લોકોને આગળ ઉપર મોટપણમાં પણ આ ઉચ્ચાર કરવાની પાત્રતા મેળવવી લગભગ અશકય બને છે. શુદ્ધ ઉચ્ચારના ભાષિક વાતાવરણ ઉપર અવલંબે છે. એ બાબત ભાષાશિક્ષણ યોજનાની દૃષ્ટિથી ખુબ મહત્વની છે.

સામાન્ય રીતે પહેલાં વર્ષમાં વ્યંજનના ઉચ્ચારની સંખ્યા કરતાં સ્વરના ઉચ્ચારની સંખ્યા વધુ હોય છે. બીજા વર્ષમાં વ્યંજનના ઉચ્ચારની સંખ્યા સ્વરના ઉચ્ચાર કરતાં વધવા લાગે છે. આ વર્ષના સુમારે ઘણા ખરા બાળકો બધાં સ્વરના ઉચ્ચાર અને બે તૃતીયાંશ વ્યંજનના ઉચ્ચાર કરી શકે છે. બાકી રહેલો વ્યંજનના ઉચ્ચાર પ્રાપ્ત કરતાં એવુ અથવા પાંચમું વર્ષ પણ લાગે છે.

નિર્બળ મનઃસ્થિતિના બાળકની ઉચ્ચાર–પ્રગતિ પણ ખુબ જ મંદ હોય છે. જેનો બુદ્ધિયાંક ઓછો હોંય છે એવા ચાર વર્ષના બાળકની ઉચ્ચાર પાત્રતા એક વર્ષના સમધારણ બાળક જેટલી હોય છે. આવા બાળકના શરીર મજ્જા-



વિષયક પકવનનો વેગ ખૂબ મંદ હોય છે. એના પર ભાષિક વાતાવરણનું કંઇજ પરિણામ દેખાઈ આવતું નથી. જ્યારે સમધારણ બાળક ઉપર ભાષિક વાતાવરણનું સારૂં પરિણામ દેખાઇ આવે છે. સામાન્ય રીતે જે કુટુંબની સામાજીક અને આર્થિક પરિસ્થિતી ઉચ્ચી કક્ષાની હોય છે. એવા કુટુંબના બાળકની ભાષા પણ વધુ પ્રભાવી દેખાઈ આવે છે. આ બાળકોના ઉચ્ચાર વધુ શુદ્ધ હોય છે. વિચાર વિનિયમ શકિત વધુ વ્યાપક હોય છે. જૈન અથવા વાણિયા કુટુંબના બાળકની ઉચ્ચારની શુદ્ધતા તે કુટુંબના ઉચ્ચાર–શુદ્ધિના સ્વાભાવિક વાતાવરણને લીધે કેવી હોય છે તેનો પુરાવો આપણને મળી આવે છે. આ વર્ગનાં બાળકની ભાષિક શ્રેષ્ઠતા એકથી દોઢે વર્ષના સુમારે જ સ્પષ્ટપણે દેખાઇ આવે છે. આ બાળકના ભાષિક પ્રગતિનો પાયો યોગ્ય સમયે નખાયાથી તેમની શિક્ષણની આગળની પ્રગતિને પણ તેનો ફાયદો થાય છે. એવાથી ઉંધું યોગ્ય વાતાવરણના અભાવે જેમની ભાષિક પ્રગતિ પછાત રહી જાય છે તેમની આગળની શૈક્ષણિક પ્રગતિ પણ મંદ ગતિથી જ થાય છે.

બાલકના મૌખિક શબ્દકોષનો વિકાસ

બાળકની વધતી વયના શબ્દકોષના વિકાસ તરફ હાલમાં વાલી, બાળકના રોજનીશી લેખક અને સંશોધકોનુ લક્ષ ખેંચાયું છે. બાળકને શબ્દકોષનો વિકાસ એ મનોવિકાસનું લક્ષણ છે. ખાસ કરીને શરૂઆતના શબ્દકોષમાં બાળક કયો શબ્દો પ્રાપ્ત કરે છે. આ એક કુતુહલનો વિષય છે. બારથી પંદર મહિનાની આસપાસ બાળકનો શબ્દ સંબંધેનો બોધ (સામાન્યબોધ) નિશ્ચિત થતો દેખાય છે. શરૂ-આતમાં બાળકો કુટુંબના મોટેરાંઓના શબ્દ, વિશિષ્ટ વસ્તુ, ક્રિયા અથવા પ્રસંગોના અનુસંધાનમાં ઓળખવાનો પ્રયત્ન કરે છે. ત્યારપછી પોતાના અવબોધોને (પ્રાથમિક અર્થ) વ્યકત કરવા માટે યોગ્ય એવા શબ્દનો તે ઉપયોગ કરવાં શીખે છે, આ બંને ક્રિયામાંથી તેમના શબ્દોનો અર્થ સંકેત વિકસે છે. ખુબજ નાનો શબ્દકોષ હોય તો પણ તે ભાષિક વિનિમય કરી શકે છે. આ પૂછો "પાણી?" બાળક તેને ઉત્તર આપે છે–"દૂધ" મા તે ઓળખીને તેને પાય છે. બાળકનુ બધું ઇચ્છા પ્રમાણે થવાથી તે આનંદિત બને છે અને તે દૂધ પી જાય છે. અહીં બાળક પોતાના વિચાર ગણ્યા ગાંઠયા શબ્દોમાં જ કેવી રીતે ચોકસ અનુસંધાનમાં જ વ્યકત કરે છે તે દેખાઈ આપે છે.

શરૂઆતમાં તે કાંઈ શબ્દો વાપરે છે. તેનો અર્થ ખૂબ ખુબ મર્યાદિત હોય છે. "તૂ તૂ" કહે તો તેને અર્થ સામાન્ય રીતે બધા કુતરા આ અર્થમાં તે ઓળખતો નથી. તેનો અર્થ સંકેત તેના પાળેલા "કુતરો"ને ઓળખવા પૂરતો જ મર્યાદિત હોય છે. "બાપા" એટલો કેટલાંક દિવસ કોઇ પણ પુરૂષી પોસાક પહેરેલી વ્યકિત એટલોજ બાળકો બોધ હોય છે, ધીમે ધીમે આ બોધ સ્વાનુભવથી વધતો જાય છે. શબ્દ એટલે બીજા લોકોને પોતાના "બોધ"નું જ્ઞાન કરી આપવા માટે યોજવામાં જ આપનારા પ્રતિકો, આ પ્રતિકો સારા ભાષા વિનિમય થતાં પહેલાં બાળકને તે તો પ્રતિકોની અર્થ પ્રતિતી અનુભવો દ્વારા થવી જોઈએ.

ભાષિક વિકાસ સામાન્ય રીતે કેવી રીતે થાય છે. આ અંગે શર્લી નામના અમેરીકન સંશોધકે પોતાનું અવલોકન નીચે પ્રમાણે નોંધ્યું છે.

બીજા સાથે બોલવાનો પ્રયત્ન	૨૫	અઠવાડિયે
ગીતનો સૂર કાઢવો	૩૨	,,
અર્થ સૂચક અવાજ કાઢવો	૩૭॥	,,
વ્યંજનો ચાર	૩૫	,,
પહેલો શબ્દ	૬૦	,,
અનુકરણાત્મક શબ્દ બનાવવા	૬૬	,,
ચિત્ર પરથી નામ કહેવું	૮૪	,,
સર્વનામનો ઉપયોગ	૯૯	,,
શબ્દ સમુહનો ઉપયોગ	૧૦૧	,,
પ્રથમ પૂર્ણ વાકય	૧૦૧	,,

આ પરથી સર્વનામ, શબ્દસમુહ અને વાકયનો ઉપયોગ સામાન્ય રીતે બીજા વર્ષના અંતે કરતાં આવડે છે. એવું જણાય છે. બાળકના શબ્દકોષની સંખ્યામાં સતત વધારો થતો રહે છે. પરંતુ દરેક બાળકના શબ્દકોષની શબ્દ સંખ્યા ખુબ ભિન્ન હોઈ શકે છે વર્ષને આખર ફકત છે. શબ્દથી એકસો છવ્વીસ શબ્દ સુધીનો ઉપયોગ કરનાર બાળકો દેખાઇ આવે છે. બાળકના શરૂઆતના શબ્દો માતાપિતા અંગે, પાળેલા પ્રાણી અને અથવા તેની આગળ જઇને બાધ પધાર્થ, ફર્નીચર અને કેટલીક ક્રિયા અંગેના હોય છે. દુનિયાના ભિન્ન સંસ્કૃતિના બાળકોનો શરૂઆતનો શબ્દકોષ બધે સરખો જણાઇ આવે છે આ ઉપરથી બાળકનો ભાષા વિકાસનો માર્ગ કેવો હોય છે તેની સ્પષ્ટ કલ્પના મળે છે. આગળના લેખમાં પૂર્વપ્રાથમિક વયના બાળકના શબ્દકોષનો વિકાસ કેવી રીતે થાય છે તે જોઈશું.

—શેષ નામલે.

શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને:—

આપનું લવાજમ પુરૂ થયે આપ તુરતજ લવાજમના ૩૧. ૪–૦–૦ મોકલાવી આપશો. વી. પી. ના ખોટા ખર્ચમાંથી બચવા અને સંસ્થાને તે ખર્ચમાંથી મુકત કરવા આપનું લવાજમ — તાત્કાલિક ભરી દેશો.

—વ્ય. સંપાદક.

'ઇંદ્રિય શિક્ષણ'

આ 'શાસ્ત્રીય' શિક્ષણ આધુનિક માનસશાસ્ત્રજ્ઞોએ 'અશાસ્ત્રીય' ઠરાવ્યું છે.

[પૂર્વ પ્રાથમિક શિક્ષણના મૂળભૂત સ્વરૂપ વિષે ચર્ચા થવી જોઇએ ઉદ્દેશથી આ લેખમાળા શરૂ કરવામાં આવી છે. નૂતન બાલશિક્ષણ સંઘના અધિકૃત ધોરણ સાથે આ લેખને સંબંધ નથી. આ લેખમાં વ્યકત કરેલા મત અંગે લેખક પોતે જ જવાબદાર છે. આ લેખ વાંચીને વાંચકોને આ વિષયની બીજી બાજુ રજૂ કરવાની ઇચ્છા થાય તો તેમના લેખને પણ યથા યોગ્ય સ્થાન આપવામાં આવશે. તજ્ઞ વ્યકિતઓએ આ વિષયનું પ્રચલિત મહત્વ લક્ષમાં લઈને આ વિષય અંગે પોતપોતાના મત રજૂ કરવાં એવી આગ્રહ-ભરી વિનંતી છે.—સં.]

ઇંદ્રિયશિક્ષણ આજે બાળકેળવણીનો પ્રતિશબ્દ થઇ બેઠો છે. રૂસોથી મેડમ મોન્ટેસોરી સુધીના ઘણાં પાશ્ચીમાત્ય શિક્ષણકારોએ પોતપોતાની કલ્પના પ્રમાણે આ શિક્ષણનો પ્રચાર કર્યો છે. આપણે ત્યાં પૂર્વપ્રાથમિક કેળવણી કુટુંબ-માંજ થાય એવી વ્યવસ્થા હતી, તેને લીધે સામાજીક દૃષ્ટિથી આ કેળવણીનો વિચાર અહીં થયો નહિ. તેથી બાલોદ્યાન અને મોન્ટેસોરી આ પધ્ધતિઓની અહીં નવીનતા લાગી. ખાસ કહીને મોન્ટેસોરી પદ્ધતિમાં ઇંદ્રિયશિક્ષણને sensory education અને તેને માટે યોજેલાં સાધનોને પ્રાધાન્ય હોવાથી આ પદ્ધતિનો જેમ જેમ વિચાર વધતો ગયો તેમણે ઇંદ્રિયશિક્ષણનો અહીંઆ પૂર્વપ્રાથમિક શિક્ષણનાં ક્ષેત્રનાં સર્વત્ર ફેલાવો થયો છે. અહીંની પ્રશિક્ષણ સંસ્થામાં અભ્યાસક્રમોમાં આ એક મહત્વનો વિષય માનીને તેને યોગ્ય એવું સ્થાન આપવામાં આવ્યું છે. તેને લીધે ઇંદ્રિયશિક્ષણના સાધન વિના પૂર્વપ્રાથમિક શિક્ષણની કલ્પના કરવી કંઈક અંશે અશકય બન્યું છે.

પૂરોગામી પાશ્ચાત્ય પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થામાં છેલ્લા વીસ પચીસ વર્ષથી ઇંદ્રિય શિક્ષણ એવો શબ્દ પણ સંભળાવો નથી. તેનું મુખ્ય કારણ ગયા ત્રીસ ચાળીસ વર્ષમાં માનસશાસ્ત્રમાં જેમ જેમ નવીન સંશોધનો થતાં ગયા છે તેમ તેમ પાશ્ચાત્ય પૂર્વપ્રાથમિક શિક્ષણના સ્વરૂપમાં અને શિક્ષણવિષયક પરિભાષામાં પણ સતત ફેરફાર થતાં ગયાં છે.

Faculty Psychology ના યુગમાં મન એટલે વિવિધ સ્વતંત્ર શકિતનો ભંડાર એવી કલ્પના હતી એને લીધે મનની આ વિવિધ શકિતના વિકાસ માટે જુદી જુદી શૈક્ષણીક યોજના હતી. ઇંદ્રિયનું શિક્ષણ, બુધ્ધિનું શિક્ષણ એકાગ્રતા તથા સ્મરણ શકિતના વિકાસ માટે શિક્ષણ અથવા કલ્પના શકિતના વિકાસ માટે શિક્ષણ આ પ્રકારના શબ્દપ્રયોગો તે વખતે રૂઢ થયો હતો. આગળ ઉપર માનનુ સંચયાત્મક, સંયોજનાત્મક અને એકાત્મક સર્વનિયંત્રક એવું સ્વરૂપ જેમ જેમ માનસ-શાસ્ત્રને સ્પષ્ટ થતુ ગયું તેમ તેમ શિક્ષણ વિષયક પરિભાષામાં પણ ફરક પડતો ગયો છે. સ્મરણશકિત, બુધ્ધી, ગ્રહણ-શકિત અથવા કલ્પનાશકિત આ દરેક સ્વતંત્ર નથી, તેનુ નિયમન, સંઘટન અથવા સંયોજન એ મનની સર્વગામી શકિત તરફથી જ થતું હોય છે. તે બાબત પર જ મનની સર્વ શકિત પ્રભાવી બનીને કેન્દ્રિત બને છે. મન ઉપર જબરજસ્તીથી લાદેલી અથવા રસ ન હોય કે સામાન્યતઃ બુધ્ધિમાન માનેલી વ્યકિત પણ ત્યાં નિર્બુધ નીવડે છે. તેજ પ્રમાણે રસ




પ્રમાણે પસંદ કરેલાં કામમાં એકાદી સામાન્ય વ્યક્તિની પણ નવી બાજુઓ દેખાવા લાગે છે.

એવીજ રીતે ઇંદ્રિયશિક્ષણ આ શબ્દ પણ માનસશાસ્ત્રના જુના યુગનો છે. એકાગ્રતા, સ્મરણશક્તિનું અથવા કલ્પના શક્તિનું સ્વતંત્ર કે જુદું શિક્ષણ આપવું એ જેમ નવા માનસશાસ્ત્રના અજ્ઞાનનું દ્યોતક નીવડે છે તેમ ઇંદ્રિય શિક્ષણ પણ અજ્ઞાનનું દ્યોતક મનાય છે. ઇંદ્રિયની સંવેદન પાત્રતા એ મનની સમગ્ર પરિસ્થીતીપર આધાર રાખે છે આ પાત્રતા સ્વતંત્ર શક્તિ ન હોઈ મનની સમગ્ર યંત્રણાનો સંઘટિત એવો ભાગ છે. સંવેદનાના સ્વરૂપ વિષે આર્થર આઈ ગેટસ પોતાની Psychology for students of education ના પોતાના પુસ્તકમાં લખે છે કે "The facts of sensing is a response of a whole organism specially the brain and not the result of mere stimulation of the sense organ. They are typically combined and cordinated incomplex ways."

સંવેદન એટલે સમગ્ર જીવયંત્રણાનો ખાસ કરીને મનનીય યંત્રણાના જવાબ કોઈપણ ઇંદ્રિયની સામે ચેતક મૂકયાનુ તે પરિણામ નથી. આ પ્રતિક્રિયા વિશિષ્ટ રીતે વિવિધ રીતે સંબંધીત અને અનુબંધિત થતી હોય છે. નવા માનસમાસ્ત્રના યુગમાં આ રીતે ઇંદ્રિયશિક્ષણનો કઈજ અર્થ રહેલો નથી. ઇંદ્રિયશિક્ષણ એટલે હાલના રૂઢ અર્થમાં જ્ઞાનેંદ્રિયના શિક્ષણમાં જ્ઞાનેન્દ્રિયની સંવેદન પાત્રતાનો વિકાસ કરવો અને જ્ઞાનેન્દ્રિયનો સૂક્ષ્મ ઉપયોગ કરતાં શીખવું. આજ આ શિક્ષણ યોજનાનો ઉદ્દેશ છે. પ્રત્યેક વ્યકિતની જ્ઞાનેન્દ્રિયમાં જે સ્વાભાવિક અથવા નૈસર્ગિક શકિત છે, તેનો વધારેમાં વધારે વિકાસ કરવો તથા આ વિકાસદ્વારા સંવેદનમાં જે કંઇ સુક્ષ્મતા આવે તેનો ઉપયોગ જુદા જુદા કામ કરવા માટે વ્યકિતની પાત્રતા વધારવી–એમ બે હેતુ હોવાનું કહે છે.

ઇંદ્રિયશિક્ષણ યોજનામાંનો આ ઉદ્દેશ કેટલે સુધી પાર



પડે છે એ જોતાં પહેલાં સંવેદનના સ્વરૂપ અને આધુનિક માનસશાસ્ત્રજ્ઞો શું કહે છે તે જોઇએ એફ. એલ. ગુડઈનફ, આ અમેરિકાના મીનેસોટા યુનિવર્સિટીમાં સંશોધનનુ કાર્ય કરતા એક અધિકારી માનસશાસ્ત્રજ્ઞ છે. તે પોતાના ડેવલપમેન્ટલ સાયકોલોજી નામના પુસ્તકમાં કહે છે કે 'Sensations are responses of the sense organs and the nerurons associated with them like digesting, breathing, excreting, sensing does not have to be learned but occurs automatically under the appropriate conditions as soon as the organim has reached a certain step of maturity સંવેદન એટલે જ્ઞાનેન્દ્રિય અને તેની સાથે સંબંધિત એવા મજ્જીય ઘટકોનો પ્રતિસાદ, પચન, વ્યસન, અથવા ઉત્સર્ગ આદિ ક્રિયા પ્રમાણે જીવયંત્રણાની વિશિષ્ટ કક્ષાએ પરિપકવના થઈ હોય અને યોગ્ય પરિસ્થિતી પ્રાપ્ત થાય કે સંવેદના આપોઆપ થાય છે. "ગુડઈનફના કહેવા પ્રમાણે જન્મ પહેલાં પણ બાળકમાં બધા પ્રકારની સંવેદનની પાત્રતા થયેલી હોય છે. પરંતુ વિશીષ્ટ પ્રકારની યથાયોગ્ય પરિસ્થિતી જન્મ પહેલાં ન મળવાવી જ્ઞાનેદ્રિયો ક્રિયાશીલ બની શકતી નથી. પરંતુ આ સમયે પરિપકવતાનું કાર્ય એટલું વેગથી શરૂ હોય છે કે તેને લીધે બાળકના જન્મથી જ બધી જ્ઞાનેદ્રિયો કાર્યક્રમ બને છે. જ્ઞાનેદ્રિયો એટલે મજ્જીય સંસ્થાની ગ્રાહક વ્યવસ્થાઃ—Receiving instruments તેનો મજ્જા સંસ્થા સાથે ગાઢો સંબંધ હોય છે અને તેની વૃદ્ધિ મજ્જા સંસ્થા પ્રમાણે જ થતી હોય છે.

આધુનિક માનસશાસ્ત્રજ્ઞોએ સંવેદન અંગે બે નવી બાબતો આપણા ધ્યાનમાં લાવી આપી છે તેમાંથી એક એટલે જ્ઞાનેદ્રિયની ગ્રહણ શકિત સ્વતંત્ર નથી. સમગ્ર માનસિક યંત્રણાનો તે એક અવિભાજ્ય ઘટક છે. તેને લીધે તેની કાર્યક્ષમતા એ માનસિક યંત્રણાના બાકીના બધા ઘટકોની કાર્યક્ષમતા ઉપર અવલંબે છે. ફકત ચેતક સામે રાખી પ્રબોધન કરવાથી ઇંદ્રિયની ગ્રહણ શકિત કામે લાગવાની અથવા તેમાંથી સંવેદનમાંનુ સુક્ષ્મ તારતમ્ય ઓળખવાની પાત્રતા વધવાની શકયતા નથી.

સંવેદન અંગે માનસશાસ્ત્રજ્ઞોએ જે બીજી બાબત આપણા ધ્યાનમાં આણી આપી છે તે એ સંવેદન પાત્રતા એ પચન અથવા વ્યસન વ્યવસ્થાની જેમ મનોદેહ યંત્રણાનો જ અંગભૂત સ્વય વિકાસક એવો ભાગ છે. જન્મતા જ આ સંવેદન વ્યવસ્થા પરિપકવ થયેલી હોય છે તેને લીધે બાહ્ય સંસ્કારની સાથે તેનો સંબંધ હોતો નથી. તે ઇંદ્રિયશિક્ષણ યોજનાને અને આ શિક્ષણ માટે યોજેલાં સાધનોને ઇંદ્રિયશિક્ષણની દૃષ્ટિથી કંઇ જ અર્થ રહેતો નથી.

આધુનિક માનસશાસ્ત્રના આ નવા સંશોધનને લીધે ઇંદ્રિયશિક્ષણનો જો કંઈ અર્થ ન હોય તો પછી ફ્રોબેથી મેડમ મોન્ટેસોરી સુધીના શિક્ષણકારોએ જે બાબતનો પ્રચાર કર્યો છે તેનો અર્થ શું તે પણ જોવું જરૂરી છે. કારણ ઇંદ્રિય શિક્ષણનો પ્રચાર કરનારા શિક્ષણકારો પણ શિક્ષણના ક્ષેત્રમાં બહુ મોટા અધિકારો હતા. તેમને જીવનનો પ્રત્યક્ષ અનુભવ હતો. તેમના સમયના માનસશાસ્ત્રની દૃષ્ટિ હતી તેથી તેમણે બાળકેળવણીને જે પ્રકારનું સ્વરૂપ આપ્યું તેમાં કંઈક પણ તથ્ય હોવું જોઈએ એવુ આપણને સ્વાભાવિક રીતે લાગે તેથી તેમને પ્રચાર કરેલું ઇંદ્રિયશિક્ષણ કયા સ્વરૂપમાં હતું, તેમાં તેમનો શો ઉદ્દેશ હતો તે ઉદ્દેશ તેમની યોજનાથી કેટલે સુધી સફળ થાય છે એ સર્વ માનસશાસ્ત્રના કરવા સંશોધનના અનુસંધાનમાં આપણે જોઇએ તો જ પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં આ વિષયને હવે પણ કેટલું સ્થાન આપવું જરૂરી છે એ આપણાથી નક્કી કરાય.

—શે. ના. નાભલે

———

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો;
બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સુચિપત્ર મંગાવો

લખો:

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કસ (પ્રાઇવેટ) લી૦
સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર.)

બાલકલા પ્રવૃત્તિનું સંચાલન

બાળકને ફાવે એવાં અને આર્થિક રીતે બીન ખર્ચાળ સાધનોમાં, સાદા રંગ, ડીસ્ટેમ્પરના રંગ, માટીના રંગ, આંગળી રંગો, ફીન્ગર પેઈન્ટિસ-કાટમાલ અને સાદી માટી અગત્યના માધ્યમો ગણી શકાય.

પણ સૌથી **અગત્યનું સાધન** તો કલાપ્રવૃત્તિનું **સંચાલન કરનાર** વ્યકિત છે. બાળકોના મનને વ્યકિતગત અને સામુહિક રીતે સમજીને યોજાએલી પ્રવૃત્તિ બાળકના માનસિક વિકાસમાં અગત્યનો ફાળો ભજવે છે.

પ્રવૃત્તિ સંચાલકે શું જાણવું જોઈએ ?

ઘણી સંસ્થાઓમાં એવી પ્રથા હોય છે કે ચિત્ર શિક્ષકની પરીક્ષા પસાર કરનાર કે ચિત્રકાર એવી વ્યકિતને આ પ્રવૃત્તિનું સંચાલન સોંપવામાં આવે છે. ઘણીવાર ઉપરની લાયકાત ધરાવનાર વ્યકિતઓને બાલમાનસનો પુરતાં ખ્યાલ હોતો નથી. બાલકલાપ્રવૃત્તિમાં લગભગ પોણાભાગનું મહત્વ બાલમાનસની સમજને આપવુ જોઇએ. બાલકલા ઉપરની ચર્ચા કરનાર થોડા સમજુ મિત્રોએ પ્રવૃત્તિ સંચાલન કરનારની લાયકાતનુ નીચે પ્રમાણે મંતવ્ય આપ્યું છે. કલાપ્રવૃત્તિનું સચાલન કરનારની બાલકલાના આંક :

૭૦%	બાલમાનસની સમજ અને સહાનુભૂતિ,
૧૫%	સાધનો વાપરવાની પાકી સમજ
૧૫%	કલા વિષેનું જ્ઞાન ઉપરનું

મંતવ્ય એના સ્થૂલ અર્થમાં ન લેતાં એના માર્મિક અર્થમાં લેવાનું છે.


બાલમાનસની સમજ, કલાનાં સાધનો વાપરવાની પાકી સમજ અને કલા વિષેનું જ્ઞાન એ ત્રણ લાયકાત કંઈ રીતે કેળવી શકાય ? :

૧ બાલમાનસની સમજ : સામાન્ય રીતે અધ્યાપન મંદિરોમાં કે સ્નાતક થયા પછીના શિક્ષણસ્નાતક વર્ગમાં આ વિષયની સાધારણ સમજ આપવામાં આવે છે, પણ માત્ર પુસ્તકમાં વાંચેલ અને પરીક્ષા માટે તૈયાર થએલ સરલ જવાબમાંથી જે અનુભવસિદ્ધ સમજ મળવી જોઇએ તે મળતી નથી. ઉપરનુ મંતવ્ય ઉપરની સંસ્થાઓમાં અભ્યાસ કરી આવેલા ઘણા મિત્રો સાથેના પુરતા પરિચય પછી જ રજુ કર્યું છે. પુસ્તકમાંથી મળેલી સુચનારેખાના આધાર પરની શિક્ષણ કાર્ય કરનાર અનુભવની અંકોડા ગોઠવતો જાય તો બે એક વર્ષના માળામાં સારી સમજ ઉભી કરી શકાય.

શિક્ષણ કાર્ય કરનાર ભાઈબ્હેનો સમૂહમાં જે અનુભવોની અભ્યાસની દૃષ્ટિએ આપલે કરે તો પણ પાકી સમજ કેળવવામાં ઉપયોગી સાધન થઈ પડે.

રોજ પ્રસિદ્ધ થતાં નવાં પુસ્તકોનાં સામુહિક અભ્યાસ પણ જરૂરી ગણાય આ વિષયનાં ઘણા ખરા પુસ્તકો તો આપણા દેશમાં માત્ર અંગ્રેજીમાં જ મળે. તો અંગ્રેજી


ટપાલદ્વારા કટીંગનું શિક્ષણ



દરેક પ્રકારના કાપડનું કટીંગનુ શિક્ષણ પોસ્ટ થી આપવામાં આવે છે. કોલેજ તથા લંડન ડિપ્લોમા માટે સૂચિ પત્રક મગાવો. સ્થાનિક શિક્ષણ માટે મળો.

ઝારાપકર ટેલરીંગ કોલેજ

ભવાનીશંકર રોડ દાદર, મુંબઈ-૨૮




મોદી એન્ડ કંપની

૬૨૫ પ્રિન્સેસ સ્ટ્રીટ, બોમ્બે ૨.

ભારતમાં સર્વ શ્રેષ્ઠ

ઝારાપકર



શિવણયંત્ર

રોકડે થી તથા હપ્તાથી પાંચ વર્ષની ગેરંટી સાથે સીંગર, ફ્રાફ, ઝુકી, અરૂણ, ઉષા, ટેલરનુ સૂચિપત્ર મંગાવો.

ઝારાપકર શિવણયંત્ર ભંડાર

ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ-૨૮

જાણનાર વ્યકિતઓએ વાંચી એના સમાયના મુદ્દા સમુહમાં ચર્ચવા જોઈએ આથી ભાષાના ખોટા અતરાય દુર થાય અને આપણા કાર્યક્ષેત્રમાં વૈજ્ઞાનિક રીતે થતાં અખતરાઓ અને નિરક્ષણોનું આપણને જ્ઞાન થાય.

ગુજરાતમાં નીચેના સ્થળોના સંપર્ક કરવાથી ઉપયોગી પુસ્તકો અને રસ લેતા કાર્યકર મિત્રોનો કદાચ સંપર્ક થઈ શકે. નીચેની નોંધ પૂરેપુરી નથીજ.

શિક્ષણ પત્રિકા અંગે

ગયા માસના અંકમાં શિક્ષણ પત્રિકા કાર્યાલય ભાવનગર ફેરવાશે એવું જાહેર કરવામાં આવ્યુ હતું પરતુ પત્રિકાના વાંચકોને જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે આ કાર્ય અંગે અમે જે વ્યવસ્થા ભાવગર ખાતે વિચારી હતી તે કેટલાક સંજોગોને લીધે અમલમાં મૂકવા છેલ્લી ઘડીએ અમે અશકિતમાન બન્યા છીએ. તેથી પત્રિકાનો આ જૂન માસનો અંક મોડેથી પ્રકાશિત થાય છે. કાર્યાલયમાં આ બાબતમાં કેટલાય વાચકોએ પૂછ પરછ કરી છે. પત્રિકાના પ્રકાશનમાં જે વિલંબ થયો તે માટે અમે વાચકોની ક્ષમા માગીએ છીએ. પત્રિકાનુ કાર્યાલય હાલતુરત માટે મુંબઈજ રહેશે. જુલાઈનો અક વાચકો પર સમયસર મોકલવા માટે બની શકે તે બધા પ્રયાસો કરવામાં આવશે.

સંપાદક.

૨. સાધનો વાપરવાની સમજ


સાધનોના ઉપયોગ વિષેની જે છાપેલી કે અનુભવીની માહિતી મળતી હોય તો ઘણી સરલતા ઉભી થાય છે. જે કોઈ સાધન બાળકને આપવાની યોજના હોય તેનો પુરતો અખતરો જાતે કરીને જ આપવા ઘણી ખરી વાર બાળકને કલા શકિતની મુશ્કેલી નથી હોતી પરંતુ સાધના ઉપયોગની કુનેહની જ હોય છે. કુનેહ ભર્યા ઉપયોગથી કાર્ય કરવાનો આનંદ વધી જાય છે.

સાધનના ઉપયોગનો અખતરો કરવાના કાળમાં સંચાલન કાર્યકરને પણ ઘણો સર્જનાત્મક આનંદ મળવાની શકયતા તો છેજ. આ અખતરામાં કાર્યકરે જેમ બને તેમ સ્વતત્ર પ્રયોગ કરવા જરૂરી છે. ઘણીવાર કાર્યકરના મન પર બહારની કલાવિષેની પડેલી છાપને જ કાર્યકર બેવડાવે છે અને તેથી વ્યકિતગત સર્જનની જે શકયતા છે તે નાશ પામે છે. જો કાર્યકર મૌલિક હશે અથવા થશે તો જ એનું બાળક મૌલિક સર્જન કરી શકશે, સર્જનનો મુખ્ય હેતુ પ્રથમ વ્યકિતગત આનંદ અને પછી સામાજીક સંબંધ છે. સર્જન

શરીરની અંદરની અસહ્ય ગરમી ઓછી કરવા માટે

પર્લ કાઢા શરૂ કરો

શ્રીમતી આનદીબાઈ દેસાઈની અમ્બલામૃત ગોળીઓ સુખી, નિરોગી, આનદી સ્ત્રી–જીવન માટે એક સ્ત્રીએ ખૂબ વર્ષો સ્ત્રીઓ માટે વાપરીને અનુભવ લઈને તૈયાર કરી છે.



આખા શરીરની, આંખની, હથેળીની તથા તળીઆની બળતરા, હમેશનો મદાગ્નિ, જૂનો અપચો, તથા મલાવરોધ, શારીરિક તથા માનસિક થાક વગેરે. ગરમ હવા તથા ગરમ પ્રકૃતીને લીધે થનારા વિકાર ઉપર અપ્રતિમ.

'પર્લ કાઢા' નાના મોટા સ્ત્રી–પુરૂષ બધા માટે સરખોજ ગુણકારી નીવડયો છે.



સ્ત્રીઓની જવાની, સૌંદર્ય, શકિત પાછી મેળવી દેનાર **અમ્બલામૃત** વાપરો, તમારા કેમીસ્ટ પાસેથી પર્લ કાઢા તથા અમ્બલામૃત લો.

પર્લ કંપની, રાણીબાગ મુંબઈ ૨૭.

કરતી વેળાએ જોનારને ગમશે કે નહિ એ વિચાર તદ્દન અસ્થાને ગણાય એને તેથીજ સંચાલન કાર્ય કરે સાધનોમાં વ્યકિતગત ઉપયોગ કરવાની રહેલી શકયતાને પુરતો વેગ આપવો જરૂરી છે.

૩. **કલા વિષેનું જ્ઞાન** : તો આ દિશામાં ચર્ચા કરતાં પત્રો, પુસ્તકો વગેરે કલાકાર મંડળો, પ્રદર્શનો અને સંગ્રહાલયોમાંથી મળી શકે. આ દિશામાં ખાસ અભ્યાસ તો કલાના જે નૂતન પ્રવાહો છે તેની કરવાની જરૂર છે. એનુ કારણ એ છે કે બાલકલાનાં ઘણા લક્ષણો **નૂતન કલા પ્રવાહોમાં** જોવામાં આવે છે. નૂતન કલાનો વિચાર આજનાં વૈજ્ઞાનિક વિચારોની સાથેસાથ વિકસ્યો છે મનપરની જુદી જુદી અસરો અને જુદી જુદી મૌલિક પદ્ધતિઓ રજુ કરવાના પ્રયત્ન આ પ્રવાહમાં થાય છે.

સાધનોની શકયતા :

અ. **કપડાના કાચા રંગ** : આ રંગ ખૂબ ભપકાદાર છે અને સસ્તા છે, પણ ખૂબ પાતળા–પાણી જેવા બને છે અને તેથી બાળકને યત્નપૂર્વક કામ કરવાની મઝા આવતી નથી, છતાંય છેક નાનાં બાળકો મઝાથી વાપરે છે. આ રંગ ઢોલાય છે ત્યારે કપડા અને જમીન ખરાબ રીતે બગાડે છે. આ રંગો પહોળી બેસણીના બહુ છીછરાં નહીં એવાં વાસણોમાં ભરવાં. આ રંગો પટેમાં જાય તો હાનીકારક છે એટલે તદ્દન નાનાં બાળકોને જ્યારે અપાય ત્યારે પ્રવૃત્તિ પર ધ્યાન આપવું. સફેદ પડતાં છાપાનો કાગળ ન્યુઝ પ્રીન્ટ–પર આ રંગ સારા ખીલે છે.

બ. – **ડીસ્ટેમ્પર અને માટીના રંગ** : આ રંગો બનાવવાની ચર્ચા આગળ થઈ ગઈ છે. આ રંગો **ગંભીર** કામ કરવામાં સારા છે. સ્પષ્ટ અને જોરદાર રેખાઓના કાર્યમાં ઘણા ઉપયોગી છે. ચિત્રોના મોટા ભાગો સરલતાથી ભરી શકાય છે. બાળકોને જુદાં જુદાં રંગ મિશ્રણો કરવામાં એ ઉપયોગી થઇ પડે છે. આ માટે છાપાનો કાગળ કે બદામી પાતળો પૂઠાંનો કાગળ યોગ્ય ગણાય. આ રંગોથી પત્થરની જમીન કે લીપેલ જમીન પર કાર્ય કરવામાં પણ બાળકોને મઝા આવે છે, માટીનાં રમકડાં, વાસણો અને ભીતો પર પણ આ રંગનો ઉપયોગ બાળકો હોંશે હોંશે કરતા જોયાં છે.

ક. **ફીન્ગર પેઈન્ટસ** : ૨થી ૫ વર્ષના ગાળામાં બાળકો માટે આ ઘણું ઉપયોગી સર્જનમાધ્યમ જણાયુ છે. છાપાના કાગળ પર બાળક આંગળીઓ મરજીમાં આવે તેમ જુદા જુદા રંગોમાં બોળી ઘસી ઘસી તે ચિતરામણ કરવાનો આનંદ અનુભવે છે. આ માધ્યમ નાનાં બાળકોમા રહેલા વલોપાતને પુરતો અવકાશ મળે છે અને રોજના વહેવારમાં સામાન્ય રીતે ઉભી થતી ચીઢ ઘણા અંશે દૂર થાય છે, બાળકની સ્પર્શને શકિત વધારે તીવ્ર થાય છે અને સ્પર્શનો આનંદ મળે છે.



આપની દરેક
જરૂરિયાતો

ખરીદવાનુ એક માત્ર
: ભરોસા પાત્ર સ્થળ :
આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

શ્રી

ભારતીય સ્વદેશી કૉ–ઓપરેટીવ સ્ટોર્સ લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, મુંબઈ ૧.

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.

ડ. **કાટમાલ :** પીપરમેંટના નકામા કાગળ, પાર્સીટના લેબલ, કાગળનાં રદ્દી ખોખાં, પુંઠાં, ઘાસની સળીઓ, કાચડામા તાર, રખડતા મણકા અને એવા બીજા ઘણા પદાર્થોને જુદી જુદી રીતે સંયોજીત કરવાથી સર્જન કાર્ય કરવાની ઘણી શકયતાઓ છે. આ વસ્તુ સંયોજન કરવામાં તાર, દોરા, ગુંદર. તાર કાપવાની કાતર, કાગળ અને પુંઠું કાપવાની કાતર, ગુંદર, સરસ, મળે તો ડળુરોપીકસ, પ્લેસ્ટીન, મીણ અને રંગો જેવાં સાધનો ઉપયોગી થઈ પડે. બાળકને એક પદાર્થ સાથે બીજા પદાર્થને જોવાની કુનેહ શીખવી જરૂરી છે. સંચાલન કાર્યકરે પોતાના બનાવેલા નમૂના નાના બાળકોને બતાવવા પડે છે. ઘણીવાર આવા દાર્થો બાળકોને સમૂહમાં વાપરવાની મઝા આવે છે.

ઇ. **સાદી માટી :** સૌથી સહેલો ઉપાય તળાવ કિનારે કે નદી કિનારેની ચીકણી માટી વાપરવાનો છે. આ માટેની પૂરતી પલાવી અંદર પાણી રેડી નરમ કરી મોટા છીદ્રના ગરણાથી ગાળી લઇને પૂરતા સમય માટે ઠરવા દેવાય તો બાળકોને ખપ લાગે અને બીન ખરચાળ પડે. બાળકો જો દેખરેખ નીચે સીધાં નદી કિનારે કે તલાવ કિનારે જઇને મૂળ સ્થિતીમાં હોય એવી માટીમાંથી કાંકરા કાઢીને કામ કરે તો એમને કામ કરવાની ઘણી મઝા આવે. મુકત વાતાવરણનો લાભ પણ મળે શહેરમાં કુંભાર પાસેથી કે શિલ્પી પાસેથી વ્યાજબી ભાવે માટી મળે. માટીની પ્રવૃત્તિ બાળકના સ્પર્શ અનુભવને વધારે સમૃદ્ધ બનાવે છે અને કુનહેની દૃષ્ટિએ બાળકને બનતા સર્જવાનું જ્ઞાન આપે છે.

માટીમાંથી બનાવેલા આકારો છાયામાં પુરતા સમય માટે સુકવીને ચુલા જેવી નાની ભઠ્ઠીમાં કામચલાઉ પકવી શકાય. બાળકોને આ ક્રિયા કરવામાં પણ આનંદ કોઈકિવાર સામટું માટી કામ કુંભારને નિભાડે પકવવા પણ આવી શકાય અને બાળકોને જોવા લઈ જઈ શકાય. આ આકારોને જુદા જુદા રંગોથી ચિતરી પણ શકાય મોટા બાળકો તેલીયા રંગથી ઓઈલ કલર વાર્નિસ પેઈન્ટ કે ઇનેમલ પેઇન્ટથી આકર્શક ચિત્ર કામ કરી શકે.

ઘણી જગ્યાએ પ્લાસ્ટિશીન જેવા મીણીવા પદાર્થો પણ વપરાય છે પણ ઘણા સમજુ કલાવિદો આ માધ્યમને બહુ મહત્વ આપતા જેથી આ વિષય પરનીચર્ચાને સ્થાન નથી.

કાર્ય સંચાલન :

કાર્ય સંચાલન વિષે અગત્યના ચાર મુદ્દા છે.

૧. બાળકને સ્વાતંત્રતા, છતાંય સમજ પૂર્વકની મદદ અને ઉત્સાહ.

૨. કાર્યમાં પ્રેરવાના જુદા જુદા વ્યક્તિગત અને સામુહિક માર્ગોનુ જરૂર પ્રમાણે નિયોજન.

૩, પ્રવૃત્તિનું પદ્ધતિસરનું અવલોકન પછી સશોધન.

૪. બાળકના સર્જનોનું જીવન સાથેના સ્થાન સ્વિકારતું પ્રદર્શન નિયોજન.

આ મુદ્દાઓની એક અલગ ચર્ચા આપણે આ પછીના વિભાગમાં કરીશું.

—રમેશ કોઠારી



સર્વત્ર મળે છે. ટે. ન ૩૮૨૨૨૧



(M. P. S.)

જો પાઠ ૩

૧

કેમ રે ! કાલે બધાં ક્યાં ગયા હતાં ? કોઇ જ શાળામાં આવ્યું ન હતું ?

ડુંગર પર ગયેલાં.

ડુંગર ઉપર ! શાળાના દિવસોમાં જવાય કે રજાના દિવસોમાં !

પણ મોટેરાઓ સાંભળતાં નથી તે ! તેમને સાથે જવું પડે છે.

એમ ! શેને માટે ગયા હતાં ડુંગર પર ?

વાંસડા લાવવા.

વાંસડા એટલે શું ?

કુણાં કુણાં બાંધુ.

કુણાં બાંધુનું શું કરાય ?

અથાણું કરીને ખવાય.

મને પણ બતાવોને ત્યારે.

તે તો બધાં અથાણામાં નાંખી દીધાં.

ઠીક ત્યારે. અથાણું થાય એટલે મને લાવી આપજો હોં કે.

તું આશે ?

હા.

કેટલાં જણ ગયાં હતાં ?

ઘણાં જણ ગયાં હતાં.

ક્યારે નીકળ્યાં હતા ?

હું.....રાતનાંજ.

રાતના એટલે ? અજવાળુ થતાં પહેલા ?

હો, હો.

એટલે મળસ્કે જ નીકળ્યાં હતાં ? સાથે શું લીધું હતું ?

વાસલે ભરવા માટે ગુણ.

બીજું શું ?

કોયતો; દાતરડું

ખાવા માટે શું લીધું હતું ?

રાંધેલો ભાત.

ભાત શેમાં લીધો હતો ?

પડીયામાં

મળસ્કે નીકળ્યાં હતા. તે ડ ડ ડ ડ માથે સૂરજ આવ્યો ત્યારે પહોંચ્યા.

એટલે અગિયાર-બાર વાગ્યા હશે ?

હા ડ ડ ડ ડ

પછી બાંધુ કાપ્યા હશે. કેવી રીતે કાપ્યા ?

' ખટ, ખટ, ખટ, બાળકોની આંખો ચમકી ઉઠી. ચહેરો પ્રફૂલ્લિત બની ગયો જાણે હમણાંજ બાંધુ કાપતાં ન હોય કેમ રે અમને કેમ નહિ બોલાવ્યા ? અમે પણ તમારી સાથે આવ્યા હોતે.


તું ? (એકદમ આશ્ચર્યોદ્‌ગાર નીકળ્યો.)

કેમ મારાથી નહિ અવાય ?

ખૂબ લાંબું છે.

ડુંગર ઉપર—આ મૂકીને ત્યાં.....ડુંગર ઉપર હું પણ આવી હોતે તમારી જોડે, ધીરે ધીરે ચાલી હોત.

સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો.



'ખુબ કાંટા હોય છે. ખુબ પથ્થર હોય છે. ઠેસ લાગતી હોય છે. લોહી નીકળે છે.' મારી સામે રસ્તાની મુશ્કેલીઓનો ડુંગર છોકરાઓએ ઉભો કરી દીધો.

'ભલે હોય!' 'તમને કાંટા નથી લાગતા? તે જ રીતે મને વાગશે.'

'ત્યાં વાઘ હોય છે.' છેવટનું અસ્ત્ર છોડયું. મારા જેવી ડુંગર ચઢવાને તૈયાર થઇ એજ બાળકોને નવાઇ લાગતી.

'ભલે, વાઘ તમને ખાશે તે રીતે મને પણ ખાશે. એમાં શું બગડવાનું છે? હવે આપણે પહેલેથી નક્કી કરીને પછી વાસલે લાવવા, બોર લાવવા આંબળાં લાવવા જઇશું.

'હા–હા–હા' એકદમ બધાંએ ખૂબ આનંદથી કબુલ્યું.

'પણ શાળાને દિવસે નહિ. રજાને દિવસે આપણે જઇશું.' આ વાત પણ માન્ય થઇ.

'વારૂ ત્યારે, તમે વાસલે લેવા ગયા હતાં તે લખી કાઢો.

'અમને લખતાં નથી આવડતું.'

'અરે! હમણાં તો તમે મને કહ્યું તે જ રીતે લખવાનુ છે.'

'નથી આવડતું.'

'સારૂં, હું લખાવું છું તમે લખો.'

'એ ઠીક પડશે.'

'પછી મેં શુદ્ધલેખન લખાવ્યુ. એટલે વાસલે લાવવા ગયા હતાં તેનો વર્ણનાત્મક નિબંધ લખાવી લીધો બાળકો તે સમયે ખૂબ આનંદમાં હતાં. તે દિવસે અમરા દાખલા પણ તે અંગેનાં જ થયાં.

(૧) શંકરે ૩૨૫ વાસલા કાપ્યા, રામૂએ ૨૩૮ વાસલા કાપ્યાં, જાનૂ એ ૨૧૭ વાસલા કાપ્યાં. બધાંએ એકજ ગુણમાં ભર્યાં. કેટલાં થયા?

(૨) વિક્રમે ૩૫૦ વાસલા કાપ્યાં, બાબૂએ ૩૧૯ વાસલા કાપ્યાં તો કોણે વધારે કાપ્યાં? કેટલાં? વગેરે. તે દિવસે ધડિયાળમાં બતાવીને પ્રત્યક્ષ કેટલા વાગ્યા. તેની પણ કલ્પના આપી. મળસ્કે જ નીકળ્યાં. સૂર્ય માથે આવ્યો. આ ભાષાને કોઇ પણ શાસ્ત્રીયતા આવે એ હેતુથી ઘરેથી નીકળીને ડુંગર પર પહોંચ્યા ત્યાં સુધી કેવી રીતે ગયાં તેનો એક નકશો પણ આંગણામાં કાઢયો. ચિત્રમાં ડુંગરની ટેકરી ઉપર જ્યાં ત્યાં વાંસના કુંજોના ચિત્રો જોવા મળ્યા.

મેં કહ્યું કે, આજ જીવનશિક્ષણ કે?

પગનો ફોટો

થોડા દિવસ પહેલા મારો પગ દુખતો હતો તેથી મુંબઇ જઇને મેં એક્સરે કઢાવ્યો હતો.

'તું ક્યાં ગઇ હતી? શેને માટે?' વગેરે પ્રશ્નો મને બાળકો પૂછતાં હતાં, ત્યારે મને સુઝયુ કે આ લોકોને મારો એક્સરે ફોટો બતાવીએ. બધાએ ખુબ કુતુહલથી અને આશ્ચર્યથી તે ફોટો જોયો. 'તારા પગનો ફોટો?' એમને ખુબ ગમ્મત પડી. મેં કહ્યું તમારા બધાંના જ હાડકાં આવી રીતે જોડાયેલા હોય છે.

'એમ?' ખરે જ એને સાંધો કહેવાય હજી બીજે ક્યાં ક્યાં આવી રીતે હાડકાં જોડાયલા હોય છે. શોધીકાઢ જોઉ.

ધુંટણ, બલો, કોણી બાળકો ટપટપ સાંધા બતાવવા લાગ્યા. પછી મેં તેમને દરેક સાંધાના નામ કહ્યાં. પર ભરાવાય એ રીતે આપણું સાથું જોડાયલું છેને? બભાના પોલાણમાં ઉપરના હાથનું હાડકું હોય છે. તેથી તેને દડાનો સાંધો કહે છે. બાળકોને ગમ્મત પડતી હતી અને નામો ધ્યાનમાં રાખતાં હતાં.


બીજે દિવસે ફરીથી એ નામો પૂછી જોયા તો સાંધાના નામો પણ આવડતાં હતાં અને સાંધા પણ બતાવતાં હતાં.

પણ 'સાંધો' આ શબ્દ એ લોકો ભૂલી ગયા હતા. ફકત 'મન્નગરા ખીલી, દડાના' એમ ફકત નામ કહેતા હતા. પણ તેને જ અનુસરીને આગળ ઉપર હાડકાં, સ્નાયુ ચામડી, રકતવાહિનીઓ વગેરે શરીર રચનાની વાતો કરી તે તેમને ખુબ જ ગમી અમારા શરીરશાસ્ત્રની આવી રીતે મારા પગના ફોટ ઉપરથી શરૂઆત થઇ,


'આને પણ જીવન શિક્ષણ કહે છે કે—?'

અનુતાઇ

———




"આપ પણ કપડાં માટે
ટીનોપાલ વાપરતા <u>લાગો છો</u>"



ટીનોપાલ સફેદ કપડાંને ચમકદાર સફેદ બનાવવા માટેની એક માત્ર ભૂકી છે. સહેજ ટીનોપાલ વાપરવાથી સફેદ કપડાંમાં અસાધારણ સફેદાઇ આવી જાય છે. એક વખત ટીનોપાલમાં બોળેલાં કપડાં ત્રણથી ચાર ધોા સુધી ચાલે છે.

<u>ટીનોપાલમાં બોળેલાં સફેદ કપડાં એટલે સૌથી વધુ સફેદ કપડાં</u>

ટીનોપાલ





"ટીનોપાલ" જે. આર. ગાઇગી એસ એ. બાલ, સ્વિટ્ઝર્લેંડનો રજિ. ટ્રેડ માર્ક છે.


અમાલ્ગમેટેડ કેમિકલ્સ એન્ડ ડાયસ્ટફ્સ કંપની પ્રાઇવેટ લિમિટેડ,
પી. એ. બોક્સ ૯૬૫, મુંબઈ


દત્તાત્રેય કૃષ્ણ સાંડુ બ્રધર્સ ચેંબૂર પ્રાયવેટ લિ.
ફેકટરી અને હેડ ઑફીસ ચેંબૂર-મુંબઇ ૭૮


Menu
CHOW
CHOW



PARA-DISE
SERVE YOU WITH
INDIA'S BEST


Rallis



અમેરીકામાં
તેનાં દેવળ માટે વિખ્યાત છે. ૧૫૦૨ માં શરૂ કરી ૧૬૬૭ માં સંપૂર્ણ કરવામાં આવ્યું. આ દેવળને દાતાઓએ મોટા પ્રમાણમાં સોના ચાંદીના આભુષણોથી ભવ્ય બનાવેલ છે ચોખ્ખા દિવસોમાં શિખરના બારે ઘંટો ઘણાં માઈલો સુધી સાંભળી શકાય છે.

મોટા ખર્ચે સુંદર રીતે ગેરંટીડ ગોલ્ડ પ્લેટીંગવાળી બનાવેલ અરકયુરી પેન જેઓ તેને સર્વોત્તમ હોવાનુ જાણે છે તેમને માટે બનાવેલ છે... બીજી કોઇપણ પેન અરકયુરીની સાથે સુદરતા, ઉપયોગીતા, અને લખવાના આનદમાં હરીફાઇ કરી શકે તેમ નથી. અરકયુરીમાં સાચેસાચ તરા આવતી વસ્તુ હોય તો તેની બનાવટ પાછળ લીધેલો શ્રમ અને ઉત્કૃષ્ટતા છે.




કાયન્ટન તોમા
મતિ સુંદર
હોવા કારણ
પ્રથમ જ.

કિંમત
રૂ. ૧૫/-

Regd No 135509
P D No 7283..
P D No For
Rim type 75d99

ઉત્પાદક:—પ્રકાશ મેટલ વર્કસ, મુબઇ ૪
સેલ્સ ડીસ્ટ્રીબ્યુટર્સ: પી. જમનાલાલ એન્ડ કું.,
૧૧૬/૧૮, નારાયણ ધુરૂ સ્ટ્રીટ, મુંબઇ ૩.



૬. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શેષ નાગલે. હિંદુ કોલોની, દાદર, મુબઇ ૧૪.
મુદ્રણ સ્થાન : ગગદૃષ્ણ પ્રિ. પ્રેસ, મેરુબાગ ગેટ, દાદર, મુબઇ ૧૪.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ—પત્રિકા

વર્ષ–૩૨ : અંક–૪

જુલાઈ, ૧૯૫૭

માણસ જ્યાં સુધી પોતાની જાતને પ્રકૃતિનો એક ભાગ ગણતો નથી ત્યાં સુધી તે પ્રકૃતિ પર વિજય મેળવવાનાં સ્વપ્નાં સેવે છે. પ્રકૃતિ પર વિજય મેળવવાની વાત જ ખોટી છે. પ્રકૃતિ પર વિજય મેળવવાનો અર્થ પોતાના પગ પર કુહાડો મારવો એવો થાય છે. પ્રકૃતિ પર વિજય મેળવવાની વાત માણસ જ્યારે વિચારે છે ત્યારે તે પોતાની જાતને પ્રકૃતિથી જુદી પાડે છે. પ્રકૃતિ પર વિજય મેળવવાની વાત માણસ જ્યારે વિચારે છે ત્યારે તે પોતાની જાતને પ્રકૃતિથી જુદી પાડે છે.

સંપાદક :
૧. ગિજુભાઈ બધેકા
૨. તારાબેન મોડક

☆

તંત્રી :
શોભા નાયક

વર્ષનું લવાજમ :
૪–૦–૦

કાર્યાલય:
: ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઈ ૧૪. :

છુટક નકલ
૩૭ નયે પૈસે



અમેરીકામાં
તેનાં દેવળ માટે વિખ્યાત છે. ૧૫૦૨ માં શરૂ કરી ૧૬૬૭ માં સંપૂર્ણ કરવામાં આવ્યું. આ દેવળને દાતાઓએ મોટા પ્રમાણમાં સોના ચાંદીના આભુષણોથી ભવ્ય બનાવેલ છે એટલા દિવસોમાં શિખરના ભારે ઘંટો ઘણાં માઇલો સધી સાંભળી શકાય છે.


મોટા ખર્ચે સુંદર રીતે ગેરંટીડ ગોલ્ડ પ્લેટીંગવાળી બનાવેલ અરકયુરી પેન જેઓ તેને સર્વોત્તમ હોવાનુ જાણે છે તેમને માટે બનાવેલ છે... બીજી કોઇપણ પેન અરકયુરીની સાથે સુન્દરતા, ઉપયોગીતા, અને લખવાના આનંદમાં હરીફાઇ કરી શકે તેમ નથી અરકયુરીમાં સાચેસાચ તરો આવતી વસ્તુ હોય તો તેની બનાવટ પાછળ લીધેલો શ્રમ અને ઉત્કૃષ્ટતા છે.

Regd No 155509
P D No 7283.
P D No For
Rim type 75099

કાર્ટરેટ તોમા અતિ સુંદર હોવા ઉપરાંત પ્રમાણ છે.

કિંમત રૂ. ૬/-

ઉત્પાદકો:—અકાશ મેટલ વર્કસ, મુંબઇ ૪
સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ: પી. રમણલાલ એન્ડ કું.,
૨૬/૨૮, નારાયણ દુર સ્ટ્રીટ, મુંબઇ ૩.



ટ્રે. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શેષ નાગલે. હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.
મુદ્રણ સ્થાન : રામકૃષ્ણ પ્રિ. પ્રેસ, મેરેથન રોડ, દાદર, મુંબઇ ૧૪.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ—પત્રિકા

વર્ષ—૩૨ : અંક—૪

જુલાઈ, ૧૯૫૭

માણસ જ્યારે પોતાની જાતને
પ્રકૃતિનો એક ભાગ સમજવા લાગે
છે ત્યારે જ તેનામાં સાચી નમ્રતા
આવે છે. પ્રકૃતિ પ્રત્યે આદર
અને પ્રેમ પણ ત્યારે જ જાગે છે.

જે. એચ. પેસ્ટોલોઝી

માણસ જ્યારે પોતાની જાતને
પ્રકૃતિનો એક ભાગ સમજવા લાગે
છે ત્યારે જ તેનામાં સાચી નમ્રતા
આવે છે. પ્રકૃતિ પ્રત્યે આદર
અને પ્રેમ પણ ત્યારે જ જાગે છે.

જે. એચ. પેસ્ટોલોઝી

સંપાદક :
ચ. ગિજુભાઈ બધેકા
ી. તારાબેન મોડક

☆

તંત્રી :
શોષ નાગલે


માણસ જ્યારે પોતાની જાતને
પ્રકૃતિનો એક ભાગ સમજવા લાગે
છે ત્યારે જ તેનામાં સાચી નમ્રતા
આવે છે. પ્રકૃતિ પ્રત્યે આદર
અને પ્રેમ પણ ત્યારે જ જાગે છે.

જે. એચ. પેસ્ટોલોઝી

ાર્ષિક લવાજમ :
। ૪—૦—૦

કાર્યાલય:
: ૧૧૮, હિન્દુ કોલની, દાદર, મુંબઈ ૧૪. :

છુટક નકલ
૩૬ નયે પૈસે


મારું નાનું ઘર
મારું શિક્ષણ
મારું ભોજન
મારું કપડાં
મારું રમકડું
મારું પુસ્તક
મારું રમતગમત
મારું ઘર
મારું કુટુંબ
મારું ગામ
મારું માટે કાપડ
મકતલાલના અન્ય ઉદ્યોગો
૩, બાઉ, રંગો વિગેરે
મકતલાલ ઍન્ડ. બ્રધર્સ લિ. રેમન્ડ મેન્શન, મુંબઇ ૧

મુંબઈ, સૌરાષ્ટ્ર, મધ્ય ભારત, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારો દ્વારા માન્ય

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨] જુલાઈ ૧૯૫૭ [અંક: ૪

સંપાદકીય

મુંબઇ રાજ્યના મજૂરખાતાને અભિનંદન

મેની સોળમીએ પ્રગટ થયેલા મુંબઇ રાજ્યના સરકારી ગેઝેટમાં ફેક્ટરી એકટમાંના સેકશન ૪૮ તથા ૧૧૨ માંના ૧૯૫૦ સાલમાં કરેલા નિયમોમાં જે ફેરફાર સૂચવવામાં આવ્યો છે તે પૂર્વ પ્રાથમિક શિક્ષણના વિકાસની દૃષ્ટિથી ખૂબ મહત્વનો છે. અગાઉના નિયમ પ્રમાણે કારખાનાના ધોડિયાઘર (Creche) કાર્યકર્તાની જગ્યામાં બી. પી. એન. એ. થયેલી પરિચારિકાઓ (Nurses) માન્ય કરવામાં આવતી હતી છેલ્લા કેટલાક વર્ષથી કામ કરનાર સ્ત્રિઓ માટે સરકારે ધોડિયાઘર કાઢવાનું ફરજીયાત કર્યું છે. તેને લીધે કેટલાક કારખાનામાં ધોડિયાઘર શરૂ થયા છે. આ ધોડિયાઘરમાં ત્રણ મહિનાથી વધુ ઉમ્રના બાળકોને લેવામાં આવે છે. કેટલાક કારખાનામાં ત્રણ મહિનાથી ત્રણ વર્ષ સુધી ધોડિયાઘર અને ત્રણ થી છ વર્ષના બાળકો માટે બાલમંદિરો ને બાલવાડીઓ પણ કાઢવામાં આવે છે. જે કારખાનામાં બાલવાડીઓ નથી ત્યાંના ધોડિયાઘરમાં બાલવાડીની વયના બાળકો પણ હોય છે. આવા ધોડિયાઘરમાં ફકત પરિચારિકાઓ અને દાઇઓની નિમણુક ફેક્ટરી એકટના નિયમ પ્રમાણે થતી હોય છે અને તેમના તરફથી પંદરથી અઢાર મહિના કરતા મોટી વયના બાળકોને સંભાળવાનું કામ યોગ્ય રીતે થાય એવી અપેક્ષા રાખવામાં આવતી પરંતુ આ પ્રકારના કામ માટે તેમને યોગ્ય પ્રશિક્ષણ (Training) મળેલું ન હોવાથી તેમને આ કામમાં મુશ્કેલી જણાય એ સ્વભાવિક છે. તેને લીધે ધોડિયાઘરને યોગ્ય રીતે કેમ ચલાવવું, એ સંચાલકો માટે માથા ભારે પ્રશ્ન થઈ પડયો હતો. કેટલાક કારખાનામાં બાલવાડીની સગવડ ઉભી કરીને આ પ્રશ્નનો ઉકેલ આણ્યો, તો કેટલાક કારખાનાઓએ સરકારી નિયમોને કોરે મૂકીને પૂર્વ પ્રાથમિક શિક્ષકની નિમણુક ધોડિયાઘરોમાં કરી આ પ્રશ્નનો ઉકેલ આણ્યો. આજે કેટલાક ધોડિયાઘરોમાં પરિચારિકા, દાઇ, બાળશિક્ષિકા એકબીજાને પૂરક બન્યા છે અને તેને લીધે ધોડિયાઘરના સંચાલનનો પ્રશ્ન વધારે સરળ બન્યો છે. સરકારે પણ આ બાબતમાં આગળ આવીને ધોડિયાઘરના નિયમમાં જોઇતા ફેરફારો કર્યા એ એક ઉલ્લેખનીય વાત છે. તેને માટે અમે મુંબઇ સરકારના મજૂરખાતાને હાર્દિક અભિનંદન આપીએ છીએ.

ધોડિયાઘરનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોના આરોગ્યનું રક્ષણ કરવું એ હોવા છતાં બાળકોનું સમતોલ સંવર્ધન તથા વિકાસ એ ફકત પોષક આહાર તથા વિશ્રાંતિ આપવાથી જ થઈ શકતા નથી. પંદરથી અઢાર મહિનાની આસપાસના બાળકની ઊંઘનું પ્રમાણ થોડું ઓછું થતુ હોવાથી તેઓ ચાલવાની ક્રિયા પ્રાપ્ત કરવા માટે વિશેષ પ્રયત્ન કરે છે. આ તેમના પ્રયત્નોને લીધે અને તેમની ક્રીડાવૃત્તિને યોગ્ય અવકાશ ન મળે તો આ બાળકો ટીખળી, ચીડિયા અને હઠીલા બને છે. આ સમયની તેમની ક્રિયા વડે તેમનો બૌધ્ધિક ને ભાવાત્મક વિકાસ પણ ખૂબ વેગીલો બને છે. આવી સ્થિતિમાં તેમના જીવનવિકાસની જરૂરીયાતો તેમની સંભાળ લેનાર વ્યક્તિને ન સમજાય તો તેમના ખૂબ બેહાલ થાય છે. તેમના વિકાસમાં આ રીતે જે મુસીબતો ઉત્પન્ન થાય છે તેનું પરિણામ તેમના વ્યક્તિત્વ અને સ્વભાવ ઉપર તો થાય જ છે પરંતુ તેમના શારીરિક

વિકાસ પર પણ થાય છે. મુંબઈ સરકારના ઘોડિયાઘરમાં નિયમો સુધરવાથી હજારો બાળકોનું જીવન સ્વાસ્થ્ય સુધરશે. માટે અમને શંકા નથી.

પૂ. પ્રા. શિક્ષણ અને પ્રશિક્ષણ સંસ્થાઓ માટે અભ્યાસક્રમ સમિતિ નીમાઈ.

ગયા અંકમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણના કાર્યમાં વ્યવસ્થા નિર્માણ કરવા માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણ મંડળની રચના કરવાના આગ્રહની વિનંતિ અમે મુંબઈની નવી સરકારને કરી હતી. આ અંગે સરકારી વિચારણા પણ ચાલુ હતી જ. મુંબઇ રાજ્યનો પ્રાદેશિક વિસ્તાર વધવાથી તથા આ નવા પ્રદેશમાંના પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રશ્નોનો ઉકેલ લાવવા સરકારી ધોરણ ઝડપથી નિશ્ચિત થવાનું અત્યંત જરૂરનું હતું. સરકારે આ જરૂરીયાતને સમયસર ઓળખી પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમ સમિતિ નીમવાનો નિર્ણય લીધાનું જાણવા મળ્યું છે. આ નિર્ણય માટે સરકારને અમે અભિનંદન આપીએ છીએ. પરંતુ પૂર્વ પ્રાથમિક કેળવણીનો પ્રશ્ન કેવળ અભ્યાસક્રમો સુધારીને ઉકેલી શકાય એમ અમે માનતા નથી.

મર્યાદિત કાર્ય કરનાર પૂર્વ પ્રાથમિક શિક્ષણ સમિતિનો એક પ્રયોગ આ રાજ્યના શિક્ષણખાતા તરફથી એક વાર થયો જ છે. ૧૯૪૮ ની સાલમાં એક પ્રકારની પૂર્વ પ્રાથમિક શિક્ષણ સમિતિ મુંબઈ સરકારે નીમી હતી. આ સમિતિના કાર્યનો અનુભવ શું હતો તે આ સમયે લક્ષ્યમાં લેવુ જરૂરી છે એવું અમને લાગે છે. તે સમયના પૂર્વ પ્રાથમિક શિક્ષણ સમિતિના કાર્યમાં બાલ અધ્યાપન મંદિરનો શિક્ષણક્રમ યોજવો, વારંવાર તેને તપાસવો, બાલ અધ્યાપન મંદિરમા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી અને ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને પ્રમાણપત્રો આપવા વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સમિતિના કાર્ય માટે જે મર્યાદા રાખવામાં આવી હતી તે અત્યંત મર્યાદિત અને અધૂરી હતી એવો અમારો સ્પષ્ટ અભિપ્રાય છે. જે રીતે શરીરનું આરોગ્ય કેવળ એક જ અંગનો વિચાર કરીને સુધારી શકાતું નથી તે જ પ્રમાણે પૂર્વ પ્રાથમિક વિષયક પ્રશ્ન માટે પણ તેની કેવળ એકજ બાજુનો વિચાર કરીને આ પ્રશ્ન અંગેનો ઉકેલ આપણે શોધી શકીશું નહિ.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે કેવળ અધ્યાપન મંદિરનો અભ્યાસક્રમ અને પરીક્ષા સંચાલનને ટુંકાવી નાખવાનું તે સમયની આર્થિક પરસ્થિતિને લીધે આવશ્યક થઇ પડયું હતું, એવું તે સમયે વારંવાર કહેવામાં આવતું હતું. સરકારના પુનર્રચનાના કાર્યમાં કયા કયા કાર્યને પ્રથમ સ્થાન આપવું અને કયા કાર્યને આગળ ઠેલવું એ અંગે સરકારનું એક વિશિષ્ટ આર્થિક ધોરણ હતું. આજે પૂર્વ પ્રાથમિક શિક્ષણના આર્થિક ધોરણમાં ફેરફાર કરવો કેટલું આવશ્યક છે એનો પણ વિચાર થવો જોઈએ. પૈસાની તાણ આજે પણ છે. ૧૯૪૭-૪૮ ની ને આજની આપણી પરિસ્થિતિમાં,-દ્રવ્યબળમાં વિશેષ ફેર હશે એવું લાગતું નથી. દ્રવ્યબળ થોડું વધ્યું હશે પરંતુ આજની જરૂરિયાત તેના કરતાં વધુ ઝડપી વધી છે. આ પ્રકારની આર્થિક તાણ એ એક જીવનની કાયમી બાબત છે પરંતુ આ આપણે આર્થિક તાણમાં પ્રત્યક્ષ અનુભવથી જે આપણુ જ્ઞાન તથા મૂલ્યો બદલાય છે તે તરફ આપણે ધ્યાન આપવું જોઈએ.

પૂર્વ પ્રાથમિક શિક્ષણના પ્રશ્ન તરફ સરકારે વધુ લક્ષ્ય આપવું જોઈએ અને તેને માટે વધુ દ્રવ્યબળ પ્રાપ્ત કરી આપવું જોઇએ. તે માટે નીચેના કારણો છે --

ભારતીય બંધારણમાં બાળકના શિક્ષણની બાબતમાં કેવળ ૭ થી ૧૪ વર્ષના વયની કાળમર્યાદા બદલાવીને હવે ચૌદ વર્ષની વય સુધીના બધા બાળકોના શિક્ષણની જવાબદારી કલ્યાણકારી રાજ્યની છે એ વાત સ્વીકારાઇ છે.

શિક્ષણ અંગેની આ જવાબદારી પાર પાડતી વખતે કઇ વયને પ્રથમ સ્થાન આપવુ એ હવે રાજ્યે, પોતાનો ઉદ્દેશ્ય પાર પાડવાની દૃષ્ટિએ નક્કી કરવાનું છે. 'ભારતીય બંધારણે અમારા ઉપર ફકત પ્રાથમિક શિક્ષણની જવાબદારી નાંખી છે, તેથી આ જવાબદારી પાર પાડવા માટે અમારી પાસે જે કાંઇ આર્થિક મર્યાદા છે તેને અમે પ્રાથમિક શિક્ષણ પાછળ ખર્ચીશું. ઇતર અવસ્થાના બાળકોના શિક્ષણનો પ્રશ્ન મહત્વનો હોય તો પણ સરકાર હાલ તુરત આ અંગે ખાસ કંઈ કરી શકશે નહિ તથા કરશે નહિ, એમ હવે કહી શકાશે નહિ. હવે રાજ્યેથી પોતાની પાસે જે આર્થિક બળ છે તે કેવળ પ્રાથમિક શિક્ષણ ઉપર જ ખરચવું જોઇએ એવો અર્થ બંધારણની કલમમાંથી કાઢી શકાશે નહિ. પ્રાથમિક શિક્ષણ પ્રથમ સાર્વત્રિક થવું જોઇએ, એ અંગે કયાંય બે મત નથી. પરંતુ પ્રાથમિક શિક્ષકને સાર્વત્રિક

તથા યશસ્વી કેવી રીતે કરવું એ બાબતમાં સરકાર સાથે અમારો અત્યંત તીવ્ર સ્વરૂપનો મતભેદ છે.

અમારા મત પ્રમાણે પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે યોગ્ય વિચાર કર્યા સિવાય પ્રાથમિક શિક્ષણ કદી સફળ થઇ શકશેજ નહિ. કેવળ પ્રાથમિક શિક્ષણની મર્યાદામાં રહી પ્રાથમિક શિક્ષણ પરિણામ કારક થઇ શકવાનું નથી તો સરકાર જો આ સત્ય સમયસર ધ્યાનમાં ન લે તો જનતાના કરોડો રૂપિયાનો ખર્ચ અલેખે જશે, એ હવે અનુભવથી વધુ ને વધુ સ્પષ્ટ થતું જાય છે.

એક વર્તમાન પત્રમાં ઉત્તર સતારા જિલ્લાની ફરજિયાત પ્રાથમિક કેળવણીના પ્રશ્ન અંગે એક અભ્યાસક નો ખૂબજ ઉદ્બોધક પત્ર પ્રગટ થયો અમારા જોવામાં આવ્યો છે. તેમાં તેઓ લખે છે કે:—

"એકલા ઉત્તર સતારા જિલ્લામાં એક વર્ષમાં આ ફરજિયાત કેળવણીની યોજના માટે કેટલો મોટો ખર્ચ ચાલુ છે, એ જોઇએ તો મુંબઈ રાજ્યમાં સઘળા જિલ્લામાં કેટલું ખર્ચ નકામું થાય છે તેનું અનુમાન કરી શકાશે." ફરજિયાત કેળવણીના ઉત્તર સતારા જિલ્લાની યોજના અંગેના રૂ. ૨,૧૫૦૩૦–૦ વાર્ષિક ખર્ચનો આંકડો આપીને આ અભ્યાસક આગળ કહે છે, "આટલો પ્રચંડ ખર્ચ કરીને પણ ઉત્તર સતારા જિલ્લાના ૧૯૫૧ની ફરજિયાત કેળવણીમાં બાળકોની સરેરાંશ હાજરી ૬૨ થી ૨૬ પર આવી છે. આનો અર્થ એ કે ઉત્તર સતારા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ અંગે ૧૦૦ બાળકો માટે જે સરકારી ખર્ચ થાય છે તેનો લાભ ફકત ૨૬ બાળકોજ લઇ શકે છે. ૭૪ બાળકો માટે થયેલો સરકારી ખર્ચ અલેખે જાય છે. જનતાના પૈસાની બરબાદી તરફ સરકાર અને જનતા કેટલા દિવસ આંખ મિચામણાં કરશે!

સરકારની પ્રાથમિક કેળવણીનો આ ઘોરણનો મુદ્દો અમે વિસ્તારથી રજૂ કર્યો છે એનું કારણ સરકારે આજે પણ પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણના સંયુક્ત પ્રયોગો કેટલા મર્યાદિત પ્રદેશમાં કરવા અને તેમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની યોજનાને લીધે પ્રાથમિક શિક્ષણ કેવી રીતે ઓછા ખર્ચમાં સફળ થાય છે એ સૂચવવાનું છે. મુંબઈ રાજ્યના નવા મંત્રીએ શિક્ષણ વિષયક ઘોરણમાં ફેરફાર કરવાનું ઘોરણ સ્વીકાર્યું છે તેને લીધે લોકોમાં નવી આશા જાગી છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણના અભ્યાસસા માટેની સમિતિની નિમણૂક કરીને સરકારે પોતાના નવા ઘોરણની દિશાનું સૂચન કર્યું છે. હવે હજી વધારે આગળ વધીને આ કાર્ય માટે મંડળ નીમીને તેનાં કાર્યક્ષેત્રનો વિસ્તાર કરીને પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણના આ મંડળની બાબતમાં અમારી નીચેની સૂચનાઓ સરકારે ધ્યાનમાં લેવી એવી અમારી વિનંતી છે.

(૧) પૂર્વ પ્રાથમિક શિક્ષણ મંડળ ઉપર નિયુકત થયેલા પ્રતિનિધિઓની સંખ્યા નવ સુધી વધારવી અને તેમાં પ્રાથમિક શિક્ષણ મંડળ સાથે સંબંધ જોડવા માટે એક એ પ્રાથમિક શિક્ષણ મંડળના પ્રતિનિધિઓની નિમણૂંક કરવી.

(૨) પૂર્વપ્રાથમિક શિક્ષણ મંડળનો કાર્યપ્રદેશ વિસ્તૃત કરીને તેમાં (અ) બાલમંદિરો–બાલ અધ્યાપન મંદિરોને સરકારી મદદનું ધોરણ–નિયમ કેવા પ્રકારનું હોવું જોઇએ એ અંગે સંસ્થાના પ્રશ્નની તપાસ કરીને પોતાની સૂચના કરવાનું કામ સોંપવામાં આવે. (બ) બાલમંદિર અને બાલ અધ્યાપન સંસ્થા તપાસનું કાર્ય હાલ આ કેળવણીના બિનઅનુભવી અને અપ્રમાણિત વિદ્યાધિકારીઓને સોંપવામાં આવ્યું છે તેને બદલે આ તપાસનું કાર્ય કેવી રીતે થવું જોઇએ એ અંગેની સૂચના કરવાનું કામ મંડળને સોંપવામાં આવે.

(ત) બાલઅધ્યાપન મંદિરોના અભ્યાસક્રમ સાથે સમન્વય થાય તે માટે પૂર્વપ્રાથમિક સંસ્થાઓના અભ્યાસક્રમોની રૂપરેખા કયા પ્રકારની હોવી જોઇએ તેનું માર્ગદર્શન કરવાનું કાર્ય આ મંડળને સોંપવું. (ડ) શિક્ષકો અને વાલીઓ માટે બાળકેળવણીને અંગેનું અધિકૃત અને ઉપયોગી સાહિત્ય મળી શકે તે માટે આ મંડળ એક યોજના ઘડે અને તેનું સંચાલન કરે.

આ સિવાય અત્યારે જે કાર્ય અભ્યાસ ક્રમ સમિતિને સોંપાયું છે તે પણ મંડળને જ સોંપવાની જરૂર છે એવો અમારો મત છે.

પૂર્વપ્રાથમિક કેળવણીના ક્ષેત્રમાં લોકોએજ અગ્ર ભાગ લીધો છે. લોકોએ શરૂ કરેલું આ કાર્ય સરકારે વધુ વ્યાપક કેમ બને તે જોવું જોઇએ. મુંબઈ રાજ્યની નવી સરકાર અમારા સૂચનો ધ્યાનમાં લેશે એની અપેક્ષા રાખીએ.

પૂર્વપ્રાથમિક ભાષા–શિક્ષણ


લેખાંક ૨ :

ભાષા શિક્ષણ ક્યારે, કયાં અને કેવી રીતે ?

બાળકના શરૂઆતનાં શબ્દકોશમાં સરખાપણું હોવા છતાં આગળ ઉપર બાળકની વધતી વય, લિંગ, શરીર, સ્વાસ્થ્ય અને ચલન–ક્ષમતા, વાતાવરણની અનુકૂળતા ગ્રહણ–ક્ષમતા અને બુદ્ધી એવા અનેક ઘટકો ઉપર શબ્દકોશનો વિકાસ અવલંબે છે. સ્વાભાવિક પરિસ્થિતિમાં આ શબ્દકોશ કેવી રીતે વિકસતો જાય છે, એનું સંશોધન અનેક માનસ શાસ્ત્રજ્ઞોએ કર્યું છે. બાળક પોતાની બોલીમાં જે જે શબ્દનો ઉપયોગ કરતો હોય છે તેને બાળકનો મૌખિક શબ્દકોશ (Oral Vocabulary) કહે છે. તે જ પ્રમાણે બાળક બીજાની બોલીમાં જે જે શબ્દ સમજી શકે છે તેને શ્રવણ શબ્દકોશ (Auditory Vocabulary) કહે છે. આ ઉપરાંત બાળક યોજેલા હોય એવા શબ્દોનો અને વાંચન દ્વારા બાળક સમજી શકે એવા શબ્દકોશનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. ૬ વર્ષને અંતે સામાન્ય બાળકના મૌખિક શબ્દકોશની સંખ્યા ૨૫૦૦ ની ઉપર અને શ્રવણ–શબ્દકોશની સંખ્યા સત્તરથી ચોવીસ હજાર શબ્દ સુધી હોવાનું શાસ્ત્રજ્ઞોએ નોંધ કરી છે.

ભાષા–શિક્ષણની દૃષ્ટિએ બાળકનો આ શબ્દકોશ કેવી રીતે વધે છે અને ભાષા વિકાસમાં કયા કયા ઘટકો પ્રભાવી હોય છે એ જોવું મહત્ત્વનું છે.

વય ; સામાન્ય રીતે બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેનું ભાષા ઉપરનું પ્રભુત્ત્વ વધે છે. બાળકની



વય જેમ જેમ વધતી જાય છે તેમ તેમ તેની બુધ્ધિ-શક્તિનો વિકાસ થતો હોય છે. તેની સાથે જ ભાષામાં પણ તેની પ્રગતિ દેખાય છે. પરંતુ ભાષાની પ્રગતિમાં વય મુખ્ય ઘટક નથી એ ભૂલવું ન જોઇએ. ઉચ્ચારને જરૂરી એવો શરીરયંત્રણાનો વિકાસ, ચલન–પાત્રતા, બુધ્ધિ એવા અન્ય ઘટકોની પણ વયની સાથેસાથે પ્રગતિ થાય તો જ વયની સાથે ભાષાની પ્રગતિ થાય છે. નિર્બળ મનઃસ્થિતિના બાળકની જે પ્રમાણે ઉચ્ચાર પ્રગતિ મંદ હોય છે તે જ પ્રમાણે તેનો શબ્દ ભંડોળ પ્રાપ્ત કરવાનો વેગ પણ મંદ હોય છે. વધતી વયની સાથે સાથે બાળકનો અનુભવ વધે છે. આ અનુભવમાંથી તેનો અર્થ સંકેત વિસ્તૃત થાય છે.

શરીર સ્વાસ્થ્ય અને ચલન–ક્ષમતા : જે બાળકનું શરીર સુંદર હોય છે અને જે ક્રિયાશીલ અને ચપળ હોય એવા બાળકો વધારેમાં વધારે અનુભવ મેળવી શકે છે. વાતાવરણની બદલાતી પરસ્થિતિથી તેઓ વધુ જાગૃત હોય છે, તેમની જિજ્ઞાસા અને ઉત્સુકતાને લીધે આજૂબાજૂ ની બદલાતી પરિસ્થિતિથી પરાંગમુખ રહી શકતા નથી. એનાથી ઉંધુ જ બાળક રોગી છે, જેના હાથપગમાં જોર નથી, જેમની ક્રિયા મંદ હોય છે, એવા બાળકો પરિસ્થિતિની સામે ઝઝૂમી ન શકવાથી તેમનો અનુભવ મર્યાદિત બને છે. અને તેની સાથેસાથે તેમનો ભાષા-વિકાસ પણ રૂંધાઇ ગયેલો રહે છે. બાળપણમાં કંઇક માંદગી આવવાથી બાળક અનેક દૃષ્ટિથી પછાત રહે છે. આરોગ્યસંપન્ન બાળક અને રોગી બાળકના વ્યકિતત્વમાં કેટલો ફરક પડે છે તે સામાન્ય નિરીક્ષકના પણ ધ્યાનમાં આવે એવી બાબત છે.

ભાષા વિકાસનો સંચલન કાર્ય (Motor Function) સાથે નિકટનો સંબંધ છે. નવી ક્રિયા પ્રસ્થાપિત કરતી વખતે બાળકનું બોલવું મર્યાદિત બને છે. સામાન્ય રીતે ધૂંટણીઆ તાણવા, ચાલવું વગેરે ક્રિયા પ્રસ્થાપિત થયા પછી શબ્દ–કોષ જલદીથી વધે છે. આ પછી બાળક જ્યારે બાળમંદિરમાં જાય છે ત્યારે જાણે એની ક્રિયા અને એનુ બોલવાનુ એ બન્ને ક્રિયા પૂરા જોશમાં હોય એવું લાગે છે. પરંતુ આ અંગે સંશોધકોમાં બે મતો દેખાઈ આવે છે. કેટલાકના મત પ્રમાણે બોલ બોલ કરનારા બાળકની ક્રિયા પણ તેના જ પ્રમાણમાં વધે છે તો કેટલાકનું કહેવું એવું છે કે વધારે બોલ બોલ કરનારા બાળકની ક્રિયા મંદ બને છે.

લિંગભેદ : ભાષા વિકાસની બાબતમાં છોકરા કરતા છોકરી શરૂઆતથીજ વધારે પ્રગતિશીલ હોય છે. તેમનો શબ્દ–કોષ વધારે વિસ્તૃત હોય છે એટલું જ નહિ પરંતુ તેમનું બોલવું પણ વધુ યથાર્થ હોવાનું જણાય છે. છોકરા છોકરીમાં ભેદ હોવાનું કારણ છોકરીનું વ્યકિતત્વ છોકરા કરતા વધારે સંયોજનશીલ હોય છે એવું એક સંશોધકનું કહેવું છે. છોકરા કરતા છોકરીમાં દેખાઈ આવતી ભાષા અંગેની પ્રગતિ આ શિક્ષણ-શાસ્ત્રિઓ માટે ઉદ્બોધક મુદ્દો થઇ પડશે. ભાષા વિષયમાં પણ આગળ ઉપર છોકરા કરતા છોકરીને વધારે ગુણ મળ્યાનું કેટલેક ઠેકાણે દેખાઇ આવ્યું છે.

ભાષાવિકાસ અને બુધ્ધિ વિકાસ: નિર્બળ મનના બાળકને જેમ ભાષાકીય ઉચ્ચાર ખૂબ મોડેથી પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે તેમનો શબ્દ-કોષ પણ ખૂબ ધીમેથી વધે છે એ ઉપર આવ્યું જ છે. ચપળ બુધ્ધિના બાળક ખૂબજ જલદીથી બોલતા શીખે છે, એ સામાન્ય રીતે ખરૂં છે, પણ તેની સાથે એ પણ લક્ષમાં રાખવું જોઇએ કે એમાં

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે...

ઈવી

* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડુ રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે.

સૌભા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

સોલ એજન્ટસ;

એમ. એસ. ખંભાતવાળા

રાયપુર, અમદાવાદ.

☆

એજન્ટસ;

સી. નરોત્તમ એન્ડ કું.

મંગલદાસ રોડ, મુંબઇ–૨

ટે. નં. ૩૦૫૭૫ (M.P.S.)

કોઇ અપવાદ પણ હોય છે. કેટલાંક હોશિયાર બાળકો પણ મોડેથી બોલતા શીખ્યાના દાખલાઓ મળે છે.

ભાષા વિકાસમાં બુધ્યાંક એ એક મહત્વનું ઘટક છે. બુધ્ધિમાન બાળકની ગ્રહણશક્તિ વધારે સૂક્ષ્મ હોય છે. વસ્તુ-વસ્તુમાંનો ફરક તેમને ઝટ સૂઝે છે તેને લીધે તેની ભાષાનો વિકાસ વધારે ઝડપથી થાય છે, એ સહજ છે. ભાષાની વિશેષ ગતિને લીધે બુધ્ધિ સૂક્ષ્મ બને છે કે સૂક્ષ્મ બુધ્ધિને લીધે ભાષાકીય પ્રગતિ વધારે થાય છે એક પ્રશ્ન છે. પ્રભાવી ભાષાને લીધે મનુષ્યની બુદ્ધિ સરલ લાગે છે પણ તેની સાથેજ બધાં બુદ્ધિમાન માણસોનો ભાષા ઉપર પ્રભુત્વ હોય એવું નથી હોતુ.

વાતાવરણ : બાળકના આજૂબાજૂના વાતાવરણની બાળકની ભાષાકીય પ્રગતિ પર ખૂબ અસર થાય છે એ આપણે ઉપર જોયું. કુટુમ્બની સામાજિક-આર્થિક પ્રતિષ્ઠા ભાષાની પ્રગતિને ખૂબ પોષક નીવડે છે. ભાષા અને બુધ્ધિમાનોનો સંબંધ કુટુંબની વંશપરંપરા અને વાતાવરણ સાથે હોય છે. કેટલાંક શાસ્ત્રજ્ઞોએ ભાષા અને બુદ્ધિવિકાસમાં વંશપરંપરાનો ફાળો કેટલો અને વાતાવરણ અથવા સંસ્કારનો ફાળો કેટલો એ જોવાની દૃષ્ટિથી જોડિયા બાળક ઉપર, તેજ પ્રમાણે અનાથાશ્રમના બાળકો ઉપરે ખૂબ મોટા પ્રમાણમાં પ્રયોગ કર્યા છે. આ પ્રયોગમાં એચ. સી. ડૉવના પ્રયોગનો ઉલ્લેખ કરવા જેવો છે.

આ સંશોધકે અનાથાશ્રમમાંથી અગિયાર છોકરા-છોકરીના બે જૂથ પસંદ કર્યા. આ પસંદગી કરતી વખતે બાળકની વય, એ બાળકો વચ્ચેનું સરખાપણુ, એમના બુધ્યાંક અને એમનો શબ્દકોષ ની દૃષ્ટિથી તુલના કરીને બન્ને સરખા છે એ જોયું. આ બન્ને સમુહમાંના એકને 'પ્રાયોગિક સમુહ' અને બીજાને 'નિયંત્રક સમુહ એવા નામો આપ્યા. પ્રાયોગિક સમુહ માટે તેમણે ભાષાવિકાસ નો એક શિક્ષણક્રમ તૈયાર કર્યો. આ શિક્ષણક્રમમાં છોકરાઓને પ્રવાસે લઇ જવા, તેમને વાર્તા કહેવી, તેમની સાથે ચર્ચા કરવી, જ્યાં તેમને પૂર્વાનુભવ નથી ત્યાં તેનો અનુભવ કરાવી શબ્દ અંગેનો યોગ્ય સામાન્ય બોધ વધારવામાં તેમને મદદ કરવી એવો ભરપૂર કાર્યક્રમ યોજ્યો હતો. પચાસ કલાકમાં આ શિક્ષણક્રમ પછી આ બાળકોનું ભાષાપ્રભુત્વ ડૉવને વિશેષ પ્રકારનું વધેલું જણાયુ. નિયંત્રક સમુહને આવા પ્રકારનો શિક્ષણક્રમ આપ્યો નહોતો. એના ઉપરથી ડૉવે જે તાત્પર્ય કાઢયું તે એવું હતું કે દુર્લક્ષિત બાળકોને ભાષા વિકાસનું સમૃદ્ધ વાતાવરણ અને કાર્યક્રમ પૂરાં પાડવાથી તેમના 'ભાષાકીય બૌદ્ધિક' વિકાસ ઉપર નિશ્ચિત પરિણામ થાય છે. ડૉવનું આ તાત્પર્ય શિક્ષણની દૃષ્ટિથી ખૂબ મહત્ત્વનું છે.

આજની કૌટુંબિક પરિસ્થિતિમાં બાળકના ભાષાકીય વિકાસનો પ્રશ્ન : ભાષાની દૃષ્ટિથી દુર્લક્ષિત એવા બાળકો ફકત અનાથાશ્રમમા જ હોય છે એવુ નથી. દિવસો સુધી પોતાના જ વ્યવસાયમાં રચ્યાપચ્યા હોય એવા માતાપિતાના ઘરનું વાતાવરણ એ અનાથાશ્રમ કરતા પણ નિકૃષ્ટ હોઈ શકે અને સારા કુટુંબના બાળકો પણ તેની અસરથી મૂક્ત રહી શકતા નથી. દિવસે દિવસે વધતી જતી આર્થિક વિટમ્બણામાં, કુટુમ્બ માટે જગ્યા ઓછી થતી જાય છે. કુટુમ્બમાંની વ્યકિતની સંખ્યા મર્યાદિત કરવામાં આવે છે. આર્થિક સ્થિતિ સંભાળવા માટે ઘરમાંની બન્ને મુખ્ય વ્યકિતએ અર્થોપાર્જન કરવું પડે એવી પરિસ્થિતિ નિર્માણ થતી જાય છે. તેને લીધે માતાપિતાને બાલશિક્ષણની જવાબદારીનો હિસ્સો સંભાળવાનું વિકટ થતું જાય છે. આ




બધી પરિસ્થિતિ અનિવાર્ય છે એમ સમજીને તેની સામે ઝૂકી જવું કે બાળ વિકાસની દૃષ્ટિએ નવી જીવન રચના કરવી એ આપણી સામે પ્રશ્ન છે.

રૂઢિના કાદવમાં ખૂંપેલું કેળવણી ખાતું : પહેલા વર્ષની આખરે બે શબ્દ વાપરી શકનાર બાળક છઠ્ઠા વર્ષની આખરે અઢી હજાર શબ્દ પોતાની ભાષામાં વાપરે છે અને આજૂબાજૂની વ્યકિતની ભાષામાંથી સત્તરથી ચોવીસ હજાર શબ્દ સમજી શકે છે. જીવનની શરૂઆતના કાળમાંની ભાષાની આ પ્રચંડ અને અદ્‌ભૂત પ્રગતિ જોઇએ એટલે ભાષાવિકાસનો પાયો ક્યારે, કયાં અને કેવી રીતે નાખવો જોઇએ એ સહજે સમજી શકાય એમ છે

આપણી શિક્ષણ પ્રથામાં પૂર્વપ્રાથમિક શિક્ષણને સ્થાન નથી. બાળકને ૬ વર્ષ પૂર્ણ થયા પછી આપણે ત્યાંની શાળામાં આવતા પહેલા હું ઉપયોગ કરી શકું છું. મારી આજુબાજુની વ્યકિત પાસેથી મેં મારા ઉચ્ચારો આબેહુબ ઉચક્યા છે. દરેક શબ્દ સાથે અર્થાનુસાર અવાજમાં ફેરફારો કેમ કરવા, તે હું જાણું છું. ચહેરા ઉપરનો હાવભાવ હું સારી રીતે કરી શકું છું. વ્યાકરણની દૃષ્ટિએ શુદ્ધ એવા બધાં જ મારા વાક્ય પ્રયોગો હોય છે. લિંગ, વચન, વિભક્તિ પ્રત્યય યોગ્ય ઠેકાણે હું વાપરું છું. હું મારી જરૂરિયાતો બીજી વ્યકિતઓ સામે સારી રીતે વ્યકત કરી શકું છું. તમે મોટી વ્યકિત શું બોલો છો તે બધું હું સમજી શકું છું. આવી પરિસ્થિતિમાં ભાષાની બાબતમાં તમે મને શું નવું શીખવવાના છો. એ કહેશો કે કૃપા કરીને? જે સમયે ભાષામાંના ઉચ્ચાર સમજી લેવા માટે હું જિજ્ઞાસાથી તથા ઉત્સુકતાથી તમારા હોઠની હિલચાલ જોતો હતો, એક જ શબ્દનો અર્થ અને તેના સંદર્ભને પ્રાથમિક શાળામાં 'ભાષા' શિક્ષણની શરૂઆત કરવામાં આવે છે. 'ભાષામાંના બધા શબ્દપ્રકાર અને વાક્યપ્રકારનો સમજી લેવા માટે તનતોડ પ્રયત્ન કરતો હતો, તે સમયે મારા ભાષા શિક્ષણ અંગે તમારી પાસે કોઇ પણ યોજના હોતી. હવે જ્યારે હું મારા પ્રયત્નથી બધું શીખીને તૈયાર થયો છું ત્યારે તમે હવે મને કઇ ભાષા શીખવવાના છો? લેખન-વાચન એ કઈ ભાષાનથી ભોજન-વાચનના ભાષા શિક્ષણનું નામ આપીને તમે બરોબર મારી કેળવણીનો તમાશો કરવા માંગો છે ! તમે કોને ફસાવો છો એ તમારા ધ્યાનમાં છે કે ?

આજની આપણી પ્રાથમિક શાળામાંનુ ભાષા શિક્ષણનું : સ્વરૂપ કેવા પ્રકારનું છે એની આથી વધુ કલ્પના આપવાની જરૂર નથી. આપણા વિષયનું ક્ષેત્ર આપણે પૂર્વ–પ્રાથમિક કક્ષા પૂરતું મર્યાદિત કર્યું છે. ભાષા અને બુદ્ધિ વિકાસનો આ પ્રશ્ન કુટુમ્બ અને પૂર્વ-પ્રાથમિક શાળામાં જ પહેલા હાથ ધરવો જોઇએ એમ આજનું માનસ શાસ્ત્ર આપણને માર્ગદર્શન આપે છે. માનસ-શાસ્ત્રનું આ માર્ગદર્શન લક્ષમાં લઇને કુટુમ્બમાં અને પૂર્વ-પ્રાથમિક સંસ્થામા ભાષા શિક્ષણના સંસ્કાર કેવી રીતે વાળી શકાય એની રૂપરેખા હવે પછીના લેખમાં આપવાનો પ્રયત્ન કરીશ.

——શેષ નામલે



ઝરણથી
બનતું
સુગંધિત
તેલ
આપને ત્રિવિધ ફાયદા-
ઓની ખાત્રી આપે છે.
૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે,
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે.
આજે જ એક બાટલી ખરીદો અને હંમેશના વપરાશનું સર્વોતમ કેશતેલ ઘેર બેઠાં આસાનીથી તૈયાર કરો.....
બધે ઠેકાણે વેચાય છે.
સોલ એજન્ટ
સુગંધ ઘર
બાડીયા, અમદાવાદ
(M. P. S.)
સી. નરોત્તમની કું
મંગલદાસ રોડ,
મુબઈ ૨.
ટે નં. ૩૦૫૬૫

ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર પોતાના મકાનમાં ગયું


નૂતન બાલ શિક્ષણ સંઘની સ્થાપના ઇ. સ. ૧૯૨૫ માં થઇ ત્યારે તેનો એક માત્ર હેતુ બાલશિક્ષણને લોકપ્રિય કરવા માટે ચળવળ શરૂ કરવી એ હતો. આ ઉદ્દેશ્યને અનુસરીને ૧૯૨૬માં સંઘે 'શિક્ષણ પત્રિકા' નામનું ગુજરાતી માસિક શરૂ કર્યું. આ સમયે સંઘની પોતાની કોઇ સંસ્થા નહોતી. ભાવનગરનું શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર અને બાલ અધ્યાપન મંદિર એ દક્ષિણામૂર્તિએ ચલાવેલી સંસ્થા આદ્ય કાર્યકર્તાની શિક્ષણ વિષયક પ્રયોગ કેન્દ્ર હતી. શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થાના સંચાલકના સહકારને લીધે ૧૯૩૬ સુધી સંઘનું ચળવળનું કાર્ય આ સંસ્થામાંથી જ થતું રહ્યું.

ઇ. સ. ૧૯૩૬ માં સંઘના એક આદ્ય સંસ્થાપક શ્રીમતી તારાબેન મોડકે, દાદર, મુંબઇમાં શિશુવિહાર કેન્દ્રની સ્થાપના કરી. ૧૯૩૮ માં સંઘના બીજા સંસ્થાપક સ્વ. ગિજુભાઇ દક્ષિણામૂર્તિ છોડીને રાજકોટ ગયા. ત્યાં સંઘની સ્વતંત્ર સસ્થા સ્થાપન કરવાની તેમની મહેચ્છા હતી. પરંતુ તે અમલમાં આવે તે પહેલાંજ ૧૯૩૯ માં ગિજુભાઇનુ દેહાવસાન થયું. આને લઈને સંઘના માર્ગદર્શનનું કાર્ય એકલા શ્રીમતી તારાબેન મોડક ઉપર આવી પડયું. અને આ રીતે તેમની દાદરની શિશુવિહાર સંસ્થા નૂતન બાલ શિક્ષણ સંઘની ચળવળનું કેન્દ્ર બની.

ઇ. સ. ૧૯૪૦ માં સંઘે ગ્રામીણ વિભાગમાં બાલશિક્ષણનુ કેન્દ્ર બની શકે, અને ગ્રામશિક્ષણની દૃષ્ટિએ પ્રયોગ કરી શકાય એ ઉદ્દયેશ્યથી ૧૯૪૫ માં ભોડીં જી. થાંણામાં શ્રીમતી તારાબેનના માર્ગદર્શન નીચે ગ્રામ બાલશિક્ષણની સ્થાપના કરી. ત્યારપછીના બાર વર્ષ શ્રીમતી તારાબેન અને તેમના સહકાર્યકર્તાઓએ ભાડાની જગ્યામાં પરિસ્થિતિ સર્વદૃષ્ટિએ પ્રતિકૂળ હોવા છતાં સંસ્થાનું કાર્ય ચલાવ્યું. આમ ત્રીસ વર્ષની તપશ્ચર્યા ફળી અને ૧૬ જૂન ૧૯૫૭ ને રોજ, સંસ્થાએ કોસબાડમાં હમણાંજ બાંધેલા પોતાના મકાનમાં પોતાનું કાર્ય શરૂ કર્યું છે.

સંઘની અને બાળશિક્ષણની ચળવળના પરિણામે કોસબાડમાંની જગ્યા અને ઈમારત, નૂતન બાલશિક્ષણ સંઘ જેવી અખિલ ભારતીય સંસ્થાના વિકાસમાં પ્રેરક થશે તેવી આશા છે.

કોસબાડમાં ગોખલે એજ્યુકેશન સોસાઇટીના કૃષિવિદ્યાલયની બાજુમાં સંઘે, પોતાના કેન્દ્ર માટે ૧૮ એકર જગ્યા ખરીદી લીધી હોવાથી તે જગ્યામાં ટેકરીના રળીયામણા વાતાવરણમાં ગ્રામબાલ શિક્ષણના કેન્દ્રની ઇમારત બંધાઈ રહી છે. આ ટેકરીના પાછળના ભાગમાં પૂર્વની બાજુએ ચંદ્રાકાર ડુંગરોની હાર હોવાથી, ટેકરી અને આ રાંગની વચ્ચે નાની પણ સપાટ ખીણો છે.



કેન્દ્રની જમીનની શરૂઆત ટેકરીથી જ થતી હોવાથી ઈમારતની કોઈ પણ બારીમાંથી ટેકરીના ઢાળના ભાગની અને નીચે ખૂણામાં આવેલી જમીન જોઈ શકાય છે. આ જમીનમાં કેન્દ્રના મૂલોદ્યોગ વિદ્યાલયની ખેતીવાડી કરવાની હોવાથી, તેને માટે જમીનને ફરતી વાડ બાંધવી, પાણી માટે વાવ ખોદવાનું વિગેરે કામો થયેલા દેખાય છે. ટેકરીની પશ્ચિમ બાજુમાં દૂર સમુદ્રના કિનારા ઉપરના ખજરીના અને નારીયેળીના વનનો અત્યંત રમણીય ભાગ દેખાય છે. હાલમાં મૂલોદ્યોગ અધ્યાપન મંદિર અને પૂર્વપ્રાથમિક બાલ અધ્યાપન મંદિર માટેની બાંધેલી ભવ્ય ઈમારત, તેમજ પારણાઘર, બાલવાડી, પ્રાથમિક શાળા અને વિકાસવાડીના વિભાગ માટે બાંધેલી બીજી વિશાળ ઈમારત અને કાર્યકર્તાઓ માટે કેટલાંક ઘરો બાંધવામાં આવ્યાં છે.

૧૬ મી જૂનના રોજ આ ઈમારતમાં કાર્ય શરૂ કરવાની દૃષ્ટએ ગૃહપ્રવેશનો એક નાનો સમારંભ અત્યંત ઉત્સાહથી ઉજવાયો. સંસ્થાનું વિધિપૂર્વક ઉદઘાટન, બીજી ઈમારતો બંધાઈ ગયા પછી મોટો સમારંભ યોજવાની કાર્યકર્તાઓની મહેચ્છા છે. પરંતુ આ દિવસે થયેલો નાનો સમારંભ પણ નવા કાર્યકર્તાઓના નવા ઉત્સાહની પ્રતીતિ આપનારો હતો. ફૂલ પાનના તોરણો લગાડીને ઈમારતને શણગારવામાં આવી હતી. પ્રાર્થના, બાળકોનો કાર્યક્રમ અને સંસ્થા અંગે આશા–અપેક્ષા વ્યકત કરનારા ભાષણો થયા. કેન્દ્રને ફરતી આદિવાસી વસ્તીમાંથી સ્વચ્છ કપડાં પહેરીને બાળકો પણ મ્હાલતા હતા. સમારંભમાં શ્રી આચાર્ય ભિસે, શ્રીમતી ખુરશેદબાનુ મિસ્ત્રી, શ્રીમતી કપિલાબેન મહેતા, ખોડીના ઉત્તમ ખેડૂત તરીકે જાણીતા વયોવૃદ્ધ કાર્યકર્તા શ્રી મુકુંદરાવ સાવે, શ્રી જયવંતરાવ પાટીલ, શ્રી આપ્ટે, શ્રી મયેકર વગેરે વ્યકિતઓ હાજર હતા.

૧૯૫૪–૫૫ ની સાલમાં શ્રીમતી તારાબેન હૃદય રોગને લીધે પથારી પર હતા. તેમની તે સમયની પરિસ્થિતિ યાદ આવે તો પણ એક પ્રકારની ચિંતા હજી પણ કાર્યકર્તાઓના મનમા લાગે છે. આટલી મોટી માંદગી પછી પરિસ્થિતિ બધી રીતે પ્રતિકૂળ હોવા છતા પણ તેમણે વિકાસવાડીની યોજના હાથ ધરી તથા તેની પાછળ પડી તે પાર પાડી. તેને લીધે નૂતન બાળ શિક્ષણ સંઘને બત્રીસ વર્ષની તપશ્ચર્યા પછી ખરેખર સ્થાયી સ્વરૂપ પ્રાપ્ત થયું છે. હવે સંઘને પોતાનું ઘર મળવાથી સંઘની બધી પ્રવૃત્તિ માટે પોતાનું સ્થળ નિર્માણ થયું છે. હમણાં ગ્રામ બાલ શિક્ષણ સંસ્થામાં ઘોડિયાઘર, બાલવાડી, પ્રાથમિક શાળા. પ્રકાશન સંસ્થા, પૂર્વ પ્રાથમિક બાલ અધ્યાપન મંદિર, મૂલોદ્યોગ અધ્યાપન વિદ્યાલય, રાત્રિશાળા, ગોશાળા, એટલી પ્રવૃત્તિઓ શરૂ થઈ છે. ગ્રામ જીવન-આદિવાસી જીવનનાં અનેક પ્રશ્નો અંગેનું કાર્ય શરૂ થયું છે.

આ સંસ્થાની આજુબાજુ અન્ય અનેક સંસ્થાઓ સ્થપાઈને સંઘ દ્વારા બાલજનતાની સેવા થશે એમાં શંકા નથી. સંસ્થાને બધી દૃષ્ટિએ કાર્યક્ષમ એવા કાર્યકર્તાઓનું જૂથ પણ સાંપડયું છે તેને લીધે સંઘનું કાર્ય વધુ વેગીલું બનશે તથા કાર્યક્ષમતાથી ચાલશે એ વિશે શંકા નથી.

—પ્રવાસી.

સ્વર્ગસ્થ સાભાયની

યાદ આવતાં એમનો ભવ્ય દેહ આત્માની આંખો સામે આવી ઉભો રહે છે. એમનું પ્રેમાળ હાસ્ય, ઠપકામાં પણ મીઠપનો રણકાર અને આંખોમાં કુટુમ્બ કલ્યાણનો સાગર છલકાતો દેખાય છે.....પરન્તુ, તેઓ હવે કદી આ પૃથ્વી પર આવનાર નથી.....એમની યાદનું આબેહુબ આલેખન કરવા એક એન્લાર્જમેન્ટ અથવા પેઇન્ટિંગ.... ....

.. ★ ફોટોગ્રાફી ★ પેઇન્ટીંગ. .....
★ એન્લાર્જમેંટ ★ ફ્રેમીંગ
ન્યુ આર્ટ સ્ટુડીયો
ઉપર, ઠાકોરદ્વાર પોસ્ટ સામે, મુંબઈ

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

કોસબાડ : દિનાંક ૧૬ મીના રોજ નૂતન બાલ શિક્ષણ સંઘ સંચાલિત ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રની બધી સંસ્થાઓ ઘોલવડ સ્ટેશનની પૂર્વ બાજુએ અઢી માઈલ પર આવેલા કોસબાડ નામના ગામડામાં ગોખલે એજ્યુકેશન સોસાયટીના કૃષિ વિદ્યાલયના પાંડોશમાં પોતાની અઢાર એકરની જગ્યા પરના વિશાળ મકાનોમાં ફેરવવામાં આવી છે જે સ્થળ પર ગયા જાન્યુઆરી માસમાં અખિલ ભારતીય બાલ શિક્ષા પરિષદનું બીજું અધિવેશન યોજાયું હતું તેજ ટેકરી પર સંસ્થાના બે મુખ્ય મકાન બંધાઇ ગયા છે. હવે પછી ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર સાથેનો પત્ર વ્યવહાર કોસબાડ, પો. ઘોલવડ (W. Ry.) જી. થાણાના સરનામે કરવો.

તા. ૨૦ મીએ વિકાસવાડી યોજનામાંના મૂલોદ્યોગ અધ્યાપન વિદ્યાલય અને ઘોડિયાઘર–બાલવાડી–મૂલોદ્યોગ શાળા એ બે સંસ્થાઓનું કાર્ય શરૂ થઇ ગયું છે.

મુંબઇ : પૂર્વ પ્રાથમિક સંસ્થા અને પૂર્વ પ્રાથમિક અધ્યાપન સંસ્થાઓના અભ્યાસક્રમની પુનર્રચના કરવા માટે મુંબઇ રાજ્યના કેળવણી ખાતાએ એક સમિતિ નીમી છે. એ સમિતિના પ્રમુખપદે ખાતના જોઇંટ ડિરેક્ટર શ્રીમતી સુલભાબાઈ પણંદીકર છે. બિન સરકારી સભ્યોમાં શ્રીમતી તારાબેન મોડક, શ્રી ભાસ્કરરાવ કર્વે, શ્રી હરભાઈ ત્રિવેદી, શ્રીમતી માયાદેવી ભાલચંદ્ર છે. સમિતિને પોતાનો અહેવાલ એક માસમાં સુપ્રત કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ સમિતિને કોઈ પણ પ્રકારની સૂચનાઓ સંઘ દ્વારા કરવી હોય તો એ સંઘના મંત્રીના સરનામે વહેલી તકે મોકલી આપવા વિનંતી છે.

વિરમગામ : શ્રી કેળવણી મંડળ વિરમગામ સંચાલિત શ્રી. જે. જે. શાહ કુમાર મંદિર વિભાગમાં સાતમી શ્રેણીની મંગલ ઉદ્‌ઘાટન વિધિ દિનાંક ૧૭–૬–૫૭ ના રોજ 'પદ્મવિભુષણ' શ્રીમતી પુષ્પાબેન મહેતા M. L. A. ના શુભ હસ્તે કરવામાં આવી છે.

મુંબઇ : નૂતન બાલ શિક્ષણ સંઘની વાર્ષિક સામાન્ય સભા તેમજ એ સભાના અનુસંધાનમાં વ્યવસ્થાપક મંડળ તથા નિયંત્રણ મંડળની સભાઓ ૧૦ અને ૧૧ મીના રોજ રાખવામાં આવી છે. ગઈ સભામાં સંઘના નિયંત્રણ મંડળે સંઘનો વિધાન અંગે જે ખરડો તૈયાર કર્યો હતો તેને આ સભાઓમાં છેલ્લું સ્વરૂપ અપાશે અને ચુંટણીનો કાર્યક્રમ ઘડાશે.

ઇંદોર : બાલ અધ્યાપન મંદિર, બાલ નિકેતન, ઇંદોર સંસ્થાના નવા જૂના વિદ્યાર્થીઓનું સ્નેહ સંમેલન મધ્ય પ્રદેશના કેળવણી ખાતાના ડાયરેકટર શ્રી. ક્રૂંકલીનના પ્રમુખપદે અત્યંત ઉત્સાહથી ઉજવવામાં આવ્યું.

☆

બાળકોને માટે ખાસ જરૂરી

ટૉનિક પાવડર

બાળકો અને પ્રૌઢોની નબળાઈ માટે અજમાવેલ સ્વાદિષ્ટ ટોનિક, ભૂખને ઉત્તેજનાર અને બાળકોની શારીરિક નબળાઈ માટે તેમજ વૃદ્ધાવસ્થાની નસોની, કમજોરી માટે ઉપયોગી.

ન્યુ ઇંરા ફેાર્મસી

વેસ્ટર્ન રેલ્વે સામે, દાદર, મુંબઈ ૨૮

ઈન્દ્રિય શિક્ષણ

લેખાંક બીજો

(પૂર્વ પ્રાથમિક કેળવણીના મૂળભૂત પ્રશ્નો વિષે ચર્ચા થવી જોઇએ એ દૃષ્ટિથી આ લેખમાળા શરૂ કરવામાં આવી છે. નૂતન બાલ શિક્ષણ સંઘના અધિકૃત ધોરણ સાથે આ લેખને સંબંધ નથી. આ લેખ વાંચીને આ વિષયની બીજી બાજુ રજૂ કરવાની જેમની ઇચ્છા હશે તેમના લખાણને પણ 'પત્રિકામાં' યથાયોગ્ય સ્થાન આપવામાં આવશે. આ વિષયમાં રસ લેનાર મંડળીએ આ પ્રચલિત વિષયનું મહત્વ લક્ષમાં લઇને આ વિષય અંગે પોતાના મતો રજૂ કરવા માટે અમારી આગ્રહભરી વિનંતિ છે–

—સંપાદક)

ફ્રેંચ તત્વજ્ઞ રુસોને ઇન્દ્રિય શિક્ષણનો એક આદ્ય પુરસ્કર્તા માનવામાં આવે છે. અઢારમી સદીના મધ્યમાં તેણે 'એમિલ' નામનો પોતાનો શિક્ષણ વિષયક પ્રસિદ્ધ ગ્રન્થ પ્રગટ કર્યો. ઇન્દ્રિય શિક્ષણ અંગે આ પુસ્તકમાંના કેટલાંક ઉતારા નીચે મુજબ છે.

"The first faculties which become strong in us are our senses. These then are to be cultivated.....We find that the young child wants to touch and handle every thing. By no means check this restlessness, It points to a very necessary apprenticeship....So long as his delicate and flexible organs can adjust themselves to the bodies on which they ought to act, so long as his senses as yet uncorrupted are free from illusion, this is is the time to exercise them all. As every thing enters the mind finds its way through the senses the first reason of human being is a reason of of sensations, this it is which forms the basis of the intellectual reason, our first masters of philosophy are our feet, our hands, and our eyes. To exercise the senses is not simply to make use of them, it is to judge aright by means of them."

"આપણામાં દૃઢ થનારી પ્રાથમિક શક્તિઓ એટલે આપણી ઇન્દ્રિયોનો આપણે વિકાસ કરવો જોઇએ.... આપણને એવું જણાય છે કે નાના બાળકોને દરેક ચીજને સ્પર્શ કરી ને હાથ લગાડી જોવાની ઇચ્છા થાય છે. આ પ્રકારની તેમની હિલચાલ ઉપર કોઇપણ પ્રકારનો અવરોધ નાખશો નહિ. તે એના ભાવિ વિકાસની પૂર્વ તૈયારીનું સૂચક છે...જ્યાં સુધી તેમનું નાજુક અને વલણશીલ અવયવ જે વસ્તુ ઉપર તેની પ્રક્રિયા થવી જરૂરી છે અને જ્યાંસુધી એવી વસ્તુ સાથે સંયોજન સાધવાની શકયતા છે, જ્યાં સુધી તેમની ઇન્દ્રિયો અદૂષિત છે, ખોટી કલ્પનાઓથી દૂર છે ત્યાં સુધી તે બધાંને તાલિમ મળવી જોઇએ કારણ કે મનમાં જે દરેક બાબત પહોંચે છે તે ઇન્દ્રિયો દ્વારા જ પહોંચે છે. માનવી બુધ્ધિનું પ્રાથમિક સ્વરૂપ સંવેદનાત્મક છે. તે જ તેના બૌધ્ધિક જીવનનો પાયો છે. પોતાના તત્વજ્ઞાનના પ્રથમ નિયામકો આપણા હાથ અને આપણી આંખો છે. આ બધાનો ફકત ઉપયોગ કરવો એ જ એકલું ઇન્દ્રિય શિક્ષણ નથી.

રુસોનું ઇન્દ્રિય શિક્ષણ એટલે ઔપચારિક સ્વાધ્યાયનો પરિપાઠ નહોતો. જીવનમાં જે પ્રત્યક્ષ પ્રસંગો આવે છે તેમનો ઉપયોગ કરીને નિર્ણય શકિતનો વિકાસ કરવો– એને જ રુસો ઇન્દ્રિય કેળવણી સમજતો હતો. "આ વૃક્ષ ઉપરના ફળો કાઢવા માટે જોઈએ તેટલી મોટી આ સીઢી છે કે નહિ?" "આ નાળુ ઓળંગવા માટે પૂલ બનાવવો હોય તો આ પાટિયું પૂરતું છે કે નહિ?" "માછલી પકડવા માટે લીધેલી દોરી પૂરતી લાંબી છે ને?" "હીંચકો બાંધવા માટે લીધેલો દોર પૂરતો લાંબો છે કે નહિ?" એમીલ નામના તેમના વિદ્યાર્થીને દરેક પ્રસંગે તે અંદાજ કરવા માટે કહેતો અને નિર્ણય કરવાની તક આપતો અને એ રીતે એમીલની ઇન્દ્રિય–કેળવણીનો પાયો એણે નાંખ્યો હતો. ઇન્દ્રિય કેળવણી માટે વસ્તુ પાઠ (Object lesson)નો ઉપયોગ પણ રુસો સૂચવે છે.

રુસો પછી કિન્ડર ગાર્ટન પદ્ધતિના સંસ્થાપક ઓગસ્ટસ ફ્રોએલ નામના જર્મન કેળવણીકારે ઇન્દ્રિય કેળવણીનું મહત્ત્વ પ્રતિપાદન કર્યું છે. પૂર્વ પ્રાથમિક વયના બાળકોને શૈક્ષણિક રમતો રમવા માટે મળે એ હેતુથી એમણે જે સાધનો તૈયાર કર્યા એ સાધનની મદદથી શિક્ષક

બાળકોને ઇન્દ્રિય સંબંધિત શિક્ષણ આપી શકે છે એમ તેઓ સૂચવે છે. પદાર્થોના ઇન્દ્રિય ગમ્ય એવા ગુણધર્મો તરફ બાળકોનું ધ્યાન દોરવું. એ ફ્રોએલની ઇન્દ્રિય કેળવણીની કલ્પનાનો એક ભાગ હતો. હસ્ત વ્યવસાય અને બીજા ક્રિયાશીલ વ્યવસાયોમાંથી ઇન્દ્રિય શક્તિનો વિકાસ થાય છે એવી ફ્રોએલની માન્યતા હતી. આ પ્રકારની ઇન્દ્રિય શક્તિના વિકાસનું મહત્ત્વ ફ્રોએલે સૂચિત કર્યું છે તો પણ કેળવણીનો એ કોઈ સ્વતંત્ર વિષય છે એમ કલ્પીને તે બાબતની કોઈ યોજના ફ્રોએલની કિન્ડર ગાર્ટન પદ્ધતિમાં નથી.

મોન્ટેસોરી પદ્ધતિનું ઇન્દ્રિય શિક્ષણ

ઇન્દ્રિય શિક્ષણના સાધનો અને તેના ઉપયોગનું તંત્ર યોજીને મેડમ મોન્ટેસોરીએ ઇન્દ્રિય કેળવણીને જે વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું છે, તેથી ઇન્દ્રિય શિક્ષણ માનસશાસ્ત્રના ક્ષેત્રની ચર્ચાનો એક વિષય બન્યો છે. આપણા દેશમાં આ પદ્ધતિનો પ્રચાર સારા પ્રમાણમાં થયો હોવાથી મોન્ટેસોરીના ઇન્દ્રિય–કેળવણીના સાધનોમાં અને તે સંબંધિત તેમનો પ્રચાર પણ મોટા પ્રમાણમાં થયો છે. યુરોપ અને અમેરિકાના અનેક શિક્ષણ શાસ્ત્રીઓએ મેડમ મોન્ટેસોરીએ બાળ કેળવણીની જે અસામાન્ય સેવા કરી છે તે માન્ય રાખીને પણ તેમના ઇન્દ્રિય શિક્ષણની યોજનાની જુદા જુદા દૃષ્ટિકોણથી ટીકા કરી છે. એમાંથી કેટલાક અભિપ્રાયો નીચે મુજબ છે:

What is it that Montessori achieves by means of these exercises? (On the materials designed by Montessori) There is no doubt that the child becomes highly proficient in his performances of them; but in order to account for his improvement themselves or the sensory areas organs themselves or the sensory areas in the brain are developed. The eye does not, by being used become better eye in a physological sense; indeed it tends to become less efficient. What is trained is doubtless the child's power of perceiving, of discriminating and interpreting his sensations, the educational importance of which cannot be denied.

...It is extremely doubtful how much of the traing obtained in so limited field is transferred to the seeing of other things.

J. S. Ross

(Ground Work of Educational Psychology.)

સાધનો ઉપરના પુનરાવર્તનોમાં મોન્ટેસોરીએ શું સાધ્યું? સાધનો પરની પ્રક્રિયામાં બાળકો પ્રવીણ થાય છે એમાં શંકા નથી. પરંતુ આ સુધારાનું કારણ બાળકોની ઇન્દ્રિયોનો અથવા તો તેમના મગજમાં રહેલા સંવેદન ક્ષેત્રનો વિકાસ થાય છે એમ માનવાની કોઇ જરૂર નથી. આંખનો ઉપયોગ કરવાથી શારીરિક દૃષ્ટિથી આંખમાં સુધારો થતો નથી. ખરું જોતાં તેની શક્તિ ઓછી જ થાય છે. આ સાધનો દ્વારા જે તાલિમ જ મળતી હોય તો તે બાળકની અવબોધન શક્તિને સૂક્ષ્મ ભેદ પારખવાની શક્તિને મળે છે. સૂક્ષ્મ ભેદ પારખવાની આકલન શક્તિને મળે છે અને સંવેદન સંબંધિત સમજ શક્તિને મળે છે. તે બાબતનું શૈક્ષણિક મહત્વ કોઈ પણ નાકબુલ કરી શકે નહિ.

"એપિલેપ્સી" નાના બાળકો રાત્રે અજાણમાં પેશાબ કરે છે. એ બંધ કરવા માટે "એ" પિલ્સ વાપરો. ૧૦૦ ગોળીના રૂા. ૩/–

ડેન-ટૉનિક

આનાથી બાળકોને સારી ઉંઘ આવે છે. ભૂખ લાગે છે અને દસ્ત પણ સાફ આવે છે. દાંત સાફ રહે એ વસ્તુ નાના બાળકોના વિકાસની દૃષ્ટિએ અત્યંત આવશ્યક અને મહત્વની છે. એ માટે બાળક છ માસની વયનું હોય ત્યારથી "ડેનટોનિક" શરૂ કરો. આ દવાથી દાંત સુખેથી આવે છે અને કાંઈજ પીડા થતી નથી.

કિં. રૂા. ૧–૮–૦

હોમિયો લેબોરેટરી

૧૭૮, ચનીઁ રોડ, રામમોહન હાઈસ્કુલ પાસે મુંબઈ ૪.

....આવર્તનોને લીધે મર્યાદિત ક્ષેત્રમાં જે કંઇ કેળવણી મળેછે. તેનું સંક્રમણ બીજા ક્ષેત્રોમાં થવું એ એક શંકાશીલ વાત બની રહે છે.

Mere sense of discrimination rapidly ceases to be interesting. It is important and interesting in connection with a purpose that lies beyond it ..

Some training may assist, but it can not produce that much more valuable thing observaton.

Mary sturt and E. C. Oakden.

Modern Psychology.

"ફક્ત તફાવત ઓળખવો એ તરત જ નિરસ બને એવો વિષય છે. એથી પર રહેલા કોઈ હેતુની સાથે તેનો સંબંધ જોડવો મહત્વપૂર્ણ અને રસપ્રદ નીવડશે.

ઇન્દ્રિય કેળવણી મદદ કરી શકે પરંતુ તેથી વધુ મહત્ત્વની તો નિરીક્ષણ વિકસાવવાની જે વાત છે તે ઇન્દ્રિય શિક્ષણથી થઈ શકશે નહિ."

Montessori maintains that if we multiply sensation and develope the capacity of appreciating fine differences in stimute we refine the sensibility and multiply man's pleasures. Such a claim would be difficult to substantiate.

What Montessori designates sensory training should have been termed perceptual training, involving as it does judgement and comparision.

Robert R. Rusk

Doctrines of the Great Educations.

સંવેદનોના આવર્તનો વધારવાથી અને સૂક્ષ્મ ભિન્નતા પારખવાની પાત્રતા વિકસાવવાથી આપણી સંવેદન ક્ષમતા છે, અને આપણામાં રસાત્મક વૃત્તિ વધે છે એવો જે મોન્ટેસોરીએ દાવો કર્યો છે તે માટે પૂરાવો આપીને સિધ્ધ કરવાનું મુશ્કેલ છે.

મોન્ટેસોરીએ જેને ઇન્દ્રિય શિક્ષણ કહ્યું છે તેને અવબોધનનું શિક્ષણ કહેવું જોઈએ. કારણ તેમાં નિર્ણય અને તુલના એ બન્ને પ્રક્રિયાઓ આંતરભૂત છે.

What does sense training stand for ? If by that is meant the development of sensory acuity, it has no meaning. So far as the sensory acuity of a child is concerned, it is developed much above his needs, it would be highly doubtful to assert that the sense organs can be further developed by a course of suitable stimulations.

B. N. Jha

Modern Educational Psychology.

ઇન્દ્રિય શિક્ષણ શા માટે છે ? જો સંવેદનની તીવ્રતા વધારવી એવો એનો હેતુ હોય તો એ અર્થ વગરનું છે. બાળકના સંવેદનની તીવ્રતા વિષે જો કહેવાનું હોય તો તે તેની જરૂરીઆત કરતા પણ વધુ જ-મથીજ વિકસેલી હોય છે. તેથી બાળકોની ઇન્દ્રિયોનો યોગ્ય એવા ચેતન વડે વધુ વિકાસ કરી શકાય એવો દાવો વિશ્વસનીય લાગતો નથી.

ઇન્દ્રિય શિક્ષણ અંગેના આ પ્રકારના અભિપ્રાયો સામાન્ય રીતે કેળવણી વિષયક માનસશાસ્ત્રના કોઈ પણ પુસ્તકમાં જોવા મળે છે હવે પછીના લેખમાં મોન્ટેસોરીએ પોતાની ઇન્દ્રિય શિક્ષણની યોજના અંગે જે મુદ્દાઓ રજૂ કર્યા છે તેનો આધુનિક માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરીને આપણા પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં આ સાધનોનું શું સ્થાન હોવું જોઇએ એ. અંગેના મારા વિચારો રજૂ કરીશ.

—શેષ નામલે

સૂચના

નૂતન બાલ શિક્ષણ સંઘની વાર્ષિક સામાન્ય સભા

નૂતન બાલશિક્ષણ સંઘની વાર્ષિક સામાન્ય સભા ગુજરાત બાલ અધ્યાપન મંદિર, રાયખડ અમદાવાદમાં ૧૧ મી ઓગષ્ટ ૫૭ ના રોજ બપોરે ત્રણ વાગે યોજવામાં આવી છે. આ સભામાં સંઘના બંધારણ અંગેના ખરડા સુધારીને છેલ્લું સ્વરૂપ અપાશે. સંઘનું કામકાજ તથા હિસાબી સરવૈયું રજૂ કરવામાં આવશે. સંઘના દરેક પ્રકારના સભ્યોને આ સભામાં ઉપસ્થિત થવા માટે આગ્રહભરી વિનંતિ છે.

શેષ નામલે

મુખ્ય મંત્રી, ન. બા. શિ. સંઘ.

જોડીયા વર્ગો માંટે વ્યવસાય

ટિન્ ટિન્ ટિન્, સાંજના ઘંટ વાગ્યો. શિક્ષકો અને છોકરાંઓ પોતપોતાનું લક્ષ્ય ધારણ તરફ ગયું : અરે પેલા કોણ ?– સાહેબ !

હજી તો શાળાની મુલાકાત લીધે એક જ મહિનો થયો હતો, અને તેથી આટલા જલ્દીથી પાછા આવશે તેવું કોઈના મનમાં ન હતું. એટલે શિક્ષક જરા આશ્ચર્ય પામ્યા. પણ તેમણે આગળ આવીને સાહેબનું સ્વાગત કર્યું–

ડે. સાહેબ : કેમ ગુરૂજી, શાળા સારી ચાલે છે ને ?

શિક્ષક : હા. આ વખતે વિદ્યાર્થિઓની હાજરી પણ સારી છે.

ડે. સાહેબ : એમ કે ? કેમ એમ ?

શિક્ષક : અભ્યાસ કરાવવાની રીતમાં થોડો ફેર કર્યો છે. તમે કૃતિ દ્વારા શિક્ષણ એમ કહેતાં હતાં ને ? તે શબ્દ ધ્યાનમાં રાખ્યો – અને તેનો માટે મેં વ્યવસાયની શોધ કરવા માંડી – અને તે મળ્યો પણ ખરો.

ડે. સા. : વાહ ! એવો કયો વ્યવસાય મળ્યો તમને ? અને જુઓ તે પાછો બિનખર્ચાળ હોવો જોઈએ.

શિ. : હા જ તો વળી. એમ ના કરું તો હું ખર્ચ કયાંથી કાઢું ?

પહેલી વાત એ કે થોડી માટી લાવ્યા તેમાંથી બાળદ, ચુલો, જલેબી વગેરે કરવામાં છોકરાઓ ઘણો વખત સુધી ગુંથાએલા રહ્યાં. પછી થોડો લોટ લાવ્યા. વડની સળીઓ છુંદીને બ્રશ બનાવ્યાં. અને શાળાના એક ખૂણાની જમીન ઉપર જ ચિત્ર કાઢવાનું કહ્યું.

શરૂઆતમાં એકદમ સીધી લીટી દોરતા ન હતાં. પછી મેં પાટીના ઉપર ચન્દ્ર, સૂર્ય, નદી, ડુંગર, ઝૂંપડી, ઝાડ, રસ્તા, માણસ—એવું થોડું થોડું ચિતરી બતાવવા લાગ્યો. એટલે હવે તેઓને પણ સુઝવા માંડયુ છે. એક બે જણ તો ઝુંપડીઓ બહુજ સરસ ચિતરે છે.

ડે. સા. : એટલે તે દિવસની મારી મુલાકાત જાણે જાદુની લાકડી ફરી–એમ જ કહેવાય ને !

શિ. : હા સાહેબ, મને એક દૃષ્ટિ બિંદુ સમજાયું નહિ તેથી હું તો બપોરના નિરાશ થઇ ગયો હતો.

હા, અને ત્રીજી વાત એ કે અમારા અહીંની ખેતીવાડીની શાળાના મુખ્યાધ્યાપક પાસેથી બે-ત્રણ ગુંઠા જમીન મેળવી લીધી છે. તેમના જ હથીયારો અને તેમના જ ખાતરથી કામ કર્યું. પણ કયારા કરવા, ડાંગર વાવવા, ખાતર નાખવાનું અને છેવટે રોપણી કરવી. આ બધાં કામો નાના–મોટાં છોકરાઓએ ખૂબ જ હોંશથી કર્યાં.

પછી ગીતો, વાર્તા, રમત—વિગેરેનો અભ્યાસમાં સમાવેશ કરી દીધો. આ રીતે તેઓના જીવનમાં બને તેટલુ લક્ષ્ય આપ્યું.

અષાડી એકાદશીને દિવસે પુંડલિકની વાર્તા કહી.

ડે. સા. : ત્યારે હવે તમારે ત્યાં છોકરાંઓની હાજરી રહેવા લાગશે અને તે નિયમિત પણ રહેશે.

શિ. : ના, હજી એમ તો ન કહી શકાય. કારણ કે તેઓને સમય બરાબર ફાવતો નથી. ઢોર ચારવા તે તેઓનું મુખ્ય કામ છે. બપોરના ૧૨ થી ૨॥–૩ વાગ્યા સુધી જેમ તેમ છૂટાં થાય. શાળા ગમવા માંડી એટલે સમય મળતાં આ તરફ દોડી આવે છે. શાળા હવે તો તેઓને ઘર જેવી લાગવા માંડી છે. પણ આટલાં થોડા સમયમાં બધી બાબતોનો સમાવેશ કેમ કરવો તે સમજાતું નથી, સાંજે ઢોરને ચરાવી આવ્યા પછી મારા ઓટલા ઉપર આવીને ગપ્પા મારે છે. તે સમયે ફરીથી શાળા ચલાવવી એવું લાગે છે.

ડે. સા. : તદ્દન ખરૂં છે. તેમના ઢોર ચારવાની વ્યવસ્થા ન કરી શકીએ ત્યાં સુધી ફરીથી સાંજના તેઓને લઈને બેસવું જરૂરી છે. લખવાનું, વાંચવાનું વિગેરે બપોરના રાખવું, વાર્તા–ગપ્પા–ગોષ્ટી–રમત વિગેરે રાતના રાખવું. એક વખત એમ કરી જુઓ. તમે બહુ સરસ કામ કરો છે. આમ જ આગળ ચલાવો.

શિ. : સાહેબ, આ છોકરાંઓને ચરખો આપવાનો મારો વિચાર છે. હું ચરખો ચલાવું છું તે તરફ બધાનું લક્ષ્ય હોય છે પરન્તુ તેની વ્યવસ્થા કેમ કરવી ? અને બીજું એ છોકરીઓને પણ શીખવવું છે. પાટીલદાદા પરમ દિવસે કહેતાં હતાં–પણ તેમની પાસે નાના નાના ભાઈ–ભાંડુઓ હોય છ.

ડે. સા. : ચરમાનું હું જોઈશ. છોકરીઓને તેમજ તેમના નાના ભાઈ–ભાંડુઓને શાળામાં એક માજું રમવાની પરવાનગી આપવામાં આવે તો કાંઈક થાય, એકાદ અઠવાડિયું કરી જુઓ.

શિ. : હા, હવે રાત્રિ–શાળા શરૂ કરી જોઉં છું. તેમના ભાઈ–ભાંડુઓને જોવા માટે કોઈને રાખવા પડશે. જોઉં છું શું થાય છે તે.

ડે. સા. : જુઓ, જુઓ, ગુરૂજી, આજે તમારા વર્ગને આપવા માટે કેટલીક પ્રવૃત્તિઓ લઈને આવ્યો છું. જુઓ જોઉં. (ડે. સા. એક ચોપડી ગુરૂજીની સામે ધરી) બધું સહેલું છે, સહેલાઈથી કરતાં આવડે તેવું જ, અને બિનખર્ચાળ છે.

શિ. : એવું તે શું છે ?

૧ લા ધોરણ માટે— ગણિત.

(૧) **વસ્તુ ગણત્રી :** એક છ આનાની કાડબોર્ડની પેટી તૈયાર કરવી. તેમાં બીયાં સળીઓ, કોડીઓ, ચીચુકા, ચણોઠી વિગેરે ૬ પ્રકારની ફક્ત દસ દસ વસ્તુઓ મૂકવી. બાળકોએ આંખો બંધ કરીને કોઈ પણ એક બાનાત્રાં હાથ નાખીને જેટલી મુઠ્ઠીમાં આવે તેટલી વસ્તુઓ લેવી. અને પછી તે ગણીને તેટલા અંક પાટી પર લખવા.

(૨) **ટોપલીની રમત :** ટોપલી ભરીને કોડીઓ તેમજ એકથી દસ સુધી આંકડા લખેલી ચિઠ્ઠીઓ આ રમતમાં ચિઠ્ઠીઓ ઉઘાડીને આંકડા વાંચવાના અને તેટલી કોડીઓ ગણીને ચિઠ્ઠી નીચે મૂકવાની.

(૩) **કાંડી અથવા પીછાં :** તેની દસ દસની ગણત્રી કરીને બાંધવાં.


(૪) પોતાની યાદી ઉપર □ O એવી આકૃતિ કાઢીને તેની અંદર ∴ એવા મીંડા કરવા અને તે ગણીને આંકડા દરેક આકૃતિ નીચે લખવા.

(૫) બાળકોની જોડી કરવી; એક બીજાએ લખીને, વાંચીને બતાવવું.

(૬) દસની અંદર મોઢે કરી સરવાળા બાદબાકી ક્રમમાં પાટીયા ઉપર લખવા.

RAJA
(REGD.)
'505'

રાજા
રજીસ્ટર્ડ '૫૦૫'
સર્વોત્તમ સેવા માટે—



રૂા. ૪

બનાવટ

પેનની હરિફાઇમાં ઉતરે તેવી છેલ્લામાં છેલ્લી ઢબની બનાવટ 'રાજા' પેન આ રહી .....તે ચાલવામાં મજબૂત છે. છતા ખરીદવી સહેલીછે તે તમો અનુભવશો.

ઉત્પાદકો—
પ્રકાશ મેટલ વર્કસ, મુંબઇ ૪.
સોલ ડીસ્ટ્રીબ્યુટરો ;
પી. રમણલાલની કું.
૧૧૬/૧૮ નારાયણ ધુ સ્ટ્રીટ, મું. ૩.

ઉદાહરણ : ૧ + ૧ | ૨ + ૧ | આ પ્રમાણે ૯ × ૯ સુધી લખવા.

સરવાળા :

૧ + ૨	૨ + ૨
૧ + ૩	૨ + ૩
૧ + ૪	૨ + ૪
૧ + ૫	૨ + ૫
૧ + ૬	૨ + ૬
૧ + ૭	૨ + ૭
૧ + ૮	૨ + ૮
૧ + ૯	૨ + ૯

બાદબાકી :-

૯ − ૯	૮ − ૮	આ પ્રમાણે ૧ − ૧ સુધી લખવાં.
૯ − ૯	૮ − ૭	
૯ − ૮	૮ − ૬	
૯ − ૭	૮ − ૫	
૯ − ૬	૮ − ૪	
૯ − ૫	૮ − ૩	
૯ − ૪	૮ − ૨	
૯ − ૩	૮ − ૧	
૯ − ૨		
૯ − ૧		

ઉપરના દાખલાના જવાબો કોડીની મદદથી શોધી કાઢવા. અને તે એકબીજાને બતાવવા.

ભાષા : બાળકોને અક્ષર પરિચય ચાલતો હોય તે વખતે આપી શકાય:

(૧) પાટીયા ઉપર મોટા અક્ષરે અક્ષરો લખી રાખવા. એ જોઇ ને બાળકોએ પોતાની પાટી ઉપર લખવા. અને એકબીજાનેં વાંચી બતાવવા.

(૨) વાંચીને તેઓને પુસ્તકોના ચિત્રો બતાવવા.

(૩) જમીન ઉપર કાઢેલા અક્ષરો ઉપર સળીઓ, ચિચુકા વિગેરે મૂકવાં. બાળકોને અક્ષર પરિચય થઈ જાય તે વખતે :—

(૧) પાટીયા ઉપર શબ્દ લખીને રાખવા. તે વંચાવવા અને લખાવવા.

(૨) શાળાની તેમજ આજુબાજુની વસ્તુના નામો ચિઠ્ઠીઓ ઉપર લખવા. અને તે ચિઠ્ઠીઓ વાંચીને તે તે વસ્તુ પાસે મૂકવી.

(૩) બાળકોના ઝાડના પ્રાણીઓના નામો યાદ આવે તેમ લખી કાઢવા.

ચિત્રકલા .—પાટીયા ઉપર ચિત્ર દોરવા કહેવું. ચિત્રો દોરાઈ જાય પછી 'આ શું દોર્યું છે ? એવું પૂછીને દરેકની કલ્પના જાણી લેવી. તેને લીધે ભાષા વિકાસમાં ખૂબ મદદ થાય છે.

સંગ્રહ :—બાળકોને મળે તે વસ્તુઓ ભેગી કરવા કહેવું. પાંદડા, પીંછાં, માળાનો સંગ્રહ તૈયાર થાય એટલે તેને વ્યવસ્થિત ગોઠવવી, તેને સ્વચ્છ રાખવી તેના નામો એકબીજાને કહેવા. આ પ્રકારનું કામ બાળકોને અનુકૂળ જણાય છે.

ભૂગોળ :— ભૂગોળની વ્યાખ્યા તળાવ, બેટ, ભૂશિર, અખાત વિગેરે તૈયાર કરી શકાય એમ બતાવવા.

આકૃતિઓ :- શાળાના આજુબાજુના વાતાવરણમાં તૈયાર કરવી. અને તેના ઉપર ચિઠ્ઠીઓ મૂકવી.


આવી રીતે જુદાજુદા વિષયોની પ્રવૃત્તિઓ યોજીને બાળકોને કામમાં રોકી શકાય છે. તે સમયે બીજા વર્ગના સામુદાયિક પાઠો લઇ શકાય.


બાલ અધ્યાપન મંદિરોનું પરિણામ


કેન્દ્ર	પ્રથમ વર્ગ	દ્વિ. વર્ગ	પાસ	અનામત
મુંબઇ	૧૯	૮૧	૬૬	૧
અમદાવાદ	૭	૧૮	૨૨	...
બોડીં	૧	૧૪	૪	૧
પૂના	૪	૨૨	૧૫	૨
સોલાપુર	...	૧૦	૧૯	૧

સૂચના : સમયાભાવ ને લીધે આ અંકમાં 'બાળ-વિભાગ' ને સ્થાન આપી શકાયું નથી તે માટે દિલગીર છીએ.

—સંપાદક


ABCD
PARA-DISE
SERVE YOU WITH
INDIA'S BEST
Manufacturers
PARADISE PRODUCTS Co.
SARVODAYA NAGAR, BOMBAY-4


ઉત્તમ
ચા
મિલાકે
પીનેમાં
મિલતા હૈ


ચોટીકુટ
દૂધી
ઘૂંટો
સુંદર
વાંદ માટે

આપની દરેક

જરૂરિયાત

ખરીદવાનું એક માત્ર

ભરોસા પાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

ધી

ગોરખે સ્વદેશી કો-ઓપરેટીવ સ્ટોર્સ લિ.


લિ૦

સર ફિરોઝશાહ મેહતા રોડ, મુંબઈ ૧.

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકંદ્રાબાદ.




ન. ભા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક ; શેષ નામલે, ૧૧૮ હિંદુ કોલની, દાદર મુંબઈ ૧૪.
મુદ્રણ સ્થાન : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ,; મોરબાગ રોડ, મુંબઈ ૧૪.



ચા કુ ળ ગો ત્ર

ગૂ થ ણિ ઓ



ચકુલાલ ગાઉસ, એક બે રેકલેમેશન, મુંબઇ ૧

રેપ્રાંક્ર
ઓરિજિનલ
બ્રાહ્મી તેલ



દત્તાત્રેય કૃષ્ણ સાંડુ બ્રધર્સ ચેંબૂર માયન્ઝેટ લિ.
ફેક્ટરી અને ઓફિસ ચેંબૂર – મુંબઇ ૩૮

સ્થાનિક શાખાઓ: ઠાકુરદ્વાર, કાલબાદેવી, પરેલ અને દાદર.

આનંદી બાળક..



બાળકોને દાંત
આવતી વખતે
થતી પેટપીડા
અપચો, ઝાડા વગેરે
પર અકસીર, દરરોજ
ફક્ત એકજ ચમચો
બાળકને આનંદી રાખશે!

ગ્રાઇપોઝોન

ઘી ઝોન કેમીકલ કું.- મુંબઇ.૪.

આપની દરેક

જરૂરિયાત

ખરીદવાનું એક માત્ર

: ભરોસા પાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

ધી

બોમ્બે સ્વદેશી સ્ટોર-ઓપરેટીવ સ્ટોર્સ કું.

લિ

સર ફિરોઝશાહ મેહતા રોડ, મુંબઈ ૧.

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ

શિક્ષણ-પત્રિકા

ઓગષ્ટ-૧૯૫૭

સંસ્થાપકો :

સ્વ. શ્રી ગિજુભાઇ બધેકા, શ્રીમતી તારાબેન મોડક.

તંત્રી :

શ્રી શેષ નામલે

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન માળવી, હરપ્રસાદ ભટ્ટ,
કુસુમબેન શાહ, રમેશભાઇ કોઠારી.

: વિષયાનુક્રમણિકા :

પ્રૌઢ-વિભાગ

૧. આપણા સ્વાતંત્ર્યની દશમી વર્ષગાંઠ....સંપાદક
૨. પૂ. પ્રા. શિક્ષણની પુનર્રચના નો પ્રશ્ન...
શે. ના, નામલે
૩. પૂ. પ્રા. શાળાના અભ્યાસક્રમની
પુનર્રચના... ,,
૪. બાળકને 'પોતાનું ઘર' આપનાર
મૅડમ મોન્ટેસોરી...સંપાદક
૫. બાળ શિક્ષણ સાહિત્ય : ભેટ યોજના...
જશુભાઈ દાણી.
૬.
૭. બાળકોના રોષના ઉભરા.....
૮. સંઘ સમાચાર..... (સંકલન)

બાળ-વિભાગ

સમયાભાવ તેમજ સંયોગોને લીધે બાળ વિભાગના પાનાં આ અંકમાં આપી શકાયાં નથી તે માટે દિલગીર છીએ.

— તંત્રી.

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો,
ઉપયોગી સાધનો માટે સુચિપત્ર મંગાવો

લખો :

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ
આર્ટ વર્કસ (પ્રાઇવેટ) લી૦
સીનેમા રોડ, સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

પંદરમો ઓગસ્ટ

* જે દિવસે ગુલામ ભારતમાં આઝાદીની ઉષા ઉગી...
* જે દિવસે ૩૫ કોટીના શૃંખલાબંધન છુટ્યાં...
* જે દિવસે શહીદોના શોણિતથી સ્વાતંત્ર્યનો ચિરાગ ચમક્યો.....
* જે દિવસે રાષ્ટ્રપિતા પૂ૦ મહાત્માજીની મનોકામનાઓ મ્હેકી ઉઠી.....

એ-પંદરમી ઓગસ્ટના ઐતિહાસિક દિવસને દીપાવતી દેશનેતાઓની તરેહ તરેહની અલભ્ય તસવીરો-એન્લાર્જમેન્ટ કે પેઇન્ટિંગ માટે—

.....☆ ફોટોગ્રાફી ☆ પેઇન્ટીંગ.....
☆ એન્લાર્જમેંટ ☆ ફ્રેમીંગ

વિનાઈ સ્ટુડીયો
ઘુમ્મટ, ઠાકોરસાહેબ પોલ સામે, સુરત

સર્વ પ્રકારના બ્રશ માટે

ગુર્જર બ્રશ વર્કસ

આંબેવદાસ પાસ્તા રોડ, દાદર, મુંબઈ ૧૪.
ટે. નં. ૬૧૬૬૩

મુંબઈ, સૌરાષ્ટ્ર, મધ્ય-ભારત, મધ્ય-પ્રદેશ, ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારો દ્વારા માન્ય

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૯ : ૩૨] ઓગષ્ટ–૧૯૫૭ [અંક : ૫

સંપાદકીય

આપણા સ્વાતંત્ર્યની દશમી વર્ષગાંઠ

☆

ખૂબ લાંબા સમય સુધી પરતંત્રતા ભોગવ્યા પછી આપણા રાષ્ટ્રનો સ્વાતંત્ર્યનો ધ્વજ ગત દશ વર્ષ પહેલાં પ્રથમવાર ફરકયો. ખૂબ ઊંચે ફરફરતા આ ધ્વજને સારા ભારતના પ્રણામ મળ્યા. આપણો રાષ્ટ્રધ્વજ આપણી બધી આશા–આકાંક્ષાનો પ્રતીક છે.

દરેક ભારતવાસીના અંતઃકરણમાં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ માટે આદર, અભિમાન અને ગૌરવની ભાવનાં જાગે છે. ભારતના ઉત્કર્ષ માટે બલિદાન કરવાની સ્ફુર્તિ મળે છે. ભારતીય પ્રચલિત પ્રશ્નોની સમાલોચના કરતી વખતે આત્મનિરીક્ષણ કરવાની ઇચ્છા થાય છે.

આ વર્ષની વર્ષગાંઠને દિવસે ભારતીય સ્વાતંત્ર્ય–સંગ્રામની સંવત્સરી રખાઈ છે. નેવું વર્ષનો સંગ્રામ અને કેટલાક બલિદાનો પછી ઓગસ્ટ ૧૯૪૭ની સાલમાં આપણા દેશને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું છે. જે મહાપુરુષોના ત્યાગ, પરિશ્રમ અને બલિદાનને લીધે આપણા દેશમાં સ્વાતંત્ર્યનો સૂર્ય ઉગ્યો, એ બધા હુતાત્માઓ અને રાષ્ટ્રવીરોને આપણે આજની દશમી વર્ષગાંઠના શુભ પ્રસંગે વંદન કરીએ.

સ્વાતંત્ર્યજ માનવી વિકાસને ખરું પ્રેરક એવું વાતાવરણ હોઇ શકે. આપણને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું છે પરંતુ જીવનના બીજા અનેક ક્ષેત્રમાં આ વિકાસશીલ સ્વાતંત્ર્યની સ્થાપના આપણે કરવાની છે.

કેળવણીના ક્ષેત્રમાં આ વિકાસશીલ સ્વાતંત્ર્યની આરાધના કરવી એ શિક્ષકો અને વાલીઓનું કર્તવ્ય છે. સ્વાતંત્ર્યની હવા ફેલાતા જુલમ, સખ્તાઇ, ભય, નિંદા, આક્રમણ જેવી માનવીય અધઃપતનની અને દુઃખ ફેલાવનારી બાબતો આપમેળે નષ્ટ થશે. સ્વાતંત્ર્ય આપણને સમાનતાના પાઠો શીખવશે. સ્વાતંત્ર્ય આપણમાં વ્યકિત સન્માનની ભાવના નિર્માણ કરશે. સ્વાતંત્ર્ય આપણામાંની શોષણવૃત્તિનો નાશ કરશે. બાળશિક્ષણના ક્ષેત્રમા આપણી સ્વાતંત્ર્યની ઉપાસના વધારે જોરશોરથી કરવી જરૂરી છે. આપણાં બાળકોને આપણે નિર્ભય કરવા જોઇએ, તેમનાં વિકાસનાં વિવિધ સાધનો તેમને મળે એવી વ્યવસ્થા કરી આપવી જોઈએ. બાળકેળવણીની આપણે પુનર્રચના કરીએ છીએ. આ રચના દ્વારા બાલજીવન–વિકાસને ક્રિયાશીલ, પ્રેરક, સ્વાતંત્ર્યનું વાતાવરણ આપવાનો આપણે આજે નિર્ધાર કરીએ.

શિક્ષણ-પત્રિકા

ઓગષ્ટ-૧૯૫૭

સંસ્થાપકો :

સ્વ. શ્રી ગિજુભાઇ બધેકા, શ્રીમતી તારાબેન મોડક.

તંત્રી :

શ્રી શેષ નાભલે

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન માળવી, હરપ્રસાદ ભટ્ટ,
કુસુમબેન શાહ, રમેશભાઇ કોઠારી.

: વિષયાનુક્રમણિકા :

પ્રૌઢ-વિભાગ

૧. આપણા સ્વાતંત્ર્યની દશમી વર્ષગાંઠ....સંપાદક
૨. પૂ. પ્રા. શિક્ષણની પુનર્રચના નો પ્રશ્ન...
શે. ના. નાભલે
૩. પૂ. પ્રા. શાળાના અભ્યાસક્રમની
પુનર્રચના... ,,
૪. બાળકને 'પોતાનું ઘર' આપનાર
મૅડમ મોન્ટેસોરી...સંપાદક
૫. બાળ શિક્ષણ સાહિત્ય : ભેટ યોજના...
જશુભાઈ દાણી.
૬.
૭. બાળકોના શોષના ઉભરા.....
૮. સંઘ સમાચાર..... (સંકલન)

બાળ-વિભાગ

સમયાભાવ તેમજ સંયોગોને લીધે બાળ વિભાગના પાનાં આ અંકમાં આપી શકાયાં નથી તે માટે દિલગીર છીએ.

— તંત્રી.

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો,
ઉપયોગી સાધનો માટે સુચિપત્ર મંગાવો

લખો :

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ
આર્ટ વર્કસ (પ્રાઇવેટ) લી૦
સીનેમા રોડ, સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

પંદરમો ઓગસ્ટ

* જે દિવસે ગુલામ ભારતમાં આઝાદીની ઊષા ઉગી...
* જે દિવસે ૩૫ કોટીના શૃંખલાબંધન છુટ્યાં...
* જે દિવસે શહીદોના શોણિતથી સ્વાતંત્ર્યનો
ચિરાગ ચમકયો.....
* જે દિવસે રાષ્ટ્રપિતા પૂ૦ મહાત્માજીની મનો-
કામનાઓ મ્હેકી ઉઠી.....

એ-પંદરમી ઓગસ્ટના ઐતિહાસિક દિવસને
દીપાવતી દેશનેતાઓની તરેહ તરેહની અલભ્ય
તસવીરો-એન્લાર્જમેન્ટ કે પેઇન્ટિંગ માટે—

.....☆ ફોટોગ્રાફી ☆ પેઇન્ટીંગ.....
☆ એન્લાર્જમેંટ ☆ ફ્રેમીંગ



સર્વ પ્રકારના બ્રશ માટે

ગુણી ભાઈ ઘેલાભાઈ

માધવદાસ પાસ્તા રોડ, દાદર, મુંબઈ ૧૪.
ટે. નં. ૬૧૬૬૩

મુંબઈ, સૌરાષ્ટ્ર, મધ્ય-ભારત, મધ્ય-પ્રદેશ, ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારો દ્વારા માન્ય

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨] ઓગષ્ટ–૧૯૫૭ [અંક : ૫

સંપાદકીય

આપણા સ્વાતંત્ર્યની દશમી વર્ષગાંઠ

ખૂબ લાંબા સમય સુધી પરતંત્રતા ભોગવ્યા પછી આપણા રાષ્ટ્રનો સ્વાતંત્ર્યનો ધ્વજ ગત દશ વર્ષ પહેલાં પ્રથમવાર ફરકયો. ખૂબ ઊંચે ફરફરતા આ ધ્વજને સારા ભારતના પ્રણામ મળ્યા. આપણો રાષ્ટ્રધ્વજ આપણી બધી આશા–આકાંક્ષાનો પ્રતીક છે.

દરેક ભારતવાસીના અંતઃકરણમાં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ માટે આદર, અભિમાન અને ગૌરવની ભાવનાં જાગે છે. ભારતના ઉત્કર્ષ માટે બલિદાન કરવાની સ્ફુર્તિ મળે છે. ભારતીય પ્રચલિત પ્રશ્નોની સમાલોચના કરતી વખતે આત્મનિરીક્ષણ કરવાની ઇચ્છા થાય છે.

આ વર્ષની વર્ષગાંઠને દિવસે ભારતીય સ્વાતંત્ર્ય–સંગ્રામની સંવત્સરી રખાઈ છે. નેવું વર્ષનો સંગ્રામ અને કેટલાક બલિદાનો પછી ઓગસ્ટ ૧૯૪૭ની સાલમાં આપણા દેશને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું છે. જે મહાપુરુષોના ત્યાગ, પરિશ્રમ અને બલિદાનને લીધે આપણા દેશમાં સ્વાતંત્ર્યનો સૂર્ય ઉગ્યો, એ બધા હુતાત્માઓ અને રાષ્ટ્રવીરોને આપણે આજની દશમી વર્ષગાંઠના શુભ પ્રસંગે વંદન કરીએ.

સ્વાતંત્ર્યજ માનવી વિકાસને ખરું પ્રેરક એવું વાતાવરણ હોઇ શકે. આપણને રાજકીય સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું છે પરંતુ જીવનના બીજા અનેક ક્ષેત્રમાં આ વિકાસશીલ સ્વાતંત્ર્યની સ્થાપના આપણે કરવાની છે.

કેળવણીના ક્ષેત્રમાં આ વિકાસશીલ સ્વાતંત્ર્યની આરાધના કરવી એ શિક્ષકો અને વાલીઓનું કર્તવ્ય છે. સ્વાતંત્ર્યની હવા ફેલાતા જુલમ, સખ્તાઇ, ભય, નિંદા, આક્રમણ જેવી માનવીય અધઃપતનની અને દુઃખ ફેલાવનારી બાબતો આપમેળે નષ્ટ થશે. સ્વાતંત્ર્ય આપણને સમાનતાના પાઠો શીખવશે. સ્વાતંત્ર્ય આપણમાં વ્યકિત સન્માનની ભાવના નિર્માણ કરશે. સ્વાતંત્ર્ય આપણામાંની શોષણવૃત્તિનો નાશ કરશે. બાળશિક્ષણના ક્ષેત્રમા આપણી સ્વાતંત્ર્યની ઉપાસના વધારે જોરશોરથી કરવી જરૂરી છે. આપણાં બાળકોને આપણે નિર્ભય કરવા જોઇએ, તેમનાં વિકાસનાં વિવિધ સાધનો તેમને મળે એવી વ્યવસ્થા કરી આપવી જોઈએ. બાળકેળવણીની આપણે પુનર્રચના કરીએ છીએ. આ રચના દ્વારા બાલજીવન–વિકાસને ક્રિયાશીલ, પ્રેરક, સ્વાતંત્ર્યનું વાતાવરણ આપવાનો આપણે આજે નિર્ધાર કરીએ.

પૂર્વ પ્રાથમિક શિક્ષણની પુનર્રચના ના પ્રશ્નો

મુંબઇ રાજ્યના કેળવણી ખાતાએ પૂર્વપ્રાથમિક કેળવણીની સંસ્થાના અને બાલ અધ્યાપન સંસ્થાના અભ્યાસક્રમો તપાસીને તેને નિશ્ચિત સ્વરૂપ આપવા માટે તાજેતરમાં જ શ્રીમતી સુલભાબેન પાણંદીકરના પ્રમુખપણા હેઠળ એક પૂર્વપ્રાથમિક અભ્યાસક્રમ સમિતિ નીમી છે. આ સમિતિમાં શ્રીમતી તારાબેન મોડક, શ્રી ભાસ્કરરાવ કર્વે, શ્રીમતી માયાદેવી ભાલચંદ્ર, શ્રી હરભાઇ ત્રિવેદી સભાસદ છે. મંત્રીની જગ્યાએ મુંબઇ વિભાગના ઇન્સ્પેક્ટ્રેસ ઑફ ગર્લ્સ સ્કૂલ શ્રીમતી ત્રિલોકેકરની નિમણુંક કરવામાં આવી છે. મુંબઈ રાજ્યની પ્રાદેશિક સીમા વિસ્તૃત થવાને લીધે આ સમિતિને ચાલુ અભ્યાસક્રમમાં ફકત સુધારા જ સૂચવવાના નથી પણ પૂર્વ—પ્રાથમિક કેળવણીના ક્ષેત્રમાં આજે જે જૂદીજૂદી સંસ્થા વિભિન્ન કેળવણી વિષયક નીતિથી કેળવણીના તથા પ્રશિક્ષણના પ્રયોગો કરે છે, તેમનો સમન્વય સાધીને આ વિશાળ રાજ્યના પૂર્વ–પ્રાથમિક શિક્ષણનો પૂર્વાનુભવ લક્ષમાં લઈને તેને પ્રગતિશીલ એવું સ્વરુપ આપવાનું છે. ભારતમાંના બધા રાજ્યોમાં પૂર્વપ્રાથમિક કેળવણીની પ્રગતિની બાબતમાં મુંબઇ રાજ્ય તેમજ તે પ્રદેશના લોકો વિશેષ ખ્યાતિ પામેલા છે; તેને લીધે આ સમિતિ પૂર્વપ્રાથમિક કેળવણી અને પ્રશિક્ષણને જે પ્રકારનું સ્વરુપ આપશે તેના તરફ ભારતના બધાં રાજ્યોનું અને આ ક્ષેત્રમાંના નિપૂણ એવા વ્યકિતઓનું વિશેષ લક્ષ રહેશે એમાં શંકા નથી.

પૂર્વ પ્રાથમિક કેળવણીનો અભ્યાસક્રમ : મુંબઈ રાજ્યના કેળવણી ખાતાએ પૂર્વપ્રાથમિક કેળવણી આપનાર અધ્યાપન સંસ્થા અથવા પ્રશિક્ષણ સંસ્થાના અભ્યાસક્રમને નિશ્ચિત સ્વરૂપ આપવાનો પ્રયત્ન ૧૯૪૮ ના સાલમાં જ્યારે કર્યો તે સમયે પૂર્વપ્રાથમિક કેળવણી સંસ્થાના (બાલમંદિરના) શિક્ષણ ક્રમને વિશિષ્ટ સ્વરૂપ આપવાનું રાખ્યું હતું. પ્રશિક્ષણ સંસ્થાના અભ્યાસક્રમમાં 'કાર્યપધ્ધતિની' (Practice oj education) વિગતોને લીધે પૂર્વપ્રાથમિક સંસ્થાનો અભ્યાસક્રમ કેવા પ્રકારનો હોવો જોઇએ એનું અપ્રત્યક્ષ સૂચન હતું. આ સમિતિને પૂર્વ–પ્રાથમિક સંસ્થાના અભ્યાસક્રમનો ફરીથી વિચાર કરવાનો છે.


પૂર્વપ્રાથમિક કેળવણીની સંસ્થાનો નિશ્ચિત અભ્યાસક્રમ હોવો જોઈએ ? પૂર્વપ્રાથમિક સંસ્થાનો અભ્યાસક્રમ નિશ્ચિત કરવાથી તેને પણ પ્રાથમિક શાળાના અભ્યાસક્રમ પ્રમાણે યાંત્રિક સ્વરૂપ પ્રાપ્ત થશે, એ ભય યોજકોના મનમાં રહેવાનો સંભવ છે. પૂર્વ—પ્રાથમિક

ટપાલ દ્વારા કટીંગનું શિક્ષણ



દરેક પ્રકારના કાપડનું કટીંગનું શિક્ષણ પોસ્ટથી આપવામાં આવે છે. કોલેજ તથા લંડન ડિપ્લોમા માટે સુચિ પત્રક મંગાવો. સ્થાનિક શિક્ષણ માટે મળો.


ઝારાપકર ટેલરીંગ કોલેજ
ભવાનીશંકર રોડ, દાદર, મુંબઇ-૨૮.



બી. ટેકસ ઓઇટમેન્ટ મેન્યુ. કું.
મુંબઈ નં. ૩.

ભારતમાં સર્વ શ્રેષ્ઠ

ઝારાપકર શિવણયંત્ર



રોકડે થી તથા હપ્તાથી પાંચ વર્ષની ગેરંટી સાથે સીંગર, ફ્રાફ, ઝુકી, અરૂણ, ઉષા, ટેલરનું સુચિપત્ર મંગાવો.

ઝારાપકર શિવણયંત્ર ભંડાર
ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ-૨૮

કેળવણીમાં પ્રાથમિક કેળવણીનું એક સરખાપણું અને યાંત્રિકતા આવવાથી આ સંસ્થાની પ્રગતિ ઉપર તેનું અનિષ્ટ પરિણામ થશે એવી એક કલ્પના હતી. તેને લીધે આ કેળવણીની સંસ્થાના અભ્યાસ ક્રમને નિશ્ચિત સ્વરૂપ આપવાનું ટાળ્યું હતું, એમ લાગે છે. આ સંસ્થાના અભ્યાસક્રમને નિશ્ચિત સ્વરૂપ ન આપવાથી ગયા દશ વર્ષમાં તેનું જે કંઈ પરિણામ દેખાઈ આવ્યું તે આ સમિતિને આગળનું ધોરણ નકકી કરતા ઉપયોગી થઇ પડશે.

અમારી દૃષ્ટિથી ગયા દશ વર્ષમાં પૂર્વ–પ્રાથમિક સંસ્થાના અભ્યાસક્રમને અને કાર્યક્રમમાં એક પ્રકારનું જડ, યાંત્રિક તથા એકસરખાપણું આવ્યું છે. પ્રશિક્ષણ સંસ્થાના અભ્યાસક્રમની જે એક કલ્પના માની લેવામાં આવી છે તે જ કલ્પનાનો પ્રચાર પ્રશિક્ષણ લીધેલા શિક્ષક દ્વારા થયો છે. તેને લીધે આપણે ત્યાંની બહુસંખ્ય બાલશિક્ષણ સંસ્થા એક બીજા જેવી એક સરખી જ બની છે. પૂર્વ–પ્રાથમિક શિક્ષણ સંસ્થા ઊભી શકી નહિ એટલું જ નહિ પણ એક બાજુથી સરકારી ધોરણની અસ્પષ્ટતા અને બીજી બાજુએ પૂર્વ–પ્રાથમિક કેળવણીની સંસ્થાનું આર્થિક અવલંબન એ બધું વાલીઓ ઉપર જ હોવાથી આ સંસ્થાઓને બંજરુ અને ફસાવનારુ સ્વરુપ પ્રાપ્ત થયું છે. આ સંસ્થાના કાર્યક્રમમાં દેખાવ વધ્યો છે અને બાળ–વિકાસના મૂળભૂત પ્રશ્ન તરફ આ સંસ્થાનું દુર્લક્ષ દિવસે દિવસે વધતુ ગયું છે. આ સંસ્થાના અધઃપતનમાં સરકારી આર્થિક મદદનું શું પરિણામ આવ્યું છે એ અનુભવ પણ સમિતિએ ધ્યાનમાં લેવા જેવો છે.

અભ્યાસ ક્રમનો વ્યાપક ઉદ્દેશ:— અભ્યાસક્રમ સમિતિએ જે કંઈ અભ્યાસ ક્રમ સૂચવવાનો છે તેની પાછળ આ ક્ષેત્રમાંની કેળવણીની પુનર્રચના કરવી એ હેતુ છે. કેળવણીની પુનર્રચનામાંથી આપણી ભાવી પેઢીનું નવ-નિર્માણ કરવાનું છે. આપણા રાષ્ટ્રને જે પ્રકારના વ્યક્તિત્વની આવશ્કયતા છે તે વ્યક્તિત્વના સંસ્કરણ, રક્ષણ અને વિકાસને આપણે આપણી કેળવણીની યોજનામાંથી સાધવાનું છે. આ ઉદ્દેશ ફકત અભ્યાસ ક્રમની પુનર્રચનામાંથી જ સધાશે એવી કલ્પના સરકારે પણ ન ધારી લેવી જોઇએ. અભ્યાસક્રમની પુનર્રચના એ આજના પૂર્વપ્રાથમિક કેળવ-ણીના ક્ષેત્રમાં જ તાત્કાલિક ઉકેલ માગી લે એવો પ્રશ્ન છે. પરંતુ અભ્યાસ ક્રમની પુનર્રચનાની સાથે સાથે આ અભ્યાસ ક્રમમાંથી કેળવણીનું ઉદ્દિષ્ટ સાધ્ય કરવા માટે પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાનું નિયંત્રણ, તેને આપવાની આર્થિક સહાયતાનું ધોરણ, તેના નિરીક્ષણ માટે અધિ-કારીઓનું યોગ્ય શિક્ષણ અને પ્રશિક્ષણ સંસ્થાની મુશ્કેલી-ઓ અને સૂચનાનો વારંવાર વિચાર થઈ શકે એવી યોજના આ અભ્યાસ ક્રમની સાથે સાથે જ ધ્યાનમાં લેવી યોગ્ય થશે. આ બાબતો તરફ સરકાર જો દુર્લક્ષ કરશે તો અભ્યાસ ક્રમની પુનર્રચનાનો કંઈ અર્થ રહેશે નહીં.

આપણે ત્યાંની પૂર્વપ્રાથમિક સંસ્થાની કાળ-મર્યાદા:– પૂર્વપ્રાથમિક સંસ્થા આજની પરિસ્થિતિમાં તો બાળકના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તથા વિકાસની દૃષ્ટિથી ઓછામાં ઓછા એવા અભ્યાસક્રમ અંગે નું માર્ગ-

પ્રસંગોપાત, મુખવાસ માટે વપરાની
★ દિલ્હી ૭૮ ના ★
સ્પેશ્યલ સોપારી
* સુમધુર * સૌને આનંદિત કરતી
સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:–
શવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિ ભુવન, ચોપાટી સીં ફ્રેસ, મુંબઇ-૭.
બ્રાન્ચ : પોસ્ટ ઓફીસની બાજુમાં,
વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઈ ૪.




હાર્મોનિયમ, ટ્યુનિંગ, સિતાર,
તથા તંબુરો જવારી
સ્પેશીઆલીસ્ટ
ઓર્ડરના ૨૫% એડવાન્સ.
નજીકનું રેલ્વે સ્ટેશન જણાવો.
હરીભાઉ વિનાયક
દાદર, મુબઈ ન. ૨૮.
શાખા: સૅન્ડહર્સ્ટ રોડ. ૪ અહમદાબાદ.

દર્શન સરકારી ભૂમિકા પરથી થાય એમ અમને અત્યંત આવશ્યક લાગે છે. આ બાબતમાં સરકારી ધોરણની અસ્પષ્ટતાને લીધે પૂર્વપ્રાથમિક કેળવણીની સંસ્થામાં ઓછામાં ઓછી કઇ બાબતોનો સમાવેશ થવો જોઇએ એ બાબતો પણ આજની પૂર્વપ્રાથમિક સંસ્થામાં દેખાતી નથી. આજની બહુસંખ્ય પૂર્વપ્રાથમિક સંસ્થાઓ પાંજરાપોળને પણ શરમાવે એવી થઇ છે. આજની પૂર્વ–પ્રાથમિક સંસ્થામાં બાળ–કલ્યાણની દૃષ્ટિથી ઓછામાં ઓછો એવો કાર્યક્રમ–વ્યવસ્થા ફરજિયાત કરવી જોઇએ. આ સ્વીકાર્યા પછી આ કાર્યક્રમનું અથવા અભ્યાસક્રમનું સ્વરૂપ નિશ્ચિત કરવા માટે પૂર્વપ્રાથમિક સંસ્થામાં કઇ વયના બાળકોને લેવા જોઇએ આ પ્રશ્નનો ઉકેલ સમિતિએ સૌથી પહેલો કરવો જોઇએ.


ઇંગ્લંડની પૂર્વ-પ્રાથમિક સંસ્થામાં બે પ્રકારના વિભાગો હોય છે. ત્યાં બે થી પાંચની વયના બાળક માટે 'નર્સરી' શાળાની યોજના છે. નર્સરી શાળાનો શિક્ષણક્રમ પૂર્ણ કર્યા પછી પાંચથી સાતની વયના બાળકો માટે 'ઇન્ફન્ટ' શાળા હોય છે. ફરજિયાત કેળવણીની યોજના પાંચ વર્ષ પછી એટલે આ 'ઇન્ફન્ટ' શાળાથી છે. સાત વર્ષ પછી બાળકને પ્રાથમિક શાળામાં પ્રવેશ મળે છે. અહીં પછી આગળના ચાર વર્ષમાં તેને પ્રાથમિક શાળાની કેળવણી મળે છે.

આપણે ત્યાંની પૂર્વ–પ્રાથમિક શિક્ષણ સંસ્થામાં સામાન્યતઃ ત્રણથી છ વર્ષના બાળકો હોય છે. કેટલેક ઠેકાણે અઢી વર્ષના બાળકો પણ પૂર્વ–પ્રાથમિક સંસ્થામાં મળે છે. મુંબઇ કોર્પોરેશને પાંચ વર્ષ પૂર્ણ થયેલા બાળકોને પ્રાથમિક શાળામાં દાખલ કરી લેવાનું વિલક્ષણ ધોરણ દાખલ કરવાથી મુંબઇના કેટલાંક પૂર્વ-પ્રાથમિક શાળામાંથી પાંચ વર્ષ થાય ન થાય ત્યાં જ બાળકને પ્રાથમિક શાળામાં મૂકવા માટે વાલી વર્ગ ઉતાવળ કરે છે. કેટલીક પૂર્વ-પ્રાથમિક શાળામાં પહેલા વર્ગની તૈયારી સાતમે વર્ષે થઇ જાય અને બાળકને મ્યુનિસિપલ શાળાના બીજા ધોરણમાં દાખલ કરવા અંગેની સૂચના પણ મ્યુનિસિપલ શિક્ષણાધિકારીએ કરેલી હોય એવું જાણવા મળ્યું છે.


કઇ વયના બાળકોને પ્રાથમિક શાળામાં મોકલવા જોઇએ અને કઇ વયમાં પૂર્વ-પ્રાથમિક સંસ્થામાં મૂકવા આ અને સાર્વત્રિક નિશ્ચિત નિયમ કરવાના માર્ગમાં ઘણી મુશ્કેલીઓ છે, એવી અમને કલ્પના છે. તેમ છતાં પૂર્વ-પ્રાથમિક કેળવણીની પુનર્રચના કરતી વખતે કઇ વયે બાળકો માટે પૂર્વ--પ્રાથમિક સંસ્થાની યોજના કરવી એ નિશ્ચિત હોવું અનેક દૃષ્ટિથી જરૂરનું છે. આપણે ત્યાંના શહેરી વિભાગના બાળકમાં લેખન--વાંચન માટેની તત્પરતા (Reading writing Readiness) એ સામાન્યરીતે સાડાપાંચ વર્ષની આસપાસ આવે છે એમ આપણને દેખાયું છે. ગ્રામીણ વિભાગમાં તે એક દોઢ વર્ષ મોડી



સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :–
પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વીસીઝ
કાંદીવલી (મુંબઈ એસ. ડી.)
લોકલ એજન્ટ :–10, શામસેટ સ્ટ્રીટ, મુંબઈ-૨.
(M. P. S.)



શક્તિવર્ધક
ડૉ. ગૌતમરાવ કેશવની ટૉનિક
ફૉસ્ફરસ પિલ્સ વાપરો.




મોદી એન્ડ કુંપની
૨૬૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

આવે છે. પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિકની મર્યાદા-રેખા નિશ્ચિત કરવાની દૃષ્ટિએ જો આ વાચન તત્પરતાના વિકાસ-બિન્દુનો ફાયદો લેવો હોય તો ઇંગ્લાંડ પ્રમાણે આપણે ત્યાં પૂર્વ–પ્રાથમિક શિક્ષણસંસ્થા બે થી પાંચની વયના બાળકો માટે જ યોજવાનું બાળકના વિકાસની દૃષ્ટિથી વધુ ઈષ્ટ બનશે. પરંતુ પૂર્વ-પ્રાથમિક શાળાની કાળ-મર્યાદા આવી રીતે બે થી પાંચ કરવાથી ઇંગ્લાંડ પ્રમાણે પાંચથી સાત વર્ષના બાળકો માટે પ્રેપરેટરી અથવા ઇન્ફંટ ક્લાસ અથવા બાલવર્ગ અને બીજા છ મહિનામાં પહેલીનો વર્ગ મળીને ઇંગ્લાંડમાં જે કાર્ય માટે ઇન્ફંટ સ્કૂલનો બે વર્ષ અને પ્રાથમિક શાળાનું પ્રથમ વર્ષ મળીને ત્રણ વર્ષ આપવામાં આવે છે, એ કાર્ય અહીં પ્રાથમિક શાળાના એક જ વર્ષમાં કરી આપવામાં આવે છે. આ અત્યંત અવિચારી પ્રથા જે અહીં રૂઢ થતી જાય છે તેનો બાળકોની દૃષ્ટિથી વિચાર થવો આવશ્યક છે. પૂર્વ–પ્રાથમિક કેળવણીસંસ્થાની વધુમાં વધુ મર્યાદા પંચાધિક (પ્લસ ફાઈવ્હ) તેની આગળ શિશુશાળાનો (Infant classes) શિક્ષણક્રમ ઓછામાં ઓછો બે વર્ષનો યોજીને તેમાં પ્રાથમિક શાળાનો પહેલા વર્ષનો શિક્ષણક્રમ કંઈ નહિ તો શહેરી વિભાગમાં પૂરો કરાવવાની શકયતા આજે પણ છે એવું અમને લાગે છે. પૂર્વ–પ્રાથમિક શિક્ષણ સંસ્થાની સગવડતા ગ્રામીણ વિભાગમાં પણ સાતથી અધિક વયના બાળકોને બીજા ધોરણમાં કાલાન્તરે દાખલ કરી શકાય પરંતુ આ શિશુશાળા (પાંચથી સાતની વય માટે) પ્રાથમિક શાળા સાથે ન જોડતાં તે નર્સરી શાળા (બેથી પાંચ વર્ષની વયના) સાથે જોડવી જોઇએ એવું અમને લાગે છે. આને લીધે પૂર્વ–પ્રાથમિક સંસ્થાની કાળમર્યાદા આજના ત્રણ થી છ વર્ષને બદલે બેથી સાત એમ પાંચ વર્ષની કરવી પડશે. આ યોજનાને લીધે પ્રાથમિક શાળાનો (બુનિયાદી પ્રકારનો) અભ્યાસક્રમ હાલ આઠ વર્ષનો કરવો એવી જે માગણી છે તે સાત વર્ષ સુધી જ વ્યવસ્થિત રીતે યોજી શકાય.

પૂર્વ–પ્રાથમિક શિક્ષણસંસ્થાની કાળમર્યાદા નિશ્ચિત કર્યા પછી જ તેમાં આવનારા બાળકોની વયનો વિચાર કરીને પૂર્વ–પ્રાથમિક અભ્યાસક્રમનું ક્ષેત્ર નિશ્ચિત કરી શકાય.

પૂર્વ પ્રાથમિક કેળવણીની પદ્ધતિનો પ્રશ્ન :– પૂર્વ પ્રાથમિક કેળવણી અંગેના સ્વરુપ વિષે સરકારી ધોરણ ઉપર વિચાર કરવો પડે તો તેમાં કેળવણીની પધ્ધતિના એકાદા સંપ્રદાયને મહત્વ અને તે સર્વ સમન્વયની ભૂમિકા લેવી જોઇએ અથવા બધી પધ્ધતિઓથી પર જઇને સર્વ પધ્ધતિ નિરપેક્ષ સેવા સર્વ પ્રકારના પ્રયોગોને સરખી રીતે ઉત્તેજન આપવાની ભૂમિકા લેવી જોઇએ. હાલની પરિસ્થિતિ જોતા બીજા પ્રકારની ભૂમિકા લેવામાં ઘણી મુશ્કેલીઓ ઉભી થશે. પૂર્વપ્રાથમિક કેળવણીની સંસ્થાઓ જૂદી જૂદી પદ્ધતિથી ચાલુ રાખવાનું ધોરણ સ્વીકારીએ તો આ સંસ્થાઓ માટે તાલિમ પામેલો શિક્ષક વર્ગ તૈયાર કરવા માટેની જૂદી જૂદી પદ્ધતિઓની પ્રશિક્ષણ સંસ્થાઓને પણ માન્યતા આપવી પડશે અને તેની પ્રગતિનું મૂલ્યમાપન કરવા માટે વ્યવસ્થા કરવી પડશે. તેની સર્વ-

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે...



* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડુ રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે.

લોભા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

સોલ એજન્ટસ :

એમ. એમ. ખંભાતવાળા

રાયપુર, અમદાવાદ.

*

એજન્ટસ :

સી. નરોત્તમ એન્ડ કું

મંગલદાસ રોડ, મુંબઈ–૨


ટે. નં. ૩૦૫૬૫ (M P S)

સમન્વયની ભૂમિકા લઇને દરેક પ્રકારની પધ્ધતિમાં વધુમાં વધુ ગ્રાહ્ય હોય તે લઇને હાલની પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાઓને વ્યવસ્થિત કરવા માટે સરકારે ભાર મૂકવો જોઇએ.

યાંત્રિકતા અને એક ઢાળીયાપણું શી રીતે ટાળી શકાશે ? જૂદી જૂદી પધ્ધતિઓનો સમન્વય કરીને પૂર્વ-પ્રાથમિક શાળાઓ માટે જો ઓછામાં ઓછો કાર્યક્રમ યોજાય તો બધે એક ઢાળની પૂર્વ-પ્રાથમિક સંસ્થા ઉભી થશે, શું એ ભય સાચો છે ? એને લીધે આ પ્રકારની સંસ્થાઓના વિકાસમાં મર્યાદા ઉત્પન્ન થઇને શું તે યાંત્રિક બનશે ? પૂર્વપ્રાથમિક કેળવણીમાં જૂદી જૂદી પરિસ્થિતિમાં કામ કરનાર શિક્ષકોએ નવાં નવા પ્રયોગો કરવાની જરૂર છે. તેમના આ કાર્યમાં સંસ્થાઓ તરફથી તેમજ સરકાર તરફથી યોગ્ય પ્રોત્સાહન મળવું જોઇએ. અભ્યાસક્રમ યોજ્યા પછી પણ તેમાં શિક્ષકના પ્રયોગને વધુમાં વધુ અવકાશ હોવો જોઇએ એવો અભ્યાસક્રમ બનાવવાની જરુર છે. પ્રશિક્ષણ સંસ્થાઓમાં પણ એક ઢાળીયા અભ્યાસક્રમનું ધોરણ છોડી દેવાની જરુર છે. તેમાં પ્રયોગશીલ શિક્ષક વિદ્યાર્થીઓના પ્રયત્નોને જેટલો અવકાશ મળશે તેનું પરિણામ પૂર્વ-પ્રાથમિક સંસ્થાના સંચાલન ઉપર પણ નિશ્ચિતપણે થશે.

પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણક્રમ બે વર્ષનો હોવો જોઇએ. પૂર્વ-પ્રાથમિક સંસ્થાને જે પ્રકારે ઓછામાં ઓછું સ્વરૂપ આપવાની શક્યતા હશે તે લક્ષમાં લઇને જ પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ અથવા અધ્યાપન સંસ્થાના અભ્યાસક્રમને અને શિક્ષણક્રમને સ્વરૂપ આપવું જોઇશે.

પૂર્વ-પ્રાથમિક કેળવણી સંસ્થાની કાળ-મર્યાદા પાંચ વર્ષની કરવી ને પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાના અભ્યાસ-ક્રમની કાળમર્યાદા મેટ્રીક અથવા તત્સમ પરીક્ષા પાસ થએલા વિદ્યાર્થી માટે બે વર્ષની જ કરવી જોઇએ. શાળાન્ત પરીક્ષા પાસ થએલા વિદ્યાર્થીને પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ માટે લાયક ગણવામાં ન આવે. હાલમાં મેટ્રીકની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓની દર વર્ષે હજારોની સંખ્યા વધે છે. પ્રાથમિક પરીક્ષણ સંસ્થાનો અભ્યાસક્રમ બે વર્ષનો થયો જ છે. પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષકના દરજ્જામાં ભેદભાવ કરવાની જરૂર નથી. વિદ્યાર્થીની વય જેટલી નાની તેટલી તે વિદ્યાર્થી સાથે કામ કરનાર શિક્ષકની બાલમાનસ સમજવાની પાત્રતા વધુ જોઇએ, આ બાબત કોઈ પણ નકારશે નહીં. આ દૃષ્ટિથી પ્રાથમિક કેળવણી કરતા પણ પૂર્વ-પ્રાથમિક કેળવણીનું કાર્ય વધુ મુશ્કેલભર્યું અને વધુ જવાબદારી ભર્યું છે. તેથી પૂર્વ-પ્રાથમિક શિક્ષકનો દરજ્જો પ્રાથમિક શિક્ષણ કરતા પણ




વધુ પ્રતિષ્ઠાનો અને પગારનો રાખવો વધુ યોગ્ય થશે. કંઈ નહિ તો એ પછાત હશે તો તે અયોગ્ય જ કહેવાશે. શાળાંત પરીક્ષા પાસ થએલા વિદ્યાર્થીઓ માટે પૂર્વ-પ્રાથમિક શિક્ષણક્રમ યોજવો હોય તો તેમની ઇચ્છા તથા સ્વરૂપ જૂદુ હોવું જોઇએ તથા શિક્ષણક્રમ કરનારા વિદ્યાર્થીઓને પૂર્વ–પ્રાથમિક સંસ્થામાં બહુ તો મદદનીશ શિક્ષકની જગ્યા ઉપર નીમવાની સગવડતાનો વિચાર કરવો જોઇએ.

પૂર્વ–પ્રાથમિક કેળવણી અને પ્રશિક્ષણ એમ એકાગ્રતા (integrity) હોવી જોઇએ.

પૂર્વ-પ્રાથમિક કેળવણીની સંસ્થાનો ઉદ્દેશ્ય તથા કાર્યપધ્ધતિ લક્ષમાં લઇને જ આપણી પૂર્વ-પ્રાથમિક કેળવણી સંસ્થાનો અભ્યાસક્રમ અને કાર્યપધ્ધતિ નિશ્ચિત થવી જોઇએ. ચાલુ પૂર્વ-પ્રાથમિક કેળવણીની યોજનામાં પૂર્વ-પ્રાથમિક કેળવણીની સંસ્થાના સ્વરૂપમાં તથા વ્યવસ્થામાં કોઇ પણ પ્રકારના નિયમો નથી તેને લીધે પ્રશિક્ષણ લઇને બહાર પડેલા વિદ્યાર્થીને પૂર્વ-પ્રાથમિક કેળવણીની સંસ્થાના સંચાલક આપે તે સાધનો તથા કરે તે નિયમો સ્વીકારીને જ કામ કરવું પડે છે. એને માટે પૂર્વ-પ્રાથમિક કેળવણીના સંચાલન અંગે નિશ્ચિત એવા ઓછામાં ઓછા નિયમ હોવા જરૂરી છે. આ નિયમોનો સમાવેશ પ્રશિક્ષણ સંસ્થાના અભ્યાસક્રમમાં થવો જોઇએ.

શરૂઆતમાં કહ્યા પ્રમાણે અભ્યાસક્રમ સમિતિના કાર્ય તરફ સમગ્ર ભારતમાંના પૂર્વ–પ્રાથમિક કેળવણીકારોનું ધ્યાન રહેશે. આ સમિતિ પર નિયુક્ત થએલા બધાં સભાસદો જાણીતા છે. તેમને પૂર્વ-પ્રાથમિક કેળવણીનો સારો અનુભવ છે. અમારી સૂચના તેમને ઉપયોગી થઇ પડશે એવી અમારી અપેક્ષા છે.

— શે. ના. નાઝલે.



પૂર્વ પ્રાથમિક શાળાના અભ્યાસક્રમની પુનર્રચના

ગયા અંકમાં આ વિષયસંબંધી મેં જે વિચારો રજૂ કર્યા તેના સંદર્ભનો ખ્યાલ વાંચકોના લક્ષમાં આવે તે દૃષ્ટિએ તેનો સારાંશ અહીં રજૂ કરું છું.

(૧) પૂર્વ પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં, ક્રમ કરતાં કાર્યનું મહત્વ વધારે હોવું સ્વાભાવિક છે. તેથી આ અભ્યાસક્રમ યોજતી વખતે તેમાં અભ્યાસકાર્યના ઉદ્દેશોનું સ્પષ્ટીકરણ હોવું જોઈએ કે જેથી શાળા-સંચાલક, શિક્ષક અને વાલીઓને તે માર્ગદર્શક બને.

(૨) પૂર્વપ્રાથમિક શાળાનો અભ્યાસક્રમ નિશ્ચિત કરવા માટે પૂર્વપ્રાથમિક શિક્ષણની કાળમર્યાદા–સમય મર્યાદા નિશ્ચિત કરવી પ્રથમ જરૂરી છે. આપણે ત્યાં પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણના પ્રશ્નોનો સર્વ દૃષ્ટિએ વિચાર કરીએ તો પૂર્વપ્રાથમિક શિક્ષણનો સમય બે થી સાત વર્ષ સુધી-એમ સંપૂર્ણ પાંચ વર્ષનો હોવો જોઈએ. આ પાંચ વર્ષમાં પ્રાથમિક શાળાના પહેલા વર્ષનો સમાવેશ કરવો શક્ય છે.

(૩) અભ્યાસક્રમની શિક્ષણપદ્ધતિ, કોઈ પણ સંપ્રદાયથી નિરપેક્ષ અને બાલ-માનસશાસ્ત્ર ઉપર આધારેલી હોવી જોઈએ.

(૪) આપણા રાષ્ટ્રને જે પ્રકારના વ્યક્તિત્વની જરૂર છે, તેવા પ્રકારના વ્યક્તિત્વનું સંસ્કરણ, રક્ષણ અને વિકાસ એજ આપણા પૂર્વપ્રાથમિક શિક્ષણ યોજનાનો વ્યાપક ઉદ્દેશ હોવો જોઈએ.

(૫) આજના લેખમાં આ જ વિષયસંબંધી અને બીજા કેટલાક મુદ્દાઓનો વિચાર કરીને આપણી પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થામાં ઓછામાં ઓછું શું થવું જોઇએ તે જોવાનું છે.

– કેવલ કાગળ ઉપર સંપૂર્ણ દેખાય તેવો અભ્યાસ-ક્રમ ન હોવો જોઈએ:–

જે અભ્યાસક્રમને અમલમાં મૂકવો આપણા દેશ માટે શક્ય નથી તે અભ્યાસક્રમ-કાગળ ઉપર સારો દેખાય પરન્તુ પૂર્વપ્રાથમિક શિક્ષણના સાર્વત્રિક પ્રચારની દૃષ્ટિથી તેનો ખાસ ઉપયોગ થાય નહીં. બીજા બધાં દેશો પ્રમાણે આપણા દેશમાં બહુજ થોડા સાધન સંપન્ન લોકો છે. અને ખૂબ મોટા પ્રમાણમાં અસંપન્ન-વર્ગના બાળકોને પૂરતો પોષક ખોરાક આપવાની શક્તિ તેવા વાલીઓ પાસે નથી. આ બાળકો જ્યાં રહે છે ત્યાં ઘરની જગ્યા પણ હોતી નથી. કેટલાયે બાળકો નાગા-ઉઘાડાજ શાળામા આવે છે. આ બાળકોને રમવા માટે રમકડાં પણ મળતાં નથી તે હકીકત છે. આ બાળકોના વિકાસ સંબંધી માહિતીનો પણ તેઓના વાલીઓમાં અભાવ હોય છે. અને જે વાલીઓ થોડું ઘણું સમજે છે તેઓ પોતાના બાળકોના સંગોપન (ઉછેર) નું કાર્ય પોતાની ઇચ્છા પ્રમાણે કરવા માટે આર્થિક દૃષ્ટિથી અશક્તિમાન હોય છે.

જ્યાં મોટો વર્ગ ગરીબ-અસંપન્ન હોય છે તે દેશનું રાજ્ય પણ અસંપન્ન હોય છે. આપણા દેશની ચાલુ પરિસ્થિતિ લક્ષમાં લેતાં, આપણી સરકાર પણ આપણા

નવી ડિઝાઈનોનું સુંદર પુસ્તક

આમાં ૬૫ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદા જુદા ટાંકાઓની આકૃતિઓની માહિતી સાથે,
કિં. રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું. વ્યાપારિક પૂછપરછ માટે લખો:

☆ એમ. અધુકર એન્ડ બ્રધર્સ ☆
ટ્રામ નાકું, દાદર મુંબઈ ૧૪.

બહુસંખ્યક વાલીઓની જેમ અસંપન્ન છે. તે ઉપરાન્ત પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો પ્રશ્ન, મનુષ્યના શારીરિક, માનસિક આરોગ્ય સાથે અને સમાજના અનેક પ્રશ્નો સાથે સંબંધિત છે તેવી શ્રધ્ધા હજી સરકારને પણ ઉદ્‌ભવી નથી. સરકારને આ બાબતનું જ્ઞાન નથી એમ તો કેમ કહી શકાય ? પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે સરકાર પોતાની પ્રજાની વિવિધ શિક્ષણ યોજનામાં આ શિક્ષણને વધારે મહત્વ આપવા માટે ઉત્સુક દેખાતી નથી. મોટી સંખ્યાના બાળકોનો, પૂર્વપ્રાથમિક શાળાનો અભ્યાસક્રમ યોજતી વખતે, બહુસંખ્યક વાલીઓની અને સરકારની આ મનોદશા અને પરિસ્થિતિ લક્ષમાં લેવી જ પડશે.

(૧) **પુર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાના અભ્યાસક્રમમાં રમતને સર્વપ્રથમ સ્થાન હોવું જાઈએ.** **રમત–એજ શિક્ષણનું** સ્વાભાવિક માધ્યમ છે. **રમવાની જગ્યા, સાધન અને સગવડ માગવા-મેળવવા તે** ચાર વર્ષના **બાળકોનો જન્મસિધ્ધ** હકક છે. આ હકક તેઓને પ્રાપ્ત કરાવી આપવા માટે જનતા, સરકાર, સંચાલક, શિક્ષક અને વાલી દરેકે પોતાથી બનતા પ્રયત્નો કરવા જોઇએ. એક વખત ઓછો ખોરાક મળે તો પણ બાળક જીવી શકે પરંતુ રમવાનો અવકાશ મળ્યા સિવાય બાળકનો શારીરિક અને માનસિક વિકાસ સમતોલ રીતે થઈ શકતો નથી.

અભ્યાસક્રમમાં જૂદા જૂદા પ્રકારની રમતો અને રમતના સાધનોનો નિર્દેશ કરવો સહજ રીતે શકય છે. પરંતુ રમત માટે પહેલી આવશ્યક બાબત એ છે કે પૂર્વપ્રાથમિક વયના સર્વ બાળકોને સુરક્ષિત જગ્યા મળવી જોઈએ. **સુરક્ષિત સ્વચ્છ જગ્યા જ** રમતનું પહેલુ સાધન સમજીને તેનો કાર્યક્રમના સાધનમાં સમાવેશ કરવાનું આવશ્યક મનાવું જોઈએ. આ સાધન જે સંસ્થા પાસે ન હોય તેનું સંચાલન ફરજીઆત બંધ થવું જોઈએ. યોગ્ય બનાવ્યા સિવાય કોઇપણ શાળાને પરવાનગી મળવી કે આપવી ન જોઇએ.

સંસ્થાના સાધનોમાં વૈવિધ્ય હોવું જોઈએ. આ વૈવિધ્ય લાવવાની દૃષ્ટિએ રમતના સાધનોનો પ્રકાર સૂચવી શકાય. (૧) મુકત વ્યવસાય, (૨) જીવન વ્યવહારના સાધનો. (૩) ક્રિડાંગણના સાધનો. (૪) હસ્તકલાના સાધનો. (૫) ભાષા વિષયક સાધનો. (૬) ગણિત રમતના સાધનો. (૭) બાગ કામના સાધનો. (૮) કર્મ શાળા (work shop) ના સાધનો. (૯) શિવણના સાધનો. (૧૦) લલિત કલા વિષયક સાધનો. આ પ્રત્યેક પ્રકારના સાધન બાબત વિસ્તારપૂર્વક લખાણ થઈ શકે. અહીં અનેક પ્રકાર બતાવવાને કારણે તે હોવા જોઇએ એમ સૂચવાય છે. અને તેથી આ સાધનનું સ્વરૂપ કેવું હોવું જોઇએ, તે કેવી રીતે મેળવવા, તેમાંથી શિક્ષકાએ કેવી રીતે તૈયાર કરવા એ સંબંધે ખુલાસો થવો જરૂરી છે. અભ્યાસક્રમમાં આ માર્ગદર્શનના તત્વનો સમાવેશ કરવાની જરૂર છે.

(૨) **બાળકનાં વિકાસમાં રમતનું મહત્વ વધારે** કે અન્ન પોષણનું ?

રમતને પ્રાધાન્ય આપવા છતાં કેટલાંક બાળકોની બાબતમાં અન્નનો પ્રશ્ન પણ મહત્વનો છે. આ પ્રશ્ન નિવારવાનો માર્ગ શોધવો જ પડશે. બાળમંદિરમાં "અલ્પાહાર" તે શિક્ષણની દૃષ્ટિએ આવશ્યક છે. કેટલાંક બાળકોને



ફક્ત અલ્પાહારથી ચાલશે નહિ. તેથી પૂરક આહારની વ્યવસ્થા પણ બાળશિક્ષણ સંસ્થામાં થવી આવશ્યક છે. પેટમાં કંઈ પણ નાખ્યા સિવાય અભ્યાસક્રમના શિક્ષણનું કાર્ય વ્યવસ્થિત થવું શક્ય નથી. તેથી બાળમંદિરનાં અભ્યાસક્રમમાં કેટલીક જગ્યાએ "પૂરક આહાર" તૈયાર કરવો; તેની વ્યવસ્થા કરવી અને તે દ્વારા બાળક ઉપર અનેક પ્રકારના સંસ્કાર પાડવા શક્ય છે.

(૩) બાલમંદિરમાં ઉપર બતાવેલી બે મુખ્ય પ્રવૃત્તિઓ ઉપરાન્ત બાળકોને વિશ્રાંતિ આપવાની સગવડ હોવી, સંડાસ બાથરૂમ સગવડ ભરેલાં હોવાં, બહાર સહેલ કરવા માટે વાહનની સગવડ હોવી વિગેરે બાબતો પણ આવશ્યક છે.

(૪) અભ્યાસક્રમમાં બાલ સંસ્થાની નિત્ય અને નિયમિત કાર્યોની નોંધ હોવી જોઇએ. અને તે કાર્યો કેમ કરવા તે સંબંધી અનુભવી શિક્ષકો પાસેથી સૂચના મળવી જોઇએ.

(૫) આ અભ્યાસક્રમ સફળ બનાવવાની દૃષ્ટિથી બાળશિક્ષકોનું પ્રશિક્ષણ, અને નિરીક્ષણ–અધિકારીઓનું પ્રશિક્ષણ કરવું તેટલું જ જરૂરનું છે.

આ સંસ્થા પર સરકારનું પૂરતું નિયંત્રણ લાવવા માટે સરકારે એ દિશામાં પ્રયત્ન કરવો આવશ્યક છે. એક તો આ પ્રકારની સંસ્થા ચલાવવા માટે પરવાના પદ્ધતિ ફરજીઆત કરવી જોઇએ અને બીજું પરવાનો આપીને સંસ્થા ચલાવનારને આર્થિક મદદ થઇ શકે તેવી સગવડ કરવી જરૂરી છે. પૂરતી આર્થિક સગવડ જો સરકાર ન કરી શકે તો આ પ્રકારની શાળાઓ મર્યાદિત ક્ષેત્રમાં ચલાવવી અને બાનગી શાળાઓ ઉપર યોગ્ય નિયંત્રણ મૂકવું. પૂર્વપ્રાથમિક શિક્ષણની સગવડ સરકાર કરી ન શકે તો પણ બાળકના આરોગ્યને સંકટમાં નાખીને, માતાપિતાને લૂટતા ધંધાદારી બાળમંદિરો ઉપર સરકારે અંકુશ મૂકવો જોઇએ. બાળશિક્ષણના નામ નીચે લોકોનું શોષણ અને ફસામણી અટકાવવીજ જોઇએ, બાળકના આરોગ્યની દૃષ્ટિથી આટલી બાબતોની સગવડ હોવી જરૂરી છે, તે નક્કી કરીએ તો બાલશિક્ષણ સંસ્થાઓ ઉપર નિયંત્રણ કરવું અશક્ય છે એવું અમને લાગતું નથી.

ઇનેમલના દરેક પ્રકારના

★ હૉસ્પિટાલને લગતાં તથા ઘર વપરાશના વાસણો.
★ ઈલેકટ્રીક શેડ, કીનીકલ અને ડબલ કીનીકલ ટાઈપના
★ ઉત્તમ ક્વોલીટીનાં રંગબેરંગી સાઈન બોર્ડ.

ઉપરાંત

ઇનેમલનું બીજુ તેમજ પ્રેસીંગનું છૂટક કામ કરીએ છીએ.
વ્યાપારી વિગત માટે લખો યા મળો:–

લાન્સ મેટલ એન્ડ ઇનેમલ વર્કર્સ

(માલિકો: મે. જશવંતલાલ શીવાભાઈ પ્રાઇવેટ લી.)

કસ્તુરચંદ મીલ્સ કંપાઉન્ડ


તુલસી પાઇપ રોડ, દાદર

મુંબઈ–૨૮

ટેલીગ્રામ:– LANSENAMEL

ટેલીફોન:– ૬૦૬૩૭

બાળકોને 'પોતાનું ઘર' આપનાર મૅડમ મોન્ટેસોરી



મૅડમ મોન્ટેસોરી ૧૯૫૭ ના મે મહિનામાં સ્વર્ગવાસી થયા. ૧૯૦૬ થી તેમણે જે કાર્યક્ષેત્રમાં પોતાનું જીવન સમર્પણ કર્યું તેને કારણે જગતના મહાન શિક્ષણતજ્ઞોમાં મૅડમ મોન્ટેસોરીનું નામ ચિરંજીવ બન્યું છે. ૩૧ ઑગષ્ટ ૧૮૭૦ ના દિને તેમનો જન્મ થયો. જે જે દેશોમાં તેઓનું કાર્ય વિશેષ થયું ત્યાં ત્યાં આ માસનો આ દિવસ મૅડમ મોન્ટેસોરીની ૮૮ મી જયંતિ તરીકે ખૂબ સમ્માનપૂર્વક ઉજવાશે.

આપણા દેશના પૂર્વ-પ્રાથમિક શિક્ષણ-ક્ષેત્રમાં મૅડમ મોન્ટેસોરીના વિચારોનો મોટા પ્રમાણમાં પ્રભાવ પડ્યો છે. ઈ. સ. ૧૯૩૯ થી આગળના દશ વર્ષના સમયમાં મૅડમ મોન્ટેસોરી આ દેશમાં રહ્યા. આ સમય દરમ્યાન ભારતના જૂદા જૂદા સ્થળોએ તેમણે બાલઅધ્યાપન શિક્ષણક્રમો યોજ્યાં, અને પોતાના વિચારોનો પ્રત્યક્ષ પ્રચાર કર્યો. પરંતુ આ પ્રચાર થયો તે પહેલાં પણ સ્વ. ડૉ. એની બેસન્ટ, શ્રીમતી સરલાદેવી સારાભાઇ, સ્વ. શ્રી ગિજુભાઈ બધેકા, શ્રીમતી તારાબેન મોડક, જેવા નિષ્ણાત પ્રચારકોને લીધે મૅડમ મોન્ટેસોરીનું નામ આ ક્ષેત્રમાં સર્વશ્રૂત બન્યું હતું. આજે મોન્ટેસોરી વિચાર પ્રણાલિકાના પ્રચારનું મુખ્ય કાર્ય **'મોન્ટેસોરી ઈન્ટરનેશનલ'** નામના મંડળ દ્વારા થાય છે આ સંસ્થા દ્વારા છેલ્લા કેટલાંક વર્ષોથી પ્રાધ્યાપક જ્યુસ્ટન ભારતના જૂદા જૂદા, રાજ્યમાં મોન્ટેસોરી બાલઅધ્યાપનનો શિક્ષણક્રમ ચલાવતાં હતાં. મુંબઈ રાજ્યમાં યવતમાલ પ્રાંતમા શ્રીમતી માયાદેવી ભાલચંદ્ર દ્વારા ચાલતું બાળમંદિર મોન્ટેસોરી ઇન્ટરનેશનલ સાથે જોડાયેલુ છે.

મૅડમ મોન્ટેસોરીનું નૂતન બાલશિક્ષણ સંબંધી વિચાર પ્રણાલિકામાં વિશેષ પ્રકારનુ સ્થાન છે. નૂતન બાલશિક્ષણ સંઘના આદ્યસંસ્થાપક સ્વ. ગિજુભાઇ બધેકા મૅડમ મોન્ટેસોરીને પોતાના ગુરૂ તરીકે માનતા હતાં. ઇ સ. ૧૮૧૮ થી ૧૯૩૮ સુધીના વીસ વર્ષમાં ગિજુભાઇએ મૅડમ મોન્ટેસોરીના વિચારોનો મોટા પ્રમાણમાં પ્રચાર કર્યો અને મોન્ટેસોરી પૂર્વપ્રાથમિક સંસ્થાને બાલમંદિરનું મૂર્તસ્વરૂપ આપ્યું. આજના નૂતન બાલશિક્ષણ સંઘ ઉપર પણ મૅ. મોન્ટેસોરીનો સારો પ્રભાવ છે. મૅ. મોન્ટેસોરીના અનુભવો અને વિચારોની બાલમાનસશાસ્ત્રીય ભૂમિકા પરથી ચિકિત્સા કરીને જ સંઘની વિચારપ્રણાલિકાનો વિકાસ થાય છે.

સંઘની દૃષ્ટિએ મૅ. મોન્ટેસોરીએ જગતના શૈક્ષણિક વિચારમાં બે પ્રકારે અત્યંત મૌલિક ફાળો આપ્યો છે. એકરીતે શિક્ષણના ઇતિહાસમાં શિક્ષણ વિષયક પધ્ધતિને મૅ. મોન્ટેસોરીએ જ સમાધુનિક માનસ- શાસ્ત્રીય દૃષ્ટિકોણ ને ખૂબ મોટું સ્થાન આપ્યુ છે. સર જેમ ઍડમ્સે પોતાની Modern Developments in Education Practice પુસ્તકમાં વર્ગશિક્ષણ પધ્ધતિનો મૃત્યુ ઘંટ વગાડવાનું પ્રથમ માન મૅ. મોન્ટેસોરીને આપ્યું છે. વિદ્યાર્થીનું શિક્ષણ, વિદ્યાર્થીની જરૂરિયાતો, શકિત, વલણ અને ઇતિહાસને લક્ષમાં લઇને યોજવું જોઇએ-તે વિચારને મૅ. મોન્ટેસોરીએ પ્રત્યક્ષ રીતે અમલમાં મૂકીને બતાવ્યો.

શૈક્ષણિક પ્રક્રિયાની વૈયકિતકરણની સાથે સાથે મૅ. મોન્ટેસોરીએ શિક્ષણમાં જે બીજો મહાન વિચાર સૂચવ્યો તે શિક્ષણના વાતાવરણ સંબંધી છે. જીવનહેતુથી પૂર્ણ એવા ક્રિયાશીલ વાસ્તવિક વાતાવરણમાંજ માનવ બાળનું શિક્ષણ થવું જોઇએ તે બાબત તેમણે ખૂબ જોશથી જગત સમક્ષ મૂકી. આ વિચારને કારણે જ તેમણે પોતાની શિક્ષણ સંસ્થાને ' House for children' કહી છે. બાળશાળા એટલે બાળકોનું સામુદાયિક ઘર, તે કલ્પના જગત સમક્ષ મૂકીને, જગતના બાળકોનું ખૂબ મોટું કલ્યાણ સાધ્યું છે.

શિક્ષણ પ્રક્રિયાનૂ વૈયકિતકરણ અને "શાળા એટલે બાલ્યાવસ્થાનું સામાજીક ઘર" આ બંન્ને કલ્પના બાલ-શિક્ષણમાં ખૂબ ક્રાંતિકારક છે આ બાબતે આ મોટા પ્રમાણમાં પ્રયોગ થવાની જરૂર છે. શૈક્ષણિક ક્રાંતિને આગળ લઇ જવાની મહત્વાકાંક્ષા ધરાવનારા આ મોન્ટેસોરીના શૈક્ષણિક વિચારોને વંદન કર્યા વિના આગળ જઈ શકાયાનાં નથી.

ગિજુભાઇ સ્મારક પ્રકાશન સમિતિ

બાળ શિક્ષણ સાહિત્ય

રંજન ભેટ યોજના

પ્રથમ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અને પછી સારાયે ભારતમાં જેમણે બાળશિક્ષણનો સંદેશ સૌથી પ્રથમ રજૂ કર્યો તે, સ્વર્ગસ્થ ગિજુભાઈના શિક્ષણકાર્યથી અને એમના રસિક બાલસાહિત્યથી આપ સુપરિચિત છો. એમનું એ કાર્ય અને સંદેશ સદાય જીવંત ને પ્રેરક બની રહે એ હેતુથી, નૂતન બાલશિક્ષણ સંઘને ઉપક્રમે 'ગિજુભાઈ સ્મારક પ્રકાશન સમિતિ'એ ગૃહ અને બાળમંદિર ઉપયોગી શિક્ષણસાહિત્ય પ્રકટ કર્યું છે એ હકીકતથી પણ આપ વાકેફ છો.

એ સુંદર સાહિત્ય, વિશાળ બાલસમુદાયને મળે એ હેતુથી, સમિતિએ નીચેની 'રંજન-ભેટ યોજના' કરી છે. બે વર્ષ પહેલા અમારી વિનંતિના સત્કાર રૂપે જેમ એક જ માસમાં આપણે 'બીકણ સસલી'ની પંદરસો નકલોની ભેટ વહેંચી અસંખ્ય, બાળકોને પ્રફુલ્લિત કરેલાં એમ જ આ વેળા પણ ભેટ-દાતા તરીકે આપ સક્રિય સાથ આપશો એવી શ્રધ્ધા છે.

રંજન ભેટ : પહેલી

આમાં સૂરવાળા, બાદબાકી, ભાગાકાર, ગુણાકારની વિવિધ આઠસો જેટલી કાપલીઓ છે; ઉપરાંત ઘડિયાના અને ગણિતના સરળ ચાર્ટસ છે; સાથે-શ્રીમતી તારાબેન મોડક અને લીલા ભાગવતે લખેલી પુસ્તિકા 'બાળક, એક અણઉકલ્યો કોયડો'-ની પચાસ નકલ છે.

રંજન ભેટ : બીજી

ગિજુભાઇની અત્યંત પ્રિય એવી વાર્તા 'બીકણ સસલી'નુ મરાઠી ભાષાંતર—'ભીતરા સસા' પાને પાને અનેકરંગી ચિત્રો. બાળકનું એ અમૂલું ધન બનશે. એને એ આપો. આ રંજન ભેટમાં એની ચાલીસ નકલો મળશે.

પહેલી રંજન ભેટનો સેટ—ગુજરાતી, મરાઠી બેઉમાં મળી શકશે.
બીજી „ „ „—માત્ર મરાઠીમાં જ મળી શકશે.

સેટની મૂળ કિંમત ચાલીશ છે, છતાં રંજનપ્રચાર અર્થે પ્રત્યેક સેટ રૂા. ૨૦માં આપવામાં આવશે. સ્ટોક હશે ત્યાં સુધી જ ઓર્ડર સ્વીકારાશે. રોકડ રકમથી જ આ વેચાણ થશે. પોસ્ટથી મંગાવનારે પેકિંગ પોસ્ટેજની પૂરી રકમ ભરવી પડશે. જેઓ ભેટ વહેંચણીનું કામ સમિતિને સોંપવા માગશે તેમના વતી એ કામ કરી આપવામાં આવશે.

આપને બાળકમાં, એના ઉલ્લાસમાં રસ છે; તો-દાતા બની આજે જ એ આનંદ લ્યો.

: આપનો પ્રત્યુત્તર? :

: ખજનચી :
કાન્તિલાલ કારિયા
મધવાણી બિલ્ડિંગ
ચોપાટી પૂલ
મુંબઈ ૪.
૨૭૪૬૬

: પ્રમુખ :
તારાબેન મા. પ્રેમચંદ
મધુકુંજ
નારાયણ દાભોલકર રોડ,
મુંબઇ
૪૧૯૩૭

: મંત્રી :
જમુભાઈ દાણી
સહકારી વિદ્યામંદિર
૧૭ તારદેવ રોડ,
મુંબઇ ૭.
૪૧૨૧૮

Food for thought

At the ceremonial tasting of the first potato in England, Queen Elizabeth I spat out her one and only mouthful, glared at Sir Walter Raleigh and hissed: "Horrible!". The potato had not been salted.

For years thereafter, the tuber remained in high disfavour throughout the realm. Prejudices died, however, with the passing of time; and during the recent period of meat shortage in Europe, family dinners often consisted of the peerless potato cooked and garnished in different ways.

History repeats itself in many forms. The outcry against Vanaspati that resounded up hill and down dale (when it first appeared as a cooking medium), has now abated. More and more housewives are using Vanaspati, specifically Dalda Vanaspati, for their cooking. They appreciate Dalda as the ideal cooking medium that puts extra nourishment into their food.

This is because Dalda is a wholesome fat made from vegetable oils that are refined and hydrogenated to give it the pleasant semi-solid form that people like. Hydrogenation also prevents rancidity; and deodorisation — which is the final stage of the refining process — makes the oil a palatable and all-purpose cooking fat. As its melting point is equal to that of the body temperature it is easily digested and absorbed.

What is more, Dalda is enriched with 700 I.U. of Vitamin A and 56 I.U. of vitamin D per ounce. These vitamins are essential for health, growth and normal development of the body. Vitamin A particularly helps us to fight infections and vitamin D to build strong bones and teeth.

Dalda's airtight, hygienic tins are designed to protect it against dust and germs. And its purity and vitamin content make it more than just a cooking medium — it is a food in itself, providing the extra nourishment that is needed by growing bodies and busy adults

HVM 294 758

બાલ અધ્યાપનનો અભ્યાસક્રમ સુધારો

પૂર્વપ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમની યોજના થાય તો પણ તે અભ્યાસક્રમને મૂર્તસ્વરૂપ આપવાનું ખરું કાર્ય શિક્ષકો દ્વારા જ થતું હોવાથી આ શિક્ષકોના શિક્ષણનો પ્રશ્ન પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રગતિની દૃષ્ટિએ તેટલોજ મહત્ત્વનો છે. નિશ્ચિત અભ્યાસક્રમના અથવા સરકારી માર્ગદર્શનના અભાવને કારણે પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાના સંચાલનમાં જે પ્રકારની અરાજકતા દેખાય છે તેવી અરાજકતા બાલઅધ્યાપન સંસ્થાના સંચાલનમાં હોય એવું દેખાતું નથી. મુંબઇ રાજ્યની બાલઅધ્યાપન સંસ્થા સાપેક્ષતઃ વ્યવસ્થિત છે. આ સંસ્થા માટે સરકારી શિક્ષણ ખાતાએ નૂતન બાલશિક્ષણ સંઘના કાર્યકર્તાઓની મદદથી એક શિક્ષણક્રમ યોજી તેને અમલમાં લાવવા માટે એક વિશિષ્ટ પ્રકારની કાર્યપદ્ધતિ અપનાવી છે. આ અભ્યાસક્રમ અને તે સંબંધી કાર્યપદ્ધતિ ચાલુ થવાને આઠ–દશ વર્ષ થયાં છે. તેને કારણે આ અભ્યાસક્રમની પુનઃ તપાસ કરીને, અત્યાર સુધીના અનુભવોને આધારે, અને નવીન જ્ઞાનના આધારે, તેમાં યોગ્ય સુધારણા કરવી તે ક્રમ પ્રાપ્ત થયો છે.

બાલ અધ્યાપન સંસ્થાનો ચાલુ અભ્યાસક્રમ– આ અભ્યાસક્રમના પરીક્ષાની દૃષ્ટિથી લિખિત અને વ્યવહારિક એમ બે ભાગ કરવામાં આવ્યા છે. લિખિત પરીક્ષામાં નીચેના ચાર વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે :—

(૧) શૈક્ષણિક ઉપપત્તિ. [Theory of Education]
(૨) કાર્યપદ્ધતિ [Practice of Education]
(૩) શાલેય વ્યવસ્થા [Current topics and School management]
(૪) શાલેય આરોગ્ય [General Science and School Hygiene]

વ્યવહારિક ભાગમાં (૧) દરેક વિદ્યાર્થીએ અધ્યાપકે આપેલા ૪૦ આદર્શ પાઠો જોવા જોઇએ અને એની નોંધ લખવી જોઈએ (૨) આપેલા ૨૦ પાઠોના ગુણદોષ તથા ચર્ચા લખવી જોઈએ. (૩) ૨૦ પાઠો પોતે આપવા જોઇએ. (૪) એક અઠવાડિયું પોતે વર્ગ ચલાવવો જોઇએ. (૫) ૪૦ વર્ગ–અવલોકનો લખવા જોઇએ.


આ અભ્યાસક્રમ મેટ્રીક થયેલા વિદ્યાર્થીઓ માટે એક વર્ષનો અને પ્રાથમિક શાળાંત પાસ થયેલા માટે બે વર્ષમાં કરવાનો હોય છે. પ્રાથમિક શાળાંત પાસ થયેલા વિદ્યાર્થીઓને ઉપરના અભ્યાસક્રમ ઉપરાંત ભાષા અને ઇતિહાસ, ભૂગોળના વિષયોનો વધારામાં અભ્યાસ કરવો પડે છે.

શાળાંત વિદ્યાર્થીઓ અંગેનો અનુભવ. એમ કહેવામાં આવે છે કે આ અધ્યાપન સંસ્થાનો આ શિક્ષણક્રમ ઘડતી વખતે શિક્ષકની પાત્રતા "પ્રાથમિક શાળાંત પરીક્ષા પાસ" એજ સ્વીકારીને, બે વર્ષના શિક્ષણક્રમની યોજના કરવામાં આવી છે. આ શિક્ષણક્રમ મેટ્રીક અથવા તત્સમ પરીક્ષા વિદ્યાર્થી પાસ હોય તો તેને એક વર્ષમાં કરવાની છૂટ આપવામાં આવી હતી. એનો અર્થ જો કે બધો શિક્ષણક્રમ મૂળમાં પ્રાથમિક શાળાંત વિદ્યાર્થીની પાત્રતા સામે રાખીને ઘડવામાં આવ્યો છે. વિગત ૮ વર્ષમાં પ્રત્યક્ષ અનુભવ એવો થયો છે કે મેટ્રીક થયેલા વિદ્યાર્થીઓને પણ એક વર્ષના ગાળામાં આ શિક્ષણક્રમનો તાત્વિક ભાગ સમજાતો નથી. એક વર્ષના ગાળામાં માનસશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, પ્રચલિત પ્રશ્ન વગેરે સમજી લઇને વ્યવહારિક ભાગના પાઠ આપવા તથા જોવા, બાળકોનો અભ્યાસ કરવો ઇત્યાદિ બાબતો, ઝડપથી કરાવી લઈને તરત વિદ્યાર્થીની પરીક્ષા લઈ તેમને તેમાં ઉત્તીર્ણ કરી દેવા એ બધું હાસ્યાસ્પદ તથા અવ્યવહારિક જેવું લાગે છે. આખા વર્ષમાં બધા કામ માટે ફક્ત ૩૦ અઠવાડિયા મળે છે; તેમાં ૧૪ અઠવાડિયા પહેલા સત્રમાં અને ૧૬ અઠવાડિયા બીજા સત્રમાં મળે છે. આ કાળ દરમ્યાન માનસશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને તેની કાર્યપદ્ધતિ સમજીને પાઠો આપવા, જોવા, અવલોકનો કરવા, બાળકોનો વિશેષ અભ્યાસ કરવો, એ બાબતો સમયપત્રક પ્રમાણે ખેંચીતાણીને પૂરી કરવામાં આવે છે તેમ છતાં શિક્ષકના વ્યક્તિત્વ ઉપર આ બધી ખેંચતાણનું ઉલટું

પરિણામ આવતું દેખાય છે. પ્રશિક્ષણ સંસ્થામાં શિક્ષકનું વ્યક્તિત્વ ઘડાવું જોઈએ. તેને પોતાના કાર્યની નવી દૃષ્ટિ પ્રાપ્ત થવી જોઈએ. આ નવીન દૃષ્ટિનો આનંદ તેના સ્વાસ્થ્ય, તેના મુખ ઉપર દેખાવો જોઇએ. પ્રશિક્ષણમાં હાલ ચાલુ રહેલી ઝડપી ઉતાવળને લીધે શરુઆતમાં અત્યન્ત ઉત્સાહથી આગંતુક વિદ્યાર્થી અહીંના કામના બોજાથી કંટાળી જાય છે. કામનો સમજ પૂર્વક ઉકેલ, લાવવાની ખટપટમાં ન પડતાં યાંત્રિક રીતે આ પૂરું કરવાનું છે—આટલું કરવાનું જ છે એમ માનીને બુધ્ધિનો ખાસ ઉપયોગ કરવાની જંજાળમાં ન પડતાં તે કામ પૂરું કરવાની પાછળ હોય છે. એનું પરિણામ પ્રશિક્ષણ લઇને જનાર શિક્ષક જેમ તેમ અર્ધદગ્ધ થઇને પ્રશિક્ષણ યંત્રમાંથી બહાર પડે છે. આ થઇ મેટ્રીક પાસ થયેલા વિદ્યાર્થીઓની વાત.

પ્રાથમિક શાળાંત વિદ્યાર્થી માટે કંઈ લખવાની જરૂરજ રહેતી નથી—જૂના શિક્ષણક્રમમાં એમનો ખરેખર વિચાર થયો છે એવું અમને લાગતું નથી. આ શિક્ષણક્રમ આજે જે સ્વરૂપમાં છે તે તેમની શક્તિ બહારનો છે. હાલ મેટ્રીક થયેલા વિદ્યાર્થીઓ વિપુલ સંખ્યામાં મળવાની શક્યતા ધ્યાનમાં લઇને મેટ્રીક પાસ થયેલા વિદ્યાર્થી માટેજ આ શિક્ષણક્રમ લાયક ગણાવો જોઈએ. એવા વિદ્યાર્થીઓ માટે આ શિક્ષણક્રમ બે વર્ષનો હોવો જોઇએ એવી જે સૂચના મેં ગયા અંકમા કરી છે એનું અહીં પુનરાવર્તન કરું છું.

ઇંગ્લાંડ અને અમેરિકામાં અનેક વિદ્યાપીઠોમાં મેટ્રીક પછી શિક્ષણ અંગેની પદવી માટે ત્રણ અથવા ચાર વર્ષનો શિક્ષણક્રમ રાખવામાં આવે છે. શાળેય કક્ષાનો શિક્ષણક્રમ ઓછામાં ઓછા બે વર્ષનો હોય છે. આ અંગેનો તેમને મળેલો અનુભવ આપણા દેશને ઉપયોગી થાય તેવો છે. ઘણાં બધા દેશોમાં મેટ્રીક પછી જે વ્યવસાયમાં પડવું હોય તે વ્યવસાયના શિક્ષણ માટે વિદ્યાપીઠમાં ખાસ વ્યવસ્થા હોય છે. આપણે ત્યાં પદવીધર શિક્ષક થવા માટે પ્રથમ બી. એ. શિક્ષણ સુધી સામાન્ય અપાય છે અને પછીના



એક વર્ષમાં શિક્ષણ અંગેનો વિશેષ અભ્યાસ ઝટપટ કરી લેવામાં આવે છે ત્યારે પરદેશમાં જેને શિક્ષણ વિષય લેવો હોય તેને એજ વ્યવસાયમાં મેટ્રીક પછી ચાર વર્ષ શિક્ષણ લેવું પડે છે. શાળેય શિક્ષણક્રમમાં પણ મેટ્રીક પછીના એક વર્ષમાં જ શિક્ષક માટેની બધી તૈયારી કરી લેવાય છે તે યોગ્ય નથી. તેમાં શિક્ષકોની અને અધ્યાપકોની બન્નેની મુશ્કેલી ધ્યાનમાં લેવામાં આવી નથી.


લિખિત ભાગમાં શું ફેરફાર થવો જોઈએ:– પૂર્વ પ્રાથમિક પ્રશિક્ષણમાં **'બાલ માનસશાસ્ત્રના અભ્યાસ'ના** શિક્ષણક્રમને મૂળભૂત પાયાના અભ્યાસ જેટલું મહત્વ આપવું જોઇએ. તેથી લિખિત વિષયમાં 'બાલ માનસશાસ્ત્રના વિષયને સ્વતંત્ર સ્થાન આપવું જોઈએ. હાલ શૈક્ષણિક ઉપપત્તિમાં માનસશાસ્ત્રને સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ આ વિષયની વિગતો તપાસીશું તો સામાન્ય માનસશાસ્ત્ર (General Psychology)ની વિષય જેવી લાગે છે. પૂર્વ પ્રાથમિક શિક્ષકે બાળકની વિવિધ પ્રકારની જરૂરિયાતો જાણવી જરૂરી છે. મનની જૂદી જૂદી શક્તિઓ કઈ છે એની તાત્વિક માહિતી કરતાં સમગ્ર મનની આવભાન્ય ભાગરૂપ એવી આ શકિત કેવી રીતે વિકસે છે, તેમાં આનુવંશિકતાની મર્યાદા કયાં આવે છે, પકવીભવન અને શિક્ષણગ્રહણની મર્યાદા કેવી રીતે ઉભી થાય છે, વ્યકિતની સંયોજનશીલતા કેવી રીતે વધે છે, વિકસે છે, તેના માર્ગમાં કઈ કઈ મુશ્કેલીઓ આવે છે વગેરે આધુનિક વિકસનશીલ બાલ માનસશાસ્ત્રના અભ્યાસ પર શિક્ષણક્રમમાં ભાર અપાવો જોઈએ. તેથી હાલની શૈક્ષણિક ઉપપત્તિની બધી જ વિગતો કાઢી નાખીને તેમાં વિકસનશીલ બાલ-માનસશાસ્ત્રના અભ્યાસની યોગ્ય વિગતો ઉમેરવી જોઇએ.

હાલના અભ્યાસક્રમમાં શિક્ષણશાસ્ત્રના સિદ્ધાન્તો શૈક્ષણિક ઉપપત્તિના ભાગમાં યોજવામાં આવ્યા છે. અને વ્યવહારિક વિષયને 'કાર્યપદ્ધતિ' નામ આપીને તે પહેલા વિષયથી જૂદી પાડવામાં આવી છે. શીખવાની દૃષ્ટિએ શિક્ષણને સૈદ્ધાન્તિક ભાગ વ્યવહારિક ભાગથી જૂદો પાડવો ઘણી રીતે અવ્યવહારિક છે. કાર્યપદ્ધતિની સમજણ સાથે તે અંગેના સિદ્ધાન્તો પણ સાથે જ ચર્ચાય તો વિદ્યાર્થીઓના મનમાં આ વિષયનો અનુબંધ વધુ સારી રીતે થઇ શકશે. તેથી શૈક્ષણિક સિદ્ધાન્ત અને કાર્યપદ્ધતિ (Theory and Practice of Education) એવો બીજો વિષય યોજવો જોઇએ.

લિખિત ભાગના ત્રીજા વિષયનું અત્યારનું નામ 'પ્રચ-લિત પ્રશ્ન અને શાળેય વ્યવસ્થા' છે. અહીં પ્રચલિત પ્રશ્ન એટલે શિક્ષણ અંગેના વિશેષ મહત્વના પ્રશ્નો. ભિન્ન ભિન્ન પદ્ધતિ, પંથ વગેરે વાતોનું તુલનાત્મક જ્ઞાન બાળશિક્ષકને મળવું જોઇએ તેવો અર્થ અભિપ્રેત છે. પરંતુ આ બધા પ્રચલિત પ્રશ્નોનું તુલનાત્મક જ્ઞાન સ્પષ્ટ થાય તે માટે બાળશિક્ષણના ઇતિહાસની એક સંકલિત પાર્શ્વભૂમિ વિદ્યા-થીઓ આગળ રજૂ થવાની જરૂર છે. બાળશિક્ષણના-જૂદા જૂદા શિક્ષણ–તજ્ઞોએ કયો ફાળો આપ્યો છે, અને


[અનુસંધાન પાના ૩૨ પર]


સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો,



સમયની રેખા ઉપર પગરણ

અજંતાગીરાની એ ગુફામાં એક જંગલી ભવ્ય ચિત્ર
ચેરનાર એ અજાણ્યા માનવને કેવો અનેરો
આનંદ થયો હશે તેની કલ્પના કરી શકો છો?
પોતાના જીવનના એક ઘણાજ સામાન્ય અનુભવને
આનંદપૂર્વક વર્ણવતી વેળાએ એને ખ્યાલ સુદ્ધાં ન
હતો કે એ પોતાની પાછળ વિશ્વને માટે એક મહાન
ઐતિહાસિક ઘટના મૂકી જાય છે.
પોતાના જીવનના રસિક અનુભવોને વર્ણવવાની આ
સુંદર પ્રણાલિકા ત્યારથી પરંપરાગત ચાલતી આવી છે.
આજના આધુનિક જીવનમાં સરળ લેખન એ જડપી
વ્યવહાર માટે ચાવીરૂપ ગણાય છે.
પ્લેટો પેન: સરળ લેખનના આનંદ માટે





ગ્લાઝે ગોલ્ડ plato

વધુ વિગતો માટેની પૃષ્ઠ૫૭ નીચેના સરનામે કરો.

અધિકૃત વિતરકો:

એસ્ટ ફાઉન્ટન પેન ડેપો, ૭૯, દેવકરણ મેન્શન, મિન્ટોસ સ્ટ્રીટ, મુંબઈ.

PLATO REGD.

Shilpi M. P. 490 GUJ

વાલી હિતની વાતો

બાળકોના રોષના ઉભરા

વર્ષ અથવા એના કરતા થોડો વધારે સમય થયો હશે અને વિમળાબેન ખૂબ ચિંતાગ્રસ્ત થઇને તે દિવસે મારા ઘેર આવ્યા હતા. સોળ વર્ષમાં તેમનો અશોક આજે પહેલી વાર તેમના સામુ બોલ્યો હતો. એકદમ ભડકો થાય તેમ તે તડાતડ સામુ બોલતો હતો.

તે ગુસ્સે થઇને મોટેથી ધાંટા પાડતો હતો; "આટલા વર્ષ તું મને એક સરકસના ઘોડા પ્રમાણે ફેરવતી હતી. 'આમ કર' અને 'આમ નહીં કર' 'મારા મિત્રો જોડે મને કદી જ રમવા ન દેતી કારણ શું તો કહે કે તારા દોસ્તોની રીતભાત સારી નથી. મને દોડવા કૂદવાનું મન થાય તો વખતે પણ તું અટકાવતી, અને જણાવતી કે પડશે ને તને વાગશે. હવે તો હું તારાથી તદ્દન કંટાળી ગયો છું. મારા મિત્રો વચ્ચે તેં મારી ફજેતી કરી છે."

"અશોક હમેશ ગરીબ અને આજ્ઞાધારક છોકરો હતો. આજે એણે ઉભરો કાઢયો એ પહેલા કદી પણ એણે કોઇ બાબતનો વિરોધ કર્યો હોય એવું મને યાદ નથી." વિમળાબેને આગળ કહયું, "તેની બેન એનાથી સાવ જૂદીજ હતી. નાની નયના બાળક હતી ત્યારથી તે મારો તડને ફડ વિરોધ કરતી. એને જે ન કરવું હોય તે ન જ કરતી. અને એ પ્રમાણે કહી પણ દેતી પણ અશોક તો જૂદો જ હતો."

સારા નસીબે ઘણાંય બાળકો જેમ જેમ પરિસ્થિતિ ઉભી થાય છે તેમ તેનો તડ ને ફડ સામનો કરી એ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢે છે. અશોકની નાની બેન નયના તડ ને ફડ બોલીને મનમાંથી એ બાબતનો ભાર દૂર કરી દેતી તેથી તે વધુ સુદ્ધ અને નિરોગી હતી. કોઇ પણ બાબત મનમાં રાખીને એ કદી પણ બળ્યા કરતી ન હતી. આપણા બાળકો જો ક્રોધનો ઉભરો આવી રીતે બહાર ન કાઢે તો તેમના મન ઉપર અશોકની જેમ વરાળનું દબાણ વધે છે અને પછી ગમે ત્યારે એકએક તેનો સ્ફોટ થાય છે. આવી પરિસ્થિતિ બાળકો માટે બહુ નુકસાનકર્તા છે.

આ પરિસ્થિતિનો હજી વધુ સ્પષ્ટ વિચાર કરીએ. ખૂબ સમજદાર કુટુમ્બમાં પણ નાના બાળકોને કંઇને કંઇ મનની વિરૂદ્ધ થવાનું જ. તેમના મનમાં જે કંઈ કરવાની તીવ્ર ઇચ્છા જાગે છે તે અટકાવવાની જરૂર પણ આપણને પડવાની જ ! મા–બાપ, ભાઇ, બહેન અને નજીકના સગાસ્નેહીઓ માટે તિરસ્કારની લાગણી તેમના મનમાં કોઈ ને કોઈ કારણસર ઉત્પન્ન થતી જ હોય છે. "તું મને ગમતી નથી." અથવા વિરોધ દર્શાવવા 'કરીશ કરીશ,' 'જા જા તું મોટી કહેનાર કોણ છે.' વગેરે મનનો ઉભરો ઠાલવતા દાખલા દરેકના ઘરમાં બન્યા જ કરતા હોય છે.

કોઈ કોઈ વાર પોતાની ભાવનાને વ્યકત કરતો બાળકોના વર્તનનો આ પ્રકાર આના કરતા પણ સરળ હોય છે: કોઇના તરફથી એમને સારો વ્યવહાર ન મળે અથવા કોઈના વર્તનથી તેઓ અસ્વસ્થ થઇ જાય તો નાના ભાઈ અથવા બહેન ઉપર તેનો ઉભરો કાઢે છે. ગાળો ભાંડવી, મારવું; એવું વર્તન કેટલાંય બાળકો કરે છે, અથવા કંઇ બહાનું કાઢીને નાના ભાઇ–બહેનોને એટલો ત્રાસ આપે છે કે જેને લીધે વાલીઓને હેરાન થવું પડે છે. મોટી વયે આવા બાળકો નિંદાખોર અથવા ટીકા કરનારા બને છે.

આવી રીતે રોષનો ઉભરો બહાર કાઢવાની રીત કદી પણ સુખદ બની શકતી નથી એ કહેવાની જરૂર ભાગ્યેજ હોઈ શકે. આવી રીતે સામુ બોલનાર બાળક માટેની આપણી સ્વાભાવિક પ્રતિક્રિયા રૂપે એમને ધમકાવીને આપણે ચૂપ કરી દઇએ છીએ. પરંતુ એમ કરતાં બાળકના મન ઉપર શાને લીધે દબાણ વધતુ જાય છે એ સમજવું ઘણુ મહત્વનું છે. બાળકના રોષનો ઉભરો અર્થાત એન્જીનની વરાળ. એ વરાળ નુકસાનકર્તા ન બને માટે અવારનવાર એમાંથી બહાર કાઢી નખાય છે તેવું જ બાળકના રોષના ઉભરા માટે કહી શકાય

એમના 'કેમ?' અને 'શું?' આ બન્ને પ્રશ્ન તરફ આપણે ધ્યાન આપવું જોઇએ દસ વર્ષનો વસંત આમ ઉભરો ઠાલવતો હોય ત્યારે એમ શા માટે બોલતો હશે અથવા મીના અસ્વસ્થ થઇ પોતાની આજૂબાજૂનાને કેમ મારે છે? આના કારણો શું હશે? રોષનો ઉભરો શાને લીધે દબાય છે? નાના બાળકોના મનનુ દબાણ શાને લીધે વધે છે એના સંપૂર્ણ કારણોની યાદી આપવી અશક્ય છે પરંતુ સર્વધારણ નીચે પ્રમાણે છે:

(૧) નકારાત્મક સૂચનો.

(૨) બાળકોને ન ગમતી એવી બીજા બાળકો સાથેની વારંવાર તુલના.

(૩) બીજા બાળકોના જેવી પ્રવૃત્તિ કરવાની બાળકોની અપાત્રતા.

(૪) સભ્યતા, સ્વચ્છતા, શિસ્ત અથવા શાળામાં યશ મળવા–મેળવાવવા માટેની વાલીઓની વધારે પડતી અપેક્ષા.

(૫) સતત ચીડવવા (વાલી શિક્ષક)

(૬) બીજા બાળકોને અપાતી છૂટથી એને વંચિત રાખવો.

નીચેના ઉદાહરણોથી આ બાબત વધુ સ્પષ્ટ થશે. રમણભાઇની એવી કલ્પના છે કે પિતા અને બાળકે મળીને કેટલીક પ્રવૃત્તિઓ કરવી પરંતુ રમણભાઇ પોતાના દિકરાના ચિકેનોમાં અથવા રમકડાંમાં એટલુ ધ્યાન આપતા કે એમના છોકરાઓને બિચારાને ફકત પ્રેક્ષકની જેમ જોતા ઉભા રહેવા સિવાય બીજો ઉપાય નહોતો.

આવી પરિસ્થિતિમાં કંઇક નજીવા કારણસર બાળક ચીડાઇ જાય છે. છોકરા કે રમણભાઇ એના તરફ વધારે ચીડાય, છોકરાના વર્તન માટે પોતાનું જ વર્તન જવાબદાર છે એ તેઓ ભૂલી જાય છે.

આશા એની માનું અભિમાન અને આનંદ. માદિકરી બન્ને જ્યારે કોઈ સ્નેહીને ઘેર જાય ત્યારે આશાને બદલે એની માજ એને માટે બધું કહે. આશા જેમ જેમ મોટી થતી જાય છે તેમ તેમ માની આ રીત એને જરાયે ગમતી નથી.

બાળકો જ્યારે પોતાના રોષનો ઉભરો આપણી સામે કાઢે છે ત્યારે તેના કારણો આપણે સહેલાઇથી ભૂલી શકતા નથી. આપણો બધાંનો હેતુ ઉત્તમ હોવા છતાં તેના રોષ માટે આપણે જવાબદાર છીએ. બાબત સ્વાભાવિક રીતે આપણને ન ગમે એવી છે. પણ આપણા બાળકોના માનસિક વિકાસમાં મદદરૂપ થવાની આપણી ખરેખર ઇચ્છા હશે તો આપણે ખૂબ ઊંડા ઉતરી બાળકોના રોષના કારણો જાણવા જોઇએ. બાળકનો વિરોધ, ચીઢ દાબી દેવાથી બહારથી શાંતિ મળે છે પરંતુ એ પ્રશ્નનું મૂળ મળતું નથી.

આત્મ પરીક્ષણ જરૂરી છે.

બાળકને પોતાનો ક્રોધ યોગ્ય માર્ગે વ્યકત કરવા માટે આપણે એમને શી મદદ કરી શકીએ એ જોતા પહેલા એક મહત્વની વાત આપણે ધ્યાનમાં લેવી જોઇએ. આપણે આપણી જાતને જ પહેલા એક પ્રશ્ન પૂછવો જોઇએ. બાળક પોતાનો વિરોધ પ્રકટ કરે કે આપણે વાલીઓએ અથવા શિક્ષકોએ તદ્દન અસ્વસ્થ થવા જેવું અથવા ચીઢાઈ જવા જેવું તેમાં કંઇ છે ? આપણા આડોશી પાડોશી આપણને શું કહેશે એની બીક લાગે છે ? એવી બીક ન હોત તો કદાચ આપણા બાળકનો વિરોધ આપણે હજી બીજી રીતે કર્યો હોત. બાળકોને આપણી સામે બોલાવા દઇએ અથવા ગમે તેમ બોલવા દઇએ એની આડોશી પાડોશીને ખબર પડે તો શું ખરાબ ન લાગે ? આપણા વર્તન માટે બીજાને શું લાગશે એ જ એક ચિંતા નથી. આપણે જે રીતે ઉછર્યા છીએ તેને લીધે, છોકરાઓના વિરોધને લીધે, આપણે પોતે પણ ખૂબ અસ્વસ્થ બનીએ છીએ. સારા માણસો પોતાનો રોષ આવી રીતે વ્યકત કરતા નથી. આપણા બાળકો પણ એવા 'સારા' થવા જોઇએ એવી આપણી ઉત્કટ ઇચ્છા હોય છે. તેને લીધે અનિચ્છનીય એવું બાળકોનું વર્તન આપણે દાબી દેવાનો પ્રયત્ન કરીએ છીએ. પણ આપણા આવા વર્તનથી બાળકના રોષનું કારણ દૂર થતું નથી, ઉલટુ એમાં વધારો થાય છે

કોઈ કોઇવાર મનમાં એવો પણ વિચાર આવે છે કે આપણે તો સારા શિક્ષક અથવા વાલી છીએ. તેથી આપણી તો કંઈ ભૂલ થતીજ નથી. બાળકની જ ચોકકસ કંઇ ભૂલ થતી હશે.

ઉપર કહેલી વાતો આપણી બાબતમાં સારી હોય તો આપણે બાળકના રોષયુકત વર્તનનું માર્ગદર્શન કેવી રીતે કરીશું ? એમાંથી જ આપણે રસ્તો શોધવો જોઇએ. એક તો જેને લીધે બાળકો રોષે ભરાય છે એવા પ્રસંગો જ શકય બને તો ઉભા ન થાય એની કાળજી લેવી જોઇએ. બીજા બાળકો સાથે તુલના કરવાનું ટાળી શકાય, તેમને ચીઢવવાનું ટાળી શકાય, શિસ્ત અંગે આપણે જરા વધારે સમજપૂર્વક વર્તવું જોઇએ તેવીજ રીતે આપણે ગુસ્સે થઇને આપણા રોષનો ઉભરો એમના ઉપર ન ઢોળવાનું મનમાં લઇશું તો ટાળી શકાશે, 'તમે ખરાબ છો, તમે મને ગમતા નથી' એવું જ્યારે બાળક કહે ત્યારે હસીને 'તને ગુસ્સો આવે એવી બાબત મારે

કોઇવાર કરવી પડે છે'. આમ કહીશું તો બાળકના વર્તન ઉપર ચોકકસ એની અસર થશે.

છોકરાઓ પોતાની ભાવના આપણી સામે સ્પષ્ટ રીતે વ્યકત કરે એ વસ્તુ આપણે આપણા ભાગ્યની સમજવી જોઈએ. આ ભાવના તેઓ દાબીને આપણી સામે ન વ્યકત કરે તો તેનો આપણા બાળકોના સંબંધ ઉપર ચોકકસ ખરાબ પરિણામ આવે છે. સોળ વર્ષ પછી વિમળાબેનને જે અનુભવ થયો તેજ અનુભવ આપણે જો સમયસર કાળજી નહીં લઇએ તો આપણને પણ થશે.

ઈ. જી. ગ્રાસબ્રુન
(નેશનલ પેરેંટમાંથી)

(પાના ૨૦ થી ચાલુ)

આ પ્રશ્નનો વિચાર કયા કયા દૃષ્ટિકોણમાંથી થયો છે એ બાળશિક્ષક સમજે એ જરૂરનું છે, તેથી ત્રીજો વિભાગ 'બાળશિક્ષણના ઇતિહાસ અને પ્રચલિત પ્રશ્ન' એવો રહેવો જોઇએ. લિખિત વિભાગના ચોથા વિષય માટે આજ સુધી ઘણી ટીકા થઈ છે. એમાં થએલ વિજ્ઞાનનો વિસ્તાર બધાને જ અનાવશ્યક લાગે છે. આ ભાગ શીખતી વખતે વિદ્યાર્થીઓના મનમાં આ વિષયનો અનુબંધ બાલશિક્ષણ સાથે બેસતો નથી. છેવટે આ વિષય પરીક્ષા માટે છે માની તેઓ શીખે છે અને અધ્યાપક પણ તેમ સમજી શીખવે છે. બાળકેળવણીમાં વૈજ્ઞાનિક રમકડાંનો કેમ ઉપયોગ કરવો અને બાળકને આસપાસની સૃષ્ટિનો પરિચય શી રીતે કરી આપવો એ સ્વરૂપમાં આ વિજ્ઞાનનો વિષય કાર્યપદ્ધતિમાં યોજી શકાશે. ચોથા ભાગમાંથી વિજ્ઞાન અંગેની બધી વિગતો રદ કરીને તેની જગ્યાએ 'બાલ–આરોગ્ય, સ્વાસ્થ્ય અને શાળેય વ્યવસ્થા' એવું નામ આપીને આ વિષયની વિગતો નકકી થવા જોઇએ.

મોન્ટેસોરી પદ્ધતિ અને અધ્યાપન શિક્ષણક્રમ:– લિખિત ભાગમાં શૈક્ષણિક સિધ્ધાન્ત અને કાર્યપદ્ધતિના વિષયનો મોન્ટેસોરી પધ્ધતિ સાથે શો સંબંધ છે એવો એક સ્વાભાવિક પ્રશ્ન આ વિષયના અભ્યાસકોના મનમાં ઉભો થશે. આ સંબંધમા સરકારી અભ્યાસક્રમ યોજનામાં સ્પષ્ટતા થવી જોઇએ. સ્વ. મેડમ મોન્ટેસોરીનું દુનિયાની બાળકેળવણીમાં અત્યંત મહત્ત્વનું સ્થાન સ્વીકારીએ તો પણ સરકારી શિક્ષણક્રમને એવી કોઇ એક પધ્ધતિ વડે બાંધી દેવું અયોગ્ય જ થશે. સંપ્રદાય અને વ્યકિતની મહત્તા કરતા સમાજને શાસ્ત્રીય દૃષ્ટિની વધારે જરૂર છે. મોન્ટેસોરી શિક્ષણ પધ્ધતિનો તાત્વિક અને વ્યવહારિક ભાગ આધુનિક બાલ માનસશાસ્ત્રના અનુસંધાનમાં આપણે તપાસવો જોઇએ અને તેમાંથી જે કંઈ તત્વો લેવા જેવા હોય તે આંખો ખુલ્લી રાખીને લેવાં જોઇએ. કેળવણીમાં 'વૈયકિતકરણ' (Individualisation) તેમ જ જીવન-વ્યવહારમાં દેખાતો એમનો વાસ્તવવાદી દૃષ્ટિકોણ વગેરે ભાગ આપણે એ પદ્ધતિમાંથી લઇએ છીએ તે માટે મોન્ટેસોરીનું નામ પણ આ ભાગ સાથે જોડવામાં વાંધો નથી. પરંતુ ઇન્દ્રિય શિક્ષણના સાધનો ભાષા અને ગણિતના સાધનો જેવા છે તે સ્વરૂપમાં તેનો સ્વીકાર કરવો એ આપણું છેકજ અંધાનુંકરણ થશે. કાર્ય-પધ્ધતિના વિષયમાંથી 'ઇન્દ્રિય શિક્ષણ' શબ્દો જ રદ થવા જોઇએ, એમ મને લાગે છે. આ બાબતમાં ઇન્દ્રિય શિક્ષણ અંગેના ત્રણ લેખો મેં લખ્યા છે. અને તે સંબંધમાં મારા વિચારો રજૂ કર્યા છે. ગણિત અને ભાષા સંબંધમા પણ ઘણું લખવા જેવું છે. બાલમંદિરના રમકડાંની યાદીમાંથી મેં મોન્ટેસોરીના જ્ઞાનેન્દ્રિય શિક્ષણ-સાધનોનું નામ યોજ્યુ નથી. આ સાધનો બાલમંદિરમાં ભાષા અથવા બુધ્ધિવિકાસના રમકડાં તરીકે વાપરીએ તો તે માટે કોઇ વાંધો રહેશે નહિ. આ રીતે નવી દૃષ્ટિથી વિચાર કરીએ તો સરકારે આ શિક્ષણક્રમને મોન્ટેસોરી શિક્ષણક્રમ માનવો કે કેમ એનો વિચાર કરવો જોઇએ.

વ્યવહારિક અભ્યાસક્રમ:– વ્યવહારિક ભાગમાં પાઠોનું વર્ગીકરણ કરીને સામુદાયિક [Collective] સર્વ સામુદાયિક [Totalitarian], વ્યકિતગત અથવા ગટપાઠ એની સંખ્યા નિશ્ચત કરવી જોઇએ.

સાધનપોથી, અત્યારે જે યાંત્રિકરીતે લખાય છે તેને બદલે રમકડાંઓનું શાસ્ત્રીય વર્ગીકરણ કરીને દરેક પ્રકારના રમકડાનો ઉદ્દેશ, ઉપયોગ, વિકાસની જૂદી જૂદી બાજુને કેવી રીતે પૂરક બને છે એ વિદ્યાર્થીએ પોતે સમજીને લખવું જોઇએ સાધનપોથી અને શાળેય વ્યવસ્થા-પોથીની પોથીની પરીક્ષામાં ૫૦ ગુણ નકકી કરવામાં આવ્યા છે. આ પોથીઓ જોઇને તેનું મૂલ્યાંકન કરવાનું કામ અધ્યાપન સંસ્થાને જ સોંપવું, એ અમને જરૂરનું લાગે છે.

આ રીતે આ ગુણ અધ્યાપન સંસ્થાને આપવાથી હાલ હસ્તવ્યવસાયમાં જે ૧૦૦ ગુણ સંસ્થાને આપવામાં આવ્યા છે તેમાંથી ૫૦ ગુણ બહારના પરીક્ષકની મદદથી આપવાની વ્યવસ્થા હસ્તવ્યવસાયના વિકાસની દૃષ્ટિથી યોગ્ય ઠરશે.


અભ્યાસક્રમ સમિતિએ આ બાબતમાં સરકારને સ્પષ્ટ સૂચન કરવું જરૂરી છે.

—શે ના. નાઝલે.

— સૂચના —

નૂ. ખા. શિ. સંઘની વાર્ષિક સામાન્ય સભા જે અમદાવાદમાં તા. ૧૧ મીએ ભરાવાની હતી તે ત્યાંના શીતજ્વરના રોગચાળાને લીધે મુલતવી રખાઇ છે અને હવે સપ્ટેંબર મહિનાની ૧૫ મી તારીખે ગુજરાત બાલ-અધ્યાપન મંદિર, રાયખડ અમદાવાદમાં યોજવામાં આવી છે. આ સભામાં સંઘના સર્વપ્રકારના સભ્યોને હાજર રહેવા વિનંતિ છે. આ સભામાં હાજર રહેનાર સભાસદોની રહેવાની અને જમવાની વ્યવસ્થા સંઘની અમદાવાદ શાખાએ વિના મૂલ્યે કરી છે. જે સભાસદો સભામાં હાજર રહેવા ઇચ્છતા હોય તેઓ શ્રી હરજીવનભાઇ ધનજી દીક્ષિત, મંત્રી નૂ. ખા. શિ. સંઘ અમદાવાદ નગર શાખા, આદર્શ બાળમંદિર, મણીનગર અમદાવાદના સરનામે જણાવે. જિલ્લા, નગર, અને સંઘના સ્થાનિક શાખાના કાર્યકર્તાઓ આ સૂચના પોતાની શાખા મારફત થયેલા સામાન્ય સભાસદોને પહોંચાડે એવી વિનંતી છે. આ સભા સામે સંઘના કાર્યનો અહેવાલ અને હિસાબ રજૂ કરવામાં આવશે. તેજ પ્રમાણે સંઘના બંધારણને આખરી સ્વરૂપ આપવામાં આવશે. બધાંને આ સભામાં હાજર રહેવા વિનંતી છે.

નૂ. ખા. શિ. સંઘ.



તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે.
બાળકોની તંદુરસ્તી માટે તેમને
હંમેશા સંતોષ કુકરમાં બનાવેલ
પૌષ્ટિક રસોઇ બનાવો

મુસાફરીનો મિત્ર

સંતોષ કુકર બળતણ, વખત, પૈસા ને મહેનત બચાવે છે. સંતોષ કુકર
કું. ૧૧૯, ન્યુ ચર્ની રોડ, મુંબઇ ૪.

૬૮ વર્ષ પહેલાં પ્રભાતે ગેસ મેન્ટલો બનાવવા માંડયાં અને ત્યારથીજ તેની કારકિર્દીનો પ્રારંભ થયો. ટૂંક સમયમાંજ તેણે ઓઇલ પ્રેશર લેમ્પ્સ અને સ્ટવ્ઝ બનાવવામાં અગ્રસ્થાન મેળવ્યું. દુનિયાનો કોઇ પણ દેશ પોતાની જે શ્રેષ્ઠ વસ્તુઓ માટે મગરૂબી લઇ શકે એ વસ્તુઓની હરોળમાં પ્રભાતની બનાવટો આજે ઊભી રહે છે.



પ્રભાત સ્ટવ્ઝ • બર્નો લેમ્પ્સ • લેન્ટર્ન્સ • મેન્ટલ્સ

હંમેશાં બહેતર!

પ્રભાત (સ્ટવ એન્ડ લેમ્પ) પ્રોડક્ટ્સ કંપની પ્રાયવેટ લિ.
નોબલ ચેમ્બર્સ, પારસીબજાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ–૧

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

નૂતન બાલશિક્ષણ સંઘની વાર્ષિક સભા 'શિક્ષણપત્રિકા' ના ગયા અંકમાં જાહેર કર્યા પ્રમાણે સંઘની વ્યવસ્થાપક, નિયંત્રણ અને સામાન્ય મંડળની જે સભા ૧૦ અને ૧૧ મી ઑગષ્ટના રોજ અમદાવાદ મુકામે યોજવામાં આવી હતી તે ત્યાં પ્રસરેલ શીતજ્વરને લીધે મુલતવી રાખવામાં આવી હતી. હવે આ સભા સપ્ટેંબરના તા. ૧૪ અને ૧૫ મી ને દિવસે યોજવામાં આવી છે.

સંઘની સામાન્ય સભાનું નિમંત્રણ :—

સંઘની સામાન્ય સભાનું નિમંત્રણ દરેક પ્રકારના સભાસદને મળવું જરૂરી છે. સામાન્ય સભાસદ ઉપરાંત સંઘના અન્ય પ્રકારના દરેક સભાસદને શિક્ષણ પત્રિકા મળે છે તેને લીધે સામાન્ય રિવાજ પ્રમાણે આ નિમંત્રણ આજ અંકમાં આપવામાં આવ્યુ છે. પરંતુ કેટલીક શાખામાં નગર સામાન્ય અને ગ્રામસામાન્ય સભાસદોના ઘણાં નામો છે. આ સભાસદોના નામો કેન્દ્રીય કાર્યાલયમાં પૂરેપૂરાં ન હોવાને લીધે જિલ્લા શાખા, નગરશાખા અને સ્થાનિક શાખાના મંત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેમની મારફત થયેલા સામાન્ય સભાસદોને સંઘની સામાન્યસભાનું નિમંત્રણ કેન્દ્રીય કાર્યાલય વતી આપવું અત્યંત જરૂરી છે.

પ્રોફેસર કે. ચુ. ભામરા ના બાલઅધ્યાપન મંદિરનો પ્રશસ્તિપત્ર વિતરણ સમારંભ રવિવાર તા. ૪–૮–૫૭ ને દિવસે મુંબઈ રાજ્યના શિક્ષણપ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈને શુભહસ્તે યોજવામાં આવ્યો હતો.

નૂ. બા. શિ. સંઘનું પ્રતિનિધિ મંડળ :—પૂર્વપ્રાથમિક શિક્ષણ તરફ લક્ષ દોરવાની દૃષ્ટિએ નૂતન બાલ શિક્ષણ સંઘ તરફથી શ્રીમતી તારાબેન મોડક, સૌરાષ્ટ્રના ભૂતપૂર્વ શિક્ષણપ્રધાન શ્રી જાદવજીભાઈ મોદી, શ્રીમતી વિમળાબાઇ દેશપાંડે, માજી ઉપમંત્રી (મધ્યપ્રદેશ); શ્રી ભાસ્કરરાવ કર્વે, મંત્રી બાલ અધ્યાપન નિયત્રણ મંડળ અને શ્રી શે. ના. નામેલે, મુખ્યમંત્રી, નૂ. બા. શિ. સંઘનું બનેલું એક પ્રતિનિધિ મંડળ તારીખ ૮–૮–૫૭ ના દિવસે મુંબઇ રાજ્યના શિક્ષણમંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઈ ને મળવાના છે.

સંઘના વ્યવસ્થાપક મંડળની સભા :—૧૯ ઑગસ્ટ ને દિવસે નૂતન બાલ શિક્ષણ સંઘની વ્યવસ્થાપક મંડળની એક સભા સવારે ૯ વાગે શિશુવિહાર દાદર મુંબઈ ૧૪ માં રાખવામાં આવી છે.

પૂર્વ પ્રાથમિક અભ્યાસક્રમ સમિતિ :— તા. ૩૦, ૩૧ જુલાઇ અને ૧ ઑગસ્ટ ને દિવસે આ સમિતિની એક સભા રાખવામાં આવી હતી. આ સમિતિના કાર્યવાહી મંત્રી એજ્યુકેશનલ ઈન્સ્પેકટ્રેસ છે. સમિતિએ કેટલીક પૂર્વપ્રાથમિક સંસ્થાઓની મુલાકાત લીધી હતી તથા શિક્ષણનો જેને અનુભવ છે એવી વ્યકિતઓની મુલાકાત લીધી હતી. સમિતિના કાર્યનો સમય ૧ જુલાઈથી ત્રણ મહિના માટે લંબાવવામાં આવ્યો છે.

બાલમંદિરનું પ્રબોધક સાહિત્ય

: ટકાઉ, સુંદર અને શાસ્ત્રીય :

સાધનો માટેનું એકજ સ્થળ :

જેવ્યંદ તલકશી એન્ડ સન્સ

૧૪૬, હૉર્નબી રોડ, ફોર્ટ, મુંબઈ–૧.



પ્રિયાદર્શીની ચકિતત્વ માટે

સંસ્કારી સદારીઓની એકમાત્ર પસંદગી

TWO X TWO Popular

કિંગ સુપ્રિમ

સફેદ અને ગ્રિનટેડ

શ્રી મફતલાલ ફાઇન શીટ્સ લી..
નવસારીની સર્વોચ્ચ કૃતિ

અસલ આલની આની માટે
યાદ રાખો


☆ **રાજલક્ષ્મી .... ૪૮"**

☆ **રાજશોભા .... ૪૫"**

હોલસેલ ડિસ્ટ્રીબ્યુટર્સ

પાયોનિયર ડિસ્ટ્રીબ્યુટર્સ પ્રા. લિ.

નૌરોજ નદી, ફ્રુ. જે. માર્કેટ, ફોન નં ૨૨૯૧ ૪૪૨૯૮




નિર્વિવાદ
સારી ...
મનોરંજક
રંગોમાં.




: એકમાત્ર વિતરક :
પી. રમણલાલ એન્ડ કું.,
૧૧૬/૧૮, નારાયણ ધુરુ સ્ટ્રીટ, મુંબઇ ૩.






ભારતમાં ગુરુકુણી અન્ય કોઈપણ પેનની સરખામણીમાં અપ્રતિમ છે બીજી કોઈ પણ પેનો માં તમે એમ કરી શકો કે "ગરુકુણી" ઉત્તમ છે. એના દેખાવ ને લેખનના આનંદને એની ભવ્યતા ને, કાર્યશક્તિ અને ટકાઉપણાને સરખાવો. ગરુકુણી ની તોલે બીજા નાણાંનો પૂરેપૂરો જથ્થો આપે છે.

ઉત્તમ પેનોમાં પ્રથમ...
નિર્માતા : ગરુકુણ પેનસ વર્કસ, મુંબઇ ૪.





મુદ્રક તથા પ્રકાશક:—શ્રી શેષ નારાયણ ઐયર, 'શિક્ષણ પત્રિકા' કાર્યાલય, ૧૨૮, હિન્દુ કોલની, દાદર—મુંબઇ ૧૪.
મુદ્રણસ્થાન:—નારાયણ પ્રિંટીંગ પ્રેસ, કરિયાણી—નિવાસ, ગોરેગાંવ રોડ, દાદર, મુંબઇ ૧૪.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨ અંક ૬ ઠ્ઠો
સપ્ટેમ્બર—૧૯૫૭



બાળમંદિરનો આદર્શ

જેમાં બાળકો માટે જાતજાતનાં ઓજારો કાર્ડબોર્ડ લાકડું માટી, કાગળ અને રંગીન કાપડની નાની મોટી કાપલીઓ આદિ કાચી વસ્તુઓ બાળકો માટે યોજાય છે; તે જ બાળમંદિર અથવા ક્રીડાગૃહ બાળકો માટે આદર્શ હોઈ શકે. બજારમાંથી ખરીદેલા તૈયાર રમકડાંમાં આપણા નાણાનો વ્યર્થ વ્યય છે એટલું જ નહિ, પણ બાળકની સર્જન શક્તિના વિકાસને ભય છે. તૈયાર રમકડાં બાળકની પ્રારંભિક બુદ્ધિ અને કલ્પના શક્તિને નુકશાન પહોંચાડે છે.


સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી. તારાબેન મોડક,

તંત્રી :
શેષ નામલે

વાર્ષિક લવાજમ : ૩. ૪–૦–૦

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ. ૧૪.

છૂટક નકલ ૩૭ નયા પૈસા


મફતલાલ
ગ્રૂપ મિલ્સ
શ્રીરંગ
રાજરંગ
મફતલાલ ભોજરાજ
મફતલાલ નવરંગ
શક્તિ માટે કાપડ
મફતલાલના અન્ય ઉદ્યોગો
રૂ, ખાંડ, રંગો વિગેરે
મફતલાલ ગ્રુપ મિલ્સ. એક બે રેક્લેમેશન, મુંબઇ ૧

જમાનો બદલાય છે !

આપણા દેશના મુખ્ય મુખ્ય વિશ્વવિદ્યાલયોએ હાલમાં શતાબ્દીઓ ઉજવી. આ વિશ્વવિદ્યાલયોને સો વર્ષ પૂરાં થયાં. વિશ્વવિદ્યાલયોની સ્થાપના થયા પછી કેટલાંયે વર્ષો સુધી આપણે ત્યાં સ્ત્રી શીક્ષણ સામે જબરો વિરોધ હતો. ત્યારે સૌ પ્રથમ છોકરીઓ કૉલેજમાં દાખલ થઇ ત્યારે સમાજમાં જબરો ઉહાપોહ જાગેલો! છોકરીઓ પ્રોફેસરોના રક્ષણ હેઠળજ વર્ગમાં દાખલ થઇ શકતી; કારણકે છોકરાઓ તેમને હેરાન કરતા. 'ભણેલી સ્ત્રી' ફોઇ અવનવા જગતનું પ્રાણી ગણાતી; એવો એ જમાનો હતો.

આજે સ્ત્રી શીક્ષણનું મહત્ત્વ સૌને સુવિદિત છે. સ્ત્રીઓને પણ પુરૂષના જેટલીજ શીક્ષણની આવશ્યકતા હવે આપણને સમજાવા લાગી છે. સ્ત્રી શીક્ષણ સામેનો પૂર્વગ્રહ હવે દૂર થઇ ગયો છે એટલુંજ નહિં પણ વિવિધ સામાજીક ક્ષેત્રોમાં હવે સ્ત્રીપુરૂષો સાથે મળીને કામ કરે છે.

ઇતિહાસનું પુનરાવર્તન અનેક સ્વરૂપે થાય છે. વનસ્પતિને એક રાંધણ દ્રવ્ય તરીકે પ્રથમ રજુ કરવામાં આવ્યું ત્યારે તેની સામે પણ પ્રચંડ ઉહાપોહ જાગ્યો હતો. ગલીએ ગલીએ અને ચોટે ચોટે એની સામે આંદોલનો થયાં હતાં, પરંતુ હવે એ બધો વિરોધ શમી ગયો છે. અધિક સંખ્યામાં ગૃહિણીઓ હવે વનસ્પતિનો, ખાસ કરીને ડાલ્ડા વનસ્પતિનો રસોઇમાં ઉપયોગ કરે છે. તેઓ જાણે છે કે ડાલ્ડા એક આદર્શ રાંધણ દ્રવ્ય છે અને તેનાથી ખોરાક અધિક પૌષ્ટિક બને છે.

ડાલ્ડા એ આરોગ્યદાયક સ્નિગ્ધ પદાર્થ છે. ઉત્તમ વનસ્પતિજ તેલોને હાઇડ્રોજનેટ કરીને લોકોને મનગમતા અર્ધ-ઘટ્ટ સ્વરૂપનું ડાલ્ડા બનાવવામાં આવે છે. હાઇડ્રોજનેટ કરવાથી ડાલ્ડા ખોરૂં થતું નથી. તેલને ગંધરહિત કરવામાં આવતું હોવાથી ડાલ્ડા ભિન્ન ભિન્ન રૂચિઓ અને સર્વ પ્રકારના રાંધણ માટે અનુકુળ બને છે. ડાલ્ડાનું ગલન બિંદુ શરીરના ઉષ્ણતામાનના આંક જેટલુજ હોવાથી સરળતાથી પચીને તેનું શોષણ થાય છે.

આ ઉપરાંત ડાલ્ડાના પ્રત્યેક ઔંસ દીઠ વિટામિન 'એ'ના ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટો અને વિટામિન 'ડી'ના ૫૬ આંતરરાષ્ટ્રિય યુનિટો ઉમેરી તેને સમૃધ્ધ કરવામાં આવે છે. શરીરના આરોગ્ય, વર્ધન અને સામાન્ય વિકાસ માટે આ વિટામિનો જરૂરી છે. વિટામિન 'એ' આપણને ખાસ કરીને ચેપી દરદોનો સામનો કરવામાં મદદ કરે છે અને વિટામિન 'ડી'ની મદદથી મજબુત હાડકાં અને દાંતનું ઘડતર થાય છે.

ડાલ્ડાના હવાનિરોધક સીલબંધ ઢાંકણને લીધે તેમાં ધુળ અને જંતુઓ દાખલ થઇ શકતા નથી. અને તેની ચોકખાઇ તથા તેમાં રહેલા વિટામિનોને લીધે એ માત્ર રાંધણ દ્રવ્યજ નથી પણ તે જાતેજ એક પૌષ્ટિક ખાદ્ય પદાર્થ છે, કારણકે તે ઉછરતા બાળકો અને શ્રમ કરતા મોટાંઓને જરૂરી એવું વધારાનું પોષણ પૂરૂં પાડે છે.

HVM. 294-95 GJ

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઇ ઓઝા, હેમલતાબેન માળવી, રમેશભાઈ કોઠારી, કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

પ્રૌઢ વિભાગ

સંપાદકીય .....શેષ નામલે
સંઘની સંસ્થાઓને સધ્ધર બનાવીએ.....મંત્રી નૂ બા. શિ. સંઘ
મોન્ટેસોરી પધ્ધતીનું જ્ઞાનેંદ્રીય શિક્ષણ.....શેષ નામલે
પૂર્વ-પ્રાથમિક ભાષા શિક્ષણ.....શેષ નામલે
બાની બહાદુરી.....

બાળ વિભાગ

ઝાંસીનીરાણી .... સુશીલા દાતે
સો વરસનીવાત .... જયાબેન વેારા
બાળરમતો ....સરલા ભુખણવાળા

જાહેર વિનંતિ

સ્વ. મોંઘીબેન સ્મૃતિ વિશેષાંક

શિક્ષણ પત્રિકાનો ડિસેંબરનો અંક નૂતન બાળશિક્ષણ સંઘના એક પ્રખર કાર્યકર સ્વ. મોંઘીબેનને સંઘના કાર્યકરો તરફથી આપવાની ભાવનાંજલિના રૂપમાં પ્રકટ કરવામાં આવશે. મોંઘીબેનના સંપર્કમાં આવેલા હજારો વિદ્યાર્થીઓ મિત્રો તરફથી આ અંક માટે લખાણો આવશે એવી અમે અપેક્ષા રાખી છે. બીજી ગુજરાતી ભણેલા મોંઘીબેને બાળકેળવણી દ્વારા પોતાનો જે વિકાસ સાધ્યો છે તે આ ક્ષેત્રના બધા શિક્ષકોને સ્ફૂર્તિદાયક લાગશે એ વિશે અમને શંકા નથી. આ અંક માટેનું દરેક પ્રકારનું સાહિત્ય દિનાંક ૨૫ મી ઓકટોબર સુધીમાં નીચેના સરનામે મોકલી શો.

શ્રી. ચંદુલાલ ભટ્ટ
ધરશાળા તકતેશ્વર પ્લોટસ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે–"શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે–"શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે–"શિક્ષણ પત્રિકા"માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા"ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે–"શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે"શિક્ષણ પત્રિકા"માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતાં લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહીં.

કે–"શિક્ષણ પત્રિકા" ગુજરાતી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, અને ૨૦ મીએ પ્રગટ થાય છે.

કે–"શિક્ષણ પત્રિકા"ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા (ગુજરાતી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

વ્યવસ્થાપક 'શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર; મુંબઈ, ૧૪.

SISTA'S-AML-32 GUJ

"આપ પણ કપડાં માટે
ટીનોપાલ વાપરતા લાગો છો"






ટીનોપાલ સફેદ કપડાંને ચમકદાર સફેદ બનાવવા માટેની એક માત્ર ભૂકી છે. સહેજ ટીનોપાલ વાપરવાથી સફેદ કપડાંમાં અસાધારણ સફેદાઇ આવી જાય છે. એક વખત ટીનોપાલમાં બોળેલાં કપડાં ત્રણથી ચાર ધોા સુધી ચાલે છે.

ટીનોપાલમાં બોળેલાં સફેદ કપડાં એટલે સૌથી વધુ સફેદ કપડાં

ટીનોપાલ



©"ટીનોપાલ" જે. આર. ગાઇગી એસ. એ. બાલ, સ્વિત્ઝર્લેંડનો રજિ. ટ્રેડ માર્ક છે.

સુહૃદ ગાઇગી ટ્રેડીંગ પ્રાઇવેટ લિમિટેડ
પી. ઓ. બોકસ નં. ૯૬૫૫, મુંબઇ

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

મુંબઇ : દિનાંક ૧૯–૮–૫૭ ના રોજ મુંબઈ ખાતે મળેલી ન્. બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળની સભાએ વિકાસવાડી યોજના માટે આ વર્ષે રેંટિયા જયંતિથી બાલશિક્ષણ જયંતિ (ગિજુભાઈ જયંતિ) સુધીના સમય દરમ્યાન ફાળો ઉઘરાવવા માટે અને તે દ્વારા સંઘનો પ્રચાર કરવા માટે એક યોજના ઘડી છે. કેન્દ્રીય સંઘના પ્રમુખો, ઉપપ્રમુખો, અને મંત્રીઓ, બધી જીલ્લા અને નગર શાળાના પ્રમુખો તથા મંત્રિઓ, સંઘ સાથે જોડાએલા બાલ અધ્યાયન મંદિરના સંચાલકો અને મુખ્યાધ્યાપકો તેમજ ગ્રામબાળશિક્ષા કેન્દ્ર સમિતિના પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રી એ બધાની એક જયંતિ નિધિ સમિતિની રચના વિચારી લીધી છે. આ સમિતિની સભા રવિવાર દિનાંક ૧૫–૯–૫૭ ના રોજ બપોરે ૧–૩૦ કલાકે રાખવામાં આવી છે.

અમદાવાદ : સપ્ટેંબર દિનાંક ૧૪ અને ૧૫ ના રોજ સંઘની જે સભાઓ અમદાવાદ ખાતે મળવાની છે તેમાં વ્યવસ્થાપક મંડળની સભા શનિવાર દિનાંક ૧૪ ના રોજ બપોરે ત્રણ વાગે, નિયંત્રણ મંડળની સભા રવિવાર દિનાંક ૧૫ મી રોજ સવારે ૯ વાગે અને સામાન્ય સભા એજ દિવસે બપોરે ત્રણ વાગે રાખવામાં આવી છે. આ સભાઓમાં સંઘ બંધારણીય સુધારાને છેલ્લું સ્વરૂપ આપીને સંઘની આગામી ચૂંટણીનો કાર્યક્રમ નિશ્ચિત કરવામાં આવશે. બાલકન–જી–બારી–મુંબઈ તરફથી સંચાલિત બાળકલ્યાણ અધ્યાપન સંસ્થામાં તાલીમ પામેલા યશસ્વી વિદ્યાર્થીઓને મુંબઇના રાજ્યપાલ શ્રીપ્રકાશના શુભ હસ્તે પ્રશસ્તિ પત્રો દિનાંક ૧૭–૮–૫૭ રોજ પ્રદાન કરવામાં આવ્યા.

સહકારી કેળવણી મંડળ : તારદેવના શાળામકાન ઉદ્‌ઘાટન સમારંભ મુંબઈ રાજ્યના કેળવણી મંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઇના શુભ હસ્તે દિનાંક ૧૫–૮–૫૭ ના રોજ કરવામાં આવ્યો.

શિક્ષણ પત્રિકાનો દીપોત્સવી વિશેષાંક : શિક્ષણ પત્રિકાનો ઓકટોબર મહિનાનો અંક આકટોબર દિનાંક પહેલાને બદલે દિનાંક ૨૧ ના રોજ પોસ્ટ કરવામાં આવશે. તેથી તે દીપોત્સવના દિવસોમાં વાચકોને મળશે. વાચકોને તેની નોંધ લેવા વિનંતિ છે.

શિક્ષણ પત્રિકાનો દીપોત્સવી વિશેષાંક

ઓકટોબર દિનાંક ૨૧ મીએ પ્રકટ થશે.

આ અંકના પ્રૌઢવિભાગનો મુખ્ય વિષય 'માતા અને બાળક' રાખવામાં આવ્યો છે.

માતાઓના પ્રશ્નો, તેમની મુંઝવણો, બાળકોના પ્રશ્નો અને તેમની મુંઝવણો; બાળકના વિકાસમાં માતાનો ફાળો અને માતાના વિકાસમાં બાળકનો ફાળો, માતાના કાર્યક્ષેત્રની મર્યાદા, બાળકના વિકાસના જરૂરિયાતો માતા અને બાળકોના સંબંધો એ બધા પ્રશ્નાની ચર્ચા આ અંકનું વિશેષ આકર્ષણ રહેશે.

તેમજ દિવાળી અંકનો સમગ્ર બાલવિભાગ બાળગીતોના રૂપમાં પ્રગટ થશે, બાળ-ગીતોના વિવિધ પ્રકારના કેળવણીની દ્રષ્ટિથી પસંદ કરેલા ગીતો જ પ્રકટ કરવામાં આવશે. દિવાળીના આનંદોત્સવમાં જીવનસ્પર્શી વિષયને અનુલક્ષીને યોજેલો અંક તમને સાચવી રાખવાનું મન થશે એવો કરવાનો પ્રયત્ન રહેશે. આ વિષયને લગતા લખાણો ૨૦ મી સપ્ટેંબર સુધી, સ્વીકારવામાં આવશે અને યોગ્ય લખાણને પત્રિકાના વિશેષાંકમાં સ્થાન આપવામાં આવશે.

—સમ્પાદક.

મુંબઈ, સૌરાષ્ટ્ર, મધ્ય-ભારત, મધ્ય-પ્રદેશ, ઉત્તર પ્રદેશની રાજ્ય સરકારો દ્વારા માન્ય

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૩૨] સપ્ટેમ્બર–૧૯૫૭ [અંક : ૬

સંપાદકીય

પૂર્વપ્રાથમિક સંસ્થાઓને મળતાં અનુદાનનો પ્રશ્ન

નૂતન બાળ શિક્ષણ સંઘની બાલઅધ્યાપન સમિતિ વતી જે શિષ્ટ મંડળ, મુંબઇ રાજ્યના કેળવણી ખાતાના મંત્રીને મળી આવ્યું, તેની મુખ્ય માગણી એમ હતી કે પૂર્વપ્રાથમિક કેળવણીનાં માર્ગદર્શન માટે એક કાયમી બોર્ડની રચના સરકારે કરવી જોઇએ. આજની પૂર્વપ્રાથમિક કેળવણીની પરિસ્થિતિમાં આ બોર્ડે (૧) વખતો વખત પૂર્વપ્રાથમિક શિક્ષણ અને પ્રશિક્ષણ સંસ્થાઓના શિક્ષણક્રમો તપાસીને તે વધુ કાર્યક્ષમ કેમ બને તે વિચારવું જોઇએ. (૨) પૂર્વપ્રાથમિક શિક્ષણ અને પ્રશિક્ષણ સંસ્થાઓની જરૂરિયાતો ધ્યાનમાં લઇને સરકારી અનુદાન Grant-in-aid કયા ધોરણે અપાય તેની ભલામણો કરવી જોઇએ અને (૩) આ પ્રકારની સંસ્થાઓના નિરીક્ષણ અને પરીક્ષણ માટે યોગ્ય વ્યવસ્થા કેમ થાય તે માટેના સૂચનો કરવા. આ પ્રકારની માગણીનો જવાબ આપતાં કેળવણી મંત્રીએ કહ્યું કે ટૂંક વખતમાં આખા રાજ્યની સમગ્ર કેળવણી માટે એક મંડળ રચવાની યોજના અમે વિચારી રહ્યા છીએ. તેમાં આ પૂર્વપ્રાથમિક કેળવણીના પ્રતિનિધિનો પણ સમાવેશ થશે. તેથી જુદું મંડળ યોજવાની જરૂર રહેશે નહિ. બીજું પૂર્વપ્રાથમિક શિક્ષણ અને પ્રશિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમમાં યોગ્ય ફેરફારો કરવા માટે શ્રીમતી સુલભાબાંઈ પાણંદીકરના પ્રમુખપદે એક સમિતિ કાર્ય કરી રહી છે તે તમે જાણો જ છો. અનુદાનના ધોરણ માટે તેમજ નિરીક્ષણ પરીક્ષણ અંગે તમારા જે કંઈ સૂચનો હોય તે મને મોકલશો તો તે સંબંધમાં જે કંઇ કરવાની શક્યતા હશે, તે કરીશ. પૂર્વપ્રાથમિક શિક્ષણ મંડળ યોજવાનો તમે અત્યારે આગ્રહ રાખશો નહિ.

કેળવણી મંત્રીના આ પ્રકારના જવાબથી હવે પૂર્વપ્રાથમિક સંસ્થાઓને અપાતા અનુદાન માટે તેમજ નિરીક્ષણ પરીક્ષણ માટેના સૂચનો કરવા માટે નૂતન બાલશિક્ષણ સંઘની જુદી જુદી શાખાઓમાં તેમજ સંસ્થાઓના સંચાલન મંડળોમાં વિચારણા થવી જોઇએ.

અમદાવાદમાં મળતી સંઘની સભાઓ

દિનાંક ૧૪ અને ૧૫ મી સપ્ટેંબરના રોજ અમદાવાદમાં નૂતન બાળ શિક્ષણ સંઘની વ્યવસ્થાપક મંડળ, નિયંત્રણ મંડળ અને સામાન્ય મંડળની સભાઓ મળવાની છે. એ સભામાં આ વિષયની ચર્ચા પણ રાખવામાં આવશે એમ જણાય છે. પરંતુ આ સભાઓ એનો વિચાર કરે તે પહેલા સંઘ સાથે જોડાએલી અને વગર જોડાએલી દરેક પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાઓના સંચાલન મંડળો સરકારી અનુદાન કયા ધોરણે મળવું જોઇએ અને શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાઓનું નિરીક્ષણ પરીક્ષણ શી રીતે થવું જોઇએ તે સબંધમાં પોતાના મંતવ્યો નિશ્ચિત કરીને તે સંઘના મંત્રી પર ૧૨–૮–૫૭ સુધીમાં મોકલી આપે તો સંઘની અમદાવાદ ખાતે યોજવામાં

આવેલી સભા માટે તે ઉપયોગી નિવડશે. સંઘની દરેક શાખાના કાર્યકારી મંડળો પણ આ વિષયની વિચારણા કરે અને પોતાના મંતવ્યો અમદાવાદની સભાઓમાં રજુ થાય તે જુએ.

પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાઓના પ્રકારો

સરકારી અનુદાન કયા ધોરણે નિશ્ચિત થવું જોઇએ એ પ્રશ્ન પૂર્વપ્રાથમિક કેળવણીના વિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્વનો છે. એ ધોરણ અંગે સૂચન કરતી વખતે આપણી માગણીઓ આદર્શવાદની ભૂમિકા કરતા વાસ્તવિક પરિસ્થિતિની ભૂમિકા પરથી થવી જોઇએ. આપણે જે માગીએ, તે આપણને આપી શકે એ સ્થિતિમાં હાલ સરકાર નથી. સરકાર પ્રાથમિક કેળવણી સાર્વત્રિક, ફરજીઆત અને મફત આપવાની નીતિથી બંધાએલું છે. આજની પરિસ્થિતિમાં પૂર્વપ્રાથમિક કેળવણીનો વિચાર એ પ્રાથમિકના ધોરણે કરી શકે એમ નથી. પૂર્વપ્રાથમિક કેળવણીને પ્રાથમિક કેળવણી જેટલું મહત્વ સરકાર પોતે આપવા તૈયાર નથી. તેથી પૂર્વપ્રાથમિક કેળવણીને જે કંઇ અનુદાન મળવાની શકયતા છે તેનું ધોરણ માધ્યમિક સંસ્થાઓને કંઇક અંશે અનુસરતું રહેશે એવી અમારી માન્યતા છે.

માધ્યમિક સંસ્થાઓ કરતાં પૂર્વપ્રાથમિક સંસ્થાઓનું સ્વરૂપ અને પ્રશ્નો ઘણાં જુદા છે. માધ્યમિક સંસ્થામાં લોકો વધુ ફી આપીને પણ પોતાના બાળકોને મોકલવા તૈયાર હોય છે તે માટે જે કંઇ મુસ્કેલીઓ વેઠવી પડે તે વેઠવા પણ તેઓ તૈયાર હોય છે. પૂર્વપ્રાથમિક કેળવણીની એટલી બધી જરૂર લોકોને લાગતી નથી. તેનું મહત્વ તેઓ હજી સમજ્યા નથી. શહેરોમાં મકાનોના પ્રશ્નને લીધે પૂર્વપ્રાથમિક સંસ્થાઓમાં બાળકોને મોકલવાનું વાલીઓ ન છુટકે વિચારી રહ્યા છે પરંતુ સામાન્ય ગામોમાં એવી સ્થિતિ નથી. શહેરના ઘણા વિસ્તારોમાં હજી આ કેળવણી વિષે લોકોને કોઈ પ્રકારની જાણ પણ હોતી નથી.

આ સંસ્થાઓના ફીના ધોરણોમાં નીચેના પ્રકારો છે. (૧) કોઈ પણ પ્રકારની ફી ન લેનારી સંસ્થાઓ (૨) સંસ્થાની જરૂરીયાતો અને બાળકની જરૂરીઆતો ધ્યાનમાં લઇને યોગ્ય ફી લેનારી સંસ્થાઓ (૩) યોગ્ય ફી કરતાં ઓછી ફી લેનારી સંસ્થાઓ અને (૪) યોગ્ય ફી કરતાં વધુ ફી લેનારી સંસ્થાઓ. આ ચારે પ્રકારની સંસ્થાઓને એક ધોરણે અનુદાન આપી ન શકાય એ સ્વાભાવિક છે. તેમજ આ પ્રકારની સંસ્થાઓમાં અનુદાનનું ધોરણ નિશ્ચિત કરવા માટે સંસ્થાસંચાલન માટેના બીજા કેટલાંક ધોરણો પણ નિશ્ચિત કરવાના રહેશે જેમકે

(૧) બાળશિક્ષકોની લાયકાત, પગાર અને સેવાનું ધોરણ
(૨) શિક્ષકદીઠ બાળકોની સંખ્યા મર્યાદિત કરવાનો પ્રશ્ન
(૩) સંસ્થામાં અપાતા 'પૂરક આહાર' અથવા 'અલ્પોપહાર' માટે થતાં ખરચની મર્યાદાનો પ્રશ્ન (૪) યોગ્ય શિક્ષણ ફી નિશ્ચિત કરવાનો પ્રશ્ન એવા અનેક પ્રશ્નો અંગેનો વિચાર સરકારી અનુદાનના પ્રશ્ન સાથે સંકળાએલો છે તેનો પણ વિચાર આજ તબકકે થવાની જરૂર છે.

અનુદાન માટે અગ્રક્રમનો પ્રશ્ન

આ બધા વિગતોની સાથોસાથ સરકાર જો એમ કહે કે અમારી પાસે તો મર્યાદિત એટલોજ નિધિ છે, કે જે અમુક હદ સુધી અમે આ ખાતા પર ખર્ચી શકીએ એવી પરિસ્થતિ છે. આ રકમમા જે કંઇ થાય તે તમે સૂચવો તો તેમ પણ સૂચનાઓ કરવાની જરૂર પડશે. તેથી પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થાઓને અનુદાન આપવું કે પ્રશિક્ષણ સંસ્થાઓનેજ હાલના તબકકે આપવું એ પણ વિચારવાનું રહેશે. જે કંઈ સરકાર પાસેથી નાણા મળવાની શકતા છે તે આપણી કંઇ જરૂરિઆત પર પ્રથમ ખરચવા જોઈએ તે પણ કહેવાની જરૂર છે. અમદાવાદની સાભાઓ આગળ પૂર્વ પ્રાથમિક સંસ્થાઓને અપાતા અનુદાન માટે અને બીજી સગવડો આપવાને માટે યોગ્ય વિચારણા થશે એવી અમે અપેક્ષા રાખીએ છીએ.

—:o:—

સંઘની સંસ્થાઓને સદ્ધર બનાવીએ.

૧૯૪૦ માં ભાવનગરમાં મળેલા નૂતન બાળશિક્ષણ સંમેલને સંઘને 'ગામમાં જવા' હાકલ કરી હતી. ગામડાની બાળકેળવણીના પ્રયોગો થાય તે માટે સંઘના કાર્યાધ્યક્ષ શ્રીમતી સરલાદેવીએ આર્થિક અનુકૂલતા કરી આપી હતી અને પછી આમલાં, વેડછી અને મુંબઈની પછાત વસ્તીમાં શ્રી. નાનાભાઇ ભટ્ટ; શ્રી. જુગતરામભાઇ દવે અને શ્રીમતી તારાબેન મોડક જેવા પીઢ કેળવણીકારોની દેખરેખ હેઠળ પ્રયોગ-સંસ્થાઓનું સંચાલન કરવામાં આવ્યું. સ્વ. બાળાસાહેબ ખેર જેવા કેળવણી પ્રત્યે પ્રખર સદ્‌ભાવ રાખતા નેતાના શુભ હસ્તે બોરડી ખાતે ગ્રામબાળ શિક્ષા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી હતી. ૧૯૪૫ થી આગળના બાર વર્ષ સુધી સંઘે ત્યાં પોતાની બધી શક્તિ એકત્રિત કરીને ગામડાનાં બાળકો માટે શું થઇ શકે તે માટે જુદી જુદી યોજનાઓનો અમલ કર્યો. આ બધા પ્રયોગો અને અખતરાઓના પ્રયાસ પછી સંઘને 'વિકાસવાડી' જડી.

'વિકાસવાડી' આપણા દેશની પછાત સમાજની પુનર્રચના માટેનું એક પ્રભાવી સાધન બની રહેશે એવી સંઘના કાર્યકરોને શ્રદ્ધા ઉત્પન્ન થઇ. તેથી આ યોજના ભારત સરકાર આગળ મૂકવામાં આવી. ભારત સરકારના કેળવણી ખાતાના નિષ્ણાતોને આ યોજના વધાવી લેવા જેવી લાગી અને તેના પરિણામે **બીજી પંચવાર્ષિક યોજનામાં સંઘની આ 'વિકાસવાડી' યોજનાને સ્થાન આપવામાં આવ્યું.**

આ યોજનામાં ત્રણ માસથી બે વર્ષ સુધીના બાળકો માટે **ઘોડિયા ઘર,** બે થી છ વર્ષ સુધીના બાળકો માટે **બાળવાડી** અને સાતથી ચૌદ વર્ષના બાળકો માટે એકથી સાત ધોરણ સુધીની **બુનિયાદી શાળાનો** સમાવેશ થાય છે. એની સાથે જ આ યોજનામાં બુનિયાદી પ્રાથમિક અધ્યાપન સંસ્થા, રાત્રિશાળા, ટેબલ ડિસ્પેન્સરી, બેતીવાડીનું કામ વગેરે પ્રવૃત્તિ આવરી લેવામાં આવી છે.

ભારત સરકારે અત્યાર સુધી આ યોજના માટે લગભગ રૂ. એક લાખ સુધીનું અનુદાન આપ્યું છે. સંઘના સંચાલિકા શ્રીમતી તારાબેને આ યોજના પર પોતાની સર્વ શક્તિ કેન્દ્રિત કરી છે. એમના પ્રયાસથી સંઘે લગભગ ચાલીશ હજાર સુધીનું દાન પ્રજા પાસેથી મેળવ્યું છે. ગયા વર્ષે અખિલ ભારતીય બાળ કેળવણી પરિષદના પર્વમાં વડોદરાના મહારાણી માતુશ્રી શાંતાબેન ગાયકવાડના શુભ હસ્તે વિકાસવાડી યોજનાના મકાનોની શીલારોપણ વિધી કરવામાં આવી હતી.

ટપાલ દ્વારા કટીંગનું શિક્ષણ




દરેક પ્રકારના કાપડનું કટીંગનું શિક્ષણ પોસ્ટથી આપવામાં આવે છે. કોલેજ તથા લંડન ડિપ્લોમા માટે સુચિ પત્રક મંગાવો. સ્થાનિક શિક્ષણ માટે મળો.

ઝારાપકર ટેલરીં કોલેજ
ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ-૨૮.



બી.-ટેકસ ઓઇટમેન્ટ મેન્યુ. કું.
મુંબઇ નં. ૩.

ભારતમાં સર્વ શ્રેષ્ઠ



ઝારાપકર શિવણયંત્ર

રોકડે થી તથા હપ્તાથી પાંચ વર્ષની ગેરંટી સાથે સીંગર, ફ્રાફ, ઝુકી, અરૂણ, ઉષા, ટેલરનું સુચિપત્ર મંગાવો.

ઝારાપકર શિવણયંત્ર ભંડાર
ભવાનીશંકર રોડ, દાદર મુંબઇ-૨૮.

આજે ઘોડિયા ઘર, બાળવાડી, બુનિયાદી પ્રાથમિક શાળા અને બુનિયાદી અધ્યાપન સંસ્થાના મકાનોનું બાંધકામ પુરૂં થઈ ગયું છે અને તેમાં સંસ્થાઓનું કામકાજ પણ શરુ થઈ ગયું છે. ખેતીવાડી માટે લીધેલી અઢાર એકર જમીનમાં ખેતીવાડીનું કામ શરુ થઈ ગયું છે. મોટો કુવો ખોદવામાં આવ્યો છે. સંસ્થાઓ માટે પાણીની વ્યવસ્થા કૃષિ વિદ્યાલયની વ્યવસ્થામાંથી મળી રહ્યું છે. બોર્ડીનું ગ્રામ બાળ અધ્યાયન મંદિર પણ આ નવી જગામાં આવી ગયું છે.

સંસ્થાને હજી છાત્રાલયનું મકાન, પાણી માટે પંપ અને ટાંકી અને બીજી સાધન સામગ્રી, કાર્યકરોના રહેઠાણો વગેરે બાંધવા માટે **એક લાખ રૂપિયાની જરૂર છે.** જે કંઈ અત્યાર સુધી થઇ ગયું છે તેના હિસાબમાં બાકી રહેલું બાંધકામ ઓછું છે, છતાં તે પૂરૂં કર્યા વગર સંધની સંસ્થા કાર્યક્ષમ બની શકે નહિ. આ હદે વિકસેલી સંસ્થાને હવે સમયસર મદદ પહોંચાડવાની જરુર છે.

ગિજુભાઈ જયંતિ ફાળાની વિશેષ યોજના

સંધના કાર્યો ચલાવવા માટે સંધને દર વર્ષે સંધના સંસ્થાપક સ્વ. ગિજુભાઈ જયંતિ સપ્તાહ નિમિ-તે નાણા મળી રહે છે. આ વર્ષે આ જયંતિ નિધિ વિશેષ પ્રમાણમાં મેળવીને સંધની કેન્દ્ર સંસ્થા તથા સંધ સંબંધિત બાલ અધ્યાયન મંદિરોને આર્થિક સહાય્ય આપી શકાય તે માટે એક વિસ્તૃત યોજના વિચારાય છે.

કેન્દ્રીય સંધના પ્રમુખ, ઉપપ્રમુખો, મંત્રીઓ તેમજ સંધની બધી જીલ્લા અને નગર શાખાઓના પ્રમુખો અને મંત્રીઓ તેમજ સંધ સાથે જોડાયેલા બાળ અધ્યાપન સંસ્થાઓના સંચાલકો અને મુખ્યાધ્યાપકો, એ બધાની એક બાલ શિક્ષણ જયંતિ નિધી સમિતિ રચવામાં આવી છે. એ સમિતિની પહેલી સભા અમદાબાદમાં દિનાંક ૧૪ મી અથવા ૧૫ મી સપ્ટેંબરના રોજ મળવાની છે. આ સમિતિ જયંતિ નિધી અંગેની બધી વિગતો નિશ્ચિત કરશે અને આ વર્ષે ગાંધી જયંતિના શુભ અવસરથી ૨૨ મી નવેંબર સુધી નિધિ મેળવવા માટે દરેક પ્રકારના પ્રયત્નો કરશે.

નિધિ માટેની એક યોજના

ગયા માસની ૧૯ મી તારીખે નૂ. બા. શિ. સંધના વ્યવસ્થાપક મંડળની એક સભા મુંબઇ ખાતે મળી હતી. તેની આગળ જે એક યોજના રજુ કરવામાં આવી હતી તેની કેટલીક વિગતો નીચે મુજબ છે.

(૧) સ્વ. ગિજુભાઇ અને જુદા જુદા રંગનાબિલ્લાઓ કાઢવામાં આવે. તે દ્વારા રૂ. ૧૦, ૫, ૨, ૧ અને નયા પૈસા ૫૦, ૨૫ અને ૧૦ જેટલી રકમ આપનારાઓને બિલ્લાઓ આપવા.

(૨) લોકો આ બિલ્લા વધુમાં વધુ લે તે માટે દરેક શાખાએ અને અધ્યાયન સંસ્થાએ મનોરંજન કાર્યક્રમો, બાળનાટયત્સવ, પ્રદર્શનો અથવા બીજા શિક્ષણોચિત કાર્યક્રમો બિલ્લા લેનારાઓ માટે વિના મૂલ્ય રાખવા.

પ્રસંગોપાત, મુખવાસ માટે વપરાતી

☆ હિલ્લુ રંજન ☆

સેંટેડ સોપારી

* સુમધુર * સૌને આનંદિત કરતી

સર્વ જગ્યાએ વેચાય છે.


આપના ગામની એજન્સી માટે લખોઃ—

રાવજીભાઈ કે. સોપારીવાલા

શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ, મુંબઇ-૭.

બ્રાન્ચ : પોસ્ટ ઓફીસના બાજુમા,

વિઠ્ઠલભાઇ પટેલ, રોડ મુંબઈ ૪.



(૩) જે શાખા કે અધ્યાયન સંસ્થા એ રીતે જયંતિ નિધિ એકઠું કરે તેમાંથી પચાસ ટકા નિધિ તે તે શાખાને અથવા સંસ્થાને મળે અને બાકીનો નિધિ સંઘની કેન્દ્રીય સંસ્થાને મળે એવી વ્યવસ્થા રહેશે. નિધિ માટેના બિલ્લાઓ વધુ વહેંચાય તે માટે શાખાઓ અને અધ્યાયન સંસ્થાઓ જે જે કંઈ કાર્યક્રમોનું આયોજન કરે તેનું વધું ખરચ તે તે શાખા અથવા સંસ્થાને કરવાનું રહે.

(૪) આ નિધિમાંથી ઓછામાં ઓછા એક લાખ રૂપિયા ભેગા થાય અને તેમાંથી કેન્દ્રીય સંઘની વિકાસલક્ષી યોજના માટે પચાસ હજાર રૂપિયા મળે તેમજ સંઘ સંબંધિત સસ્થાઓને પચાસ હજાર મળે એ લક્ષ્ય રાખીને સંઘની બધી સંસ્થાઓએ કામે લાગવાનું છે.

આ યોજનાની વધુ વિગતો અમદાવાદમાં મળનાર નિધિ સમિતિ નિશ્ચિત કરશે. સંઘનું કાર્ય વધાવી લેવા માટે જે કોઈ વ્યકિત અગર સંસ્થા આ સંબંધમાં કોઇ સૂચનો કરવા ઇચ્છે તો તેનો સાભાર સ્વીકાર કરવામાં આવશે.

સંઘ સંસ્થાઓને વિનંતિ

બત્રીસ વર્ષથી સંઘ–કાર્ય એક ધારૂ ચાલી રહ્યું છે. પૂર્વ પ્રાથમિક કેળવણીના ક્ષેત્રમાં સંઘે કરેલી સેવા જાણીતી છે. આજના સંઘ સેવિકા શ્રીમતી તારાબેન જે યોજના માટે અહોરાત્ર ખપી રહ્યા છે તેનું મહત્વ ધ્યાનમાં લઇ સંઘની એકએક વ્યકિતએ, દરેક બાળમંદિર તથા પૂર્વપ્રાથમિક સંસ્થાએ, સંઘની નાની મોટી દરેક શાખાએ અને સંસ્થાએ આ વખતે સંઘની મદદે આવીને આ રાષ્ટ્રીય મહત્વના કાર્યના ઉત્થાનમાં પોતાનો ફાળો આપે એવી અપેક્ષા રખાય છે.

મંત્રી, નૂ. બા. શિ. સંઘ

બાની બહાદુરી !!!

રવિવારનો દિવસ હતો. જમીખાઇને જીતુ, રમેશ અને બીજાં બેત્રણ છોકરાંઓ ગોટીથી રમતાં હતાં. થોડી વાર રમ્યા પછી એકાએક જીતુની નજર આંબળાના ઝાડ ઉપર પડી; અને તરતજ જીતુએ રમેશને કહ્યું જો જો રમેશ પેલાં આંબળા જોયાં ? તને ગોટી ઉડાડતા તો સારી આવડે છે. તો ચાલ, એક વખત તારી લોખંડની ગોટી તેને માર, પછી જોઈ લે મજા. ખાટાં ખાટાં આંબળા અને મીઠું એવું સરસ લાગશે ! જીતુના મોઢામાં પાણી આવ્યું.

રમેશ:—હા. હા, ચાલ (જરા વિચાર કરીને) પણ ઉભો રહે. પેલો માળી જોશે તો ? ના ભાઇ તો તો આપણને વઢે. આપણે એવું નથી કરવું. હું તો નહિ મારું.

જીતુ:—અરે આપણે તેને પુંછીને જ એચાર આંબળા પાડીએ તો એ આપણને નહિ વઢે, એવું કરવું છે ?

રમેશને ગળે વાત ઉતરી. બન્ને જણ દોડતાં દોડતાં માળી પાસે પહોંચ્યાં. માળીએ હા પાડી અને રમેશે તો બરાબર ગોટી તાંકીને મારી પાકા લુમખા ઉપર, પટ્ પટ્ દસબાર આંબળા નીચે પડ્યાં. બધાએ વહેંચી લીધાં, અને સાંજ પાડવા આવી હતી એટલે સૌ સૌને ઘેર ગયા.

રમેશ પણ ઘેર ગયો, અને બાને કહેવા લાગ્યો,— બા; બા, જો હું કેવા સરસ આંબળા લાવ્યો. એવા ખાટા–મીઠા છે !


બા કહે:— જોઉં, કેટલા લાવ્યો ? (. રમેશ બતાવે છે) બસ, લાવ્યો લાવ્યો અને આટલાંજ લાવ્યો ? વધારે લાવવાં હતાં ને ? જા, જા, નીચે જઈને બીજા પાડી લાવ.


રમેશ:—ના બા હવે હું ન જાઉં, આટલાં તો માળીને પુછીને લીધા હવે માળીદાદા હા ન પાડે. એના પુંછ્યાં વિનાં કાંઈ પડાય ? હું ન. બા તરતજ બોલી ઉઠી:—હઠ, જઉં બીકણ બાયલાં, તું તો એવોને એવો જ રહ્યો ! એમ માળીને કાંઇ પુછવા જવાનું હશે ? માળી હાં પણ થોડો જ પાડે. એ તો ચુપ ચુપ કોઈને ખબર ન પડે તેમ જઇને પત્થર મારવાના અને બીસ્સું ભરી આવવાનું. કોઇને એમાં પુછવાનું શું ? અને વળી બ્હીવાનું શું ? જરા બહાદુર બન, બહાદુર.

આ રીતે બાએ પોતાની બહાદુરી રમેશમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો. પણ તેને મનમાં એ વિચાર પણ ન આવ્યો કે રમેશના મન ઉપર પોતાના આવા બોલની અને સલાહની શી અસર થશે ! અરે, તેને એ વિચાર પણ ન આવ્યો કે તે તેનામાં ચોરીના બીજ વાવી રહી છે, અને એ રીતે રમેશના મનમાં બરાદુરીની કલ્પના અંકાઈ ગઈ !









ઝાંસીની રાણી

(બાળ નાટક)

અટક મટક કરીએ નાટક
ઉઠો પટપટ ચાલો ઝટપટ
ઝાંસીની રાણીનું નાટક.

કોણ બનશે રાણી એતો કહો?
હું બનીશ, હું બનીશ ઝાંસીની રાણી.

કયો વેશ પહેરશો એ તો કહો?
ફૂલની વેણી, હિરાનો મણી,
સોનાનો હાર ને મોતીની માળા
હું જ બનીશ ઝાંસીની રાણી.

જરીની સાડી ને મોતીનું કડુ
સોનાનો મુગટ ને સોનાનાં ડુલ
કાનમાં પહેરીશ હિરાનાં ફૂલ.

છટ! છટ મને નથી પસંદ
આવી શોખીન મોજીલી રાણી
આપણને જોઇએ તેજીલી રાણી.

તંગ એવી સૂરવાળ પહેરીશ
ઘોડા ઉપર સ્વાર થઇશ
હાથમાં નંગી તલવાર લઇશ
દેશ માટે હું લડવા જઇશ
ન કોઇથી હું ગભરાઇશ
એવી જ રાણી હું બનીશ
ઝાંસીનો જયકાર કરીશ.

ઉઠો ઉઠો ચાલો ચાલો
ગણવેશ બધા પહેરી લો
સિપાઇ બધા બની જાઓ
શૂર શિવાજી; વીર તાનાજી
કોઇથી કોઇ ડરશો નહિ
કોઇથી કોઇ બીશો નહિ.

ચાલો લડાઇમાં સૌએ આજ
શત્રુનો સામનો કરવા કાજ
હરહર મહાદેવ મંત્ર ભણી
ફ-તેહ આપણી મનમાં ગણી
બોલો "હર હર મહાદેવ"
ભારત માતાનો જય જય.

સુશીલા દાતે.

પ્રથમ બધાં બાળકો ગોળમાં બેસે. શિક્ષક કોઇપણ બે બાળકોનાં નામ બોલે. અને તેઓ ઊઠી એકમેકની સામસામી દિશામાં દોડે. દોડતાં દોડતાં જે જગ્યાએ તેઓ મળે, ત્યાં તરતજ સહેજ ઊભાં રહીને બન્ને બાળકો હાથ જોડી સામસામા 'નમસ્તે' કરે અથવા એક બાળક નમસ્તે કરે અને સામેનું બાળક 'રામ રામ ભૈયા' બોલે. નમસ્તે કરવાની ક્રિયા પૂરી થયા પછી પાછા દોડી, પોતાની જગ્યાએ બેસી જાય.

આ જ રમતમાં સહેજ ફેરફાર કરીને મોટાં બાળકોને રમાડી શકાય. બધાં બાળકો ગોળમાં બેસી જાય, અને એક બાળક ગોળની બહાર દોડે, પછી દોડતાં દોડતાં તે કોઇપણ બેઠેલા બાળકોમાંથી એકના માથા પર હાથ મૂકે, એટલે તે બાળક ઊઠીને સામી દિશામાં દોડવા માંડે. જ્યાં દોડતાં દોડતાં સામસામાં મળે ત્યાં ઉપર પ્રમાણે હાથ જોડી 'નમસ્તે' કરે, અને પાછું દોડવા માંડે હવે એકજ જગ્યા ખાલી હોવાથી, બંન્ને જગ્યા ઝટ લઇ લેવાં પ્રયત્ન કરે, અને તે માટે વધુ સાવચેતી રાખવી પડે. જે બાળક જગ્યા લેતાં રહી જાય, તે ફરી દોડે. અને પાછું રમવાનું શરૂ કરે. આમ જ્યાંસુધી ગમ્મત પડે, ત્યાંસુધી રમે.

સરલા ભુખણવાળા

(અનુસંધાન પાન ૨ નું ચાલુ)

ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો
જવાહરલાલે ચાલુ રાખ્યો
ચારે બાજુ નાદ ગાજ્યો
'ભારત છોડો ભારત છોડો

લડાઇનું એ નવું શસ્ત્ર
માંગે ના એકે અસ્ત્ર
અંતે અંગ્રેજો થાકયા
થાકીને ચાલ્યા ગયા
આપણો દેશ છોડી ગયા.

ભારત ઉપર આપણો ઝંડો
મુકત રીતે લહેરાવા માંડયો
હવે ચાલે આપણું રાજ
આપણે થયા સ્વતંત્ર આજ

જયાબેન વોરા

ઉપરનો પ્રસંગ વિત્યા પછી બે મહિના વિત્યા બાદ બા રસોડામાંથી રમાને કહેતાં હતાં:—'અરે રમા, જને દુધ તો લઈ આવ. પછી મોડું થશે તો નહિ મળે.

રમેશ—પણ બા પૈસા જ નથી મળતા, બે જ આના છે. પૈસા આપ તો જાઉંને !

બા:—અરે રે ! પૈસા પણ છુટા નથી (તે સાંભળીને) ત્યાં તો રમેશ દોડતો આવ્યો અને બાની પાસે આવીને કહેવા લાગ્યો "બા, બા, હું આપું ? ને મારી પાસે ઘણા પૈસા છે.

બા:—અરે તું પૈસા ક્યાંથી લાવ્યો ?

રમેશ:—બા કહું ? કાનમાં કહું હો ! (ધીમેથી કાન પાસે જઈને) કાલે બાપુને ખબર ન પડે તેમ ધીમેથી એના બીસ્સામાંથી પૈસા લઈ લીધાં. બા એમ કાંઈ હું કોઇથી બ્હીઉં એવો રહ્યો નથી હો !

બા બિચારી શું બોલે ? પોતે જ શીખવેલી બહાદુરી પોતાનેજ ભારે પડી !

—જયા વોરા

(બારમાં પાનાથી ચાલું)

શ્રધ્ધા હતી એવું ન કહી શકાય; પરંતુ શાળાના પ્રચાર પાછળ યુધ્ધમાંથી ઉભી થતી પરિસ્થિતિનો સામનો કરવો એ ઉદ્દેશ હતો. બાલ્યાવસ્થાનું યોગ્ય રક્ષણ તથા વિકાસના યોગ્ય સાધનો વગેરેની યોજના–બધ્ધ અનુકુળતા કરી આપવાથી અનેક સામાજિક અને ધંધાદારી પ્રશ્નોનો ઉકેલ થઈને તેમાંથી નવ સમાજ નિર્મિતીનું કાર્ય વધુ કાર્યક્ષમતાથી થઇ શકશે. આ વિચાર હજી બધે ઠેકાણે પ્રચાર પામ્યો નથી. વચગાળામાં ધંધાદારી નર્સરી શાળાઓની સંખ્યા વધતી જતી.

જેને બાલકલ્યાણ માટે ખૂબ આસ્થા હોય છે તેમને આ વિકાસ શ્રેયસ્કર લાગતો નથી. બાનગી સંસ્થાની વૃદ્ધી થતી જાય છે ને એનાથી બાળકોની કુસેવા જ થાય છે. તેમા મળનારા સંસ્કાર તથા કેળવણી માટે સમાધાન પ્રાપ્તથાય એવી પરિસ્થિતિ નથી. ન્યુયોર્ક શહેરમાં આવા પ્રકારની શાળાને ઓછામા ઓછુ અમુક પ્રકારનું ધોરણ સ્વીકારવા માટે શાળા સંચાલકોને પરવાના કઢાવવા એવું ફરજિયાત કરવામાં આવ્યુ છે. ન્યુયોર્ક પ્રમાણે મિશિગન, વસીયાના વિસ્કનસિન, આમાં પણ પરવાના પધ્ધતિ ચાલુ કરવામાં આવી છે. આ શાળાઓના કાર્યક્રમમાં ઓછામાં ઓછું બાળકનું આરોગ્યરક્ષણ, એને બાધ આવે એવી બાબતો સંચાલકો ન કરી શકે એ જોવામાં આવે છે.

આંતરરાષ્ટ્રિય ચાઈલ્ડહુડ એસોસિએશનનું કાર્ય

બાળકોને કાયદાનું રક્ષણ મળે એ દૃષ્ટિથી આંતરરાષ્ટ્રીય ચાઇલ્ડહુડ એસોસિએશન જેવી સંસ્થાનાં સતત પ્રયત્નો ચાલુ હોય છે. આ પ્રકારની સંસ્થા તરફથી બાળકેળવણી અંગે વાલીઓને યોગ્ય માર્ગદર્શન કરનારૂં યોગ્ય સાહિત્ય પ્રગટ થાય છે. એને લીધે બાલવિકાસ તરફ ચિકિત્સક દૃષ્ટિથી જોનાર વાલીવર્ગની સંખ્યા વધતી જાય છે

અમેરિકાના બાલશિક્ષણના પ્રશ્નનો આ ઇતિહાસ વાચતી વખતે આપણે ત્યાં આજ પ્રશ્નો કેવી રીતે ઉપસ્થિન થાય છે આનું ચિત્ર વાચકોના મનમાં આવતું હશે એ વિષે અમને શંકા નથી. આપણા બાલશિક્ષણની પરિસ્થિતિ લક્ષમાં લઇને નૂતન બાલશિક્ષણ સંઘ જેવી સંસ્થાને શિક્ષક તથા વાલીઓએ વ્યવસ્થિત કાર્યક્રમ રૂપ આપવાની હાલની પરિસ્થિતિમાં કેટલું આવશ્યક છે એની કલ્પના સૂજ્ઞ વાંચકોને આવશે. —શે. ના. નામલે.



ઝરણીથી બનતું સુગંધિત તેલ

આપને ત્રાવધ ફાયદાઓની બાત્રી આપે છે.



૧. બરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે.

આજે જ એક બાટલી બરીદો અને હંમેશના વપરાશનું સર્વોત્તમ કેશતેલ ઘેર બેઠાં આસાનીથી તૈયાર કરો...

બધે ઠેકાણે વેચાય છે.

સોલ એજન્ટ
સુગંધ ઘર
બાડીયા, અમદાવાદ
M.P.S.

સી. નરોત્તની કાં.
મંગલદાસ રોડ,
મુંબઇ ૨.
ટે. નં. ૩૦૫૭૫

સ્વ. મોંઘી બહેન બધેકા

એકાદ મંગળ-મંદિર ચણાવાનું હોય તો તેના પાયામાં સોનું, રુપું ને નવરત્ન મુકવામાં આવે છે. તે રત્નો ઉપરના મકાનની કે ટોંચના કલશની જેમ બહાર દેખાતાં નથી કે ચળકતાં નથી. પાયાની અંદર દટાએલાં હોવાથી તેના તરફ કોઇનું ધ્યાન જતું નથી કે કોઈ તેને સંભારતાં પણ નથી.

બાલમંદિરના કાર્યમાં દટાએલું એક રત્ન આપણા-માંથી વિદાય લઇને પરલોક સીધાવ્યું છે. તેમને આપણી સ્નેહાંજલિ કૃતજ્ઞતાપૂર્વક અર્પિએ.

શ્રી મોંઘીબેન બધેકા સ્વ. ગિજુભાઇ બધેકાની ભત્રીજી અને તેમના કાર્યની દૃષ્ટિએ "કામનો વાંધ" હતા. કાકા નવાં નવાં કામો કાઢતાં થાકે નહિ ને ભત્રીજી રાત દિવસ તેની પાછળ મંડી પડીને તેનો ફડચો પાડતાં થાકે નહિ.

શ્રી મોંઘીબેન ચાળીસ પિસ્તાલીસ વર્ષ પહેલાંના કાઠિયાવાડમાં આવેલા વળ જેવા- નાના પછાત ગામમાં બ્રાહ્મણ કુટુંબના બાળવિધવા. તેમને તે કાળના રિવાજ પ્રમાણે શિક્ષણ કેવું કે પોતાની શક્તિઓ વિકસાવવાની તક કેવી ? તેમની બુધ્ધિ તેજ, શક્તિ અમાપ પણ તક વગર શું થાય ? ગામની નિશાળમાં બે ત્રણ ગુજરાતી ધોરણ લગ્ન પહેલાં થયા. પછી તો બધાં બારણાં બંધજ. પણ સારે નશીબે કાકાની (સ્વ. ગિજુભાઇ બધેકા) હુંફ મળી અને યોગ્ય એવું કર્યક્ષેત્ર મળ્યુ, ને બધી શક્તિઓને ખોલીને બહાર આવવાની તક મળી.

શ્રી મોંઘીબેનની વિશેષતા એ કે બધા પ્રકારની પ્રતિ-કુળતા છતાં હાર્યાવગર કે નિરાશ થયા વગર પ્રયત્નશીલ રહેવું.

માત્ર બીજી ગુજરાતી જેટલું શાલેય શિક્ષણ હોવા છતાં ગુજરાતી, બંગાળી ને અંગ્રેજીમાં તેમણે કેવળ સ્વપ્રયત્નથી પારંગતતા મેળવી. બાલશિક્ષણના ક્ષેત્રમાં તેમનું કાર્ય ન ભૂલી શકાય એવું છે. ટાઇમ્સને કે બીજી અંગ્રેજી ચોપડીઓ તેઓ એકાદ પદવધરની ફાવટથી હમેશ વાંચતા. "અંકલ ટામ્સ કેબિન" જેવી ચોપડીનું તેમણે ગુજરાતીમાં રૂપાંતર કર્યુ, તેમજ બંગાળી પરથી શકુંતલા તથા અનેક વાર્તા ગુજરાતીમાં લખી. તે ઉપરથી એકલાં પોતાનાજ પ્રયત્નથી તેઓ આ પારકી ભાષામાં કેવી રીતે પ્રવેશ મેળવી શક્યાં હશે ને પ્રાવિણ્ય મેળવ્યું હશે તેનો વિચાર કરતાં વિસ્મયને આદરથી માથું નમે છે.

સ્વ ગિજુભાઇએ તેમને લોકસાહિત્ય–તેમાંયે મુખ્ય તો ગીતો ભેગાં કરવાનું સોંપ્યું. કામ મળ્યું કે અથાક મેહનત લઇને તે પાર પાડવું જ જોઇએ એવો તેમનો સ્વભાવ. તેઓ કોળણો ભેગાં રાસડા લેવા જાય, મજુરણો સાથે ધાબો ખાંડવા જાય, ડોશીયો સાથે બેસે ને વાતો કરે. એમ કરી તેમણે પાંચસો થી વધારે ગીતો ભેગાં કર્યા છે તેનાં યોગ્ય વર્ગીકરણ સાથે ત્રણ બંધાવેલા મોટા ભાગો તેમની પાસે પડ્યા હતા, પણ તેને પ્રકાશકોના પીઠબળના અભાવે સૂર્યપ્રકાશ જોવાની તક નજ મળી. છતાં તેમના મીઠા કંઠમાંથી ઘણાંઓએ ગીતો સાંભળ્યાં તો છે. રેડિયોએ પણ તેમના આ અણમોલ સામગ્રીની કદર કરી લોકોને સંભળાવવાની ઘણીવાર તક આપી. તેમજ તેમની વાર્તાઓ જેમણે સાભળી હશે તેઓ તેમણે કદી નહિ ભૂલે.

બાલ મંદિરના કામમાં તો તેમના જેવા નિષ્ણાત સ્વ. ગિજુભાઈના સગા કે શિષ્યોમાં હજી દેખાયા નથી. પોતાનું શાલેય શિક્ષણ બહુજ ઓછું છતાં ડો. મૉંટીસોરીના ગણિતના ને વ્યાકરણનાં સાધનોનું મર્મ પકડી બાળકો આગળ સફળતાથી રજુ કરવામાં તેમની અસાધારણ બુદ્ધિને આવડત દેખાઈ આવતી.

સ્વ. ગિજુભાઈએ ઉભા કરેલા નૂતન બાલ શિક્ષણના મકાનના પાયામા આવેલું એક રત્ન આજે ખરી પડયું છે. તેમના સગાઓ ને મિત્રોને દુઃખમાં મૂકી તેઓ જગત છોડી ગયા છે.

અમેરિકામાં નર્સરી કેળવણીનો વિકાસ

૧૯ મી સદીમાં યુરોપમાં જે નર્સરી શાળાઓ શરૂ થઇ તેનો ઉદ્દેશ મજૂર ખાતાના બાળકોના આરોગ્યનું રક્ષણ કરવાનો હતો. યુરોપના આ તત્વનું અનુકરણ કરીને જ અમેરિકાની નર્સરી શાળાની શરૂઆત થઈ. આગળ વીસમી સદીમાં મૅકમિલન બહેનોના પ્રયત્નથી ઇંગ્લાંડમાં આધુનિક નર્સરી શાળાની સ્થાપના થઇ. ૧૯૧૮મા શિક્ષણ વિષયક 'ફિશર એકટ' પસાર થવાથી ઇગ્લંડમા પ્રાથમિક કેળવણીના ભાગ તરીકે નર્સરી શાળાને સરકારી પ્રોત્સાહન મળવા લાગ્યું. આને લીધે ઇંગ્લાંડમાં નર્સરી કેળવણીની જે કંઇ પ્રગતિ થઇ તેનો પ્રભાવ અમેરિકાની નર્સરી શાળા ઉપર પડયો.

વીસમી સદીની શરૂઆતમાં અમેરિકાની કેટલીએ નર્સરી શાળાને સંશોધન કેન્દ્રનું સ્વરૂપ પ્રાપ્ત થયું. આવા પ્રકારની શાળામા બાળકોને શીખવવા કરતા બાળકો પાસેથી આપણને કેળવણીની દૃષ્ટિથી શું શીખવા જેવું છે એ શોધવા ઉપર જ શાળાઓનો વિશેષ આગ્રહ દેખાઇ આવતો હતો. તેને લીધે બાળકનું સ્વાસ્થ્ય, આરોગ્ય અને સગવડતા તરફ જ વિશેષ લક્ષ અપાતુ, તથા મોટાઓનું માર્ગદર્શન ઓછામા ઓછું મળે એ તરફ એ શાળાઓનું વલણ દેખાઇ આવતું હતું. આવી શાળાઓની કેળવણીની પધ્ધતિ ઉપર તે સમયના વર્તનવાદી માનસશાસ્ત્રનો વિશેષ પ્રભાવ દેખાઈ આવતો હતો. આદર્શ વર્તનનું પુનરાવર્તન થાય એ દૃષ્ટિથી શાળામાં પ્રોત્સાહન આપવામાં આવતું હતું. વર્તન પાછળની હેતુપ્રેરણા અથવા ભાવના તરફ ખાસ લક્ષ આપવામાં આવતુ નહોતું. આગળ ઉપર બાળકોની જરૂરિયાતોનો ખૂબ અભ્યાસ થવા લાગ્યો. માનસશાસ્ત્રજ્ઞ, માનસચિકિત્સક તથા માનવશાસ્ત્રજ્ઞોએ બાલ્યાવસ્થાનાં જીવનની આંતરિક ભાવનાનો મનુષ્યના વ્યવહાર અને સ્વભાવના અનેક પ્રશ્નો સાથે કેવી રીતે સંબંધ હોય છે એ સ્પષ્ટરીતે રજુ કર્યું છે. તેને લીધે બાળક અંગેના સંશોધને વધુ મહત્વ પ્રાપ્ત થયું છે. આથી બાળકનું અવલોકન નર્સરી શાળાની બહાર એટલે કે તેમના ઘરમા પણ થવું જરૂરી છે એમ લાગવા માંડયું છે. સંશોધનનો મુખ્ય ઝોક બાળકોના કૌટુમ્બિક વાતાવરણ ઉપર ગયો તો પણ નર્સરી શાળા એટલે જ્યાં બાળક કેન્દ્ર સ્થાને છે એવી સંસ્થા એ માન્યતા રૂઢ થવા લાગી. શરૂઆતની નર્સરી શાળા બાનગી શિક્ષણ સંસ્થામાં અને પ્રશિક્ષણ સંસ્થામાં અથવા સમાજ સુધારક કેન્દ્રમાં નીકળી.

૧૯૩૦ની આસપાસ નર્સરી શાળાની સંસ્થાઓ ખૂબ જ વધી ગઈ. આ સંસ્થાઓએ બાળકના શારીરિક અને માનસિક વિકાસને જે મહત્વનું સ્થાન આપ્યુ તે લોકોના ધ્યાનમાં આવવા લાગ્યું. તેમ છતાં આ શાળાનો વ્યાપક પ્રયોગ બીજા મહાયુધ્ધના કાળમાં થયો.

સંઘરાજ્યની મદદથી નર્સરી શાળા

સંઘ રાજ્યે આવા પ્રકારની શાળાને આર્થિક મદદ આપવા પાછળ બે દૃષ્ટિથી વિચાર કર્યો હતો. એક તો સરકારની સામે વધતી જતી વ્યાપક બેકારીનો પ્રશ્ન હતો બીજી બાબત એટલે બહુસંખ્ય ઘરોમાં બાળકોને પૂરતું પોષક અન્ન મળતુ નથી, તથા આરોગ્યની દૃષ્ટિથી ખરાબ ઘરોમાં બાળકોને રહેવું પડતું હતું. આ પ્રશ્નની અગત્યતા પણ સરકારને ખૂબ લાગતી હતી. સંપન્ન વસ્તીના બાળકો ઉપર નર્સરી શાળાના કાર્યક્રમનુ જે પરિણામ દેખાઇ આવ્યું તેના ઉપરથી એવું લાગ્યું કે આવા બાળકો કરતા પછાત વસ્તીના બાળકોને આવી સગવડતાની ખરી જરૂરીઆત છે. તેને લીધે સંઘ રાજ્યે આવા પ્રકારની પછાત વસ્તીની નર્સરી શાળાને ઉદાર હાથે મદદ આપવાનું શરૂ કર્યું.

સંઘ રાજ્યમાંના જુદા જુદા રાજ્યની નર્સરી શાળાને મળતી મદદનું ધોરણ જુદુ જુદુ હતુ. સ્થાનિક શાળા અને કેટલીક સામાજિક સંસ્થા આવા પ્રકારની શાળાઓ કાઢતા, પરંતુ તેની જગ્યા વગેરે બીજી અનેક બાબતો ઘણી જ અસમાધાનકારક હતી. કેટલીક હાઉસિંગ સોસાયટીઓએ આ બાબતમાં ઘણું દૂરદર્શીપણું બતાવ્યુ. આવી સોસાયટીઓએ બાંધેલી વસાહતોમાં નર્સરી શાળા માટે સુંદર મોટી જગા તથા ઈમારત બાંધતા. આ રીતે જે ઠેકાણે બાળકોને રમવા માટે ખૂલ્લી ભરપૂર મોકળી જગા,

સર્જન શક્તિ અને કલ્પકતાના ગુણોને અવકાશ મળે એવી પુષ્કળ સાધનસામગ્રી; યોગ્ય પોષણ તથા આરામની સગવડતા મળતી, ત્યાં બાળકોનો સર્વાંગી વિકાસ દેખાઈ આવતો. વાલીવર્ગમાં પણ આ પરિણામને લીધે વિશેષ જાગૃતિ દેખાઇ આવી. કેટલેક ઠેકાણે વાલીઓની સહકારી મંડળીઓ બનતી અને તેમના તરફથી શાળાઓ નીકળવા માંડી.

બીજા મહાયુધ્ધને સમયે નર્સરી શાળાના કેન્દ્રને એક પ્રકારનું જુદુ વલણ મળ્યું. મહાયુધ્ધની જરૂરિયાતને લીધે નર્સરી શાળાના કાર્યક્રમમાં ફેરફાર કરીને તેને રક્ષણ કેન્દ્રનું (Child-care-centre) સ્વરૂપ આપવામાં આવ્યુ. તેને લીધે કેટલીક શાળાને સમાજ નિયોજનમાં ભાગ લેવાને અવકાશ મળ્યો. શાળાનો મુખ્યશિક્ષક, આરોગ્યકેન્દ્રનો અધિકારી, ઉદ્યોગ ધંધાનો પ્રતિનિધી એમ ત્રણે મળીને યુધ્ધની પરિસ્થિતમાં શું કરી શકાય તેનો વિચાર કરવા લાગ્યા.

આધુનિક નર્સરી શાળા

યુધ્ધના સમયમાં વિવિધ પ્રકારની પરિસ્થિતિમાં નર્સરી શાળા શરૂ થવાથી આ ચળવળ વધુ વ્યાપક બની. આજ લગભગ બધા વિશ્વવિદ્યાલયમાં શૈક્ષણિક સંશોધનની દૃષ્ટિથી નર્સરી શાળા ચલાવવામાં આવે છે. શિક્ષણ, ઉપચારશાસ્ત્ર, આરોગ્ય, ગૃહશાસ્ત્ર, માનસશાસ્ત્ર વગેરે વિષયનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને આ સંસ્થાનો વ્યવહારિક ઉપયોગ થાય છે. કેટલીક ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં 'માનવી વર્તન અને વિકાસ' આ વિષય ઉપર શિક્ષણક્રમ યોજવામા આવે છે. આ શિક્ષણક્રમોનો વિદ્યાર્થીઓને નર્સરી શાળાના અવલોકનનો ખૂબ ઉપયોગ થાય છે. વૈદકશાસ્ત્ર તથા માનસચિકિત્સાશાસ્ત્રનું અધ્યયન કરનારા વિદ્યાર્થીઓને પણ આ શાળાના અવલોકનો ઉપયોગી થઇ પડે છે. બાલ માર્ગદર્શનના કાર્યમાં બાલશિક્ષક અને કેસવર્કરના (case worker) સહકારથી ઉત્તમ પ્રકારનું સામાજિક કાર્ય થાય છે.

કમાણીના એક ધંધા તરીકે પણ કેટલીક નર્સરી શાળાઓ નીકળેલી અહીં દેખાય છે. પરંતુ સારી રીતે ચાલતી નર્સરી શાળામાં સંચાલકોને બાસ ફાયદો થાય છે એવું દેખાતુ નથી. પરંતુ નામ પૂરતું નર્સરી શાળા ચલાવીને વાલીઓને ફોસલાવનાર સંચાલક પણ ઘણા છે. કેટલાંક રાજ્યમાં આવા પ્રકારની ધંધાદારી નર્સરી શાળા ઉપર નિયંત્રણ છે તથા કેટલેક ઠેકાણે આ શિક્ષણ નર્સરી શાળાની નામ ઉપર લૂંટ ચલાવનાર સંચાલક ઉપર અવલંબે છે.

નર્સરી શાળા અંગેના કાયદાઓ

બીજા વિશ્વયુધ્ધને લીધે નાના બાળકોને રક્ષણ મળે એ અંગે કેટલાંક કાયદાઓ થયા છે. અનેક રાજ્યમાં ફરજિયાત શિક્ષણની શરૂઆત ૭ વર્ષ પહેલા કરવામા આવી છે. આવા કાયદાની પાછળ બાલશિક્ષણ માટેની

(અનુસંધાન પાના ૯ પર)

સ્વદેશી ભાવના કેળવી ભારતમાંજ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો.



મોન્ટેસોરી પદ્ધતિનું જ્ઞાનેન્દ્રિય શિક્ષણ

લેખાંક : ત્રીજો અને છેલ્લો

[પૂર્વ–પ્રાથમિક કેળવણીના મૂળભૂત સ્વરૂપ અંગે ચર્ચા થવી જોઇએ એ ઉદ્દેશથી આ લેખમાળા શરૂ કરવામાં આવી છે. નૂતન બાલ-શિક્ષણ સંઘના અધિકૃત ધોરણ સાથે આ લેખમાળાનો સબંધ નથી. આ વિષયની બીજી બાજુ જે કોઇને રજૂ કરવી હોય, તેને પણ 'પત્રિકામાં' યથાયોગ્ય સ્થાન આપવામાં આવશે. તજ્ઞ વ્યકિતઓએ આ પ્રચલિત વિષયનું મહત્ત્વ ધ્યાનમાં લઇને આ વિષય અંગે પોતપોતાના મત રજુ કરવા એવી આગ્રહભરી વિનંતી છે. સં.]

ગયા અંકમાં કેટલાંક શિક્ષણ તજ્ઞોના જે અભિપ્રાય ટાંક્યા હતા તેનો સારાંશ નીચે પ્રમાણે છે.

(૧) ઇંદ્રિય શિક્ષણનાં મોન્ટેસોરીના સાધનોને લીધે જ્ઞાનેંદ્રિયના કાર્યમાં અથવા મગજના સંવેદન ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારનો સુધારો થતો હશે એવું કહેવું અર્થ વગરનું છે.

(૨) સાધનના મર્યાદિત ક્ષેત્રમાં સંવેદનનો અનુભવ મળે તો પણ તેમાંથી મેળવેલા જ્ઞાનનું સંક્રમણ કેટલે સુધી થાય છે એ શંકાસ્પદ છે.

(૩) ફકત સંવેદનીય ભેદાભેદ ઓળખવાનું કાર્ય જલદી નીરસ બને છે. આ કાર્યનો સબંધ કોઈ જીવન હેતુ સાથે બાંધી દેવાથી તે રસપ્રદ અને વધુ મહત્વનો બને છે.

(૪) મોન્ટેસોરીના 'ઇન્દ્રિય શિક્ષણ'ને લીધે ઇન્દ્રિય શિક્ષણ થતું નથી પણ સંવેદન વિષયક અવબોધનના વિકાસને મદદ થાય છે.

(૫) સંવેદનના પુનરાવર્તનને લીધે સંવેદન અંગેની રસવૃત્તિનો વિકાસ થાય છે એવું મે. માન્ટેસોરીનું વિધાન સ્વીકારી શકાય નહિ. મે. મોન્ટેસોરીના ઇન્દ્રિય શિક્ષણના શરૂઆતના અને આખરના વિચારોમાં ઘણોજ તફાવત પડયાનો તેમના ગ્રંથ ઉપરથી અને શિક્ષણક્રમના વ્યાખ્યાનોમાંથી દેખાઈ આવે છે.

મોન્ટેસોરી પદ્ધતિ નામના પુસ્તકના ૨૧૬ માં પાના પર ઇન્દ્રિય શિક્ષણની યોજનાના નવા ઉત્સાહમાં તેઓ એક ઠેકાણે કહે છે—" No one has attempted the methodical preparation of the individual for the sensations " સંવેદનને માટે વ્યકિતને તૈયાર કરવાનો પ્રયત્ન અત્યાર સુધી કોઈએ જ કર્યો નથી. આગળ ઉપર તે જ પ્રકરણમાં તેઓ કહે છે કે, " The Education for senses makes men observers and not only accomplishes general work of adaptation to the present epoach of civilization but also prepares them directly for practical life."

જ્ઞાનેન્દ્રિય શિક્ષણથી વ્યકિત નિરીક્ષક બને છે તેને લીધે સંસ્કૃતિના પ્રચલિત યુગની સાથે તેનું સામાન્ય સયોજનનું કાર્ય સારી રીતે થાય છે, એટલુ જ નહિ પણ તેને લીધે વ્યવહારિક જીવનની પ્રત્યક્ષ તૈયારી થાય છે.

ઇ. સ. ૧૯૫૦–૫૨ ના આ વિષય અંગેના વ્યાખ્યાનોમાં રજુ થએલો આ બીજો ઉતારો જુઓ.

" What we call education of the senses is in reality a help to the construction of intelligence' અમે જેને જ્ઞાનેન્દ્રિય શિક્ષણ કહીએ છીએ તે ખરૂં જોતાં બુધ્ધિની રચનાને જ મદદ કરનારૂં શિક્ષણ છે.

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....

કુલી

* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળપ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે.

લોભા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :

એમ. એમ. ખંભાતવાળા

રાયપુર. અમદાવાદ.

: એજન્ટસ :

સી. નરોત્તમ એન્ડ કું.

મંગલદાસ રોડ, મુંબઈ–૨

ટે. નં. ૩૦૫૭૫ M. P. S.

"The possibility must be an enormous help in the organisation of the intelligence and so we give to the children these objects which might be called by us materialised Abstractions."

બુદ્ધિની વ્યવસ્થામાં આની કેટલી મોટી મદદ થતી હોવી જોઇએ અને તેથી જ અમે આ સાધનો જેને (અમૂર્ત) સામાન્ય બોધનું મૂર્ત સ્વરૂપ એવું નામ આપ્યું છે, તે બાળકોને આપીએ છીએ.

'All these classifications that we have formed help us to see the external world and things, because we do not see with material eyes We see by means of the eyes of our Intelligence' અને આ જે બધા વર્ગીકરણો કર્યા તેનો ઉપયોગ બાહ્યજગત એને વસ્તુઓ ઓળખવા માટે છે; કારણ આપણે શારીરિક આંખથી નથી જોતા પરંતુ આપણી બુદ્ધિની આંખોથી જોઈ શકીએ છીએ.

ડોકટ્રીન્સ ઓફ ગ્રેટ એજ્યુકેટર્સ'માં મોન્ટેસોરીએ પોતાના જ્ઞાનેન્દ્રિયનાં શિક્ષણનાં સાધનોને અવબોધ શિક્ષણનાં સાધનો કહ્યું હોત તો તેમના ઉપર થએલી ઘણી ટીકા ટાળી શકાઇ હોત.

મેડમ મોન્ટેસોરી "Abstractions" શબ્દ "Concept" ને બદલે વાપરે છે. તેમનાં ઇન્દ્રિય શિક્ષણના સાધનો ઉપરની રમતોમાં પદાર્થના સંવેદનીય ગુણધર્મ અંગેના સામાન્ય બોધનો વિકાસ થવાની શકયતા છે. એ Doctrines of Great Educators પુસ્તકના જાણીતા લેખક રોબર્ટ આર. રસ્કે પણ સ્વીકાર્યું છે. તેઓ તો એમ કહે છે કે મેડમ મોન્ટેસોરીએ આ સાધનોને 'અવબોધક સાધનો' એવું નામ આપ્યુ હોત તો મોન્ટેસોરીનાં સાધનો ઉપરની ઘણી ટીકા ઓછી થઈ હોત.

જ્ઞાનેન્દ્રિય શિક્ષણ સાધનો ઉપરની પ્રતિક્રિયાનું સ્વરૂપ

મેડમ મોન્ટેસોરીનાં જ્ઞાનેન્દ્રિય શિક્ષણનાં સાધનમાં દ્રા-પેટી, ભૌમિતિક આકૃતિની ટ્રેઝ, આ સાધનો ઉપર વધારેમાં વધારે સમય બાળકો પોતાની મેળે રમે છે એ અનુભવ બધાને છે. એના પછી મિનારો, પ્હોળી સીડી, રંગતકતીઓ આ સાધનો બાળકો વધારે પસંદ કરે છે. બીજી રીતે સ્વભાવે અસ્થિર, ચંચળ દેખાનાર બાળકો આ સાધનો ઉપર રમીને મગ્ન અને એકાગ્ર થાય છે. એને લીધે આ સાધનોની વિરૂદ્ધ ગમે તે, ગમે તેટલી ટીકા થાય તો પણ તે બાળકોને ગમે છે. આ એક મુદ્દા ઉપર આ સાધનોને બાળમંદિરમાં સ્થાન આપવું પડશે એમ કેટલાંકોને લાગે છે. આ વ્યકિતઓના મત પ્રમાણે મોન્ટે-સોરી સાધનોથી જે કંઈ ફાયદો થાય છે તેને 'ઇન્દ્રિય



નવી ડિઝાઇનોનું સુંદર પુસ્તક



આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદા જુદા ટાંકાઓની આકૃતિઓની માહિતિ સાથે.

કિં. રૂા. ૩–૦–૦ ટપાલ ખર્ચ જૂદું. વ્યાપારિક પૂછપરછ માટે લખોઃ—

☆ એમ. મધુકર એન્ડ બ્રધર્સ ☆

ટ્રામ નાકું, દાદર મુંબઈ—૧૪.

શિક્ષણ ' કહેવું કે ' સામાન્ય બોધ શિક્ષણ ' કહેવું એ મુદ્દો મહત્ત્વનો નથી; પરંતુ આ સાધનોના ઉપયોગથી બાળક સ્થિર થાય છે, તે વ્યવસ્થિત બને છે–એ હકીકત મહત્વની છે. એક વાર તે વ્યવસ્થિત અને સ્થિર થાય એટલે બાળમ દિરમાં આગળનું લેખન વાચન તથા ભાષા, ગણિત આદિ શિક્ષણનુ કાર્ય ખુબ સરળ થઈ જાય છે. તેથી એ સાધનોને જ્યાં જ્યાં આર્થિક પ્રશ્ન આડે આવતો ન હોય ત્યાં તેને આવશ્યક સ્થાન આપવું એવો આ વ્યકિતનો અભિપ્રાય છે.

મેડમ મોન્ટેસોરી આ સાધનોની ઉપયોગિતા અંગે એક ઠેકાણે કહે છે કે. " Three to seven is the time for the formation of the sense activities as related to intellect. The child in this age developes his senses " ત્રણથી સાત–આજ બુદ્ધિની સાથે સંકળાએલ એવો ઇન્દ્રિયોને ઘડાવવાનો કાળ છે. તેમાંજ બાળકની જ્ઞાનેન્દ્રિયનો વિકાસ થાય છે.

બાળકની સંવેદન ક્ષમતા અંગે બાલ માનસશાસ્ત્રીઓએ જે સંશોધન ગયા દશ બાર વર્ષમાં કર્યું છે તેના ઉપરથી બાળકની સંવેદન ક્ષમતા એ જન્મતઃ જ તેના જીવનની જરૂરિયાત કરતા પણ વધારે પ્રમાણમાં વિકસેલી જણાય છે, એમ કહ્યું છે. સંવેદન પાત્રતાનો વિકાસ એ મજ્જા સંસ્થાના આંતરિક વિકાસનો જ એક અંગભૂત ભાગ છે. તેનો વિકાસ બાહ્ય ચેતક અથવા અભ્યાસ ઉપર અથવા કોઈ મજ્જા સંસ્થાની સ્થિતિ ઉપર અને પકવીભવન ઉપર આધાર રાખે છે. તેથી સંવેદન માટે વ્યકિતનું શિક્ષણ કરવાની કલ્પના આજના બાલમનોવિજ્ઞાનને તો માન્ય નથી. તેજપ્રમાણે ત્રણથી સાત એજ બુદ્ધિની સાથે સંબંધિત ઇન્દ્રિયની ક્રિયાનો કાલ છે એ કહેવું પણ આધુનિક માનસશાસ્ત્ર કબુલ કરશે નહિ.

છેવટના દશ વર્ષનો વિચારો

મેડમ મોન્ટેસોરી ૧૯૫૨ માં દેવલોક પામ્યાં. બાલ-શિક્ષણનું પોતાનું જીવન કાર્ય તેઓ છેવટ સુધી કરતા હતા છેવટના દશવર્ષનો ઘણોખરો કાળ બીજા વિશ્વયુદ્ધને લીધે તેમને હિન્દુસ્તાનમાં જ કાઢવો પડયો હતો. અહીં પણ પોતાના કેટલાએ શિક્ષણક્રમ તેમણે ચલાવ્યા. આ શિક્ષણ ક્રમના વ્યાખ્યાનમાં તેઓ એક ઠેકાણે કહે છે કે. " What we call education of senses is in reality a help to the construction of intelligence "– અમે જેને જ્ઞાનેન્દ્રિય શિક્ષણ કહીએ છીએ તે શિક્ષણ ખરી રીતે બૌદ્ધિક રચનાને જ મદદરૂપ છે. વળી બીજે ઠેકાણે તેઓ કહે છે કે, " This possibility (of help) must be an enormous help in the organisation of the intellingence and so we give to the children these objects which might be called Malerialised Abstractions." બુદ્ધિની સંઘટનામાં (organisations) આ સાધનનો ખુબ મોટો ઉપયોગ થવાની શકયતા છે. તેથી આ સાધનો અંગે પચાસ વર્ષ સુધી વિચારમંથન કર્યું છે. આ સાધનોને જ્ઞાનેન્દ્રિય શિક્ષણનાં સાધનો એવુ નામ શરૂઆતમાં આપ્યું હશે તેમ છતાં ' બુદ્ધિને પ્રબોધન કરનારા ' આ સાધનો છે એ મુદ્દો છેવટ સુધી તેમના પ્રવચનોમાં તેમણે પ્રતિપાદન કર્યો છે. અને છેલ્લે છેલ્લે તેના ઉપર જ વિશેષ ભાર મુકયો છે. આ સાધન ઉપરની રમતોમાં બાળકોનો અનુભવ, સ્મરણ, બુદ્ધિ અને અંશતઃ કલ્પના વગેરે ઉચ્ચ માનસિક ક્રિયા–પ્રક્રિયાઓને સારો અવકાશ મળે છે. સામ્ય–વિરોધ શોધન, તુલના, ક્રમ. નિર્ણય કરવો વગેરે ક્રિયાને ચાલના મળતી હોવાથી બાળકને બૌદ્ધિક પ્રબોધન મળે છે એ બાબત આધુનિક માનસશાસ્ત્રોઓએ પણ સ્વીકારવી પડશે. પરંતુ આ સાધનની મદદથી થનાર બૌદ્ધિક.પ્રબોધન સાધનો પુરતું જ મર્યાદિત કરીએ તો તે ખુબજ સંકુચિત સ્વરૂપનું અને પરિણામશુન્ય નીવડશે. એ આ સાધનોનો આગ્રહ રાખનાર વ્યકિતઓએ આ મુદ્દો લક્ષમાં લેવો જોઇએ.

અપર્યાપ્ત સામાન્યબોધ

મેડમ મોન્ટેસોરી આ સાધનોને ' સામાન્ય બોધનુ મૂર્ત સ્વરૂપ' એને કહે તો પણ આ મુદ્દો સર્વસ્વી માન્ય થવા જેવો નથી. સામાન્ય બોધ અનુભવની વ્યાપકતામાંથી નિર્માણ થાય છે. ' ચાક ' અથવા ' ગાય ' જેવા મૂર્ત વસ્તુવ્યાપક શબ્દના સામાન્યબોધમાં પણ ચાકના મૂર્ત ગુણ ધર્મ જે વસ્તુઓમાં હોય એવી વસ્તુ વિવિધ પ્રકારે અનુભવાય છે; તેના ઉપરથી ' ચાક ' શબ્દનો અર્થ–સંકેત મનમાં નિર્માણ થાય છે. સારાંશ મનમાં સામાન્ય-બોધ અથવા અર્થસંકેત નિર્માણ થવા માટે વ્યાપક અનુ-ભવની જરૂર હોય છે. આ અનુભવને લીધે Abstractions અથવા અર્થસંકેત મનમાં સ્વતંત્રરીતે સ્પષ્ટ થતા જાય છે. અર્થ સંકેત બનવા માટે મોન્ટેસોરી સાધનો જીવનના વ્યાપક અનુભવનો એક અંશ છે. તેમાંથી પ્રાપ્ત થતો અર્થસંકેત અંગેનો અનુભવ અત્યંત મર્યાદિત છે. માન, લંબાઈ, ઉંચાઇ, અથવા પહોળાઈના અર્થસંકેતનો વિકાસ લાંબી અને પહોળી સીડીની રમતમાં મળનારા

અનુભવ ઉપર જ કરવા કરતાં પ્રત્યક્ષ જીવનવ્યવહારમાં આવતા પ્રશ્નો અને અનુભવના આધારે કરીએ તો તે વધારે વ્યવહારિક અને સંક્રમણશીલ થાય (Transferable) એમાં શંકા નથી. મેડમ મોન્ટેસોરીના ઇન્દ્રિય શિક્ષણનાં સાધનો ઉપરની કસરતો કરતાં વધુ સંક્રમણશીલ એવા અર્થસંકેતો તેમના જીવનવ્યવહારના સાધનમાં વિકસી શકે છે આ મારો અનુભવ છે. જીવનવ્યવહારમાં મળતાં સ્વાભાવિક હેતુ-પ્રેરણને (Motivation) લીધે અર્થસંકેતનું ગ્રહણ વધુ સારી રીતે થાય છે. મોન્ટેસોરીની કલ્પનાના જીવનવ્યવહારમાં અને શાળાની બહારના વ્યાપક અનુભવમાંથી જ અર્થ સંકેતનો વિકાસ સારી રીતે થઇ શકે છે.

જ્ઞાનેન્દ્રિય શિક્ષણનાં સાધનો બાલમંદિરમાં રાખવા આવશ્યક છે ? ઇન્દ્રિય શિક્ષણ ઉપરના મારા આ લેખનો ઉદ્દેશ ઉપરના પ્રશ્નોનો ઉત્તર મેળવવાનો છે. મને આ વિષયમાની તજ્ઞ વ્યકિતઓની મદદ મળે એ પણ એક બીજો ઉદ્દેશ છે. મારા કથનનો સારાંશ નીચે પ્રમાણે છે.

(૧) 'જ્ઞાનેન્દ્રિય શિક્ષણ' એ શબ્દ યોજના નવા માનસશાસ્ત્રીય સંશોધનના અનુસંધાનમાં અર્થવગરની છે, તેથી આ શબ્દયોજના બાલશિક્ષણના શિક્ષણક્રમમાંથી અને બાલ અધ્યાપન શિક્ષણક્રમમાંથી કાઢી નાંખવી જોઇએ.

(૨) બાળકની બૌદ્ધિક સંઘટનામાં (Organisation) બાળકના વિકાસની વિશિષ્ટ અવસ્થામાં કંઇક મર્યાદિત કાળમાં પ્રબોધક સાધનોનો નિસંશય ઉપયોગ થાય છે. પરંતુ સંવેદન વિષયક સામાન્ય બોધનો વિકાસ જીવનના વ્યાપક વ્યવહારમાંથી જ સારી રીતે થઈ શકે છે. તેથી તેનો વિચાર પણ બાલમંદિરમાં સાથોસાથ થવો જોઇએ.

(૩) આ સાધનનો ઉપયોગ નિશ્ચિત રીતે શું છે એ સમજી લઇને તે સફળ કરવાની દૃષ્ટિથી તેનો ઉપયોગ પદ્ધતિસર થવો જોઇએ.

(૪) બાલમંદિરની યોજનામાં આ સાધનો અનિવાર્ય છે, એવું મને લાગતુ નથી. જ્યાં શકય હોય ત્યાં તે મેળવવા. શકય ન હોય ત્યાં આ સાધન ઉપરની બૌદ્ધિક પ્રક્રિયાને પ્રેરક એવો તેમનો ઉપયોગ કરીને શિક્ષકે પોતપોતાની પરિસ્થિતિમાં સહેલાઇથી પ્રાપ્ત કરી શકાય એવા સાધનો યોજવા જોઇએ.

—શે. ના. નામલે



પૂર્વપ્રાથમિક ભાષા–શિક્ષણ

લેખાંક ૩ : ઉચ્ચાર અને વાણીની શુદ્ધતા:–

માનસશાસ્ત્રની દૃષ્ટીએ જોતાં, કોઇપણ પ્રકારનાં વૈચારિક વિનીમયને ભાષિક વર્તન કહેવામાં આવે તો પણ શિક્ષણની દૃષ્ટિએ ભાષણ અને લેખનદ્વારાં થતાં વૈચારિક વિનીમયના શિક્ષણને આપણે ભાષાશિક્ષણ કહીએ છીએ. ચિત્ર, સંગીત, નૃત્ય, નાટક અથવા શિલ્પ વિગેરે કળાનો આંતર્ભાવ આપણે ભાષા શિક્ષણમાં કરતાં નથી.

આપણે ત્યાં પૂર્વપ્રાથમિક શિક્ષણમાં આવતાં બાળકો સામાન્ય રીતે ૨½ થી ૩ વર્ષનાં હોય છે. શરૂઆતનાં આ વયમાં સમધારણ બાળકને, પાસે પાસેના એક જ વર્ણના ઉચ્ચાર શુધ્ધપણે કરતાં આવડતુ નથી. પણ બધાં બાળકોની બાબતમાં આ ખરૂં નથી. અનેક પ્રકારનાં ઉચ્ચારદોષ અને વાણીદોષ આ ઉમ્મરનાં બાળકમાં જોવામાં આવે છે. ભાષાનાં વિવિધ સ્વરૂપોમાંથી લેખન–વાંચનના વિકાસની મુખ્ય જવાબદારી જેટલી પ્રાથમિક શિક્ષણ પર છે તેવી જ રીતે વાણીના વિકાસની જવાબદારી મુખ્યત્વે પૂર્વપ્રાથમિક સંસ્થા પર છે એમ મને લાગે છે. જો કે પૂર્વપ્રાથમિક શિક્ષણમાં લેખન–વાચનના વિકાસનો કાર્યક્રમ હોવો જોઇએ, અથવા પ્રાથમિક શિક્ષણમાં ભાષણ વિકાસને કેટલું સ્થાન હોવુ જોઇએ વિગેરે પ્રશ્નોની ચર્ચા આપણે યોગ્ય સ્થળે કરીશું. અહીંઆ પૂર્વપ્રાથમિક ભાષાશિક્ષણનું સ્થૂળ સ્વરૂપ લક્ષ્યમાં લેવાનો પ્રયત્ન કરીએ. ભાષાનું સ્વરૂપ ગમે તે પ્રકારનુ હોય, પરન્તુ ભાષાવિકાસમાં–વ્યકતીના વૈચારિક વિકાસના મુદ્દાને કેન્દ્ર સ્થાન મળવું જોઇએ. વૈચારિક વિકાસ મુખ્યત્વે અનુભવમાંથી જ થાય છે. માટે આ સમય દરમ્યાન ભાષા-શિક્ષણમાં બને તેટલો બાળકોનો અનુભવ વિવિધ, વ્યાપક અને રસપ્રદ બનાવવો એજ ભાષાશિક્ષણ છે. બાલમંદીરમાં આ કાર્ય કેવી રીતે કરી શકાશે તેનો વિચાર આ લેખમાળામાં કરવાનો છે. ભાષાનો વિચારદોષ સમય જતાં અનુભવ દ્વારા દૂર થવાની શકયતા છે. પરંતુ ઉચ્ચાર અને વાણીવિષયક દોષ જો આ વયમાં ઘર કરી જાય તો બાળકના વ્યક્તિત્વ ઉપર અને વ્યવહાર ઉપર કાયમનું અનિષ્ટ પરિણામ રહી જવાની શકયતા છે.

ઉચ્ચાર અને વાણી શુદ્ધતાનું મહત્વ

જો બાળકના ઉચ્ચાર સ્પષ્ટ હોય, અને વાણીનો પ્રવાહ સમતોલ હોય, તેવાં બાળકની ભાષા. બીજાને જલ્દીથી સમજાય છે. વાણીમાં રહેલી ભાવના પ્રમાણે અવાજમાં ચઢ-ઉતર થતી હોય અને સાથે સાથે યોગ્ય આવિર્ભાવ થતો હોય તેવી ભાષા જલ્દીથી સમજાય છે, એટલું જ નહિ પણ તે ખુબજ આકર્ષક લાગે છે. આવી ભાષામાં જો વિચાર શુધ્ધતા અને અનુભવોની વ્યાપકતાનો મેળ હોય તો તેવી વ્યક્તિ પોતાનો પ્રભાવ સમાજ ઉપર પાડી શકે છે. અને આવી વ્યકિતનું લેખન પણ આપોઆપ આકર્ષક બને છે. પણ શરૂઆતમાં જ બાળકની ભાષામાં ઉચ્ચાર અને વાણીદોષ રહી જાય તો તેનું અનિષ્ટ પરિણામ ભાષા-વિકાસ ઉપર થયા વિના રહેતું નથી. સાધારણ રીતે ઉચ્ચાર અને વાણીશુદ્ધતાનો સબંધ બાળકના ઉચ્ચાર વિષયક અવયવોના શારીરિક વિકાસ ઉપર અવલંબે છે. તેમજ યોગ્ય સમયે ભાષામય વાતાવરણ અને માર્ગદર્શન ન મળવાથી પણ ઘણાં બાળકોમાં ઉચ્ચાર અને વાણીદોષ નિર્માણ થાય છે. બોબડાપણુ, તોતડાપણું, ઉતાવળે બોલવું વગેરે દોષોને કારણે બાળકની ભાષા, તેના કુટુંબની બહારના વર્તુળની વ્યકિતઓને સમજાતી નથી. તેથી આવા બાળકોનો વિચારવિનિમય તેના વર્તુળની બહારના લોકો સાથે થતો નથી. તેથી આ બાળકોનો શબ્દકોષ અને અનુભવ મર્યાદિત બને છે. આ દોષને કારણે તેની તરફ લોકોનુ લક્ષ્ય કારણ વિના પણ ખેચાય છે. બીજા બાળકો તેની મશ્કરી કરે છે અને તેને ચિડવે છે. આને કારણે બીજાં બાળકોમાં તેમને સ્થાન મળતુ નથી. તેથી સંકોચવૃત્તી વધે છે. કેટલાંક બાળકોમાં કાયમનો હીનગંડ ઉત્પન્ન થઈ જાય છે. તેમજ બીજા સાથે સંપર્ક સાધવામાં અને પોતાનુ કાર્ય પાર પાડવામાં તેમને નિષ્ફળતા મળે છે. આ માનસિક વિફલતા (Frustration) બાળકોને સાલે છે. શરૂઆતની આ ભાષિક પ્રગતિ તરફ કુટુંબ અને પૂર્વપ્રાથમિક સંસ્થા જાગ્રત રહે તો બાળકને તેનું પરિણામ સહનકરવાની શકયતા રહે છે.

ઉચ્ચાર અને વાણીદોષનાં કારણો:–ભાષાનાં કેટલાક દોષ પરંપરિત હોય છે. કેટલાક દોષ શારિરીક ખામીને કારણે ઉદ્ભવે છે. ઉદાહરણાર્થ મોઢાંના નીચેના ભાગને જીભ વધારે ચોટેલી હોય તે બાળકોને કેટલાક ઉચ્ચાર કરવા અશકય બને છે તે જ પ્રમાણે દાંત, હોઠ, અથવા જડબાનો વિકાસ વાંકોચુંકો થયો હોય તો પણ ઉચ્ચાર દોષ ઉત્પન્ન થાય છે. પરંતુ આ બધા કરતાં વધુ ઉચ્ચાર અને વાણીદોષ,

વાતાવરણના અયોગ્ય ભાષિક સંસ્કારમાંથી ઉત્પન્ન થાય છે. તે નીચે પ્રમાણે છે.

૧—કુટુંબ અને પૂર્વપ્રાથમિક સંસ્થાની મોટી વ્યકિતઓના ઉચ્ચાર-દોષ અને ભાષિક-દોષ:—મોટી વ્યકિતના ઉચ્ચારની અસ્પષ્ટતા, અનુકરણ બાળકો કરતાં હોય છે.

(૨) કૌતુકથી બોબડાપણાને ઉત્તેજન આપવું—મોટા લોકો બાળકનું અનુકરણ કરીને તેની સાથે તેઓની ભાષામાં જ બોલવાનો પ્રયત્ન કરે છે.

(૩) શ્રવણેન્દ્રીયના દોષને કારણે અથવા હોઠ અને જીભને લગત. દોષ:—સ્નાયુનો પુરતો ઉપયોગ ન થવાથી એક પ્રકારનું મંદપણું આવે છે. કેટલીક વખત અતિશય ધમાલ અને ગભરાટને (nervousness) કારણે પણ ઉચ્ચારનો અથવા ભાષાનો દોષ ઉત્પન્ન થાય છે.

ઉપરનાં કારણોને લીધે બાળકની ભાષા ઉપર પરિણામ કરનારા ઘટકો બે પ્રકારના જોવા મળે છે. (૧) ભૂલના (૨) સ્વાભાવિક દોષના સ્વરૂપના.

પહેલા સ્વરૂપમાં ઉચ્ચાર અથવા વાણીદોષ અયોગ્ય શૈક્ષણિક સંસ્કારમાંથી ઉત્પન્ન થએલા હોય છે. બીજા પ્રકારના દોષમાં ભાવનાવશતા (Emotionality) અથવા માંખિક વિકૃતીને કારણે ઉત્પન્ન થએલા દોષનો સમાવેશ કરી શકાય. પહેલા પ્રકારનો દોષ બાળક બાલમંદીરમાં જાય એટલે દુર થવા માંડે છે. સામાન્ય રીતે બે થી પાંચ વર્ષ સુધી બાળકની ભાષામાં વિશિષ્ટ પ્રકારનું બોબડાપણું આવેલું હોય છે. તે ઘણું ખરું કૌતુક કરનારા મોટા માણસોના અનુકરણમાંથી અથવા ઉચ્ચારમાં જે સહેલું પડે તેવા ઉચ્ચાર કરવાની વૃત્તીને કારણે હોય છે. ઉદાહરણાર્થ 'બિસ્કીટ' ને બદલે 'બિકિટ' બોલવું, 'ટ્રેન' ને બદલે 'ટેન' બોલવું, વિગેરે. આમાં પહેલા જે વ્યંજનોનો લોપ કરે છે, તે વ્યંજનો ન વાપરવાનું બાળકમાં વલણ બંધાઇ જાય છે.

સ્વાભાવિક દોષ દૂર કરવા ઘણું કઠિણ છે. તેની પાછળ ગંભીર સ્વરૂપનાં કારણો હોઈ શકે છે. તેને કારણે બાળકને સામાજીક સંયોજનમાં પણ મુશ્કેલી આવે છે. આમાં નીચે પ્રમાણે પ્રકારો જોવા મળે છે. (૧) એક વ્યંજનના ઉચ્ચારની જગ્યાએ બીજા જ વ્યંજનનો ઉપયોગ કરવો. (૨) અસ્પષ્ટ ઉચ્ચાર. (૩) તોતડાપણું. પહેલા પ્રકારમાં કેટલાંક બાળકો 'ર'ને બદલે 'ય' અથવા 'લ' નો ઉપયોગ કરે છે. 'ચપરાશી' ને બદલે 'ચપયાશી' અથવા 'ચપલાશી' બોલે છે. બીજા કેટલાંક બાળકો 'સ' ને બદલે 'ધ' અથવા 'શ' વાપરે છે. બાલમંદીરનાં બાળકોમાં આ પ્રકારનું બોબડાપણું પુષ્કળ પ્રમાણમાં જોવાં મળે છે. બીજા બાળકોના ચીડવવાના કારણે ઘણાં બાળકોમાં શુદ્ધતા આવવા માંડે છે. પરંતુ જે ઉચ્ચારની પાછળ હોઠ, દાંત, જીભ અથવા જડબા વિગેરેની શારિરીક વિકૃતિ હોય છે તે માટે વૈદ્યકીય મદદ લઇને કંઈક અંશે સુધારણા કરી શકાય છે. બાકીના દોષ પૂર્વ પ્રાથમિક સંસ્થા, કુટુંબના સહકાર દ્વારા સુધારી શકે છે.

અસ્પષ્ટ ઉચ્ચારણ:—આ ઘણું ખરૂ જીભ, જડબા અથવા હોઠના સ્નાયુના મંદપણાને કારણે ઉદ્‌ભવે છે. જીભનો અધુરો વિકાસ અથવા ધ્વનિનિર્મિતિ કરનારા અવયવોના અધુરા વિકાસને કારણે અસ્પષ્ટ ઉચ્ચારણ થાય છે. રિકેટસ હોય તેવાં બાળકોમાં આ પ્રકાર વધારે જોવા મળે છે. ધાંધલ, ભાવનાવશતા વિગેરેને કારણે



ઉચ્ચારમાં અસ્પષ્ટતા આવેલી દેખાય છે. યોગ્ય સ્નાયુને વ્યાયામ આપીને, ઘણા ખરા દોષ દૂર કરી શકાય.


તોતડાપણું:— આમાં એક અક્ષર ઉપર અડકવું, અથવા તો તેને તે અક્ષર ફરી ફરીને બોલવો–તેનો સમાવેશ થાય છે. ગળાના સ્નાયુ ઝટકા આવ્યા પ્રમાણે ક્રિયાશીલ બને છે. ઉચ્ચારણમાં પરિશ્રમ પડે છે. સ્નાયુપર એક પ્રકારની તાણ આવે છે. તે ઓછી થતાં તરતજ શબ્દ બ્હાર આવે છે. શ્રુત વાંચનમાં આવાં બાળકો વચ્ચે વચ્ચે અટકે છે, પરંતુ ફોન ઉપર અથવા જ્યાં બીજુ કોઇ તેને જોતુ નથી ત્યાં તે વગર અટકે બોલી શકે છે. ગાવામાં પણ તે અટકતું નથી,

તોતડાપણાનુ મુખ્ય કારણ વિચાર અને વાણીપ્રવાહના વેગમાં ભિન્નતા હોવાનું છે. સામાન્ય રીતે અઢીથી ત્રણ વર્ષની વયમાં આ દોષ વધારે જોવા મળે છે. બાળકનો આ સમયનો શબ્દકોશ મર્યાદિત હોય છે. જુદી જુદી રીતે શબ્દો જોડીને તેનાં વાક્યો બનાવવાની શરૂઆત થઇ હોય છે. તે બોલી શકે તેનાં કરતાં કેટલીયે વધારે ઝડપથી તેને પ્રકટ કરવાની ઇચ્છા હોય છે. અને તેને કારણે તેના મજ્જાતંતુ ઉપર એક પ્રકારની તાણ રહે છે. તેને કારણે ફરીથી તે અંગુઠો ચુસવા લાગે છે. કેટલાંક બાળકો કપડાં ચાવવા માંડે છે. અને તેનાં વ્યાપારનો ભાર તેના ચહેરા ઉપર દેખાય છે. એકબાજુ વિચાર કલ્પના દોડતી હોય છે પરતુ તેના વેગ પ્રમાણે બોલતાં આવડતું નથી– આ અનુભવ દરેક બાળકને પણ થાય છે. આમાંથીજ દરેક બાળકને પોતાની ભાષાની પ્રગતી કરી લેવી પડે છે. પરતુ તે કરતી વખતે કેટલાંક બાળકો તોતડાય છે આ કેટલાંક બાળકો શા માટે તોતડાય છે તે એક સંશોધનનો વિષય છે.

તોતડાપણાનાં કારણો:—કેટલાંકના મત મુજબ તોતડાપણું અનુવંશિક છે. તો કેટલાંક તેની સાથે ડાબાં જમણા હાથના અસ્વાભાવિક ઉપયોગનો સંબંધ જોડે છે. કેટલાંક એમ પણ માને છે, કે આ એક સંપાદિત પ્રક્રિયા છે. તોતડાતાં બાળકનાં ઘરનાં વાતાવરણમાં આદર્શો ઉપર અસ્વાભાવિક ભાર દેવાતો હોય, જેમ કે વધારે પડતી કાળજી લેવાતી હોય અથવા ઘર કડક શિસ્તાગ્રહી હોય, અથવા તો તેમાં હુકમશાહી વલણ હોય છે. કેટલીક વખત એકી વખતે બે ભાષા શીખતાં બાળકમાં આ દોષ દેખાય છે. કસમયે જન્મેલાં બાળકો અથવા જન્મની વખતે ત્રાસ ભોગવનારાં બાળકોની તે બાબત વધારે કાળજી લેવાતી હોવાને કારણે તેઓમાં આ દોષ જોવા મળે છે. જે બાળકોને ઘરમાં પ્રેમ, વિશ્વાસ, અને રક્ષણાત્મક વાતાવરણ મળે તેઓમાં પણ આ પ્રકારનો દોષ જોવા મળે છે. આવી પરિસ્થિતીમાં શિક્ષકે શું કરવું જોઇએ તે સ્પષ્ટ છે. બાળકના પ્રશ્નોની કલ્પના વાલીઓને આપીને તેઓનો સહકાર શિક્ષકે મેળવવો જોઇએ.


ઉતાવળે બોલવું:—બોલવામાં ઉતાવળ, ગોટાળા અને અસ્પષ્ટપણું પણ જોવા મળે છે. જે બાળકોની ચલનક્રિયા મંદ હોય છે એને તે કારણે જે બાળકો ભાષામાં પાછા રહી જાય છે, તેઓમાં આ પ્રકાર જોવા મળે છે. આ રીતે બોલતાં બાળકોની યોગ્ય કાળજી લેવાની સૂચના કરવાથી તેઓ પોતાની ભાષા સુધારી શકે છે. તોતડાપણાનું તેનાથી જુદું હોય છે. તેઓ કાળજી લેવા માંડે તો વધારે અટકે છે. તેથી આ પ્રકારનો દોષ ઓળખીને શિક્ષકોએ સુધારણા કરવા જોઇએ. ઉચ્ચાર અને વાણીના આ દોષ દૂર કરવાની દૃષ્ટીથી કેટલીક રમતો આ પછીના લેખમાં આવશે.

—શે. ના. નાઝલે.



ભલામાં ભવિષ્ય...

૨૮ વર્ષ પહેલાં પ્રભાતે ગેસ મેન્ટલો બનાવવા માંડયાં અને ત્યારથીજ તેની કારકિર્દીનો પ્રારંભ થયો. ટૂંક સમયમાંજ તેણે ઓઇલ પ્રેશર લેમ્પ્સ અને સ્ટવ્ઝ બનાવવામાં અગ્રસ્થાન મેળવ્યું. દુનિયાનો કોઇ પણ દેશ પોતાની જે શ્રેષ્ઠ વસ્તુઓ માટે મગરૂબી લઇ શકે એ વસ્તુઓની હરોળમાં પ્રભાતની બનાવટો આજે ઉભી રહે છે.




પ્રભાત


સ્ટવ્ઝ ○ ઇટો લેમ્પ્સ્
○ લેન્ટર્ન્સ ○ મેન્ટલ્સ્

ઘરનાં ભવિષ્ય!

પ્રભાત (સ્ટવ એન્ડ લેમ્પ) મોડકટ્સ કંપની પ્રાયવેટ લિ.
નોબલ ચેમ્બર્સ, પારસીબઝાર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ-૧



તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે. બાળકોની તંદુરસ્તી માટે, તેમને હમેશા સંતોષ કુકરમાં બનાવેલ પૌષ્ટીક રસોઈ બનાવો



મુસાફરીનો મિત્ર

સંતોષ કુકર બળતણ, વખત, પૈસાને મહેનત બચાવે છે. સંતોષ કુકર કું.
૧૧૯ ન્યુ ચની રોડ, મુંબઈ-૪

રીંડ્રે

ઓરિજિનલ

બ્રાન્ડી બેટ




દત્તાત્રેય કૃષ્ણ સાંડૂ પ્રા.લિ. ચેંબૂર પ્રાયવેટ લિ.

ફેક્ટરી અને હેડ ઑફીસ ચેંબૂર - મુંબઇ ૩૮

—: સ્થાનિક શાખાઓ :—

ઝાકુરદ્વાર, કાલબાદેવી, ખરેલ અને દાદર.



બીમંદી

બાળક ક..

બાળકોને દંત
ચોવટી વખતે
થતી પેટપીડા
અપચો, ઝાડા વગેરે
પર અકસીર, ઉત્તમ
ફુદીનો અર્ક બાળકો
બાળકને આનંદી રાખશે!



ગ્રાઈપોઝોન


ધી ગ્રોન કેમીકલ કું.- મુંબઇ.૪.

Smart

STURDY

SMOOTH

WRITING



GUARANTEED
LEAK PROOF
FITTED WITH
TIPPED NIBS

MANUFACTURED BY :-
RITESHARP PEN MFG CO
CHORUFEEV BOMBAY 8

DISTRIBUTORS :-
RAJENDRA KUMAR & CO
ABDULREHMAN STREET BOMBAY 1

WANTED STOCKISTS

For Greatness & Grandeur

USE

ASHOK

UNIQUE RAYON FABRICS



Velvet

Silk Mills

TEL. 38670 SELLING AGENT GRAM: VICICO

V. CHATRABHUJ & CO. PRIVATE LTD. KRISHNA CHOWK MUMBAI ST. BOMBAY 2.

RAJA


(REGD.)

'505'

રાજા

રજીસ્ટર્ડ '૫૦૫'

સર્વોત્તમ સેવા માટે—



સુધ્ધ ૪

બનાવટ

HA-RA2

પેનની હરિફાઇમાં ઉતરે તેવી છેલ્લામાં છેલ્લી ઢબની બનાવટ 'રાજા' પેન આ રહી.....તે ચાલવામાં મજબુત છે, છતાં ખરીદવી સહેલી છે તેતમો અનુભવશો.


ઉત્પાદકો:—

પ્રકાશ મેટલ વર્કસ, મુંબઇ ૪.

સોલ ડીસ્ટ્રીબ્યુટરો :

પી. રમણલાલની કું.

૧૧૬/૧૮ નારાયણ ધુ સ્ટ્રીટ મુ ૩




મુદ્રક અને પ્રકાશક:—શ્રી. શેષ નામલે, 'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય, ૧૧૮, હિન્દુ કોલની, દાદર—મુંબઇ ૧૪.

મુદ્રણસ્થાન:—રામકૃષ્ણ પ્રિંટીંગ પ્રેસ, રુકિમણી-નિવાસ, મોરબાગ રોડ, દાદર, મુંબઇ ૧૪.



મફતલાલ જૂથ મિલ્સ



રાષ્ટ્ર માટે કાપડ

મફતલાલના અન્ય ઉદ્યોગો
રૂ, ખાંડ, રંગો વિગેરે

મફતલાલ હાઉસ, બેક બે રેકલેમેશન, મુંબઇ ૧


SISTA'S-AML-33 GUJ

"તું પણ તારાં કપડાં માટે ટીનોપાલ વાપરતી લાગે છે"



ટીનોપાલ સફેદ કપડામા અસાધારણ સફેદાઈ લાવે છે એ તદ્દન સાચું છે. સહેજ ટીનોપાલ વાપરવાથી સફેદ કપડામાં અનેરી સફેદાઈ આવે છે. એક વખત ટીનોપાલમાં બોળેલાં કપડાં ત્રણથી ચાર ધો સુધી ચાલે છે.

ટીનોપાલમાં બોળેલાં સફેદ કપડાં એટલે સૌથી વધુ સફેદ કપડાં



ટીનોપાલ

ટીનોપાલ એ આર ગાઇગી એસ. એ. બાસલ, સ્વિટઝર્લેંડનો રજિ. ટ્રેડમાર્ક છે

સુહૃદ ગાઇગી ટ્રેડીંગ પ્રાઇવેટ લિમિટેડ
પી. બો. બોક્સ નં. ૯૬૫૫. મુંબઇ

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ હરપ્રસાદ ભટ્ટ જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન આળવી રમેશભાઈ કોઠારી કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

પ્રૌઢ વિભાગ

સંપાદકીય	શ્રી શે. ના. નામલે	૩
સાક્ષર માતાઓનુ માતૃત્વ	સૌ. શાલિનીબાઇ જોગળેકર	૪
આદિવાસી મા	શ્રી અનુતાઇ વાઘ	૭
ત્રીશ અને પિસ્તાળીશ વર્ષે વચ્ચેનાં મા-બાપો માર્ગો મેસન લારે (ઉ. વ ૧૧)		૮
બીજો રિપુ : ક્રોધ	શ્રી શાંતાબાઇ કિર્લોસકર	૧૩
ધન્ય માતૃત્વ !	શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાય	૧૬
ગિજુભાઈ જયંતી બાલશિક્ષણ સંમેલન ...		૧૮
સોમાં એક	શ્રી તારાબાઈ પરાજપે	૨૧
નૂતન બાલ શિક્ષણ સંઘની શાળાઓ ગામોગામ સ્થાપો ...		૨૫
બાલ શિક્ષણ અને સંઘ સમાચાર ...		૨૮

બાલ-વિભાગ

દિવાળીની અભિલાષા	અનુતાઈ વાઘ	૨
મને ગમતું ગુલાબનું ફુલ	કરસનદાસ માણેક	૭
નટવર નાનડિયા	સોમાભાઇ ભાવસાર	૮
મલ્હારિયો મેઘ આયો રે	પ્રભાવતી પજવાણી	૧૦
'થા કયાં ના'	વ. દેસાઇ	૧૧
પૂનમ ચંદ્રો	ઓજસ	૧૨
નાવલડી	મયાશંકર અ. દવે	૧૩
ચાંદા મામા આવ !	ખંડુભાઇ પટેલ	૧૪
મટકાંવાળી	વ. દેસાઈ	૧૫
મસ્ત મેહુલિયા નાચ !	પ્રભુભાઇ ઉપાધ્યાય	૧૬

વાર્ષિક લવાજમ કાર્યાલય

રૂા. ૪-૦-૦ ૧૧૮ હિન્દુ કોલની દાદર, મુંબઇ ૧૪ છૂટક નકલ -૫૦ નયા પૈસા

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે-"શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનુ મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે-"શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા; વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતુ એક માત્ર માસિક છે.

કે-"શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે-"શિક્ષણ પત્રિકા"ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે-"શિક્ષણ પત્રિકા" માં બાળ-શિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫ મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે-"શિક્ષણ પત્રિકા"માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતાં લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહી.

કે-"શિક્ષણ પત્રિકા" ગુજરાતી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, અને ૩૦ મીએ પ્રગટ થાય છે.

કે-"શિક્ષણ પત્રિકા"ના દરેક ગ્રાહકોનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે-"શિક્ષણ પત્રિકા" (ગુજરાતી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઈ, મધ્યપ્રદેશ, ઉત્તર-પ્રદેશ, અને રાજસ્થાન સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી
નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણપત્રિકા

વર્ષ : ૩૨ : અંક ૭] મુંબઈ [ઓક્ટોબર—૧૯૫૭

સંપાદકીય

આ દીપાવલિ પછી શરૂ થતું નૂતન વર્ષ 'શિક્ષણપત્રિકા'ના સર્વ નાનામોટા વાચકોને અત્યંત સુખદાયી બનો. દીપાવલિના શુભ અવસરે દીપાવલિ નિમિત્તે યોજવામાં આવેલ આ 'વાલી-બાલક વિશેષાંક' વાચકોના હાથમાં મૂકતાં અમે વિશેષ આનંદ અનુભવીએ છીએ. સદ્ય પરિસ્થિતિમાં 'શિક્ષણપત્રિકા' જેવા વિશિષ્ટ ક્ષેત્રની સેવા કરનાર માસિકની સ્થિતિ ઘણી જ મુશ્કેલીભરી થઇ છે. છેલ્લા દશ વર્ષમાં 'શિક્ષણપત્રિકા'એ પોતાના લવાજમમાં કોઇ પણ પ્રકારનો વધારો કરવાનું વિચાર્યું નથી. આ દશ વર્ષમાં કાગળના ભાવો, છપામણીના ભાવો અને કાર્યાલયનું ખરચ વધતી જતી મોંઘવારી સાથે એક સરખું વધતું જ રહ્યું છે. જેથી પત્રિકાના કુલ ખરચમાં સેંકડે પચોતેર ટકા જેટલો વધારો થયો છે. આવી સ્થિતિમાં પણ પત્રિકાએ પોતાનાં લખાણમાં અને વાચન માટેની પૃષ્ઠસંખ્યામાં વખતોવખત વધારો જ કર્યો છે. સ્વાતંત્ર્ય દિન, દીપાવલિ અને પ્રજાસત્તાક દિન નિમિત્તે ઉપયુક્ત કોઇ વિષયના અનુસંધાનમાં વિશેષાંકો પ્રકટ કરવાની પ્રથા ગયા કેટલાંક વર્ષોમાં પડી છે. વાચકોની આ પ્રકારની સેવાને લીધે પત્રિકાની ગ્રાહકસંખ્યા પણ પ્રમાણમાં કંઇક વધી છે. પરંતુ ગ્રાહકસંખ્યાનો આ વધારો અત્યંત જૂજ છે. પત્રિકા વધુ ને વધુ સારી રીતે સેવા કરવા માટે શક્તિશાલી બને તે માટે ગ્રાહકોની સંખ્યા ખૂબ ઝડપથી વધવાની જરૂર અનિવાર્ય છે. આ કાર્યમાં અમારા વાચકો ધારે તો અમને મદદ કરી શકે એવી સ્થિતિ છે. દરેક ગ્રાહક બે જ નવા ગ્રાહક મેળવી આપે તો અમારું કાર્ય તેમના પ્રયાસથી ખૂબ જ સરળ થઇ શકશે.

પત્રિકાનો આ અંક વધુ દળદાર બનાવી શકાત તો અમને એથી વધુ આનંદ થાત, પરંતુ ઉપર જણાવેલી સ્થિતિને લઇને ઘણી કલ્પનાઓ મનમાં છતાં અમુક પ્રકારની મર્યાદા અમારે સ્વીકારવી પડી છે. આ અંકને અમે વાલી-બાલક અંક કહ્યો છે તેનું કારણ વાચકોના સહેજ ધ્યાનમાં આવે એવું છે. છેલ્લા કેટલાક અંકોમાં શિક્ષકોપયોગી ઘણું સાહિત્ય અને તંત્રીલેખો આવી ગયા છે. આ અંકમાં એવું સાહિત્ય બાદ રાખીને વાચકોને-ખાસ કરીને માતા-પિતાઓને-ઉપયોગી બને એ પ્રકારની સાહિત્યસામગ્રી એકત્રિત કરી છે અને તે સુબોધ ભાષામાં રજૂ કરી છે. આ સામગ્રી ઉપલબ્ધ કરી આપવામાં જે લેખક મિત્રોએ અમને સહાયતા કરી છે તે માટે પત્રિકા તેમની ઋણી રહેશે.

પત્રિકાના પ્રૌઢ વિભાગની સાથોસાથ હંમેશની જેમ આ અંકમાં બાલવિભાગનો પણ અમે સમાવેશ કર્યો છે. આ વિભાગમાં આ વખતે કેવળ બાળગીતો અમે પ્રકટ કરીએ છીએ. આ ગીતો બાળકો સુધી પહોંચાડવાનું કામ બાળશિક્ષકો તથા વાલીઓએ કરવાનું રહેશે. ગીતો કેવળ વાંચવા માટે હોતાં નથી. તેનો સાચો આસ્વાદ તો તે જે તે રાગમાં સાંભળવામાં છે. તેથી બાલશિક્ષકો અને વાલીઓને અમારી વિનતિ છે કે આ ગીતોના રાગ બેસાડીને ને જરૂર ત્યાં અભિનય યોજીને બાળકો આગળ પ્રસ્તુત કરે. દીપાવલિના આનંદમાં આ ગીતોથી વધારો જ થશે એવી અમને બાતરી છે. આ ગીતો બાળકોને ગમશે તો અમે કરેલા પ્રયાસની અમે સફળતા અનુભવીશું.

આ જ અંકમાં નૂતન બાળશિક્ષણ સંઘના ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. સાથોસાથ સંઘનાં એક સંસ્થાપિકા શ્રીમતી તારાબેન મોડકે જિલ્લામાં જે વિકાસવાડીનો પ્રયોગ આદિવાસી જનતાનાં બાળકો માટે ચલાવ્યો છે તેની જરૂરિયાતો ધ્યાનમાં લેવા માટે અમારો બાસ આગ્રહ છે.

'શિક્ષણપત્રિકા' બાલસેવાની સંઘટનાનું મુખપત્ર છે. આ સંઘટનાના પ્રચારથી જ બાલસેવાનું ક્ષેત્ર વધુ ને વધુ વ્યાપક બનતું રહેશે. આ વિકસતા ક્ષેત્રને સતત સ્ફૂર્તિ અને પ્રેરણા ગ્રામ-બાલશિક્ષા કેન્દ્રના પ્રયોગોમાંથી મળતી રહે છે. 'શિક્ષણપત્રિકા'ના સર્વ ગ્રાહકો આ બાલસેવાની સંઘટનાના પ્રચારકો બને તો નૂતન બાલશિક્ષણ સંઘ પ્રભાવી બની શકશે અને તો તેનાથી વધુ સારી સેવા થઈ શકશે.

દિવાળીના આ શુભ અવસરે આપણે બાલસેવાના સારા સંકલ્પો કરીએ. સમાજને સુખી બનાવનાર રચનાત્મક કાર્યમાં ભાગ લઈએ. સમાજના સુખમાં જ આપણું સુખ છે એમ માનીએ. બધા સુખી હોય તો જ આપણે સુખી થઈ શકશું એ હવે સમજવું જ પડશે.

આ દીપાવલિની રજાઓ આપ 'શિક્ષણપત્રિકા'ના પ્રચાર માટે નહિ આપી શકો?

પત્રિકાના સર્વ વાચકોને આ વર્ષની અમારી શુભ કામનાઓ પાઠવીએ છીએ.

સાક્ષર માતાઓનું માતૃત્વ

એક જમાનો એવો હતો કે કુમળી વયે મન પૂર્ણ રીતે ઘડાય તે પહેલાં જ માતૃત્વની જવાબદારી સ્ત્રીઓને ઉપાડવી પડતી હતી. સાક્ષર વર્ગમાં અને શહેરી વાતાવરણમાં ઉછે-રાતી કન્યાઓનો જ વિચાર કરીએ તો હવે આગળનો જમાનો ઝડપથી બદલાઈ રહ્યો છે એ પ્રથમ ધ્યાનમાં લેવું જોઈએ. પહેલાંની પરિસ્થિતિ જેમ બદલાઇ છે તેમ પરંપરાગત ચાલતા આવેલા બાલઉછેર સંબંધી આચાર-વિચારોમાં પણ ફેરફાર થતો દેખાય છે. એક રીતે કહીએ તો સંક્રમણાવસ્થાનો આ નાજુક કાળ છે, એનો સમગ્ર રીતે વિચાર થવો જોઈએ.

કેળવણીનો પ્રચાર વધ્યો છે; સ્ત્રી કેળવણી પરના બંધનો દૂર થયાં છે, સમાજનો દૃષ્ટિકોણ બદલાયો છે, કાયદા વડે કેળવણી ફરજિયાત થઈ છે અને સમાજની નવી પરિ-સ્થિતિમાં લગ્નની વયમર્યાદા વધી છે. આ બધાં કારણોને લીધે સ્ત્રીનાં પંદરથી વીસ વર્ષ કેળવણીમાં જાય છે. લગ્ન થાય ત્યાં સુધી કેળવણી ચાલુ રહે છે અથવા કેળવણી અટકી જાય તો પણ વય વધતી જાય છે. એ રીતે શરૂ-આતનાં વીસ વર્ષમાં સ્ત્રીના મનની રચના થાય છે અને પછી જ માતૃત્વની જવાબદારી સામાન્ય રીતે તેના માથે આવે છે.

શિક્ષણ ચાલુ હોય છે ત્યારે બાળક અંગેની ખાસ કોઈ પણ પ્રકારની કેળવણી ન મળવાથી બાળક માટે દરેક સ્ત્રીના વિશિષ્ટ પૂર્વગ્રહો બંધાય છે. નાનાં ભાંડુઓ અગર ભાણાઓ તરફ જોવાનો તેનો દૃષ્ટિકોણ જુદો હોય છે. કોઈ કોઈ તો નાનું બાળક એટલે એક નકામી ઉપાધિ એવી પણ કલ્પના કરી લે છે. બાળકને પાસે લઈને તેને વહાલ–ઉત્તેજન આપવું, તેનાં વ્યવસ્થા–સ્વચ્છતાના કામોમાં સહભાગી થવુ વગેરેનો ખ્યાલ ઘણાં ઓછાઓને આવે છે. કુદરતી રીતે પ્રખર વાત્સલ્યભાવ જેઓમાં છે એવી સ્ત્રીઓ બાળકની બાબતમાં વિશેષ રસ બતાવે છે અને તે તેઓનાં કામો કરે છે. અવિભક્ત કુટુંબપદ્ધતિ ભાંગી પડવાથી અને સાથે-સાથ કુટુંબનિયોજનનો થોડોઘણો પ્રચાર થવાથી નાનાં બાળકોના સહવાસમાં આવવાના પ્રસંગો ઘણી છોકરી-ઓને મળતાં નથી, અને આથી સહવાસથી અને જવાબદારીને લીધે ઉત્પન્ન થતા પ્રેમને આવકાશ રહેતો નથી. એમને મળતી કેળવણીનું સ્વરૂપ જોઈએ તો એમાં બાળકેળવણી, બાળમનોવિજ્ઞાન વગેરે વિષયોને સ્થાન હોતુ નથી. કેળવણીનું સ્વરૂપ અત્યારે જે દેખાય છે તેથી અપત્યવિષયક જવાબદારીનું ભાન પણ થતું નથી. બાલ-સહવાસથી ઉત્પન્ન થતી ભાવનાઓ વિકસતી નથી તેમ જ કેળવણીને લીધે મળતું જ્ઞાન પણ નહિ તેમ પર-પરાગત ચાલતી આવેલી બાળઉછેરની રીતભાત પણ નહિ એવી પરિસ્થિતિમાં સ્ત્રીને માતૃત્વપદ સ્વીકારવાનું થાય છે. આવું માતૃત્વપદ સ્વીકાર્યા પછી શું થાય છે જોઈએ.

કુદરતી લાગણીને લીધે પોતાના બાળક માટે ઊર્મિ જાગે છે. "મારો બાબો" આ બે શબ્દોમાં કેટલો ભાવ ભર્યો છે એની કલ્પના શબ્દમાં ન આપી શકાય. સ્ત્રી જ તે જાણી શકશે.

બાળકનાં રૂપમાં બહુમોલ એવી ભેટ પ્રાપ્ત થયા પછી તેનું રક્ષણ–ઉછેર કરતી આધુનિક માતા સાચે જ ખૂબ મૂંઝાય છે. બાળક માટેના તેના દોષિત પૂર્વગ્રહો તેના પોતાના બાળકની બાબતમાં આડે આવતા નથી પણ બીજાનાં બાળકો પ્રત્યે તે પૂર્વગ્રહો વધુ ઘેરા બને છે. એથી સ્ત્રીની દૃષ્ટિ સંકુચિત બને છે. પોતાના બાળકની બાબતમાં તેના વિચારો સાવ બદલાઇ ગયેલા દેખાય છે, ને તેથી તેને અતિરક્ષણ આપવા તે મથે છે. આ અતિરક્ષણને લીધે

ટેલિફોન ન. ૬૩૨૪૩ સ્થાપના ૧૯૩૩

શુદ્ધ અને હંમેશ તાજુ

આ ઇ સ્ — દૂધ

મળવાનું વિશ્વસણીય એકમેવ ઠેકાણું

સામન્ત બ્રધર્સ

દાદર પ. રેલ્વેના સ્ટેશનની સામે વસંત નિવાસ

મુંબઇ ૨૮

શ્રીખંડનો ચક્કો

હંમેશ તાજો મળશે

રોજ સવારે પાંચ થી સાત વાગ્યાસુધી બ-૨ આના શેરના

ભાવે ખાનદેશનુ કસવાળુ પાશ્ચરાઇઝ કરેલું

(મલઇ ન કાઢેલું)

દુધ નિયમીત રીતે મળશે

સુચના : મુંબઇના ઊપનગરમાં કોઇ પણ ઠેકાણે

અમારી શાખા નથી

બાળકના સ્વયંવિકાસમાં આપણે આડે આવી રહ્યાં છીએ એ તે ભૂલી જાય છે.


દસ માણસનાં કુટુંબમાં બાળકના સ્વયંવિકાસને ઘણો અવકાશ હોય છે. એથી ઊલટ બે માણસનાં કુટુંબમાં બાળક સર્વસ્વી પરાધીન બને છે. નાની નાની માંદગીનો મોટો હાઉ બને છે. ઘરગથ્થુ ઉપચારો ઉપર વિશ્વાસ ન બેસતાં, ડગલે ને પગલે ડૉક્ટર તરફ દોડવું પડે છે એથી માતાની અગતિકતા વધે છે.

ઉછેર અંગેના માનસિક વિકાસની બાબતમાં તો તેઓ પૂર્ણ અજ્ઞાની હોય છે અને માતાઓને તે બાબતમાં કંઈ જાણવા જેવું હોય છે એનો ખ્યાલ પણ તેમને હોતો નથી. કોઈ ઠેકાણે બાળકને પોતાનું રમકડું બનાવીને પોતાના મનો-વિનોદ માટે તેનો ઉપયોગ થાય છે. બાળકને પણ આપણા જેવું જ મન હોય છે એ વાત તેઓ ધ્યાનમાં લેતાં નથી. પોતાનું કર્તૃત્વ, પોતાની હોશિયારી અને પોતાના જ સ્તવનમાં તેઓ રત હોય છે. માતાની મનોગ્રંથિ બાળકના વિકાસને આડે આવે છે. નાનપણમાં તેણે અનુભવેલી વિફલતા તેનાં બાળકોને નડે છે. પોતાનાં બાળકની બાબતમાં અત્યંત બીકણ અને ગભરાટ ભરેલું વર્તન કરનારી માતા કોઈ ગ્રંથિથી પીડાતી હોય છે. આ પ્રકારની માતાઓ અપવાદ રૂપે હોય છે એમ ગણીએ તો પણ સર્વસાધારણ માતાઓ બાળકની બાબતમાં અજ્ઞાન હોય છે. કોઈ ઠેકાણે નીચે મુજબની ભૂલ ભરેલી માન્યતાઓ સેવવામાં આવે છે:

લાલયેત પંચવર્ષાનિ, દશ વર્ષાનિ તાડયેત
પ્રાપ્તેતુ શોડશે વર્ષે પુત્રેડમિત્ર વદાચરેત્ ।

આ સંસ્કૃત ઉક્તિમાં કંઈક સત્યાંશ છે, પરંતુ કેટલીક આધુનિક માતા તેને ઊંધી રીતે સમજીને પોતાનાં બાળકને શિસ્તને નામે દબાવી દેતી હોય છે. બીજી કેટલીક માતાઓ બાળકને વધારે પડતા લાડ કરે છે. કોઇ પણ બાબતમાં અને કોઈપણ વખતે બાળકને ના ન કહેવી અને તે માગે તે કરવામાં પોતાની આધુનિકતા સમજે છે. આથી બાળકને જે કંઇ નુકસાન થાય છે તે તેમના ખ્યાલ બહાર રહે છે.

પોતાનાં બાળકને ઉત્તમ શિક્ષણ આપવાની આધુનિક માતાની મહત્ત્વાકાંક્ષા હોય છે. તેની કેળવણીની જવાબદારી આપણી નથી એમ તે માનતી નથી. બાળકની કેળવણીમાં



તેનો પોતાનો ભાગ હોય છે એમ સમજીને તે વર્તે છે. પણ તેનો માર્ગ ભૂલભરેલો હોવાથી છેવટે તેને અપજશ મળે છે. બાળક દસબાર વર્ષનું થાય ત્યાં સુધી તેને છૂટ આપે છે અને પછી સુધારો અશકય થાય ત્યારે સામદામદંડભેદાદિ ઉપાયો યોજે છે અને છેવટે થાકી જાય છે.

અતિ કડકાઇ અથવા ઢીલાપણું સિવાય કેટલીક માતાઓ અનિશ્ચિત પધ્ધતિનો આધાર લે છે. ઘડીકમાં લાડ કરવા, ઘડીક ક્રોધે ભરાઇને આકાશ–પાતાળ એક કરવું; કેટલાંક દિવસ કડકાઇ તો કોઈ વખતે તદ્દન છૂટ વગેરે વિચિત્રતાઓ જોવા મળે છે, જે બાળકના વિકાસ માટે હાનિરૂપ નીવડે છે.

આધુનિક માનસશાસ્ત્રમાં તેમ જ નવી શિક્ષણપધ્ધતિમાં ઘરના સંસ્કારોની મહત્તા સ્વીકારેલી છે. ઘરના સંસ્કારોની સાથોસાથ માતાની જવાબદારી કેટલી તેનો ખ્યાલ પણ માનસશાસ્ત્ર સૂચવે છે. બાળકના વિકાસમાં ઘરનો મોટો ભાગ હોય છે તે વાત સાચી; આપણી સરકાર પણ એ જ મુદ્દો આગળ કરે છે. આથી માતાને પોતાની જવાબદારીનું ભાન સમજાવવું આવશ્યક છે. નવીન સમાજરચનામાં અને બદલાતી જતી પરિસ્થિતિમાં સ્ત્રીઓને કુટુંબનાં અર્થોત્પાદનમાં સહભાગી થવું પડે છે. તેથી તેમના બાળકોના ઉછેર માટે નવા નવા પ્રશ્નો ઊભા થાય છે. આ બધાં પ્રશ્નોનું નિરાકરણ થવું જરૂરી છે. પહેલી વાત એ કે આજની કેળવણીમાં બાળવિકાસ અને બાળશિક્ષણના વિષયોનું જ્ઞાન પ્રાપ્ત થાય એવો પ્રબંધ થવો જોઇએ. બાલમાનસશાસ્ત્રનો અભ્યાસ કરવાની તક મળવી જોઈએ. મહિલાસમાજ જેવી સ્ત્રી–સંસ્થાઓએ આ કામમાં નેતાગીરી લઈને આ વિષયની માહિતીનો પ્રચાર કરવો જોઈએ. માતાઓને યોગ્ય દૃષ્ટિકોણ આપવો જોઈએ. બાલમંદિરની બાબતમાં સ્ત્રીવાલીઓને યોગ્ય જ્ઞાન આપવું જોઇએ.

ભાવિ પેઢીના વિકાસની સૌથી મોટી જવાબદારી લેનાર સ્ત્રી પોતે અંધારામાં રહી પોતાનાં બાળકોને પ્રકાશનો માર્ગ શી રીતે દેખાડી શકશે ? યોગ્ય ઉમ્મરે યોગ્ય જ્ઞાન અને બાલવિકાસ અંગેની મુશ્કેલીઓ સમજીને બાળકો વચ્ચે કામ કરવાની તક કુમારિકાઓને મળવી જોઈએ. તેમ જ બાલઉછેરના સંબંધમાં માતાઓને યોગ્ય દૃષ્ટિકોણ બતાવવો જોઈએ. આ માટે સ્ત્રીસંસ્થાઓ તેમ જ બાળકેળવણીના ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થાઓ જો આગળ તો આવે ભારતના માનવીઓ માટેની નવરચના શકય બનશે એવો મારો વિશ્વાસ છે.

સૌ૦ શાલિનીબાઇ જોગળેકર

—o—



આદિવાસી મા

ચંદુની માની સુવાવડ આવી હતી તેથી અમે તેને મળવા ગયાં હતાં. લીંપીગૂંપીને સ્વચ્છ કરેલી બેઠા ઘાટની ઝુંપડીમાં એક સાદડી પાથરી હતી, તેના ઉપર ચાંદુની મા બેઠી હતી. પાસે જ એક ફાટેલા કપડામાં વીંટાળેલું ધાવણું બાળક હતું.

'આવો બેસો.' પ્રેમથી એણે અમારૂ સ્વાગત કર્યું. અમારે માટે એક વધારે સાદડી પાથરી. અમે એનાં બાળકને ખોળામાં લીધું. ગોરૂં ગોરૂંને તન્દુરસ્ત હતું. મેશના લપેડા ને કપડા વગરનું એ બાળક હતું.

'ચંદુના બાપુજી કયાં ગયા છે?' અમે પૂછ્યું

'ગામમાં ગયા છે. આજે પાંચમો દિવસ છે. અમે છોકરાને ઝોળીમાં નાખીએ છીએ. કંઇ કાપડબાપડ મળે તો તે લેવા માટે ગયા છે.'

'પાંચમે દિવસે શું શું કરો છો?'

'કશું નહીં. નાત બોલાવવાની અને જમણવાર કરવાનું–પણ પૈસા કયાં છે. હમણાં ચાહ જ આપીએ છીએ.'

"તો નાત કંઈ આપે છે તમને?'

'શહેરના લોકો કંઇ કાપડબાપડ આપતાં હોય છે.'

ચંદુ પાંચ વર્ષનો, તેની બહેન લક્ષ્મી ત્રણ વર્ષની અને હવે આ નાની છોકરી. આ ત્રણે બાળકો માટે માતાનો પ્રેમ ઊભરાઈ જતો હતો. માતૃવાત્સલ્યની છાયામાં બાળકો મોટાં થતાં હતાં. નહી દૂધ, નહીં ફળ, નહીં ટોનિક કે અંગ પર કપડા નહીં કે તાઢ–પવનથી બચાવ કરવા માટે કોઈ પાકો આસરો નહીં, પણ માતાપિતાનો પ્રેમ ભરપૂર છે ને!

કેટલાક દિવસો ગયા. ચંદુ માંદો છે એમ સંદેશો આવ્યો. જોવા ગયા ત્યાં તો "ભગત" આવીને બેઠા છે. દેવતા ધૂપ ચાલી રહ્યા છે. પૂછ્યું : "કેમ શુ થાય છે."

જવાબ: "કશું નહીં...આઠ દિવસ થયા. પોઇરાંને ઝાડા થાય છે."

"તો કઇ દવા–બવા?"

"આપ્યો છે કંઇક પાલો. પણ પોઇરૂં ઝડપાયુ છે. સાંજરે આમલી નીચે ગયું હતું."

"તેને જાયફળ આપને! હું આપું છું તને." મારા ભાંગ્યાતૂટયા વૈદકીય જ્ઞાનનો મેં ઉપયોગ કર્યો. ચંદુ સાજો થયો. પણ તે તો "ભગત"ને લીધે; મારે લીધે નહી.

ચંદુની માશી આજ પાડામાં રહે છે. તેને નાનાં નાનાં પાંચ છોકરાં છે. તેનો મોહન બાલવાડીમાં આવે છે. સરસ રમતિયાળ છોકરો છે. પણ ધીમે ધીમે તેનું પેટ મોટું થયા લાગ્યું. તેની માનું ધ્યાન ખેંચ્યું–એને કરમિયાની દવા આપવી જોઇએ. એ દવા મેં એને આપી પણ એ દવાનું શું થયુ તે કોણ જાણે!

દિવસો ગયા તેમ મોહનની માંદગી વધતી જ ગઈ. માબાપ આખો દિવસ બહાર રહે. મોહનની અગિયાર વર્ષની મોટી બહેન ઘરે રહેતી તે જ મોહનની સારવાર કરતી. સારવાર એટલે બાળક પાણી માગે તો પાણી આપે. ઝોળીમાં નાખીને એને હલાવે. બહુ રડવા લાગે તો કેડે લઇને ફરે. "મોહનને ડોકટરને ત્યાં લઇ જાઓ એમ મેં બેચાર વખત કહ્યું પણ કોઇના કાનમાં પેઠું જ નહીં. છેવટે એકવાર જ્યારે ડોકટર આવ્યા ત્યારે તેમને લઇને હું જ મોહનને ત્યાં ગઈ. "અરે આને જલ્દી હોસ્પીટલમાં પહોંચાડો." ડોકટરે કહ્યું ત્યારે બધાં હચમચી ગયા. મોહનને ઉપાડીને દહાણુની હોસ્પીતાલમાં લઇ ગયાં. બીજે જ દિવસે મોહન બીજી દુનિ-

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....

કેશી

* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળપ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે.

લોમા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :

એમ. એમ. ખંભાતવાળા

રાયપુર, અમદાવાદ.

o

: એજન્ટસ :

સી. નરોત્તમ એન્ડ કું.

મંગલદાસ રોડ, મુંબઈ–૨

ટે. નં. ૩૦૫૭૫ M. P. S.

માંમાં ગયો. એનો મૃતદેહ ઘેર લાવવામાં આવ્યો. પાડોશાંની બધી જ સ્ત્રીઓ એના ફરતી બેસીને છાતી કૂટતી હતી. પુરૂષો ભેગા થયા હતા, એમને મેં સમજાવ્યું : જરા વહેલા ઉપાયો કરવા હતા. ભૂલ તો બધાંએ સ્વીકારી પણ હવે પછી અમલમાં મૂકે ત્યારે ખરૂ !

હમણાં જ સાંભળ્યું કે મોહનની માને સુવાવડ આવી છે. છોકરો આવ્યો છે. મોહનને બધાં કયારના ભૂલી ગયાં છે ? **વર્ષને આખરે છોકરાં આવે. કુદરતી કૃપાથી તે વધે જે જીવે તે આપણાં. મરે તે ભગવાનનાં. એવી** એમની કલ્પના છે. બાળકો વિશે પ્રેમ નથી એમ નહીં, પણ એમને ઉછેરવા માટે આપણે કંઇ કરવાનું હોય છે એનું ભાન નથી. આ બાળકોને માનું દૂધ મળે તે જ એમનું પોષણ. ઉપરનું દૂધ તેને તેઓ આપતાં નથી.

× × ×

એક દિવસે રાત્રીશાળામાં વશી અને તેની મા મારી પાસે આવ્યાં: "બેન, આટલો કાગળ લખી દ્યો." પત્ર એના ભાવી જમાઇને લખવાનો હતો. 'અમુક દિવસોની અંદર અહીં આવીને લગ્ન કરીશ, તો મારી કન્યા તને મળશે. અમે કોઇ ખર્ચ કરીયે નહીં.' એમ તે જમાઇને ધમકી આપતી હતી. તે જેમ કહે તેમ તેમ હું લખતી હતી. પોતાની દીકરી માટેનું તેનું અભિમાન તેના અંગેઅંગમાંથી ઉછળતું હતું. પત્ર પૂરો થયો. "અનુતાઈ લખને વંશીના લગ્ન થયાં." "પણ લગ્ન થયા છે ?" "ના." "તો પછી એમ જૂઠું જૂઠું લખીશ તો તે આવશે જ નહીં." "ભલે ન આવે શું કામ રહ્યા મુંબઈ."

મા–દીકરીને એ માણસ ઉપર ખુબ જ ગુસ્સો આવ્યો હતો. દીકરીની સાથે સારી રીતે વર્તે તે માટે મા જાગ્રત હતી અને એકંદરે આ બધી સ્ત્રિઓ કર્તૃત્વવાન હોય છે. પોતાના વર ઉપર અધિકાર જમાવીને રહે છે.

× × ×

નાનો શાંતારામ સાકર માટે જીદ લઈને બેઠો હતો. હું રસ્તા ઉપરથી જતી હતી તે તે બાજુ જઈ ચડી. ઘરમાં જઇને સાકર લઈને આવે એમ એની બાને કહ્યું. અને ત્યાં જ થોડો વાર્તાલાપ ચલાવ્યો. શાંતારામ અને તેની બેન લીલુ ઘણા જ આકર્ષક બાળકો છે. શાંતારામને પિતા નથી.

"પછી આ કોણ કાકા છે ?"

"આ લીલુના બાપા."

"એટલે શું ?"

"એટલે એમ કે શાંતારામનો બાપ મરી ગયો ત્યારે એની માએ બીજું ઘર કર્યું. એને કાકા કહેવાય."


"તો પહેલા બાળકો કોની પાસે હોય."

"મા પાસે."

વર ગુજરી ગયો હોય અથવા તેના સાથે ન બનતું હોય તો બીજો વર કરવાની એમના ધર્મમાં છૂટ હોય છે. બાળકો હમેંશ માતા સાથે જાય છે. બાળકોનું શું થશે એની કંઈ ચિંતા નથી તેથી નવા પિતાને પણ છોકરાઓ કંઇ ભારે પડતાં નથી ને આ બધુ વરની સાથે જ કમાણી કરતી હોય છે.

આવી છે આદીવાસી માતા.

અનુતાઈ વાઘ





બી. ટેકસ ઓઇંટમેન્ટ મેન્યુ. કું.
મુંબઈ નં. ૩

ત્રીશ અને પિસ્તાળીશ વર્ષ વચ્ચેનાં

મા—બાપો

લેખિકા : **માર્ગો મેસન બારેટ** (ઉં. વ. ૧૧)

[અગિયાર વર્ષની માર્ગોના પિતા લખે છે કે માર્ગો અને એની નાની બેન બાટલામાં પડયાં પડયાં મોટેથી દા૦ ગેસ-લેનનું પુસ્તક 'પાંચ અને દશ વર્ષ વચ્ચેનું બાળક' વાંચતી હતી. બેચાર માસ પછી મારા ટાઇપિરાઇટર પાસે મેં કેટલાક ટાઈપ કરેલા કાગળો જોયા. પહેલે પાને મથાળું હતું : "ત્રીશ અને પિસ્તાલીશ વર્ષ વચ્ચેનાં માબાપો" લેખિકા : માર્ગો બારેટ. એ લેખમાંથી બધાં માબાપોને (ખાસ કરીને એકને) કડવું લાગે એવું કાઢી નાખવાનું સંપાદન કાર્ય કરીની અહીં આપેલ છે.]

—પ્રસ્તાવના—

જે બાળકો માબાપોની, એમની ટેવો અને એમની રીત-ભાતની માયાજાળમાં ફસેલાં છે તેમને સહાય કરવા આ અનુભવો પ્રસિદ્ધ કરવામાં આવે છે. કેમકે જેમને માબપો સાથે કામ પડે છે અને એ કામ કેમ પાર પાડવું એ જેઓ જાણતાં નથી તે બાલકો કમનસીબ છે.

આ કૃતિ મિત્રો અને સહાધ્યાયીની સહાય સિવાય તૈયાર કરવી શકય નહોતી. એ મિત્રોએ કરેલાં બીજાં માબાપોનાં અવલોકનોનો આમાં મોટો ફાળો છે.

(૧) **વૃદ્ધ માનસ** : સર્વસાધારણ મા કે બાપને સમજવા એ સહેલી વાત નથી. આ માબાપ બીજી મિનિટે કયુ પગલું ભરશે એ કહેવું કઠિન છે, બલકે અશકય છે. છતાં જો આપણે આપણી મતિ ઠેકાણે રાખવી હશે તો માબાપોનાં માનસને ઓળખવું જ પડશે અને તેના ઘડતરનું અવલોકન કરવું પડશે.

એ વાત ધ્યાનમાં રાખવાની ખાસ અગત્ય છે કે ઘડીઘડી ફરતા બિનજના કારણો ઘરથી દૂર એવાં સ્થાનોમાં પડેલાં હોય છે, જેમકે ઑફિસમાં સાહેબે કાઢેલી ઝઠકણી કે રેસમાં પડી ગયેલો ઘોડો, વગેરે વગેરે.

જો કોઈના પિતા આવીને દિવસ બગડયાની ફરિયાદ કરે તો ડહાપણનો રસ્તો એ છે કે તે દિવસે તેનાથી જેટલુ બને એટલું દૂર રહેવું. આવી પરિસ્થિતિમાં મોટેરાં સાથે બૌદ્ધિક દલીલો કરવી વૃથા છે, ખાસ કરીને ત્રીસ ઉપરનાની સાથે.

માબાપો આપણને બહુ ઉશ્કેરી મૂકે એવાં હોય છે. પણ એમની સાથે ઉશ્કેરાટથી કામ લેવું એ એમને વિશેષ બગાડવા જેવું છે અને ઘણીવાર એ બહુ નુકસાનકારક બને છે.

(૨) **કારીગર પિતા** : લગભગ પાંત્રીશની આસપાસ ઘણા પિતાઓ ઓજારોના આશક હોય છે. તેઓ માળિયા ઉપરના કચરામાંથી તૂટેલો ઘોડો કે ત્રણ ટાંગાળી ખુરશી ઉતારે છે અને દી આખો એને ખીલા મારતા કે રંગરોગાન કરતા કાઢે છે. એની માન્યતા હોય છે કે પછી એ ઘોડો ભાર ઉપાડશે, પણ માટે ભાગે તો એ ઘોડો વિશેષ ખોખરો થયો હોય છે અને પોતાની સાથે બરણીઓ અને પ્યાલા રકાબીઓને પણ ખોખરાં કરવામાં સહાયભૂત થાય છે.

પણ છતાં પિતાઓની એ પ્રવૃત્તિને હંમેશા ઉત્તેજન આપતાં રહેવું. એથી પિતા પ્રવૃત્ત રહે છે. નહિ તો ખતર-નાક પરિણામ આવવા સંભવ છે.

એ જ સિદ્ધાંત માતાઓને પણ લાગુ પડે છે. માતાઓ ઘરમાં રાચરચીલું ગોઠવે છે. તેઓ એક જગ્યાએથી વસ્તુઓ લઈને બીજી જગ્યાએ મૂકે છે અને બીજી વસ્તુ લઇ પહેલે

આયર્ણા ઈન્ડસ્ટ્રીજને
શાસ્ત્રીય પદ્ધતિથી બનાવે લા
(મધાર્ક વિરહિત)
દ્રવરૂપ મસાલા અને અર્ક
વાપરો
દ્રવરૂપ, એલચી, જાયફળ, લાલ મીરચ, લવિંગ
દાલચિની, આદુ, લસણ, જીરું વિગેરે
તેમજ
તયાર મસાલા
દ્રવરૂપ — શાકભાજી અને દાળ માટે મસાલા
,, — ખીચડી પુલાવ માટે મસાલા
,, — મટણ માટે મસાલા
,, — માછલી માટે મસાલા
આ મસાલા વાપરવા માટે સહેલા, પાચન માટે હલકા
અને કી મતમાં સસ્તા પડે છે.
સોલ એજંટ— **કેતકર બ્રધર્સ**, દાદર મુંબઇ
ફોન ૬૦૮૬૧

ઠેકાણે મૂકે છે. આમ અદલાબદલી કરે છે એમાં આપણને કંઈ ગોઠવણી ન લાગે એમ બને. ફરી મા બીજીવાર ગોઠવણી કરે છે અને ત્યારે બધી વસ્તુ હતી તેમની તેમ જ મૂકે છે. જો કે એ પોતે તો માને છે કે પોતે નવી જ ગોઠવણ કરી છે.

આ વખતે માતાજીનું એ સત્ય તરફ ધ્યાન ખેંચવાથી ફાયદો નથી.

(૩) **દીકરી ઊઠી છો તો ભેળાભેળું :** કુટુંબ આંખું મળ્યું હોય ત્યારે બાળકો માટે સર્વોત્તમ સલાહ એ છે કે તેણે બને ત્યાં સુધી બેહું જ રહેવું — ઊઠવું નહિ. જો તમે ઊઠ્યાં તો દશમાંથી નવવાર તો તમને હુકુમ થશે કે દીકરી, ઊઠી છો તો ભેળાભેળું ઉપર જઈને મારા ચશ્મા લેતી આવજે, વગેરે વગેરે.

ખરું પૂછો તો ઘણાખરા પ્રસંગે મોટેરાઓને ચશ્માંની જરૂર હોતી નથી અને જો બાળક શાન્ત બેહું રહે તો એને ચશ્માંની જરૂર પણ ન પડે.

અલબત્ત, મોટેરાંઓ વાતોમાં જેમ ફાવે તેમ ગાડાં ગદોડતાં હોય છે અને આપણને કંટાળો પણ આવતો હોય છે. પણ જો તમારે તમને પેલા કામના હુકુમોમાંથી બચાવવા હોય તો તમારે મોટેરાંઓ પાસે બેસી રહેવું અને જાણે એમની વાતો બહુ જ રસિક હોય અને તમને બહુ ગમતી હોય એવો ડોળ કરવો — ઘણાં ખરાં મોટેરાંઓને એના શ્રોતાગણ ચાલ્યા જાય એ ગમતું નથી હોતું.

(૪) **બાબાપના ઝગડા :** કેટલાંક બાબાપો ઘણું ખરૂ મોટેથી લડતાં નથી દેખતાં. છતાં પણ તેઓ જો રસ્તે ભૂલાં પડે તો મોટર કઈ બાજુ લેવી એ બાબતમાં ગરમાગરમ યુદ્ધ જમાવે છે. પિતા માને છે કે પૂર્વ તરફ મોટર લેવી, માતા માને પશ્ચિમ તરફ ! આ ઝગડાનું પરિણામ ગમે તે આવવા સંભવ છે. મોટે ભાગે તો બંને ખોટા હોય છે. પણ એમને એ સત્ય સમજાવવા જવું બાલક માટે મુર્ખાઈ ગણશે.

જો તમે આ પ્રસંગે હાજર હો તો સર્વોત્તમ રસ્તો એ છે કે તેમના તરફ ધ્યાન જ ન આપવું. એમને લડી લેવા દેવા. દલીલો ઉપર દલીલો ચાલ્યા કરશે અને ઘણીવાર આપણને કંટાળો પણ આવવા સંભવ છે. એટલે કંઈક વાંચવાબાંચવાનું સાથે રાખવા સલાહ છે.

આ અને એવા બીજા અનેક દાખલાઓથી દેખાય છે કે મોટી ઉમરે બાબાપોમાં સુધારો શકય નથી.

(૫) **વ્યસનત્યાગ :** "વ્યસન કેમ છોડશો ?" એવા અર્થનું પુસ્તક ઘરમાં દેખા દે ત્યારે બહુ ચેતીને ચાલવાનુ છે. કેમકે એ પુસ્તકની પાછળ તકલીફની પરંપરા આવે છે.

જયારે પિતા ધુમ્રપાન છોડવા પ્રયાસ કરે છે, ત્યારે એનો બિચારા વાતવાતમાં ફાટીને ધુમાડે જાય છે.

ધુમ્રપાન છોડવાનો પહેલો દિવસ આનંદદાયક હોય છે કેમકે પિતા એ બપોર પછી છોડે છે અને સાંજે તો પોતાના ત્યાગના ગુણગાત ગાતા હોય છે. એમણે ત્રણ ત્રણ બીડી છોડી દીધી હોય છે !

ચારેક દિવસ જાય છે અને એ શહીદનો આશાતંતુ ઢીલો પડવા માંડે છે. પણ એ પોતાની પ્રતિજ્ઞા છોડતા નથી. અને અડવાડિયું પૂરું થતાં સુધીમાં એ એટલો તો ઉશ્કેરાટમાં જીવે છે કે આખું કુટુંબ એને પગે પડે છે અને ધુમ્રપાન ફરી શરૂ કરવા કાકલૂદીતભરી વિનવણીઓ કરે છે. પિતા એનો અલબત ઢીલો પોચો-વિરોધ કરે છે અને છેવટ આનંદથી એમની વિનતિને માન આપી ધુમ્રપાન શરૂ કરે છે.

(૬) **સાધનભિયતા :** મોટા ભાગના પિતાઓ વિવિધ વિચિત્ર પ્રકારની વસ્તુઓ-ઓજારો ભેળાં કરવામાં ગાંડા હોય છે. આમાંના મોટા ભાગના પિતાઓ પાંત્રીશની ઉપરના હોય છે.

આ મોટેરાંઓ જે વસ્તુ ભેળી કરતા હોય છે તેમાંની ઘણીખરી તો સાવ કચરા જેવી-ચોરબજારિયા હોય છે કેકલાંક આવા આદમના વખતના કેમેરા લઈ આવશે. એમ જાતજાતની ખૂબીઓ હોવાની એને જાણ છે અને એટલે



દત્તાત્રેય કૃષ્ણ સાંડૂ બ્રધર્સ ચેંબૂર પ્રાયવેટ લિ.

ફેક્ટરી અને હેડ ઑફીસ ચેંબૂર-મુંબઈ ૩૮

—:સ્થાનિક શાખાઓ :—

ઠાકુરદ્વાર, કાલબાદેવી, પરેલ અને દાદર.

રીતે રમી શકાય નહિ. કેટલીક રમતોને તો ખાસ નિયમ હોય છે. 'રમકડાં' શબ્દનો આ ખુલાસો સ્પષ્ટ કર્યા પછી આ શબ્દનો ઉપયોગ જેમને પસંદ નથી તેમના મનનું થોડું સમાધાન થશે એવી મને આશા છે.

મને આ 'રમકડાં' શબ્દ ગમે છે કારણ કે રમવું એ જ બાળકના વિકાસ–ક્રિયાનું સ્વાભાવિક સ્વરૂપ છે એવું મને લાગે છે.

બાલ્યાવસ્થાને ફ્રોએલે ક્રીડનાવસ્થા કહ્યું છે. 'Childhood is playhood' મોન્ટેસોરીએ આ જ અવસ્થાને મનોરચનાનો કાલ કહ્યો છે. તેની ક્રિયાને ગંભીર પ્રકારનું કામ Serious Work કહેવું કે રમત કહેવી આ જેની તેની દૃષ્ટિનો પ્રશ્ન છે. આપણે જે જ્ઞાનેન્દ્રિય શિક્ષણના ઉપકરણો વિષે વિચાર કરવાનો છે તે વાપરતી વખતે બાળકના મનમાં કોઇ પણ વિશિષ્ટ હેતુ હોતો નથી. ફક્ત રમવા માટે તેઓ રમે છે. આપણને તેની રમતમાંથી જીવનરચનાનો જે અવ્યક્ત હેતુ દેખાય છે તેને લીધે આપણે તે ઉપકરણોને 'સાધન' કહી શકીએ. આ રમકડાંનો મેડમ મોન્ટેસોરીના મનનો ઉદ્દેશ બાળકની જ્ઞાનેન્દ્રિયનું શિક્ષણ કરવું એ છે.

જ્ઞાનેન્દ્રિયનું શિક્ષણ એટલે શું?

'Montessori Method' ની ૧૯૪૮ની સાલમાં સુધારીને પ્રકાશિત થએલી આવૃત્તિમાં મોન્ટેસોરી રમકડાંને વિકાસક રમકડાં 'The Material for Development' કહ્યાં છે છતા આ રમકડાંનો ઉદ્દેશ જ્ઞાનેન્દ્રયને શિક્ષણ આપવું એ છે એમ નોંધ કર્યું છે તેને લીધે જ્ઞાનેન્દ્રિય એટલે શું? તેનુ શિક્ષણ એટલે શું? અને તે કેવી રીતે થાય છે તે સ્પષ્ટ કરવું જોઇએ.

જ્ઞાનેન્દ્રિય–આ શબ્દના અર્થ ઉપરથી જ્ઞાનેન્દ્રિય એટલે જ્ઞાન સંબંધિત અવયવ. જે અવયવના દ્વારે આપણને બાહ્ય જગતનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને આપણે જ્ઞાનેન્દ્રિય કહીએ છીએ. પદાર્થના રંગનુ, રૂપનું જ્ઞાન આપણને આંખ મારફત થાય છે તેથી આંખ એ એક પ્રકારની જ્ઞાનેન્દ્રિય છે. આંખની જેમ કાન, જીભ, નાક અને ચામડી આ મુખ્ય જ્ઞાનેન્દ્રિય ગણાય છે. આ, જ્ઞાનેન્દ્રિયના દ્વારે જ્ઞાન કેવી રીતે થાય છે તે પહેલા જોઇએ. મારી આંખ સામે એક ઝાડ છે. આંખથી મને તેનો રૂપ, રંગ દેખાય છે. આ કેમ દેખાય છે તેનાં અનેક કારણો છે. પહેલી વાત એટલે કે ઝાડ પ્રકાશમાં છે, તેથી મને તે દેખાય છે. બીજી વાત એટલે આ ઝાડમાંથી નીકળેલા પ્રકાશ-કિરણો વચ્ચે કશે પણ અટકયા વગર મારી આંખમાં પ્રવેશ કરી શકે છે. ત્રીજી વાત એટલે આ આંખમાં પ્રવેશ કરનાર કિરણને લીધે મારી આંખની કીકીના પડદા ઉપર (રેટના) ઝાડની પ્રતિમા પડે છે. આવા પ્રકારની પ્રતિમા કેમેરાના પડદા ઉપર પણ પડે છે. પરંતુ કેમેરાને આ પ્રતિમાની જાણ થતી નથી. મને મા આ પ્રતિમાની જાણ થાય છે. આ પ્રતિમાની જાણ કેમ થાય છે તે પણ આપણે સમજી લેવું જોઇએ.

બાહ્ય વસ્તુનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય છે?

આંખના પાછળના પડદા ઉપર જે પ્રતિમા પડે છે તેનું સ્વરૂપ શું છે? આ પ્રતિમા પ્રકાશ કિરણને લીધે પડે છે પ્રકાશકિરણનો આઘાત આ પડદા ઉપર થાય છે તેથી આ પ્રતિમા કિરણના આઘાતને લીધે પડે છે એમ કહી શકાય. આ જ રીતે કાનના પડદા ઉપર નાદ લહરીના આઘાતને લીધે નાદપ્રતિમા ઉત્પન્ન થાય છે. આ આઘાત આગળ મન સુધી અથવા બુદ્ધિ સુધી કેવી રીતે પહોંચાડાય છે તે જોઇએ.

બાહ્ય જગતના ચેતનકનો પરિચય અથવા જ્ઞાન મનને મળવા માટે શરીરમાં મજ્જાસંસ્થાની વ્યવસ્થા છે. મજ્જા સંસ્થા એટલે મગજ, કરોડરજ્જૂ અને તેમાંથી આખા શરીરમાં પથરાએલા જ્ઞાન મજ્જા અથવા તંતુના જાળા. બાહ્ય જગત સાથે સંપર્ક સાધવા માટે આ મજ્જાસ સ્થાની વ્યવસ્થા એટલે કોઇ શહેરના ટેલીફોનની સાથે ખૂબ મળતી આવે એવી વ્યવસ્થા છે. ટેલીફોનની વ્યવસ્થા પ્રમાણે મજ્જા સંસ્થા નુ કાર્ય બે પ્રકારનું છે. પહેલા કાર્યમાં બાહ્ય જગતના ચેતકના જુદા જુદા પ્રકારના આઘાત સ્વીકારવા માટે આંખ, કાન, જીભ, નાક, ચામડી અને ચામડી ઉપર જૂદા જૂદા પ્રકારના સ્વીકાર કેન્દ્રો receiving centres હોય છે. શું આ સ્વીકાર કેન્દ્રો એટલે જ્ઞાનેન્દ્રિયો છે? દરેક જ્ઞાનેન્દ્રિય બહારના જગતના ચેતકમાંથી નીકળનારા વિશિષ્ટ પ્રકારના જ આઘાત

સ્વીકારે છે. દા. ત. કાન નાદ લહરીના જ આઘાત સ્વીકારે છે. પ્રકાશ લહરીના આઘાત તે સ્વીકારતા નથી.

મજ્જા સંસ્થાનું બીજું કાર્ય એટલે મનમાં ઉત્પન્ન થયેલી પ્રેરણા પ્રગટ કરવી અથવા પ્રેરણાનો બાહ્ય જગત સાથે સંપર્ક સાધવો. જે ઇન્દ્રિય મારફત આપણે આ સંપર્ક સાધીએ છીએ તેને 'કર્મેન્દ્રિય' કહે છે. જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનું કામ મૂળભૂતરીતે મજ્જા સંસ્થાનું જ છે. મૉન્ટેસોરીના રમકડામાં આ બન્ને પ્રકારની ઇન્દ્રિયનો ઉપયોગ થતો હોય તો પણ તે સાધનોની યોજના મુખ્યત્વે જ્ઞાનેન્દ્રિય શિક્ષણની અથવા સંવેદન શિક્ષણની છે.

આ સ્વીકારકેન્દ્ર એટલે જ્ઞાનેન્દ્રિય છે કે ?

આપણે ઉપર ઉલ્લેખ કરેલો આંખનો દાખલો આગળ ચલાવીએ. આંખના પડદા ઉપર પ્રતિમા ઉત્પન્ન થવી એ ઘણાં બધાં ભૌતિક શાસ્ત્રના નિયમ પ્રમાણે થઇ શકે છે, પરંતુ આ પ્રતિમાની જાણ કેવી રીતે થાય છે તે આપણે જોવાનું છે. આંખના પડદાનો સંબંધ મજ્જા સંસ્થાના એક વિશેષ પ્રકારના મજ્જા ના છેડા સાથે આવે છે. આંખના પડદા પાછળના મજ્જાતંતુનો જે છેડો હોય છે તે ડાળીઓ ફૂટેલી ડાળી જેવો દેખાય છે. આ મજ્જામાં પહેલાં બાહ્ય વસ્તુનો આઘાત સ્વીકારાય છે. પછી મજ્જા તંતુની મારફત તે મગજના પ્રકાશ-આઘાતના કેન્દ્રમાં પહોંચાડાય છે. મગજમાં જુદી જુદી જ્ઞાનેન્દ્રિયો મારફત આવનારા આઘાત, તે-તે પ્રકારના સંવેદન કેન્દ્રમાં પહોંચાડાય છે. ત્યાં એ આઘાત પહોચે કે આભજ્ઞા Consciousness વિશેષ રીતે જાગૃત થાય છે. બહારથી આ રીતે આવનારા આઘાત અને અભિજ્ઞા (વિશેષ જાણ) એનો સબંધ સધાય કે બહારની પ્રતિમાનું મનને પ્રાથમિક જ્ઞાન થાય છે. આ પ્રાથમિક જ્ઞાનને જ આપણે સંવેદન કહીએ છીએ. આ પ્રાથમિક જ્ઞાનમાં બાહ્ય જગતમાંની વસ્તુની પ્રતિમાના રૂપ, રંગ આદિના આઘાતનું ભાન થાય છે. આ રીતે પ્રાપ્ત થએલી પ્રતિમા પૂર્વાનુભવને લીધે ઓળખી શકાય તો તરત જ તે ઝાડ છે એમ ઓળખીએ છીએ આગળ જતાં આ પ્રકારના વધુ જ્ઞાનને 'અવબોધ' 'સામાન્ય બોધ' અથવા 'પ્રબોધ' કહેવાય છે.


ખરી જ્ઞાનેન્દ્રિય કયાં હોય છે ?

જ્ઞાનેન્દ્રિયને જ્ઞાનેન્દ્રિય કહીએ તો પણ અવબોધ અથવા સામાન્ય બોધ એમાં જ્ઞાન અંગેના જે આગળના પગથિયાં સમજાય છે તે પ્રકારના જ્ઞાનમાં સ્મૃતિ, બુદ્ધિ, કલ્પના આદિ મનની જુદી જુદી પ્રક્રિયાની મદદ મળતી હોવાથી એ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ જ્ઞાનેન્દ્રિયનું મુખ્ય કાર્ય સમજી શકાય નહિ. જ્ઞાનેન્દ્રિયનું મુખ્ય કાર્ય એટલે બાહ્ય જગતનું પ્રાથમિક જ્ઞાન (સંવેદન) શકય થવા માટે મદદ કરવાનું છે. એટલે જ્ઞાનેન્દ્રિય શબ્દને બદલે સંવેદનેન્દ્રિય શબ્દ યોજીએ તો તે વધુ યથાર્થ થશે. સંવેદનમાં એ પ્રકારનું કામ થાય છે. એક એટલે બાહ્ય જગતના આઘાત મગજના વિશિષ્ટ સંવેદન-કેન્દ્રમાં પહોંચાડવાનું અને બીજું કાર્ય એટલે અભિજ્ઞાનું. આઘાતને લીધે અભિજ્ઞા જાગૃત થાય છે, અને તરત તેને લીધે પદાર્થનું પ્રાથમિક જ્ઞાન થાય છે. જ્ઞાન પ્રાપ્તિના આ શરીરની અંદરની વ્યવસ્થામાં જ્ઞાનેન્દ્રિય કયા ભાગને કહેવું આ એક પ્રશ્ન છે. આ બધી માહિતી ઉપરથી વાંચકના ધ્યાનમાં એક બાબત આવી હશે કે જેને આપણે 'જ્ઞાનેન્દ્રિય' કહીએ છીએ તે જ્ઞાનેન્દ્રિય ખૂબ જ મર્યાદિત કાર્ય કરે છે. બહાર દેખાતી જ્ઞાનેન્દ્રિયમાં ફક્ત આઘાત સ્વીકારવાનું જ કાર્ય થાય છે.

જ્ઞાનેન્દ્રિય શિક્ષણ એટલે શું ?

બહાર દેખાતી જ્ઞાનેન્દ્રિયમાં સંવેદન થતુ નથી, તેના કેન્દ્રો મગજમાં હોય છે. સંવેદની તીવ્રતા વિવિધતા અને વ્યાકતા આ જ્ઞાનેન્દ્રિય સાથે સંકળાએલા મગજના કેન્દ્રોજ પારખી શકે તથા તેમાનો સૂક્ષ્મભેદ સમજી શકે છે તેથી મગજમાના આ વિવિધ સંવેદન કેન્દ્રમાંની સંવેદનાક્ષમતા વધારવી એને જ ખરુ જ્ઞાનેન્દ્રિય શિક્ષણ કહેવુ જોઇએ. [મોન્ટેસોરીના 'જ્ઞાનેન્દ્રિયના' રમકડાંની મદદથી મગજના સંવેદન કેન્દ્રની સંવેદન પાત્રતા વધારી શકાય કે ? આ સંવેદનપાત્રતા અનુવંશિક હોય છે કે ? તેની કક્ષા નિશ્ચિત હોય છે કે તેનો વિકાસ થઇ શકે છે ? તેનો વિકાસ શેનાથી થાય છે ? મોન્ટેસોરી રમકડાં ઉપરની રમતોમા કઇ ક્રિયા-પ્રતિક્રિયા અને પ્રક્રિયા થાય છે વગેરે વિષય આપણે આગળના લેખમા જોઇશું.]

-શ્રી શેષ નામલે




આ શહેરની ત્યાંના ચર્ચ માટે ખ્યાતિ છે મા બાંધવા માટે ઈ. સ. ૧૫૭૩ માં શરૂ-આત થઇ અને તે ૧૬૬૭ માં પુર્ણ થયું આ ચર્ચને સોના ચાંદીમાં મઢા વવા માટે ધાનિક લોકોએ લાખો રૂપિયા ઉદાર હાથે ખરચ્યા છે. નિરભ્ર દિવસે ઘુમટપરની ઘંટનો નાદ ઘણા માઇલ સુધી સંભળાય છે.

૬ મેશ ટકી રહેલું સોનાનું પાણી ચડાવીને બનાવેલુ ભારતમાં 'મર્કયુરી' સર્વોત્તમ એટલે શુ . એ જાણે છે તે વ્યકિત માટે જ તયાર કરવામાં આવ્યું છે, શોભા ઉપયુકતના અને લેખવાનો આનંદ આ બાબત-માં 'મર્કયુરી' ની બરાબરી કોઈ પણ બીજી પેન કરી શકશે નહિ 'મર્કયુરી ' એટલું લોકપ્રિય થવાનું કારણ એટલે તે બનાવતી વ્યકિતઓ અને તેઓએ લીધેલા

પરિશ્રમ છે.

Regd No 135509
P D No 72832.
P D No For
Rim type 75899.



કિંમત રૂા. ૬


પ્રથમ દરજ્જાનું


'સર્વોત્કૃષ્ટ પેન'

નિર્માતાઃ—પ્રકાશ મેટલ વર્કસ, મુંબઈ ૪

એકમાત્ર વિતરક :—પી. રમણલાલ એન્ડ કાં.

૧૧૬-૧૮ નારાયણ ધુર સ્ટ્રીટ, મુંબઈ ૩






દાંતની મુખ્ય દુશ્મન







દાંત અને મુદ્દલ પેઢાં માટેની નિર્ભેળ પ્રકૃતિ

વિકો વજ્રદંતી દાંતને શુભ્ર અને વજ્રજેવા મજબુત રાખવા ઉપરાંત દાંતના અનેક રોગોથી એમનું સંરક્ષણ કરે છે. આમાં વપરાતી મૂલ્યવાન ઔષધીએ અને દ્રવ્યો પેઢાંને સુદ્રઢ રાખવામાં ઘણીજ અસરકારક ઠરેલ છે.

વિકો વજ્રદંતી

૧૮ પરીક્ષિત આયુર્વેદિક ઔષધિઓથી બનાવેલી

મિશ્રણનું પ્રમાણ

બાવળ	0.07	અકકલગરો	0.01	રીંગણી	0.02	લવીંગ	0 02	પતંગ	0.06		
જાંબુ	0.05	દાલચીની	0.01	સાલવા	0 01	બકુલ	0 16	બોર	0 05		
પીપળો	0.02	વજ્રદંતી	0.07	અજમો	0.01	અખરોટ	0 08	ખેર	0 04		
સિંધવ	0.20	મજિષ્ઠ	0.04	માયફલ	0 08						

એના સિવાય સ્વાદ માટે બીજા પણ ચીજો

વિકો લેબોરેટરીક

જયેન્દ્ર મહાલ, દાદર ટી.ટી. મુંબઇ ૧૪.

સોલ ડિસ્ટ્રીબ્યુટર્સ

વિકુલ વામન મુકીમે,

૧૧ શામ સેટ સ્ટ્રીટ

ટેલીફોન નં. ૨૦૬૦૦ મુંબઈ ૨

ગ્રામ MUTHY AGENT

મુદ્રક અને પ્રકાશક:—શ્રી. શેષ નામલ, 'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય, ૧૧૮, હિન્દુ કોલની, દાદર—મુંબઇ

બાલ અને શિક્ષણ સંબંધી

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨ : અંક ૮
નવેમ્બર, ૧૯૫૭



બાળકના વિકાસનું મૂળ

રમત દ્વારા બાલજીવનનું સૌથી વધુ ઘડતર થાય છે, કનાયુઓને તે કામે લગાડીને શરીરનું ઘડતર કરે છે. રમતના મર્મોમાં બાળકની ચેતના અને બુદ્ધિ જાગ્રત રહેવાથી મનનું પણ ઘડતર થાય છે. રમતમાં બળે બળે બીજાં બાળકોના દૃષ્ટિબિંદુ સમજવાની ફરજ પડવાથી આપમેળે સામાજિક ઘડતર થાય છે અને એથી ય વધુ તો એ કે વ્યક્તિના મનમાં ઊંડે ઊંડે દટાયેલી ભાવનાઓને રમતમાં સ્વાભાવિક માર્ગ મળે છે. રમત જ બાળકના સર્વાંગી વિકાસનું સાચું માધ્યમ છે.


સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
તારાબેન મોડક


તંત્રી :
શેષ નાગડે

વાર્ષિક લવાજમ : ₹. ૪/૦૦

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કોલોનીઓ, દાદર, મુંબઈ ૧૪.

છૂટક નકલ ૪૦ નયા પૈસા


મહેતલાલના અન્ય ઉદ્યોગો
ઉ, ખાંડ, રંગો વિગેરે



નજરો નજરનો સાક્ષી

(મહાકોશલની લોક વાર્તા)

એક વેપારી ઘોડે બેસીને ગામમાં આવ્યો અને એક ઘાંચીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં પહેલાં તેણે ઘોડાને આંગણામાં એક લાકડાના થાંભલા સાથે બાંધ્યો. સવારે ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તેણે ઘાંચીને પૂછ્યું; "મારો ઘોડો કયાં ગયો ?" જવાબ મળ્યો, "તમે ઘોડો લાવ્યાજ કયાં છો ? તમે તો પગે ચાલીને આવ્યા છો !"

વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ ગામમાં આવ્યો છું, આખું ગામ એનું સાક્ષી છે " એટલામાં તો તેણે પોતાના ઘોડાને ઘાંચીનાં તબેલામાં જોયો અને બોલી ઉઠયો, "એજ મારો ઘોડો છે !" "ના, ના, હવે એ તો મારો ઘોડો છે," ઘાંચીએ કહ્યું. "પેલા લાકડાના થાંભલાએ કાલ રાત્રે એને જન્મ આપ્યો. દર વર્ષે આમ બને છે. ગામમાં બધાંને આ વાતની ખબર છે."

વેપારીએ ન્યાયાધીશને ફરિઆદ કરી. ન્યાયાધીશે પૂછ્યું, "તમારા કોઇ નજરો નજરનાં સાક્ષી છે ?" પણ ગામમાં તો બધાજ ઘાંચીની તરફેણના હતા. ગામમાં આવતાં પોતે જે શિયાળને મદદ કરેલી તે શિયાળ વેપારીને એકા-એક યાદ આવ્યો, અને તેણે જવાબ આપ્યો, "હા, નામદાર, મારો એક સાક્ષી છે."

અદાલતમાં આવતાંજ શિયાળભોઇએ તો મોટાં બગાસાં ખાવાં માંડ્યાં.

ન્યાયાધીશે પૂછ્યું, "કેમ ભાઇ, રાત્રે ઉંઘ નથી આવી કે ?"

શિયાળે જવાબ આપ્યો, "ગઇ કાલે રાત્રે સરોવરમાં મોટી આગ લાગેલી; અને બધી માછલીઓ ભડભડતા પાણીમાં બળતી હતી. મારી આખી રાત એ માછલીઓ બચાવામાં ગઇ છે."

ન્યાયાધીશ બોજવાયા, "કેવું અર્થહીન બકે છે, પાણીને વળી આગ લાગતી હશે ?"

"ત્યારે આપ નામદાર પણ અર્થહીન નથી બોલતા ?" શિયાળે ટકોર કરી; "લાકડાનો થાંભલો તે કંઇ ઘોડાને જન્મ આપતો હશે ?"

વનસ્પતિ સામે પૂર્વગ્રહ ધરાવતા સર્વને આમાંથી કંઇક શીખવાનું છે. ટુંકમાં એટલુંજ છે આપણે બરી હકિકત જાણતા હોઇએ ત્યારે વજુદ વગરની વાતો ઉપર ધ્યાન ન આપવું. વનસ્પતિ વિષે મુખ્ય સત્ય હકિકતો એ છે કે એ શુધ્ધ વનસ્પતિજ તેલોમાંથી ચુસ્ત સરકારી ધારા-ધોરણો અનુસાર બનાવવામાં આવે છે; અને લાખો ઘરોમાં એ એક કરકસરભર્યા અને આરોગ્યદાયક રાંધણ દ્રવ્ય તરીકે આવકાર પામે છે. અધિક પોષણ માટે તેમાં વિટામિન 'એ' ઉમેરવામાં આવે છે—દરેક ઔંસ દીઠ વિટામિન 'એ' ના ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટો ઉમેરવામાં આવે છે. સારી જાતના ઘીમાં પણ આટલુંજ વિટામિન 'એ' હોય છે. આ સર્વ ભારતના સૌથી વિશેષ લોકપ્રિય વનસ્પતિ ડાલ્ડાને પણ લાગુ પડે છે.

HVM. 317-95 GJ

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભેટ્ટ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન આળવી, રમેશભાઈ કોઠારી, કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

સંપાદકીય	...	૩
વાલીઓ ટાળી શકશે કે ? સંકલિત	..	૭
મા તા એ : શ્રી રતિભાઇ અમીન	..	૧૦
મારી નોંધપોથીમાંથી „ „ „	...	૧૨
ગિજુભાઇ જયંતી સપ્તાહ કેમ ઉજવશો ? શ્રી શેષ નામલે		૧૪
બાલશિક્ષણ અને સંઘ સમાચાર ...	..	૧૭
બાલમંદિરનું નવરૂપ નિદર્શન ... શ્રી શેષ નામલે		૧૮
ધી ઇન્ટરનેશનલ યુનિયન ફોર ચાઇલ્ડ વેલફેર		૨૧
આધુનિક બાલમાનસશાસ્ત્રના પ્રકાશમાં .... શ્રી શેષ નામલે		૨૨

જાહેર વિનંતિ

સ્વ. મોંઘીબેન સ્મૃતિ વિશેષાંક

"શિક્ષણ પત્રિકા"નો ડિસેંબરનો અંક નૂતન બાળશિક્ષણ સંઘના એક પ્રખર કાર્યકર સ્વ. મોંઘીબેનને સંઘના કાર્યકરો તરફથી આપવાની ભાવનાંજલિના રૂપમાં પ્રકટ કરવામાં આવશે. મોંઘીબેનના સંપર્કમાં આવેલા હજારો વિદ્યાર્થીઓ–મિત્રો તરફથી આ અંક માટે લેખાણો આવશે એવી અમે અપેક્ષા રાખી છે. બીજી ગુજરાતી ભણેલા મોંઘીબેને બાળકેળવણી દ્વારા પોતાનો જે વિકાસ સાધ્યો છે તે આ ક્ષેત્રના બધા શિક્ષકોને સ્ફૂર્તિદાયક લાગશે એ વિશે અમને શંકા નથી. આ અંક માટેનું દરેક પ્રકારનું સાહિત્ય દિનાંક ૨૫ મી નવેંબર સુધીમાં નીચેના સરનામે મોકલશો.

શ્રી ચંદુલાલ ભટ્ટ
ઘરશાળા તકતેશ્વર પ્લોટસ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે–"શિક્ષણ પત્રિકા" એ નુતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળે જ બની જાય છે.

કે–"શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે–"શિક્ષણ પત્રિકા"માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા"ના ગ્રાહક કોઇ પણ માસથી થઈ શકાય છે.

કે–"શિક્ષણ પત્રિકા"માં બાળશિક્ષણ તેમ જ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા" માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતા લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહી.

કે–"શિક્ષણ પત્રિકા" ગુજરાતી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧લી અને ૨૦ મીએ પ્રગટ થાય છે.

કે–"શિક્ષણ પત્રિકા"ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્રવ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા" (ગુજરાતી) માટેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

વ્યવસ્થાપક, "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઈ, ૧૪.

મુંબઈ, મધ્ય-પ્રદેશ, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન સરકારના કેળવણીખાતાએ માન્ય કરેલી

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૩૨] નવેમ્બર–૧૯૫૭ અંક ૮

સંપાદકીય

ભાવનગર સંમેલન સફળ બનાવો

આ નવેંબર માસમાં આવતી ગિજુભાઇ–જયંતીના દિવસે ગિજુભાઇનું જીવતું-જાગતું સ્મારકરૂપ બની ગયેલા સંઘને વધુ સંઘટિત અને વધુ કાર્યક્ષમ કેમ બનાવીએ એ જ વિચાર સૌ કોઇ બાળકેળવણી પ્રેમીઓના મનમાં આવે એ સ્વાભાવિક છે. ગિજુભાઇ–જયંતીના દિવસે ભાવનગરમાં બાળકેળવણી પ્રેમીઓનું જે સંમેલન મળવાનું છે તેમાં નૂતન બાલશિક્ષણ સંઘને પણ વિચારણા માટેના એક ખાસ વિષય તરીકે રાખવામાં આવેલ છે. નૂતન બાલશિક્ષણ સંઘની મિત્ર સંસ્થાઓ સંઘ માટે આત્મભાવ અનુભવે છે તેનું જ આ પરિણામ છે. સંઘના ભવિષ્યની ચિંતા સૌ કોઇ બાળકેળવણીપ્રેમી વ્યક્તિઓને અને સંસ્થાઓને થાય એ સંઘના ભાવી માટેનું એક સુચિહ્ન ગણાય.

સંઘ માટે વિચારણા કરવાનો ઉચિત સમય

બાળકો અને બાળકેળવણી પ્રત્યે કુટુંબ સમાજ અને સરકારી યોજનાઓમાં જે ઉદાસીનતા દેખાય છે તે મિટાવવી અને આપણી પરંપરા અને પ્રશ્નો ધ્યાનમાં લઇને આપણી બાળકેળવણીને શાસ્ત્રશુદ્ધ સ્વરૂપ આપવું તેમજ તેના એ શુદ્ધ સ્વરૂપનો જગતમાં પ્રચાર કરવો એ સંઘનો એકમાત્ર ઉદ્દેશ છે. આ ઉદ્દેશ નજર સામે રાખીને સંઘના કાર્યકરો બત્રીસ વર્ષથી કાર્ય કરી રહ્યા છે.

બત્રીસ વર્ષ પહેલાં જ્યારે સંઘની સ્થાપના થઇ ત્યારે જે સ્થિતિ હતી અને આજે જે છે તે આપણે ધ્યાનમાં લેવી જોઇએ. બત્રીશ વર્ષ પહેલાના આપણી પરવશતાના દિવસોમાં આ પ્રશ્ન માટે વિચારણા કરે તેવી સરકારી કે અર્ધસરકારી એક પણ સંસ્થા ન હતી. જ્યારે આજે બાળકોના જુદા જુદા પ્રશ્નો માટે વિવિધ સંસ્થાઓ સ્થાપન થઇ છે. એ બધી સંસ્થાઓ શું કરી રહી છે અને તે શું કરવા માગે છે તે આપણે સમજી લેવાની જરૂર છે. નવી નીકળેલી આ કેટલીએક સંસ્થાઓ પાછળ નામાંકિત વ્યક્તિઓ છે. કેટલીક સંસ્થાઓને પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ સરકારી પીઠબળ છે. કેટલીક સંસ્થાઓ તો આ પ્રશ્ન પરત્વેનો તેનો જે જુદો જુદો દૃષ્ટિકોણ છે તેમાંથી ઊભી થઇ છે. આવી બધી સંસ્થાઓના કાર્યમાં સંઘ માટે કોઇ વિશેષ કાર્ય રહ્યું છે કે નહિ, એવું કોઇ વિશેષ કાર્ય ન રહ્યું હોય તો સંઘ ચલાવવાની વ્યાવહારિક કોઇ જરૂર છે કે નહિ, સંઘે પોતાની સન્મુખ જે ઉદ્દેશ રાખ્યો હતો તે ઉદ્દેશ કોઇ બીજી સંસ્થાઓ મારફત વિશેષ સફળ થાય છે કે કેમ એવા પ્રશ્નો સહેજે ઉભા થાય છે. અને એથી આપણો કાર્યપ્રદેશ અને આપણી સાથે જ કામ કરતી બીજી સંસ્થાઓનો કાર્યપ્રદેશ જો આપણે સ્પષ્ટ રીતે સમજી જઇએ તો કોની સાથે કેટલી હદે આપણે સહકારની આપ-લે કરી શકીએ તેનો જરૂરી ખ્યાલ આપણને મળી રહેશે.

બાળકલ્યાણના ઉદ્દેશવાળી સંસ્થાઓ

સેંટ્રલ સોશિયલ વેલ્ફેર બોર્ડ અને ઈંડિયન કાઉન્સિલ ઓફ ચાઇલ્ડ વેલફેર અથવા ભારતીય બાલવિકાસ સમિતિ એ બન્ને સંસ્થાઓ કેન્દ્રીય સરકારની પ્રેરણાથી અને બાલકલ્યાણના વ્યાપક ઉદ્દેશથી સ્થાપવામાં આવી છે. આવી રાષ્ટ્રીય સંસ્થાઓ દેશમાં સારી રીતે ફૂલે-ફાલે એ દરેક ભારતીય વ્યક્તિએ જોવાની ફરજ છે. બાલકલ્યાણના એમના વ્યાપક ઉદ્દેશમાં પૂર્વપ્રાથમિક બાળકેળવણીનો પણ સમાવેશ થાય છે તેથી સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊભો થાય છે કે પછી સંઘ જેવી સંસ્થાની જરૂર છે ખરી? જે સંસ્થાઓની પાછળ સમગ્ર રાષ્ટ્ર છે, રાજ્ય છે અને જેની પ્રતિષ્ઠા ઘણી મોટી છે, જ્યાં અનુભવી કાર્યકરો છે અને કોઇ પ્રકારની મુશ્કેલી નથી તે સંસ્થામાં જ દેશની બધી નાનીમોટી સંસ્થાઓ પોતાનું સમર્પણ કરી નાખે તો શું ખોટું?

વસ્તુસ્થિતિ એમ છે કે મોટી સંસ્થાઓના પ્રશ્નો પણ એટલા જ મોટા હોય છે. બાલ કલ્યાણનું કે કેળવણીનું કાર્ય એ રીતે એક કેન્દ્રીય સંસ્થા પર નિર્ભર રહે તે આપણા દેશ માટે સારું નથી. દેશમા જુદા જુદા પ્રદેશોમાં આપણા સંઘ જેવી અનેક નાની નાની સંસ્થાઓ છે તે બધાના કાર્યની પણ આપણા દેશને મોટી સંસ્થાઓ જેટલી જ જરૂર છે. ખાસ કરીને કેળવણી વિષયક પ્રયોગો તો જુદા જુદા દૃષ્ટિબિંદૂથી થાય અને તેનો લાભ રાષ્ટ્રને મળે તે વધારે જરૂરનું [illegible] દેશવ્યાપી સંસ્થા દરેક પ્રકારની કેળવણીના પ્રયોગો કરે એ સમાજના હિત માટે પણ જોખમ-ભરેલું છે. આ સંસ્થાઓ જે ઉદ્દેશથી શરૂ થઇ છે તેનો ઉદ્દેશ પણ દેશની નાની નાની સંસ્થાઓને ખલાસ કરવાનો નથી. એથી ઊલટ આ નાની નાની સંસ્થાઓ કેમ વધુ કાર્યક્ષમ બને તે માટે આ મોટી સંસ્થાઓ જાગૃત રહે એ જ જરૂરી છે. આવી સંસ્થાઓ સાથે સંઘે પોતાનું અસ્તિત્વ જાળવી રાખી તેમને જોઇતો સહકાર આપવામાં જ આપણા દેશનું ભલું છે.

હવે બીજી કેટલીક સંસ્થાઓ – જેવી કે નઇ તાલીમ સંઘ, મોન્ટેસોરી એસોસીએશન, કસ્તુરબા સ્મારક નિધિ યોજના – પોતપોતાની રીતે બાળ-કેળવણીનું કાર્ય કરી રહી છે. સંઘની જેમ જ આ સંસ્થાઓનું કાર્ય ખીલે એમ આપણે ઇચ્છીએ. એમના કાર્ય પ્રત્યે સન્માનની લાગણી રાખીને એમના અનુભવોમાંથી જે શીખવા જેવું લાગે તે આપણે લઇએ. આવી સંસ્થાઓ સાથે સંઘે મિત્રભાવ કેળવવો જોઇએ અને એમની સાથે અનુભવની આપ લે કરવી જોઇએ.

સંઘને બત્રીસ વર્ષની પોતાની પરંપરા અને અનુભવ છે તેનું આપણને સ્મરણ રહેવું જોઇએ. ભારતની આજની બીજી બધી સંસ્થાઓ સાથે તુલના કરતાં એ આપણી વિશેષતા છે એમ કહી શકાય. બીજી વિશેષતા એ કે સંઘ જેવી જ કેવળ બાળ-કેળવણીના જ અને તેમાં ય પૂર્વપ્રાથમિક કેળવણીના ક્ષેત્રને વરેલી સંસ્થા એક- મોન્ટેસોરી એસોસિએશન બાદ કરીએ તો– બીજી કોઇ સંસ્થા નથી. ઉદ્દેશના વિસ્તારોમાં અથવા વ્યાપકતામાં જેટલા ફાયદા હોય છે તેટલા જ ગેરફાયદા પણ હોય છે. સંઘનું ક્ષેત્ર બત્રીસ વર્ષમા નિશ્ચિત અને મર્યાદિત રહેવાથી સંઘ આજે બાળકેળવણીના પ્રશ્નોમા ઊંડા ઊતરવાની વિશેષ શક્તિ ધરાવે છે એ હકીકત છે.

ગ્રામિણ અને પછાત વિભાગોમાં અથવા નાગરી વિભાગોમાં બાળકેળવણીનું સ્વરૂપ કેવુ હોવું જોઇએ એ કહેવાનો સંઘને સ્વાભાવિક હક્ક પ્રાપ્ત થયો છે. તેની કદર દિલ્હી સુધી અને દેશના જુદા જુદા ભાગોમાં થઇ રહી છે. મુંબઇ રાજ્યના કેળવણી ખાતાએ આ વસ્તુનો અનેક વખત સ્વીકાર કર્યો છે તેમ છતાં આપણામાંના કેટલાક મિત્રોને સંઘના કામથી સંતોષ નથી એવું સંભળાય છે. આપણા કામ પ્રત્યે આપણો અસંતોષ બે પ્રકારનો હોઇ શકે છે. આમાંનો એક પ્રકાર વિકાસને પોષક છે ત્યારે બીજો પ્રકાર વિકાસને વિઘાતક છે. આપણો અસંતોષ રચનાત્મક છે કે ખંડનાત્મક છે તે જોવા માટે આપણે આપણું આત્મનિરીક્ષણ કરવું જોઇએ.

વિકાસક અસંતોષ જરૂરનો છે


સંઘનું કાર્ય યોગ્ય રીતે ચાલતું નથી એમ થોડી વાર સ્વીકારી લઇએ તો પણ તે શું કામ યોગ્ય રીતે

ચાલતું નથી એ અંદર જઈને સમજી લેવાની ખાસ જરૂર છે. સંઘના કાર્ય માટે આપણને અસંતોષ છે માટે એક જુદી સંસ્થા ઊભી કરીએ એવો જે વિચાર અસંતુષ્ટ વ્યક્તિઓના મનમાં આવતો હોય તો તે સંઘને પોષક નથી એમ સમજવું જોઈએ. જુદી નવી સંસ્થા ઊભી કરવામાં એ સંસ્થાનો પણ અમુક હદે વિસ્તાર થતાં એમાં એના એ જ પ્રશ્નો પુનઃ ઉપસ્થિત નહિ થાય એમ કોણ કહી શકે?

એમ કહેવાય છે કે જે પૂર્વપ્રાથમિક શિક્ષક સંઘ આપણે ત્યાં ઊભો થયો છે તેનું કારણ નૂ. બા. શિ. સંઘ વિશેનું અસમાધાન છે. બાળશિક્ષકોની મૂંઝવણો દૂર કરવામાં સંઘ નિષ્ફળ બન્યો છે તેથી આ નવી સંઘટના કરવામાં આવી છે અને તેના દ્વારા સમાજ અને સરકાર પાસેથી બાળશિક્ષકોને સગવડો અપાવવાનો ઉદ્દેશ રહેલો છે. આ સંઘટના સ્થાપન થયાને લગભગ ચાર વર્ષ થયાં અને છતાં જે ઉદ્દેશથી આ સંઘ સ્થાપવામાં આવ્યો હતો તે ઉદ્દેશ સફળ થયો છે એમ એ સંઘ સાથે જોડાયેલા શિક્ષકો પણ નહિ કહી શકે. આ સંઘનું કામ યોગ્ય રીતે થતું નથી એમ કહેનારા શિક્ષકો એ સંઘમાં પણ આજે છે. એ અસંતુષ્ટ શિક્ષકોએ તેથી બીજો પૂર્વપ્રાથમિક શિક્ષક સંઘ ઊભો કરવો અથવા કોઈ પ્રદેશના શિક્ષકોનો સંઘ સ્વતંત્ર છે એમ જાહેરાત કરવી એ રસ્તો કોઈ પણ સંઘટના માટે અયોગ્ય જ ગણાય. આપણા અસંતોષને આપણે વિઘાતક બનાવવાને બદલે પોષક કેમ બનાવવો એ વિચારવું જોઈએ.

નૂતન બાલશિક્ષણ સંઘ એ બંધારણીય સંસ્થા

ધારો કે કોઇ વ્યક્તિ અગર વ્યક્તિઓનો સમૂહ નૂતન બાલશિક્ષણ સંઘનું કામ યોગ્ય રીતે ન કરતી હોય તો સંઘના કાર્ય માટે જેમના અંતઃકરણમાં લાગણી છે એવી વ્યક્તિઓએ પોતાના અસંતોષનાં કારણો બધાને સમજાવીને સંઘની તે વ્યક્તિ અગર



વ્યક્તિઓના સમૂહને સત્તા પરથી દૂર કરવા જોઇએ. સંઘ પ્રત્યે લાગણી જાહેર કરવાવાળાઓની તે ફરજ પણ છે. એ ફરજ જો તેઓ ન બજાવે તો તેમની લાગણીમાં વજૂદ નથી એવું લાગશે.

આવતા બે માસમાં સંઘની ત્રૈવાર્ષિક ચૂંટણીઓ છે. આ બે માસમાં જ્યાં સંઘની સ્થાનિક શાખાઓ સ્થપાય તે સ્થાનિક શાખાઓમાંથી પ્રાદેશિક શાખાઓ બનશે. એ પ્રાદેશિક શાખાના પ્રતિનિધિઓનું જ સંઘનું નિયંત્રણ મંડળ રચાશે અને એ નિયંત્રણ મંડળ સંઘની કારોબારી અને અન્ય કાર્યવાહી સમિતિઓ માટેની વ્યક્તિઓની પસંદગી કરશે અને એ રીતે સંઘનું કાર્ય સંઘના સભ્યોએ પસંદ કરેલી વ્યક્તિઓના હાથમાં જશે.

બાલવિકાસ સમિતિ સાથે સમજી લઈએ

ભાવનગર સંમેલન ઉચિત સમય પર મળી રહ્યું છે. સંઘના કાર્ય માટે જેઓના અંતઃકરણમાં લાગણી છે તેઓ માટે આ સંમેલન એક સુંદર તક છે. સૌરાષ્ટ્રની બાલવિકાસ સમિતિનું કાર્ય વિકસે એમ સૌ કોઇ ઇચ્છીએ, એ સમિતિને આપણે જે પ્રકારનો સહકાર આપી શકીએ તે જરૂર આપીએ, પરંતુ એ સહકારમાં આપણું પોતાનું અસ્તિત્વ જોખમમાં ન આવવું જોઇએ. સંઘના જે કેટલાક કાર્યકરો સમિતિમાં જોડાયા છે તેઓ સંઘ અને સમિતિના કાર્યની મર્યાદાઓ પોતાના મનમાં નિશ્ચિત કરે અને એક સંસ્થા બીજાનું કામ અપ્રત્યક્ષ રીતે પણ ન બગાડે એ જોવું જોઇએ.

પૂર્વ પ્રાથમિક શિક્ષક-સંઘનો પ્રશ્ન


પૂર્વપ્રાથમિક શિક્ષક સંઘને નૂ. બા. શિ. સંઘ માટે જે કંઇ અસંતોષ છે તેને રચનાત્મક બનાવવા મથવું જોઇએ. શિક્ષક સંઘના ઉદ્દેશો વિશે કોઇને મતભેદ હોઇ શકે એમ નથી શિક્ષકને રક્ષણ આપવાની વાતનો અસ્વીકાર આજે કોઇ ન કરી શકે; છતાં વાત સ્વીકારવાથી આપણો ઉદ્દેશ સાધ્ય થતો નથી. શિક્ષકને રક્ષણ મળવાની સામે કયાં બળો કામ કરી રહ્યાં છે એનો તેઓ ઊંડો વિચાર કરશે તો સંઘ વિશે તેમને કશું કહેવાનું રહેશે નહિ.

શિક્ષકોની મૂંઝવણો દૂર કરવામાં જે મુશ્કેલીઓ આજે તેમને નડે છે તે જ મુશ્કેલીઓ સંઘને પણ નડે છે. એમાં સંઘને દોષિત ગણવાને બદલે તેઓ સંઘને સાથી બનાવે અથવા તો પોતે જ સંઘની અંદર આવીને પોતાના ઉદ્દેશો સફળ બનાવવા મથે. પૂર્વ-પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નો-મૂંઝવણો બીજા કોઇ દૂર કરી શકે નહિ શિક્ષકોએ જ પોતાનો માર્ગ કાઢવાનો રહેશે. જુદી સંસ્થા કાઢવાથી પોતાનો માર્ગ નીકળી જશે એમ માનવાને બદલે સંઘમાં આવીને તે માટે પ્રયત્નો કરે, કારણ કે સંઘનાં દ્વાર બધાં માટે ખુલ્લાં છે.

સંઘને શિક્ષકો પોતાની સંસ્થા બનાવે

આજે બાળકેળવણીના કાર્યકરોમાં એકસૂત્રતા લાવવાનું કામ સંઘ કરી શકશે એવી શ્રદ્ધા ઉત્પન્ન થાય તેની જરૂર છે. ભાવનગર સંમેલન એ દિશામાં સફળ થાય એમ અમે ઇચ્છીએ છીએ. બની શકે તો શિક્ષક સંઘ આખો સંઘમાં વિલીન થાય એ ઇચ્છવા જેવું છે. એ વિલિનીકરણ કાર્યનું અનુસંધાન ધ્યાનમાં લઇ કોઇ પણ પ્રકારની શરતો વગર થવું જોઇએ, જેથી સંઘમાં નવો પ્રાણ આવે. સમયની જરૂરિયાત ઓળખીને સૌ કોઇ વર્તે એમ અમે ઇચ્છીએ છીએ.*

તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે.
બાળકોની તંદુરસ્તી માટે તેમને
હમેશા સંતોષ કુકરમાં બનાવેલ
પૌષ્ટીક રસોઇ ખવરાવો



મુ
સા
ફ
રી
નો
મિ
ત્ર

સંતોષ કુકર બળતણ, વખત, પૈસા ને
મહેનત બચાવે છે. સંતોષ કુકર કું.
૧૧૯, ન્યુ ચર્ની રોડ, મુંબઇ–૪.

વાલીઓ આ ટાળી શકશે કે ?

આજકાલ બાલમાનસના વિકાસની તથા આનંદની જવાબદારી બાલમંદિરે લીધી છે ત્યારથી બાળકને વલણ આપવાની બાબતમાં આપણો કંઇ હિસ્સો છે કે નહિ એની શંકા વાલીઓને થવા લાગી છે. શાળાએ આ જવાબદારી લીધી ખરી, પણ તેને લીધે વંશપરંપરાગત ચાલી આવેલા ગુણ બાળકમાં ઉતારવાના પોતાના અત્યંત મૌલિક એવા હક્કમાંથી વાલી મુકત થઇ શકે ખરા?

બાળકના સ્વભાવનું ઘડતર કરવાની બાબતમાં સૌથી વધારે પ્રભાવ વાલીઓની કેળવણીનો જ પડતો હોય છે. શાળા અથવા તત્સમ સંસ્થા દ્વારા એને થોડીઘણી મદદ થશે એટલું જ. દા.ત. છોકરો ભૂલકણો હશે, પોતાની વસ્તુ ખોઇ નાખતો હશે તો વાલીઓને થશે કે સ્કાઉટ કે એવા જ પ્રકારની એકાદી શિસ્ત શીખવનારી સંસ્થામાં એને મૂકવો જોઇએ જેથી એને પોતાની જવાબદારીનું ભાન થશે. આને લીધે એક તો વાલી પોતાની કિંમત ઓછી કરે છે અને બીજી વાત એટલે ઘરમાં જે બાળક વડીલ વ્યક્તિઓ ઉપર જ આધાર રાખતો હોય તો જગતમાંની કોઇ પણ સંસ્થા તેને સુધારી શકવાની નથી. (આ એક સ્કાઉટ કમિશનરનો મત છે).

બાળકની અસ્તવ્યસ્ત પથરાયલી વસ્તુ પોતે જ ઠેકાણે પાડવી અથવા ખોવાએલી વસ્તુ ફરીથી આણી દેવી એ વાલી, પ્રેમને લીધે કરતા હોય છે. બાળકને વ્યવસ્થિતપણાનું વલણ લગાડવા કરતા આ બાબત બહુ જ સહેલી અને સગવડવાળી છે. પણ આવી રીતે વસ્તુની ભેટ આણી આપવા કરતા બાળકને જીવનભર ઉપયોગી થનાર ગુણ જો તેમનામાં ઉત્પન્ન કરતા આવડે તો આ ભેટ જેવી એક પણ ભેટ ના ગણી શકાય. માત્ર આ ભેટ સસ્તી નથી અને બજારમાં પણ મળતી નથી. તેને માટે વાલીઓને પોતાનો મનોભંડાર જ ખુલ્લો કરવો જોઇએ.

પ્રામાણિકપણું, ઉદારપણું, નિરવાર્થીપણું આ બધાં ગુણ બાળકમાં શેને લીધે આવે છે? આનું બીજારોપણ નિશ્ચિત રીતે ઘરમાં જ થાય છે. તજજ્ઞોના મત પ્રમાણે બાળકનો સ્વભાવ પ્રેમાળ અથવા તોછડો બને છે તે પહેલા વર્ષના સંસ્કારને લીધે જ. બાળકને પ્રેમથી થાબડવું, સમયસર અન્નપાણી અને જરૂર હોય ત્યારે પ્રેમની હૂંફ એટલી બાબતો જો બાળકને નિયમિત મળે તો તે બાળક પ્રેમાળ જ થશે. પરંતુ જે માતાપિતાને પોતાનાં બાળકો સાથે બેસવાનો કે બોલવાનો સમય જ મળતો નથી, અથવા જેનો સ્વભાવ અધીર હોય, જેને બાળકોની ગતિ સાથે જવું ફાવતું ન હોય એવા વાલીઓએ પોતાનાં બાળકો ગુણવાન થશે એવી આશા રાખવી તદ્દન ભૂલભરેલી હોય છે. બાળક માતાપિતાના ગુણ ગ્રહણ કરે છે તે તેમને માટેના પ્રેમને લીધે જ ગ્રહણ કરે છે અને એ જ ગુણ લાંબો સમય સુધી ટકનારા હોય છે. ધાકધમકીથી, શિસ્તથી અથવા સંસ્થાના નિયમના બંધનને લીધે જે ગુણ આવ્યા જેવા લાગે છે તે તાત્પુરતા હોય છે. આવે સમયે બંધન નષ્ટ થતાં બાળકનો મૂળ સ્વભાવ બહાર આવે છે અને આવાં બાળકો વિક્ષિપ્ત બને છે.

બીજા વિશ્વયુદ્ધમાં લંડનના અનાથ બનેલાં હજારો બાળકોને ગામડામાં મોકલવામાં આવ્યા હતાં ખૂબ ઉત્તમ દેખરેખ નીચે જુદા જુદા અનાથ ગૃહોમાં

હજારો કુટુંબોમાં હવે છુટથી વપરાય છે.....



* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળપ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે

લોમા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

સોલ એજન્ટસ : એમ. એમ. ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ.

એજન્ટસ : સી. નરોત્તમ એન્ડ કું.
મગલદાસ રોડ, મુંબઈ–૨.

ટે. નં. ૩૦૫૯૫. M. P. S.

માતાઓ

લે. શ્રી. રતિલાઇ અમીન

(૧)

એક માતા હતી

* એક માતા ચાર બાળકોની માતા હતી. સંસ્કારી અને ગુણી પતિ હતો. ખાવાપીવાનું સુખ હતું, રહેવા રૂડું ઘર હતું પણ, કોઇના જીવને નિરાંત ન હતી. કોણ જાણે કેમ?

* એ માતા ઉઠતાંવેંત બાળકોને ઘૂમો પાડી ઉઠાડતી. ન ઊઠે તો બાવડાં ઝાલી ખાટલેથી નીચે નાખતી ને શોરબકોર કરી મૂકતી. ઘરમાં રડારોળ થઇ રહેતી.

* ખાવા વખતે કોઇ હાજર નહિ, થાળીનું ઠેકાણું નહિ, પાટલો કયાંયથી શોધી લાવવો પડે, લોટા-પવલા હાંથ આવે જ શાના? વાટકીમાં બાપાએ ગુદર પલાડયો હોય ને પવાલામાં રાતનું વધેલું પૂરી તળેલું તેલ પડયુ હોય. જેમતેમ આંખા કોળીઆ ઉતારી પતિ બિચારો નોકરીએ દોડી જતો ને રખડીને આવેલાં છોકરાં મોડાંમોડાં કોઇ પાટી ભૂલીને તો કોઇ પેન ભૂલીને શાળાએ દોડી જતાં.

* કમાણી આ માતાને ત્યાં સારી હતી: તો પણ ત્રણ સાંધતાં તેર તૂટતાં ને માસ આખરે ભાડાના ને ગાંધીનાં બિલ ચૂકવવાં બોકી રહેતાં.

* આ માતાના મોંમાં સ્વસ્તિવાચક શબ્દો ભર્યા હતા ને તેથી તે શબ્દોનું અનુકરણ બાળકો બહાર પણ કરતાં થઇ ગયાં. આથી સૌને આ બાળકો અપ્રિય થઇ ગયાં ને રોજ મારવાની, ગાળાગાળીની ફરિયાદો ઘેર આવતી.

* પતિને પણ બોલી નાખતાં વાર કરતી નહિ. 'તમે તો કાંઇ કમાતા નથી. જુઓ ચંપકમામાને ત્યાં કેવી વસ્તુઓ આવે છે! તમારા ઘરમાં આવી મેં શું સુખ જોયુ? બે ગાદલાંઓ બાપને ત્યાંથી લાવી છું.' ઘણા પૈસા ખર્ચતો પતિ આથી ખૂબ નારાજ રહેતો. બાળકોમા અસંતોષનો અગ્નિ સળગવા લાગ્યો.

* આ માતા જ્ઞાનની–સમજતી વાતો કદિ સાંભળતી નહિ પોતે કાળા અક્ષરને કૂટી મારે તેવી હતી. કદિ એ દિશાનો વિચારે આવતો ન હતો. જેથી બાળકોની મૂંઝવણો તે સમજી ન શકતી. પતિએ પણ તેથી કલબને ઘર બનાવ્યુ હતું. સૌનાં મન ભાંગેલા મોતી જેવા જુદાં જુદાં રહેતા.

* પાડોશીઆડોશી કે જ્ઞાતિસુધારકો રૂબરૂ આવીને કોઇ કરવા જેવી નવી બાબતો કહે તો પણ કાનના પડદા બંધ રાખી 'એ અમારે ન પાલવે. અમે કરતા હોઇશું તે કરીશું. તમારે શું?' કહી વાતોને ઉડાવી દેતી.


(૨)

બીજી માતા હતી

* બીજી માતાને ચાર–પાચ બાળકો હતાં. પતિ જરૂરિયાત કરતાં ઓછું કમાતો. જરા વ્યસની પણ હતો ને ઘણી વાર બૈરીને ગડદાપાટુ પણ કરતો છતાં ઘરમાં શાંતિ હતી. નિરાંત હતી. કારણ?

* માતા પોતે વહેલી ઊઠતી. નિત્યકર્મ–દાતણ-પાણી, સ્નાનથી પરવારી લેતી ને બાળકોની પથારીઓ પાસે જઇ 'બાલુડાં કાલુડાં જાગો. સૂરજદાદા બોલાવે, ચકાચકી બોલાવે. દૂધ તૈયાર છે' એવા મીઠા શબ્દોથી ધીરેથી બરડે હાથ ફેરવતી ને બાળકો હસતાં ઊઠી જતાં.

* આ બીજી માતા બાળકોને જાતે જ નહાવાની



હાર્મોનિયમ, ટ્યુનિંગ, સિતાર,
તથા તંબોરો જવારી
સ્પેશીઆલીસ્ટ

ઓર્ડરના ૨૫% એડવાન્સ
નજીકનું રેલ્વે સ્ટેશન
જણાવો

સંગીત વિકાસ કું.
દાદર, મુંબઈ ન ૨૮.
શાખા: સૅન્ડહર્સ્ટ રોડ વ અહમદાબાદ

પ્રસંગોપાત, મુખવાસ માટે વપરાતી

હિલરંજન

સેન્ટેડ સોપારી

* સુમધુર * સૌને આનંદિત કરતી

સર્વ જગ્યાએ વેચાય છે.

આપના ગામની એજન્સી માટે લખો:–

રાવજીભાઇ કે. સોપારીવાલા

શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ, મુબઇ–૭

બ્રાન્ચ: પોસ્ટ ઓફીસની બાજુમાં,

વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ ૪

સગવડ આપતી. કોઇનાં માથાં ઓળી આપતી તો કોઇને લોટાપવાલાં ઉટકતાં શિખવાડતી. ચા–દૂધ સાથે નાસ્તો આપતી ને બાળકોને વાચવા ને કામ કરતાં ગોઠવી દઇ રસોઇ વખતસર કરી દેતી.

* આ બાળકો માતાની રજા વિના ડોકિયું ય બહાર કાઢતાં નહિ. પતિ કામથી પરવારી નિરાંતે જમી હીંચકે આરામ લઇ ઓફિસ તરફ ધીરે ડગે જતો.

* કમાણી ઓછી હતી તેથી આ માતા કામથી પરવારી બારથી ચારમાં સૂતર કાંતવું, મગફળી ફોલવી, પાપડ વડી કરવા, અથાણાં બનાવવાં, થેલીઓ ભરવી વગેરે ગૃહ ઉદ્યોગમાં મંડી પડતી ને પતિની આવક દોઢી કરી દેતી. તેથી એક પાઇનું ય દેવું રહેતું નહિ. પતિ કયાંક આફિસના કામથી કંટાળીને ખીજતો પણ દૂઝણી ગાય જેવી પત્નીને જોતાં મારવું ભૂલી ગયો ને બાળકો પાસે પ્રેમ મીઠાશથી આનંદ કરતો.

* આ માતા માનવાચક શબ્દોથી જ સૌને બોલાવતી તેથી બાળકો સૌને જી, હા જી થી જવાબ આપતાં ને તેથી સૌને પ્રિય થયાં. આ ઘરનાં બાળકોને સૌ સંસ્કારી કહેતાં.

* બહાર આગ વરસે એવા સંજોગોએ આ માતાના મોં ઉપરથી હાસ્યની રેખાઓ ખસતી નહિ ને તેથી બાળકો પણ ખુશનૂમા ને આનંદી રહેતાં. જેવું હોય તેવું નભાવી લેતાં ને પતિને ઘરે સ્વર્ગ જેવું લાગતું.

* બે પાંચ ચોપડી ભણેલી હતી ને અભ્યાસ વાચન વધારતાં જઇ ભણેલા પણ જે બાબતો ન જાણે તેવું તેણે વાચનમાંથી મેળવી લીધું હોઇ રાતે પોતાના બાળકોને એ સારી એવી વાતો કરતી ને સૌ સાથે બેસી–વાચન–વિચારણા ચર્ચા થતી તેથી સૌનાં દિલ હળવાં રહેતાં.

* આ માતા સૌની વાત સાંભળતી, સારાસારનો વિચાર કરતી ને અમલમાં મૂકવા જેવી બાબતનો તુરત અમલ કરતી. આથી આ માતાનું ઘર આગળ પડતું ગણાતું, પંકાતું ને સૌના આદર્શરૂપ બન્યું હતું.

આ બે માતાઓની રહેણીકરણી ઉપરથી આપણને આપણા અને આપણાં બાળકોના ભાવિ જીવન વિકાસ માટે કઇ માતાનું અનુકરણ કરવું ગમે?



વૈજયંતિમાલા
ભારત નાટયમની
પ્રતિમા
એમ કહે છે

હું જાણું છું કામીનીઆ શૃંગાર પ્રસાધનો ઉત્તમ છે. હું મારી પસંદગી બાબત ખરેખર ગર્વ ધરાવું છું. અને ખરેખર તે યોગ્ય જ છે

કામીનીઆ શૃંગાર પ્રસાધનો

— દ્વારા —

ચમકતો કેશકલાપ
અનુપમ લાવણ્ય
અને
મશરૂ જેવી મુલાયમ ત્વચા
મેળવો

* કામીનીઆ હેઅર ઓઇલ
* કામીનીઆ સ્નો
* કામીનીઆ ટાલેઇટ સોપ
* ઓટો દિલબહાર

એગ્લો ઇન્ડીયન ડ્રગ્ એન્ડ કેમીકલ કું.,
મુંબઈ-૨.

આરી નાંધ પોથી માંથી

લે. શ્રી. રતિભાઇ ડા. અમીન

વિનોદભાઇ હરખાતા ઘેર આવ્યા. બાએ એમને તેડી લઇ ચૂમી લીધા.

બીસામાં હાથ નાંખી બે પેંડા કાઢતાં બોલ્યા: 'આ 'મા બે પેંડા'

સરોજબેન બાજી સમજી ગયાં. બીજે દિવસે બાલમંદિરમાં ગયાં અને બેનને કીધું. 'મારા વિનોદનું નામ કાઢી નાખો, આ બાલમંદિરમાં મારે બેને નથી રાખવો.'

'પ્રણ કંઇ કારણ, સરોજબેન?' બાલમંદિરના બેને આશ્ચર્યચકિત થતાં પૂછયું.

'ચાર દિકરીઓ વચ્ચે વિનોદ એકલો છે એ તમે જાણો છો મને તે વહાલો છે પણ તમે એ બાળકને આવાં બોટાં લાડ કરી ચડાવી મારતાં હશો ને એકને બદલે બે પેંડા બીસામાં આપી ઘેર મોકલો ત્યારે બીજી માતા તો ખુશખુશ થઇ જાય પણ હું તો એમાં બાળકનું બૂબ અહિત થયુ જોઇ શકી બેન.' સરોજ બેને બાલમંદિરની થયેલી ગંભીર ભૂલ તરફ ધ્યાન દોરતાં જણાવ્યું.

'એમાં તમારો દોષ નથી. આજ શહેરમા સારા ગણાતાં બાલમંદિરો બાળકોને ખુશ રાખવા છડેચોક ખુશામત કરે છે. અને એ બાળકોને પોતાને ઘેર એ તરફના વર્તાવમાં જ્યારે ઓછપણું લાગે છે ત્યારે મા બાપ અને વડીલો તરફ ધૃણાની દૃષ્ટિએ જોતાં ટેવાય છે. વળી બીજાં બાળકોથી એ કાંઇક અધિક છે એવા બોટા ભ્રમમાં પડે છે ને એથી એનો વિકાસ અટકે છે. કેમ મારું કહેવું તમારાથી સમજાય છે, બેન?' બોટા લાડના અનર્થ તરફ લાલ બત્તી ધરતાં પૂછ્યું.

'હું સમજી બેન, જેમ અપમાન બાળકનો વિકાસ બંધ કરે છે એમ અતિમાન કે બોટાં લાડ જરૂરનાં નથી. હવેથી આવું નહિ બને એની બાત્રી આપું છું ને તમારા જેવાં બહેનો આવું અમારુ બ્યાન દોરતા રહે એમ ઇચ્છુ છું' શરમાતા સુધારણા કરી લેવાની ટેવવાળાં બેને બાળકને અહીં જ રાખવાના આગ્રહ સાથે જણાવ્યું.

'ભલે' 'નમસ્તે' કહી સરોજબેન ઘેર ગયા.

(૨)

હું વાંચતો હતો ને પાડોશના હીરાભાઇ ઓફિસેથી ઘેર આવ્યા.

બારણામાં પેસતાં જ, 'કયાં ગયો વિનુ?' 'આ રહ્યો બાપુજી.'

'તારા ડોળા ફૂટી ગયા છે, આ લાકડાં આમ જ્યા ત્યાં વચમાં ફેંકયાં છે?' કરતા દાખલ થયા અને ભાનુએ એનો બોકાનો કરેલો બોડો, એક લાકડીનો ચાબૂક ઉપાડી લઇ એક બાજુ મૂકી દીધાં.

'હું કહી કહીને થાકયો કે આ બીંટીએ છત્રી નહિ મૂકવાની. મારી સોટી જ રાખવાની એ બી ટી છે. કયાં ગઇ ચ પાની બા?' બૂમ મારતા બાપુજી તાડુકયા.

'આ રહ, હું પાછળ લોટા પવાલાં ઉટકું છુ ને આવુ છું.'

'ના, તુરત આવ. જો આ ગાદીનો ગલેફ તારાં છોકરાંએ કેટલો ચૂંથી નાખ્યો છે એને સરખો કરી અને આ તારાં ચંપલ વચમાંથી ઊંચે મૂકી દે'

હાંફળી ફાંફળી ગાધા દોડતી આવી ને ગલેફ સરખો કર્યો ચપલ બાંધાં મૂકયાં

ત્યાં તો ધક્કા મૂકી, શોરબકોર ને ઘોંઘાટ કરતા સામસામાં બે બાળકો અથડાઇ પડયાં ને રાડારોળ થઇ રહી.

'મેં હજુ ઘરમાં પગ મૂકયો નથી ને આ શું છે બધું?'

કોલેજમાં ભણતો રમેશ બોલી ઊઠયો, 'બાપુજી, આ તો <u>ગડબડાલય</u> અને <u>હુકમાલય</u>'

'એટલે?'

'પુસ્તકો રખાય એ પુસ્તકાલય તેમ ગડબડ–ઘોંઘાટ હોય એ ગડબડાલય અને હુકમો છૂટે એ હુકમાલય.'

શરમીંદા પડી ગયેલા બાપુ હાથપગ ધોઇ મૂંગા મોંએ વાળુ કરવા બેસી ગયા. ને હું આ નાટક જોઇ મનમાં હસી પડયો.

(૩)

રતન તો રતન પાંચ વર્ષની છોકરી શું ડાહી, શું ડાહી ને બોલે તો જાણે ફૂલ ઝરે.

નમણું નાક ને કપાળે ટીલડી. હસે તો ગાલમાં ખાડા પડે.

ભરાવદાર શરીર ને ગૌરવભરી ચાલ. રતન બેન ઝાંઝરનો ઝમકાર કરતાં ચાલે.

બા વહેલી ઊઠે એની સાથે રતન બેન પણ ઊઠે. દાંત તો એવા સાફ કરે કે જાણે દાડમની કળીઓ. જંગલ જાય ને સ્નાન કરે. શરીર ઘસીઘસી લૂએ ને ધોએલાં કપડાં પહેરે ત્યારે રમાડવાનુ મન થાય.

પણ એમને કોઇ અડે એ ન ગમે. નાનાં પણ સમજુ ભારે 'પુષ્પને કા અડો, છેટેથી અમને ખીલવા દો ને' આવું કહીને એ દૂર ભાગી જાય.

બા કહે, 'રતન ઊંઘી જા નહિતર બાવો આવશે'.

'ભલે આવે, મારા બાપુજી છે ને!'


મોટી બેન કહે, 'રતન ઊંઘી જા નહિતર હાઉ બોલાવીશ'.

'બોલાવ તારા હાઉને, હાઉને હું ખાઇ જઈશ, હાઉ કેવો ને બાઉ કેવો?'

રતનને ઊંઘવું હોય ત્યારે ઊંઘે, ઊંઘે ત્યારે ઘસઘસાટ ઊંઘે ને ઊઠે ત્યારથી પુદાની જેમ ફરે.

રતન ઝૂંપડાની રતન હતી. ઠાકરડાની દિકરો હતી પણ વાન બધાં હતાં વાણિયા–બ્રાહ્મણના ઘરનાં.

રતન મહેનતુ ઘરનું ફરજન હતું.





स्वदेशी भावना केळवी भारतमांज बनती स्वदेशी बनावटोने ज उत्तेजन आपे



ગિજુભાઇ જયંતી સપ્તાહ કેમ ઉજવશો ?

ગિજુભાઇ જયંતી નવેમ્બર તા. ૧૪થી ૨૧ સુધી એટલે બાલશિક્ષણ જયંતી. સ્વ. ગિજુભાઇએ આપણા દેશમાં નૂતન બાળ કેળવણીનો પ્રભાવી પ્રચાર કર્યો. એ પ્રચાર માટે તેમણે પોતાના જીવનનું સમર્પણ કરીને તેઓ સમાજના હૃદયમાં ચિરંજીવ બન્યા. દર વર્ષે નૂતન બાળ શિક્ષણ સંઘ સાથે સંબધિત સંસ્થાઓ તેમજ તેની મિત્ર સંસ્થાઓ ગિજુભાઇને પોતાની સ્મરણાંજલિ આપવા માટે અને તેમનું કાર્ય આગળ ચલાવવા માટે ગિજુભાઇનો જન્મદિન એ જ આપણી બાળકેળવણીનો જન્મદિન ગણીને તેની આસપાસના સપ્તાહના દિવસો ઉત્સવરૂપે ઊજવે છે.

આ સપ્તાહમાં ઉજવવાના ઉત્સવ પાછળ આપણા નીચે મુજબના ઉદ્દેશો છે :

૧) બાળ કેળવણીના ચાલુ પ્રશ્નો પર જનતાનું ધ્યાન કેન્દ્રિત કરવું;

૨) બાળ કેળવણીના પ્રશ્નો સંઘટિત રીતે વિચારવા માટે સ્વ. ગિજુભાઇએ સ્થાપન કરેલા નૂતન બાલ શિક્ષણ સંઘને નવું સંઘટિત બનાવવું અને તેના કાર્ય માટે જયંતી નિધિ મેળવવો;

૩) બાળ કેળવણી અને વિકાસ અંગેના કાર્યક્રમને ઉ-તેજન આપવું.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બાળદિન

નવેમ્બર તા. ૧૪ નો દિવસ આપણા લોકપ્રિય પંતપ્રધાન શ્રી. જવાહરલાલજીનો જન્મ દિવસ છે. જવાહરલાલજીને દુનિયાભરનાં બાળકો માટે અત્યંત પ્રેમ છે. આ દિવસે હજારો બાળકો પોતાના 'નેહરૂ ચાચા' માટે ભાવભરી લાગણી વ્યક્ત કરશે. જવાહરલાલજીનો જન્મદિવસ છેલ્લા કેટલાક વર્ષોથી આપણે આપણા રાષ્ટ્રીય બાલદિન તરીકે ઉજવતા આવ્યા છીએ. આ વર્ષે બાલ કલ્યાણ આંતરરાષ્ટ્રીય સંસ્થાએ આ દિવસ ભારત માટે આંતરરાષ્ટ્રીય બાલદિન તરીકે મનાવવાની પણ અનુજ્ઞા આપી છે તેથી આ દિવસે આપણા દેશના જુદા જુદા પ્રદેશનાં બાળકો વચ્ચે પ્રેમ અને મિત્રાચારી વધે તે પ્રકારના કાર્યક્રમો થાય તે ઉચિત ગણાશે. જ્યાં શક્ય હોય ત્યાં અન્ય દેશના અને પ્રદેશોનાં બાળકોના મેળાઓ યોજવામાં આવે.

જુદીજુદી જાતોના, ધર્મના, પંથના, પ્રદેશના બાળકોના મેળાની સાથોસાથ દરેક ગામમાં કે શહેરમાં આમ જનતાની સભાઓ યોજીને એ સભા આગળ બાળકોના જાહેરનામામાં રજૂ થયેલ સિધાન્તોનો પ્રચાર કરવો જોઇએ. આ વર્ષે બધાનું લક્ષ જાહેરનામાની ચોથી કલમ પર કેન્દ્રિત કરવા માટે ભારતી બાલસેવા સમિતિનો આદેશ છે. નૂતન બાલ શિક્ષણ સંઘની દરેક શાખા અને સંસ્થામાં આ દિવસે ઉચિત એવો કાર્યક્રમ ઘડે અને ભગવાન આપણા પંતપ્રધાનને દીર્ઘાયુ અને આરોગ્ય આપે તે માટે પ્રાર્થના કરે.

બાલશિક્ષણ જયંતી દિન

સપ્તાહના આ બીજા દિવસ માટે આ વર્ષે આપણી પાસે એક વિશેષ કાર્યક્રમ છે. એ દિવસે બાળ કેળવણીની દરેક સંસ્થામા તે સંસ્થાના બાળકોના વાલીઓ અને શિક્ષકોની સંઘટના સ્થાપન કરવાનો નિશ્ચય; તે માટે વાલીઓ અને શિક્ષકોની એક સભા યોજવી જોઇએ.

નૂતન બાળ શિક્ષણ સંઘ એટલે વાલીઓ અને શિક્ષકોની જ અખિલ ભારતીય સંઘટના છે. આ સંઘટના સંપૂર્ણ રીતે લોકશાહી છે. નવેમ્બર અને ડિસેંબર મહિનાઓમા આ સંઘટનાની સ્થાનિક શાખાઓ દરેક ગામની બાલમંદિર કે બાલવાડીમાં સ્થાપન કરવા માટેનો આદેશ સંઘના નિયંત્રણ મંડળે આપ્યો છે કોઇ પણ સંસ્થાના વાલીઓ અને શિક્ષકોમાં ગ્રામીણ વિભાગમાં (જે ગામની વસ્તી એક લાખથી ઓછી હોય તે ગામ ગ્રામીણ વિભાગમા ગણાય છે) ઓછામાં ઓછા પાંચ શિક્ષણ-પત્રિકા સભ્યો થાય કે સંઘની સ્થાનિક શાખા સ્થાપન કરી શકાય છે.

બાલશિક્ષણ સંસ્થાના શિક્ષકો અને સંચાલકોને વિનંતી


આપની સંસ્થાના વાલીઓ સાથે સંપર્ક રાખવાનું આપને અનેક રીતે ઉચિત લાગતું હશે જ. વાલીઓના સહકાર વિના કોઇ પણ બાલશિક્ષણ સંસ્થા પોતાનું કાર્ય સંગીન રીતે કરી જ શકતી નથી. કદાચ આપ આપની સંસ્થાના વાલીઓ સાથે સંપર્ક સાધવાના જુદા જુદા પ્રયાસ પણ કરતા હશો. આપને વિનંતી છે કે આપ વાલીઓનો સહકાર સાધીને આપની સંસ્થાની જ એક વાલીઓ અને શિક્ષકોની સંઘટના નૂતન બાળ શિક્ષણ સંઘની સ્થાનિક શાખા તરીકે બનાવી લેશો. આપના ગામમાં એક લાખ કરતાં વધુ વસ્તી હોય તો કુલ શિક્ષણ–પત્રિકા સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી દસ જોઇએ. એ રીતે આપના ગામમાં જેટલાં બાળમંદિરો હશે તે બધામાં જો વાલી-શિક્ષકોની સંઘટના બની જશે તો તે બધી સંઘટનાઓના પ્રતિનિધિઓની પ્રાદેશિક સંઘટના બનાવીને તેના પ્રતિનિધિ નૂતન બાલશિક્ષણ સંઘના નિયંત્રણમંડળ પર જઇને આ સંસ્થાનું નિયંત્રણ કરી શકશે.

આપની સંસ્થાની આ સંઘટનાનો મુખ્ય ઉદ્દેશ આપની સંસ્થાને દરેક રીતે મદદ પહોંચાડવાનો રહે છે. તેથી આ પ્રકારની સંઘટનાથી આપને કોઇ પણ પ્રકારનો ભય નથી. વાલીઓ સાથે વધુ સારી રીતે સંઘના માર્ગદર્શનથી આપ સંપર્ક સાધી શકશો.

ગિજુભાઇ જયંતીના શુભ અવસરે આપની સંસ્થામાં નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાનિક શાખાના રૂપમાં સંસ્થાના વાલી–શિક્ષકોની સંઘટનાની સ્થાપના થવી જોઇએ. તે માટે જરૂરી પગલાં લેશો.

ગિજુભાઇ જયંતી–નિધિ :

સપ્તાહના દિવસોમાં નૂતન બાલશિક્ષણ સંઘની મદદ માટે વર્ષમાં એક વખત આપણે બાલ-મંદિરોમાં જેનાં બાળકો ભણતા હોય એવા વાલીઓ પાસે સંઘ સંસ્થાઓ દ્વારા પહોંચે છે. આ વર્ષે સંઘની પોણા ત્રણ લાખની વિકાસવાડીની યોજનાને ભારત સરકારે બીજી પંચવાર્ષિક યોજનામાં સ્થાન આપીને અત્યાર સુધી સંઘને રૂા. ૭૮૦૦૦ આપ્યા છે. શ્રીમતી તારાબેનના ભગીરથ પ્રયત્નથી જનતા પાસેથી પણ સંઘને ૩૮૦૦૦ રૂપિયા જેટલું દાન મળ્યું છે. વિકાસવાડી માટેના લગભગ દોઢ લાખ રૂપિયા જેટલાં મકાનો તૈયાર થયાં છે અને તેમાં



વિકાસવાડીની સંસ્થાઓ પણ શરૂ થઈ છે. વિકાસવાડીનાં મકાનો અને અન્ય ખરચને પહોંચી વળવા માટે સંઘને હજી દોઢ લાખ રૂપિયાની જરૂર છે. આ વર્ષની આ વિશેષ જરૂરિયાત ધ્યાનમાં લઈને સંઘે ૩. ૧ થી ૩. ૧૦૧ સુધીની દાન પાવતીઓ કાઢી છે. બાળમંદિરોના સામાન્ય વાલી પાસેથી સંઘની અપેક્ષા કેવળ વાર્ષિક ૧ રૂપિયાની જ છે. પ્રાદેશિક સંસ્થાઓ તરફથી દરેક બાલશિક્ષણ-સંસ્થા દ્વારા જયંતી-નિધિ એકઠો કરવા માટેના પ્રયત્નો થશે તેને દરેક સંસ્થા વધાવી લેશે અને સંઘને સહકર બનાવવા પોતાથી બનતા પ્રયાસો કરશે એવી આશા રાખવામાં આવે છે.

ભાવનગરનું ત્રિજુભાઈ જયંતિ સંમેલન

નવેમ્બરની ૧૫મીએ અને ૧૬મીએ ભાવનગરમા ત્રિજુભાઈના અધ્યાપન સંસ્થામાં જે સમેલન બોલાવવામાં આવ્યું છે તેની બનહેરાત ગયા અંકમાં થઈ છે. આ સંમેલન એવા ઉચિત સમયે મળી રહ્યું છે કે જે વખતે આપણી બાળકેળવણીના વિચારોમાં વધુ સ્પષ્ટતા થવાની ખાસ જરૂર છે. સરકારી કક્ષા પર બાળકેળવણી માટેનો પાયો નાખવાનું કાર્ય શરૂ થઈ ચૂકયું છે. શું આપણી બાળકેળવણીનું સ્વરૂપ કોઈ વિશિષ્ટ પંથને વળગી રહેશે કે નવનવા અખતરા કરીને પોતાનો સ્વતંત્ર માર્ગ શોધી લેશે? બાળકેળવણીના ક્ષેત્રમાં આવતાં નવાં આંદોલનોને આપણા બાળશિક્ષકોને સમજવાં પડશે. બાળમંદિરોમાં આવી ગયેલો લેખન, વાંચન, ગણિત અંગેનો ભાર શું બરોબર છે? ઇન્દ્રિય કેળવણીના નામે બાળકોની સર્જન શક્તિનો જે અવરોધ ચાલી રહ્યો છે તે શું બરાબર છે? આપણાં બાળકો અત્યારે દેખાય છે એના કરતાં વધુ સર્જનશીલ થઈ શકે ખરાં? બાળમંદિરોના દરેક પ્રકારના પ્રશ્નો માટે આપણા અભિપ્રાયો ઘડી લેવાની આજે જેટલી જરૂર છે તેવી જરૂર બાળકેળવણીના આપણા દેશના ઇતિહાસમા જણાઇ નૃ હતી. ભાવનગર સમેલનમા દરેક સંસ્થા પોતાનો એક પ્રતિનિધિ જરૂર મોકલે.

અન્ય ઉપક્રમ: સપ્તાહના બે દિવસો પછી બાકીના દિવસોનો કાર્યક્રમ દરેક સંસ્થા શકય બને તે કરે. બાળકોના મેળાઓ, સરઘસો, ગરીબ વસ્તીના બાળકોને સંસ્થામા નિમંત્રણ, મનોરંજન કાર્યક્રમો, વાલી સભાઓ, સંગીત સંમેલન, નાટય સમેલન, બાલ સાહિત્ય પ્રદર્શન વગેરેમાંથી અનુકૂલતા મુજબ કાર્યક્રમ ગોઠવવો અને જે કંઈ કાર્યક્રમ સપ્તાહ દરમિયાન રાખી શકયા હોય તેની નોંધ કાર્યાલય પર મોકલી આપો તો તેને પત્રિકામાં યથાયોગ્ય સ્થાન આપવામા આવશે.





બાલશિક્ષણ અને સંઘ સમાચાર

ભાવનગર : તા. ૧૫ અને ૧૬ મીએ યોજવામાં આવેલ ગિજુભાઇ જયંતિ સંમેલનમાં જે નિર્ણયો લેવાય તે માટે અવિધિસર રીતે મળીને વિચારોની આપ-લે કરવા માટે તા. ૭મીના રોજ નાનુ સંમેલન યોજવામાં આવ્યું હતું. બાળકેળવણીમાં રસ લેતા મિત્રો તેનો લાભ લે એવી સંમેલન સંચાલકોની વિનંતી છે.

મુંબઇ : આ વર્ષે ભાવનગર સમેલનમાં સંઘના કાર્યકરો ઉપસ્થિતિ આપી શકે તે માટે ગિજુભાઇ જયંતિના મુંબઇના કાર્યક્રમમાં કેટલાક ફેરફારો કર્યા છે. ગિજુભાઇ જયંતિના સમયમાં જ સંઘ સાથે જોડાયેલા અહીના ભગિની સમાજ ટી. એન. માળવી બાળમંદિરનો રજત જયંતિ ઉત્સવ આવે છે એટલે આ વર્ષની ગિજુભાઇ જયંતિ ઉત્સવના કેટલાક કાર્યક્રમો ટી. એન. માળવી બાળમંદિરની રજત જયંતિ મહોત્સવના કાર્યક્રમોમાં જ સમાવિષ્ટ કરવાનો મુંબઇ શાખાએ નિર્ણય લીધો છે.

રજત જયંતિ મહોત્સવના એક કાર્યક્રમ તરીકે અહીંના ગોવાળિયા ટૅક મેદાન પર તા. ૬ થી ૧૬ સુધી એક બાળશિક્ષણ મેળો યોજવામાં આવ્યો છે. આ મેળામાં મુંબઇની બધી બાળકેળવણીની સંસ્થાઓના સહકારથી પાંચ દિવસ નાટય-નૃત્ય-સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવશે. તેમ જ મેળામાં બાળમંદિર માટે ખાસ યોજેલા કાચા મકાનમાં બાળમંદિરના નવરૂપનું નિદર્શન યોજવામાં આવ્યું છે. આ નિદર્શનની સાથોસાથ મુંબઇના બાળશિક્ષકો માટે ૧૫ વ્યાખ્યાનોના એક સંસ્કારવર્ગની યોજના કરવામાં આવી છે.

શિશુવિહાર બાલ અધ્યાપન મંદિર, દાદર : ગિજુભાઇ જયંતિ તિથિ માટે આ સંસ્થાના મરાઠી અને ગુજરાતી વિદ્યાર્થિનીઓએ તા. ૩૦ નવેંબર તથા ૧ ડિસેંબરના રોજ વિવિધ મનોરંજન કાર્યક્રમોની યોજના કરી છે.

ગિજુભાઇ જયંતિ સમેલન : તા. ૧૪-૧૧-૫૭ના રોજ અમદાવાદથી સોમનાથ મેલમાં એક ખાસ ડબ્બાની વ્યવસ્થા કરવામાં આવી છે.

તૈયબીયહ મૉન્ટેસોરી બાળમંદિર, (મુંબઇ) નો મનોરંજન કાર્યક્રમ શ્રીમતી કુલસુમબેન સધાણીના પ્રમુખપદે તા. ૧૨-૧૦-૫૭ના રોજ યોજવામાં આવ્યો હતો.

ભારતીય બાલદિન : ભારતીય બાલ સમિતિએ આ દિવસે બાળકોના મેળા તેમજ રેડિયો કાર્યક્રમ ગોઠવ્યો છે. છાપાઓમાં આ દિવસનું મહત્ત્વ સમજાવતાં લેખો પ્રકાશિત કરવાની યોજના થઇ છે. પોસ્ટ અને ટેલિગ્રાફ ખાતા તરફથી વિશેષ ટિકિટ બહાર પાડવામાં આવશે.

બાલભારતી, મલાડ : સંસ્થા તરફથી શ્રી ભુરાભાઇ આરોગ્ય ભવનમાં આપવામા આવેલ બાલપુસ્તકાલયના ઉદ્‌ઘાટનનો સમારંભ તા. ૨૦-૧૦-૫૭ના રોજ શ્રીમતી પુષ્પાબેન મહેતાના શુભ હસ્તે કરવામાં આવ્યો

મદ્રાસ : અખિલ ભારતીય ફેડરેશન ઑફ એજ્યુકેશનલ એસોસીએશનની પરિષદનું ૩૨મું અધિવેશન તા. ૨૭મીથી ૩૧ સુધી મદ્રાસ ખાતે યોજવામા આવ્યું છે.



દત્તાત્રેય કૃષ્ણ સાંડુ બ્રધર્સ ચેંબૂર પ્રાયવેટ લિ.-
ફેક્ટરી અને હેડ ઑફીસ ચેંબૂર-મુંબઇ ૩૮

-: સ્થાનિક શાખાઓ :-
ઠાકુરદ્વાર, કાલબાદેવી, પરેલ અને દાદર

બાલમંદિરનું નવરૂપ નિદર્શન

લે. શ્રી. શે. ના. નામલે.

મુંબઇના ભાગની સમાજ ટી. એન. માળવી બાળમંદિરના રજત મહોત્સવ નિમિત્તે નવેમ્બરના છેલ્લા અને ડીસેમ્બરના શરૂઆતના સપ્તાહમાં જુદા જુદા કાર્યક્રમો યોજવામા આવ્યા છે. આ ઉત્સવ માટે મુંબઇના ગોવાલિયા ટેન્ક મેદાન પર એક શૈક્ષણિક પ્રદર્શન યોજવામાં આવ્યુ છે. આ પ્રદર્શનમાં નમૂનારૂપ બને એવા બાલમંદિરના નવરૂપનું નિદર્શન (demonstration) યોજવામાં આવશે. આ નિદર્શનની જવાબદારી નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઇ શાખા વતી મે સ્વીકાર્યું છે.

મુંબઇ અને પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓનો અભ્યાસક્રમ ઘડવા માટે હમણાં જ એક સમિતિ નીમી હતી. આ સમિતિએ પૂર્વ-પ્રાથમિક કેળવણીનું કામ કરતી કેટલીક સંસ્થાઓનો અને કાર્યકર્તાઓનો સંપર્ક સાધીને પૂર્વ-પ્રાથમિક કેળવણીના સ્વરૂપ વિષે વિવિધ રીતે છણાવટ કરી છે. આ સમિતિ આગળ મેં પોતાના વિચારો રજૂ કર્યા હતા તેમજ શિક્ષણ-પત્રિકાનો પૂર્વ-પ્રાથમિક શિક્ષણ પુનર્રચના વિશેષ અંક કાઢીને આ અગત્યના પ્રશ્નને ગતિ આપવાનો પ્રયત્ન કર્યો હતો. મારા વિચારો સાથે નૂતન બાળ શિક્ષણ સંઘના કાર્યકર્તાઓ કેટલી હદે સહમત છે તેની મને કલ્પના નથી. પરંતુ આ મારા વિચારોને વધુ સ્પષ્ટતા મળે તે માટે બાળમંદિરના નવરૂપનું પ્રત્યક્ષ નિદર્શન કરવું એવી મારી ઘણા દિવસોની ઇચ્છા હતી. આ ઇચ્છા ભગિની સમાજના બાલમંદિરની રજત મહોત્સવ સમિતિની સહાયતાથી પૂર્ણ થઇ રહી છે. સમિતિના આ પ્રોત્સાહન માટે હું વ્યક્તિશઃ સમિતિનો આભારી છું. મારી જેમ જ આ વિષયમાં જેઓ રસ લે છે તમની પણ ભાવના હશે એની મને ખાત્રી છે.

બાલમંદિરના ચાલુ પ્રશ્નો :

બાલમંદિરના આ નવરૂપ નિદર્શનમાં બાલમંદિરનુ મકાન કેવું હોવું જોઇએ; તેમાં પૂર્વ-પ્રાથમિક, વયના બાળકોની દૃષ્ટિએ કંઇ વિશેષ સગવડો જોઇએ ? પૂર્વ પ્રાથમિક સંસ્થાના એકમમાં વધુમાં વધુ કેટલાં બાળકો હોવાં જોઇએ તે માટે કેટલા શિક્ષકો અને શિક્ષિકા અને નોકરની યોજના કરવી ? શિક્ષકોની તૈયારી કેવા પ્રકારની હોવી જોઇએ ? એવી સંસ્થા કેટલા સમય માટે ચાલે, બાળકોની જરૂરીઆતો ધ્યાનમા લઇને એમાં કેવા પ્રકારની સાધનસામગ્રી યોજવી, કયા કાર્યક્રમ ઉપર કેટલો ભાર મૂકવો. કીન્ડરગાર્ટન, મૉન્ટેસોરી, મુક્ત-વ્યવસાયશાળા, પૂર્વ-ફ્રુનિયાદી વગેરે વિચારોનો કેટલો સમન્વય હોવો જોઇએ. તેના માટે સંસ્થાની સાધનસામગ્રીમાં કેવા ફેરફારો કરવા વગેરે અનેક પ્રશ્નોના અનુસંધાનમાં બાલમંદિરના નવરૂપનો વિચાર કરવામાં આવે છે. આ નવરૂપનું નિદર્શન જેમ બને તેમ પૂર્ણ બને તે માટે પ્રયાસ થશે. છતાં મેદાન ઉપર યોજેલા નિદર્શનમાં અનેક પ્રકારની મર્યાદાઓ ઉત્પન્ન થાય છે, તે આપણે ધ્યાનમાં લેવાની છે અને આ મર્યાદાઓ સ્વીકારીને જ આ નિદર્શન યોજવામાં જે કોઇ આપણો ઉદ્દેશ છે તે સફળ કરવાનો પ્રયત્ન રહેશે.

બાલમંદિરનું એકમ :

દરેક શિક્ષક પાસે ૨૫ બાળકો એ રીતે બાલમંદિરમાં કુલ ૭૫ બાળકો કરતાં વધુ સંખ્યા લેવામાં ન આવે. બાળકોની સંખ્યા જ્યારે એથી વધે છે ત્યારે બાળમંદિરની કાર્યક્ષમતા સામાન્ય પરિસ્થિતિમા ઘટે છે એવો અનુભવ છે. તેથી નિદર્શન માટે યોજેલા બાલમંદિરમાં ફક્ત ૭૫ બાળકોની સંખ્યા લેવામા આવશે અને તે પ્રમાણે દરેક બાળકના ભાગે બાલમંદિરની યોજનામાં આવેલી જગા, રમવા માટેની જગા, બાગ માટેની જગા, તનું પ્રમાણ રજૂ કરવામા આવશે. નિદર્શનમાં બાલમંદિરનું મકાન ૬૦ × ૪૦ મા થશે. જેમાં બે અષ્ટકોણી આકારના ઓરડાઓ, ત્રણ ત્રિકોણી વિભાગો અને એક મોટી ઓશરી છે.

નવરૂપની વિશેષતાઓ

૧. કેટલાંક ક્રિડાંગણ સાધનોની-મુખ્ય મકાનમાં યોજના.

મકાનના સામેના ભાગમાં ૬૦" × ૧૪" એક લાંબી ઓસરી છે જેમાં ક્રિડાંગણ અને કર્માલય (work-shop) યોજવામાં આવ્યું છે. ક્રિડાંગણ ડાબી બાજુએ છે અને તેને લગોલગ બાલમંદિરની નાની મંડળીનો આઠ ખૂણિયાવાળો ઓરડો આવે છે. ક્રિડાંગણમાં ૧) રેતિનો હોજ, ૨) લપસણું, ૩) સમતુલન (sea-saw), ૪) ગમ્મત હોડકું, ૫) દોરીની સીડી, ૬) રોમન રીંગ, ૭) લાકડાના ખોખા, અને પાટિયા વગેરે જુદા જુદા ચુનંદા સાધનોની યોજના કરવામાં આવી છે. આ જ વિભાગમાં બહારના ખુલ્લા મેદાનમાં બાળકો રમી શકે તે માટે ટ્રાયસીકલો, સ્કુટર્સ, રીંગો, એક બીજાને ખેંચવા માટેના ગાડાં, કૂદવા માટેના દોરડાં, વગેરે સાધનો એક સગવડવાળા કબાટમાં મૂકયા છે.

૨. કર્માલયની યોજના

ઓશરીની જમણી બાજુમાં આવેલા કર્માલયમાં બે સુથારીકામનાં ટેબલો છે. આ વિભાગમાં બીજી વસ્તુઓ આગળ મુજબ છે. ૧) બાંધકામના લાકડાના કટકા, ૨) સુથારીકામ માટે જુદી જુદી લંબાઇ-પહોળાઇના લાકડાં, ખીલીઓ-તાર વગેરે, ૩) જુદી જુદી નિરૂપયોગી વસ્તુઓનો સંગ્રહ જેમ કે ભાંગેલા તૂટેલા રમકડાં, ઢીંગલીઓ, પૈંડાઓ, રંગો, છત્રીના સળીઓ વગેરે, ૪) હસ્તવ્યવસાયનું કબાટ જેમા કાતરકામ, પૂઠાંકામ અને કાગળકામ, દોરા અને દોરીનું કામ યોજવામાં આવ્યું છે.

૩. વાલી-શિક્ષણ વિભાગ:

ઓશરીના વચલા ભાગમાં સામે જે ત્રણ ખૂણિયો વિભાગ દેખાય છે તે બાળકોના વાલીઓની માહિતી માટે છે. ત્યાં વાલીઓ માટે એક પુસ્તકાલય છે તેમજ સંગોપન સબંધીના કેટલાક માસિકો ત્યાં મૂકવામાં આવ્યાં છે. ત્યાંની ભીંત ઉપર ત્રણ ચાર ઠેકાણે પોસ્ટરો લગાડવાની સગવડ છે. વાલીઓ માટેના કેટલાક ઉદ્‌બોધક વિચારો વખતોવખત ત્યાં લખાય છે.

૪. નાની મંડળીનો વિભાગ:

સામાન્યતઃ ચાલુ બાલમંદિરમાં પણ નાની મંડળીનો વિભાગ હોય છે. પરંતુ આ વિભાગની યોજનામાં આગળ મુજબ વિવિધ પ્રકારના રમકડાં અને રમતોની યોજના છે. ૧) રેતી સાથેની રમતો, ૨) પાણી સાથેની રમતો, ૩) માટી સાથેની રમતો, ૪) ચિત્રકામ, ૫) ઢીંગલી અને ઘરઘરની રમત, ૬) પ્રબોધક રમકડાં, ૭) ચિત્ર સાહિત્ય, ૮) જ્ઞાનેન્દ્રિયના મૉન્ટેસોરી સાધનો. આ વિભાગની યોજના મુખ્યત્વે ૨॥ થી ૪॥ વયના બાળકો માટે છે. તો પણ મોટી મંડળીના બાળકો જ્યારે આવી શકે અને આ વિભાગના બાળકો મોટી મંડળીના કોઇ પણ વિભાગમાં જઇ શકે.



ઝરણથી બનતું સુગંધિત તેલ

આપને ત્રિવિધ ફાયદાઓની ખાત્રી આપે છે.



૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે.

આજે જ એક બાટલી ખરીદો અને હંમેશના વપરાશનું સર્વોત્તમ કેશતેલ ઘેર બેઠાં આસાનીથી તૈયાર કરો... **બધે ઠેકાણે વેચાય છે.**

સોલ એજન્ટ :
સુગંધ ઘર
ખાડીયા, **અમદાવાદ**
M.P.S.

સી. નરોત્તમની કું.
મંગલદાસ રોડ,
મુંબઇ ૨.
ટે. નં. ૩૦૫૭૫

૫. મોટી મંડળીનો વિભાગ :

નાની મંડળીના વિભાગમાં જેમ મુક્ત-વ્યવસાય ઉપર વધારે ભાર આપવામાં આવ્યો છે તેમ મોટી મંડળીના વિભાગમાં લેખન, વાંચન, ગણિતાદિ વિષયો ઉપરનો અનિષ્ટ ભાર ઓછો કરવામાં આવ્યો છે. મોટી મંડળીના વિભાગમાં આગળ મુજબ વ્યવસ્થા છે. ૧) ચિત્રકામ, ૨) રચના અને સુશોભન, ૩) માટી કામ, ૪) વૈજ્ઞાનિક રમતો, ૫) શિવણકામ-ભરતકામ, ૬) ભાષા લેખન-વાંચન સાધનો અને પુસ્તકાલય; ૭) ગણિત વિષયક સાધનો.

૬. કાર્યાલય :

બાળમંદિરનો બધા વિભાગોની વચ્ચે વચ્ચ કાર્યાલય છે. અહીંથી બાલમંદિરના કોઇ પણ વિભાગનું કામ જોઇ શકાય છે તેથી કોઇ પ્રસંગે કોઇ શિક્ષક કે શિક્ષિકા અનુપસ્થિત હોયે તો બન્ને વિભાગો તરફ ધ્યાન રાખી શકાય છે.


૭. જીવન વ્યવહારનો વિભાગ :

આ વિભાગને સ્વતંત્ર અને મધ્યવર્તી ધ્યાન આપવામાં આવ્યું છે તેથી આ વિષયને બાલમંદિરની રચનામાં કંઇક વધુ મહત્ત્વ આપવાની કલ્પના છે. આ વિભાગમાં વ્યક્તિગત સ્વચ્છતા, સામૂહિક સ્વચ્છતા, ખાદ્ય-પેય વસ્તુઓ બનાવવી, જીવનોપયોગી વસ્તુઓનો ઉપયોગ શીખવો, ધર્મનિષ્ઠાની દૃષ્ટિથી ભગવાનનો એક ખૂણો રાખવામાં આવ્યો છે.

૮. અન્ય સગવડો :

જાજરૂ અને મૂતરડીઓનો ભાગ નાની મંડળીની પાછળ યોજવામાં આવ્યો છે. તેમ જ સામાન માટેનો એક ઓરડો મોટી મંડળીની પાછળ યોજવામાં આવ્યો છે. આઠખૂણિયા બન્ને ઓરડાના ખૂણામાં હાથ મોઢું ધોવા માટે, કપડાં બદલવા માટે, તેમજ વાળ ઓળવા માટે અને પાણી પીવા માટેની સગવડ બન્ને વિભાગો માટે સ્વતંત્ર કરવામાં આવી છે. બાલમંદિરની બધી જગામાંથી અડધી જગા ખુલ્લા ક્રિડાંગણ માટે અને બાકીની જગાના બે ભાગ કરીને તેમાંથી એક ભાગમાં બાગબગીચો અને બીજા ભાગમાં બાલમંદિરનું મકાન યોજવામાં આવ્યુ છે.

બાલમંદિરની આ યોજનામાં કેટલીક બાબતો જૂની જ છે, પરંતુ તેનું મૂલ્યમાપન અને રચના નવી છે તે તમોને કહેવાની જરૂર નથી. બાલમંદિરના આ નવરૂપને સર્વે વધાવી લેશે એવી અપેક્ષા છે.





ધી ઈંટર–નેશનલ યુનિયન ફૉર ચાઈલ્ડ વેલફેર

બાળક માત્રનાં શારીરિક, નૈતિક અને આત્મિક કલ્યાણ કાર્યોને ઉત્તેજન આપતી રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓની સંઘટના એટલે

આય. યુ. સી. ડબ્લ્યૂ.

ઉદ્દેશો :

બાળકના હકકોના જાહેરનામાના સિદ્ધાન્તોનો આખી દુનિયામાં પ્રચાર કરવો.
આપત્તિમાં બાળકોને રાહત આપવી.
બાળકલ્યાણ કાર્યની કક્ષા ઊંચી કરવી.
બાળકના શારીરિક, નૈતિક અને આત્મિક વિકાસમાં ફાળો આપવો.

કાર્યસિદ્ધિ : છેલ્લાં ત્રીસ વર્ષમાં જે કંઇ કાર્ય થયું તેનું વર્ગીકરણ નીચે મુજબ કરી શકાય :

૧. આંતરરાષ્ટ્રિય રાહત કાર્યો
૨. આંતરરાષ્ટ્રિય બાળકલ્યાણને ઉત્તેજન
૩. રાષ્ટ્રિય કલ્યાણ

સભ્યપદ : ચાલીસ દેશોની સડસઠ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય બાળકલ્યાણ સંસ્થાઓ આ સંઘટના સાથે જોડાયેલી છે.

એશિયાની બાળકલ્યાણ કાર્યની કક્ષા ઊંચી કરવાના પ્રયાસ

ડિસેંબર ૧૯૫૨માં ભારત સરકારની ઉદાર સહાયતાથી અને ભારતીય બાલ સેવા સમિતિના સહકારથી મુંબઈમાં દૂર પૂર્વના દેશોનું ધ્યાન બાળકલ્યાણ કાર્ય પર ખેંચવા માટે એક આંતરરાષ્ટ્રિય પરિષદ યોજવામાં આવી હતી. આ પરિષદમાં કુલ છવ્વીસ દેશોમાંથી સાતસો જેટલા પ્રતિનિધિઓ આવ્યા હતા. આ પરિષદના પરિણામરૂપે એશિયાઇ દેશો માટે એક I. U. C. W. સમિતિ નીમવામાં આવી અને એશિયાઇ દેશો માટે એક પ્રાદેશિક સલાહકારની નિમણૂક કરવામાં આવી છે.

આ સંઘટના અંગેની વધુ વિગતો નીચેના બે ઠેકાણે મળી શકશે :

The Secretary General, I. U. C. W. World Secretariat, 16, Rue-du Mt-Blane, Geneva.

અથવા

I. U. C. W. Field Consultant, Asia Office, A 15-15, Queens Way Barracks, New Delhi.

કોને માટે શું કરવામાં આવે છે?

માતાઓ માટે : સૂતિકા ગૃહો – માતા અને શિશુ ગૃહો – મોટા કુટુંબની માતાઓ માટે રજાઓ અને ગૃહોની વ્યવસ્થા.

શિશુઓ માટે : પરિચારિકાઓનું પ્રશિક્ષણ – હેલ્થ વિઝિટર્સ – બાળકલ્યાણ કેન્દ્રો – અર્ભકો પર દેખરેખ – સ્તનપાન કરાવવા અંગે પ્રોત્સાહન – બાળમંદિરો અને બાળગૃહો.

નિશાળિયા બાળક માટે : શાલેય ઉપહાર – ક્રીડાંગણો – મેદાનો અને કલબો.

પૌગંડાવસ્થા માટે : પ્રશિક્ષણ સહાયતા – આનંદપ્રમોદ માટે કલબો અને કર્માલયો – યુવાનો માટે

આધુનિક બાલમાનસશાસ્ત્રના પ્રકાશમાં —લેખાંક ૨

મોન્ટેસોરી સાધનો — જ્ઞાનેન્દ્રિયોનું સ્વરૂપ

["આધુનિક બાલમાનસશાસ્ત્રના પ્રકાશમાં" આ લેખમાળામાં શિશુશિક્ષણ માટે યોજવામાં આવેલા બધા પ્રકારના રમકડાનું સ્વરૂપ અને મહત્વ કેવાં પ્રકારનું છે એનું વિવેચન કરવાનું વિચાર્યું છે. ઇન્દ્રિયશિક્ષણના મારા લેખો પ્રમાણે આ લેખમાં વ્યક્ત થયેલા મત અંગેની જવાબદારી મારી પોતાનીજ છે. આ મારો લેખ વાંચીને કોઇને પણ જુદો મત રજૂ કરવાની ઇચ્છા થાય તો તેને પણ યથાશકય સ્થાન મળશે. બાલ-શિક્ષણ રસિકો માટે આ લેખમાળા એટલે એક પ્રકારનો શિક્ષણક્રમ થાય એવી યોજના મનમાં છે. આ લેખ વાંચીને વાંચકોને મને પ્રશ્ન પૂછવાની ઇચ્છા થાય અથવા કોઇ બાબતનો ખુલાસો જોઇતો હોય તો તે આપવામાં મને આનંદ થશે. — **લેખક**]

શિશુ સંસ્થામાંના રમકડામાં મોન્ટેસોરી "જ્ઞાનેન્દ્રિય" શિક્ષણનાં સાધનોનો એક મહત્ત્વનો વિભાગ છે આ સાધનોને રમકડાં કહીએ તો કેટલાંકને ગમશે નહી એની મને ખબર છે તેમ છતાં સાધનો અને રમકડાં એમાં મારી દૃષ્ટિથી ખાસ ફરક પડતો નથી. બાળકોના રમવાના ઉપકરણો પ્રૌઢોની દૃષ્ટિથી તેમના વિકાસના 'સાધનો' કહી શકાય. તે જ પ્રમાણે બાળકની દૃષ્ટિથી તે રમવા માટે છે તેથી તેને 'રમકડાં' કહી શકાય. રમકડાં કહ્યાં એટલે બધાજ પ્રકારના રમકડા સરખાં છે એવી એક ગેરસમજણ મનમાંથી કાઢી નાખવી જોઇએ, કેટલાંક રમકડાંથી બાળકોને પોતાને ફાવે તે રીતે તેઓ રમી શકે છે. પરંતુ કેટલાંક રમકડાથી રમતા બાળકોને નિયમો ધ્યાનમાં રાખવા પડે છે. દરેક રમકડા અનિર્બંધ

છાત્રાલયો અને શિબિરો.

માંદા બાળકો માટે : આરોગ્ય ધામો – શિબિરો – ટી. બી. ટ્રીટમેંટનાં કેન્દ્રો.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભારતીય બાલદિનના દિવસ માટેનું ચિન્તન

બાળકના હકકોનું જાહેરનામું

(૧૯૨૩ માં જાહેર કરેલુ અને ૧૯૪૮ માં સુધારેલુ)

આ જાહેરનામાથી દુનિયાના બધા દેશો ના સ્ત્રી-પુરુષો આપણામાં જે કંઇ સારું છે તે બાળકના પ્રયાસોને લીધે આવ્યું છે તે સમજીને પોતાના કર્તવ્ય તરીકે સ્વીકારી લેશે.

(૧) વંશ, ધર્મ અને રાષ્ટ્રિયતાના વિચારોથી પર રહીને બાળક માત્રનું રક્ષણ કરવું જોઇએ.

(૨) કુટુંબની સત્તાને સુયોગ્ય સ્થાન જાળવીને બાળકનું સંગોપન થવું જોઇએ.

(૩) ઐહિક, નૈતિક અને આત્મિક સમધારણ વિકાસ માટે પૂરતા સાધનો બાળકને મળવા જ જોઇએ.

(૪) ભૂખ્યા બાળકને પોષણ આપવું જ જોઇએ; માંદા બાળકની સારવાર થવી જોઇએ; શરીર અથવા મનથી અપંગ બનેલા બાળકને મદદ મળવી જોઇએ; કુસંયોજિત બાળકોનુ પુનઃ શિક્ષણ થવું જોઇએ અને અનાથ અને નિરાધાર બાળકોને આશરો અને મદદ મળવી જોઇએ.

(૫) આપત્તિના સમયમાં સૌથી પ્રથમ મદદ બાળકોને મળવાં જોઇએ.

(૬) સમાજ કલ્યાણ અને સમાજ શાશ્વતીની યોજનાઓનો પૂર્ણ લાભ બાળકોને મળવો જોઇએ; યોગ્ય સમયે પોતાની આજીવિકા ચલાવી શકે તે માટેનું પ્રશિક્ષણ બાળકને મળવુ જોઇએ અને તેને દરેક પ્રકારના શોષણો સામે રક્ષણ મળવું જોઇએ.

(૭) બાળ ઉછેર એ રીતે થવો જોઇએ કે તેને પોતાની શક્તિઓ પોતાના બંધુઓ માટે સેવાભાવથી વાપરવાનું મન થાય.

(આય. યુ. સી. ડબ્લ્યૂ. તરફથી)

જ તો એના પૈસા પણ આજકાલના નવા કેમેરાથી વિશેષ આપવા એને યોગ્ય લાગેલા.

વળી, બીજા પિતાઓ જેમને કારીગરીમાં રસ છે એ ચોરબજારમાંથી "દશ કામ-એક ઓજાર" જેવાં વિચિત્ર કટાયેલાં ઓજારો ભેળાં કરશે. એમાંથી કયાંક કમાન ગઈ હશે, તો કયાંક સ્ક્રૂ ખૂટતા હશે પણ એ તો એ પોતે સહેલાઈથી બરાબર કરવાની આશા રાખતા હોય છે.

અને આ ઓજારના પ્રયોગ બતાવવા એ ખૂબ ઉત્સુક હોય છે. ઘરમાં એકાદ ખીલો મારવાનું થતાં એ એનું આ અદ્‌ભુત ઓજાર લઈને હાજર થાય છે અને જાદૂના ખેલની જેમ આપણી સામે એ કરવત દેખાતા ઓજારને હથોડીમાં ફેરવવા લાગે છે. અલબત્ત, આમાં સારો એવો સમય ચાલ્યો જાય છે અને એ પહેલાં તો દશવાર સાદી હથોડીથી ખીલો ઠોકી શકાય.

પણ છતાં ય આ સત્યને વાચા ન આપતાં પિતાઓને એમના કાર્યમાં ઉત્તેજન આપવું સલાહ ભરેલું છે.

(૭) કેશરચના : ઘણીવાર માતાઓ પોતાના વાળ જુદી જુદી રીતે ઓળવાના પ્રયોગો કરે છે. સામાન્યતઃ માતાઓના આ પ્રયાસો તરફ આપણું ધ્યાન ખેંચાયું છે એ દર્શાવવાથી અને એના વખાણ કરવાથી માતાઓનો મિજાજ સારો રહે છે.

આ પ્રસંગ પિતાના ધ્યાન બહાર જવા સંભવ છે.

જો કે માતાઓ અનેક તરકીબો કરી પિતાનું ધ્યાન ખેંચવા પ્રયાસ કરે છે. પણ આ બાબતમાં અંધ હોવા સંભવ છે; એટલે એવે વખતે પિતાને એ બાબતમાં ઘરે આવતાં જ સૂચના કરવી યોગ્ય છે.

તેમાં ખાસ કરીને જ્યારે માતાએ ઘણા ઘણા શ્રમ અને પુનરાવર્તનો સાથે કેશરચના કરી હોય ત્યારે તો આ અવશ્ય જ ભૂલવું જોઈએ.


આથી ઘરમાં બધાં જ સુખશાન્તિમાં રહી શકશે અને જીવન વિશેષ મધુરું બનશે—ખાસ કરીને ભોજનમાં.

(૮) પૂર્ણાહુતિ : મોટા ભાગના માબાપોને સુધારવા પ્રયાસ કરવો નકામો છે. ઘણા ઉદાહરણોનો અભ્યાસ બતાવે છે કે સુધારો ભાગ્યે જ શકય છે.

તો પણ મોટેરાંઓની વર્તણૂક ગમે તેવી વિચિત્ર હોય છતાં તે એ ઉમર માટે સ્વાભાવિક જ છે અને એ લોકો એ સિવાય બીજી રીતે વર્તવાના નથી જ. જો આટલું સમજી લેવામાં આવે તો આપણું બાળકોનું જીવન વિશેષ સુખ અને શાન્તિભર્યું બની શકે એમ છે. — "ઓજસ્"

(રીડર્સ ડાયજેસ્ટમાંથી)

વિદ્યાર્થી ઓની માનીતી તથા
ખાત્રીપૂર્વક કામ આપનારી
'પ્લેઝન' 'મરસીડીઝ' 'ઉષા'
ફાઉન્ટન પેન વાપરો.



આ પેનો વિધ-વિધ રંગોમાં ઘણા મોડેલોમાં મળે છે. લીક થતી નથી.

ક્રીરીટ પેન પ્રોડકટસ

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :
ફ્રાન્સ ટ્રેડીંગ કોરપોરેશન
મોગલ લેન, મુંબઈ-૧૬
ફોન : ૬૨૪૫૦

બીજો રિપુ : ક્રોધ

"બા આ સસલું લઈ દે ને !"
"ચુપ બેસ, ધમાલ કર્યા વગર આગળ ચાલ."
"આ...આ...લઈ..."
"હરામખોર (ધબ્બો) નખોદિયા."

× ×

"બા, હવામાં વાયુનું પ્રમાણ કેટલું છે ?"
"મને ખબર નથી. અમને કોઈએ નિશાળે નહોતા મોકલ્યાં."

× ×

"બા, મોટીબા કહે છે કે આજે શાળામાં નહીં જતી."
"બહુ સારું. મોટી બાને કહે કે ઢોરાં ચારતા શીખવે."

ઘરે ઘરે આવા પ્રકારના કેટલાએ સંવાદો સંભવાય છે તેમાં શું દેખાય છે ? માનો અસંતોષ—જે બાળકો સમજી શકતા નથી પણ જેની તેમની ઉપર ખૂબ ઊંડી અસર રહે છે અને તે વિકૃતિ જ. હા, આને વિકૃતિ કહેવી જોઈએ. તમે પૂછશો આજે સમાજમાં કોણ સંતોષી છે ? સાચે જ ! કોઈ નથી; કારણ કયાંક બેકારી, ગરીબી, કોઇ ઠેકાણે માંદગી, કોઈ ઠેકાણે કૌટુંબિક ઝગડાઓ આવી કોઇ ને કોઇ મુશ્કેલી હોય જ છે, બધા જ ત્રાસેલા છે. એનું સહજ પરિણામ એટલે ઘરની ગૃહિણી—માતા અસંતુષ્ટ હોય છે.

ઘરની કમાણી ઓછી હોય એટલે ચારપાંચ માણસોને શુ જમાડે ? આ ચિંતાથી એ ઘેરાયેલી હોય છે. તો પછી બાળકોને ચાર વખત ખાવાનુ કયાંથી આપી શકે ? બાળકોને ખાવાનું જોઇએ છીએ અને રમકડાં પણ જોઇએ છીએ. બાજુનો બચુ બૉલ લાવે તો તે પણ જોઈએ, બીજાના જેવા કપડાં પણ જોઈએ, બાળકોની આ માગણીમાં શી ભૂલ છે ?

કશી જ ભૂલ નથી, પણ પૈસા વગર એ બધું કયાંથી આવે ને બાળકોને એ કેવી રીતે સમજાવવું ? પણ પછી એ વિચાર કરે છે ખરી કે બાળકને કેવી રીતે સમજાવવું, કે **તેનું લલચાયેલું** મન બીજી તરફ કેવી રીતે વાળવું ! "નથી મળવાનું." "નથી કરવાનું" ના પાડીને આ નકારના

ટેલીફોન ઓફીસ ૨૫૧૧૬૧. તાર : રોપ આર્ટ

એમ, બેસ્ટ કોટન રોપ
મેન્યુફેક્ચરીંગ કું.


(પ્રો. એમ. જે. થાણાવાલા એન્ડ કું.)

૪૯, ફોરબ્સ સ્ટ્રીટ, કોટ મુંબઈ ૧.

નિચેની ચીજો અમારે ત્યાં બને છે.

કોટન ડ્રાઈવીંગ રોપ્સ
* કોટન બેન્ડીંગ્સ
* સ્પીન્ડલ ટેપ્સ
* કોથર કન્ડકટર્સ

કિંમત પ્રાથમિક શાળાના
શિક્ષકોને
રૂ. ૧૦ ની ભેટ



ABCD થી S.S.C. સુધીના માસિક હપ્તા
૬ પાંચમી આપાના
"સરળ અંગ્રેજી અભ્યાસક્રમ"
પર પ્રાથમિક શાળાના શિક્ષકોને રૂ ૧૦
વળતર આપવામાં આવશે.

સચિત્ર સવિસ્તર પત્રિકા માટે આજેજ લખો
ભોગીલાલ ટ્યુટોરિયલ કોલેજ
પત્રિકા ગલબાદેવી રોડ
ભોગીતલાવ કોર્નર, મુંબાઇ ૨.

મંત્રનો ઉપયોગ ન કરતાં ઉકેલ કેવી રીતે લાવવો. છટ્ટ! આટલો લાંબો વિચાર કરવા સુધી તે પોતે પણ ક્યાં શાંત હોય છે. પોતાના ઘર સંસાર માટે પૈસો ઓછો પડે છે તેનું શું કારણ? શેને લીધે ઓછો પડે છે એ તે જાણતી નથી. ફકત આ અન્યાય બદલ તીવ્ર એવો અસંતોષ એનામાં હોય છે. કારણ બાળકોની જેમ તેની પણ અનેક ઇચ્છાઓ દારિદ્રયને લીધે અણપુરાયેલી રહે છે. તેનો જ બધો અસંતોષ તે બાળકોના અસંતોષમાં ભેળવે છે અને પોતે ભડકે છે.

આપણા બાળકો જિજ્ઞાસુ બનવા લાગ્યા છે, આપણા કરતા વધુ જાણતા થયા છે. કોઇ કોઇ વાર એવા પ્રશ્નો પૂછે છે કે માતાની અપૂર્ણતા ખુલ્લી પડે છે. એટલે એ ચિઢાઈ કહે છે: "અમને શિખવ્યું નહોતું, અમારા લગ્ન જલદી કર્યા હતા." આ યોગ્ય છે? પણ વિચાર કોણ કરે? બાળકની આગળ આ અસંતોષ બહાર પડે છે. કારણ સમાજમાં પોતાના ઓછા ભણતરની ન્યૂનગ્રંથી તેમને ખૂંચતી હોય છે. કવચિત સુશિક્ષિત સ્ત્રી તેનું અપમાન, ઉપેક્ષા કરે છે ત્યારે આ દબાયેલો રોષ અહીં પ્રગટે છે. ઘર એટલે ઝગડાનું મૂળ. સાસુજીનું ધોરણ જુદું! જેઠાણીનું જેઠાણીપણું! કેટલાય નાના નાના અપમાનો થતાં હોય છે. નાનપણને લીધે જેનો બદલો વાળી શકાતો નથી. થઇ ગયેલા અપમાનનો જવાબ વાળી શકાતો નથી. ત્યારે તે બધુ બાળક ઉપર ઠાલવવામાં આવે છે. તેમાંય વધુ સૂક્ષ્મ, વધુ તીવ્ર દુઃખ પતિપત્નીના મતભેદનુ છે. જે માલિકને કિંમત નથી અને જ્યાં ખુલ્લા શબ્દોની આપલે થાય છે ત્યાંની પરિસ્થિતિ બાળકો પણ જાણે છે પણ જ્યાં સહેજ ભણેલા અને બોલ્યા વગર હુકમશાહીની સત્તા ચલાવનારા પતિદેવ હોય છે ત્યાં દુઃખ ઉઘાડું કરતા અપમાન લાગે છે. પણ તે દબાયેલી લાગણી પોતાની મેળે જ બહાર આવે છે. તેની બધી માઠી અસર બાળકને જ સહન કરવી પડે છે. જેને ખૂબ વઢવું પડે છે,



નુતન વર્ષાભિનંદન

કામીનીઆ શૃંગાર પ્રસાધનો દ્વારા

ચમકતો કેશકલાપ અનુપમ લાવણ્ય અને મશરૂનેવી મુલાયમ, ત્વચા મેળવો.

વેજયંતિમાલા—ભારત નાટયમની પ્રતિમા એમ કહે છે

*

હું જાણું છું કે કામીની આ શંગાર પ્રસાધનનો ઉત્તમ છે હું મારી પસંદ ગી બાબત ખરેખર ગર્વ ધરાવું છું અને ખરેખરતે યોગ્યજ છે એમ તેણી કહે છે

કામીનીઆ હેઅર ઓઇલ, કામીનીઆ સ્નો
કામીનીઆ ટોઇલેટ સોપ, ઓટો દિલબહાર

એંગ્લો ઇન્ડિઅન ડ્રગ એન્ડ કેમિકલ કું મુંબઈ ૨

મારવું પડે છે તેને જ તે ક્ષણ ગયા પછી છાતીએ ચાંપીને સ્ત્રીને રડવું પડે છે.


મનુષ્યની સંવેદના એટલી સૂક્ષ્મ તથા અસ્થિર હોય છે અને સુખ કરતા દુઃખ સહન કરવાની તેની શક્તિ વધારે જોરદાર હોય છે. દુઃખોના ડુંગરમાં દબાયેલી મા જ્યારે દુઃખ પચાવી શકતી નથી ત્યારે તે વિકૃત બને છે ને બાળકોને દુઃખ પહોંચાડે છે.


દુઃખ પચાવવું સહેલું નથી. અમે કંઈ ઋષિ મુનિ છીએ? સાચી વાત છે. દુઃખ પચાવવું એ મોટી તપશ્ચર્યા જ છે. પણ માતૃત્વ પણ એક મોટું તપ છે એ પણ એને આપણે સમજાવવું જોઇએ. આપણે જ નહીં પણ બધા જ સમાજમાં ભૌતિક અને માનસિક કારણોને લીધે પણ અનંત દુઃખો નિર્માણ કરેલા હોય છે. પણ તેના કારણો અનિવાર્ય હોય ને દૂર કરવાનું આપણી શક્તિની બહાર હોય તો પણ તેનું પરિણામ આપણા નિયંત્રણમાં રાખવું એ સાધના દરેક સામાન્ય મનુષ્યને પણ કરવી પડે છે; કારણ આપણે મનુષ્ય છીએ.

આ પરિણામનો વિચાર જરા બીજી બાજુથી કરીએ તો તરત જ આપણી ભૂલ આપણા ધ્યાનમાં આવશે. જે દુઃખોને દબાવી દેવામાં આવ્યા છે એને લીધે ગુસ્સો આવે છે. એ ગુસ્સો માતા સહજ રીતે બાળકો ઉપર જ કાઢે છે. પણ બાળકનુ મન આપણા કરતાં પણ વધુ નાજૂક નથી હોતું? જગતના દુઃખો તથા ઘરનું દારિદ્રય, માતાપિતાના ઝગડા અને દાદીનો ત્રાસ—આ સમજવા જેવી તેની વય છે કે? તેને ફકત એટલું જ સમજાય છે કે મારી મા મારી જેમ નથી વર્તતી. બાળકને દુઃખ આપતી આ સૌથી મહત્ત્વની વાત છે. બહારીપુમાંના બીજા શત્રુના આક્રમણને લીધે આપણે પોતાના બાળકની સાથેનો સંબંધ પણ ભૂલી જઇએ છીએ. બાળક સામે આવે તો તેને માતાઓએ ન ભૂલવું જોઇએ. બીજા બધા સાંધો ભૂલીએ તો ચાલે પણ બાળક તો મહામૂલી મૂડી છે, તેનુ રક્ષણ કરવા માટે ગમે તેટલી અસંતોષકારક પરિસ્થિતિ હોય તો પણ ક્રોધ ન કરવો જોઇએ. આંક ગણો, મોઢામાં પાણી લો અથવા મન એકાગ્ર કરો—ગમે તે કરો. પણ ક્રોધ ન કરો. બાળકો કહે, મા તું ગુસ્સો ન કરીશ તો પછી આપણું શું રહ્યું.

શાંતાબાઈ કિર્લોસકર

સ્વદેશી: ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો.





નજરો નજરનો સાક્ષી

(મહાકોશલની લોક વાર્તા)

એક વેપારી ઘોડે બેસીને ગામમાં આવ્યો અને એક ઘાંચીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં પહેલાં તેણે ઘોડાને આંગણામાં એક લાકડાના થાંભલા સાથે બાંધ્યો. સવારે ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તેણે ઘાંચીને પૂછ્યું, "મારો ઘોડો કયાં ગયો?" જવાબ મળ્યો, "તમે ઘોડો લાવ્યાજ કયાં છો? તમે તો પગે ચાલીને આવ્યા છો!"

વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ ગામમાં આવ્યો છું, આખું ગામ એનું સાક્ષી છે." એટલામાં તો તેણે પોતાના ઘોડાને ઘાંચીના તબેલામાં જોયો અને બોલી ઉઠયો, "એજ મારો ઘોડો છે!" "ના, ના, હવે એ તો મારો ઘોડો છે," ઘાંચીએ કહ્યું. "પેલા લાકડાના થાંભલાએ કાલ રાત્રે એને જન્મ આપ્યો. દર વર્ષે આમ બને છે, ગામમાં બધાંને આ વાતની ખબર છે."

વેપારીએ ન્યાયાધીશને ફરિઆદ કરી. ન્યાયાધીશે પૂછ્યું, "તમારા કોઈ નજરો નજરનાં સાક્ષી છે?" પણ ગામમાં તો બધાજ ઘાંચીની તરફેણના હતા. ગામમાં આવતાં પોતે જે શિયાળને મદદ કરેલી તે શિયાળ વેપારીને એકા-એક યાદ આવ્યો, અને તેણે જવાબ આપ્યો, "હા, નામદાર, મારો એક સાક્ષી છે."

અદાલતમાં આવતાંજ શિયાળભાઈએ તો મોટાં બગાસાં ખાવા માંડ્યાં.

ન્યાયાધીશે પૂછ્યું, "કેમ ભાઈ, રાત્રે ઉંઘ નથી આવી કે?"

શિયાળે જવાબ આપ્યો, "ગઇ કાલે રાત્રે સરોવરમાં મોટી આગ લાગેલી; અને બધી માછલીઓ ભડભડતા પાણીમાં બળતી હતી. મારી આખી રાત એ માછલીઓ ખાવામાં ગઇ છે."

ન્યાયાધીશ ખીજવાયા, "એવું અર્થહીન બકે છે, પાણીને વળી આગ લાગતી હશે?"

"ત્યારે આપ નામદાર પોતે અર્થહીન નથી બોલતા?" શિયાળે ટકોર કરી; "લાકડાનો થાંભલો તે કંઈ ઘોડાને જન્મ આપતો હશે?"

વનસ્પતિ સામે પૂર્વગ્રહ ધરાવતા સર્વને આમાંથી કંઇક શીખવાનું છે. ટુંકમાં એટલુંજ છે આપણે ખરી હકિકત જાણતા હોઇએ ત્યારે વજુદ વગરની વાતો ઉપર ધ્યાન ન આપવું. વનસ્પતિ વિષે મુખ્ય સત્ય હકિકતો એ છે કે એ શુધ્ધ વનસ્પતિજ તેલોમાંથી ચુસ્ત સરકારી ધારા-ધોરણો અનુસાર બનાવવામાં આવે છે; અને લાખો ઘરોમાં એ એક કરકસરભર્યા અને આરોગ્યદાયક રાંધણ દ્રવ્ય તરીકે આવકાર પામે છે. અધિક પોષણ માટે તેમાં વિટામિન 'એ' ઉમેરવામાં આવે છે—દરેક ઔંસ દીઠ વિટામિન 'એ' ના ૪૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટો ઉમેરવામાં આવે છે. સારી જાતના ઘીમાં પણ આટલુંજ વિટામિન 'એ' હોય છે. આ સર્વ ભારતના સૌથી વિશેષ લોકપ્રિય વનસ્પતિ ડાલ્ડાને પણ લાગુ પડે છે.

HVL 317-95 GJ

ધન્ય માતૃત્વ !

લે૦ પ્રફુલ્લાઇ ઉપાધ્યાય

પરિમલપુર બહુ નાનું નહિ તેમ મોટું નહિ. કસ્બાની કક્ષામાં મૂકવું હોય તો મૂકી શકાય ખરું. તેની પ્રાથમિક શાળા ગામની ભાગોળે, લીમડાની લીલી ઘટામાં મનમોજી મૂર્તિ સમી મનોરમ લાગતી.

વસંતપંચમી હોવાને કારણે ધજાપતાકા અને તોરણોથી તેને શણગારવામાં આવી હતી. ઘંટારવ સાથે નાનાંમોટાં ખુશખુશાલ બાળકો શાળામાંથી ઘરે જવા નીકળ્યાં. સૌના ગજવામાં ધાણીચણા ને પતાસાં હસતે ચહેરે બહાર ડોકિયાં કરી રહ્યાં હતાં. ઘર ભણી પ્રયાણ કરતાં નાનાંમોટાં સૌને મોંએ એક જ વાત સંભળાતી હતી:

'આજે જગુને નિશાળે મૂક્યો ! બધાંને ધાણીચણા ને પતાસાં મળ્યા ! બહુ મજા પડી ! જગુની બાનું નામ વાસંતી, એમનું ઘર લુહારવાડાને નાકે. આમલીને અઢેલીને– બહુચરી માતાના મંદિરની પછીતે.'

પિતા મનોરદાસના મૃત્યુ પછી બરાબર સવા મહિને જગુનો જન્મ થયેલો. તેમને નાનકડી ગોળની દુકાન. તેમને મન નાનાંમોટાં સૌ ઘરાક સરખાં. ગામના પ્રામાણિક વેપારીઓમાં મનોરદાસની ગણના થાય. બ્રાહ્મણ, ભિખારી, સાધુ ને અભ્યાગત કોઇ કંઈ ને કંઈ દાનદક્ષિણા લીધા વિના તેમની હાટડીથી પાછું ન વળે.

દુકાનની બાજુમાં, શરૂઆતથી જ, તેમણે ચાલુ કરેલી પાણીની પરબ. બારે માસ–શિયાળે, ઉનાળે, વરસતો વરસાદે સવાર સાંજ તરસ્યાંને ટાઢક વાળે.

મનોરદાસની પરલોકયાત્રા પ્રસંગે જગુની બાએ માંડ બાવીસ વર્ષ પૂરાં કરેલાં. તે ખાસ કંઈ ભણેલાં નહિ પરંતુ મહામહેનતે થોડું વાંચી શકે ખરાં. ગામમાં મનોરદાસનુ કોઇ સગું નહિ અને વાસંતીનું પિયેર દૂર. પિતા કોથળો કરીને અન્ન અને દાંતનો સંબંધ જાળવી રાખે, છતાં દીકરીનું ખાઇ ગયો 'એ કહેણ ન સાંભળવું પડે એ કારણે તેમણે દુકાન ન સંભાળી ને ગોળની દુકાન બંધ કરવી પડી. પરંતુ વાસંતીએ પોતાના પ્રાણને ભોગે પણ પરબનેં ચાલુ રાખવાનો મક્કમ નિરધાર કર્યો ને તે ચાલુ રાખી.

છ્યાર માસ વાસંતીએ કરકસરથી બચેલા પૈસામાંથી ઘર ચલાવ્યું ને જગુને વરસ દહાડામાં ચાલતો ને થોડું બોલતો કરી દીધો.

હવે વાસંતીને રળવાની ફરજ પડી. વધેલી થોડી બચત–માંથી તેણે એક ગાય લીધી. એક દિવસ તેને રીતસર સીવણ શીખવાનો વિચાર આવ્યો. ગામનાં જાણીતાં પશી દરજણ-નો સંપર્ક સાધી રોજ થોડું થોડું વેતરતાં અને સીવતાં સીખવા માંડયું.

વાસંતીનો હાથ સીવણકામમાં બરાબર બેસી જતાં આડોશીપાડોશી તરફથી તેને કપડાં સીવવાનું કામકાજ મળવા લાગ્યું. તેના કામની સફાઈ અને સીવણની કળાની સુવાસ ગામમાં ફેલાતાં વાર ન લ ગી.

પાંચમા વર્ષમાં પ્રવેશેલા જગુને વાસંતીએ હરખભેર નિશાળે બેસાડયો ને સૌ છોકરાંનું મોં મીઠું કરાવ્યું તેથી ગામમાં વાસંતીનું નામ વધુ મીઠું બન્યું.

વાસંતી જગુ સાથે બાળક સમી બની રમવામાં જરાય સંકોચ રાખતી નહિ. જગુ જે કંઈ પૂછે તેનો ઉત્તર પોતાની શક્તિ–મતિ પ્રમાણે તે આપતી ને જગુની મૂંઝવણો દૂર કરતી. વાસંતી અને જગુ એટલાં સમરસ બની ગયાં હતાં કે તેઓ બને સાથે બેસી અગમનિગમની વાતો કરતાં ધરાતાં નહિ.

નૂતન વર્ષાભિનંદન

ઇનેમલના

દરેક પ્રકારના

હાર્ડવેરને લગતાં ત્યા ઘર વપરાશના વાસણો

ઇલેકટ્રીક શેડ, ક્રોનિકલ અને

ડબલ ક્રોનિકલ ટાઇપના

ઉત્તમ ક્વોલીટીનાં રંગ બેરંગી સાઇનબોર્ડ

— ઉપરાંત —

ઇનેમલનું બીજુ તેમજ પ્રેસીંગનું છુટક કામ કરીએ છીએ. વ્યાપારી વિગત માટે લખો યા મળો–

લાન્સ મેટલ એન્ડ ઇનેમલ વર્કર્સ

(માલિક– જશવંતલાલ શિવાભાઇ પ્રાયવેટ લિ.)

કસ્તુરચંદ મીલ્સ કંપાઉન્ડ તુલસી પાઇપ રોડ

દાદર, મુંબઇ ૨૮.

ટેલીગ્રામ- LANSENAMEL

ટેલીફોન ૬૦૬૩૭

એક દિવસ જગુએ પૂછ્યું, "બા, મારા વર્ગના કેટલાક છોકરા રોજ ને રોજ એનાં એ જ ફાટેલાં ને ગંદાં કપડાં કેમ પહેરીને આવતા હશે ? એમની બા એમને નહિ ધોઇ આપતી હોય ? નહિ સાંધી દેતી હોય ?"

"બેટા, છોકરા ફાટલાં ને ગંદા કપડાં પહેરીને કેમ રોજ ને રોજ આવતા હશે એ તો કેમ કહી શકાય ? પરંતુ તને કોઈ છોકરાનું કપડું ફાટેલું લાગે તો જરૂર તેને આપણે ઘરે લઈ આવજે. મને સાધતાં આવડે છે એટલે તેને સરસ સાંધી દઈશ. મેલું હશે તો હું ધોઇ પણ આપીશ." વાસંતીએ જગુના પ્રશ્નનો જવાબ વાળતાં ઉકેલ સૂચવ્યો.

જગુએ બીજા દિવસથી બે ત્રણ ચાર છોકરાઓને પોતાને ઘરે આગ્રહ કરી કરીને લાવવા માંડ્યા.

વાસંતી પણ તેમની વાટ જોઈને જ બેસતી. ફાટેલાં કપડાં સરસ રીતે સાંધી દેતી અને ધોવા જેવું લાગે તો ધોતી અને જગુનાં કપડાં પહેરાવી તેમને ઘરે મોકલતી.

દિન પ્રતિદિન વાસંતીની પ્રવૃત્તિ વધવા માંડી. જગુનો પણ ઉત્સાહ વધતો જ ગયો. જગુનો ઉત્સાહ જોઈ વાસંતીના અંતરમાં અત્યંત આનંદ થતો.

સાંધેલાં ને ચોખ્ખાં કપડામાં પોતાનાં બાળકોને જોઇ કેટલીક માતાઓએ બોલવા માંડ્યુ કે વાસંતી તો નવરી છે. ભલે આવું કર્યા કરતી. આવું ન કરે તો કરેય શું બિચારી ?

પરંતુ ઘેરે ઘેર બાળકોનાં નિર્દોષ મોંએ વાસંતીની ભલાઈની વાતો વધવા જ લાગી ત્યારે તેમનું દિલ તેમનેજ ડંખવા લાગ્યું અને પોતે જ પોતાનાં બાલકોનાં કપડાં સારાં રાખવાનો પ્રયત્ન કરવા લાગી.

એક દિવસ જગુએ પોતાનાં નાના–નાની ને સંભાર્યાં અને પૂછ્યું :

"બા, કેટલાય દિવસથી નાના–નાનીનો કાગળ નથી. એ આપણે ત્યાં કયારે આવશે ?"

"ઠીક તે યાદ કરાવ્યું. આજે જ તેમને પત્ર લખાવીશ. તું હવે ઝટ ઝટ પત્ર લખતો થઈ જાય તો મારે બીજા પાસે પત્ર ન લખાવવો પડે."


"બા, તને લખતાં નથી આવડતું ?"

"ના"

"કેમ ! તુ નિશાળે ભણવા નહોતી જતી ?"


શરીરની અંદરની અસહ્ય ગરમી ઓછી કરવા માટે **પર્લ કાઢા** શરૂ કરો

શ્રીમતી અ.નંદીબાઈ દેસાઈની **અમ્બલામૃત** ગોળીઓ સુખી, નિરોગી, આનંદી સ્ત્રી જીવન માટે એક સ્ત્રીએ ખૂબ વર્ષો સ્ત્રીઓ માટે વાપરીને અનુભવ લઇને તૈયાર કરી છે,



આખા શરીરની, આંખની, હથેળીની તથા તળીઆની બળતરા હમેશાનો મંદાગ્નિ, જુનો અપચો, તથા મલાવરોધ, શારીરિક તથા માનસિક થાક વગેરે, ગરમ હવા તથા ગરમ પ્રકૃતિને લીધે થનારા વિકાર ઉપર અપ્રતિમ.

'પર્લ કાઢા, નાના મોટા સ્ત્રી–પુરૂષ બધા માટે સરખોજ ગુણકારી નીવડયો છે.



સ્ત્રીઓની જવાની, સૌંદર્ય શક્તિ પાછી મેળવી દેનાર **અમ્બલામૃત** વાપરો

તમારા કેમીસ્ટ પાસેથી પર્લ કાઢા તથા અમ્બલામૃત લો.

પર્લ કંપની, રાણીબાગ મુંબઈ ૨૭

"અમારા ગામમાં નિશાળ નહોતી."

"તો હવે મારી સાથે તુય નિશાળે ચાલ .....હું .....તને આખો વખત યાદ કરું છું. તારા વિના મને નથી ગમતું."

"ને બેટા, મારે ઘેર કેટલું બધું કામ હોય છે. પણ એમ કર : તુ રોજ ઘેર આવીને મને ભણાવજે."

"હા, બા. જરૂર હું તને રોજ ભણાવીશ. મને ભણાવતાં આવડે છે." જગુએ પોતાનો આત્મવિશ્વાસ આનંદથી વ્યકત કરતાં કહ્યું.

બીજા દિવસથી જગુની નિશાળ શરૂ થઇ. જે પોતે ભણ્યો હોય તે તેની બાને શીખવે.

વાસંતીએ પણ જગુનાં પુસ્તકોની અને જગુની મદદથી બરેબર ભણવાનું શરૂ કર્યું.

વાસંતીના સેવાપરાયણ જીવનથી જગુનું જીવન સ્ફટિક સમું સ્વચ્છ અને પ્રકાશિત બનવા લાગ્યું.

શિક્ષકો બાળકોમાં થયલો ફેરફાર જોઈ અંતરથી વાસંતીને નમ્યા સિવાય રહી શકયા નહિ. જગુ પોતાના સદાચરણથી આખી શાળાના પ્રાણ સમો બની ગયો. વાસંતીએ શાળાની મુશ્કેલીઓ પોતાની ગણી યથાશકિત મદદ કરવા માંડી.

જગુ સાથેના અભ્યાસથી વાસંતીનો અભ્યાસ વધ્યો. જગુએ જ્યારે ચોથા ધારણનો અભ્યાસ પૂરો કર્યો ત્યારે વાસંતીને સારી રીતે વાંચતાંલખતાં, નામુ લખતાં અને પરિમાણોના તથા આણપાણના હિસાબો કરતાં બરાબર આવડી ગયુ.

વાસંતી પોતાના પરગજુપણાને લીધે શિક્ષકો તથા વાલીઓની સ્વજન બની ગઇ.

વાસંતીમાં આત્મવિશ્વાસ અભ્યાસ વધવાને કારણે જન્મ્યો અને તેણે પોતાના પતિના સ્મારક રૂપ પહેલાંની જ ગોળની દુકાન ભાડે લઇ ચલાવવી શરૂ કરી.

જગુના મિત્રો, શિક્ષકો અને શાળાના વાલીઓ વાસંતીનાં ઘરાકો બની ગયા. વાસંતીની દુકાન સૌને પોતાની દુકાન લાગવા માંડી. બજાર કરતાં કિફાયત ભાવે માલ મળવાથી વાસંતીની ઘરાકી વધી ગઇ. વેપારી આલમમાં પણ વાસંતીના નમનો ડંકો વાગવા લાગ્યો.

પણ—

માણસ ધારે છે કંઇ ને પ્રભુ કરે છે કંઇ !

પ્રભુની લીલા અગમ્ય છે.

ફકત બે જ દિવસમાં જગુ સાદા તાવની નામની જ માંદગી ભોગવી આ ફાની દુનિયાનો ત્યાગ કરી પ્રભુના દરબારમાં ચાલ્યો ગયો.

સમસ્ત શાળાના શિક્ષકોએ, બાલકો અને વાલીઓએ ભારે હૈયે જગુના મૃત દેહને પોતાની કાંધ આપી.

વેપારી આલમે પરિમલપુરમાં જગુના માનમાં દુકાનો બંધ રાખી કામકાજ બંધ રાખ્યું.

નગરજનોએ જાહેર શોકસભા ભરી નાનકડા બાર વર્ષના છતાં પરિમલપુરના વહાલસોયા પ્રાણ સમા જગુને ભાવભરી સ્નેહાંજલી અર્પણ કરી.

આ અત્યંત ગંભીર પ્રસંગે વાસંતીનું ધૈર્ય અવર્ણનીય અને અમાપ હતુ. આશ્વાસન આપવા આવતી સકતનીતરતી આંખોને એ જ હિંમત રાખી સામું આશ્વાસન આપતી.

"મારો જગુ મરી ગયો નથી. એણે ફકત તેનું ખોળિયું ત્યાગ્યુ છે. જેણે તેને ખોળિયું આપ્યું હતું તેને પાછું લેવાનો પૂરેપૂરો હકક છે. આ બધાં દોડતાં ને કુદતા છોકરાંઓ મારા જગુઓ જ છે. જગુએ તો આખા પરિમલપુરને મારું જગુ બનાવી મને સાચેજ અણમૂલી ભેટ આપી છે. હું કેટલી ભાગ્યશાલી છું. જગુ મારે મન સાક્ષાત પ્રભુ હતો. એણે મને સાચી પ્રભુતાનાં દર્શન કરાવ્યાં. ઉચ્ચ ભાવનાઓ પ્રમાણે જીવન જીવવામાં જ જીવનની સાર્થકતા છે. એ ધારેલી વસ્તુ મને પ્રાપ્ત થઇ છે પછી રડવાનું શાને ?"

વાસંતીએ પોતાની આજીવિકા માટે દુકાનમાંથી નાનકડી રકમ લઈ બધી જ રકમ ને તન મન પરિમલપુરના વિકાસ માટે — કલ્યાણ માર્ગે ખર્ચવા શરૂ કર્યા. વાસંતીએ આજે આખા પરિમલપુરની ચારે ભાગોળે મફત બાલમંદિરો શરૂ કર્યાં છે. પ્રાથમિક શાળા માટે બાલ ઉદ્યોગાલય શરૂ કર્યાં છે. એક કળામંદિર અને મફત દવાખાનું શરૂ કરી પરિમલપુરને એક પ્રેમાળ કુટુંબનાં રૂપમાં પલટાવી નાખ્યુ છે.

પરિમલપુરની એકેએક વ્યકિત આબાલવૃદ્ધ સૌ વાસંતીને વાસંતીબાના પ્રેમભર્યા નામથી ઓળખે છે—બોલાવે છે.

વાસંતી પરિમલપુરની માતા બની છે !!

ધન્ય હો એ માતૃત્વને !!

વંદન હો એ માતૃત્વને !

ગિજુભાઇ–જયંતી બાલશિક્ષણ સંમેલન


સદ્‌ગત ગિજુભાઇના મિત્રો, પ્રશંસકો, વિદ્યાર્થીઓ અને બાલશિક્ષણમાં રસ ધરાવતાં સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, મુંબઇ અને બૃહદ ગુજરાતનાં ભાઇ–બહેનો પૈકી કેટલાંક, બાલ-શિક્ષણના કાર્યને સુવ્યવસ્થિત અને વેગવાન બનાવવા સારૂ કોઈ એક સ્થળે એકઠાં મળવાનું વિચારી રહ્યાં હતાં. થોડા વખત પહેલાં તેઓ આ વિચારને મૂર્તસ્વરૂપ આપવા અમ-દાવાદમાં મળ્યાં અને અમારી સમક્ષ તેમણે આ વસ્તુ રજૂ કરી. અમને એ વાત ગમી અને તેનો અમે સહર્ષ સ્વીકાર કર્યો.

આવું સંમેલન, જ્યાંથી બાલશિક્ષણના નવયુગની ઉષા પ્રગટી, જ્યાંથી સેંકડો ભાઇબહેનોએ બાલશિક્ષણની દીક્ષા મેળવી, જ્યાં બાલશિક્ષણના પ્રણેતા ગિજુભાઇએ વર્ષોપર્યંત તપ કર્યું, એવી સદ્‌ગતની કર્મભૂમિ, દક્ષિણામૂર્તિ બાલ મંદિરને આંગણે મળે તે દરેક રીતે યોગ્ય લાગ્યું, અને તેનો સમય પણ સ્વ૦ ગિજુભાઇ–જયંતીના પ્રેરક દિને જ રાખવો એમ વિચાર્યું. સમય ઠરાવવામાં કેટલીક મુશ્કેલીઓ હતી; દિવાળીની રજાઓ દરમિયાન, પહેલાં કે પછી એ પ્રશ્ન હતો, પરંતુ ઘણા વિચાર પછી ગિજુભાઇ–જયંતીના શુભ દિને જ મળવાનું નક્કી કરવામાં આવ્યું છે. લાંબા સમય બાદ, જેની આવશ્યકતા છે એવું આ સમેલન મળતું હોઇ થોડી સગવડઅગવડ ભોગવીને પણ આ અવસરે સૌ આવી પહોંચશે એવી શ્રદ્ધા સાથે એ દિવસો નક્કી કરવામાં આવ્યા છે.

આજે રાષ્ટ્રના પુનરુત્થાનના અનેકવિધ પ્રયાસો ચોમેર ચાલી રહ્યા છે. પ્રજ્ઞવિકાસના પાયાના બાલશિક્ષણ ક્ષેત્રે પણ પ્રગતિ થઈ રહી છે, અને તેની સાથે જ અનેક પ્રશ્નો પણ ઉપસ્થિત થયા છે. આજે ગ્રામ–વિસ્તાર અને નગર–વિસ્તાર માં બાલવાડીઓ અને બાલમંદિરો પૂર્વ દિશામાં પ્રગટતી નવઉષાની પેઠે ઊઘડી રહ્યાં છે, બાલશિક્ષકોની માંગ દિનપ્રતિ-દિન વધતી જાય છે. ટૂંકા તેમ જ લાંબા ગાળાનાં અધ્યાપન મંદિરો ચાલી રહ્યાં છે. તેના અભ્યાસક્રમો, પરીક્ષાઓ, બાલમંદિરો અને બાલવાડીઓના સાધનો, શિક્ષકોની રજાઓ, વેતન વગેરે વ્યવસ્થાના પ્રશ્નો, સંચાલકો ને સરકાર સાથેના સંબંધો, આવા વિવિધ પ્રશ્નો આજે ઉપસ્થિત થાય છે અને કેટલાક તો ઠીક ઠીક મૂંઝવી રહ્યા છે,–જે સમગ્ર દૃષ્ટિને આવરી લેતી તલસ્પર્શી વિચારણા માગે છે.


આ સમેલનમાં આવા પ્રશ્નો ઉપર વિચારણા કરી, બાલશિક્ષણના કાર્યને વધુ વેગવાન, વધુ વ્યવસ્થિત, વધુ

તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે
બાળકોની તંદુરસ્તી માટે તેમને
હમેશા સંતોષ કુકરમાં બનાવેલ
પૌષ્ટીક રસોઈ ખવરાવો



મુ
સા
ફ
રી
તો-
મિ
ત્ર

સંતોષ કુકર બળતણ, વખત, પૈસાને મહેનત બચાવે છે. **સંતોષ કુકર કું.**
૧૧૯ ન્યુ ચર્ની રોડ, મુંબઈ–૪



પ્રસંગોપાત, મુખવાસ માટે વપરાતી

☆ દિલરંજન ☆

સેંટેડ સોપારી

* સુમધુર * સૌને આનંદિત કરતી

સર્વ જગ્યાએ વેચાય છે.

આપના ગામની એજન્સી માટે લખો:–

રાવજીભાઈ કે. સોપારીવાલા

શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ, મુંબઈ ૭
બ્રાન્ચ : પોસ્ટ ઓફીસના બાજુમા,
વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ ૪.

સંગીન અને સંગઠિત કરવા અંગે નિર્ણયો લેવાના છે. ગિજુભાઈએ સ્થાપેલ "નૂતન બાલશિક્ષણ સંઘ" જેવી બાળકેળવણીના કામને વરેલી, તેને પ્રાણપોષણ આપતી આવેલી સંસ્થાની વર્તમાન પરિસ્થિતિ તથા ભવિષ્યના વિકાસક્રમ અંગેની વિચારણા અને બાલશિક્ષણ ક્ષેત્રે કામ કરતી થયેલી અન્ય સંસ્થાઓના એકીકરણ તેમ જ સંગઠન અંગે પણ આ સંમેલનમાં વિચારણા થશે.

સંમેલનનો બે દિવસનો વિગતવાર કાર્યક્રમ હવે પછીની પત્રિકામાં આપવામા આવશે. દરમિયાન, સંમેલનના ઉપરોકત હેતુને સફળ બનાવવા, બાલ કેળવણી અંગેના પ્રશ્નો તથા દૃષ્ટિબિંદુ સંમેલનના મંત્રીઓ ઉપર મોકલી આપવા વિનતિ. દિશાસૂચન રૂપે થોડી બાબતો નીચે આપવામાં આવી છે :


૧ નૂતન બાલશિક્ષણ સંઘની ચાલુ પરિસ્થિતિ. ૨. પૂર્વ પ્રાથમિક શિક્ષક સંઘ અંગે વિચારણા. ૩ વહીવટી મુશ્કેલીઓ. ૪. સરકાર તરફથી મળતી ગ્રાંટ. ૫. તાલીમ પામેલા શિક્ષકોની માન્યતા. ૬. બાલશિક્ષણનું સ્ટેચ્યુટરી બૉર્ડ. ૭. અધ્યાપન મંદિરોનો અભ્યાસક્રમ. ૮. બાલમંદિરની ઓછામાં ઓછી લાયકાત. ૯. બાલશિક્ષકોની ઓછામાં ઓછી યોગ્યતા.

ઘણાં લાંબા સમયથી જેની જરૂર અને માગણી હતી એવું સંમેલન ભાવનગરમાં દક્ષિણામૂર્તિ બાલમંદિરને આંગણે દિનાંક ૧૫ અને ૧૬ નવેમ્બરના રોજ મળે છે. બાલશિક્ષણના પ્રાણ પ્રશ્નોની ચર્ચા-વિચારણા ઉપરાંત પચીસ વર્ષ પહેલાં બાલયુગના દૃષ્ટાએ ઉઠાવેલા બુલંદ અવાજની પ્રેરણા ઝીલી એ સ્થળે, એ દિવસ સાથે રહી નવું જોમ અને નવી શ્રદ્ધા પ્રાપ્ત કરવા, વર્ષો પછી દ૦ મૂ૦ બાલમંદિરની ગોદમાં ખેલવા, હળીમળી તાજા બની બાલકેળવણીના કાર્યને સૌ-સાથે મળીને બમણા વેગથી ઉપાડવા દરેક બાલશિક્ષણપ્રેમીઓ આવી પહોંચશે અને સંમેલનને સફળ બનાવશે એવી આશા છે. બધાના સરનામા ઉપલબ્ધ ન હોવાથી પત્રિકા દ્વારા આ નિમંત્રણ બધાને કરીએ છીએ.

આપના,

જાદવજીભાઇ મોદી
હરભાઇ ત્રિવેદી
આહવાહકો

રામભાઇ ના. પાઠક
ચંદુભાઈ ભટ્ટ
નરેન્દ્ર બ્રહ્મભટ્ટ
મંત્રીઓ,
ગિજુભાઇ જયંતી સંમેલન



'સોના એક'

'અમારી લતા કંઇ કરે છે ખરી કે?' એક દાદાજી પોતાની પૌત્રીની ખબર કાઢવા માટે બાલમંદિરમાં આવ્યા હતા.

'હા કરે છે ને! માટીકામ કરે છે, રંગોળીમાં રંગ પૂરે છે, બટાકા છોલે છે એવી ઘણી પ્રવૃત્તિઓ કરે છે.'

આ સાંભળીને દાદાજીના મનનું સમાધાન થયું: એ તેમણે વ્યકત પણ કર્યું: 'બાલમંદિરમાં દાખલ કર્યાને એક મહિનો થયો તેથી મન એમ થયું કે તમને મળી આવવું જોઇએ. આ વયના બાળકોને તમે કેવા પ્રકારની પ્રવૃત્તિઓ આપો છો એ મારે જોવું જોઇએ. લતા ઘરે આવીને ઘણી બધી વાતો કરે છે. તેના બા–બાપુજીને દવાખાનાના કામમાંથી અહીં આવવાનો સમય જ મળતો નથી તેથી મેં વિચાર્યું કે હું જ જાઉં લતાના બાલ મંદિરમાં અને જોઉં તો ખરો કે શી શી પ્રવૃત્તિઓ ચાલે છે.'

દાદાજીના ચહેરા ઉપર પૌત્રી માટેનો પ્રેમ તથા એની કેળવણી માટેની આસ્થા વગેરે ભાવ દેખાઈ આવતા હતા. એટલે મેં સહજ રીતે કહ્યું, 'તો પછી તમારી લતા શું કરે છે તે જોશો કે?'

'હા! હા! જરૂર. તમે પરવાનગી આપશો તો.'

'બાળકોના વાલીઓને તો બાળકો શું કામ કરે છે તે જોવાની રજા ન હોય એ હાસ્યાસ્પદ જ લાગે. તદ્દન શરૂ-આતમાં બાળકો વાલીઓથી છૂટા થઈ શકે એ દૃષ્ટિએ કોઈવાર અમારે વાલીઓને ઘરે જવાનું કહેવું પડે છે. પણ બાળકો એક વાર બાલમંદિરમાં હળી જાય પછી વાલીઓએ શિક્ષકો સાથે વિચારવિનિયમ કરવો આવશ્યક છે. બાલમંદિરમાં વાલીઓના આવવાથી બાળકોને પણ ખુબ આનંદ થાય છે' એમ બોલતા બોલતા અમે વર્ગમાં ગયા.

સંગીતનો કાર્યક્રમ પૂરો થવા આવ્યો હતો. બે–ત્રણ ગીતો એમને સાંભળવા મળ્યા હતા. શરૂઆતમાં લતાએ દાદાજીને આવેલા જોયા જ નહોતા. ગીતો સાંભળવામાં અને અભિનય જોવામાં એ તન્મય હતી. દાદાજી પણ નાના ટેબલ ઉપર બેસીને ગીતો સાંભળતા હતા ને તાલ આપતા હતા. મને લાગ્યું કે બીજા ગીત વખતે પણ એ મને પૂછશે કે 'અભિનય ગીતમાં લતાને નથી લેતા કે?' પણ એમણે કંઈ એવું પૂછ્યું નહિ. હવે લતાનું ધ્યાન દાદાજી તરફ ખેંચાયું. તરત જગ્યાએથી ઊઠીને દાદાજી પાસે આવીને ઊભી રહી ગઈ. છેલ્લા ગીતમાં બન્ને જણ તન્મય થઈ ગયા હતા. દાદાજી લતાની પીઠ ઉપર હલકે હાથે તાલ દઈને ગીત સાંભળતા હતા. એમણે એક વખત પણ લતાને કહ્યું નહિ કે તું ગીત ગા કે અભિનય કર. લતાએ જ કહ્યું કે 'કાલે ઘરે હું આ ગીત ગાઈ સંભળાવીશ, હોં.'

ત્યારે દાદાજી એ કહ્યું: 'બાલમંદિરમાં નહિ કે!'


'અં હું.'

'ઠીક ત્યારે.' દાદાજીએ કહ્યું

ત્યારબાદ સાધનો ગોઠવાયાં ને બાળકો જુદી જુદી પ્રવૃ-ત્તિમાં રોકાયા. લતાએ દાદાજીની આંગળી પકડીને કહ્યું, 'ચાલો તમને હું મારી શાળા બતાવું' દાદાજી એની સાથે ફરવા લાગ્યા. લતા દાદાજીને દરેક સાધન બતાવવા લાગી: 'આ જુઓ મોતી. એની મોટી માળા બનાવવાની આ આ જુઓ ધન, કાલે મેં એનો મોટો બંગલો બાંધ્યો હતો. અને આ કેવી સરસ નાનકડી ઘંટી છે! એમાંથી લોટ બહાર આવે છે બતાવું તમને?' ને ઝટ દઈને એ ઘંટી પાસે બેસી ગઇ. પણ તેની પહેલા અનિલ ત્યાં દળતો હતો. લતાએ તેને પૂછ્યું: 'હું તારી સાથે બેસું દળવા?'

"ના ના! હું એકલો જ દળીશ." અનિલે રૂઆબથી કહ્યું.

દાદાજીએ કહ્યું: 'એ દળી રહે પછી આપણે ફરી આવીશું.' પણ લતાનું મન ત્યાં જ ચોંટયું હતું, લતાનુ મન જરા કચવાયું હતું, પણ એનો ઉપાય નહોતો, પણ એટલી વારમાં અનિલને કોણ જાણે શુ થયુ. એણ કહ્યું,



ઝરણથી
બનતું
સુગંધિત
તેલ

આપને ત્રિવિધ ફાયદા-
ઓની ખાત્રી આપે છે.

૧. બરતા વાળને અટકાવી, વાળને
ભરાવદાર અને મુલાયમ બનાવે છે
૨. મગજને પોષક તત્વો પૂરાં
પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપતિ
બચાવે છે.

આજે જ એક બાટલી ખરીદો અને હમેશના વપરાશનુ સર્વોતમ કેશતેલ ઘેર બેઠાં આસાનીથી તેયાર કરો.....

બધે જ ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ
સુગંધ ઘર
બાડીયા. અહમદાબાદ

સી નરોતમની કું.
મંગલદાસ રોડ.
મુંબઈ ૨.
ટે. નં. ૩૦૫૭૫

M P S

'વાહ લે લતા હવે તું દળ' લતાને ખુબ આનંદ થયો. તે દળવા બેઠી. દાદાજીએ હળવેથી મને કહ્યું : 'લતા ઘરે હોત તો ભેંકડો જ તાણત.' મેં કહ્યું : 'અહીં બધાને જ એકબીજાના સહકારથી કામ કરવું પડે છે, બીજાનું વર્તન સહન પણ કરી લેવું પડે છે.'

'વારે વારે ઝગડા નથી થતા ?' દાદાજીએ પ્રશ્ન પૂછ્યો.

'બહુ થતા નથી. કદીક થાય તો તેનો ઉકેલ પણ તરત આવે છે. આપણા કરતાં આપણા બાળકોને 'કયુ' પદ્ધતિ સારી રીતે સમજાય છે.'

આ વાત ઉપર દાદાજીને પણ હસવું આવ્યું.

લતા દળતી હતી, અનિલ જોતો હતો. અનિલને પણ પોતે કંઈ વિશેષ કર્યું છે, એવું લતાના દાદાજીને બતાવતો લાગ્યો. ચારપાંચ મિનિટમાં દળવાનું પૂરું કરીને બન્ને જણાએ ઘંટીનું ઉપલું પડ હળવેથી ઊંચકીને લોટ એકાઠો કર્યો ને ડબ્બામાં ભર્યો. બધું પાછું વ્યવસ્થિત મૂકી દીધું. લતા દાદાજીની પાસે આવી. અનિલ પણ આવ્યો. દાદાજીએ લતાની પીઠ ઉપર વહાલથી હાથ ફેરવ્યો. અનિલની પીઠ ઉપર પણ ફેરવવાનું ભૂલ્યા નહીં. 'સારું દળી લીધું.' બન્ને ને ઉદ્દેશી ને તે બોલ્યા.

લતા ત્યાંથી દાદાજીને મોટા ઓરડામાં લઈ ગઈ. ત્યાં એક ખૂણામાં બેનની ફરતાં વીંટળાઈને કેટલાંક બાળકો કાતરકામ કરતાં હતાં. લતાને પણ કાતરકામ કરવાની ઈચ્છા થઈ. દાદાજીનો હાથ છોડીને તો બેનની પાસે ગઈ. વધારાની કાતર બાજુમાં નહોતી તેથી તે મૂંગી મૂંગી શેતરંજી ઉપર બેસી રહી. આશાએ કાતરકામ કરીને જોવી કાતર ટોપલીમાં મૂકી કે લતાએ તો લીધી; અને લીટી દોરેલો કાગળ હાથમાં લઈને લીટી ઉપરથી કાપવા લાગી. બેચાર પટ્ટીઓ કાપીને દાદાજી ને બતાવી; ને કાતરકામ પૂરું કર્યું.

કેટલાક બાળકો દશમાન પદ્ધતિમાંના સાધનમાંથી સંખ્યા લાવતા હતાં. પાસે જ મોતીના ઘન, ચોરસ દશની સળીઓ મૂકી હતી. એમાંથી એક સળી લઈને લતાએ દાદાજીને બતાવી. દાદાજીએ પૂછયું : 'આ શુ છે ?'

લતાએ કહ્યું : 'મોતી, પણ એ પરોવેલા જ છે. એ કાઢી શકાતા નથી.'

મેં કહ્યું : 'હજી આ સાધનોથી એને પરિચય થયો નથી.' પાસે જ ચલમૂળાક્ષરની પેટીથી એક બાળક શબ્દો લખતો હતો. દાદાજીએ બે અક્ષરો ઊંચકીને 'લતા' શબ્દ લખ્યો. મને નવાઈ લાગી; એટલે દાદાજીએ કહ્યું કે, મેં ઘરે લતાને સાત–આઠ અક્ષરો શીખવ્યા છે, પણ તમારું આ સાધન ખૂબ સરસ છે. મને લાગ્યું કે હમણા લતાના દાદાજી કહેશે કે તમે હજી લતાને કંઈ અક્ષર કેમ શીખવ્યા નથી ! પણ એમણે એવું કંઈ જ કહ્યું નહિ. મને આશ્ચર્ય થયુ ને સાથોસાથ સમાધાન પણ થયુ.

સાર પછી અમે થોડીવાર દફ્તરમાં જઈને બેઠાં. લા દાદાજીએ બાળકોએ તૈયાર કરેલ હસ્તવ્યવસાય જોવાની ઈચ્છા દર્શાવી. આ વખતે લતા અંદર ઓરડામાં નાસ્તાની પૂર્વ તૈયારીમાં પડી હતી. દાદાજીએ બાળકોના હસ્તવ્યવસાયને ખુબ ઝીણવટપૂર્વક જોયા અને દરેક વિભાગમાંથી એક એક નમૂનો એમને ઘરે લઈ જવા માટે માગી લીધો આ નમૂનાઓનાં ચિત્રમાં રંગપૂણી હતી, ઊન, રેશમ ને મોતીનાં ભરેલા કાર્ડો હતા; ઘડીકામ ને હોડીકામનાં થોડા નમુના હતા. આ બધા નમુના એમણે ખુબ કાળજીપૂર્વક પોતાની થેલીમાં મુકયા પછી પૂછયુ : 'તમારી પાસે અહીના ગીતોનો સંપૂર્ણ સંગ્રહ છે ?'

'હા છે.' એમ કહીને મે એમને બાલમંદિરની ગીતોની નોંધપોથી આપી. એમણે એમાંનાં ગીતો જોઈ લીધા અને પછી એ ચોપડી ઘરે લઈ જવાની રજા માગી મેં એમને રજા આપી.

એટલી વારમાં લતા દાદાજીને બોલાવવા આવી, 'ચલોને દાદાજી મેં રંગોળી કરી છે તે બતાવું;' એટલે અમે બન્ને ઓરડામાં આવ્યા. 'આ બાજુના પાન મેં ગોઠવ્યા છે. ફૂલો મધુરીએ ગોઠવ્યા છે' એમ અભિમાનપૂર્વક લતાએ દાદાજીને કહ્યું.

'વાહ, વાહ, રંગોળીની કલ્પના તો સુંદર છે. આવા પાન ને ફૂલ તો અમારા બાગમાં ઘણાં હોય છે, રંગોળી દરરોજ કાઢવાની હોય છે કે.'



'હા, દરરોજ કોઇ ને કોઈ નવી રંગોળી હોય છે. પાન, ફૂલ ન હોય તો રંગીન ચોક, રંગીન લાકડાનો વહેર પણ રંગોળીમાં વપરાય છે. શંખલા-છીપલાની પણ રંગોળી હોય છે.' આ નવી વાત એમને જાણવા મળી, ને એમણે કહ્યું : 'આ પણ ઘરે કરી શકાય એવી પ્રવૃત્તિ છે.'

નાસ્તાની પ્રવૃત્તિ પૂરી થઇ ને લતા અને દાદાજી ઘરે જવા નીકળ્યા. બન્ને ખુબ આનંદમાં હતા.

બે દિવસ પછી લતાના દાદાજીએ મારી ગીતોની નોંધ-પોથી પાછી મોકલી આપી. તેની સાથે હસ્તવ્યવસાયના બધા નમૂના પણ મોકલી આપ્યા હતા. વિશેષમાં મારી ગીતપોથીને પૂઠું નહોતું ને થોડી ફાટી ગઇ હતી તે સાંધીને પૂઠું ચડાવીને મોકલી હતી.

ત્યારબાદ ૧૫ દિવસ પછી લતાની બાએ અમને બધા શિક્ષકોને ચિઠ્ઠી લખીને મળવા માટે ઘરે બોલાવ્યા. અમે લતાને ઘરે ગયાં ત્યારે ખબર પડી કે તે દિવસે લતાનો જન્મદિવસ હતો. પણ ચિઠ્ઠીમાં તેનો ઉલ્લેખ નહોતો. એમને ઘરે કુટુંબની બધી વ્યકિતઓનો પરિચય થયો. લતાએ જે રીતે પોતાના દાદાજીને બાલમંદિર બતાવ્યું હતું તે જ પ્રમાણે આજે અમને એનું પોતાનું ઘર બતાવ્યું. વચમાં વચમાં એના દાદાજી એને મદદ કરતા હતા. બા નાસ્તાની તૈયારી કરતા હતા. કોઇ આવ્યું હતું તેની સાથે બહાર બાપુજી વાત કરતા હતા. બાલમંદિર જોઈ આવ્યા પછી દાદાજીએ લતા માટે જે જે પ્રવૃત્તિની યોજના કરી હતી તે ખુબ આનંદથી અમને બતાવતાં કહ્યું :

'પહેલા બધી ખીંટીઓ ખુબ ઊંચે હતી. હવે લતાનો હાથ પહોંચે એમ થોડી ખીંટીઓ લગાડી છે.' જૂના પોસ્ટકાર્ડ ઉપર કાગળ ચોંટાડીને લતા માટે સીવણના કાર્ડસ પણ દાદાજી એ તૈયાર કર્યા હતા તે અમને લતાની મોટીબાએ બતાવ્યાં. પોતાનાં કબાટમાંથી સૌથી નીચેનું ખાનું ખાલી કરીને લતાની ચીજ વસ્તુ મૂકવા માટે વ્યવસ્થા કરી આપી હતી. તેમાં એના રમકડાં અને કપડાં ગોઠવ્યાં હતાં. એક ખુણામાં એક નાની તપેલીમાં ગણપતિની માટી ભીંજવીને રાખી હતી. અને બાજુમાં માટીકામ માટે એક બોખાનું ઢાંકણું પડયું હતું અને તેની બાજૂમાં એક નાનું પાટિયું અને ચોકનો ડબ્બો પણ મુકેલો દેખાયો.

એકંદર બાળમંદિરના વાતાવરણને પોષક એવી બધી પ્રવૃત્તિઓ આપીને દાદાજીએ લતાના બાળમંદિરના જીવનને ઉત્તમ વલણ આપ્યું હતું. ચહા પીતી વખતે આ બધી બાબતોનો મેં ઉલ્લેખ કરીને ઘરની દરેક વ્યકિતને અભિ-નંદન આપ્યાં એટલે દાદાજી એ કહ્યું: 'આટલા દિવસ સુધી મને ખબર નહોતી કે શું શીખવવું જોઇએ. તેથી હું અંક અક્ષર ને આંક શીખવતો હતો. તે શીખતી હતી. પણ એમાં એને એટલો બધો રસ પડતો નહોતો. બાલમંદિર જોયા પછી એને ગમે એવી ને રસ પડે એવી પ્રવૃત્તિ આપવાથી એ ખુબ આનંદમા રહે છે, ને કંટાળો ઓછો થઇ ગયો છે તેથી એની બા પણ એના ઉપર ખુબ ખુશ રહે છે.' ધીરે રહીને મેં કહ્યું, 'તેને લીધે લતાના બાપુજી પણ લતાના બા ઉપર ખુશ રહેશે.' આ સાંભળીને બધાં ખુશ હસ્યા.

લતાના જન્મદિવસ નિમિત્તે અમને બોલાવ્યા હતા એ અમને પહેલેથી જણાવ્યું નહોતું તેથી અમારી સાથેના એક બહેન જરા નારાજ થયાં. તેથી લતાના દાદાજી કહ્યું : 'મેં જાણી જોઇને જણાવ્યું નહોતું. અમને બધાને એવું બધું વધારે પડતુ લાગે છે.' અમને એમનું કહેવું યોગ્ય લાગ્યું. પછી બધાની રજા લઈને અમે ઘરે જવાને ઊઠયા.

બીજે દિવસે અમે બધાએ મળીને શાળામાં તૈયાર કરેલું એક કાર્ડ, તથા થોડા સુંદર સુંદર શંખલા-છીપલા લતાને ભેટ તરીકે મોકલી આપ્યા.

લતાના દાદાજીની ચિઠ્ઠી આવી કે તમારી ભેટ લતાને તો ગમી જ છે પરંતુ મને પણ ખુબ ગમી છે. કારણ હવે લતા ઘરે પણ જમવાના ટેબલ ઉપર તમે મોકલેલા શંખલા-છીપલાનું નવું નવું સુશોભન દરરોજ કરે છે. તેમાંથી તેને નવનિર્મિતિનો આનંદ થાય છે, અને અમને બધાંને પણ તેની સૌન્દર્યદૃષ્ટિ માટે આશ્રય થાય છે. તમારી શાળાને ધન્યવાદ.

આવા છે સોમાં એક એવા અમારી લતાના દાદાજી.

તારાબાઈ પરાંજપે

નૂતન - વર્ષાભિનંદન

બ્લાઉઝ તથા ફ્રૉક માટે ક્રેપ્રોન તથા સીલ્ક પ્લેઈન તેમજ પ્રીન્ટેડમાં અનેક વેરાઇટીઝ તથા
૫, ૬ અને ૯ વારની દરેક ડીઝાઇનની સાડીઓ સિવાય પેન્ટ અને
બુશ શર્ટની વેરાઇટીઝ માટે પધારો

ગીરધરલાલ બ્રધર્સ
પ્રાર્થના સમાજ મુંબઈ ૪
(દર સોમવારે બંધ)

જનતા વસ્ત્ર ભંડાર
પ્રાર્થના સમાજ મુંબઇ ૪.
(દર શુક્રવારે બંધ)

નૂતન બાલશિક્ષણ સંઘની શાખાઓ ગામેગામ સ્થાપો

ગામેગામ બાલવાડીઓ અને બાલમંદિરો વધતા પ્રમાણમા નીકળવા માંડયા છે. માણસનું વ્યકિતત્વ, સ્વભાવ અને જીવન અંગેનું વલણ જે કાળમાં બંધાય છે તે કાળમાં બાળકનું રક્ષણ થવું જોઇએ : તેમના મન પર શકય એવાં સારા સંસ્કાર પડવા જોઇએ. ગરીબ માતા–પિતાને પણ આવી જરૂર હવે લાગવા માંડી છે. પરિણામે બાળવાડીઓ અને બાળમંદિર જેવી પૂર્વપ્રાથમિક કેળવણીની સંસ્થાઓ વધી રહી છે.

આ પૂર્વપ્રાથમિક શિક્ષણસંસ્થાઓની પરિસ્થિતિને યોગ્ય સ્વરૂપ આપવું, ગામના બધાં બાળકો માટે બાલ-ક્રિડાંગણો, વાચનાલયો, સંગ્રહાલયો વગેરે જેવી સંસ્થાઓ યોજવી, બાલકલ્યાણની દૃષ્ટિથી અનાથ, અપંગ, અને ગુનાઓમાં સપડાયલા બાળકોને મદદ કરવી, કામગાર સ્ત્રીઓનાં બાળકોનું સંગોપન કરવા ઘોડિયાઘરો યોજવાં વગેરે કામો માટે ગામેગામ બાલપ્રેમી વાલી–શિક્ષકોના સંગઠનની અત્યંત જરૂર છે.

નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય


ઉપર જણાવેલું કાર્ય કરવાના ઉદ્દેશથી નૂતન બાલ-શિક્ષણ સંઘ ગયા બત્રીસ વર્ષ સુધી એક દેશવ્યાપી આયોજન નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

આજે આ સંઘ તરફથી નીચે મુજબ મુજબનું કાર્ય થઇ રહ્યું છે :

૧. શ્રીમતી તારાબેન મોડકના નેતૃત્વ હેઠળ ફોસબાડમાં (પોસ્ટ ગોલવડ, જિલ્લા થાણા) ગ્રામીણ અને પછાત પ્રદેશોમાં બાળકેળવણીના સંશોધન માટે તેમ જ ગ્રામીણ બાલશિક્ષકો તૈયાર કરવા માટે ગ્રામ બાલશિક્ષા કેન્દ્રનું સંચાલન કરવામાં આવે છે. આ કેન્દ્રમાં ભારત સરકારની મદદથી અત્યારે વિકાસવાડીનો પ્રયોગ શરૂ થઇ ગયો છે.

૨. વાલી અને શિક્ષકો માટે બાળકેળવણી, બાલ-માનસશાસ્ત્ર, બાલ આરોગ્ય શાસ્ત્રના આધારે લખેલું સાહિત્ય પહોંચાડવાની દૃષ્ટિથી 'શિક્ષણ પત્રિકા' નામનું માસિક મરાઠી અને ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવામાં આવે છે.





૩. ગામેગામની બાલકેળવણીની સંસ્થાઓને સલાહ-સૂચના આપવી તેમ જ તેમનું નિરીક્ષણ કરીને યોગ્ય સૂચના કરવા માટે સંઘે પોતાનું નિરીક્ષણ ખાતું રાખ્યું છે. આ યોજનામાં સંઘ સાથે જોડાએલા ૧૦૦ બાલમંદિરો જોડાયાં છે.

૪. બાલ શિક્ષણ સંસ્થાઓની સાથોસાથ સંઘની સાથે બાલ અધ્યાપન મંદિરો પણ જોડાયાં છે. આ સંસ્થાઓને માર્ગદર્શન આપવું, અધ્યાપન અંગેના શિક્ષણક્રમો યોજવા તથા તેમાં જરૂર જણાય ત્યાં ફેરફારો કરવા, પરીક્ષાઓ લેવી, યશસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવાં અને અધ્યાપન સંસ્થાઓનું સંકલન કરવું વગેરે કામો સંઘની બાલઅધ્યાપન સમિતિ દ્વારા થાય છે.

૫. માતા, વાલીઓ અને શિક્ષકો માટે વ્યાખ્યાનમાળા, પરિષદો, પ્રદર્શનો, સંસ્કારવર્ગો અને નિદર્શનો યોજવામાં આવે છે.

શાખા શી રીતે શરૂ કરી શકાય ?

આપનું ગામ જો એક લાખ કરતા ઓછી વસતિવાળું હોય તો એવા ગામના સંઘનો એક સક્રીય સભાસદ અને ઓછામાં ઓછા ૪ સહાયક સભાસદો મળે તો સંઘની સ્થાનિક શાખા શરૂ કરી શકાય છે.

આપનું ગામ જો જિલ્લામાં હોય તે જિલ્લામાં સંઘની પ્રાદેશિક શાખા અસ્તિત્વમાં હોય તો શાખા કાઢવાનો આપનો વિચાર આપ તે શાખાના મંત્રીને જણાવશો. (મહેસાણા અને થાણા એ બે જિલ્લામાં અત્યારે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખાઓ છે) પરંતુ આપના જિલ્લામાં જિલ્લા પ્રાદેશિક શાખા ન હોય તો આપ આપના ગામમાંથી અને અથવા જિલ્લાના પ્રદેશમાંથી પંદર વધુ સહાયક સભ્યો મેળવી શકો તો આપનાં ગામની સ્થાનિક શાખાને જિલ્લા પ્રાદેશિકનું સ્વરૂપ આપી શકાશે, એમ જિલ્લા પ્રાદેશિક ન બનાવવી હોય તો સ્થાનિક શાખાને દરજ્જે સીધો કેન્દ્રસંસ્થા સાથે આપની શાળાસંબંધ રાખી શકશે.

એક લાખ અથવા વધુ વસતિનાં ગામો

આપના ગામની વસતિ એક લાખ અથવા એથી વધુ હોય તો ત્યાં એક સક્રીય સભાસદ અને ઓછામાં ઓછા નવ સહાયક સભાસદો મળે એ ગામમાં નગર સ્થાનિક શાખા શરૂ કરી શકાશે. આ નગરમાં જો સંઘની નગર પ્રાદેશિક શાખા હોય તો એ શાખાના મંત્રીને આપનો વિચાર જણાવવો આવશ્યક છે; કારણ આ નગર પ્રાદેશિક શાખાની ભલામણથી જ કેન્દ્રીય સંસ્થાની માન્યતા મેળવવી પડે છે. અત્યારે મુંબઈ, અમદાવાદ, પૂના, વડોદરા, સુરત, નાગપુર, ઈંદોર અને ભાવનગરમાં પ્રાદેશિક શાખાઓ ચાલે છે.

આપના શહેરમાં નગર પ્રાદેશિક શાખા જો અસ્તિત્વમાં ન હોય તો આપની સ્થાનિક શાખા વધુ પ્રયત્નશીલ બનીને જો વધુ ત્રીસ સહાયક સભ્યો મેળવે તો એ જ શાખા નગર પ્રાદેશિક શાખા તરીકે સ્થાપન થાય એટલે એ જ શહેરમાં બીજી પ્રાદેશિક શાખા રચી શકાતી નથી.

સ્થાનિક જિલ્લા અથવા પ્રાદેશિક શાખાઓ

આપના ગામમાં નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાપના કરીને બાલસેવાનું કાર્ય શરૂ થાય એમ જો આપ ઇચ્છતા હો તો આપે આપનો વિચાર પ્રાદેશિક શાખાના મંત્રીને જણાવીને આપના ગામમાં પ્રાદેશિક શાખાના કાર્યકર્તાને આવવા માટે નિમંત્રણ કરશો. એવી પ્રાદેશિક શાખા આપને ત્યાં ન હોય તો કેન્દ્રને લખીને કાર્યકર્તાઓને બોલાવશો. આ કાર્યકર્તાઓ અને આપના ગામમાં શાખા ચલાવવા ઇચ્છનારા કાર્યકર્તાઓનો વિચારવિનિમય થવો જરૂરી છે. એ રીતે આપના કાર્ય સંબંધી સ્પષ્ટ કલ્પના લઇને આગળ મુજબનું સાહિત્ય પ્રાદેશિક શાખાના અગર કેન્દ્રના કાર્યાલયમાં એક રૂપિયો ભરીને મગાવી લેશો.

૧. સંઘના બંધારણની બે પ્રતો.
૨. પ્રવેશપત્રકો ૪૦
૩. પાવતી બુક

શ્રી લક્ષ્મી સીલ્ક મીલ્સ

હા. ૨ મુંબઇ ૨૮.

તમારી આર્ટ સીલ્ક કાપડની જરૂરીઆત માટે અમારી જાણીતી ટકાઉ અને સુંદર રંગ તેમજ ડીઝાઇનમાં નીકળતી જાતો ખરીદો.

☆ બુશ શર્ટીંગ
☆ ક્રેપ
☆ જેકાર્ડ ટાફેટા
☆ સાટીન પ્લેઇન
☆ શાર્ક સ્કીન
☆ પ્રોડકળ
☆ ફેન્સી પટ્ટો
☆ ડોબી ટાફેટ
☆ રીબ સાટીન

સીલ્ક તથા આર્ટ સીલ્ક કાપડ રંગવાનું તથા છાપવાનું કામ કરીએ છીએ

ટે. નં. ૬૦૩૯૨ ટેલીગ્રામ-લક્ષ "સીલ્કમ"

દરેક બાલશિક્ષણ સંસ્થા પોતાના વાલીઓ અને શિક્ષકોને એકસૂત્રે બાંધવા માટે સંઘની સ્થાનિક શાખા સ્થાપન કરે.

નૂતન બાલ શિક્ષણ સંઘ એ વલી-શિક્ષકોની જ સંઘટના છે. ગામની દરેક બાલશિક્ષણ સસ્થાએ એ રીતે પોતા પૂરતી વાલી-શિક્ષક સંઘટના ઊભી કરીને જિલ્લા અગર નગર શાખામાં આ સ્થાનિક સંઘટનના પ્રતિનિધિ મોકલવા જિલ્લા અથવા નગરશાખા પોતાના પ્રતિનિધ કેન્દ્રીય નિયંત્રણ મંડળ પર મોકલી શકે છે. એ રીતે સ્થાનિક શાખા અખિલ ભારતીય સંઘટના સાથે સંઘટિત રહીને પોતાનુ કાર્ય કરી શકે છે અને પોતાના કાર્યનો લાભ બીજી શાખાઓને આપીને બીજી શાખાના કાર્યનો લાભ તથા માર્ગદર્શન પોતે મેળવી શકે છે.

સંઘની ચૂંટણીનો કાર્યક્રમ

નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં સંઘના બંધારણ મુજબ જ્યાં જ્યાં સ્થાનિક શાખાઓ સ્થાપાય તે શાખાઓ પોતાના કારોબારી મંડળના સભ્યોના નામો પ્રાદેશિક શાખના મંત્રી તરફ અથવા જરૂર ત્યાં કેન્દ્રીય મંત્રી તરફ ૩૧ ડિસેમ્બરની અંદર મોકલવા જોઇએ. ૩૧મી ડિસેમ્બર પછી મોકલેલા નામોનો વિચાર આ ચૂંટણીના કાર્યક્રમમા થઈ શકશે નહિ.

પ્રાદેશિક શાખાની રચના

જાન્યુઆરી મહિનામાં પ્રાદેશિક શાખાઓએ પોતાના કારોબારી મંડળો રચીને તેનાં નામો ૨૬મી જાન્યુઆરી ૧૯૫૮ પહેલા કેન્દ્રીય કાર્યાલયને પહોંચે એ રીતે મોકલવાં જોઇએ, આ તારીખ પછી આવેલા નામોનો વિચાર ચૂંટણીના આ કાર્યક્રમમા થઈ શકશે નહિ. કારોબારી મંડળના નામો સાથે જ સંઘના નિયંત્રણ મંડળ પર પ્રાદેશિક શાખા તરફથી મોકલવાના પ્રતિનિધિના નામો પણ એ જ વખતે મોકલવાનુ આવશ્યક છે.

નિયંત્રણ મંડળની પહેલી બેઠક

સંઘના ૧૯૫૮-૬૦ ના સમય માટે ઉપર જણાવ્યા મુજબ ચુંટેલા નિયંત્રણ મંડળના સભ્યોની પહેલી બેઠક ફેબ્રુઆરી અથવા માર્ચમાં થશે. આ બેઠકમાં વ્યવસ્થાપક મંડળ વગેરેની રચના થશે અને એપ્રિલ ૧૯૫૮થી સંઘનુ નવુ વ્યવસ્થાપક માંડળ પોતાનુ કામકાજ શરૂ કરશે

નાનામોટા સંઘીય કાર્યકર્તાઓને

બાલવિકાસ અને કેળવણીનું કાર્ય સંઘટિત રીતે થાય તેમ આપની ઇચ્છા છે ને ? તો આપ ગામોગામ જઈ આ કાર્યનો પ્રચાર કરો. શકય તેટલી વધુમાં વધુ શાખાઓ સ્થાપન કરી શકાય તે માટે બધો જ પ્રયત્ન થવો ઘટે છે. સંઘના કાર્ય માટે પ્રભુ આપને પ્રેરણા આપે

શે. ના. નાગલે
યશસ્વતીબેન ભટ્ટ
મંત્રી : નૂ. બા. શિ. સંઘ

નવી ડિઝાઇનોનુ સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદા જુદા ટાંકાઓની

આકૃતિઓની માહિતિ સાથે.

કિ. રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જૂદું

વ્યાપારિક પૂછપરછ માટે લખો:—

☆ એમ. મધુકર એન્ડ બ્રધર્સ ☆

ટ્રામ નાકું, દાદર મુંબઈ—૧૪.

બાલ મંદિરના શિક્ષણ સાધનો અને સાહિત્ય

અમારે ત્યાં બાલમંદિર, નર્સરી શાળા અને બાળ કલ્યાણ કેન્દ્રને લગતા ઉપયોગી શાસ્ત્રીય સાધનો મળે છે. ઉપરાંત વાર્તા ચિત્રો, નકશા તથા બીજું અનેક જાતનુ પ્રબોધક શિક્ષણ સાહિત્ય મળશે. આપની સંસ્થાને ઉપયોગી સાધનો તો જોવા રૂબરૂ અમારે ત્યાં મુંબઈ આપો. આપની જરૂરીઆતો પૂરતા જથ્થામાં મળી રહેશે. બાળ શિક્ષણ સાધનો અને પ્રબોધક સાહિત્ય મેળવવાનું એકજ અનુપમ સ્થળ.

જેચંદ તલકશી એંન્ડ સન્સ

એમ્પાયર બીલ્ડીંગ ૧ લે માળે
હોર્નબી રોડ, મુંબઈ ૧

ગિજુભાઇ—જયંતી નિધિ

વિકાસવાડી એટલે વારલી અને દુબળાઓના સર્વાંગી વિકાસનું આશાકિરણ. મુંબઇની ઉત્તરે થાણા જિલ્લામાં આવેલ આદિવાસીઓના પ્રદેશમાં કોસબાડ ગામમાં નૂતન બાલ શિક્ષણ સંઘ પોતાનું ગ્રામ બાલ શિક્ષણ કેન્દ્ર ચલાવે છે. કેન્દ્રની વિકાસવાડીમાં ત્રણ માસથી ચૌદ વર્ષ સુધીના બાળકો લેવાય છે. તેમને માટે કેળવણીનો પ્રબંધ વિનામુલ્ય કરવામાં આવ્યો છે.



ભારત સરકારે આ વિકાસવાડી યોજનાને તેના મકાનો માટે ૬૬% અને ચાલુ ખરચમાં ૫૦% અનુદાન આપવાનું સ્વીકાર્યું છે. ભારત સરકારે કુલ રૂા. ૨।।। લાખની યોજનામાંથી મકાનો માટે રૂા. દોઢ લાખની યોજનાને મંજૂર કરીને કુલ ૭૮ હજાર અત્યાર સુધી આપ્યા છે. કેળવણી-પ્રેમી જનતાએ અત્યાર સુધી કુલ રૂા. ૩૪ હજાર આપ્યા છે. વિકાસવાડીને મકાનો માટે હજી રૂા. ૧,૫૦૦૦ ની જરૂર છે. મુંબઇ સરકાર થોડી મદદ કરી રહી છે.

આપના દાન માટે એના કરતાં વધુ ઉચિત પાત્ર અને ક્ષેત્ર શું હોઇ શકે ? નૂતન બાલ શિક્ષણ સંઘ તરફ આપનો દાન પ્રવાહ વાળશો.

—સંઘના કેન્દ્રીય કાર્યાલય તરફથી

તા. ક. જે કંઈ દાન આપવાના આપને ઇચ્છા થાય તે આપના બાળક સાથે બાળમંદિરમાં પહોંચાડશો અને શિક્ષક પાસેથી પાવતી મેળવી લેશો અથવા આપની પાસે આવનાર કાર્યકરને આપીને તે મેળવી લેશો.

નૂતન બાલ શિક્ષણ સંઘ
૧૧૮, હિંદુ કોલની, દાદર મુંબઈ ૧૪.



આજના આ શુભ દિવસે અમારા અમ્ય ગ્રાહકોને તેમજ શુભ ચિંતકોને આ નવું વર્ષ સુખરૂપ નિવડો.

અત્યંત મનમોહક સાડીઓ, હેન્ડલુમ કાપડ તેમજ મિલના કાપડ માટે

છેલ્લા ૨૫ વર્ષથી જુના અને જાણીતા

શાહાડે, આઠવલે (પ્રાયવ્હેટ) લિ., દાદર

શાહાડે બિલ્ડીંગ, એન. સી. કેળકર રોડ, દાદર, મુંબઈ ૨૮

(ટેલિફોન:— ૬૦૫૫૪)

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

વિકાસવાડી યોજનાનો સામાન્ય આર્થિક ખ્યાલ

સમગ્ર યોજનાનું ખરચ રૂ. ૨,૭૫૦૬૪ અંદાજવામાં આવ્યું છે. એમાંથી ભારત સરકારે મકાનો માટે રૂ. ૧૩૩૬૪૩, જમીન વિકાસ માટે રૂ. ૬૬૦૦ અને શિક્ષણ સાધનો માટે રૂ. ૬૭૦૦નું ખરચ સ્વીકૃત ગણ્યું છે. એ રકમ કુલ ૧,૪૬૭૪૩ની થાય છે. એમાથી ૬૬ ટકા લેખે ભારત સરકાર રૂા. ૯૮૦૦૦ આપશે અને સંસ્થાએ ભેગા કરવાના ૩૪% ની રકમ રૂ. ૫૧૦૦૦ થાય છે.

ભારત સરકારે ન સ્વીકારેલું ખરચ આ પ્રમાણે છે : જમીન ખરેદી રૂા. ૬૧૫૧, પાણી માટેની યોજના રૂા. ૩૦,૦૦૦, ખેત માટે તારની વાડ રૂા. ૨૦૦૦, વિદ્યાર્થીઓનુ વસતિગૃહ રૂા.૬૧૦૦૦,શિક્ષણસાહિત્ય રૂા. ૧૨૦૦, ભાવવધારાને લીધે વધી જતું ખરચ રૂા. ૨૫૦૦૦. એ રીતે કુલ રૂા. ૧૨૫૩૫૧ રકમ થાય છે. ઉપરના ૫૧૦૦૦ અને અસ્વીકૃત ખરચ રૂા. ૧૨૫૩૫૧ મળીને કુલ રૂા. ૧,૭૬૩૫૧ સંસ્થાએ મેળવવાના રહે છે. જેમાંથી અત્યાર સુધી જનતાએ રૂા. ૩૮૪૪૦ આપ્યા છે. હજી રૂા. ૧,૩૭૯૧૧ ચોખ્ખા મેળવવાના રહે છે.

અત્યાર સુધી થઈ ગયેલું કામ

સ્વીકૃતમાંથી થઈ ગયેલું કામ

બેસિક ટ્રેનિંગ કોલેજ	૩૬,૪૦૦
બેસિક શાળા	૨૮૮૫૦
કાર્યકર નિવાસો	૨૨૨૩૦
પરચુરણ	૪૫૦૦
કૂવો	૫૫૦૦
કુલ	૯૭૪૮૦

અસ્વીકૃતમાંથી થએલ ખરચ

પી. ડબ્લ્યુ. ડી. સર્ટિફીકેટસ	૨૫૮૯
જમીન ખરીદ ખાતે	૬૧૫૧
વસતિગૃહ સાધનો	૧૧૦૧
વાડ	૧૭૪૯
રસોડુ	૬૦૫
પરચુરણ	૧૩૧૮
	૧૩૫૧૮

અત્યાર સુધીનું કુલ જમા-ઉધાર

જમે

ભારત સરકારની સહાયતા	૭૮૭૬૬
જનતાનો ફાળો	૩૮૪૪૦
	૧૧૭૨૦૬

ઉધાર

મકાનો	૮૪૦૦૮
જમીનવિકાસ	૫૧૬૬
શિક્ષણસાધનો	૪૫૪૬
અસ્વીકૃત ખરચ	૧૩૫૧૮
	૧૦૭૨૭૪
સિલક	૬૬૩૫
	૧૧૭૨૦૬

લેખન વાંચન તેમજ ઉજાગરાથી થતાં
આંખના અનેક દર્દો જેવાકે કૂલાં, ઝારી ઝાંખ—
વિ. દર્દો ઉપર ગુણકારી—શુદ્ધ આયુર્વેદીક દવા
* જીવદયા નેત્રપ્રભા *
[રજીસ્ટર્ડ]
તો ઉપયોગ કરો સર્વત્ર મળે છે.
જીવદયા નેત્રપ્રભા કાર્યાલય-ગામદેવી રોડ, મુંબઈ ૭
— ચેતવણી —
નામની પુરેપુરી ખાત્રી કરીને ખરીદવી



સાંતાક્રુઝ: રવિવાર દિનાંક ૬–૧૦–૫૭ ના રોજ સાંતાક્રુઝ ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળના ઉપક્રમે ચાલતા બાલમંદિરનો વાલીદિન પોદાર હાઈસ્કૂલના પ્રધાન અધ્યાપક શ્રી રામભાઉ બક્ષીના પ્રમુખપદે ઉજવાયો. એ પ્રસંગે બાળકોનો કાર્યક્રમ તથા પ્રદર્શન યોજ્યું હતું

મોડાસા: દિનાંક ૩૧–૮–૫૭ ના રોજ શ્રી સરસ્વતી બાલમંદિરમાં મે. મોન્ટેસોરીની જયંતી નિમિત્તે શૈક્ષિક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તેની ઉદ્‌ઘાટનક્રિયા શ્રી રમણલાલ પી. સોનીના વરદ હસ્તે કરવામાં આવી હતી.

આદર્શ બાલમંદિર બાર : બીજી સપ્ટેંબરના રોજ સ્વ૦ મોંઘીબેન બધેકાનાં દુખદ અવસાન અંગે સંસ્થાના આચાર્ય શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાયના પ્રમુખપદે બાળકોની શોકસભા યોજવામાં આવી હતી.

ભાવનગર : સ્વ૦ મોંઘીબેન બધેકાને સ્મરણાંજલિ તરીકે ભાવનગરમાં તેમના નિવાસસ્થાન પાસે જ એક ક્રીડાંગણ અને બને તો એક બાલમંદિર ઊભું કરવાની યોજના વિચારવામાં આવી છે. આ કાર્ય માટે રૂા. દસ હજારનું ખરચ કરવાની કલ્પના છે. બાળકેળવણીમાં સ્વ૦ મોંઘીબેને જે ફાળો આપ્યો છે તે જોતાં બાળપ્રેમી જનતા આ સ્મારકને વધાવી લેશે એવી આશા રાખવામાં આવે છે. નીચેના સરનામે ફાળો લેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. (૧) શ્રીમતી તારાબેન માણિક, વસંતકુંજ, ઈર્લા રોડ, વિલેપાર્લે અથવા (૨)હર્ષદરાય બધેકા નર્મદા નિવાસ, આંબાવાડી, ભાવનગર.

પૂર્વ પ્રાથમિક શિક્ષક સંઘ સૌરાષ્ટ્ર શાળાનું સંમેલન : દિનાંક ૬ અને ૭ ઓકટોબરના રોજ ઉપરોક્ત સંમેલન સુરેન્દ્રનગરના શ્રી મણીલાલ કોઠારી બાળમંદિરમાં શ્રી લાભુભાઈ આચાર્યના પ્રમુખપદે મળ્યુ હતું. શરૂઆતમાં સ્વ૦ મોંઘીબેનના દુઃખદ અવસાન અંગે શોક પ્રદર્શિત કરતો ઠરાવ કરીને સંમેલને બીજા બે ઠરાવો પસાર કર્યા હતા. પહેલા ઠરાવમાં ખાનગી શિક્ષણ સંસ્થાઓએ પૂર્વપ્રાથમિક શિક્ષકોને સરકારી ધારાધોરણ, મૂળ પગારો અને અન્ય સગવડો આપવા માટેનો અનુરોધ કરવામાં આવ્યો. તેમ જ બીજા ઠરાવમાં કલ્યાણ રાજ્યમાં પૂર્વપ્રાથમિક કેળવણી સરકારી પ્રયાસો દ્વારા જ ઝડપી અને જાયત રહી શકે એ દૃઢ માન્યતા સાથે સલાહ–સૂચન માટે બિનસરકારી વ્યકિતઓના બનેલ એક પૂર્વપ્રાથમિક બોર્ડ ગોઠવવાની માગણી કરવામાં આવી છે. તેમ જ સૌરાષ્ટ્ર સરકારે જે પ્રકારનું અનુદાનનું ધોરણ રાખ્યું હતું તે જ ધોરણ મુંબઇ રાજ્યે તાત્કા-

ટેલીફોન :
મુંબઇ : ૨૬–૩૪૯૨ (૫ લાઈન)
ભોપાલ : ૩૮૦ અને ૩૦

ટેલીગ્રામ :
" FILTER " — મુંબઈ
" CENTRAL " ભોપાલ

ધી વોલેસ ફ્લોર મીલ્સ કું૦ લિ.

૯ વોલેસ સ્ટ્રીટ, ફોર્ટ
મુંબઈ—૧

ભારતના એક આગેવાન ફ્લોર મીલસ.
ફ્લોર, આટો,રવો, સોજી, બેસન, બ્રાન ના ઉત્પાદક તથા
નિર્યાતકાર
મેનેજીંગ એજન્ટો :
વીસનજી સન્સ એન્સ કું૦ પ્રાઇવેટ લિ૦

મુંબઇ :
'એ' મીલ્સ, ચીખલવાડી, તારદેવ
'બી' અને 'સી' મીલ્સ, ઉમરખાડી, મઝગાંવ

મીલો :

ભોપાલ :
સેન્ટ્રલ ઇન્ડિયા ફ્લોર મીલ્સ
ભોપાળ

ચાલુ રાખવું જોઈએ એવો અભિપ્રાય વ્યકત કરવામાં આવ્યો હતો.

મોહન બાલમંદિર ઓરડાનો મકાનનો ઉદઘાટન સમારંભ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મગનભાઈ શંકરભાઈ પટેલના વરદ હસ્તે તા.૨૮-૯-૫૭ના રોજ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય વિસ્તરણ સેવા યોજનામાં આ બાલમંદિર શરૂ કરવામાં આવ્યું છે.


રાષ્ટ્રીય અને જાગતિક બાલદિન : ઇંટર નેશનલ યુનિયન ફોર ચાઇલ્ડ વેલફેરના સૂચનથી દર વર્ષે ઓકટોબર ચોથીએ જાગતિક બાલદિનની ઉજવણી થાય છે તેમ જ ભારતીય વિકાસ સમિતિના અનુરોધથી ચૌદ નવેમ્બરે ભારતમાં રાષ્ટ્રીય દિન ઉજવાય છે એ રીતે એક વર્ષમાં બે બાલદિન અત્યારે ઉજવાય છે. આ સબંધમાં ઘણા વિચારવિનિમય પછી હવે દરેક દેશે જેના તેના રાષ્ટ્રીય બાલદિનના દિવસે જ જાગતિક બાલદિનની ઉજવણી કરવી એવું સૂચન કરવામાં આવ્યું છે. જનતાએ હવે બે બાલદિનને બદલે એક જ બાલદિન દિનાંક ૧૪મી નવેમ્બર ઉજવવો એવું સૂચન ભારતીય બાલ વિકાસ સમિતિએ કર્યું છે.


૧૯૫૭ના બાલદિન માટે, ભૂખ્યા બાલકોને અન્ન આપવું જ જોઈએ, આ સૂચના-વિચારનો જનતાએ સર્વત્ર પ્રચાર કરવો તેમ જ ભારતના બધા પ્રદેશોના અને કેન્દ્રીય બાલસેવા સમિતિના કાર્ય માટે જનતાએ ઉદાર હાથે મદદ આપવી એવી વિનંતી કરવામાં આવી છે


બાલશિક્ષણ-જયંતી સંમેલન : બાળકેળવણીના પ્રચલિત પ્રશ્નોપર વિચારણા કરવા માટે ભાવનગરમાં દિનાંક ૧૫ અને ૧૬ નો રોજ બાળકેળવણીના રસિકોનું એક સંમેલન યોજવામાં આવ્યું છે. સંમેલના મંત્રી તરફથી પ્રકટ કરવામાં આવેલું નિમંત્રણ અન્યત્ર પ્રકટ કરવામાં આવ્યું છે.

ભગિની સમાજ ટી. એન. માળવી બાલમંદિરનો રૌપ્ય મહોત્સવ : આ ઉત્સવ નિમિત્તે યોજયેલી સમિતિ નવા ઉત્તમ બાળગીતોનો સંગ્રહ પ્રકાશિત કરવા માગે છે. આ સંગ્રહ માટે ગુજરાત અને બૃહદ ગુજરાતના બાળકવિઓ પોતાની ઉત્તમમાં ઉત્તમ બે કૃતિઓ શ્રીમતી વસંતબેન ભારતીયા, ટી. એન. માલવી બાળમંદિર, મેથ્યુ રોડ, ઓપેરા હાઉસ, મુંબઇ ૪ ના સરનામે ૧૫ નવેમ્બર સુધીમાં મોકલે એવી અપેક્ષા રાખવામાં આવી છે. પસંદ કરેલી કૃતિઓ માટે યથાશકય પુરસ્કાર આપવામાં આવશે.


પૂના યુનિવર્સિટી : પૂનાના ટિળક કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રાધ્યાપક શ્રી ભા. ગો. બાપટને પૂના યુનિવર્સિટીએ ડોકટરેટની પદવી એનાયત કરી છે. ડોકટરેટ માટેના પ્રબંધનો વિષય હતો—An investigation in to Pre-Primary Education in the Poona University area with a view to finding out its problems and suggesting solutions to some of them. પૂર્વ પ્રાથમિક કેળવણી અંગેનો પ્રબંધ લખીને ડોકટરેટ મેળવનાર શ્રી. ભા. ગો. બાપટ એ પહેલા જ વિદ્યાર્થી છે.









ઓફિસ કોરસ્પોન્ડન્સ: પી. રમણલાલ એન્ડ કું., ૧૧૮/૧૮, નારાયણ ધુપ સ્ટ્રીટ, મુંબઈ ૩.







વિકો વજ્રદંતી દાંતને શુભ્ર અને વજ્રજેવા મજબુત રાખવા ઉપરાંત દાંતના અનેક રોગોથી એમનું સંરક્ષણ કરે છે. આમાં વપરાતી મૂલ્યવાન ઔષધીઓ અને દ્રવ્યો પેઢાંને સુદૃઢ રાખવામાં ઘણીજ અસરકારક ઠરેલ છે.

વિકો વજ્રદંતી

૧૮ પરીક્ષિત આયુર્વેદિક ઔષધિઓથી બનાવેલી

મિશ્રણનું પ્રમાણ

હળદર	0.07	અફઝલગરો	0 01	રીંગણી	0.02	લવીંગ	0 02	પતંગ	0 06
જાંબુ	0.05	ઇલાયચીની	0.01	સાલવા	0.01	બકુલ	0 16	મોર	0.05
પીપળો	0.02	વજ્રદંતી	0.07	અજમો	0.01	અખરોટ	0 08	ગેર	0 04
સિંધવ	0.20	અંજિષ્ઠ	0.01	બાયફળ	0 08

એના સિવાય દવાદારૂ બીજી પણ ચીજો

વિકો લેબોરેટરીક

જયચંદ ભણશાલી, દાદર ટી.ટી. મુંબઇ ૧૪.

વિકો વજ્રદંતી

સોલ
ડીસ્ટ્રીબ્યુટર્સ
સિંહલ પાસન
મુંબઇ

☆

૧૧,
શાય
શેટ
સ્ટ્રીટ

☆

ટેલીફોન નં.
૨૦૬૦૦

☆

મુંબઇ ૪-૨.

☆

ગ્રામ:
MUTHY
AGENT

મુદ્રક અને પ્રકાશક :– શ્રી. શેષ જાધવે, 'શારદા'–પત્રિકા કાર્યાલય, ૧૧૮, હિન્દુ કોલની, દાદર-મુંબઇ ૧૪.
મદ્રણસ્થાન :– રામકૃષ્ણ પ્રિંટીંગ પ્રેસ, દાદર, મુંબઇ ૧૪.

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨ : અંક ૯
ડિસેમ્બર, ૧૯૫૭



ગિજુભાઈ જયંતી
બાળશિક્ષણ સંમેલન અંક

પાયાની કેળવણી

☆

જે બાળશિક્ષણ માટે આ સંમેલનનો ઉદ્‌ભવ થયો છે તે બાળશિક્ષણ મનુષ્યનાં સમગ્ર જીવનશિક્ષણનો એક અતિ મહત્ત્વનો ભાગ છે, એ ભાન આજે પહેલાંના કરતાં મને વધારે થયું છે, અને તેથી જ ગામડાંમાં જઈને પાયાની કેળવણીનો છેક નાની ઉંમરથી ઉચ્ચ વિદ્યાના શિક્ષણ સુધી કેવી રીતે વાટ વહેવો તેની મથામણ હું આજે કરી રહ્યો છું.

નાનાભાઈ ભટ્ટ

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
આ તારાબેન મોડક


☆

તંત્રી :
શેષ નાગડે

વાર્ષિક લવાજમ :
૩. ૪/૧૦

કાર્યાલય:
૨૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

છુટક નકલ :
૪૦ નયા પૈસા



विको वज्रदंती

१८ परीक्षित आयुर्वेदिक औषधिओंथी बनावेली

मिश्रणनुं प्रमाण

चामळ	0.07	चाकडलगरो	0.01	रींगणी	0.02	लवींग	0.02	पतंग	0.05
जांबु	0.05	दालचीनी	0.01	सालवा	0.01	बकुल	0.16	बोर	0.05
पीपळो	0.05	वज्रदंती	0.07	अजमो	0.01	अष्परेट	0.03	बेर	0.04
सिंधव	0.20	अंजिष्ठ	0.01	आयफल	0.08				

बीजा सिवाय स्वाद माटे बीजा पण घीजो

विको लेबोरेटरीज

जयेन्द्र भवन, दादर, जी. पी. मुंबई १४.

विको वज्रदंती

सोल
प्रोप्रायटर्स
विठ्ठल चावन
दळवी

१८,
शाम
शेट
स्ट्रीट

टेलीफोन नं.
२०५००

मुंबई-२.

आम:
MUTHY
AGENT

विको वज्रदंती विको वज्रदंती

विको वज्रदंती दांतने शुभ्र अने वज्रजेवा मजबुत राखवा उपरांत दांतना अनेक रोगोथी एमनुं संरक्षण करे छे. आमां वपराती मूल्यवान औषधीओ अने द्रव्यो चेहराने सुंदर राखवामां घणीज असरकारक करेल छे.

मुद्रक अने प्रकाशक :— श्री. शेष नामले, 'शत्रु'-पत्रिका कार्यालय, ११८, हिन्दु कोलनी, दादर-मुंबई १४.
मदनास्थान :— रामकृष्ण प्रिंटींग प्रेस, दादर, मुंबई.

નૂતન બાલશિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨ : અંક ૯
ડિસેમ્બર, ૧૯૫૭



ગિજુભાઈ જયંતી
બાળશિક્ષણ સંમેલન અંક

બાયાની કેળવણી

☆

જે બાળશિક્ષણ માટે આ સંમેલનનો ઉદ્ભવ થયો છે તે બાળશિક્ષણ મનુષ્યના સમગ્ર જીવનશિક્ષણનો એક અતિ મહત્ત્વનો ભાગ છે, એ ભાન આજે પહેલાંના કરતાં મને વધારે થયું છે, અને તેથી જ ગામડાંમાં જઈને બાયાની કેળવણીનો છેક નાની ઉંમરથી ઉચ્ચ વિદ્યાના શિક્ષણ સુધી કેવી રીતે વાટ ઘડવો તેની મથામણ હું આજે કરી રહ્યો છું.

નાનાભાઈ ભટ્ટ

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક


☆

તંત્રી :
શેષ નારાયણ

વાર્ષિક લવાજમ :
રૂા. ૪/૦૦

કાર્યાલય:
૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

છુટક નકલ :
૪૦ નયા પૈસા



નજરે નજરનો સાક્ષી

(મહાકોશલની લોક વાર્તા)

એક વેપારી ઘોડે બેસીને ગામમાં આવ્યો અને એક વાંચીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં પહેલાં તેણે ઘોડાને આંગણામાં એક લાકડાના થાંભલા સાથે બાંધ્યો. સવારે ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તેણે વાંચીને પૂછ્યું, "મારો ઘોડો ક્યાં ગયો?" જવાબ મળ્યો, "તમે ઘોડો લાવ્યાજ ક્યાં છો? તમે તો પગે ચાલીને આવ્યા છો!"

વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ ગામમાં આવ્યો હું, આખું ગામ એનું સાક્ષી છે" એટલામાં તો તેણે પોતાના ઘોડાને વાંચીના તબેલામાં જોયો અને બોલી ઉઠ્યો, "એજ મારો ઘોડો છે!" "ના, ના, હવે એ તો મારો ઘોડો છે," વાંચીએ કહ્યું. "પેલા લાકડાના થાંભલાએ કાલ રાત્રે એને જન્મ આપ્યો. ૨૨ વર્ષ આમ બને છે, ગામમાં બધાંને આ વાતની ખબર છે."

વેપારીએ ન્યાયાધીશને ફરિયાદ કરી. ન્યાયાધીશે પૂછ્યું, "તમારા કોઈ નજરે નજરનાં સાક્ષી છે?" પણ ગામમાં તો બધાજ વાંચીની તરફેણના હતા. ગામમાં આવતાં પોતે જે શિયાળને મદદ કરેલી તે શિયાળ વેપારીને એકા-એક યાદ આવ્યો, અને તેણે જવાબ આપ્યો, "હા, નામદાર, મારો એક સાક્ષી છે."

અદાલતમાં આવતાંજ શિયાળભાઈએ તો મોટાં બગાસાં ખાવા માંડ્યાં.

ન્યાયાધીશે પૂછ્યું, "કેમ ભાઈ, રાત્રે ઉંઘ નથી આવી કે?"

શિયાળે જવાબ આપ્યો, "ગઈ કાલે રાતે સરોવરમાં મોટી આગ લાગેલી; અને બધી માછલીઓ ભડભડતા પાણીમાં બળતી હતી. મારી આખી રાત એ માછલીઓ બાવામાં ગઈ છે."

ન્યાયાધીશ ખીજવાયા, "કેવું અર્થહીન બકે છે, પાણીને વળી આગ લાગતી હશે?"

"ત્યારે આપ નામદાર પણ અર્થહીન નથી બોલતા?" શિયાળે ટકોર કરી; "લાકડાનો થાંભલો તે કંઈ ઘોડાને જન્મ આપતો હશે?"

વનસ્પતિ સામે પૂર્વગ્રહ ધરાવતા વર્ગને આપણે કંઈક શીખવાનું છે. કુંડમાં એટલુંજ છે આપણે અરી હકિકત જાણતા હોઇએ ત્યારે વજૂદ વગરની વાતો ઉપર ધ્યાન ન આપવું. વનસ્પતિ વિષે મુખ્ય સત્ય હકિકતો એ છે કે એ શુધ્ધ વનસ્પતિજ તેલોમાંથી ગુસ્ત સરકારી ધારા ધોરણો અનુસાર બનાવવામાં આવે છે; અને લાખો ઘરોમાં એ એક કરકસરવાળી અને આરોગ્યદાયક રાંધણ દ્રવ્ય તરીકે આવકાર પામે છે. અધિક પોષણ માટે તેમાં વિટામિન 'એ' ઉમેરવામાં આવે છે—દરેક ઔંસ દીઠ વિટામિન 'એ' ના ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટો ઉમેરવામાં આવે છે. સારી જાતના ઘીમાં પણ આટલુંજ વિટામિન 'એ' હોય છે. આ સર્વે ભારતના સૌથી વિશેષ લોકપ્રિય વનસ્પતિ ડાલ્ડાને પણ લાગુ પડે છે.

SISTAS AML 35-GUJ

શિક્ષણ પત્રિકા

ઓક્ટોબર ૧૯૫૭


બાલ વિભાગ

બાલગીત સંગ્રહ

દીવાળી વિશેષાંક



પી. એ. ઓફસેટ પ્રિન્ટર્સ. સુરત.



એક વેપારી ઘોડે બેસીને ગામમાં આવ્યો
વાંચીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં પહેલાં
આંગણામાં એક લાકડાના થાંભલા સાથે
ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તેણે થા
"મારો ઘોડો ક્યાં ગયો?" જવાબ મળ્યો
લાવ્યાજ ક્યાં છો? તમે તો પગે ચાલીને

વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ ગામ
આખું ગામ એનું સાક્ષી છે" ઝોટલામાં તે
ઘોડાને વાંચીના તબેલામાં જોયો અને
"એજ મારો ઘોડો છે!" "ના, ના, હ
ઘોડો છે," વાંચીએ કહ્યું. "પેલા લાક
કાલ રાતે એને જન્મ આપ્યો. દર વર્ષે
ગામમાં બધાંને આ વાતની ખબર છે."

વેપારીએ ન્યાયાધીશને ફરિયાદ કરી.
"તમારા કોઈ નજરો નજરનાં સાક્ષી છે
તો બધાજ વાંચીની તરફેણના હતા.
પોતે જે મિત્રોને મદદ કરેલી તે શિવાજી
એક યાદ આવ્યો, અને તેણે જવા
લાયદાર, મારો એક સાક્ષી છે."

અદાલતમાં બધાજ શિવાજીભાઈએ તો મોટાં બગાસાં
ખાવા માંડ્યાં.

દિવાળીની અભિલાષા

આસો માસે,
અમાવાસ્યે,
દીવાળી આવે
તે દિવસે
દિવાળી બેન
શું રે જોઇએ?
કહું છું સાંભળો
તદ્દન નવું
મળસ્કે ઊઠો
ઝટ પટ
નાહી લ્યો
ચટ પટ
ઉટણું, તેલ
ગરમ પાણી
ધોએલાં કપડાં
શોભા આપે
અરે! એમાં તે શું નવું?
આતો અમને રોજજ જોઇએ
સાંભળો કહું તદ્દન નવું
પડોશમાં શોધો

વિટામિન 'એ' હોય છે. આ સાથ ભારતના સાધારણ લોકપ્રિય વનસ્પતિ ડાંડાને પણ લાગુ પડે છે.


SIST 1 S-AML 35-GUJ

૩

નાહ્યા વગરનો

અજ્ઞાન કોણ?
બોલાવો તેને
નહાવા માટે
સ્વચ્છ કપડાં
આપો તેને
તમારી જેમ
સ્વચ્છ કરો
ભાઇ કહીને
હાથ ધરો
દિવાળી બેન
શું રે જોઇએ?
સાંભળો કહું
બીજુ નવું
ધારી ધૂધરા
નાસ્તો કરો
બાસુદી પૂરી
જમણ કરો
બાઇ પીને
ગમ્મત કરો
અરે! એમાં તે શું નવું
એ તો અમને
હંમેશ ગમે

દાર સફેદ
છે સહેજ
ઇ આવી
ાં ત્રણથી
મિટેડ
પી. એ. બોકસ નં. ૬૬૫૫. મુંબઇ.



એક વેપારી ઘોડે બેસીને ગામમાં આ
બાંધીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં પ
આંગણામાં એક લાકડાના થાંભલા સ
ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તેણે
"મારો ઘોડો ક્યાં ગયો?" જવાબ મ
બાબ્યાજ ક્યાં છો? તમે તો અગે આલી

વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ આ
આખું ગામ એનું સાક્ષી છે" એટલામ
ઘોડાને બાંધીના તબેલામાં જોયો અ
"એજ મારો ઘોડો છે!" "ના, ના,
ઘોડો છે," બાંધીએ કહ્યું. "પેલા લ
કાલ રાત્રે એને જન્મ આપ્યો. દર વ
ગામમાં બધાંને આ વાતની ખબર છે.

વેપારીએ ન્યાયાધીશને ફરિયાદ કરી.
"તમારા કોઈ નજરો નજરનાં સાક્ષી
તો બધાજ બાંધીની તરફેણના હતા
પોતે જે શિયાળને મદદ કરેલી તે શિ
એક યાદ આવ્યો, અને તેણે જ
લાયદાર, મારો એક સાક્ષી છે."

અદાલતમાં આવતાંજ શિયાળભાઈએ તો મોટાં બગાસાં
બાવા માંડ્યાં.

સાંભળો કહું
તદ્દન નવું
તમારે શું શું
મને આપવું
પડોશમાં શોધો
ગરીબ કોણ?
ભૂખે પેટે
દીન મુખડે
ધારી ઘૂઘરા
નાસ્તો આપો
બાસુદી પુરી
જમાડો એમને
તેમનું પેટ
ભરવા દો
બવરાવી પીવરાવી
ગમ્મત કરાવો
બાંધો દોસ્તી
એમની સાથે
જમાડો તમારૂં
મીઠું ભોજન
દિવાળી બેન!
શું રે જોઇએ?

વિટામિન 'અ' હોય છે. આ સર્વ ભારતના સાધારણ વિશેષ
લોકપ્રિય વનસ્પતિ ડાંગને પણ લાગુ પડે છે.

SISTA 5 AML 35 GUJ


૫

સાંભળો કહું
બીજું નવું
આકાશી ફાનસ
કોડિયા પેટાવો
સાથિયા પૂરો
સુશોભન કરો
ફટાકડા ફોડો
ફટા ફટ
તડતડિયા ફોડો
તડા તડ
અરે એમાં તે શું નવું?
એ તો અમે
હંમેશ કરીએ
સાંભળો કહું
તદ્દન તવું
પંડોશમાં શોધો
ગરીબ કોણ?
અંધારામાં બેઠો
ઉદાસ થઈને
મીઠાઇ વગર,
તેલ વગર.
શેના દિવા?
શેના ફટાકડા?



દાર સફેદ
ક. સહેજ
ાઈ આવી
ાં ત્રણથી
મિટેડ

પી. એ. થોકસ ન. દિલ્હી. મુંબઈ.



એક વેપારી ઘોડે બેસીને ગામમાં
વાંચીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં
આંગણામાં એક લાકડાના થાંભલા
ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તેણે
"મારો ઘોડો ક્યાં ગયો?" જવાબ
વાણ્યાજ ક્યાં છો? તમે તો બગે આ


વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ
આખું ગામ એનું સાક્ષી છે" એટલા
ઘોડાને વાંચીના તબેલામાં જોયો
"એજ મારો ઘોડો છે!" "ના, ન
ઘોડો છે," વાંચીએ કહ્યું. "પેલા
કાલ રાતે એને જન્મ આપ્યો. દર
ગામમાં બધાંને આ વાતની ખબર છે

વેપારીએ ન્યાયાધીશને ફરિયાદ કરી
"તમારા કોઈ નજરો નજરનાં સાક્ષી
તો બચાજ વાંચીની તરફેણના હુ
પોતે જે શિયાળને મદદ કરેલી તે શિ
એક યાદ આવ્યો, અને તેણે જ
વાણિયા, મારો એક સાક્ષી છે."

અદાલતમાં આવતાંજ શિયાળભાઈએ તા ભાટા બગાસા
ખાવા માંડ્યાં.

તેમને ઘરે
દિવા કરો
અંધારૂં કરો
પ્રકાશ કરો
તેમને હસાવો
તમો હસો
દિવાળી બેનની
આ અભિલાષા


અનુતાપ વાઘ




મને ગમતું ગુલાબનું ફૂલ


સૃષ્ટિના બાગમાં ફૂલડાં અનેક ખીલે,
એક એક ફૂલ છે અમૂલ:
કોઇને ચંપો ગમે ને કોઇને ચમેલી,
મને ગમતું ગુલાબનું ફૂલ!
કોઇને કુમાશ ગમે, કોઇને સુવાસ ગમે,
કોઇ પાંદડીઓમાં ડૂલ:
કાંટાની સેજમાં હસું હસું થાતું,
મને ગમતું ગુલાબનું ફૂલ!
કોઇ રાત દેખી રડે, કોઇ દિવસ દેખી ડરે,
કોઇ કોઇ ઋતુમાં વ્યાકુળ:
બધીયે મોસમમાં ને બારે માસ ખીલતું,
મને ગમતું ગુલાબનું ફૂલ!

ફરસનદાસ માણેક





પી. એ. ઓફસેટ પ્રિન્ટર્સ. મુંબઇ.



એક વેપારી ઘોડે બેસીને ગામમાં
બાંધીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં
આંગણામાં એક લાકડાના થાંભલા
ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તે
"મારો ઘોડો ક્યાં ગયો?" જવાબ
બાબાજ ક્યાં છો? તમે તો પગે ચા

વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ
આખું ગામ એનું સાક્ષી છે" એટલા
ઘોડાને બાંધીના તબેલામાં જોયો
"એજ મારો ઘોડો છે!" "ના, ન
ઘોડો છે," બાંધીએ કહ્યું. "પેલા
કાલ રાતે એને જન્મ આપ્યો. આ
ગામમાં બધાંને આ વાતની ખબર છે

વેપારીએ ન્યાયાધીશને ફરિયાદ કરી
"તમારા કોઈ નજદીક નજરનાં સાક્ષી
તો બાબાજ બાંધીની તરફેણના હુ
પોતે જે બિલાડીને મદદ કરેલી તે સિ
એક યાદ આવ્યો, અને તેણે જ
તાબદાર, મારો એક સાક્ષી છે."


અદાલતમાં બાલતાંજ બિલાડીએ
બોલવા માંડ્યાં.

૧૦

મલ્હારિયો મેઘ આયો રે

મેઘ આયો મેઘ આયો મેઘ આયો રે
મલ્હારિયો મેઘ આયો રે મેઘ (૩)
આનંદ આનંદ મનમાં છાયો રે
મલ્હારિયો મેઘ આયો રે મેઘ (૩)
ફુલડાંની ફોરે આયો રૂપ કેરી કોરે આયો
હરખની હેલી લાયો રે
મલ્હારિયો મેઘ આયો રે મેઘ (૩)
ઢલક ઢલક ઢોલડીયે આયો લીલુડો એ સાજ લાયો
ફોજ લાયો ફોજ લાયો ફોજ લાયો રે
મલ્હારિયો મેઘ આયો રે મેઘ (૩)
આભલેથી ઉતરી આવ્યો ધરતીને ચોક આયો રે
મોરલે મલ્હાર ગાયો રે
મલ્હારિયો મેઘ આયો રે મેઘ (૩)

પ્રભાવતી બ્હેન પજવાણી (અમ્બિકા) વડોદરા



વિટામિન 'બ' હોય છે. આ સર્વ ભારતના સૌથી વિશેષ
લોકપ્રિય વનસ્પતિ ડાંગરને પણ લાગુ પડે છે.

SISTA S AML 35-GUJ

૧૧

'થા કર્યાં ના'

નાના પગે અમે લંગડી કરી
ને દોડી દોડી સાતતાળી રમ્યાં;
મોટા મોટા અમે ડુંગર ચઢ્યા
તોયે ચઢતાં ઊતરતાં થાકયાં ના.
નાની આંખે અમે જોયો સમંદર
ને ઉછળતાં એના મોજાં જોયાં;
મેઘધનુષના સાત સાત રંગો
જોતાં કદી અમે થાકયાં ના.
નાના કાને અમે સાંભળ્યાં ગીતો
ને રામ સીતાની સાંભળી કથા;
સૂતી વેળા અમે દાદીમાની
વાતો સાંભળતા થાકયાં ના.

વ. દેસાઈ





પી. ઓ. બોક્સ નં. ૬૬૫૫. મુંબઈ.



એક વેપારી ઘોડે બેસીને ગામમાં
બાંધીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં
બાંગણામાં એક લાકડાના થાંભલા
ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તે
"મારો ઘોડો કયાં ગયો?" જવાબ
બાબાજ કયાં છો? તમે તો પગે ચા

વેપારીએ કહ્યું, "હું ઘોડો બેસીનેજ
આખું ગામ એનું સાક્ષી છે" એટલા
ઘોડાને બાંધીના તળેલામાં જોયો
"એજ મારો ઘોડો છે!" "ના, ન
ઘોડો છે," બાંધીએ કહ્યું. "બેલા
કાલ રાત્રે એને જન્મ આપ્યો. દ
ગામમાં બધાંને આ વાતની ખબર છે

વેપારીએ ન્યાયાધીશને ફરિયાદ કરી
"તમારા કોઈ નજરો નજરનાં સાક્ષી
તો બાબાજ બાંધીની તરફેણના હુ
પોતે જે શિયાળને મદદ કરેલી તે શિ
એક વાદ આપ્યો, અને તેણે જ
વાલદાર, મારો એક સાક્ષી છે."

અદાલતમાં બાલતાંજ શિયાળ
બાવા માંડ્યાં.

પૂનમ ચંદ્રો

ગગન પથે, હે એ એ એ ગગન પથે
પૂનમ ચંદ્રો ચાલે ચાલે ચાલે
એ તો ચાલે ચાલે ચાલે
ગગન પથે—

નભ ભૂરાની પાળે
તાડના ઝાડની ડાળે
એ તો હીંચે હીંચે હીંચે
ગગન પથે—

વાદળ મૅલની બારીએ એતો
હાઉક કરતો આવે આવે આવે
હસતી એની આંખડીએથી
હસતી એની આંખડીએથી

સાથ મને બોલાવે એતો
સાથ મને બોલાવે
ગગન પથે પૂનમ ચંદ્રો
ચાલે ચાલે ચાલે
ગગન પથે—

ભોજસ્

વિટામિન 'બ' હોય છે. આ સત્વ ભારતના સૌ ૧૨૫
લોકપ્રિય વનસ્પતિ ડાંગને પણ લાગુ પડે છે.

નાવલડી

નાની સરખી નાવલડી
સાગરમાં એ સહેલ કરે
નાની—

ઉંચે ઉંચે વાદલડી
જળમાં નવરંગ માછલડી
નાની—

દરિયો દેખી ના ડરતી
વા સાથે વાતો કરતી
નાની—

સામે કાંઠે સહેલ કરી
વેગે વળતી નાવલડી
નાની—

ઉછળે મોજા સાગરના
ડોલમ ડોલા નાવલડી
નાની—

મધ દરિયામાં નાવલડી
જતી સરરર નાવલડી
નાની—

મયાશંકર અં. દવે



પી. એ. ઓફસેટ પ્રિંટર્સ. મુંબઈ.



એક વેપારી ઘોડે બેસીને ગામમાં
વાંચીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં
આંગણામાં એક લાકડાના થાંભલા
ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તે
"મારો ઘોડો ક્યાં ગયો?" જવાબ
બાબાજ ક્યાં છો? તમે તો અમે આ

વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ
આખું ગામ એનું સાક્ષી છે" એટલા
ઘોડાને વાંચીના તબેલામાં જોયો
"એજ મારો ઘોડો છે!" "ના, ન
ઘોડો છે," વાંચીએ કહ્યું. "બેસા
કાલ રાત્રે એને જન્મ આપ્યો. દર
ગામમાં બધાંને આ વાતની ખબર છે

વેપારીએ ન્યાયાધીશને ફરિયાદ કરી
"તમારા કોઈ નજરો નજરનાં સાક્ષી
તો બબાજ વાંચીની તરફેણના હુ
પોતે જે ઘોડાને મદદ કરેલી તે શિ
એક યાદ આવ્યો, અને તેણે જ
નામદાર, મારો એક સાક્ષી છે."

અદાલતમાં બાલતાંજ શિ
બાના બાંધ્યાં.

૧૪

ચાંદા મામા આવ !

રોજ બોલાવું આવ
ચાંદા મામા આવ
કેમ છુપાવો
શાને રીસાવો
મુખડું જરી મલકાવ
ચાંદા મામા

પુરી બનાવું
ખીર પકાવું
ભોજન કરતા જાવ
ચાંદા મામા
સૂરજ દાદાને
વર્ષા રાણીને
સાથે તેડી લાવ
ચાંદા મામા
ચાંદા રે પોળી
ઘીમાં ઝબોળી
સૌને દેતા જાવ
ચાંદા મામા

અંબુભાઇ પટેલ

વટામન "બ" હોય છે. આ સર્વ ભારતના સાધા વિશેષ
લોકપ્રિય વનસ્પતિ ઝાડને પણ લાગુ પડે છે.

SISTA S AML 35 GUJ

૧૫

મટકાંવાળી

હું તો મટકાંવાળી આવી રે
જાત જાતના ભાત ભાતના
મટકાં હું તો લાવી રે
હું તો—

લાલ લાલ હું મટકાં લાવી;
કાળાં કાળાં મટકાં લાવી;
ગોલું ઠાંકણુવાળું મટકું સાથે
લાવી રે, હું તો—

નાનાં નાનાં મટકાં લાવી;
રંગબેરંગી મટકાં લાવી;
ઠંડું બરફ જેવું પાણી કરવા
કૂંજો સાથે લાવી રે
હું તો—

વ. દેસાઇ





દાર સફેદ
છે. સહેજ
ઈ આવી
ાં ત્રણથી

પી. એ. બોકસ નં. ૬૬૬૫. મુંબઇ.



મસ્ત મેહુલિયા નાચ !

હે.... નટખટિયા, મસ્તાની મેહુલિયા નાચ,
નાચી નચાવ, રંગ રેલવ રસરાજ,
તારો અંબરિયે તાજ
મસ્ત મેહુલિયા નાચ ..... (ટેક)

ગડગડતો ઢોલડિયો, છૂમછૂમતી ઘૂઘરિયો,
ઉછળાવે સંજીવન, જગ–રગ તુજ સાજ
તારો અંબરિયે તાજ.....મસ્ત મેહુલિયા નાચ.

મોરલિયા, ઢેલડિયો, વૃક્ષો વન વેલડિયો
થનગનતાં, નાચંતાં, નયને નૂર આજ
તારો અંબરિયે તાજ.....મસ્ત મેહુલિયા નાચ

સરવરિયાં, નભ, નદીઓ, ધરતી ને સમદરિયો
જગનાં સહુ જીવ, નાચ નાચે, નટરાજ!
તારો અંબરિયે તાજ.....મસ્ત મેહુલિયા નાચ

(ઓલ ઇન્ડિયા રેડિયોના મુંબઇ કેન્દ્રના સૌજન્યથી)

લેખક : પ્રભુલાલ ઉપાધ્યાય



એક વેપારી ઘોડે બેસીને ગામમાં
બાંધીને ત્યાં રાતવાસો રહ્યો. સુતાં
આંગણામાં એક લાકડાના થાંભલા
ઉઠીને જોયું તો ઘોડો ન મળે. તે
"મારો ઘોડો કયાં ગયો ?" જવાબ
બાબાજી કયાં છો ? તમે તો મારે આ

વેપારીએ કહ્યું, "હું ઘોડે બેસીનેજ
આખું ગામ એનું સાક્ષી છે" એટલા
ઘોડાને બાંધીના તબેલામાં જોયો
"એજ મારો ઘોડો છે!" "ના, ન
ઘોડો છે," બાંધીએ કહ્યું. "પેલા
કાલ રાત્રે એને જન્મ આપ્યો. દર
ગામમાં બધાંને આ વાતની ખબર છે

વેપારીએ ન્યાયાધીશને ફરિયાદ કરી
"તમારા કોઈ નજરો નજરનાં સાક્ષી
તો બધાજ બાંધીની તરફેણના હ
પોતે જે મિલકતને મદદ કરેલી તે સિ
એક યાદ આવ્યો, અને તેણે જ
લાવદાર, મારો એક સાક્ષી છે."

અદાલતમાં આનતાંજ શિવાણલાલ્યુએ ના પાડી બતાવ્યા
આવ્યા બાંધ્યાં.

ઘાસ ઘાટ-૨૬ ૭૪

વિકાસમાં જ્યાં રહ્યું છે. આ સેવ ભારતના સાર્વત્રિક
લોકપ્રિય વનસ્પતિ ડાંગને પણ લાગુ પડે છે.


SISTA S AML 35-GUJ

"તારી સાડીમાં પણ ટીનોપાલ વાપરેલું
હોવાનું મને સ્પષ્ટ જણાય છે."





ટીનોપાલથી સફેદ કપડાં કેટલાં ચમકદાર સફેદ થાય છે એ સહેજમાં જણાઇ આવે છે સહેજ ટીનોપાલ વાપરવાથી સફેદ કપડાંમાં અસાધારણ સફેદાઈ આવી જાય છે અને એક વખત ટીનોપાલમાં બોળેલાં કપડાં ત્રણથી ચાર ધો સુધી ચાલે છે.



ટીનોપાલ

"ટીનોપાલ" કે. આર ગાઈગી એસ. એ
બાલ, સ્વિત્ઝરલેંડનો રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક છે.

કૃષ્ણ ગાઇગી ટ્રેડીંગ એજન્સીઝ લિમિટેડ

પી. બો. બોક્સ નં. ૨૬૬૫. મુંબઇ.

ગિજુભાઇ જયંતી બાલશિક્ષણ સંમેલનના પ્રમુખપદેથી
શ્રી જુગતરામભાઇએ આપેલું વ્યાખ્યાન

પૂર્વ-બુનિયાદી બાલવાડી

આ સંમેલનની કલ્પનામાં બહુ રીતે ઔચિત્ય રહેલું છે, એમાં શંકા નથી. પ્રથમ તો જેમને મેં 'બાળકોના ગાંધી' કહ્યા છે એવા આપણા સૌના પ્રિય ગિજુભાઇનો આજે જન્મદિવસ છે. બીજું, આ સ્થળ વર્ષો સુધી ગિજુભાઇની બાળ-શિક્ષણની પ્રયોગભૂમિ રહ્યું છે. ત્રીજું, આ સંમે-લનનો વિષય બાલશિક્ષણનો છે, જે ગિજુભાઇનો શ્વાસ અને પ્રાણ હોઇ તેમના તર્પણ માટે સર્વો-ત્તમ છે. ચોથું, સંમેલનના અંગભૂત તમે સૌ ગિજુભાઇના જીવનકાર્યને વરેલા તેમના સાથીઓ અને શિષ્યો છો.

સભાગ્યતાના પૂર

એક જ બાબતમાં તમારું ઔચિત્ય કંઇક ખંડિત થયું છે, અને તે છે મને સંમેલનનો પ્રમુખ બનાવ્યો છે તે. ઉપર મારા ગિજુભાઇની મમતા પારાવાર હતી એ જોઇ તમે મને આ માન આપ્યું છે, પરંતુ ક્યાં ગિજુભાઇની બાલશિક્ષણની એકાગ્રતા અને અનન્ય ભક્તિ, અને ક્યાં હું, જે ગ્રામસેવાનાં પાંચપચાસ પ્રકારોમાં ભટકતો ક્યારેક બાળદેવને પણ ફૂલ ચડાવી લઉં છું. ગિજુ ભાઇનો વૈજ્ઞાનિક પાયો પણ મારી પાસે ક્યાં છે? એમણે સમાજના રોગનું મૂળ પકડયું હતું. સમાજશરીરના ઉપરનાં રોગલક્ષણોના ઊંડાણમાં જઇ તેમણે શોધી કાઢયું કે એ શરીરનું પરમાણું. બાળક-તે જ રોગગ્રસ્ત છે, તેને સાજું નરવું કરી નાખીએ તો તે પોતાની અદ્‌ભુત જીવનશક્તિ વડે બધા રોગોનો સામનો કરશે.

આની સામે મારું જીવન તો કેવું? જે દિશામાં ધૂમ પડી તે દિશામાં દોડવું. એક તરફથી બેકા-રીની ધૂમ પડી તો દોડો રેંટિયો લઇને, બીજી બાજુથી શોષણની રાડ પડી તો કાંટો સહકારી મંડળી, ત્રીજી તરફથી દુર્ગંધ આવવા લાગી તો દોડો સાવરણો લઇને. ચોથી તરફથી ઢોરની પછવાડે રખડતાં અને આખો દહાડો બીડીઓ ફૂંકતાં અને ઢોરને ગાળ દેતા ને છૂટી ડાંગ મારતાં છોકરાંને જોયાં કે દોડો ભુનિયાદી શાળા કાઢવા, અને જુવાનીના તેજ વિનાના જ્યાંત્યાં નિરાશ પગલે રખડતા જુવાનિયાને જોયા કે કાઢો ઉત્તર બુનિયાદી, મોઢો દારૂ પી ખુવાર થતાં અને ઘરનાં બૈરાંછોકરાંને મારકૂટ કરતાં જોયાં કે દોડો ભજનમંડળીઓ કાઢવા, ખેતીને નામે લોકો જમીનો બગાડી રહ્યા છે એમ જોયું તો દોડો ખેતી-સુધારણા કરાવવા, ગાયોને પાણી પાળીને લોકો એને કજાત અને બકરીથી પણ બેહદ બનાવી રહ્યા છે એ દીઠું કે દોડો ગોશાળા કઢાવવા.

સ્વરાજ્યના દિવસો આવ્યા એટલે સરકારની નીતિઓ અને તેના કાયદાઓ અને તેના અમ-લદારો કંઇક રાહતરૂપ બનશે એવી આશા રાખેલી પણ એમણે તો ઊલટા પ્રશ્નો વધારી દીધા છે. ખાદી, ગ્રામઘોગો, સ્વદેશી સ્વાલંબને એ બધું પુરાણોમાંની કથા જેવું થવા માંડયું છે-આજ સુધી રેંટિયા વડે ગામને બચાવવા દોડયા, હવે બિચારા રેંટિયાને પોતાને જ બચાવવા દોડવું પડે છે. પહેલાં જેલખાનાઓમાં જઇને રવિશંકર મહારાજ કે દાદા માવળંકર જેવાઓની યુનિવર્સિટીઓમાં લહેરથી જ્ઞાનલાભ મેળવતા તેને ઠેકાણે કોર્ટકચેરી અને સચિવાલયના ઊંબરા ઘસવાના દોડા કરવા પડે છે.

હમણાં હમણાં આચાર્ય વિનોબાજી કંઇક આશા આપી રહ્યા છે કે સો રોગનો એક રામ-બાણ ઉપાય ભૂદાનયજ્ઞ છે, તેથી બીજા દોડાઓ!

ઓછા કરી ભૂદાન અને ગ્રામદાનની ઝોળી ફેરવવા માંડી છે.

આ બધી દોડાદોડમાં ક્યારેક બાળરાજાઓનાં રડવાનાં દર્દભર્યાં અવાજો અહીંતહીંથી કાને અથડાય છે. એ અવાજો તો સતત આવતા હોય છે, પણ સાંભળવા નવરા કાન કયાં હોય છે? કોઇ કોઇ ક્ષણે હૃદય કમ્પી ઊઠે છે ત્યારે વળી બાળવાડીઓ કાઢવા દોડીએ છીએ.

કયાં ઝિઝુભાઇની એકાગ્રતા અને કયાં અમારાં જોવાની સંમગ્રતા? અરે, આ તે સમગ્રતા કે વ્યગ્રતા, એમ પણ ઘડીભર થઇ જાય છે.

ઝિઝુભાઇ પણ વખતોવખત ગરીબોના અને ગામડાનાં સાદ સાંભળી બાલકીડાંગણો, વાનરસેનાઓ અને હિજરતી બેકારોની સેવા આદિને રૂપે સમગ્ર ગ્રામસેવા તરફ ખેંચાઇ રહ્યા હતા. તેમને ઇશ્વરે લાંબુ આયુષ્ય આપ્યું નહિ, પરંતુ પૂજ્ય નાનાભાઇ તો ભાવનગરથી નીકળી આંબલા અને સણોસરા પહોંચી ગયા જ છે, અને તારાબહેન મોડક બોરડી ગયાં હતાં તે પણ ગરીબોની ઝૂંપડીઓની આંગણવાડીઓ કરતાં કરતાં વારલીઓની વસ્તી વચ્ચે કોસબાડની ટેકરી ઉપર પહોંચ્યા છે. આ બધા સંકેતો જોઉં છું ત્યારે મારા મનને જરાક શાંત વળે છે.

પૂજ્ય બાપુના જીવન અને જીવનકાર્યનું સર્વાંગીપણું બીજા સૌના કરતાં વિશાળ હતું. તેથી જ તેઓ સેવાગ્રામ અને ભંગી કોલોનીએ પહોંચ્યા ત્યારે જ તેમના જીવને સ્વસ્થતા મળી હતી. દુનિયાદારી તાલીમ અથવા નઇ તાલીમ, જેને એમણે પોતાના સૌથી મોટા વારસારૂપે વર્ણવી છે, તે તેમને રાષ્ટ્ર સાથેની ગાઢ સમરસતામાંથી જ લાધી હતી.

માણસ ભરાડનારું શિક્ષણ

દેશનાં કરોડો બાળકોમાંથી થોડા લાખ એકડા-બગડા ઘૂંટતાં શીખે, તેમાંથી ચળાઇને પાંચ દસ ટકા 'માટલી ફોડે', તેમાંથી ઝટકાઇને થોડા હજાર 'બી એ', અને તેમાંથી ઊડીને વળી થોડાએક સો કંઇક મોટું ભણતર ભણે અને પ્રોફેસર કે ડાકતર કે ઇજનેર બને કે સરકારી નોકરીમાં પેસી આપણા હાકેમો બને અને એ થોડા સો દેવો દુનિયાના છેડા ઉપર કયાંય નથી મળતા તેટલા મોટા પગાર અથવા ફી અથવા નફા કમાતા થાય–ભણતરને નામે



પ્રસંગોપાત્ત, મુખવાસ માટે વપરાતી

★ દિલરંજન ★

સેંટેડ સોપારી

○ સુમધુર ○ સૌને આનંદિત કરતી

સર્વ જગ્યાએ વેચાય છે.

આપના ગામની એજન્સી માટે લખો:

રાવજીભાઈ કે. સોપારીવાલા

શાંતિ ભુવન, ચોપાટી સી. ફેસ મુંબઇ ૭

બ્રાન્ચ: પોસ્ટ ઓફીસની બાજુમાં,

વિઠ્ઠલભાઇ પટેલ રોડ મુંબઈ ૪.



ચાલતા આ ધંધાથી ગાંધીજીને કેમ સંતોષ થાય?

એ ધંધાની ટકાવારીમાં થોડો વધારો કરવાના કાર્યક્રમો આજે નીકળ્યા છે. એકડાણ ગડા તો દેશનાં તમામ બાળકોને પહોંચાડવાના ધમપછાડા શરૂ કરવામાં આવ્યા છે. પણ બધી યોજનાઓ પગારદાર માણસો રોકીને કરવા સિવાય બીજો કોઇ રસ્તો જ આપણને આપણું આ ભણુતર સૂઝવા દેતું નથી. એટલે આઘા જાય છે અને પાછા વળે છે. એકડાબગડાના ટકા વધે છે ખરા, પણ મોટા પગાર અને મોટી ફીવાળા મહાનુભાવોમાં થતો વધારો દેશનું દળદર મટાડે તેવો જોવામાં આવતો નથી. એક પરિણામ આવે છે ખરું, જે કરોડો બાળકો અને બાળાઓને આપણા એકડાબગડા પહોંચે છે તે બધાંની નજર મોટા પગારવાળા મહાનુભાવોના ધ્રુવલક્ષ્ય તરફ તાકતી અચૂક થઇ જાય છે. તેઓ મનથી માણસ મટી જાય છે, ટાઢ, તડકો અને મહેનતના જીવનને ધિક્કારતા થાય છે, મોટા પગાર મેળવી આરામનું જીવન ગુજારવાનાં અશક્ય સ્વપ્નાં સેવનાર 'ઉજળિયાત' દેવોની ન્યાતમાં મનથી ભળી જાય છે. આપણે ત્યાં શિક્ષણને નામે ચાલતું ચક્ર તેનાં બીજાં બધાં ધ્યેયોમાં નિષ્ફળ નીવડ્યું હોય તો પણ તેનું આ પરિણામ તો પૂર્ણપણે અચૂક છે. પ્રજા ચારિત્ર્યના મૂળ પાયાઓ ખોદી કાઢવામાં તે સો ટકા સફળ છે.


પાયાની કેળવણી

સ્વતંત્રતા આવતાની સાથે જ પૂજ્ય ગાંધીજીએ પ્રજાજીવનના પાયા ખોદનાર કેળવણીને સ્થાને તે પાયા મજબૂત કરનારી પાયાની કેળવણી ચાલુ કરવાની હાકલ કરી. તેમણે કેવી કેળવણી સૂચવી?

પ્રજા ગંદી ટેવોવાળી છતાં સુગાળવી બની ગઇ છે.–બાળકોને બાળપણથી સફાઇ કામનો શોખ લગાડો.

પ્રજા મનથી 'ઉજળિયાત' થવા લાગી છે.–બાળકોને બાળપણથી જ શરીરશ્રમનો સ્વાદ લગાડો.

પ્રજા–શરીરને ભેદાભેદનો કીડો કોરી રહ્યો છે. ન્યાતજાતના વાડા, ગરીબ તવંગરના વાડા, હિંદુ મુસલમાન આદિ ધર્મના વાડા, ભણેલા અભણના વાડા, પ્રજાને છિન્નભિન્ન કરી રહ્યા છે.–બાળકોને બાળપણથી સમાજસેવાનો રંગ લગાડો. બાળપણથી જ વાડા તૂટી જાય અને સર્વ વર્ણ સર્વ વર્ગના દૃઢ પરિચયમાં તેઓ આવે એ રીતે તેમને કેળવો અને જાતજાતની સેવા રૂપે સૌ ઉપર પ્રેમ વરસાવતાં કરી દો.



હારમોનિયમ, ટ્યુનિંગ સિતાર,
તથા તંબુરો જવારી
સ્પેશ્યાલીસ્ટ

ઓર્ડરના ૨૫% એડવાન્સ
નજીકનું રેલ્વે સ્ટેશન
જણાવો.

શ્રીમાળ વિશ્વનાથ કં.
દાદર, મુંબઈ ન ૨૮.
શારદા. સૅન્ડહર્સ્ટ રોડ. વ અહમદાબાદ



સુલેખા REGD
પેન
સંતોષ બનક
કાર્ય માટે
ગેરંટીવાળી

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :–
પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વીસીઝ
કાંદીવલી (મુંબઈ એસ. ડી.)
લોકલ સેલ :–10, શામસેટ સ્ટ્રીટ, મુંબઈ-૨.

(M. P. S)

પ્રજા આપ-મતલબી થઇ ગઈ છે. પગાર, નફો અને આરામને ધ્યેય કરીને વર્તવા લાગી છે. તે ધ્યેયને ખાતર સત્ય, નીતિ, સંયમ, સ્વદેશી રાષ્ટ્રભક્તિ વગેરે માનવધર્મો છોડવા માંડયા છે. એ બધું હોશિયારીથી છોડવું એ ભણેલાના ભણતરની નિશાની ગણાય છે.—આ ટેવ માત્ર ઉપદેશથી બદલી ન શકાય. બાળકોની કેળવણી એવી રીતે યોજે કે જાતમહેનત, સ્વાવલંબન અને સેવા જીવનનો તેમને સ્વાદ લાગી જાય, તેમને પોતાના દેશબંધુઓ ઉપર ઊંડો અંતરનો પ્રેમ જન્મે, તેમની અંદર ભળવાની, તેમને ખાતર ઘસાવાની લગની લાગે, બાળકો ગાદાં છતાં આનંદી ગ્રામજીવનનાં સ્વપ્નાં સેવતાં થાય અને તે સિદ્ધ કરવા ખાતર આકાશપાતાળ એક કરવાની તમન્ના સેવતાં થાય.

પ્રજા દિવસે દિવસે ઠોઠ, બેઠાડુ અને જડ બનવા લાગી છે.—બાળપણથી કેળવણી એવી યોજે કે બાળકો રાષ્ટ્રીય જીવનને પુનર્જીવિત કરનારા ગ્રામોદ્યોગો અને કળાકારીગીરીઓમાં એકબીજાથી ચડિયાતાં નીવડવા લાગે, વૈજ્ઞાનિક રીતે શુદ્ધ એવા વિચારો કરવાની અને તેવું જીવન જીવવાની તેમને લઢણ લાગી જાય. તેમનાં જીભ અને લેખણ, કળા કારીગરી અને વિજ્ઞાન વડે સુસંસ્કારી બને.

આજે ગામો ભાંગવા લાગ્યાં છે અને ઉદ્યોગો ઉજજડ થવા લાગ્યા છે. કેળવણીની યોજના એવી ઘડો કે બાળકોની કેળવણી ચાલતી જાય અને સાથે સાથે ગામોનું નવનિર્માણ થતું જાય; વિવિધ ગ્રામોદ્યોગો અને કળા કારીગરી આવડે તો જ બાળકો નવનિર્માણના ઉત્સાહ અને જ્ઞાનવર્ધક કાર્યમાં આનંદ સાથે પોતપોતાનો નાનકડો ફાળો આપી શકે.

આજના પ્રયત્નો પાયાના નથી

પાયાની કેળવણી મારફત પ્રજા ચારિત્ર્યના બંધાઇ જતા પાયાઓ ફરીથી મજબૂત કરવાની રાષ્ટ્રપિતાની કલ્પના છે. જીર્ણ થઇ જતું પ્રજા-ચારિત્ર્ય નઇ તાલીમ વડે નવું કરી દેવાની અને સડી જતું જીવન નિરોગી બનાવી દેવાની એમની કલ્પના છે.

આપણે શિક્ષકો એ વસ્તુ ભૂલી બુનિયાદી શિક્ષણ યોજનાને તેનું તે જૂનું ભણતર ભણવાની એક નવી યુક્તિ બનાવી ન દઇએ. આપણા માનસશાસ્ત્રના અભ્યાસના ફાંકામાં આપણે ચારિત્ર્ય ઘડતર અને નવનિર્માણની યોજનાને અવારનવાર બાળકોના પગ છૂટા કરતી પ્રવૃત્તિઓ કે રમતોમાં ઉતારી ન પાડીએ. દેશનેતાઓ કોઇ પણ ભોગે કક્કો ભણાવી દેવા પાછળ આંખ મીંચીને મંડી પડયા છે. આંતરરાષ્ટ્રીય વ્યવહારોમાં અંગ્રેજીની જૂની આવડતનો કંઇક લાભ મળતો જુએ છે. તેનાથી ભૂલી જાણે આ ભારતની પ્રજાની જન્મભાષા જ અંગ્રેજી બનાવી દઇએ એવી વિચિત્ર કલ્પના સેવી રહ્યા છે. પોતાને રાજકારણ ખેલવાનો રસ વળગ્યો છે તેથી જાણે આખી પ્રજાને ભાષણકર્તાઓ અને પ્રધાનો અને સરકારી નોકરો તરીકે જ ઉછેરવાનાં ન હોય તે રીતે તેમના વિચારો ચાલતા જણાય છે. તેથી શિક્ષણને નામે જે કંઇ હિલચાલો તેમની દોરવણીથી ચાલે છે તેમાં મોટે ભાગે તે માટેની જ યોજનાઓ ચાલી રહી છે. પરિણામે પ્રજાચારિત્ર્યના પાયા મજબૂત થવાને બદલે ઊલટા વધારે ને વધારે ભાંગતાં ચાલ્યા છે. રાષ્ટ્રપિતાની સિદ્ધાંતોને તેમના સાથીઓ જ વ્યર્થ બનાવી રહ્યા છે. તેમના શીખવેલા સિદ્ધાન્તોને તેમના અનુયાયીઓ જ અપ્રતિષ્ઠિત બનાવી રહ્યા છે.

પૂર્વબુનિયાદી શિક્ષણના પાયા

તમારું આ સંમેલન બાળશિક્ષણના વિચારો કરવા માટે મળ્યુ છે. તેનો સમય જીવન-વ્યાપી બુનિયાદી શિક્ષણની આ બધી વાતોમાં રોકવા માટે, મને લાગે છે કે, મારે વખતસર માફી માગી લેવી જોઇએ. પરંતુ આપણી પ્રજાની જીવન સમસ્યાઓનું અને તેના સંદર્ભમાં તેની કેળવણીનું ચિત્ર નજર સામે ન રાખીએ તો બાળ

શિક્ષણની પણ સાચી દિશા આપણે પકડી ન શકીએ એમ હું સવિનય સૂચવવા ઇચ્છું છું.

આ પૃષ્ઠ ભૂમિકા ઉપર બાલશિક્ષણનું ચિત્ર ઉઠાવવાનો હવે હું પ્રયત્ન કરીશ. તેને આપણે 'પૂર્વ બુનિયાદી' તરીકે ઓળખી શકીએ. એ ચિત્ર ઊઠાવવામાં બાલમાનસના વિજ્ઞાનને સતત નજર સમક્ષ રાખવું જ જોઇએ એમાં બે મત નથી. અભ્યાસીઓ પોતાના જ્ઞાન અનુભવનો તેમાં ફાળો આપે અને ભૂલો થતી અટકાવે એમ હું ઇચ્છું છું.

પૂર્વ બુનિયાદી બાલવાડીનો વિચાર કરતાં આરંભમાં જ આપણા મગજમાં સ્પષ્ટતા થઇ જવા દો કે તે એક પ્રકારની બાળ-નિશાળો ન હોઇ શકે. એ નિશાળોને ભલે આપણે બાલગૃહ કે બાલમંદિર નામ આપીએ, તેમાં ભલે આપણે વર્ગોની ટોળાબંધી ન કરીએ, ભલે તેમાં બાળકોને સમયપત્રકો અને શીસ્તોનાં બંધનોમાં ન જકડવાની સાવધાની રાખીએ, ભલે તેમાં અભ્યાસક્રમો અને પરીક્ષાઓનાં ચોકઠાંને જડ ન થવા દેવાની કાળજી રાખીએ, છતાં જો તેને સરકારી શિક્ષણખાતું ગમે તેવું સારું, ઉદ્ધાર અને પ્રજાની પાયાની સમસ્યાઓ સમજાવનારું હોય (જો કે તે તેવું નથી) તો પણ આપણી બાલવાડીને તે પ્રાથમિક નિશાળના પહેલા ધોરણની પૂર્વ તૈયારીનો વર્ગ બનાવી દીધા વિના રહી શકે નહિ.

તે જ પ્રમાણે જો તેને આપણે આપણા કમાણીના ધંધા સાથે જોડીશું તો પણ તે નિશાળ બની ગયા વિના રહેશે નહિ. આપણે શિક્ષકો ગમે તેવા સાદા, ભલા અને સયમી હોઇએ, (જો કે આપણે શિક્ષકો સામાન્ય રીતે જીવનનો એવો આદર્શ સ્વીકારીએ એવા કાચા નથી; બીજા ધંધામાં પડેલા લોકો કમાય અને સુખ આરામનું જીવન ગાળી મોજ માણે તો આપણે શી ગુનેગારી કરી?) –આપણે ગમે તેવા સાદા હોઇએ તો પણ આપણી બાલવાડીને એકડા બગડા અને વાચન લેખનનો આજનાં માબાપોને ગમતી એવી પ્રવૃત્તિઓમાં જ મુખ્યત્વે સરી પડવા દીધા વિના રહી શકીએ નહિ.

માબાપને પોતાના બાળકો દિવસમાં થોડો વખત સારા વાતાવરણમા સચવાય એવું સ્થાન જોઇએ છે, અને શિક્ષકોને બાળકોનું કંઇક કામ કરવા સાથે પ્રામાણિક કમાણીનો ધંધો જોઇએ છે. એમ બેનો મેળ કરી આપણે યથાશક્તિ સારું કામ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ તેમાંથી બાળ નિશાળો જ બની જાય છે, અને અભ્યાસીઓ છે તે પણ તેમ થતું અટકાવી શકતાં નથી.

પૂર્વ બુનિયાદી શિક્ષણનો વિચાર કરતાં બીજી સ્પષ્ટતા કરી લેવાની જરૂર છે તે એ છે કે બાળકોના જીવનનો પાયો તેમના બાલ્યકાળમાં જ નખાઇ જતો હોવાથી તેમને તે માટે અનુકૂળ એવાં પ્રેમ, સંસ્કાર અને પરિસ્થિતિ તે કાળમાં આપવાં એ આખા દેશને લાગુ પડતો એક રાષ્ટ્રીય પ્રશ્ન છે. બાલશિક્ષણના કોઈક રસિયાઓ છૂટાંછવાયા બાલમંદિરો ચલાવે




તેનાથી આ રાષ્ટ્રવ્યાપી કામને પહોંચી વળી શકાશે નહિ. સરકાર આજકાલ સમાજનાં બધાં કામો માથે ઉપાડી રહી છે તે જોઉ તે બાલશિક્ષણનું બાતું બોલી, બાલશિક્ષકો રોકી ગામે ગામે અને ફળિયે ફળિયે બાલમંદિરો ચલાવે એવી કલ્પનામાં આપણે ઊતરી પડતા હોઇએ છીએ.

પ્રાથમિક શિક્ષણના ભાર નીચે પણ સરકાર દબાઇ જતી જોવામાં આવે છે, તો તેનાથી નાના બાળકોનાં શિક્ષણનો ભાર તે ઉપાડી શકે એ કેવળ અસંભવિત છે. છતાં તમારા સૌના દબાણને વશ થઇ કદાચ તે આ ભાર ઉપાડવા તૈયાર થઇ જાય તો યે આ અત્યંત નાજુક અને પવિત્ર કામ તે કરી શકે નહિ. બાલમાનસના સાચા ઉપાસકો સરકારી બાતા મારફત ચાલતી બાળનિશાળોમાં પોતાનાં બાળકોને મોકલવા કે તેના પોતે શિક્ષક તરીકે કામ કરવા તૈયાર થાય એમ હું માની શકતો નથી. કદાચ તેવી તંત્રબદ્ધ બાળનિશાળોથી ત્રાસી તે સામે સત્યાગ્રહ કરવા તેઓ તૈયાર થઇ જાય તો મને આશ્ચર્ય ન થાય.

ફળિયે ફળિયે બાલવાડીઓ

પૂર્વ–બુનિયાદી શિક્ષણ સાર્વત્રિક બનાવવા માટે સાચી દિશાની યોજના એક જ હોઇ શકે, અને તે એ કે ઘેર ઘેર માતાપિતા પોતે બાસ–કરીને માતાઓ–પોતાનાં બાળકોને શુદ્ધ ગીત–કેળવતાં થાય તે માટે. માતાઓ પાસે પ્રેમની કુદરતી લાયકાત તો હોય છે જ. થોડી વિશેષ તાલીમથી તેમનામાં શિક્ષિકાની યોગ્યતા ઉમેરી શકાય.

કોઇ સેવાભાવી અને બાલપ્રેમી બાઇબહેનો ફળિયાંઓમાં નાની નાની બાલવાડીઓ ચલાવે તો માતાઓ મોટું લશ્કર લશ્કર વિના અને દૂરથી અવલોકન કરી કરીને ઘણી તાલીમ મેળવી લે. તેમનો બાળપ્રેમ મોહ તરફ ઢળી પડતો હોવ છે તે એ તાલીમથી શુદ્ધ પ્રેમ બને. બાળકો પ્રત્યે બિનકેળવાયેલાં મોટાંઓમાં એક પ્રકારની અધીરાઇ હોય છે, જરા જરામાં ઉપદેશ અને ઠપકો આપવાની આદત આવી જાય છે, તેમાં સુધારો થાય. બાળકોને પોતાનાં કામો પોતે કરવાની અને મોટાનાં કામોમાં મદદ કરવાની ખુબ જ હોંશ હોય છે. તેને તોફાન માની મોટાંઓ આખો દિવસ મનાઇ હુકમો કાઢતાં હોય છે તેને બદલે બાલવાડીઓ જોઇ જોઇને માતાઓ બાળકોને ધીરજથી નાનાં નાનાં કામો બતાવતી થઇ જાય,



બી. ટેકસ ઓઇન્ટમેન્ટ મુંબઇ નં.
મુંબઇ નં. ૩

તેમને માટે તેમના માપનાં સાધનો ઘરમાં વસાવવાની કાળજી રાખે.

આ અર્થમાં નઇ તાલીમની વિચારસરણીમાં બાલશિક્ષણ અને પ્રૌઢશિક્ષણ એ એક જ સિક્કાની બે બાજુઓ જેવાં બની જાય છે. પ્રૌઢોને જીવનનાં સાચાં તત્ત્વોની તાલીમ આપી દઇએ તો તેઓની મારફત બાળકોને આપોઆપ સત્ શિક્ષણનો લાભ મળી જાય.

આવી બાલવાડીઓ માટે પગારદાર શિક્ષકોનું તંત્ર વિચારી શકાય નહિ. આર્થિક દૃષ્ટિએ તેમ જ શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ પણ તે યોજના વિચારવા જેવી નથી. ફળિયે ફળિયે નાની નાની બાલવાડીઓ તો ચાલવી જોઇએ, પણ તે બાલપ્રેમી સ્વયંસેવકો અને સેવિકાઓ માતાઓમાંથી નીકળવી જોઇએ. પોતાનાં બાળકોની કેળવણીમાં રસ લેતી માતાઓને ફળિયાનાં બાળકોની કેળવણીમાં પણ રસ પડવો એ આજના સમાજમાં નવી વસ્તુ લાગે તો પણ એ કોઇ અશક્ય કે અઘરી કલ્પના નથી. દેશના નવનિર્માણમાં એવું ઘણું આજે નથી તેવું ચાલુ કરવું જ પડશે. આ વિચાર પ્રજાના હૃદય સુધી પહોંચી જાય તો તેને માટે તે અશક્ય નથી.

જેમ માતાઓમાંથી બાલવાડીની સેવિકાઓ મળવાની અપેક્ષા રાખી શકાય તેમ કોઇ પણ ધંધો કરતા લોકોમાંથી પણ રસિયા સેવકો અને સેવિકાઓ પણ કેમ ન નીકળે ? આવી યોજના વિચારતાં બાલવાડી માટે એક મર્યાદા આપણે સ્વીકારવી પડશે. તે કલાક બે કલાકથી લાંબો વખત ચાલે એવી ઇચ્છા ન કરવી જોઇએ. એથી વધારે વખત બાલસેવાનાં રસિયાઓ પોતાના શોખને ખાતર કાઢી શકે નહિ. બાળમાનસના અભ્યાસીઓ પણ બાળકોના સ્વભાવની દૃષ્ટિએ ટૂંકા ગાળાને એક ગુણ જ ગણશે. બાલવાડી ગમે તેટલા પ્રેમના અને વૈજ્ઞાનિકતાના વાતાવરણમાં ચલાવવામાં આવે, બાળકોનું મોટા ભાગનું જીવન માતપિતાની છાયામાં તેમની આંખ નીચે પસાર થાય એ જ તેમના જીવનની જરૂરિયાત છે. બાલવાડીએ તેમાં સહેજ પૂર્તિ કરવા સિવાય અને માતાઓને સહેજ માર્ગદર્શન પૂરું પાડવા સિવાય વધારે કરવાની કે માબાપનું સ્થાન સંભાળવાની મહત્ત્વાકાંક્ષા રાખવી જોઇએ નહિ.

બાલવાડીની પ્રવૃત્તિઓ

પૂર્વબુનિયાદી બાલવાડીમાં બાળકને કેળવનારી પ્રવૃત્તિઓ કેવી પસંદ કરવી, તેના વિચારમાં પણ સ્પષ્ટતા કરી લઇએ. બાળકોને કાઢઘાલ કરવામાં કુદરતી રસ છે એ જોઇને તે રસનો ઉપયોગ ઇન્દ્રિય વિકાસના કામમાં કરી લેવાય એવાં સાધનો શોધવામાં આવ્યાં છે, અને તે સાધનો ધારેલું કામ સુંદર રીતે આપે છે તે જોઇને આપણે આશ્ચર્યમુગ્ધ થઇ જઇએ છીએ. આ શારીરિક રસના કરતાં ઘણો જ ઉચ્ચ કક્ષાનો રસ બાળકોને કંઇ કંઇ ઉપયોગી કામો કરવાનો અને મોટાંનાં કામોમાં પોતાનો નાનો સરખો ફાળો આપવાનો રહેલો છે, એ સૌ કોઇ જાણે છે. પોતાની સ્વયંસ્ફૂરિત રમતો પણ બાળકો મોટે ભાગે મોટાઓનાં કામો અને વ્યવહારોના અનુકરણમાંથી જ ઉપજાવી કાઢે છે.આ ઇશ્વરદત્ત રસનો ઉપયોગ કરવો એ પૂર્વબુનિયાદી શિક્ષણનો સૌથી મહત્ત્વનો કાર્યક્રમ થવો જોઇએ. ઘરોમાં, ખેતરોમાં અને વાડીઓમાં, ઘરની પશુશાળાઓમાં અને ઉદ્યોગશાળાઓમાં ધીરજ ભાવે ચાલી રહેલી બાળકોની આ પ્રકારની પ્રવૃત્તિઓ કોઇને પણ મુગ્ધ કર્યા વિના રહેતી નથી. મોટાઓમાં પૂરતી ધીરજ કેળવાયેલી હોતી નથી, શિક્ષકનો સ્વભાવ કેળવાયેલો હોતો નથી, તેથી જ તેઓ બાળકોની આ જીવનદાયી હિલચાલોને ઉત્તેજન આપતા નથી, પણ ઘણી વાર બાલજીવનના રંગમાં ભંગ પાડતા જોવામાં આવે છે.

બાલવાડીનો મુખ્ય કાર્યક્રમ બાળકના કુદરતી રસના વિષયો એવાં આ કામો ઉપર રચવાનો છે. તેમાં બાલમનોવિજ્ઞાનના સિદ્ધાન્તોને અવશ્ય ધ્યાનમાં રાખવા પડશે.

બાળકોને બંધનરૂપે કોઇ કામ આપવાનું હોય નહિ, એટલું મનોવિજ્ઞાન અભણ માતાઓ અને સેવિકાઓ પણ આપમેળે સમજતી હોય છે, અને અવલોકનથી અને સહેજસાજ સૂચનાથી સાનમાં સમજી શકે છે.

બાળકો માટે કામો આટેના ઓળજો તેમના માપના વસાવવાં જોઇએ એ આપણા સંસારમાં નવો વિચાર છે. પણ બાલવાડીમાં તે જોયા પછી સામાન્ય માતાને તેની પાછળ રહેલું માનસશાંસ્ત્ર ગળે ઊતરી જતાં વાર લાગતી નથી.

બાળકોને જુદાં જુદાં કામો ઉપર મથામણ કરતાં જોઇ મોટાંઓ અકળાઇ જતાં હોય છે. તે ગરીબ બિચારાં નાનકડાં પ્રાણીઓ તરફ દયાથી પ્રેરાઇ તેમની મદદે દોડે છે, અને ઝડપ મારીને તેમને તકલીફમાંથી બચાવી લે છે, પણ સમજતાં નથી કે જીવનના રસમાંથી પણ પોતે તેમને બચાવી લીધાં છે. આ માનસશાસ્ત્ર માબાપમાં ઊતરતાં જરા વાર લાગશે. તે માટે ધીરજપૂર્વક બાલવાડીઓ ચલાવવી પડશે.


બાળકો માટે ઉત્તમ વાતાવરણ તો, આપણે મોટાંઓ કામ કરતાં હોઇએ અને બાળકો રમતાં-ખેલતાં મોજ આવે ત્યારે તેમાંનાં નાનાં નાનાં કામો કરી આપણને મદદ કરતાં હોય–એવા જીવનમાંથી જ સર્જાય છે. તે માટે ઘર અને ઘરની ઉદ્યોગ શાળાઓને બાલવાડી કોઇ રીતે આંટી શકે તેમ નથી. છતાં રસોઇ, પાણી, ખેતી વગેરે પ્રકારનાં કામો બાલવાડીમાં પણ ચલાવી શકાય. આવાં કામો એ ઢબના નથી કે બાળકોને સોંપી દઇ આપણે અવલોકન કરતા બેસીએ. મુખ્ય કામ આપણે મોટાં કરતાં હોઇએ, અને બાળકો તેમની મોજ આવે ત્યારે અને તેટલા પ્રમાણમાં આપણાં કામોમાં કંઇક કંઇક મદદ કરી જતાં હોય એ રીતે તે ચાલવાં જોઇએ. આપણે માટે તે કામો સાચાં કામો હોવાં જોઇએ, બાળકોને બતાવવા માટે ગોઠવેલાં નકામાં કામો ન હોય. આમાં રહેલું મનોવિજ્ઞાન સમજવું એટલું અઘરું નથી, પરંતુ આપણા આજના જીવન અને મિજાજ જુદી જાતનાં થઇ ગયાં હોવાથી વાસ્તવિક જીવનમાં આ બેસાડવું ભારે બની ગયું છે.

વાચનલેખન વગેરે

પૂર્વ–બુનિયાદી બાલવાડીમાં વાચનલેખનનું શું કરવું? મહેરબાની કરીને હિંમત કરો અને તેને સ્થાન ન આપો. તે બાળજીવનમાં ઉપયોગી એવી આવડતો નથી એ પુરવાર કરવા માટે માનસશાસ્ત્રીઓનો પુરાવો આપવાની જરૂર છે શું? માનસશાસ્ત્રને નામે એવી દલીલ આ સંબંધમાં સાંભળવામાં આવી કે અમુક વર્ષની ઉંમરે બાળકોને વાચનલેખન વહેલું વહેલું ચડી જાય છે.

બાલમંદિરોમાં બાળકો મોજથી વાચન લેખનમાં તલ્લીન થઇ જતાં બતાવવામાં આવે છે. સૂચવવામાં આવે છે કે બાલમાનસથી એ કંઇક ઊલટું હોય તો બાળકો ચોપડી છોડીને નાસી કેમ

હજારો કુટુંબોમાં હવે છુટથી વપરાય છે.....



- ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
- મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
- સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે.

લોખા પ્રોડક્ટસની એક અનમોલ કૃતિ

સોલ એજન્ટસ : એમ. એમ. ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ.

એજન્ટસ : સી. નરોત્તમ એન્ડ કું.
અંગલદાસ રોડ, મુંબઇ–૨.

ટે. નં. ૩૦૫૭૫ - M. P. S.

જતાં નથી? પરંતુ મિત્રો ! ટેવ પાડવાથી બાળકોને પોતાના સ્વભાવથી ઊલટાં અવા ઘણા ચાળાઓ કરતાં શીખવી શકાય. સર્કસવાળાઓ વાંદરાં અને કૂતરાં પાસે જાત જાતના ચમત્કારિક ચાળાઓ નથી કરાવતા શું? આપણે સૌ વાચનલેખન અને પોપડીના જીવડાઓ છીએ, એટલે તે આવે નહિ ત્યાં સુધી શિક્ષણનું કામ કર્યાનો સંતોષ આપણા મનને મળતો નથી. અને માબાપને પણ જ્યાં સુધી તમે તેમનાં બાળકોને પ્રાથમિક શાળાનાં શરૂઆતનાં એકબે વર્ષ કુદાવતાં કરી ન દો ત્યાં સુધી તમારા કામની કદર નથી. આ મુદ્દાની બાબત છે. આ વાચનલેખન એ બાળકોના મનોવિજ્ઞાનને લગતી બાબત નથી, પણ આપણા જ મનોવિજ્ઞાનને લગતી હોય એમ લાગે છે!

બાલશિક્ષણમાં વિનય, વિવેક, ટાપટીપ, બાલગીત, બાલનૃત્ય, બાલવાર્તા વગેરેના મહત્વ વિષે હું અત્યારે તમારો સમય ક્ષોકશ નહિ. આ કળા આપણે ત્યાં ઠીક પ્રમાણમાં ખિલવવામાં આવી છે. બાળતોની સાવધાની આમાં રાખવી જરૂરની છે. એક તો રંગના છાંટણાં શોભે, કુંડાં હોય નહિ, અને બીજું, બાલગીતો વગેરે કુ-ગીતો ન હોય, માનવચારિત્ર્યના બુનિયાદી સિદ્ધાન્તોનો ઉપહાસ કરનારાં અને તેના વિરોધી ન હોય.

અલગારી ગિજુભાઈ

આપ જુઓ છો કે મેં અત્યારે નઈ તાલીમની બાલશિક્ષણની દૃષ્ટિ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ સંમેલનના સંચાલકોએ પોતાની પત્રિકામાં આપેલી વિષયસૂચિને હું સ્પર્શ કરી શકયો નથી. તેમાંના કેટલાક વિષયોથી જે આશા અપેક્ષાઓ સૂચિત થાય છે તે મારા નમ્ર મત પ્રમાણે બાલશિક્ષણને ભળતા જ પાટે ચડાવે એવા છે. ઉદાહરણ તરીકે સરકાર પાસેથી ગ્રાન્ટ મેળવવાની આશા તમને રહે છે. ઘણું કરી તમારી એવી પણ અપેક્ષા છે કે સરકારે જેમ પ્રાથમિક શિક્ષણ દેશવ્યાપક બનાવવાની જવાબદારી સ્વીકારી છે તેમ તે બાલશિક્ષણની જવાબદારી પણ કેમ ન સ્વીકારે? તે માટે પણ બાલું કેમ ન બોલે? બોર્ડ કેમ ન સ્થાપે? અને તે પણ સ્ટેચ્યુટરી!

આવા વિષયમાં મારા વિચાર જુદા છે. હું ધારું છું કે નઈ તાલીમની આખી દુનિયા મારા જેવા વિચારો ધરાવતી હશે. મારા પ્રમુખપણાની શરત રૂપે હું નહિ મૂકું, પણ મનમાં મનમાં ઇચ્છું ખરો કે આપણું આ સંમેલન બાલશિક્ષણના કામમાં સરકાર ગ્રાન્ટ આપે તો પણ માનપૂર્વક તેનો અસ્વીકાર કરવાનો ઠરાવ પસાર કરે. નઈ તાલીમનું નીચેથી ઉપર સુધીનું બધું કામ સરકારથી સ્વતંત્ર હોવું જોઈએ. પણ બાલશિક્ષણના અત્યંત નાજુક અને સુક્ષ્મ કાર્યને તો તેવું રાખવું જ જોઈએ. આપણામાં કેટલાક ઉત્સાહી મિત્રોએ સરકારને હલાવવાના ભારે પ્રયત્નો કર્યા છે. બાલશિક્ષણનાં અધ્યાપનમંદિરો પણ તેની પાસે માન્ય કરાવ્યાં છે. એ અધ્યાપન મંદિરોમાં તમે તમારો આત્મા રેડી રહ્યાં છો. હવે ગિજુભાઈ પણ અધ્યાપન મંદિર ચલાવતા અને તમારામાંથી ઘણાએ એમને ચરણે બેસીને બાલશિક્ષણનું અમૃતપાન કર્યું છે. તમારે જ મોઢે ફરિયાદો સાંભળીએ છીએ કે ગિજુભાઈના જમાનામાં જે રંગ હતો તે આવતો નથી. તેનાં કારણો તમે શોધતાં જ હશો, મને મોટું કારણ દેખાય છે તે એ છે કે ગિજુભાઈ સરકારથી અને તેની મદદથી સ્વતંત્ર હતા. એ સ્વતંત્રતા ખાતર એમને અને નાનાભાઈને ઘણી ઘણી ચિંતા વેઠવી પડી. નાનાભાઈને દેશપરદેશના દોડા કરવા પડ્યા અને ગિજુભાઈએ થીગડાંવાળાં લૂગડાં પહેર્યાં અને એમના અંગ પર કદી લોહી ચડયું નહિ.

બાલવાડી નઈ તાલીમને લોકપ્રિય કરશે

પૂર્વબુનિયાદી બાલવાડીઓ મુકત વાતાવરણમાં અને ગિજુભાઈ જેવા સ્વભાવના ભાઈબહેનોને હાથે આખા દેશમા ઠેકઠેકાણે ચાલે તો આપણું બીજું પણ મોટું કામ થઈ જાય તેમ છે. બાપુજીએ નઈ તાલીમની યોજના આપી છે, કોઈ

કોઈ જગ્યાએ તેનું કામ ચાલી રહ્યું છે, સરકારે સામાન્ય રીતે નીતિરૂપે તેનો સ્વીકાર કર્યો છે. છતાં લોકોને કે રાજ્યને તેનો રંગ ચડયો છે એમ કહી શકાય તેમ નથી. તેમને ઠેકઠેકાણે નાની નાની સુંદર બાલવાડીઓ ચાલતી જોવા મળે તો નઈ તાલીમ માટે પ્રેમ બંધાય એમ હું માનું છું. નઈ તાલીમની ઉપરની કક્ષાઓમાં વિગતો સ્વાભાવિક રીતે વધી જતી હોય છે. તેમાંથી નઈ તાલીમના મૂળ પાયાઓ તારવવા અને તેની કદર કરવી એટલું સહેલું નથી. પરંતુ બાલવાડીમાં નઈ તાલીમ તેના સાદા, સરળ અને સ્વાભાવિક સ્વરૂપમાં જોવા મળે છે તે જોઈ સાદાં ભોળાં સ્ત્રી-પુરુષોના ઉપર તરત જ અસર પડે છે અને તેઓના મોઢામાંથી ઉદ્‌ગાર નીકળી પડે છે, "ગાંધીનું ભણતર બહુ સારું! નઈ તાલીમનાં વખાણ વિદ્વાનોની અને કેળવણીકારોની સભામાં કે સરકારની ધારાસભાઓમાં થાય તે એટલું જરૂરનું નથી. સામાન્ય જનતામાં તે લોકપ્રિય થાય એ સૌથી વધારે અગત્યનું છે. સુંદર બાલવાડીઓના દર્શનથી એટલું થઈ જશે તો નઈ તાલીમની બધી કક્ષાઓમાં જીવ આવી જશે, અને જોતજોતામાં પ્રજા નવી નવી થવા લાગશે.

આજનો દિવસ, આ ભૂમિ, ઝિંજુભાઈ માટે આપણા સૌના હૃદયમાં રહેલો પ્રેમ આપણું જીવનમાં પરિવર્તન કરો અને આપણે હાથે ચાલતી બાલવાડીઓ ભારતની પ્રજામાં ચારિત્ર્યના પાયા નીરોગી બનાવનાર નઈ તાલીમ માટે પ્રેમ જગાડો એ જ મારી પ્રાર્થના છે.



કામીનીઆ હેઅર ઓઇલ
કામીનીઆ ફ્રેશ
કામીનીઆ ટોલેઈટ સોપ
ઓટો દિલદાર

કામીનીઆ શૃંગાર

પ્રસાધનો દ્વારા

ચમકતો કેશકલાપ
અનુપમ લાવણ્ય
અને મશરૂ જેવી
મુલાયમ ત્વચા
મેળવો

હું જાણું છું કામીનીઆ શૃંગાર પ્રસાધનો ઉત્તમ છે. હું મારી પસંદગી બાબત ખરેખર ગર્વ ધરાવું છું અને ખરેખર તે યોગ્ય જ છે

વૈજયંતિમાલા
ભારત નાટ્યમની
પ્રતિમા એમ કહે છે

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.
મુંબઈ-૨.

ગિજુભાઈ જયંતી બાળશિક્ષણ સંમેલનના ઠરાવો

ઠરાવ પહેલો

સદ્‌ગત ગિજુભાઇના આદ્ય સાથીદાર અને બાલભોગ્ય સાહિત્યનાં પ્રખર લેખિકા સ્વ. મોંઘીબેનના દુખદ અવસાનથી બાલ સાહિત્યના ક્ષેત્રમાં ન પુરાય તેવી ખોટ પડી છે. તેમની સેવાની આ સંમેલન સહૃદય નોંધ લે છે અને તેમના આત્માને શાંતિ ઇચ્છે છે.

ભાવનગર
તા૦ ૧૬-૧૧-૫૭ } રજુઆત પ્રમુખસ્થાનેથી
સર્વાનુમતે પસાર
ગિજુભાઇ જયંતિ બાળશિક્ષણ
સંમેલન, ભાવનગર

ઠરાવ બીજો

બાળકોનું શિક્ષણ વૈજ્ઞાનિક અને વ્યવસ્થિત રીતે ચાલી શકે એ દૃષ્ટિએ આ સંમેલન સર્વાનુમતે ઠરાવે છે કે:-

(૧) બાલ મંદિરો, બાલવાડીઓ અને બાલ ક્રિડાંગણોમાં ઓછામા ઓછા પચાસ ટકા તો તાલીમ પામેલા કાર્યકરો જોઇએ અને જ્યાં એક જ શિક્ષકની જરૂર હોય ત્યાં તો તે તાલીમ પામેલા જ હોવા જોઇએ.

(૨) આવી દરેક સંસ્થામા એક શિક્ષક પાસે વધુમા વધુ ત્રીસ સંખ્યાથી વધારે બાળકો હોવા જોઇએ નહિ.

(૩) બાલમંદિરમા સોળ ચો. ફુટે એક વિદ્યાર્થી એ હિસાબે થતી ચાર દિવાલ વચ્ચેની જગ્યા ઓછામા ઓછી આવશ્યક ગણાવી જોઇએ.

(૪) સરકારમાન્ય બાલશિક્ષણના તાલીમ પામેલ દરેક શિક્ષકને સિનીયર ટ્રેઇ ન્ડના વેતન ધોરણ અને પ્રોવિડંટ ફંડ વગેરે સગવડો આપવી જોઇએ.

ભાવનગર
તા૦ ૧૬-૧૧-૫૭ } ઠરાવ મૂકનાર શ્રી. ભોગીભાઇ પરીખ
ટેકો આપનાર શ્રી. પ્રભુભાઈ ઉપાધ્યાય

ઠરાવ ત્રીજો

સ્વ. ગિજુભાઇ, તારાબેન, ઘરશાળા અધ્યાપન મંદિર તથા ડો. મોન્ટીસોરીના વર્ગોમાં તાલીમ પામેલ જે શિક્ષકોનાં પ્રમાણપત્રો ચાલુ સરકારી ધોરણે અમાન્ય ગણાતાં હોય તે શિક્ષકોના પ્રમાણપત્રો, જો તે શિક્ષકોએ સાત વર્ષ સુધી બાલમંદિરમાં કામ કર્યું હોય તો સરકારમાન્ય ગણાવાં જોઇએ તેવું આ સંમેલન ઠરાવે છે.

ભાવનગર
તા૦ ૧૬-૧૧-૫૭ } ઠરાવ મૂકનાર ચંદુલાલ ભટ્ટ
ટેકો આપનાર સોમાભાઇ પટેલ
અને ઘનશ્યામભાઇ વ્યાસ

ઠરાવ ત્રીજો (અ)

શહેરી તથા ગ્રામ વિસ્તારોમાં બાલશિક્ષણના કામને માટે જરૂરી વાતાવરણ અને પરિસ્થિતિ મળવાં મુશ્કેલ થઇ પડયાં છે જેથી સુધરાઇઓ તથા પંચાયતો જેવી સંસ્થાઓ તથા સરકાર, આ માટે વિશાળ મેદાનો, ઉદ્યાનો અને ક્રિડાંગણો પૂરતા પ્રમાણમાં પૂરાં પાડવાનો પોતાનો ધર્મ સમજે એવુ આ સંમેલન પોતાનું નમ્ર મંતવ્ય આગ્રહપૂર્વક રજૂ કરે છે.

ભાવનગર
તા. ૧૬-૧૧-૫૭ } ઠરાવ મૂકનાર શ્રી. શાંતિલાલ રાવળ
અનુમોદન શ્રી. નથુભાઇ રાવળ

સર્વાનુમતે પસાર

ઠરાવ ચોથો

બાળ કેળવણીનુ કાર્ય વેગવંતુ અને અસરકારક બનાવવા માટે રાજ્ય કક્ષાએ એક સ્વતંત્ર સ્ટેચ્યુટરી બોર્ડની આવશ્યકતા અનિવાર્ય છે. તેમ જ મુંબઇ રાજ્યની નીતિ કેળવણીની બધી જ

કક્ષાઓ માટે એક સંયુકત શિક્ષણ સલાહકાર મંડળ રચવાની હોય તો તેમાં પ્રથમ પગલાં તરીકે પૂર્વ પ્રાથમિક શિક્ષણને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઇએ એવું આ સંમેલન ઠરાવે છે.

ભાવનગર
તા. ૧૬–૧૧–૫૭ — ઠરાવ મૂકનાર શ્રી. હરભાઇ ત્રિવેદી; ટેકો આપનાર શ્રી નામલેભાઇ

ઠરાવ પાંચમો

શૈક્ષણિક સંસ્થાઓનાં વિકાસમાં સરકાર મદદ કરે એ એક આવશ્યક આર્થિક સહકારની ભૂમિકા છે તે દઢ માન્યતા સાથે બાલમંદિરોને જૂના સૌરાષ્ટ્ર રાજયનાં ધોરણે ગ્રાહ્ય ખર્ચના પચાસ ટકા ગ્રાન્ટ મળે એવું ધોરણ મુંબઇ સરકારે અપનાવવું જોઇએ એમ આ સંમેલન માને છે.

ઉપરોકત મદદ મેળવવાનો અધિકાર માસિક રૂા. ૪–૦–૦ તથા ચારથી ઓછી ફી લેનારાં બાલમંદિરોનો રહે એવું પણ આ સંમેલન સૂચવે છે.

ભાવનગર
તા. ૧૬–૧૧–૫૭ — ઠરાવ મૂકનાર શ્રી. જદુભાઇ રાવળ; ટેકો આપનાર શ્રી. છોટુભાઇ પટેલ

ઠરાવ છઠ્ઠો

કેળવણીના કાર્યમાં સંસ્થાઓનું અંગત માલિકી સ્વરૂપ કોઇ પણ પ્રકારે ન હોવુ જોઇએ અને વિશેષ પૂર્વ–પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં તો એ સદંતર ન જ હોવું જોઇએ એમ આ સંમેલન માને છે અને આવાં ચાલતાં બાલમંદિરોના સંચાલકોને આ બાબતનો વહેલી તકે અમલ કરવા આગ્રહપૂર્વક વિનંતિ છે.

ભાવનગર
તા. ૧૬–૧૧–૫૭ — ઠરાવ મૂકનાર શ્રી. વજુભાઈ દવે; ટેકો આપનાર શ્રી. શંકરભાઇ જોષી અને શ્રી. મહીપતભાઇ


ઠરાવ સાતમો

આપણા બાલ અધ્યાપન મંદિરોમાંથી તૈયાર થઇને જે શિક્ષકો જુદે જુદે સ્થળે કામ કરવા માટે રોકાય છે તેઓને શિક્ષણક્ષેત્રે અવારનવાર ઓપ મળતો રહે તે માટે ખાસ માર્ગદર્શનની જરૂર રહે છે તે માટે આ સંમેલન સૂચવે છે કે બધા બાલમંદિરો નૂતન બાલશિક્ષણ સંઘ સાથે વહેલી તકે જોડાય તે જરૂરી છે.

ભાવનગર
તા. ૧૬–૧૧–૫૭ — ઠરાવ મૂકનાર શ્રી જ્યોતિભા; ટેકો આપનાર શ્રી પૂનમચ શાહ


ઠરાવ આઠમો

ગુજરાતમાં નૂતન બાલશિક્ષણ સંઘની શાખાઓ ઠેર ઠેર સ્થાપી બાલકેળવણીના કાર્યને વિશેષ વેગવંતું બનાવવાનું આ સંમેલન ઠરાવે છેઇ અને આ વિગતને અમલી બનાવવા સભ્યો વધારવાની સત્તા સાથે નીચે પ્રમાણેની સામતિની



રચના કરે છે:-

શ્રી જાદવજીભાઇ મોદી
શ્રી હરભાઇ ત્રિવેદી
શ્રી વજુભાઇ દવે
શ્રી રામભાઇ પાઠક
શ્રી યશસ્વતિબેન ભટ્ટ
શ્રી સોમાભાઇ કીશાભાઇ પટેલ
શ્રી પુનમચંદ શાહ
શ્રી પ્રભુભાઇ ધોલકિયા
શ્રી જયંતભાઇ શુકલ
શ્રી કેશુભાઇ વળીઆ
શ્રી ચન્દુભાઇ ---ભટ્ટ
શ્રી નરેન્દ્રભાઇ બધેકા
શ્રી ભોગીલાલભાઇ ચોકસી
શ્રી શાંતિભાઇ રાવળ
શ્રી રંજનબેન દલાલ
શ્રી વીરસુતભાઇ મહેતા
શ્રી ચંપકલાલ વોરા
શ્રી હરપ્રસાદ ભટ્ટ
શ્રી કુસુમબેન શાહ
શ્રી કમળાશંકર પંડયા



શ્રી વિષ્ણુ ભોકરે
શ્રી હરજીવનભાઇ દીક્ષિત
શ્રી જટુભાઇ બાલપ્રેમી

ઉપરોકત સમિતિના આવાહકો તરીકે શ્રી. રામભાઇ પાઠક અને શ્રી. કેશુભાઇ વળીઆને નીમવામાં આવે છે.

ભાવનગર
તા. ૧૬-૧૧-૫૭
ઠરાવ મૂકનાર શ્રી ગોવિંદભાઇ ઠાકર
ટેકો આપનાર શ્રી પ્રભુભાઇ ઉપાધ્યાય અને શ્રી. નામલે

ઠરાવ નવમો

સમાજમાં કેટલાક અધ્યાપન મંદિરો ચાલે છે તેમ જ અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું શિક્ષણ વિશેષ તેજસ્વી થાય તે માટે આ સંમેલન પોતાનું દઢ મંતવ્ય રજૂ કરે છે કે:

(૧) મુંબઇ રાજયે પી. પી. સી. અભ્યાસક્રમ માટે નક્કી કરેલ શાળાંત પાસ કે વર્નાકયુલર ફાઇનલ વિદ્યાર્થીઓ માટે બે વર્ષનો અને મેટ્રિક અથવા તત્સમ પરીક્ષા ઉત્તિર્ણ વિદ્યાર્થીઓ માટે એક વર્ષનો અભ્યાસક્રમ જરૂરી ગણવો.

(૨) અધ્યાપન મંદિરોની સાથે જ છાત્રાલયોની વ્યવસ્થા હોવી જોઇએ.

(૩) અધ્યાપન મંદિરોના શિક્ષાર્થીઓનો માત્ર ચાર દીવાલ વચ્ચે અભ્યાસ ચાલે તેને બદલે તેઓ અન્ય સંસ્થાઓની મુલાકાત લે અને પછાત વર્ગના તથા અન્ય બાળકોના પણ સીધા સંપર્કમાં આવે તે જરૂરી છે.

ભાવનગર
તા. ૧૬-૧૧-૫૭
ઠરાવ મૂકનાર સ. આ. કેલકર
ટેકો આપનાર જયંતભાઇ શુકલ.

ઠરાવ દસમો

આજની વિદ્યાપીઠની કાર્યવાહીમાં પ્રાથમિક અને માધ્યમિક કેળવણીને જે રીતે પ્રતિનિધિત્વ અપાય છે તે જ રીતે પૂર્વ પ્રાથમિક કેળવણીના પ્રતિનિધિત્વની જરૂર અનિવાર્ય છે, એમ આ સંમેલન સરકારને અને વિદ્યાપીઠને ઘટતા પગલાં લેવા માટે આગ્રહભરી વિનંતિ કરે છે.

ભાવનગર
તા. ૧૬-૧૧-૫૭
ઠરાવ મૂકનાર શ્રી સરલાદેવી
ટેકો આપનાર શ્રી હરભાઇ ત્રિવેદી

ભાવનગર સંમેલનની સફળતા

૧૯૪૦માં ભાવનગરમાં નૂતન બાલશિક્ષણ સંઘના ઉપક્રમે મુ. શ્રી જુગતરામભાઇ દવેના પ્રમુખપદે જે સંમેલન મળ્યું તે જેમ યાદગાર બન્યું હતું તેવી જ રીતે ફરી સત્તર વર્ષ પછી ગિજુભાઇ જયંતી નિમિ-તે સંઘ પ્રેમીઓના ઉપક્રમે જે સંમેલન મળ્યું તે પણ યાદગાર બનશે એ વિશે અમને કોઇ પણ પ્રકારની શંકા રહેતી નથી.

૧૯૪૦ના સંઘ સંમેલને સંઘની પ્રગતિને ગામડા તરફ કૂચ કરવાનો આદેશ સંમેલન પ્રમુખ શ્રી જુગતરામભાઇએ આપ્યો હતો. એ આદેશ મુજબ શ્રીમતી તારાબેન મોડક સંઘને ખૂબ જ નિશ્ચયથી ગામડા તરફ લઇ ગયા. એમના નિશ્ચય અને કાર્યતત્પરતાના પ્રભાવે સંઘના ગ્રામબાલ-શિક્ષા કેન્દ્રને આજે ભારત સરકારે માન્ય રાખેલી વિકાસવાડી યોજનાને મૂર્ત સ્વરૂપ મળ્યું. સંઘનું ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર હવે ગ્રામીણ અને પછાત પ્રદેશના બાળકેળણીનું સ્વરૂપ ઘડવા માટે વધુ વ્યવસ્થિત રીતે પોતાના સર્વાંગી પ્રયત્નો કરશે અને ટૂંક વખતમાં નૂતન બાલશિક્ષણનું કોસબાડ કેન્દ્ર હવે ભારતીય ગ્રામ બાલ કેળવણીનું એક આદર્શ તીર્થ બનશે એની પૂરેપૂરી શક્યતા દેખાય છે.

ભાવનગરનું બીજું સંમેલન એ બરાબર એવા જ તબ્બકા પર મળ્યું છે કે જ્યારે એ જ સ્થળે મળેલા પહેલા આદેશનું આચરણ સંઘે કરી બતાવ્યું છે અને હવે પછી શું, એમ જાણે સંઘ પૂછી રહ્યો હોય. મુ. શ્રી. જુગતરામભાઇએ સંઘની આ મથામણ ઓળખીને જ ભાવનગર સંમેલનમાં 'નઇ તાલીમ અપનાવો' એવો બીજો આદેશ આપ્યો છે. 'ગામડા તરફ કૂચ કરો'ના આદેશ જેટલો જ સંમેલન પ્રમુખનો આ આદેશ સંઘ ઝીલી લેશે એમાં પણ કોઇ શંકાને સ્થાન નથી.

સંઘના કેન્દ્રમાં નઇ તાલીમ અપનાવવા માટે બુનિયાદી પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાના મંડાણ થઇ ચૂકયાં છે, નઇ તાલીમની એ બુનિયાદી પ્રાથમિક શિક્ષણ સંસ્થાની પ્રભા આપણા ગ્રામીણ બાળ કેળવણીના પ્રયોગો પર કયારની ય પડી જ ગઇ છે. તેથી આપણી ગ્રામીણ અને પછાત પ્રદેશોની બાલકેળવણી એ નઇ તાલીમના જ સ્વરૂપની ઘડાશે એ દેખીતું છે, પરંતુ પ્રશ્ન હતો કે નઇ તાલીમ શહેરની બાલશિક્ષણ સંસ્થાઓમાં શી રીતે અપનાવી શકાય.

નૂતન બાલશિક્ષણ સંઘની પ્રેરણાથી શહેરોમાં આજે જે બાળ કેળવણીની સંસ્થાઓ વધી રહી છે તે દિવસે દિવસે ધંધાદારી સ્વરૂપ લઇને બાળ કેળવણીને કલંક લગાડે એવું સ્વરૂપ ધારણ કરી રહી હતી. જે અમદાવાદ શહેરમાં એ પરિસ્થિતિ વધુ ઉગ્રરૂપે દેખાતી હતી તે જ શહેરના એક સંઘપ્રેમીને આ બાલમંદિર સંસ્થાઓનું ધંધાદારી બાનગી માલિકીના સ્વરૂપ સામે ટકોર કરવાનું મન થયું હતું. છેલ્લાં ચાર વર્ષથી ગિજુભાઇ જયંતી નિમિ તે અમદાવાદમાં મળતાં સંમેલનોમાં અને અન્ય પ્રસંગોમાં બાલમંદિરોની બાનગી માલિકી સામે ઉકળાટ પ્રકટ કરતા ઠરાવો થતા કેળવણીની સંસ્થા માટે જનમી જતી આ અનિષ્ટ પ્રથાને તોડવા માટે સંઘના ઉપમંત્રી શ્રીમતી યશસ્વતિબેન ભટે અમદાવાદનાં જ પોતાની બાનગી માલેકી જતી કરીને પોતાની સંસ્થાઓનું પબ્લિક ટ્રસ્ટ બનાવવાની પહેલ કરી. આ બધું થયું છતાં આ સંદેશને વ્યાપક બનાવવાનું કાર્ય ભાવનગરના સંમેલને કરવાનું હતું, અને જણા-વતાં આનંદ થાય છે કે આ સંમેલનમાં બાળ-શિક્ષણ સંસ્થાઓની બાનગી માલિકી નાબૂદી કરવાનો ક્રાંતિકારી ઠરાવ જે ઉત્સાહમાં એક-મતીથી કરવામાં આવ્યો તેના પરિણામો ચારે દિશામાં દૂર દૂર પહોંચશે. સંમેલનમાં જ અમ-દાવા ના શ્રી. જટાશંકર રાવળ, શ્રી. શંકરભાઇ જોષી અને સંઘની અમદાવાદ શાખાના મંત્રી

શ્રી. હરજીવનભાઈ દીક્ષિતજીએ પોતાની સંસ્થાઓની આનગી માલેકી નાબુદ કરવાના નિર્ણયો સભાજનોના હર્ષનાદ વચ્ચે જાહેર કર્યા. નઇ તાલીમ શહેરોમાં અપનાવવા માટે આથી માર્ગ ખુલ્લો થશે એ વિશે અમને શંકા લાગતી નથી તેથી આ ઉપક્રમમાં પહેલ કરનાર ઉપરોકત બાળ શિક્ષણ પ્રેમીઓનું સંમેલનના પ્રમુખની જેમ અમે પણ હાર્દિક અભિનંદન કરીએ છીએ.

નૂતન બાલશિક્ષણ સંઘ જ્યારથી ગામડા તરફ કૂચ કરવા લાગ્યો છે ત્યારથી તેના કાર્યકરોમાં બાળકેળવણી માટે જીવન વિશેના આદર્શોની શોધખોળ ચાલી રહી છે. સંઘની પ્રણાલિકામા જ અહિંસા માટેની શ્રધ્ધા કેન્દ્રમાં છે. સંઘના સંસ્થાપક શ્રી. ગિજુભાઇને જેમની પાસેથી પ્રેરણા મળી હતી તે મેડમ મોન્ટેસોરીને શિક્ષા અને બક્ષીસોનો ત્યાગ અને કેળવણી માટે પ્રેમનો જ પુરસ્કાર કર્યો છે. સ્વાશ્રય અને સ્વાવલંબનના સિધ્ધાન્તો અમુક મર્યાદામાં સંઘીઓએ ગ્રહણ્યા છે તેથી નઇ તાલીમના સિધ્ધાન્તો જ સંઘના કાર્યકરોને સૌથી વધારે આકર્ષક લાગ્યા છે. અને પોતાની શાસ્ત્રીયતા અને સૈધ્ધાન્તિક ભૂમિકાના અનુસંધાનમાં બાપુજીના નઇ તાલીમ સંઘીઓ પોતાની રીતે મૂર્ત બનાવશે એવો વિશ્વાસ પણ સંઘના કાર્યકરોમાં વધવા લાગ્યો છે. તેથી સંઘ પ્રમુખે આ સંમેલનમાં 'નઇ તાલીમ અપનાવવા' માટે જે સમયોચિત હાકલ કરી છે તેને સંઘ પોતાના પૂરેપૂરા બળથી આદરશે એવી આશા બંધાય છે.

સંઘની નઇ તાલીમનું સ્વરૂપ ગામડામાં અને શહેરોમાં કેવું હશે તે આજે જ કહી શકાય એટલું સ્પષ્ટ નથી, છતાં મોન્ટેસોરી યુગની બે ભૂલો સુધારવા સંઘ તરફથી બંતીલા પ્રયત્નો થશે એ વિશે શંકા નથી. મોન્ટેસોરી સાધનોમાં રહેલી મર્યાદાઓ સમજીને આપણાં બાળકોની સર્જન શક્તિ ખીલવતી જીવન રસનાં ક્ષેત્રોમાં ખિલવવા માટેનાં પ્રયોગ આજનો સંઘ કરી રહ્યો છે. તેમ જ લેખન-વાંચન-ગણિતાદિ વિષયોને જે સ્થાન માન્ટેસોરી યુગે આપ્યું હતું તેના પર પ્રહારો પણ ચારેકોરથી શરૂ થયા છે. તેથી સંઘના ઇતિહાસમાં હવે મોંન્ટેસોરી યુગ સમાપ્ત કરીને પણ તેના મૂલ્યો સાથે રાખીને ગાંધી યુગના મંડાણ કરવાની તમન્ના જાગી છે. સંઘ હવે ગાંધી યુગની 'નઇ તાલીમને' પોતાની ઢબે ઘડશે અને ભાવનગરના સંમેલનના આદેશોનો અમલ વધુ કાર્યાન્વિત થઇને કરશે એવી આશા બંધાય છે.

ભાવનગરના સંમેલનોમાં ગિજુભાઇ-તારાબેનનો શિષ્યપરિવાર કેટલાય વર્ષો પછી એકત્ર થયો હતો. આ પરિવારને સૌરાષ્ટ્રના કાર્યદક્ષ સેવક માજી કેળવણીમંત્રી શ્રી. જાદવજીભાઇ મોદી તેમ જ ગિજુભાઇના સહકારી શ્રી. હરભાઇ ત્રિવેદીનું સુંદર દુરદર્શી નેતૃત્વ મળ્યું હતું. એમના નેતૃત્વથી ગિજુભાઇ-તારાબેનનો શિષ્ય પરિવાર વધુ સંઘટિત બન્યો અને સંઘટિત એવા એ પરિવારે નૂતન બાલ શિક્ષણ સંઘની શાળાઓ ઠેર ઠેર સ્થાપન કરવા માટે પોતાનો નિશ્ચય જાહેર કર્યો. મહાગુજરાત અને અખિલ ભારતમાં સંઘનો પ્રભાવી પ્રચાર કરવાની દૃષ્ટિએ આ સંમેલને કરેલો આ નિર્ણય સંઘને વિશેષ કાર્યશીલ બનાવશે એમા શંકા નથી.

ભાવનગર સંમેલને બધાંમાં 'ગિજુભાઇ ભાવના' પ્રગટાવી છે તેથી સંમેલનને જે નવો આદેશ મળ્યો છે તેના ઉદ્દેશને સાધ્ય કરવા હવે સંઘ પોતાના સર્વાંગી પ્રયત્ને કરશે. સંઘને શરણ જવું એ જ આજના યુગનું ડાહપણ છે. સંઘીઓને તે સમયસર સૂઝયુ છે માટે અમે દરેક પ્રકારના સંઘીઓનું અભિનંદન કરીએ છીએ અને સંમેલન સંચાલકોનો હાર્દિક આભાર માનીએ છીએ.

શેષ નામને

નવા યુગનાં બાલમંદિરમાં મંડાણ

દક્ષિણામૂર્તિને આંગણે સંમેલન ભરાયું. વિષય તો બાળકોનો જ હોય ને ! અને બાળકોનું પ્યારું બાલમંદિરીયું કાંઇ વિચાર્યા વગર રહે. ઘણી રીતે વાતો થઇ પણ અહીં તો એક જ પાસું બતાવું:

એક બહેન ઊઠયાં બોલવા: "આપણે આગગાડીમાં કે બસમાં બેઠા હોઇએ ને પૂછે કોઇ–'શું કરો છો ?' જવાબ આપતા ખૂબ સંકોચ થાય. 'બાલમંદિર ચલાવું છું' એમ શી રીતે કહું ? ને કહું તો તરત કલ્પનાઓ કરે. ઠીક ત્યારે તો સારી આવક કરતા હશે. છોકરાંને ભેગાં કરીને કયાંક ઓરડામાં બેસાડતા હશે અને ફીઓ ઉઘરાવી પોતાના ઘર ભરતા હશે. આવી બાલમંદિર ચલાવનારની આબરૂ થઇ ગઇ છે. ભારતીઓને મારી નમ્ર વિનતિ છે કે શુદ્ધ થવાનો કાળ આવી ગયો છે જલદીથી અંગત માલિકી મૂકી દો. જેટલું જલદી કરશો એટલું જલદી આ આપણા ઉપરનું કલંક ધોવાશે. બાલ શિક્ષણનો ધંધો ન જ કરી શકાય. એને શુદ્ધ રાખવું જ જોઇએ. અને તેથી આ અંગત માલિકીની વાત મટાડી દો." એ બહેને પોતાનું વર્ષોથી ચાલતું બાલમંદિર ટ્રસ્ટ કરી દીધે બે વર્ષ થયાં છે.

"અનેક મૂઝવણો છે. ટ્રસ્ટ કરીએ ? શું કરીએ ? કોને અમારાં બાલમંદિર સોંપીએ ?" એક ભાઇ બોલી ઊઠયા. "પણ આ અંગત માલિકી નાબૂદ કરવાનો ઠરાવ અહીં આજે પસાર કરીએ જ કરીએ. હું અમદાવાદ સ્ટેશને ઊતરતાની સાથે મારું બાલમંદિર સહકારી ધોરણે ચલાવવાનું કરીશ. મારા શિક્ષકો વગેરે મળી અમે ચલાવીશું."

માજી સૌરાષ્ટ્ર સરકારના કેળવણી પ્રધાન કહે : આ "સૌરાષ્ટ્રની ભૂમિનો પ્રતાપ છે. આ અંગત માલિકી નાબૂદ કરવાનું કામ આવી રીતે અહીં જ શકય છે. આપણે આ જે ઠરાવ પસાર કરીએ છીએ તે ઠરાવે આ સંમેલનને ઐતિહાસિક બનાવ્યું છે."

ભારત સ્વતંત્ર થયું ત્યારે ૨૨૨ રાજયો હતાં અને તેમના વિલિનીકરણ કયાંય થઇ ગયાં. એકમ થયું. પણ ૧૪૦૦ જેટલા તાલુકદારી ગામો હતાં, તે તાલુકાદારો દ્વારા પસ્તાવ સૌરાષ્ટ્રની ધારાસભામાં જમીનદારી નાબૂદીનો રજૂ થયો. અને આગળ ચાલીને એ ઠરાવ સર્વાનુમતે પસાર થવાની ખુશાલીમાં આગેવાન તાલુકદારે પાર્ટી આપી. 'અમને આનંદ થાય છે કે આજથી અમારી માલિકી અમે કાઢી નાખીએ છીએ. એની ખુશાલીમાં આપણે ભેગા થયા છીએ.' જગતમાં આવું કયાં ય નહીં બન્યું હોય. પોતાની માલિકી નાબૂદ કર્યાની ખુશાલીમાં પાર્ટી આપી આનંદ માણવો ! તેમ જ આજે આ સંમેલન બાલમંદિરોને અંગત માલિકીમાંથી મુકત કરવાનો નિર્ણય કરે છે અને બાલમંદિર ચલાવનારાઓ ટેકો આપી વધાવી લે છે એ ખરેખર બહુ મોટી ઘટના છે.

× × ×

સંમેલનના પ્રમુખ મુ. શ્રી. જુગતરામભાઇ કહે, "વિનોબાજી પ્રેમથી માલિકી છોડવાની માગણી કરે છે. મને લાગે છે કે કોણ જાણે કયાંથી એમની એ વાતનો પવન અહીં આપણા સૌ ઉપર ફરી વળ્યો છે. આવું આજના ગ્રામદાન યુગને ઉચિત એવું કામ અહીં આ સંમેલનમાં થાય છે એમાં મને તો વિનોબાના આશીર્વાદ દેખાય છે."

× × ×

અંગત માલિકી માટે શરમ આવે છે એવો યુગ માકર્સે વિચાર્યો નહીં હોય...અંગત માલિકી છોડી દેવાનો ઠરાવ પોતાના ગામના સ્ટેશને પહોંચતા જ અમલમાં લાવવાની ઉતાવળ કયાં બતાવાઇ હશે?...આપીને મુકત થાઓ–આનંદો... યુગ ઉચિત એવું જ કાર્ય કરીએ...આ ઉપરના ચાર પ્રસંગો ગિજુભાઇ જયંતી બાલશિક્ષણ સંમેલનની સફળતા સૂચક જ નથી, પણ નવા યુગના મંડાણ થઇ રહ્યાં છે તેમાં બાલમંદિરનું યોગ્ય સ્થાન મેળવતું દેખાય છે. શ્રી. જ્યોતિભાઇ દેસાઈ

બાળમંદિરનું નવરૂપ નિદર્શન : લેખાંક : ૨

બાળમંદિરમાં ક્રિડાંગણનાં સ્થાયી સાધનો

ગ્રામિણ અને પછાત વસતિનાં બાળકોમાં આર્થિક મુશ્કેલીને લીધે અને શહેરમાં ખુલ્લી જગ્યાના અભાવે બાળમંદિરમાં ક્રિડાંગણનું સ્થાન નષ્ટ થતું જાય છે. શહેરમાંની કેટલીક બાળ શિક્ષણ સંસ્થાને ક્રિડાંગણ હોતું જ નથી અને જ્યાં ક્રિડાંગણ હોય છે તે ખુલ્લા આંગણામાં હોય છે. સામાન્ય રીતે બાળમંદિરનું કામ ભરબપોરે અથવા ૧૨ વાગે શરૂ થાય છે. આ સમયે અસહ્ય તડકો હોવાથી બાળકો ખુલ્લા ક્રિડાંગણનો ઉપયોગ કરી શકતાં નથી. ચોમાસામાં પણ વરસાદને લીધે આવાં ક્રિડાંગણોનો ઉપયોગ થઇ શકતો નથી. પરિણામે જે સંસ્થા પાસે આવાં ખુલ્લાં ક્રિડાંગણો છે તેનો ઉપયોગ પૂરી રીતે બાળકો કરી શકતાં નથી. વળી આપણા દેશની વિષમ આબોહવાને લીધે ઉઘાડાં ક્રિડાંગણના સાધનો સડી જાય છે.

બાળકોના વિકાસમાં ક્રિડાંગણનું મહત્ત્વ

પાંચ વર્ષના કાળમાં બાળકના શરીરની અને સાથોસાથ શરીરના મોટાં સ્નાયુની વૃદ્ધિ અત્યંત ઝડપથી થતી હોય છે. આ વૃદ્ધિ યોગ્ય રીતે થાય તે માટે બાળકોની હિલચાલને પૂરતો અવકાશ અને સાધનો મળવાં જોઇએ. પૂર્વ-પ્રાથમિક શાળાના વિવિધ ઉદ્દેશમાં બાળકોને પોતાની હિલચાલમાંથી આનંદ અને ઉ-તેજન મળે અવુ સાધનસંપન્ન વાતાવરણ પૂરું પાડવું ને એક મહ-ત્વનો ઉદ્દેશ છે. જે બાળકની હિલચાલને યોગ્ય વાતાવરણ મળે છે તે બાળકમાં શરીર ચાપલ્ય, આત્મવિશ્વાસ અને નિર્ભયતાનો વિકાસ વિશેષ થયેલો દેખાય છે. તેમાથી વિરુદ્ધ જે બાળકની હિલચાલને અવરોધક વાતાવરણ મળે છે તે બાળકો બીકણ અને શરમાળ બને છે. આ વયનાં બાળકોને દોડવું, કૂદવું, ચઢવું-ઊતરવું, લપસવું, હીંચકવું, વજન ઊંચકવું, પડવું આખડવું વગેરે માટે ક્રિયા-પ્રેરક વાતાવરણ મળે, તે તેમના શારીરિક વિકાસની દૃષ્ટિએ જરૂરી છે.

ક્રિડાંગણનાં સાધનો : અંદર અને બહાર

બાળકના શરીર-ચાપલ્યના વિકાસની જરૂરિયાત લક્ષમાં લઇને બાળકોના ક્રિડાંગણના સ્થાયી સાધનો કામની જગ્યામાં યોજવાં જોઇએ એવું મને લાગે છે. બાળમંદિરનાં બૌધિક પ્રબોધક સાધનોનુ વિકાસની દૃષ્ટિએ જેટલું મહ-ત્વ છે તેટલું જ અથવા તેના કરતાં વધારે મહત્ત્વ ક્રિડાંગણનાં સાધનોને આપવું જોઇએ. શહેરમાં જ્યાં બહાર ખુલ્લી જગ્યા મળતી નથી અને એથી જેઓએ બાળમંદિરમાંથી ક્રિડાંગણ કાઢી જ નાખ્યું



છે તેમનાથી ક્રિડાંગણની યોજના અંદર થઇ શકે છે એટલું જ નહીં, પણ આપણા દેશની આબોહવા જોતાંફરતાં ક્રિડાંગણ મકાનની અંદર જ હોય તો બાળકો તેનાં સાધનોનો વધારેમાં વધારે ઉપયોગ કરી શકવાની શકયતા છે. આ વિચારને લીધે ક્રિડાંગણ માટે ઓરડો અથવા ઓસરીની યોજના કરી શકાય. શહેરમાંની બાળશિક્ષણ સંસ્થાએ સાધનો પરની રમત જેટલું જ મહત્વ ક્રિડાંગણનાં સાધનોના ઉપયોગને આપવું જોઇએ. જયાં મકાનની બહાર ખુલ્લી જગ્યા મળે ત્યાં ક્રિડાંગણનાં સ્થૂળ સાધનો–મકાનની અંદર અને છૂટાં સાધનો બહાર મેદાનમાં વાપરવાંની પ્રથા પાડવી જોઇએ.

અંદરના ક્રિડાંગણમાં શું શું જોઇએ ?

(૧) લપસણી (ઉંચાઇ ચારથી પાંચ ફૂટ. લપસવાનાં પાટિયાનો ખૂણો ૪૫° હોવો જોઇએ).

(૨) હીંચકો, દોરીની સીડી, રોમન રીંગ્ઝ.

(૩) ઊંચા–નીચીનું પાટિયું, (Sea Saw) ડોલતી હોડી, ડોલતો ઘોડો.

(૪) જંગલ–(પુલ) ઊતરવા–ચડવા–માટે.

(૫) ચાલવા માટે લાકડાનું પાટિયું.


(૬) ટેબલો (પાંચથી છ ફૂટ લંબાઇના સૂંવાળી સપાટીના ૮–૧૦ બોખા.

(૭) ૮'×૮' રેતીનો ખાડો ૧½' ઊંડો ૮'થી૧૦' (રેતીથી ભરેલો) ખાડાને પહોળી એવી પાળ હોવી જોઇએ. રેતી ભીની રાખવી જોઇએ. પાવડો, જુદાં જુદાં વાસણો, લાકડી, બોદવા માટે ખૂરપી વગેરે સાધનો રાખવાં જોઇએ.

બહારના મેદાનમાં રમવા માટે

(૧) કૂદવાનાં દોરડાં.
(૨) એકબીજાને બેસાડીને બેંચવાની ગાડી.
(૩) દોડવાની રીંગ.
(૪) ટ્રાયસિકલ્સ–સ્કુટર્સ.
(૫) નાનામોટા દડા, ફૂટબોલ.
(૬) કૂદકા મારવા માટે ઝાડના થડના ઢબકલ્લાં
(૭) બોલબેટ
(૮) તંબુ
(૯) ધજા, થેલીઓ વગેરે.
૧૦) ખીંટીઓ, દોરી, ચૂના.

બહારના ક્રિડાંગણમાં શકય હોય તો પાણીનો હોજ હોય તો બાળકોને રમવાની અને નાહવાની સગવડ થઇ શકે છે. ગ્રામીણ વિભાગમાં જયાં આર્થિક પ્રશ્ન વધારે વિકટ હોયે છે ત્યાં પણ બાળકની હિલચાલને ડામ મળવું જોઈએ એ બાબતની જેને કલ્પના છે તેમને સ્થાનિક વસ્તુનો ઉપયોગ કરીને બાળકની હિલચાલને ઉતેજન આપવુ જોઇએ. ક્રિડાંગણનાં સાધનો મોઘાં હોવાં જોઇએ એમ નથી. માટીનો ડુંગર, પથ્થરનો ઢગલો, કાથાની દોરીની સીડી, ઝાડની ડાળે ડાળે હીંચકા વગેરે ભિન–ખર્ચનાં વિવિધ સાધનો યોજી શકાય છે. બાલવાડીની ઓસરીમાં રાખી શકાય એવા સાધનો પણ યોજી શકાય. બાળકના સ્વાસ્થ્યની દૃષ્ટિએ અને તે જ પ્રમાણે વિકાસની દૃષ્ટિથી ક્રિડાંગણનો વધુમાં વધુ ઉપયોગ થાય તે જરૂરી છે.



બાલશિક્ષણ અને સંઘ સમાચાર

ભાવનગર : દિનાંક ૧૫ અને ૧૬ના રોજ યોજવામાં આવેલ ગિજુભાઇ જયંતી સંમેલન જાણીતા કેળવણીકાર શ્રી. જુગતરામ દવેના પ્રમુખપદે અપૂર્વ ઉત્સાહમાં ઉજવવામાં આવ્યુ. સંમેલન પછી તરત જ નૂતન બાલશિક્ષણ સંઘની શાખાઓ ગામેગામે સ્થપાય તે માટે સંમેલને નીમેલી પ્રચાર સમિતિ તરત જ મળી હતી. એ સમિતિના પ્રમુખપદે શ્રી. જાદવજીભાઇ મોદીની વરણી થઇ હતી. મંત્રીપદે શ્રી. રામભાઇ પાઠક, શ્રી. ચંદુભાઇ ભટ્ટ અને શ્રી. હરજીવનભાઇ દીક્ષિતની નિમણુંક કરવામાં આવી છે. શાખાઓ સ્થાપન કરવા માટેના સાહિત્ય માટે શ્રી. ચંદુભાઇ ભટ્ટ, વરશાળા, તખ્તેશ્વર પ્લોટસ ભાવનગરના સરનામે લખવું. શ્રી ચંદુભાઇની મદદમાં હિસાબો વગેરેનું કાર્ય દ. મ. અધ્યાપન મંદિરના અધ્યાપક શ્રી. આનંદ રાવે સ્વીકાર્યું છે.


અમદાવાદ : ગિજુભાઇ જયંતીના કાર્યક્રમો દિનાંક ૧૫ મી ૨૩ મી સુધીના સપ્તાહમાં ભરચક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં લત્તે લત્તે પ્રચારસભા, જયંતી નિધિના બિલ્લાઓનું વેચાણ, બાલસંમેલન, શિક્ષકોની ઉજાણી વગેરે સમાવેશ કરવામાં આવ્યો છે.

મુંબઇ : શિશુવિહાર બાલઅધ્યયન મંદિર દાદરની મરાઠી અને ગુજરાતી વિદ્યાર્થિનીઓએ ગિજુભાઇ જયંતી નીધિના દાતાઓ માટે દિનાંક ૩૦–૧૧–૫૭ અને ૧–૧૨–૫૭ના રોજ બે મનોરંજન કાર્યક્રમો સફળતાપૂર્વક રજૂ કર્યા હતા.

ડભાઉ : શ્રી બાલમંદિરમાં ગિજુભાઇ જયંતી દિન નિમિત્તે ગીત, ધુન, રમતગમત ઇત્યાદિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

નાગપુર : ધરમપેઠના શિશુવિકાસ મંદિરનું સ્નેહ સંમેલન દિનાંક ૨૪–૧૧–૫૭ના રોજ સૌ. કુસુમતાઇ વાનખેડે એમ એ.ના પ્રમુખપદે ભરવામાં આવ્યુ.

તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે. બાળકોની તંદુરસ્તી માટે તેમને હમેશા સંતોષ કુકરમાં બનાવેલ પૌષ્ટીક રસોઇ બનાવો



સંતોષ કુકર બળતણ, વખત, પૈસા ને મહેનત બચાવે છે.

મુસાફરીનો મિત્ર

સંતોષ કુકર કું.

૧૧૯ ન્યુ ચર્ની રોડ મુંબઇ –૪



ચ્યવનપ્રાશાવલેહ

(અષ્ટવર્ગયુક્ત)



શીયાળામાં લેવા માટે
આયુર્વર્ધક લોનિક.
"ચતુર્મુખ"ની સાથે
લેવાથી તુરત
ગુણ કરે છે.

સ્થાનિક શાખાઓ : ઠાકુરદ્વાર, કાલબાદેવી, પરેલ અને કાદર.

શ્રી લક્ષ્મી સીલ્ક મીલ્સ

કસ્તુરચંદ મિલ્સ કંપાઉન્ડ

કાદર, મુંબઇ-૨૮.


તમારી આર્ટ સીલ્ક કાપડની જરૂરીઆત માટે અમારી જાણીતી સુંદર ડીઝાઇન તેમજ આકર્ષક રંગોમાં નીકળતી જાતો ખરીદો.

- બ્રશ શાર્ટીંગ
- ક્રેપ
- જેકાર્ડ કાફેટા
- સાટીન પ્રેઝન્ટ
- શાર્કસ્કીન
- પ્રોકેઝ
- ફ્રેન્સી પટ્ટો
- રોબી કાફેટ
- રીબ સાટીન


સીલ્ક તથા આર્ટ સીલ્ક કાપડ રંગવાનું તથા છાપવાનું કામ કરીએ છીએ.

ટે. નં. ફુક્કુટ્ટે

ટેલીગ્રામ : "લક્ષ્મીસીલ્કમ"



Manufacturers
PARADISE PRODUCTS Co.
B/7, SARVODAYA NAGAR, BOMBAY 4.



ARYAN Tooth Brush is so designed as to reach every nook & crevice of your dental system.

AVAILABLE IN PLASTIC CONTAINERS ALSO

પ્લાસ્ટિકના કન્ટેનરમાં પણ મળે છે



શુભ્ર દાંત
અને
મજબૂત પેઢાં
માટેની
નિર્દોષ પ્રકૃતિ

વિકો વજ્રદંતી દાંતને શુભ્ર અને વજ્રજેવા મજબુત રાખવા ઉપરાંત દાંતના અનેક રોગોથી એમનું સંરક્ષણ કરે છે. આમાં વપરાતી મૂલ્યવાન ઔષધીએ અને દ્રવ્યો પેઢાંને સુદૃઢ રાખવામાં ઘણીજ અસરકારક ઠરેલ છે.

વિકો વજ્રદંતી

૧૮ પરીક્ષિત આયુર્વેદિક ઔષધિઓથી બનાવેલી

મિશ્રણનું પ્રમાણ

બાવળ	0.07	ચણકલગરો	0.01	રીંગણી	0.02	લવીંગ	0 02	પતંગ	0.06
જાંબુ	0.05	દાલચીની	0.01	સાલવા	0.01	બકુલ	0.16	બોર	0 05
પીપળો	0.02	વજ્રદંતી	0.07	અજમો	0.01	અમરેટ	0 08	બેર	0 04
સિંધવ	0.20	મંજિષ્ઠ	0.04	માયફલ	0.03

એના સિવાય સ્વાદ માટે બીજા પણ ચીજો

વિકો લેબોરેટરીક

જયેન્દ્ર મહાલ, દાદર ટી.ટી. મુંબઇ ૧૪.

સોલ
ડીસ્ટ્રીબ્યુટસ
વિઠલ
વામન
મુઠયે

૧૧,
શામ
શેટ
સ્ટ્રીટ

મું બ ઇ-૨.

ટેલીફોન નં.
૨૦૬૦૦


ગ્રામ:
MUTHYAGENT

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૨ : અંક ૧૦ : જાન્યુઆરી, ૧૯૫૬





સંસ્થાપકો :
સ્વ૦ ગિજુભાઇ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નાંમલે

☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

સ્વ૦ શ્રી મોંઘીબેન બધેકા

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કોલોની દાદર, મુંબઇ-૧૪

"શિક્ષણપત્રિકા"

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ — હેમલતાબેન ભાળવી
હરપ્રસાદ ભટ્ટ — રમેશભાઇ કોઠારી
જયંતિભાઇ ઓઝા — કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

જીવન કલાકાર મોંઘીબેન	શ્રી શે૦ ના૦	૧
મોંઘીબેન : મારી નજરે	શ્રી નનાભાઇ ભટ્ટ	૨
પાયામાં પુરાયેલુ રત્ન	શ્રી તારાબેન મોડક	૩
કથીરમાંથી કાંચન	શ્રી ગિરીશભાઇ ભટ્ટ	૪
સરસ વાર્તાકાર	શ્રી શંકરભાઇ ભો. પટેલ	૪
ઘરઘીવડો	શ્રી ચંદુલાલ વ. ભટ્ટ	૫
કાર્યનિષ્ઠ મોંઘીબેન	શ્રી નરેન્દ્ર બક્ષેકા	૬
સ્વ૦ મોંઘીબેન	શ્રી નર્મદાબેન રાવળ	૭
આદર્શ બાળશિક્ષિકા	શ્રી ભાનુબેન જી. જન્ની	૮
અમારાં મોંઘીબેન	શ્રી તારાબેન પ્ર૦ ચાફેકર	૯
ભાવસુમનાંજલિ	વિવિધ લેખકો	૧૧
બાલમંદિરનું નવરૂપ	શે૦ ના૦	૧૨
તમારે ત્યાં નૂ૦ બા૦ શિ૦ સંઘની શાખા છે?		૧૯
બાલશિક્ષણ અને સંસ્થા સમાચાર		૨૧
તા ૩૧ જાનેવારીના રોજ થનારી ચૂંટણી વિશે માહિતી ..		૨૨

નૂતન બાળ–શિક્ષણ સંઘ

સ્થાનિક શાખા ખોલવા સબંધે : સંઘનું સાહિત્ય મગાવીને કોઇ પણ બાલશિક્ષણ સંસ્થા પોતાના વિદ્યાર્થીવર્ગના વાલી, શિક્ષક અને બાલપ્રેમીઓમાંથી ૨૫ સભાસદો બનાવીને સંઘની સ્થાનિક શાખા શરૂ કરી શકે છે.

પ્રાદેશિક શાખા : કોઇ પણ જિલ્લામાં ચાર સ્થાનિક શાખા સ્થાપન થતાં, તે તે શાખાના પ્રતિનિધિઓ મળીને એક જિલ્લા શાખાની સ્થાપના કરી શકે છે. આવી શાખાને પ્રાદેશિક શાખા કહેવામાં આવશે. આવી શાખાના પ્રતિનિધિને સંસ્થાના નિયંત્રણ મંડળમાં લેવામાં આવશે.

સંઘનું બંધારણ, પ્રવેશપત્રો, સૂચના, માહિતી વગેરે સાહિત્ય મેળવવા માટે નીચેને સરનામે લખવું :

મંત્રી : નૂતન બાળશિક્ષણ સંઘ
૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ–૧૪.

ગ્રાહકો–લેખકોને અગત્યની સૂચના

☆ "શિક્ષણપત્રિકા" એ નૂતન બાળશિક્ષણ સંઘનું મુખપત્ર છે. આથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળે જ બની જાય છે.

☆ "શિક્ષણપત્રિકા" એ બાળજીવનના વિકાસ અને કેળવણી સબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમ જ કેળવણીકારોને માર્ગદર્શન આપતુ એકમાત્ર માસિક છે.

☆ "શિક્ષણપત્રિકા"માં પ્રકાશન અર્થે આવતાં લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એક જ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા"ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

☆ "શિક્ષણપત્રિકા"માં બાળશિક્ષણ તેમ જ સંઘ-સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે, તેથી તે અંગેના સમાચારો તા. ૧૨મી સુધીમાં કાર્યાલયને મોકલી આપવા જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા"માં સંપાદકીય નોંધ સિવાય રજૂ થતા લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહિ.

☆ "શિક્ષણપત્રિકા" ગુજરાતી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧૦મી અને ૨૦મીએ પ્રગટ થાય છે.

☆ 'શિક્ષણપત્રિકા"ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્રવ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા" માટેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા વિનતિ છે:

વ્યવસ્થાપક, "શિક્ષણપત્રિકા"

૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ–૧૪.

મુંબઇ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનના કેળવણી ખાતાઓ માન્ય કરેલ

નૂતન બાળશિક્ષક સંઘ સંચાલિત

શિક્ષણપત્રિકા

વર્ષ : 3] જાન્યુઆરી, ૧૯૫૮ [અંક : ૧૦

સંપાદકીય

જીવન કલાકાર : મોંઘીબેન

ગયા ઑગસ્ટની બાવીસમી તારીખે મોંઘીબેનનો દેહાન્ત થયો. એમના સંપર્કમાં જે જે લોકો આવ્યા તે બધાને એમના દેહાન્તથી દુઃખ થયું અને એમના પ્રત્યેના આદરથી મન ભરાઇ ગયું હતું. મોંઘીબેન કોઇ લોકોત્તર વ્યકિત ન હતાં. શાળાનું શિક્ષણ કે વિદ્વત્તા એમની પાસે ન હતાં. તેઓ એક સામાન્ય શિક્ષિકા હતાં અને તેથી જ તેઓ બધાને સ્પર્શી શકયાં હતાં એ હકીકત છે.

એમનું ભણતર ત્રણ કે ચાર ચોપડી જેટલું હતું, છતાં એમણે જે પુરુષાર્થ કરી બતાવ્યો તે વિદ્વાન ગણાતા માણસોને ટપી જાય એવો હતો. હિંદુ સ્ત્રીને વીતે છે તે બધી વૈધવ્ય પાછળની પરિસ્થિતિ એમના પર વીતી હતી, છતાં તેઓ પોતાની આગેકૂચમાં અડગ રહ્યાં હતાં. ગિજુભાઇ જેવાનો તેમને સાથ મળ્યો તેનો નિર્ણાથી મોંઘીબેને લાભ લીધો અને પોતાનું જીવન ઉન્નત કરી બતાવ્યું. અને એ બધું કર્યું છતાં મોંઘીબેન મોટાં ન બન્યા. દરેકને તેઓ પોતાનાં જ લાગતાં હતાં એટલાં તેઓ પ્રસિદ્ધિવિમુખ અને વિનયશીલ હતાં. જીવનની નાની નાની બાબતોમાં એમણે પોતાનું ધ્યાન પૂર્યું હતું. તેઓ મોટા ધ્યેયની વાત કોઇ દિવસ કરતાં ન હતાં. નાની નાની વસ્તુઓ અને નાના પ્રસંગોમાંથી તેઓ પોતાનું જીવન ઘડતાં. તે બધામાં એમની સચ્ચાઇ, એમની ચોકસતા, એમની નિરલસતા, એમની ઉદારતા, એમનું સૌજન્ય એ બધું સહજ ભાવે ઉપર આવી જતું. આથી જ એમને 'સામાન્ય જીવનના કલાકાર' તરીકે હું ઓળખું છું. તેમની આ જીવનકળા–કુશલતાને લીધે તેઓ સાનું આકર્ષણ બની જતાં હતાં.

મોંઘીબેને એક બાળશિક્ષક તરીકે કેમ જિવાય તે જીવી બતાવ્યું. બાળશિક્ષક–જીવનનો જે સુંદર આદર્શ એમણે રજૂ કર્યો તે બાળશિક્ષકોની આમદુનિયા માટે કાયમી સ્મૃતિનું સ્થાન બનશે એમાં શંકા નથી.

મોંઘીબેનનું જીવનચરિત્ર કોઇ રસિક દૃષ્ટાએ લાવવાની હું જરૂર જોઉં છું.

'શિક્ષણપત્રિકા'એ આ અંકમાં જે કંઇ અંજલિ આપવા પ્રયત્ન કર્યો છે એથી તે ગૌરવ અનુભવે છે.

* *

આ અંકની સામગ્રી એકઠી કરવામાં તેમજ આ અંક માટેની પ્રેરણા આપવામાં અને તે માટેનો દરેક પ્રકારનો પરિશ્રમ ઉઠાવવામાં શ્રી ચંદુલાલ ભટ્ટે (આચાર્ય ધરશાળા, ભાવનગર) જે સાથ આપ્યો છે તે માટે તેમનો ઋણી છું.

મુદ્રણને લગતું બધું કામ સંભાળી, લેખોને વ્યવસ્થિત કરી, અંક તૈયાર કરવામાં શ્રી જીવનલાલ જાનીએ જે શ્રમ લીધો છે તેની પણ નોંધ લેવી રહી.

શે૦ ના૦

કથીરમાંથી કંચન

શ્રી ગિરીશભાઇ ભટ્ટ

☆

મોંઘીબેન પાછાં થયાં અને એમનો આખો યે ભૂતકાળ મારી સામે ખડો થાય છે.

મોંઘીબેનને પહેલવહેલાં સન ૧૯૦૦માં ચારપાંચ માસના એક બાળક તરીકે રમાડેલ.

પછી તો એ મોટાં થયાં હશે, થોડુંક ભણ્યા હશે, પરણ્યા હશે અને પછી રાંડ્યાં પણ ખરાં.

તે પછી તો કોઇ કોઇ વાર વળામાં કે ભાવનગરમાં જોતો હોઇશ પણ એમનું રીતસરનું સ્મરણ તો એ ગિજુભાઇની સાથે બાળમંદિરમાં કામ કરવા લાગ્યાં ત્યારથી છે.

એમનું ભણતર તો માંડ ગુજરાતી ત્રણચાર ચોપડી જેટલું અને અક્ષરો પણ ઘણા કાચા, પણ ગિજુભાઇમાં કથીરમાંથી કંચન બનાવવાનો કિમિયો હતો. એમણે મોંઘીબેનને ટેબલ-ખુરશી આપ્યાં, બડિયો-હોલ્ડર આપ્યાં અને પોતાના લેખોની નકલ કરાવવા મંડ્યા. અને મોંઘીબેને પણ આ તકનો લાભ લઇ પોતાના અક્ષરો સુધાર્યા અને બાળશિક્ષણનો મર્મ પણ પામી ગયાં. મોંઘીબેનનું આ મોટું ભણતર.

તે પછી તો ગિજુભાઇએ 'મોંઘી'ને પ્રત્યક્ષ શિક્ષણમાં પણ લીધાં અને આપણે જાણીએ છીએ તે પ્રમાણે મોંઘીબેન મૉન્ટેસોરી અધ્યાપન મંદિરમાં પણ શિખવવા લાગ્યાં. આ કામ તો એ ભણતરનું જે નિષ્ણાત હોય તે જ કરી શકે.

મોંઘીબેનને કુદરતે ઘણો રૂપાળો કંઠ આપ્યો હતો. બાળકોને ગીતો ગવરાવતાં-ઝિલાવતાં એમને જોવાં એ એક લહાવો હતો.

મોંઘીબેનને સુયોગ્ય લહેકાથી બાળકોને વાર્તા કહેવાની એવી ફાવટ હતી કે મને તો લાગે છે કે આ કળાએ જ એમણે બાળકોને પોતાનાં કર્યાં અને એમને એક સાચાં બાળશિક્ષક બનાવ્યાં.

મોંઘીબેન હંમેશાં પ્રસન્ન હાસ્ય કરતાં. મેં એમને સોગિયાં જોયાં નથી. માંદા હતાં ત્યારે પણ એમનો પેલો મલકાટ ગયો ન હતો.

એ ગયાં પણ એમનાં મીઠાં સ્મરણો ગયાં નથી જશે પણ નહિ.

એમનું પેલું હસ્તું મોં, એમનાં ગીતની મીઠી હલક અને એમની વાર્તાકથનની ડોલનશૈલી તાજા ફૂલોની પેઠે મઘમઘશે.

સરસ વાર્તાકાર

બાલમંદિરની શરૂઆતની શ્રેણીમાં તે વખતે મુખ્યત્વે મોંઘીબહેન કામ કરતાં. સંગીતમાં તેઓ ગીતો ગાતા, ત્યાં થતાં નાટકોમાં તેઓ ભાગ લેતાં. દલા તરવાડીનુ નાટક મારી દૃષ્ટિ સમક્ષ આજે પણ ખડું થાય છે. સ્વ૦ ગિજુભાઇ દલા તરવાડી થતા અને મોંઘીબેનને કહેતા કે "મોંઘી, તારી કાકીને પૂછ કે શાક જોઇએ છે?" મોંઘીબહેન કાકીને પૂછી આવ્યાં હોય એમ કહેતાં: "કાકી રીંગણાં મંગાવે છે." એમનો એ સ્વાભાવિક અભિનય અમને બધાને સ્પર્શ કરી જતો.

તેઓ બાળકોને બાળવાર્તાઓ કહેતાં. આ વ મતે મોંઘીબેન બાળકો વચ્ચે જે તન્મયતા નિર્માણ કરી શકતાં હતાં તે દૃશ્ય ફરી ફરી વાર યાદ આવે છે. મોંઘીબેનની ઘણી વાર્તાઓમાં જોડકણાં આવતાં અને તે જોડકણાં તેઓ સુરીલા અવાજે ગાતાં. તેમાંની નીચેની લીટીઓ હજી પણ મારા કાનમાં ગુંજે છે.

પહેલાં તે બાણું સાંગો સરવણ,
પછી તે બાણું લાખો લખમણ,
પછી તે બાણું ટશુક ભાઇને,
પછી તે બાણું ડોહલીબાઇને,

સ્વ૦ ગિજુભાઇની 'બાળવાર્તાઓ'માંની વાર્તાઓ મોંઘીબેને જ સંગ્રહિત કરી હતી અને તે વાર્તાઓ કહેવાની આવડત પણ મોંઘીબેનમાં સંપૂર્ણ હતી.

બાલમંદિરમાં ગવાતાં બાલગીતોનો સંગ્રહ સ્વ૦ ગિજુભાઇએ મોંઘીબેન પાસે જ તૈયાર કરાવ્યો હતો. એ ગીતો મોંઘીબેન સુંદર અવાજે ગાતાં.

—શંકરભાઇ સો. પટેલ

ઘરદીવડો

શ્રી ચંદુલાલ વ. ભટ્ટ

☆

ગુજરાતી સાહિત્યના વિવેચક સ્વ૦ નવલરામભાઇ વિષે લખાયું છે :

"મોટા નાના વચ્ચુ મોટામાં, તો નાના પણ મોટા,
ત્યોમદ્દીપ રવિ નભણિંદુ તો ઘર દીવડા ગા ખોટા!"

જીવનના વિવિધક્ષેત્રોમાં નાનીમોટી જુદી જુદી વ્યક્તિઓ અનેક પ્રકારનો ઇતિહાસ રચી જાય છે. જે કોઇ નાનીમોટી કથાને પરિણામે પછીની પ્રજાને કંઇ શીખવાનું મળે તે જ ઇતિહાસનો બોધપાઠ છે.

સ્વ૦ મોંઘીબેન કોઇ દેશનેતા ન હતાં, કોઇ મહાન વ્યક્તિ ન હતાં, કોઇ મોટા કેળવણીકારની હરોળમાં બેસાડાય તેવાં ન હતાં અને છતાં જે ક્ષેત્રમાં એમણે કામ કર્યું તે ક્ષેત્રને તેમણે પોતાની શક્તિથી ઉજાળ્યું હતું. બાળશિક્ષણમાં કામ કરવાની શરૂઆત કરતાં પહેલાં પણ જે જે શક્તિ અને અભ્યાસ જોઇએ તેનો પણ પહેલાં તો અભાવ હતો. એ અભાવને તેમણે સ્વપ્રયાસે ટાળ્યો. મદદગાર તેમને ગિજુભાઇ ગુરુ મળી ગયા. રાત–દિવસ મહેનત કરી, ઉજાગરા કરી, અભ્યાસ કરી એ માટેની તૈયારી તેમણે કરી.

પોતાના અંગત જીવનના પ્રશ્નોમાં જ, કુટુંબજીવનના સવાલોમાં જ કચડાઇને પોતાનું વ્યક્તિત્વ હણાઇ જતું અનેકનું આપણે જોઇએ છીએ. બીજાં અનેક બળાબળો વ્યક્તિઓને અને ખાસ કરીને સ્ત્રીઓને પોતાની કોઇ શક્તિને વિકસાવવાની તક જ આપતાં નથી. ઊભા થવાની ઇચ્છા કરનારના પગ ખેંચી એ બળાબળો એને પાડી દે છે.

મોંઘીબેન આવાં બળોની સામે ઊભાં થયાં. શક્તિ પેદા કરી અને વધુ ને વધુ તાલીમ આપી કાર્યમાં પરિણીત કરી.

બાળશિક્ષણ એ માત્ર છોકરાં રમાડવાની નિશાળ નથી, પણ એક શાસ્ત્રીય ઢબે ચાલતી શિક્ષણપ્રથા છે અને તેની આવડત તેમણે વર્ષોના પ્રયાસ પછી મેળવી. તેને માટેના જરૂરી જ્ઞાન અને પદ્ધતિનો પણ તેમણે અભ્યાસ કર્યો અને તેના વ્યવહારની શક્તિ તેમણે સ્વપ્રયાસે મેળવી લીધી.

બાળકો સમક્ષ બૌદ્ધિક ખોરાક પૂરો પાડવા તેમણે એક કરતાં વધુ ભાષાઓનો અભ્યાસ કર્યો અને તે અભ્યાસને બાળકો સમક્ષ મૌલિક રીતે અને લેખિત રીતે પુસ્તકો મારફત રજૂ કરવા પ્રયાસ કર્યો.

નાનાં બાળકોની જીવનની ગતિ–તાલ મોટેરાઓ કરતાં ભિન્ન છે તેની સ્પષ્ટ સમજણ તેમણે મેળવી હતી. બાળકોની ગતિથી તેમની સાથે વ્યવહાર કરવાની શક્તિ તેમણે સ્વાભાવિકપણે મેળવી લીધી હતી. બાળદુનિયાની નાની-મોટી જરૂરિયાતો, બાળદુનિયાના જીવનવ્યવહારોની વિગતો, તેમની ભાષા, તેમની રુચિ, તેમની અવસ્થા એ બધાંની સમજણ તેમણે સાધ્ય કરી હતી અને એટલે જ તેઓ સાચાં બાળશિક્ષક બની શકયાં હતાં.

અંજલિઓ તો આપણે ઘણાઓને આપીએ છીએ. કોઇ સાચો શિક્ષક થઇ શકયો હોય અને તેમાં ય તે સાચો અને સારો બાળશિક્ષક થઇ શકયો હોય તેવાની કદર તો બહુ ઓછી થઇ છે. શિક્ષક થવું તેમાં ય તે શક્તિની જરૂર છે. બીજાઓ એ શક્તિની કદર કરે તેવી સ્થિતિ પ્રાપ્ત થવી તે વધુ કઠિન છે. મોટી જ્ઞાન–વિજ્ઞાનની વાતોથી તાજૂબ કરીને નામના મેળવવી કદાચ સહેલી હશે, પણ સાચા શિક્ષક બની બાળકોની કદર પામવી એ ઘણી અઘરી વાત છે.

બાળમંદિરોમાં કામ કરનાર શિક્ષકોની આજે ઘણી મોટી સંખ્યા પેદા થઇ છે. બધા શિક્ષકો બાળકો સાથે પદ્ધતિસર કેમ કામ કરવું તેની તાલીમ લઇ લઇને બહાર પડે છે. એ બધાઓ તાલીમી શિક્ષકો હોવા છતાં કામ કરતા હોય છે ત્યારે બાળકો સાથે વ્યવહારમાં સ્વાભાવિક તાદાત્મ્ય અનુભવતા ઓછા થાય છે. બાળકો તરફનો પ્રેમ કેળવવો જોઇએ તેવા જ્ઞાનને પરિણામે તેવો પ્રેમ દેખાડવાના પ્રયાસો પણ થાય છે.

મોંઘીબેન પાસે આવો પ્રેમ સ્વાભાવિક દેખાયો હતો. બાળક તરફ પ્રેમ કરવો જોઇએ, તેમના તરફ આદર રાખવો જોઇએ એવા કેળવણીશાસ્ત્રના

સિદ્ધાન્તોનું પાલન કરવા માટે તેવું વર્તન રાખવું જોઇએ તેમ નહિ, પણ જો તેવો સ્વાભાવિક વેગ આવે જ નહિ તો બાળશિક્ષણનું કાર્ય આગળ ધપે જ નહિ એવું જાણે કે કુદરતી વહન તેમના વ્યવહારનું બન્યું હતું તેવું મને લાગ્યું હતું.

અને માત્ર પ્રેમથી નથી ચાલતું. પ્રેમાળ ભાવ સાથે બાળકોને જીવન જોઇએ છે. જીવન એટલે જીવવા માટેની પ્રવૃત્તિઓ જોઇએ છે. પ્રવૃત્તિઓ સાથે તેમાંથી જરૂરી બનતા જ્ઞાન-વિજ્ઞાનની વિગતો જોઇએ છે. આ બધી વાતો તેમને સમજાઇ હતી અને એથી જ એ બધી વિગતોમાં એ ઊતર્યાં હતાં. એ વિગતોના પાલનમાં જ સાચા શિક્ષક બની તેમાં ફતેહમંદ બનવાની તેમની ચાવી સમાયેલી હતી એ વાત એમણે જાણે કે સિદ્ધ કરી હતી—એમને સિદ્ધ થઇ હતી. કોઇ કૃત્રિમ પ્રયાસ એની પાછળ ન હતો.

ઘરમાં, શાળામાં, કુટુંબમાં, સમાજમાં જ્યારે જ્યારે પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેઓ બાળકોને પક્ષે રહેતાં. બાળકો તરફનું બેધ્યાન અને બાળકો તરફની બેદરકારી તેમનાથી સહી શકાતી નહિ. મોટેરાઓનું તેમણે હમેશ તે તરફ લક્ષ ખેંચ્યું હતું.

ઘણા ટૂંકા ગાળામાં પોતાના આ ક્ષેત્રમાં તેમણે પોતાનું હીર નીચોવીને વાપર્યું. બીજા ક્ષેત્રોમાં પણ સમજણપૂર્વક પ્રવેશ કરવાના તેમણે યત્નો કરેલા. બાળકો સાથે કામ કરનારે કોઇ પણ ક્ષેત્રમાં બાલ્યાવસ્થામાં રહ્યું પાલવે જ નહિ. ઘણું આગળ વધી, ઘણું જ્ઞાન મેળવી, વિવિધ ક્ષેત્રોમાં ઝંપલાવી જે કંઇ સુંદર છે, જે કંઇ ઉચ્ચ છે, જે કંઇ સમજવા જેવું છે તે બધું જ બાળદુનિયા આગળ, તેમની કક્ષાએ જઇ, તેમની ગતિએ તેમની આગળ ધરવું જોઇએ. તેમ કરીએ તો નાની દેખાતી દુનિયા ઘણી મોટી વાતો સમજી શકે છે તે વાતને તેમણે વ્યવહારુ રીતે સમજાવવા યત્ન કર્યો હતો. છતાં તેઓ જ્ઞાની–મહાજ્ઞાની વિદ્વાનની કોટિમાં મૂકીએ તેવાં ન હતાં. મોટા વિદ્વાનો આ નાની અને સમજવા જેવી વાત સમજી પોતાનું જ્ઞાન બાળકો સમક્ષ રજૂ કરવાના શરૂ થયેલા યત્નોમાં પોતાનો ફાળો આપવા યત્નશીલ બને તો શિક્ષણના ક્ષેત્રમાં મોંઘીબેનના જીવનનો નાનો એવો ઇતિહાસ રચાશે.

કાર્યનિષ્ઠ મોંઘીબેન

શ્રી નરેન્દ્ર ગિ. બ્રહ્મભટ્ટ

☆

મોંઘીબેનનો પરિચય, સહવાસ વગેરે તો ઘણી નાની ઉંમરથી હતો. તેમની પાસે વાર્તા, ગીતો, લોકગીતો અનેક વખત સાંભળ્યાં જ હતાં, પણ દક્ષિણામૂર્તિ બાલમંદિરનું પુનર્જીવન થયાં પછી તેમની સાથે કામ કરવામાં શુભ પ્રસંગ સાંપડ્યો.

આ ગાળા દરમિયાન મુ૦ મોંઘીબેનની કામ પ્રતેની નિષ્ઠાની મારા મન ઉપર બહુ ઊંડી છાપ પડી છે. ૧૯૫૦માં તેઓશ્રી અહીં જોડાયાં ત્યારથી જ તેમનું સ્વાસ્થ્ય ઘણું જ નબળું રહેતું. તેમ છતાં પણ પોતે સ્વીકારેલાં કાર્યને અડગ રીતે વળગી રહેવાની તેમની ધગશ અને નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમનો સતત પ્રયત્ન એ બન્ને ખરેખર પ્રશંસનીય હતાં.

દિવસોના દિવસો સુધી પોતે બાલમંદિર ઉપર ન આવી શકે તેવી તબિયત હોવા છતાં પણ પોતાને ઘેર વિદ્યાર્થીઓને બોલાવી પોતાનું કામ પૂર્ણ કરતાં. પોતાના ઘેરથી બાલમંદિરની ટેકરી ચડવામાં ત્રણ વખત થાક ખાવો પડે તેવી રીતે ચાલી શકતાં હોવા છતાં બાળમંદિરનાં નક્કી કરેલા સમય દરમિયાન (૧૨।।થી ૨।।) એક ક્ષણ પણ બેઠાં વિના બાળકોની સાથે ઓતપ્રોત થઇને કામ કરતાં. મુ૦ ગિજુભાઇ પાસેથી મેળવેલ અને પોતાના જીવનમાં વણી દીધેલ પોતાની ફરજ વિષેના ખ્યાલો તેમણે જીવનના અંત સુધી ટકાવી રાખ્યા. એ ફરજ બજાવવામાં તેમણે પોતાની અગવડ–સગવડો સામે કદી જોયું નથી. પોતાની નાજુક તબિયતને એમાં કદી વચ્ચે આવવા દીધી નથી. શિયાળો, ઉનાળો, ચોમાસુ કદી જોયા નથી. તેમનું જીવન ઘડિયાળને કાંટે ચલાવતાં. નિયમિતતા અને વ્યવસ્થાનો તેમનો આગ્રહ ખૂબ જ હતો.

મુ૦ ગિજુભાઇ એક નાટક કરતાં, જેમાં એક આરબ જમાદાર પોતાના પગમાં છરી ઘોંચી પગને કહેતો: "ધી ખાતે, ગુડ ખાતે સાલે ચલતે કયું નહિ."

મુ૦ મોંઘીબેન પણ એવા આરબ જમાદાર જેવાં હતાં.

એવાં કાર્યનિષ્ઠ મોંઘીબેનને અમારી અંતઃકરણપૂર્વકની અંજલિ પાઠવીએ છીએ.

સ્વ૦ મોંઘીબેન

શ્રી નર્મદાબેન રાવળ

☆

મોંઘીબેને અઢી વરસની નાની ઉંમરમાં માતા ગુમાવ્યાં અને આઠનવ વરસની ઉમ્મર સુધી તેમને માશીબાએ ઉછેર્યાં. નવ વર્ષે લગ્ન થયાં અને અગિયારમે વર્ષે તો વિધવા થયાં. લગ્નજીવનમાં તો આટલી નાની બાળકી શું સમજે? ગામડામાં ઉછેર એટલે ભણતર તો નામનું, વળી તે વખતનો રૂઢિચુસ્ત જમાનો.

તેમણે એક વખત વાત કરતાં મને જણાવેલું કે— "હું વિધવા થઇ ત્યારે ધાંધણીમાં હતી. ઘરમાં કોઇ નહિ. એક નણંદ સુંબઇથી થોડા વખત માટે આવેલાં તે બાર-તેર દિવસ રહીને પાછાં ગયેલાં. ઘરમાં થોડા દાણા હતા અને ખરચી માટે આઠ આના આપેલા. વળી ભલામણ કરતા ગયેલા કે મહિનો થાય એટલે મારા ભાઇનો માસીસો સરાવજે. કુટુંબમાંથી કોઇને બોલાવજે. માસીસો આવ્યો. કુટુંબમાંથી કોઇ પણ સરાવવા આવ્યું નહિ એટલે મને વિચાર થયો કે કાંઇ નહિ. હું જ શ્રાદ્ધ કરીશ."

અગિયાર વર્ષની બાળકીને તે વખતે કેટલી મૂંઝવણ થઇ હશે અને કેવી હિંમતથી તેણે કામ પતાવ્યું હશે તેની કલ્પના કરતાં વિચાર આવે છે કે પહેલાંથી જ તેમનામાં કેવી હિંમત ભરી હતી! ત્રણ મહિના સુધી ઘરની અંદર એકલાં જ રહ્યાં અને આઠ આનામાં ઘર ચલાવ્યું.

"પછી તો હું દાદા–દાદીની પાસે રહેતી. મોટું કુટુંબ, કાકાઓ–કાકીઓ વગેરે, પણ બધામાં મેં મારી આવડતથી સમાસ કરેલો. દાદા દાદીને આમ તો હું વહાલી હતી, પણ વિધવા દીકરી હતી અને તે સાપનો ભારો કહેવાય એમ વારંવાર કહેતા. એક વખત રાત્રે એકઢાળીઆમાંથી છાણા કાઢવાનાં હતાં એટલે મારા કાકી છાણાનો સૂંડલો લઇને ચાલ્યાં. એ મારા દાદા જોઇ ગયા, એટલે બોલ્યા: 'મગનની વહુને પાછાં બોલાવો, મોંઘી છાણા લેવા જાય.' દાદાના મનમાં એમ કે કદાચ છાણાંમાં એરુ–વીંછી હોય ને કરડે તો! મોંઘીને કરડે તો વાંધો નહિ. આ રીતે વિધવા દીકરીની તેમને કશી જ કિંમત નહોતી. સાપનો ભારો છૂટે તો સારું એવી પણ ભાવના હતી."

મોંઘીબેને એવા જીવનમાં પણ પોતાના વાચનનો શોખ કેળવેલો. દિવસે તો છોડિયુંથી ચોપડી વંચાય નહિ એટલે રાત્રે વાંચે. પણ મોડી રાત સુધી દીવો બળે તો ઘાસલેટ બળે એટલે દીવો પણ બાળવા ન દે. આથી કોઇ સગાસંબંધી ચાર–આઠ આના આપી જાય તે મોંઘીબેન ભેગા કરી, કોઇ વાર શહેરમાં જવાનું થાય ત્યારે તેનાથી જોઇતી વસ્તુ ખરીદી લે. ખાસ કરીને મીણબત્તીઓ લઇ આવે અને રાત્રે એક પછી એક સળગાવીને આખી રાત વાંચે. એ રીતે તેમણે પોતાનું જીવન ટકાવી રાખ્યું.

મોંઘીબેનનો કંઠ ખૂબ મીઠો અને હલકવાળો હતો. રાસડા, ભજનો તે સરસ ગાતાં અને કંઠે કરતાં. ગીતો ભેગાં કરવાનો પણ તેમને ભારે શોખ હતો. તેમના બાપુજી ફોજદાર અને ગામડાંમાં તેમની સાથે જાય ત્યારે ત્યાંથી નવાં નવાં ગીતો ભેગાં કરે અને ગાય. આવા ભેગાં કરેલાં ગીતોની સંખ્યા લગભગ ૩૦૦ જેટલી છે.

સ્વ૦ મેઘાણીભાઇ પણ ઘણી વખત મોંઘીબેનનો સંગ્રહ જોતા અને લોકગીતોના ઢાળો શીખતા. આ રીતે તેમણે વીશેક વર્ષે ગામડાંના જીવનમાં ગાળ્યાં. મોંઘીબેનને જ્ઞાનની ભૂખ ઘણી, આ ભૂખ ઠીક ઠીક અંશે સંતોષાઇ પણ ખરી, પરંતુ રીતસરનું ભણતર ઓછું.

૧૯૧૯માં સ્વ૦ ગિજુભાઇએ દક્ષિણામૂર્તિ બાળમંદિર શરૂ કર્યું. મને પણ શરૂઆતથી જ એમની સાથે કામ કરવાનો લાભ મળેલો. એકાદ વર્ષ પછી મોંઘીબેનને ગિજુભાઇએ બોલાવ્યાં. ત્યારનો મારો તેમની સાથેનો પરિચય.

બાળમંદિરમાં આવ્યાં ત્યારે મોંઘીબેન સાવ ગામડિયાં દેખાતાં હતાં. ગિજુભાઇએ શરૂમાં તેમને રૂ. ૧૦ના પગારથી રાખેલાં અને કામમાં 'શિક્ષણપત્રિકા'નાં સરનામા કરવાનું અને રેપર ચોંટાડવાનું.

પણ મોંઘીબેન એ કામ ખૂબ જ નિષ્ઠાથી કરતાં. ગિજુભાઇના લેખોની કોપી કરવાનું કામ પણ તેમનું જ હતું. પણ કોઇને ખબર ન પડે તેમ અવકાશે તેમણે

બંગાળીનો અભ્યાસ કર્યો, અને તેનું ભાષાંતર પણ કરવા માંડયું. એ જ રીતે અંગ્રેજી શીખ્યાં અને અંગ્રેજી વાંચવા માંડયું. એ પણ સાધારણ નહિ, મોટા મોટા ગહન વિષયનાં પણ પુસ્તકો તેઓ વાંચતાં થયાં.

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન બંધ થયું અને મોંઘીબેન મુંબઇ ગયાં, ત્યાં સુધી મોંઘીબેનને કોઇ ઓળખતું ન હતું. પણ મુંબઇમાં તેમની શક્તિ ઝળકી. અમે બધાં ડૉ૦ મોન્ટેસોરીએ અડિયારમાં વર્ગો ખોલ્યા ત્યારે તેમનો નવો કોર્સ કરવા ગયેલાં ત્યારે મોંઘીબેન નહોતાં આવ્યાં, છતાં તેઓ નવાં સાધનોને પોતાની મેળે જ આત્મસાત્ કરીને પ્રેક્ટીકલ કામમાં નિષ્ણાત થયાં. મુંબઇમાં શિશુ વિહારના અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ લેસન તેઓ જ આપતાં.

છેવટે દ૦ મૂ૦ બાલ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને તેઓ પ્રેક્ટીકલ લેસન આપતાં હતાં.

મુંબઇ જઇ આવ્યા પછી તેમનું શરીર ઘસાતું ચાલ્યું અને જાતજાતના રોગો દેખાવા લાગ્યા. છતાં તેમના કામને તેમણે ઠેઠ સુધી ચાલુ રાખ્યું. છેલ્લા એક વર્ષથી જ તેમણે કામ છોડયું અને તેઓ પથારીવશ થયાં.

તેમણે બંગાળી, અંગ્રેજી, મરાઠીના કેટલાંય પુસ્તકોનો બાળકો માટે તરજૂમો કર્યો છે.

માંદગીમાં પણ તેમની ધીરજ અજબ હતી. બધાંને લાગતું હતું કે મોંઘીબેન હવે વધારે નહિ જીવે, છતાં તેમનામાં જીવવાનો ઉત્સાહ અજબ હતો. કદીયે તેમણે નિરાશા નથી બતાવી. છેવટે તેમનું એ જ શાંતિમાં અવસાન થયું. હું વિચારું છું કે એક ગામડામાં તદ્દન નિરસ અને રૂઢિચૂસ્ત વાતાવરણમાં ઉછરેલ બાઇમાં આ શક્તિ કયાંથી પ્રકટી? તેમનો પુરુષાર્થ જબરો હતો. માણસ પુરુષાર્થ કરે તો શક્તિ તો પડેલી જ છે એમ લાગે છે. કેટલી યે સ્ત્રીઓની શક્તિ વેડફાઇ જતી હશે તેમને માટે આ દૃષ્ટાંતરૂપ છે.

ઇશ્વર તેમના આત્માને શાંતિ આપે!

ગિજુભાઇની પહેલી શિષ્યપેઢીમાંથી મુખ્ય મુખ્ય વિદાય લે છે, કે ઇતર વ્યવસાયમાં પડયા છે. ગિજુભાઇનું કામ વ્યાપક થયું છે, પણ તેમાં એમનાં જેવી સહૃદયતા, ગંભીરતા અને કુશળતા કયાં છે.

—વલ્લભદાસ અંકડ

આદર્શ બાલશિક્ષિકા

શ્રી ભાનુબેન જી. જાની

☆

૧૯૪૫માં શિશુવિહાર-દાદરમાં બાલ અધ્યાપન મંદિરનો અભ્યાસક્રમ પૂરો કરીને ટી૦ એન૦ માળવી બાલમંદિરમાં હું જોડાઇ ત્યારે મોંઘીબેન ત્યાં મુખ્ય આચાર્યપદે હતાં. આને હું મારા જીવનનું મોટું સદ્-ભાગ્ય સમજું છું. કારણ કે તેમની સાથે કામ કરતાં કરતાં બાલશિક્ષણ અંગેની જે વ્યવહારુ તાલીમ મને મળી તે બીજેથી ભાગ્યે જ મળી હોત. આ તાલીમ બાલશિક્ષક તરીકેના મારા કાર્યમાં મને ખૂબ જ ઉપયોગી અને માર્ગદર્શક નીવડી છે. મને એમ પણ થાય છે કે બાલશિક્ષક તરીકેની મારી શરૂઆતની કારકિર્દીમાં મોંઘીબેન સાથે કામ કરવાનો પ્રસંગ મને ન સાંપડયો હોત તો કદાચ બાલશિક્ષક તરીકે હું નિષ્ફળ જ નિવડી હોત.

બાલકો સાથે કામ લેવામાં બાલશિક્ષકે અખૂટ ધીરજ રાખવી પડે છે, એમાં જરા જેટલુ પણ કંટાળ્યે ન ચાલે. મોંઘીબેનમાં આ ગુણ પૂર્ણાશે ખીલ્યો હતો. તેમને મેં કદી બાળકો સાથે ધીરજ ગુમાવતાં કે જરા જેટલા પણ ગુસ્સે થતાં જોયાં નથી; વળી બાળક સાથે વાત કરવાની તેમની રીત એટલી પ્રેમાળ હતી કે બાળક સાવ જ નવસવું હોય છતાં મોંઘીબેનને જોતાં જ તે તેમના તરફ અભિમુખ બની જતું. આને હું બાળશિક્ષક તરીકેની એક મોટી સિદ્ધિ ગણું છું. શિસ્તપાલન માટેનો તેમનો આગ્રહ પણ જબરો. નાનામાં નાની બાબતમાં પણ ચોકકસ ભારે. સ્વચ્છતાનો આદર્શ પણ ખૂબ ઊંચો. ટૂંકામાં એક આદર્શ બાલ શિક્ષકમાં હોવાં જોઇતા બધાં જ ગુણો તેમને સહજ હતા.

આવા એક બાલશિક્ષક આપણા વચ્ચેથી વિદાય થયા છે. સાચા બાલશિક્ષકોની આમે ય મોટી ખોટ છે તેમાં મોંઘીબેનના જવાથી વધુ ખોટ પડી છે. આપણે એટલા વધુ ગરીબ બન્યા છીએ.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

અમારાં મોટીબેન

શ્રી તારાબેન પ્ર૦ યાજ્ઞિક

☆

અમે બધાં ભાંડરડાંમાં મોંઘીબેન મોટાં એટલે અમે સૌ તેમને મોટીબહેન કહેતાં. એક રીતે કહીએ તો એ અમારા આખા કુટુંબના મોટીબેન હતાં. આ મોટીબેન જતાં અમારા ઘરમાં અંધકાર છવાઇ ગયેા. મારા પ્ર૦ બા તથા ૬૦ વર્ષના મારા મોટા બાપુથી માંડી અઢી વર્ષના અમારા ઝીંગાલાલ સુધી સર્વ જાણે નોધારાં બની ગયાં. ભાઇ–ભાભીઓ, નાની બહેનો, કુટુંબનાં બીજાં નજીકનાં સગાંઓ મોટીબેન રૂપી કોઠો ખાલી કરવાનું ઠેકાણું જતાં જાણે હતાશ બની ગયાં. હવે તેમના સુખ-દુઃખની વાત કોણ સાંભળશે? મુશ્કેલી કે આપત્તિ વખતે આશ્વાસન આપી માર્ગ કોણ બતાવશે?

મોટીબેહેનનું ઘર એટલે સ્વચ્છતા તથા સુઘડતાનો નમૂનો. અન્ધારે હાથ મૂકી ધારેલી વસ્તુ મેળવી શકાય તેવી તેમની વ્યવસ્થા. જેમ કોઇને થતો અન્યાય તેમને ખૂંચતો તેવી રીતે અસ્વચ્છતા તથા અવ્યવસ્થા પણ તેમને ખૂંચતાં. માંદગીને બીછાને સૂતાં સૂતાં સામે ટાંગેલેા ગાંધીજી–પંડિતજીનેા ફેાટેા હવાથી સહેજ વાંકેા થઇ જતા હાથેથી તેને સમેા કરવાનું સમજાવતાં; બેાલવાની શક્તિ તેા ત્યારે રહી નહેાતી. માંદા માંદા પણ ઘરની સુન્દરતા તથા સ્વચ્છતા તેમણે જાળવી રાખેલ.

સુન્દર વસ્તુ મોટીબેન પાસે પૂરી કદર પામી શકતી; પછી તે કોઇ વસ્તુની હોય કે કોઇ વ્યક્તિની હોય, કોઇ સદ્‌ગુણની હોય, કે કોઇ ઉચ્ચ પ્રકારના ધર્મની હોય. બહુ રીતે અસુન્દર કે અજડ લાગતા દેહમાં વસેલ ઉચ્ચ આત્માની કદર તેઓ તરત જ કરી શકતાં. તેથી જ મોટીબેને ગામડે ગામડે ફરી લેાકસાહિત્યમાંથી લેાક-વાર્તાઓ તથા લેાકગીતેાનેા સુંદર સંગ્રહ કર્યેા.

ઘાંઘળીમાં વસતિ કેટલીક અનુભવી વૃદ્ધાઓ મોટી-બેનને 'ચીંથરે વિટયું રતન' કહેતી. એક વાર કોઇને ત્યાં લગ્ન હતાં. લગ્નમાં રાંદલ પધરાવેલા તે મોટીબેનને રાંદલમાના ગીત ગાવા એ લેાકેાએ ખાસ આમંત્રણ આપ્યું. ત્યાં બેઠેલ વૃદ્ધ સ્ત્રીઓને એમ કે આ દૂધ જેવા ધેાળા લૂંગડાં પહેરી, ચંપલ પહેરી, ઉચ્ચ મસ્તકે ચટાક ચટાક ચાલતી આજકાલની છેાકરીને વળી શું ગાતા આવડે. પરંતુ મોટીબેને તેા એક પછી એક રાંદલમાના ગીતેા ગવરાવવા માંડયાં, અને જ્યારે તેઓ ભાવભીના મધુર કંઠે 'પગલીનેા પાડનાર દેને રન્નાદે, વાંજિયના મે'ણા માતા દેાહ્યલાં' ગાવા લાગ્યાં ત્યારે તેા ત્યાં બેઠેલ સ્ત્રીઓના તથા ખાસ કરીને વંધ્યાઓની આંખમાંથી ટપક ટપક આંસુ પડવા લાગ્યાં.

મોટીબેનની લેાકગીતેાની હલક તથા મીરાંના ભજન ગાતા વખતની ભાવ–તન્મયતા ન ભુલાય તેવાં હતાં. સ્વ૦ શ્રી ગિજુભાઇ, સ્વ૦ શ્રી મેઘાણીભાઇ તથા સ્વ૦ શ્રી રામનારાયણ પાઠકને મોટીબેનનાં ભજનેા ખાસ પસંદ પડતાં. કારણ કે મોટીબેન જે ગાતાં તે ભાવથી ગાતાં. બાળગીતેા ગાતાં તેમના કંઠમાંથી બાલ્યભાવ ટપકતેા, તેથી જ બાળકેાને તેમના ગીતેા બહુ પ્રિય લાગતાં, મોટીબેનની જોડે રહેવું તે એક લહાવેા હતેા તેમ જ કસેાટી પણ હતી. અમારા સગાંવહાલાંઓમાંથી કેટલાયેક તેમની જોડે રહેતા ડરતાં. ૧૯૫૫માં છેલ્લી હુ મોટીબેન જોડે રહી તેમના બાલમંદિરના મકાનમાં. ત્યારે પણ મોટીબેનની તબિયત નાદુરસ્ત હતી, છતાં વહેલા ઊઠી, એક મોટી થાળી ભરી પારિજાતકના ફૂલેા સુન્દર રીતે ગેાઠવી, પછી એ આંગણું સાફસૂફ કરતાં. પાણી ગાળી, સગડી સળગાવી, રસેાઇ ચાલુ કરી એ ચા કરતા. ચા કરીને હું મારા બાબા જોડે સૂતી હેાઉં ત્યાં આંટેા મારી જાય કે તારા ઊઠી કે નહિ. મને જરાક વહેમ પડતા હું ફડાક દઇને બેઠી થઇ રસેાડામાં જઇ શરમિંદી થઇ જાઉં કે મોટીબેનને મારે ચા કરી દેવી જોઇયે તેને બદલે એ મને માંદા હેાવા છતાં ચા કરીને ઊઠાડે! હું મારા બાબાને દૂધ પાઉં, નવરાવુ ધેાવરાવું ને તૈયાર થાઉં ત્યાં મોટીબેન મારી થાળી પીરસી ફરીવાર મને શરમિંદી કરે. જમાડતી વખતે મોટીબેન ખાસ તાજું ઘી તથા મુંબઇમાં ન મળે તેવું દૂધ પરાણે પીવડાવતાં. ઘરનું કામકાજ પતાવી હાંફતાં હાંફતાં બાલમંદિરની ટેકરી મોટીબેન માંડ માંડ ચડે. પાછા આવી ચા–પાણી કરી, ચશ્મા ચડાવી મોટીબેન તરત

લખવાવાંચવાના કામે ચડી જાય. સાંજે અમે ગપશપ કરીએ એ દરમિયાન મોટીબેન પાસેથી કેટલું ય જાણવા જેવું મળતું. એક અનુભવ મારાથી કદી નહિ ભુલાય. રાતે પથારીમાં સૂતી ત્યાં એવી મધમધતી સુગંધ આવે કે બસ. મને થયું કે આવી સરસ સુગંધ અત્યારે કયાંથી? અને આ મોટીબેનનું ઘરે ય કેવું! સવારમાં ઊઠીએ ત્યાં પ્રફુલ્લિત થઇ જવાય તેવો તેમનો બેઠકનો રૂમ ફૂલો તથા અગરબત્તીથી મધમધતો હોય પણ રાતના સૂતી વખતે પણ આવી સુન્દર સુગંધ! એમ વિચાર કરતા મેં ઓશીકું ઊંચું કર્યું ત્યાં બારબંદર જેટલાં રજનીગન્ધાનાં ફૂલો વેરાયેલાં પડેલાં. મને દોડીને મોટીબેનને ભેટી પડવાનું મન થયેલ.

શિસ્તપાલનમાં મોટીબેન જેવા કડક તેવા જ કોઇના પ્રેમભાવ પ્રત્યેમાં કોમળ. મોટીબેનના બાળપણની વાત છે. બાળપણમાં વિધવા થયા પછી વલ્લભિપુર રહેતા. પડોશીની એક છોકરી ૮ વર્ષની વયે વિધવા થઇ. વિધવા થઇ તે જ દિવસે એ છોકરીએ ગોળ ને રોટલી ખાવાની હઠ લીધી, પણ સગાઓ કોઇ આપે નહિ. મોટીબેનની આંખ ભીંજાઇ ગઇ. એ છોકરીને ઘેર લાવી તેમણે ઘીગોળ રોટલી ખવરાવી.

મોટીબેનનો પગાર મહિને રૂપિયા ૧૦થી શરૂ થયેલ તે વધુમાં વધુ ૧૫૦ કે ૨૦૦ મળ્યો હશે. પણ એવી સામાન્ય રકમમાંથી પૈસા બચાવી બચાવીને તેમણે કેટલીય કન્યાઓને કેળવણીનો લાભ આપ્યો. કાકાઓ, ભાઇઓ, બહેનોને આર્થિક મદદ કરી. કેટલાક વિદ્યાર્થીઓને પોતાની નાની રકમમાંથી શિષ્યવૃત્તિઓ પણ આપી.

Best out of waste એ એમનો સિદ્ધાંત હતો. નકામી વસ્તુઓમાંથી તેઓ સુંદર ઉપયોગી વસ્તુઓ બનાવતાં, તથા બીજાને એવી જ સલાહ આપતાં.

વહેમ, અંધશ્રદ્ધા તથા સમાજના ખોટા રૂઢિચુસ્તપણાને વળગી રહેવાના એ વિરોધી હતાં છતાં ય, જૂના સમાજની સુન્દર વસ્તુઓ સાચવી રાખવાના એ હિમાયતી હતાં. મોટીબેનને સમાજનાં ખોટાં બંધનો સામે માથું ઊંચું કરવા માટે ઘણુ સહન કરવુ પડેલું, છતાં ય મક્કમતાથી પોતાને માર્ગે એ ધીમે ધીમે આગળ વધતાં જ ગયાં. સ્ત્રીસમાજને એ દાખલારૂપ ગણાય. મને ઘણી વાર એમ થતું કે આપણાં હિંદુ સમાજ કરતાં કોઇ બીજા સમાજમાં એ જન્મ્યા હોત તો તેમની સાચી કદર થાત.

બાલશિક્ષણ ક્ષેત્રના કેળવણીકારો તેમને એક સાચા કેળવણીકાર તરીકે ઓળખે છે, પણ હું તો તેમને એક 'મોટીબેન' તરીકે જ ઓળખું છું. તેમણે મને ખૂબ લાડ કરાવેલ એટલું જ નહિ પણ જીવનનો સદ્‌ભાગ પણ બતાવેલ. મોટીબેનથી અમારા ઘરનાં બધા ભાઇબેનો ડરતા. ન ડરતી એક હું. હું મોટીબેન પાસે ગુસ્સો પણ વ્યકત કરી શકતી, એ મોટીબેનને ગમતું. મોટીબેન માત્ર મોટીબેન જ નહોતાં, મારા અંગત મિત્ર પણ હતાં.

મોટીબેનની ઓરડીમાં અડધી રાત સુધી દીવો બળતો હોય. વહેલી સવારે જાગીને જુવો તો ય મોટીબેન વાંચતા હોય. હું નાની હતી. મને થતુ, મોટીબેન આટલુ બધું શું વાંચતા હશે. બસ વાંચ્યા જ કરે–હિન્દી, મરાઠી ગુજરાતી, અંગ્રેજી, બંગાળી. આ બધીયે ભાષાઓ તે જાણતા. બંગાળીમાંથી એ ભાષાન્તરકરી શકતાં ને અંગ્રેજી પર પણ તેમણે સારુ એવું પ્રભુત્વ મેળવ્યું હતું. ઘરનું કામકાજ બધુ જલદી જલદી પતાવી એ વાંચવા બેસી જાય. મોટીબેન વાંચ્યા કરે ને મારાથી કટાણી જવાય. બસ મોટીબેનને કંઇ બીજે ધ્યેય જ નથી!

આવા આ અમારાં મોટીબેન આજે અમારા પાસે નથી. તેમના મૃત્યુથી અમારા માટે જાણે એક આધાર તૂટી પડયો હોય એવુ અમને થયું છે. અમે જાણે નોધારા બની ગયા હોઇએ એવું અમને લાગે છે

સતત અભ્યાસરત

બાળમંદિરનું સખત કામ કરીને થાકી ગયા હોય, કંટાળી ગયા હોય તો પણ તેઓ પોતાનો અભ્યાસ કદી ચૂકતાં નહિ. નિયમ મુજબ પોતાનો અભ્યાસ કરવા તેઓ બેસી જતાં અને મોડી રાત સુધી તેઓ વાંચ્યાં કરતા. સવારમાં વહેલા ઊઠીને પણ વાંચવાનું તો ખરુ જ. કામમાંથી જરા ફુરસદ મળે કે તેઓ ચોપડી ખોલીને બેસી જતાં. વાંચનનો તેમનો શોખ અજબ હતો.

બાલમંદિરના દરેક કાર્યમાં તેમના જેવા નિષ્ણાત ભાગ્યે જ કોઇ હશે. આપમેળે આગળ વધેલા મોંટીબેન બાળમાનસનું જે ઊંડુ જ્ઞાન ધરાવતાં હતાં તેવું ભાગ્યે જ બીજું કોઇ ધરાવતું હશે. બાળકો સાથે કામ લેવામાં જે બાળમાનસનો અભ્યાસ, ધીરજ અને ઉત્સાહ હોવો જોઇએ તે બધાં મોંટીબેન પાસે હતા. મોન્ટેસોરીનાં સાધનો બાળકો પાસે જે-રીતે રજૂ કરવામાં આવતાં તેમાં તેમની શક્તિ દેખાઇ આવતી. જ્યાં કડક થવાની જરૂર લાગે ત્યાં તેઓ તેટલાક જ કડક થઇ જતાં. બાળકની ખોટી હઠ તેઓ કદાપી ચલાવી લેતા નહિ —હિંમતી પ્રકુમાર બાબેકા

આત્મસુમનાંજલિ

☆

સ્વપ્રકાશી આત્મા

જે નમૂનેદાર જીવન તેઓ જીવી ગયા છે તેનું સ્મરણ નારી-જીવન માટે ખૂબ પ્રેરણાદાયી થઇ પડે તેમ છે. જીવનની અંધારી દુનિયામાંથી જીવન ઊજ્જવળ બનાવનાર શ્રી મોંઘીબેનનો આત્મા સ્વપ્રકાશી હતો. હિંદુ સ્ત્રીને માથે જે વીતે છે તેની સર્વ ઘટનામાંથી તેઓ પસાર થયાં હતાં. અગ્નિપરીક્ષા જેવી આ ઘટનાઓમાં પણ હૃદયનું હીર તેમણે જાળવી રાખ્યું હતું એ તેમની વિશેષતા હતી.

બાલસાહિત્યના પ્રકાશનના કામમાં તેઓ ખૂબ તલ્લીન રહેતાં. દિવસ ને રાત એ કામની પછી પડતાં. આ કામ કરતાં કરતાં તેમણે ચાર ભાષાનો અભ્યાસ કર્યો હતો–હિંદી, મરાઠી, બંગાળી અને અંગ્રેજી. ગુજરાતી ત્રણ ચોપડી ભણેલી બહેનનો આ પ્રયત્ન ઉદ્બોધક છે. આ ચારે ભાષા પર તેમનો સારો એવો કાબૂ હતો. બાલસાહિત્ય સર્જનમાં તેમણે સારો એવો ફાળો આપ્યો હતો. 'ટોમકાકા' 'ગોપીચંદ' 'શકુંતલા' 'બાલરામાયણ' 'વિજ્ઞાનના દૃષ્ટાંતો', 'છ મૂર્ખાઓ', 'પુરાણ-પૂર્વજો', 'બંગાળની લોકકથાઓ', 'માયાબાજી' વગેરે નાનાંમોટાં ત્રેવીસ પુસ્તકો મોંઘીબેને બાળસાહિત્યના ક્ષેત્રના ચરણે ધર્યાં છે.

સાધના

બાળકેળવણીની દરેક સંસ્થાને મોંઘીબેનની ઘણી જ ખોટ પડી છે. આપણે તેમના કાર્યને આગળ ધપાવીએ અને વેગવંતુ બનાવીએ.

લ. ન. શુકલ

બાળકેળવણીમાં તેમના સરખા અનુભવી અને પ્રેરણા આપનાર વ્યક્તિને ગુમાવી આપણે અસહ્ય દુઃખ અનુભવીએ છીએ.

કુસુમ ની. જાની

'હાથ ચલાવો'

મોંઘીબેનની વાર્તા સાંભળવામાં માત્ર બાળકોને જ રસ પડતો તેમ નહતુ. બાળક, યુવાન, વૃદ્ધ બધાને જ રસ પડે તેવી વાર્તા તેઓ કહેતા. પોલીસ લાઇનમાં રહેતા ત્યારે બપોરના સમયે કામ કરતાં કરતાં તેઓ વાર્તા કહેતાં. આજુબાજુમાંથી બહેનો ગૃહકાર્ય જલદી પતાવીને વાર્તા સાંભળવા આવતી. તેમને તેઓ રામાયણ-મહાભારતમાંથી કોઇ પ્રસંગો કહેતાં. વાતો સાંભળતાં સાંભળતાં તો બેત્રણ મણ ઘઉં સાફ થઇ જતાં કે કોઇ કોઇ વખત તો હાથમાં દાણા રહી જતાં અને મોંઘીબેન સામે જ જોઇ રહેતા અને જ્યારે મોંઘીબેન કહે 'હાથ ચલાવો' ત્યારે બધા હસી પડતાં.

મૃદુલા ભટ્ટ

*

જ્ઞાની ઉંમરમાં સમાજની રીતિનીતિનાં કહેવાતાં બંધનો ફગાવી લોકબત્તીસીએ ચડી ગુરુના શબ્દને બ્રહ્મ વાક્ય ગણી કેવળ એક જ નિષ્ઠા અને તે બાળકની સેવા કરવામાં સતત્ત મંડ્યા રહેવું એ પલાઠી વાળી, નાકની દાંડી પકડી બેસવા કરતા ખૂબ જ કઠિન છે. અનેક અનેક ઝેર ગળી જવા પડે છે, અનેક અનેક જૂની ગ્રંથિઓને તોડી ફેંકી દેવી પડે છે ને એમ અગ્નિપરીક્ષાઓમાંથી પસાર થતાં થતાં કાયા કંચનવર્ણી બને છે. મોંઘીબેન દેખાવે બાળકેળવણીના કાર્યકર હતાં પણ હૃદયે મીરાંબેન જેવા ભક્તહૃદયનાં હતાં.

રતિભાઇ અંબીન

*

સહુ ઓષ્ઠ પર બસ એ જ સૂણું "દયાનાં સાગર હતાં;"
સહુએ અહીંયા ધર કર્યા પણ આપનાં "બે" ઘર હતાં :
એક અમ સરખું, હવે ખાલી, ત્યાં રહ્યો "આભાસ" છે;
અમ હૃદયમાં ધર "બીજું," ચિરકાલ જ્યાં તમ વાસ છે!

જ્યોતીન્દ્ર બી. ભટ્ટ

બાલમંદિરનું નવરૂપ

પૂર્વ-પ્રાથમિક સંસ્થામાં હુન્નર ઉદ્યોગની આવશ્યકતા

☆


બાળકની નિર્માણવૃત્તિને પોષણ આપવાની દૃષ્ટિએ પૂર્વ-પ્રાથમિક સંસ્થામાં હસ્તવ્યવસાયને સામાન્યતઃ સ્થાન મળે છે, પરંતુ આ હસ્તવ્યવસાયના શિક્ષણનું તંત્ર અને તેમાંનાં બંધનો ઘણી વાર સર્જનવૃત્તિને અવરોધ કરનારાં હોય છે. આ તંત્રમાંના અભ્યાસક્રમને લીધે હસ્તવ્યવસાયનું તંત્ર બાળકોને પ્રાપ્ત થાય છે, પરંતુ આ વિષયનો ઉલ્લાસ વધારવાને બદલે બાળકને તે ભયરૂપ અને બોજારૂપ બને છે. નિર્માણવૃત્તિનો સ્વાભાવિક ઉલ્લાસ કેમ ટકાવવો અને કેમ વધારવો તે આપણી સમક્ષ એક પ્રશ્ન છે.

મુક્તવ્યવસાય અથવા પ્રક્ષેપી રમતોમાં જેમ જેમ બાળક સમતોલ બનતું જાય છે તેમ તેમ તેમની કૃતિપ્રધાન કલ્પના જોરથી વ્યક્ત થવા લાગે છે, મનમાં વિવિધ હેતુ નિર્માણ થાય છે અને તે હેતુ પૂર્ણ કરવા માટે બાળકો સાધનો શોધે છે. શહેરી પરિસ્થિતિમાં આ સાધનો હાથમાં જલદી આવતા નથી. પાંચછ વર્ષના એક બાળકને ધનુષ્યબાણ અને તીર બનાવવાં હતાં. ધનુષ્યબાણ માટે તેને એક વળેલ એવી બાંબુની સળી જોઇતી હતી. તેવી (સળી) લાકડીના છેડાને દોરી બાંધીને તે ધનુષ્ય બનાવવાનો પ્રયત્ન કરતો હતો. દોરી ત્યાં કેમ રહેશે તે તેને માટે પ્રશ્ન હતો. "તાર બાંધું કે કેમ?" "પણ તાર કયાં મળશે?" "ચાકુથી આંચો પાડું કે કેમ?" "પણ ચાકુ કોણ આપશે?" છેવટે હાથમાં આવેલી લોખંડી પટ્ટીથી તેણે આંચા પાડયા. ગમે તેમ પણ ધનુષ્ય ઉપર દોરી ચઢી, પણ હવે તીર કેમ બનાવવું? બાંબુની પેટી પાસે હતી નહિ. એક તૂટેલી છત્રી તેને ઘરમાંથી મળી, પરંતુ માજી તેને તે છત્રી આપશે નહિ. તીર માટે યોગ્ય સળી મેળવવા તે આંગણામાં-ઘરમાં ફરવા માંડયો. છેવટે ખૂણામાં ભંગીનું ઝાડુ પડેલું તેને દેખાયું. તેમાંથી બેચાર સળી તોડીને તેમાંથી તીર બનાવવાનું તેણે નક્કી કર્યું. તીરની પાછળ પણછ ચડાવવાની હતી. પણ તે કેમ ચડાવવી? બાંધવા માટે દોરો જોઇએ ને? દોરો કયાંથી લાવવો? શોધાશોધ કરીને દોરો મેળવ્યો. પીછાં તો તેણે પહેલેથી જ ભેગાં કર્યાં હતાં. આ બધા પ્રયત્નોથી તેણે ધનુષ્યબાણ બનાવ્યું. ધનુષ્ય બાણ તે તેના એક અભિમાનની બાબત બની હતી. રામ-લક્ષ્મણની જેમ ધનુષ લટકાવીને તે દરેક જગ્યાએ ફરવા લાગ્યો.


સારાંશ એ કે બીજાએ બનાવેલાં રમકડાં કરતાં, પોતે બનાવેલાં રમકડાં બાળકને વધારે પસંદ પડે છે. પોતે બનાવેલી વસ્તુ તરફ મમત્વ ઉત્પન્ન થાય છે. તેમાં કરવાની સુધારણા પણ તેઓને સૂઝવા માંડે છે અને એક સરખી નવી નવી કલ્પના સૂઝે છે અને તેને કારણે તેની બુદ્ધિ, સ્મરણ, અનુમાન અને કલ્પનાશક્તિ એકત્ર થઇને કામમાં લાગે છે. આપણે પોતે બનાવેલા બાગમાં આપણને જાતે કામ કરવાનો ઉત્સાહ આવે છે અને બીજાએ બનાવેલા સુંદર અને તૈયાર બાગમાં તેવો આનંદ નથી આવતો. તે જ રીતે તૈયાર રમકડાંનું સૌંદર્ય અને તેની આકર્ષકતા જાતે બનાવેલા ગમે તેવાં રમકડાં પાસે તેને નિષ્પ્રાણ લાગે છે; કારણ કે તેની જીવનશક્તિને તેમાં પ્રેરણા નથી મળતી.

આજની પૂર્વપ્રાથમિક શાળાનું વાતાવરણ મોટા માણસોએ તૈયાર કરેલાં સાધનો અને રમકડાંથી જ ભરપૂર હોય છે અને હસ્તવ્યવસાયમાં બાળકો જે રમકડાં તૈયાર કરે છે તેમાં મોટા માણસોની જ કલ્પના હોય છે. તેથી બાળ-મંદિરના વાતાવરણમાં બાળકના જીવનની શક્તિનો સ્રોત ખુલ્લો કરવો હોય તો બાલમંદિરમાં હુન્નરઉદ્યોગ વિભાગ (Work Shop) હોવો જ જોઇએ. આ વિભાગ ખૂબ ખર્ચાળ સાધનોનો જ હોવો જોઇએ એવું નથી. ઘરમાં તૂટેલી-ફૂટેલી વસ્તુ, રમકડાં, બાટલીઓ, રીલ, બૂચ, ચિંથરા, કાગળ, ગુંદર, લાકડાની પટીઓ, તાર, મણી, મોતી, કાતર, પુઠ્ઠા, કરવત, કાનસ, હથોડી, ખાલી બોખાં, તૂટેલી બાબાગાડી, ટ્રાયસિકલ, રંગ, બ્રશ,

[અનુસંધાન ૨૪ મે પાને]



જે રીતે સફેદ વાળ



શ્યામ થાય છે



શીર્ષાસનનો નિયમીત પ્રયોગ, લાંબે ગાળે સફેદ વાળને શ્યામ કરે છે એમ કહેવાય છે પરતુ એના માટે આનસિક શાન્તી ઉપરાંત સમયના ભોગની પણ જરૂર છે.

આધુનીક યુગમાં એમ કરવાની જરૂર નથી **લોભા** સફેદ વાળને શ્યામ કરવાનો સચોટ, સલામત અને સરળ ઉપાય છે.



• • • • • • • • • • •
• લોભા હવે પીવરપ્રુફ •
• ઢાકણવાળી ખાસ બનાવેલી •
• બાટલીમા સર્વત્ર મળે છે •
• • • • • • • • • • •

લોભા
REGD.

સોલ એજન્ટસ **એમ. એમ. ખંભાતવાલા,** અમદાવાદ,૧.
એજન્ટસ . સી. નરોતમની કું., મગલદાસ રોડ, મુંબઈ ૨. ફોન : ૩૦૫૭૫

[૬૨ મા પાનાથી ચાલુ]

એવી વિવિધ વસ્તુઓ આ હુન્નરઉદ્યોગના વિભાગમાં જોઇએ. કામ કરવાની દૃષ્ટિએ ટેબલ હોય તો ઠીક; નહિ તો ખોખાં પણ ચાલે. આવી વિવિધ વસ્તુઓ ઉદ્યોગ વિભાગમાં હોય તો પણ તેમાં સગવડ ભરેલા હેતુનું સૂચન કરતા રહેવું જોઇએ. જુદા જુદા ઉત્સવ, સમારંભ, પ્રવાસ, જન્મદિવસ, કોઇને ભેટ આપવી, શાળાના ગરબા બાળકના કાન ઉપર નાખવા વગેરેમાંથી જ બાળકોને કાંઇ ને કાંઇ કરવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. પોતાના ભાઇબાંડુઓ માટે રમકડાં બનાવવા તે પણ એક રોજનો સ્વાભાવિક વ્યવસાય થઇ પડે છે. ચીંથરાની ઢીંગલીઓ. ઝાડ, પશુ-પક્ષી બનાવવા, પતંગ, આકાશદીપ, તોરણો, માટીના ગણપતિ, માટીના બળદ-ગાડાં-બનાવવા, ચકરડી, હોડી, વિમાન, મોટર વગેરે વસ્તુઓ બાળકો પોતાની કલ્પના પ્રમાણે બનાવતી વખતે તન્મય બની જાય છે અને તેથી આ પ્રકારના ઉદ્યોગમાં જ તેમનો ખરો વિકાસ થતો હોય છે.

બાળમંદિરનું કોઇ પણ પદ્ધતિના નામ નીચે આવતું પદ્ધતિ માટેનું સાહિત્ય ઓછુ થઇને બાળકની કલ્પનાની રમતો જ્યારે આપણા બાળમંદિરમાં ઊભરાઇ જાય ત્યારે જ આપણા બાળકોની સૃજનશીલ શક્તિને મુક્ત એવુ વાતાવરણ મળ્યુ છે એમ કહી શકાશે. બાળશાળાને 'બાલમંદિર' નામ આપીને બાળકોની શક્તિઓને સોનાના પિંજરામાં પૂરી દેવાથી કામ ચાલશે નહિ. બાલમંદિરનું 'નવરૂપ નિદર્શન' બાળકની સર્વ શક્તિઓને કેમ મુક્ત કરી શકાશે તે બતાવશે.

મુક્ત વ્યવસાય અથવા પ્રક્ષેપી (પ્રોજેક્ટીવ) રમતો

રમત માટે આપણે બાળકોને જુદાં જુદાં રમકડાં આપીએ છીએ. તેમાંના કેટલાંક રમકડાં હેતુમુક્ત હોય છે તો કેટલાંક રમકડાં તે રમકડાંનો કેવો ઉપયોગ થવો જોઇએ એ માટે કેટલીક વિશિષ્ટ નિશ્ચિત કલ્પના હોય છે. દા૦ ત૦ બાલમંદિરનાં ઇન્દ્રિય શિક્ષણના, જીવનવ્યવહારના, ભાષા, ગણિત અથવા વિજ્ઞાનનાં જે બધાં સાધનો છે તે દરેકમાં યોજકનો કંઇ વિશિષ્ટ હેતુ હોય છે. આ બધાં રમકડાંનો ઉપયોગ વિશિષ્ટ રીતે થાય એવી યોજકની કલ્પના છે. વિશિષ્ટ હેતુ મનમાં રાખીને આ રમકડાંની અથવા સાધનોની તેમણે યોજના કરેલી હોય છે. બાળક આ સાધનનો ઉપયોગ ગમે તે રીતે કરી શકતો નથી, પરંતુ રેતી, માટી, પાણી, બાંધકામની ઇંટો-ઘન, ચિત્રકામ, શિલ્પકામનાં સાધનો, ઢીંગલી અને છૂટાં રમકડાં વગેરે રમકડામાં યોજકનો કંઇ વિશિષ્ટ હેતુ હોતો નથી. આનો ઉપયોગ બાળકો પોતાની કલ્પના પ્રમાણે કરી શકે છે. તેથી જે રમકડામાં તે અંગેની રમત અંગે નિશ્ચિત એવી પૂર્વયોજના ન હોય એવી રમતને મુક્ત વ્યવસાય (Pree Expression Activity) એવું નામ આપ્યું છે. એમાં બાળકની આંતરિક ભાવનાને બહાર આવવાનો માર્ગ મળે છે તેને લીધે તેની આજુબાજુની વ્યક્તિઓ તથા વ્યવહાર અંગે જે કંઇ વલણ ઘડાયું હશે તે સ્પષ્ટ થાય છે, દા૦ ત૦ બાંધકામમાં ઇંટો અને ઘનનો ઉપયોગ એક બાળક તદ્દન યોજનાબદ્ધ રીતે તથા વ્યવસ્થિત રીતે કરે છે, તો બીજું બાળક તે જ ઇંટ-ઘનનો ઉપયોગ સંકુચિત આકાર બનાવવામાં કરે છે. ત્રીજા બાળકના ઉપયોગમાં તદ્દન જ અવ્યવસ્થા દેખાઇ આવે છે. બાળકોએ આ રીતે કરેલું મુક્ત સર્જન જ્યારે તેના પૂર્વાનુભવોના અને પરિસ્થિતિના અનુસંધાનમાં અવલોકાય છે ત્યારે તેમની કૃતિમાં તેમના આંતરિક મનના સંઘર્ષનો પુરાવો મળે છે. આથીજ આધુનિક બાલમાનસશાસ્ત્રીને પ્રયોગશાળામાં આ પ્રકારની રમતને પ્રક્ષેપણ તંત્ર (Projective Techniqut) તરીકે મહત્ત્વ પ્રાપ્ત થયુ છે.

બાલમંદિરમાં આ રમતનું સ્થાન

ઉપર સૂચવેલા મુક્તવ્યવસાયનો બાળકો બે રીતે ઉપયોગ કરતાં જણાય છે. કોઇ વાર આ રમતમાં બાળકના મનનો તીવ્ર સંઘર્ષ પ્રગટ થાય છે, તો કોઇ વાર તેમાં બાળકની રચનાત્મક કલ્પના દેખાય છે. ખાસ કરીને ઢીંગલીની રમતમાં બાળકના માનસિક સંઘર્ષને સહજ અવકાશ મળતો હોવાથી બાળકો તેના વાતાવરણમાંની વ્યક્તિ સાથે બંધાયેલો સંબંધ સ્પષ્ટ થાય છે. તેમના મનમાં ઊંડે સુધી દટાયેલી ઇચ્છાને અને ભાવનાને અવકાશ મળે છે. (કલ્પનાની મોટી મોટી રમતમાં મોટી વ્યક્તિઓનો વેશ તેઓ ભજવે છે.) રાક્ષસ, વાઘ, સિંહ, આગગાડી અથવા મોટર બને છે. શક્તિનાં પ્રતિકોની સાથે કલ્પનામાં તાદાત્મ્ય સાધીને તેઓ પોતાના વાસ્તવિક જીવનની વિફલતામાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે. પોતાની ઢીંગલીને

તેઓ શિક્ષા કરે છે, બીક બતાવે છે અથવા ડહાપણ શીખવે છે. આમ કરવામાં માતાપિતાનુ ફકત અનુકરણ નથી, પણ તેમના જેવી સત્તા ભોગવવાની લાલસા પણ છે. પોતાના મનની પ્રક્રિયાનુ સમતૂલન જાળવવા માટે તેઓ શકય તે પ્રયત્ન કરતાં હોય છે. આજના આપણા કૌટુંબિક જીવનમાં બાલમનની મૂઝવણ તદ્દન અપરિહાર્ય છે. હાલ તદ્દન અસાધારણ બાળકને પણ આ કાલ્પનિક રમતની માનસિક જરૂરિયાત હોય છે એ બાબત લક્ષમાં લઇએ તો આ રમતને બાળમંદિરમાં સ્થાન મળવું આવશ્યક લાગશે. આ પ્રકારના મનના મુક્ત પ્રક્ષેપણને લીધે એકાદ શિક્ષકને બાળકની મુશ્કેલીની કલ્પના આવવા માટે એક વધુ સાધન મળે છે અને બાળકની દૃષ્ટિએ વિચાર કરીએ તો આ પ્રકારના સાધનના ઉપયોગથી તેમની વૃત્તિને અવકાશ મળે છે એને વિકૃતિ ઓછી થવા લાગે છે.

મોન્ટેસોરી આ પ્રકારની રમતને "તરંગી રમત" કહે છે. બાળકને હેતુપૂર્વકની જ પ્રવૃત્તિ આપવાથી તેમનામાં સમતોલપણું આવી શકે છે. તેમના આ પ્રકારના તરંગીપણાને ઉત્તેજન આપવું એ તેમના ગાંડપણને તથા અજ્ઞાનને ઉત્તેજન આપવા બરાબર છે, પરતુ મેડમ મોન્ટેસોરીના આ વિધાન સાથે આધુનિક બાલમાનસશાસ્ત્ર મળતુ થતું નથી.

બાળમંદિરમાં આ પ્રકારની પ્રક્ષેપી રમતની વ્યવસ્થા કરવાનો અર્થ બાળક બીજી સહેતુક રચનાત્મક ક્રિયા ન કરે એમ નથી. સમધારણ બાળક રચનાત્મક કામનો જ સ્વાભાવિક રસ બતાવે છે. રચનાત્મક કામ સ્વાભાવિક રીતે તેમને ગમતાં હોવા છતાં તે કામો તેમના ઉપર લાદવામાં આવે તો તે કરવાનુ તેમને ગમતું નથી. રચનાત્મક તથા સહેતુક ક્રિયા જેટલુ જ આ પ્રકારની મુકત ક્રિયાનુ પણ જીવન–વિકાસની દૃષ્ટિએ મહત્ત્વ છે. આ પ્રકારની મુકત રમતમાં તેમના મનનો વિકાસ દેખાઇ



☆ કામીનીઆ શૃંગાર

પ્રસાધનો દ્વારા

ચમકતો કેશકલાપ

અનુપમ લાવણ્ય

અને મશરૂ જેવી

મુલાયમ ત્વચા

મેળવો

"હું જાણું છું કે કામીનીઆ શૃંગાર પ્રસાધનો ઉત્તમ છે. હું મારી પસદગી બાબત ખરેખર ગર્વ ધરાવું છું અને ખરેખર તે યોગ્ય જ છે"

☆ વૈજયંતીમાલા

ભારતનાટ્યમની

પ્રતિમા એમ કહે છે

*

કામીનીઆ હેઅર ઓઇલ
કામીનીઆ સ્નો
કામીનીઆ ટોઇલેટ સોપ
ઓટો દિલબહાર

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.
મુંબઇ–૨.

આવે છે. આવી કાલ્પનિક રમતમાં જ તેઓ ધીમે ધીમે વાસ્તવિક ભૂમિકા ઉપર આવે છે. આ રીતે સ્વયંપ્રેરણાથી તેઓ વાસ્તવિકતા તરફ ધીરે ધીરે જાય છે અને આ જ સાચો વિકાસ છે.

રચના-સાધનો

રચના-સાધનો એ બાલમંદિરોને મારી નાનકડી એવી ભેટ છે. આ સાધનમાંથી કેટલીક વિગતોનો સંબંધ મારી સમજણ પ્રમાણે બાલ-શિક્ષણના આદ્ય પુરસ્કર્તા 'ફ્રોએલ'નાં સાધનો સાથે છે. તો કેટલીક વિગતોનો સંબંધ બાલ-શિક્ષણનાં નવા યુગના ઝંડાધારી 'મેડમ મૉન્ટેસોરી'ની સાથે છે. આ સાધનની યોજના અને ઉપયોગ અંગેની કલ્પના મારી છે. કલ્પનામાંથી જ કલ્પના નિર્માણ થાય છે. આ ન્યાયથી આ સાધન બીજાની કલ્પનામાંથી સૂઝ્યું છે. તેને મેં મારી કલ્પના પ્રમાણે રૂપ આપ્યું છે તેથી તે મારી છે એમ હું સમજું છું.

આ સાધન માટે કુલ બે કબાટો યોજ્યાં છે. પહેલું કબાટ ૩૫' × ૨૫' લંબાઈ – પહોળાઈનું હોઈ તે અંદરના ભાગમાં ૧૨" ઊંડું છે. એમાં કુલ ૨૪ ખાનાં છે. આ અઢાર ખાનાંમાં ૨૪ ટ્રે છે. એમાંથી પહેલી છ ટ્રેમાં વિવિધ આકારની તથા રંગની ભૌમિતિક આકૃતિ છે. આ સાધનને મેં **ભૌમિતિક ચિત્ર-રચના** એમ નામ આપ્યું છે.

ટ્રે પહેલી : આ ટ્રેમાં એકબીજા સાથે સંબંધ હોય એવા નાના મોટા પાંચ આકારના અને કુલ ૯ રંગના ચોરસ છે. તે જ પ્રમાણે ક્ષેત્રમાં એક બીજા સાથે સંબંધિત એવા નાના મોટા આકારના અને ૬ રંગના લંબચોરસ છે.

ટ્રે બીજી : આ ટ્રેમાં પ્રમાણબદ્ધ એવા પાંચ સંબંધિત આકારના સોનેરી લંબ ચોરસ (Golden Rhomdus) છે. બાકીના બે ખાનામાં લંબગોળ અને અંડાકૃતિ વિવિધ રંગમાં છે.

ટ્રે ત્રીજી : આ ટ્રેમાં ચોરસ સાથે સંબંધિત એવા ચાર પ્રકારના સમદ્વિભૂજ કાટખૂણ ત્રિકોણ વિવિધ રંગમાં છે. તે જ પ્રમાણે ક્ષેત્રમાં સંબંધિત એવા બે સમદ્વિભૂજ ત્રિકોણ તથા એક વિષમ કાટખૂણ ત્રિકોણ છે.

ટ્રે ચોથી : આ ટ્રેમાં મૂળના ચોરસ સાથે પાયાથી સંબંધિત એવા સમભુજ ત્રિકોણ હોઈ તેના બે, ત્રણ, ચાર ભાગના વિવિધરંગી ત્રિકોણ તથા સમભુજ ચૌકોણ છે. આ સિવાય ચાર નાના મોટા દ્વિભાજકથી સંબંધિત એવા સમભુજ ત્રિકોણ વિવિધ રંગમાં છે.

ટ્રે પાંચમી : એમાં મૂળ ચોરસની સાથે સંબંધિત નાના મોટા પાંચ વર્તુળો વિવિધ રંગોમાં યોજ્યા છે. તેમજ વર્તુળના બેત્રણવાર અને આઠ ભાગ વિવિધ રંગોમાં છે.

ટ્રે છઠ્ઠી : આ ટ્રેમાં ૧૦ સે. મી. પાયાના વિવિધરંગી ચોરસ છે. આ ચોરસની સાથે વિવિધ રંગની નાનીમોટી સળીઓ છે.

'સાધન ઉપરની મુખ્ય રમત'

આ રમત માટે શેતરંજી અથવા ૮'×૮' ના કોઈ પણ ટીન્ટેડ રંગના લીનોલીયનની મધ્યમાં છએ છ ટ્રે ગોઠવવી. પછી બાળકો પોતાના મનથી ગમે તે આકૃતિ રચીને વિવિધ પ્રકારના ચિત્રના ભૌમિતિક આકાર બનાવશે. એમાં ઝાડનું થડ, આગગાડી, મોટર, વિમાન, જુદા જુદા આકારના ઘર, માણસો, ભૌમિતિક ઘટના, બિલાડીનું મોઢું, છોકરો, છોકરી વગેરે વિવિધ રંગના નાના-મોટા આકાર બનાવવામાં તન્મય થાય છે. એકાદું ચિત્ર કરીને બાળકની કલ્પનાને શિક્ષકે અવકાશ આપવો જોઈએ. કલાકોના કલાકો સુધી આ સાધનો પર બાળકો રમે છે એનો મને અનુભવ મળ્યો છે. આ રમત બાળકો વ્યક્તિગત રીતે પણ રમી શકે છે. બાળકની કલ્પકતા જેટલી વધારે તેટલું તે વધુ ચિત્રોનું સર્જન કરશે. બાળકની કલ્પના-શક્તિને એમાં પૂરો અવકાશ મળતો હોઈ આ સાધન ઉપર તેઓ કંટાળતાં નથી.

આ પ્રકારની સ્વૈર-ચિત્રરચના કરતી વખતે બાળકોને ચિત્રને યોગ્ય એવી નાની મોટી આકૃતિ પસંદ કરવી પડે છે. તેને લીધે ભૌમિતિક વિવિધ આકારોમાંનો સૂક્ષ્મ ભેદ ઓળખવાનો તથા વિવિધ રંગ ઓળખવાનો અભ્યાસ થાય છે.

આ સ્વૈર અને સ્વયંપ્રેરિત અભ્યાસની સાથોસાથ આ સાધન પર શિક્ષક નીચે પ્રમાણેની નિયંત્રિત રમત લઈ શકે છે :

(૧) એકરંગી વિવિધ આકારની જોડી કરવી. તેથી આંગળ સ્મૃતિ અને ભાષાની રમતો.

(૨) એક આંકારની વિવિધરંગી આકૃતિ શોધીને મૉન્ટેસોરીની રંગ તકતી પ્રમાણે રંગ પરથી જોડી કરવાની રમત થઇ શકે છે. તેમાં પણ રંગસ્મૃતિ અને રંગનાં નામો આપવાની રમત આપી શકાય.

(૩) આ સાધનમાં એટલી વિવિધ આકૃતિઓ દેખાય છે કે તેને લીધે તેનું વર્ગીકરણ, ક્ષેત્ર અંગેની તુલના, આકાર સંબંધી તુલના વગેરે ક્રમશ: રમતો શિક્ષક લઇ શકે છે અને તેના પાઠો પણ આપી શકે છે.

આ સાધનો પ્લાયવુડ અથવા સાદા પૂઠાના બનાવી શકાય અથવા પ્લાયવુડ પર રંગીન કાગળ ચોંટાડીને આકૃતિ બનાવી શકાય. એથી આ સાધનો કોઇ પણ ગામડાંમાં બનાવી શકાય એવાં છે. વેપારીઓ તે પ્લાસ્ટીકનું પણ બનાવી શકે, સાધારણ રીતે ૩॥ વર્ષથી ૬॥ વર્ષનાં બાળકો તથા એનાં કરતા મોટી વયનાં બધાં બાળકોને ઉપયોગી થઇ પડે એવુ આ સાધન છે. આ સાધનની વિવિધ રમતની વિસ્તૃત માહિતી સગવડે પ્રકાશિત કરવાનો વિચાર છે. આ સાધનોને સમેટી લેવામાં પણ બાળકોને એક બૌદ્ધિક આનંદ મળે છે.

બીજું સાધન: શોભા–રચના

શોભા–રચના માટે કુલ ૧૨ ટ્રેની યોજના કરી છે. પહેલી ટ્રેમાં ચીચુકા, ગુંજ, લાલ વાલ, ચણોઠી, સફેદ વાલ, વિવિધ આકારનાં રંગીન બિયાં, વિવિધ રંગની બગડીના કટકાઓ, કોડીઓ, નાનામોટા શંખ, નાનીમોટી છીપલીઓ, નાનીમોટી વિવિધ રંગની ગોટીઓ, પ્લાસ્ટિકની ટીકડીઓ, નાનીમોટી કાચની ભૂગળીઓ, વિવિધ રંગનાં નાનાંમોટાં મોતી, વિવિધ રંગનું ભૂસું, અનાજ, દાળ વગેરે પ્રકારનુ સાહિત્ય છ ખાનાની તબકમાં રાખવામાં આવ્યું છે.

બીજી છ ટ્રેમાં વનસ્પતિ વિષયક આકારને સ્થાન આપ્યું છે. પહેલી ટ્રેમાં દ્વિદલ વનસ્પતિનાં પાનનાં છ આકાર હોઇ તે દરેક આકારને લીલા રંગની છ છાયા આપવામાં આવી છે. બીજી ટ્રેમા તે જ પ્રમાણે એકદળ વનસ્પતિનાં પાનના આકાર અને તેના છાયા રંગની યોજના છે. ત્રીજી અને ચોથી ટ્રેમાં વિવિધ રંગનાં ફૂલોની યોજના કરવામાં આવી છે. ફૂલોના રંગમાં વિવિધ છાયારંગની યોજના છે. પાંચમી ટ્રેમાં અર્ધવર્તુળાકાર પાન, વર્તુળાકાર પાન, ડાળી તરીકે શોભી શકે એવી નાનીમોટી વાંકીચૂંકી સળીઓ



છે. છઠ્ઠી ટ્રેમાં વિવિધ રંગના નાનામોટા ભૌમિતિક આકારો છે.

શોભા-રચનાનો વિષય પણ જુદી જુદી વયના બાળકોને આકર્ષક થઇ પડે એવો છે. ચિત્રરચનામાં જે રીતે રંગ અને આકારનો ઉપયોગ કરવો પડે છે, તે જ પ્રમાણે શોભા-રચનામાં પણ છે. એમાં શિક્ષકે પ્રથમ સાદી રંગોળી સૂચવવી જોઇએ. એકની એક રચના હારમાં ફરી ફરીને કરવાથી શોભાની સુંદર રંગોળી થાય છે. આ બાબત બાળકના ધ્યાનમાં લાવીને તેમની કલ્પનાને સ્પર્શ કરવો જોઇએ. આ સાધનમાં રંગ અને આકારનું જ્ઞાન વધુ સૂક્ષ્મ બને છે.

'શિલ્પ અને સ્થાપત્ય-રચના'

ચિત્ર અને શોભા-રચનાના સાધન માટે જેવા એક કબાટની યોજના કરી છે તેવા જ એક કબાટની યોજના શિલ્પ અને સ્થાપત્ય-રચનાનાં સાધનો માટે કરી છે. ચલ મૂળાક્ષરના લેખન માટે જે પ્રમાણે બાળકને બધા અક્ષરોની અને નિશ્ચિત જગ્યાની જાણ થવી જોઇએ તે જ પ્રમાણે શોભા-રચના અને શિલ્પ-રચનાના સાધનમાંના આકારોની જગાની બાળકોને ઓળખ થવી જોઇએ કે જેથી તેનો ઉપયોગ કરીને બાળકો ઝટ ઝટ વિવિધ રંગની તથા રચનાની નિર્મિતી કરી શકે. શિલ્પરચનામાં એકાદા સારા શિલ્પીની અને સ્થાપત્યજ્ઞની મને મદદ મળવી જરૂરી છે. હાલ પૂરતું આ કબાટમાં મુખ્યત્વે ઇંટો, ઘન, ચિનિ, મિનારા, દડ-ગોળ, નાનીમોટી પટ્ટીઓનો પ્રમાણબદ્ધ સંગ્રહ રાખવામાં આવ્યો છે. આ સાધનની મદદથી બાળકો જેમાં બેસી શકે એટલું મોટું ઘર બનાવી શકે છે જુદા જુદા પ્રકારનાં ઘર, દાદરા, મિનારા, મોટર, આગગાડી, આગબોટ, શોભાનું બાંધકામ વગેરે આ રચના-સાધનમાંથી બની શકે છે.

એમાં લંબાઇના ક્રમશ: પરિણામો છે તે જ પ્રમાણે ક્રમશ: ઘન અને ચોરસ છે. આ સાધનથી સ્વતંત્ર નિર્મિતી માટે પૂરતો સમય આપ્યા પછી શિક્ષક જુદી જુદી નિયંત્રિત રમત આ સાધન ઉપર લઇ શકે છે. મૉન્ટેસોરી સાધનમાંના ક્રમિકદંડગોળ લાલ સીડી, પહોળી સીડી, મિનારો, છાયારંગ એમાંની ઘણીખરી રમતો આ સાધન ઉપર લઇ શકાય છે. છાયા રંગના બધાં રંગો આવતા નથી એ ખરું છે, પરંતુ તે બધાં જ રંગો લેવાની જરૂર પણ દેખાતી નથી એવો છાયા રંગના મૉન્ટેસોરી સાધનો ઉપરનો અનુભવ છે.

આ ત્રણે રચના-સાધનોને લીધે બાળકોનો જ્ઞાને-ન્દ્રિયનો હેતુપૂર્વક અને સ્વાભાવિક ઉપયોગ થઇને તેમની કલ્પકતાને, તર્કને અને કલાવૃત્તિને જોઇએ તેટલો અવકાશ મળે છે. ખર્ચની દૃષ્ટિએ આ સાધનો ઓછામાં ઓછા ખર્ચમાં કેવી રીતે બનાવી શકાય તે જોનેતેને પોતાની પરિસ્થિતિ પ્રમાણે જોવું શકય થશે એવું લાગે છે.

શે૦ ના૦



આપનાં બાલમંદિરમાં
વાલી-શિક્ષક સંઘટનાના રૂપમાં


નૂ૦ બા૦ શિ૦ સંઘની શાખા૦ છે ?

☆

વાલીઓ અને બાલશિક્ષકોના નિકટના સહકાર સિવાય બાળકેળવણી પરિણામકારક બની શકે નહિ, એ વાત બધાંને માન્ય હોવા છતાં આપણા દેશની બાળકેળવણીની સંસ્થામાં તે માટેની ધગશ દેખાતી નથી.

વાલીઓ ફી આપે છે તેથી બાલ-શિક્ષણ સંસ્થાની પ્રગતિ વાલીઓ આગળ મૂકવાની સ્વાભાવિક ઇચ્છા બાલમંદિરના સંચાલકોને થાય છે. આમ કેટલીક સંસ્થાઓ તરફથી વાર્ષિક સંક્રાન્ત સમારંભો યોજવામાં આવે છે. આવા સમારંભ વખતે સંસ્થાઓના સંચાલકો બાળકોના હસ્તવ્યવસાયનું પ્રદર્શન અથવા મનોરંજન કાર્યક્રમ યોજે છે. કેટલીક સંસ્થાઓ વાલીદિન અથવા માતૃદિન યોજે છે અને વાલીઓને ઉદ્દેશીને વ્યાખ્યાનોનો કાર્યક્રમ રાખે છે. આમ સંસ્થાના સંચાલકો બાલશાળાના જીવન સાથે વાલીઓનો જે પ્રકારનો સંપર્ક રાખે છે તેથી વાલીઓના માનમાં શાળા માટેનો અભિપ્રાય બંધાય છે અને એ આવશ્યક પણ છે, છતાં આ પ્રકારે જે કંઈ સંબંધ બંધાય છે તે સાવ ઉપરછલ્લો હોય છે. કારણ કે બાળકેળવણીના સાચા પ્રશ્ન અંગે વિચાર-વિનિમય કરવાની વાત વાલીઓ અને સંચાલકો ટાળતા હોય છે. બાળકેળવણીની સંસ્થાની કેળવણી બાળકોની સર્વાંગી કેળવણી ઉપર અવલંબે છે કે બાળકો પાસેથી મેળવેલી છે. સંસ્થાની આર્થિક મૂંઝવણ ફીરૂપી સહાય-તાથી જરૂર દૂર થાય, પરંતુ તેથી બાળકોની પ્રગતિના પ્રશ્નનો ઉકેલ આવતો નથી. આ કાર્ય માટે વાલીઓ અને શિક્ષકોના નિકટ સંપર્કની જરૂર રહે છે. છતાં બાળકેળવણીની ઘણી સંસ્થાઓમાં વાલીઓ સાથે સંપર્ક રાખવાનું કામ થતું નથી. આ માટે વાલીઓ અને સંચાલકોમાં આ પ્રશ્ન અંગે વધુ જાગૃતિની જરૂર છે.

બાળક પોતાને ઘરે જ પોતાના વાલીઓ સાથે, ભાંડરડા અને આડોશીપાડોશી સાથે શી રીતે વર્તે છે; તેના શારીરિક અને માનસિક વિકાસના શા પ્રશ્નો છે, પરિસ્થિતિ કેવી છે, વગેરેની માહિતી શિક્ષક માટે જરૂરની છે. તેમ આપણું બાળક શાળામાં શું કરે છે? ત્યાં તે શી રીતે વર્તે છે? તેની પસંદગી કઇ જાતની



છે? તેનું ભાવનાત્મક જીવન કેવું છે? વગેરે બાબતની સ્પષ્ટ માહિતી વાલીઓ માટે જરૂરની છે. વાલી–શિક્ષકોના નિકટ સંપર્ક સિવાય બાળકને યોગ્ય માર્ગદર્શન તેમ જ ઘર અને શાળાનું સુસંવાદી વાતાવરણ મળવું અશકય છે.

વાલી–શિક્ષકો માત્ર એક ઠેકાણે મળે એ જ પૂરતું નથી. બાળશિક્ષણ અંગે તેમ જ બાળકોના મનોવિકાસ સંબંધી અને તેઓને મૂંઝવતા પ્રશ્નો અંગે પોતાનું વાચન તેમણે વધારવું જોઇએ. તે માટે બાળશિક્ષણ સંસ્થામાં યોગ્ય પ્રકારનું સાહિત્ય વાલીઓ માટે વસાવવું જોઇએ. બાળકોના સામાન્ય પ્રશ્નોની ચર્ચા થવી જોઇએ. આવા અભ્યાસથી વાલીઓ અને શિક્ષકોના વ્યક્તિત્વમાં અને આચારવિચારોમાં બાળકોના વિકાસને અનુકૂળ એવો ફેરફાર પડતો જશે. અને એવો ફેરફાર થશે તો જ સાચી બાળકેળવણી શકય બનશે. બાળકેળવણી એ કંઈ સમજણનું શાસ્ત્ર નથી. કેવળ જ્ઞાન અથવા માહિતીથી બહુ ફેર પડતો નથી. પોતાનું જીવન યોગ્ય દિશામાં લઇ જતા શિક્ષકો અને વાલીઓ જ બાળકેળવણીના સંસ્કાર કરી શકે છે. તેથી દરેક બાળશાળામાં વાલી–શિક્ષકોના અંગત વિકાસ માટે સંઘટનાની જરૂર છે અને તે બાળકેળવણીની સફળતા માટે અનિવાર્ય છે.

એવી સંઘટના બાળકેળવણીની સંસ્થાના પ્રશ્નોમાં સવિશેષ ધ્યાન આપી શકશે એ કહેવાની જરૂર નથી. સંસ્થાના સંચાલકોએ જરા દીર્ઘદૃષ્ટિ રાખીને આ પ્રકારની સંઘટના પોતાની જ સંસ્થામાં ઉભારવી જોઇએ. આમ થતાં તે બાળકોના સર્વાંગી પ્રગતિને પોષક તો રહેશે જ, તે ઉપરાંત સંસ્થાઓની મુશ્કેલી અને મૂંઝવણો દૂર કરવામાં પણ ઉપયોગી નીવડશે. સંસ્થા માટે વાલીઓના મનમાં આત્મીયતા પ્રગટશે અને શાળા માટે જરૂરી ત્યાગ કરવા તેઓ તૈયાર થશે.

નૂતન બાલશિક્ષણ સંઘનું સ્વરૂપ

નૂતન બાલશિક્ષણ સંઘ આ બાળકેળવણીના કાર્યને સંપૂર્ણ રીતે વરેલી સંઘટના છે. બાળકેવણીનું કાર્ય વાલી–શિક્ષકોના સહકાર સિવાય થઇ શકે જ નહિ એવી સંઘની માન્યતા હોવાથી સંઘનો વિકાસ એટલે વાલીશિક્ષક સંઘટનાનો વિકાસ એવી સંઘની ભૂમિકા છે.

સંઘના નવા બંધારણ પ્રમાણે હવે દરેક બાલશિક્ષણ સંસ્થામા કેવળ દશ સહાયક સભ્યો થતા સંઘની સ્થાનિક શાખા શરૂ કરી શકે છે. આ સ્થાનિક શાખાનો પ્રતિનિધિ પ્રાદેશિક શાખામાં તેમ જ સંઘના નિયંત્રણ મંડળમાં જઇ શકે છે. જાન્યુઆરી આખર સુધીમાં આવી સ્થાનિક શાખાઓ સ્થપાય એવી સંઘની અપેક્ષા છે. સ્થાનિક શાખા શી રીતે શરૂ કરવી તે માટેનું વધુ વિગતવાળું સાહિત્ય સંઘના અને 'શિક્ષણપત્રિકા'ના કાર્યાલયમાં મળી શકે છે. આજે જ લખો અને આપની સંસ્થામાં સંઘની સ્થાનિક શાખાના સ્વરૂપમાં વાલી–શિક્ષકોની સંઘટના શરૂ કરો; કારણ કે આમ થવું એ સંસ્થાના અને નાના બાળકના હિતમાં છે.



બાલશિક્ષણ અને સંઘસમાચાર

☆

શ્રી જૈન બાલમંદિરના (તાલેજાગ, પાલણપૂર) આચાર્ય લખે છે હાલમાં અત્રેના ભાગ શાળાધિકારીએ અમારી સંસ્થાનું નિરીક્ષણ કર્યું હતું તેમાં તેમણે એવું સૂચન કર્યું છે કે બાલમંદિર અંગેનો જે અભ્યાસક્રમ છે તે અને તેની માસવાર ફાળવણીની નોંધ અમારે રાખવી. આ બાબત બાળમંદિર માટે કેટલી સુસંગત છે તેની વાત જતી કરતાં આવી બાબતમાં સંઘે કંઈ વિચાર્યું છે? આવા અભ્યાસક્રમની કોઈ રૂપ-રેખા અમને મોકલી શકાય તેમ છે?.....હોય તો તેની એક નકલ મોકલી આપશો.

જવાબ: અભ્યાસક્રમ અને તેની માસવાર ફાળવણી એ બાલમંદિર જેવી સંસ્થાઓ સાથે સુસંગત નથી. બાલમંદિરની કેળવણી મુખ્યત્વે, દરેક બાળકને અનુસરીને એટલે કે વ્યક્તિગત હોય છે. એટલે પ્રાથમિક શાળાઓના વર્ગો જેવો બાળમંદિરો માટે અભ્યાસક્રમ કે તેની પ્રાથમિક શાળાઓ જેની ફાળવણી ન હોઈ શકે. બાળમંદિરોમાં કેટલાક કાર્યક્રમો સાંધિક હોય છે. તેનું એક વાર્ષિક સમય પત્રક હોઈ શકે તેમ જ ત્રણથી છ વર્ષમાં બાળમંદિરમાં કેવા કેવા કાર્યક્રમો રખાય છે તેની શિક્ષકના માર્ગદર્શન માટે સૂચિ પણ હોઈ શકે તેમ જ આ કાર્યક્રમોની રજૂઆત અને ઉદ્દેશ વગેરે મુદ્દાઓ પર વિવરણ પણ હોઈ શકે. નૂતન બાળશિક્ષણ સંઘે આ સંબંધમાં પોતાના અભિપ્રાયો પૂર્વ પ્રાથમિક શિક્ષણ સમિતિ આગળ રજૂ કર્યા છે. 'શિક્ષણ-પત્રિકા'માં (ઑગસ્ટ ૧૯૫૭) પૂર્વપ્રાથમિક શિક્ષણની પુનર્રચના વિશેષાંકના રૂપ આ વિગતો આપવામાં આવી છે.

પાટણ: નૂતન બાલમંદિર અને કુમાર મંદિરનો ચોથો વાર્ષિકોત્સવ જાણીતા કવિ ખગોળશાસ્ત્રી અને સ્વ૦ ગિજુભાઈના સાથીદાર શ્રી હરિહરભાઈ પ્રાણશંકર ભટ્ટના પ્રમુખપદે તા. ૩૧-૧૨ને મંગળવારે સાંજે ઉજવવામાં આવ્યો.

બાલસાહિત્ય સ્ટોર્સ: બાલમંદિરો, શિશુ અધ્યાપન કેન્દ્રો, પ્રાથમિક તેમ જ માધ્યમિક શાળાઓને ઉપયોગી સાધનો, પુસ્તકો યોગ્ય ભાવે પૂરા પાડવા માટે સ્ટોર ખોલવામાં આવ્યો છે. તેની વિગતો માટે બાલ-સાહિત્ય સ્ટોર્સ, નાવલીવાળા બિલ્ડિંગ, સ્ટેશન રોડ, આણંદ જિ. ખેડાને લખો.

યશ રમણ ટ્રસ્ટ અમદાવાદ: તા. ૨૦ અને ૨૧મીના રોજ આ સંસ્થાના બાલમંદિરના બાળકોએ 'વિશ્વ કોનું'ની રજૂઆત સંસ્થાના મકાનફાળા માટે કરી હતી. તેમ જ એ જ ટ્રસ્ટ વતી સંચાલિત બાલ અધ્યાપન મંદિરના વિદ્યાર્થિનીઓ તરફથી દિનાંક ૨૨મીની રાત્રે 'વસમી વિદાય' અને 'ધરતીનો સાદ' ટાઉન હોલમાં રજૂ થયાં હતાં.

શ્રી બાલ કેળવણી મંડળ ડભોઇ: આ મંડળ તરફથી સંચાલિત બાલમંદિરના નવા મકાનનું ઉદ્‌ઘાટન ડભોઇના અગ્રગણ્ય નાગરિક શ્રી. શંકરલાલ પુંજાલાલ પારેખના વરદ્‌હસ્તે તા. ૬-૧૨-'૫૭ના દિવસે કરવામાં આવ્યું હતું.

સાભાર પહોંચ: સંસ્કારગીતો અને સંસ્કાર પ્રાર્થના: યોજક: શ્રી રતિલાલ અધ્વર્યુ: પ્રકાશક: મહેન્દ્ર અધ્વર્યુ: સંસ્કાર બાલમંદિર: જવાહર નગર: અમદાવાદ ૭.

કેળવણી મંદિર, મોટા પોર નાંઢયાદ: આ સંસ્થાનો વાર્ષિકોત્સવ તા. ૨૮-૧૧-૫૭ થી ૧-૧૨-૫૭ સુધી ઊજવવામાં આવ્યો. ઉત્સવમાં પ્રદર્શન, બાળમેળો, રમત-ગત હરીફાઈ, વાલીદિન, વેષભૂષા હરીફાઈ અને મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

ટી. એન. માળવી બાળમંદિર રજત જયંતી ઉત્સવ: તા. ૬થી ૧૩ ડિસેંબર સુધી મુંબઇના ગોવાલિયા ટેંક મેદાન પર બાલશિક્ષણ મેળાની ભવ્ય યોજના કરીને ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં નૂ. બા. શિ. સંઘ, શિશુવિહાર અને મુંબઇના જુદાં જુદાં બાળમંદિરોનો સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો. મેળોમાં બાળમંદિરનું નવરૂપ દર્શન, અમરેલીનું બાલસંગ્રહાલય, બળદગાડું, હસ્તકામનું પ્રદર્શન વગેરે બાળકોને ગમે એવા વિભાગો યોજવામાં આવ્યા હતા.

શ્રી સરસ્વતિ બાલમંદિર મોડાસા: સને ૧૯૫૬-૫૭નો અહેવાલ પ્રાપ્ત થયો. સંસ્થાની સુંદર પ્રગતિ માટે સંચાલકોને અભિનંદન.

નૂ. બા. શિ. સંઘની

ચૂંટણી અંગે આવશ્યક સૂચનો

ગ્રામીણ અને નગર વિભાગ

એક લાખ અથવા એથી વધુ વસતિવાળા ગામને નગર વિભાગ તેમ જ એથી ઓછી વસતિવાળા ગામને ગ્રામીણ વિભાગ ગણવામાં આવ્યો છે.

ગ્રામ-વિભાગની સ્થાનિક શાખા

ઓછામાં ઓછો એક સક્રિય સભ્ય કોઇ પણ ગ્રામીણ વિભાગવાળા ગામમાં અથવા ગામના વિભાગમાં અથવા કોઇ પણ પૂર્વપ્રાથમિક સંસ્થાના શિક્ષક અને વાલીઓમાંથી મળે તો સંઘની સ્થાનિક શાખા શરૂ કરી શકાય છે. એ સભ્યોએ મળીને પોતાનું કાર્યકારી મંડળ રચવું અને તેના હોદ્દેદારો નીમીને તેના નામો સંઘની પ્રાદેશિક શાખા દ્વારા કેન્દ્રીય મંત્રી પર મોકલીને તેની માન્યતા લેવી જોઇએ. જે ગામ જે જિલ્લામાં હોય તે જિલ્લામાં સંઘની પ્રાદેશિક શાખા ન હોય તો સ્થાનિક શાખાના કાર્યકારી મંડળના નામો સંઘના કેન્દ્રીય મંત્રી પર મોકલવા અને કેન્દ્રીય સંઘની માન્યતા લેવી જોઇએ. સ્થાનિક શાખાના કારોબારીના નામ સાથે સ્થાનિક શાખાના સભ્યોના નામો સરનામા તેમ જ લવાજમ કઇ મુદત માટે લીધું છે તેનો ખુલાસો કરતી યાદી તથા બધા સભ્યોના લવાજમનો 'શિક્ષણપત્રિકા'નો ભાગ અને કેન્દ્રીય લવાજમનો ભાગ તેમ જ જ્યાં પ્રાદેશિક શાખા ન હોય ત્યાં પ્રાદેશિક શાખાના લવાજમનો ભાગ કેન્દ્રીય મંત્રી પર મોકલવાનુ આવશ્યક છે. લવાજમ મોકલ્યા વગર અને પ્રાદેશિક શાખા દ્વારા કેન્દ્રીય માન્યતા મેળવ્યા વગર કોઇ પણ સ્થાનિક શાખા નૂ. બા. શિ. સંઘની સ્થાનિક શાખા તરીકે કામ કરી શકશે નહિ. પોતાને અધિકૃત માન્યતા પ્રાદેશિક શાખા દ્વારા અથવા સીધી કેન્દ્રમાંથી મેળવવી જોઇએ.

સ્થાનિક શાખા રચવા માટે છેલ્લી મુદત તા. ૩૧ જાન્યુઆરી ૧૯૫૮

જ્યાં જ્યાં નૂતન બાળ શિક્ષણ સંઘની સ્થાનિક શાખાઓ સ્થપાય તે બધી શાખાઓએ પોતાના કાર્યકર મંડળના તેમ જ બીજા બધા સભ્યોના સરનામા તથા કેન્દ્રીય લવાજમો ૩૧ જાન્યુઆરી પહેલાં મોકલવા જોઇએ; તો જ સ્થાનિક શાખાઓ નૂતન બાલ શિક્ષણ સંઘના પ્રાદેશિક કાર્યવાહીમંડળો, કેન્દ્રીય નિયંત્રણ મંડળ અને વ્યવસ્થાપક મંડળમાં પ્રતિનિધિત્વ લઇ શકશે.

સ્થાનિક શાખાઓનું પ્રાદેશિક પ્રતિનિધિત્વ

ગ્રામીણ વિભાગમાં ઓછામાં ઓછો એક સક્રિય સભ્ય ચાર સહાયક સભ્યોવાળી સ્થાનિક શાખા પોતાનો એક પ્રતિનિધિ પ્રાદેશિક શાખાના કાર્યવાહી મંડળ ઉપર પર મોકલી શકે છે. સક્રિય અને સહાયક સભાસદોની સંખ્યા વીસ થયે એ પ્રતિનિધિ મોકલી શકશે, એથી આગળ દરેક ૧૦ સક્રિય અને સહાયક સભ્યો માટે એક વધુ પ્રતિનિધિ સ્થાનિક શાખા પ્રાદેશિકના કારોબારી પર મોકલી શકશે.

નગર વિભાગમાં સ્થાનિક શાખા બનાવવા માટે ઓછામાં ઓછો એક સક્રિય સભ્ય અને બીજા નવ સહાયક સભ્યો કરવાનું આવશ્યક છે. દરેક દસ સહાયક અને સક્રિય સભ્યો દીઠ નગર સ્થાનિક શાખા પોતાનો એક વધુ પ્રતિનિધિ પ્રાદેશિક નગર શાખાની કારોબારીમાં મોકલી શકશે.

નગર-વિભાગની સ્થાનિક શાખા

ઓછામાં ઓછો એક સક્રિય સભ્ય અને બીજા નવ સહાયક સભ્યો કોઇ પણ નગરમાં અથવા નગરના ભાગમાં અથવા નગરમાંની કોઇ પણ પૂર્વપ્રાથમિક સંસ્થાના શિક્ષક-વાલીઓમાંથી મળે તો સંઘની નગર સ્થાનિક શાખા શરૂ કરી શકાય છે. નગર સ્થાનિક શાખાના આ સભ્યોએ મળીને પોતાનું કાર્યવાહી મંડળ રચવુ જોઇએ અને તે માટે ગ્રામીણ સ્થાનિક શાખાની જેમ

પ્રાદેશિક શાખા ન હોય ત્યાં

સ્થાનિક શાખા પોતાના પ્રતિનિધિઓના નામો કેન્દ્રીય મંત્રીને જણાવી સીધા સંઘના નિયંત્રણ મંડળ પર મોકલે. પરંતુ આ નામો ૩૧ મી જાન્યુઆરી ૧૯૫૮ પહેલા કેન્દ્રીય કાર્યાલયને મળવા જોઇએ.

પ્રાદેશિક શાખાઓનું પ્રતિનિધિત્વ

પ્રાદેશિક શાખાઓ બે પ્રકારની છે. એક નગર પ્રાદેશિક અને બીજી જિલ્લા પ્રાદેશિક.

એક લાખ અથવા એથી વધુ વસતિવાળા ગામની એક અથવા વધુ સ્થાનિક શાખાઓ મળીને સંઘના સહાયક અને સક્રીય સભ્યોની સંખ્યા ૪૦ થાય તો જ નગર પ્રાદેશિક શાખા રચી શકાય છે.

જિલ્લા પ્રાદેશિક શાખા રચવા માટે જિલ્લાની એક અથવા વધુ ગ્રામીણ સ્થાનિક શાખાઓમાં મળીને કુલ સહાયક અને સક્રીય સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી ૨૦ હોવી જ જોઇએ.

પ્રાદેશિકની રચના માટે છેલ્લી મુદત

દરેક નગર પ્રાદેશિક અને જિલ્લા પ્રાદેશિક ૧૯ સહાયક અને સક્રિય સભ્યો દીઠ એક પ્રતિનિધિ સંઘના નિયંત્રણ મંડળ પર પ્રતિનિધિ તરીકે મોકલી શકશે પરંતુ તે માટે પ્રાદેશિક શાખાએ પોતાના કાર્યવાહીના અને હોદ્દેદારોના તેમ જ પોતાના પ્રદેશની સ્થાનિક શાખાઓના કુલ સભ્યોના સરનામા સાથેની યાદી તેમ જ સભ્યના લવાજમની મુદતના સમય સાથે કેન્દ્રીય મંત્રી પર ૧૫મી ફેબ્રુઆરી અંદર મોકલવા અને એની સાથે જ દરેક પ્રાદેશિક શાખા સંઘના નિયંત્રણ મંડળ પર મોકલવાના પ્રતિનિધિઓના નામો પણ મોકલવા.

નિયંત્રણ મંડળ માટે નામો મોકલવા અંગે

જ્યાં જ્યાં પ્રાદેશિક શાખાઓ છે અને જે પ્રાદેશિક શાખાના પ્રતિનિધિઓ ચાલુ નિયંત્રણ મંડળ પર છે તેમાંથી અર્ધી સંખ્યાના પ્રતિનિધિ બંધારણના નિયમ ૨૬ બ મુજબ ચાલુ જ રહે છે અને બાકીના અર્ધી સંખ્યાના પ્રતિનિધિના નામો જ પ્રાદેશિક શાખાએ નવા ચૂંટવાના રહે છે. દાખલા તરીકે થાણા જિલ્લાના હાલના નિયંત્રણ મંડળ પર ચાર પ્રતિનિધિ છે. તેમાંથી બે પ્રતિનિધિ નવા નિયંત્રણ મંડળ પર એકસ–ઓફિસિયો તરીકે ચાલુ જ રહી શકે છે. અને બીજી બે જગા પર શાખા ધારે તો નવા અથવા જૂનામાંથી પસંદી કરીને મોકલી શકશે.

એકસ–ઓફિસિયો તરીકે કોણ ચાલુ રહે

તે નક્કી કરવા માટે પ્રાદેશિક શાખાઓ પોત પોતાની સભાઓ બોલાવે અને તેમાં એકસ–ઓફિસિયો તરીકે જૂના નિયંત્રણ મંડળ પરના સભ્યોમાંથી કોણ ચાલુ રહે તે નક્કી કરે, અને એકમતિ નિર્ણય ન થતો હોય તો પ્રાદેશિક શાખા તરફથી મોકલેલા નિયંત્રણ મંડળના સભ્યોની સરખી સંખ્યાની બે યાદીઓ બનાવવી. બે યાદીઓ બે પાકિટમાં ભરવી અને નાના બાળકને તેમાંથી એક પાકિટ ઉપાડવાનું કહેવું. જે પાકિટ નાનું બાળક ઉપાડે તેની અંદરના સભ્યો નિયંત્રણ મંડળ પર ચાલુ રહે અને બીજા પાકિટમાંની યાદીના સભ્યો નિવૃત્ત થઇ જાય. નિવૃત્ત થએલા સભ્યોની જગા પર પ્રાદેશિક શાખા નવા સભ્યોની પસંદગી કરીને જૂના અને નવા નામો કેંદ્રીય કાર્યાલયને તા. ૧૫મી ફેબ્રુઆરી પહેલા મોકલવાની વ્યવસ્થા કરે. આ મુદત પછી મળેલા નામો કેન્દ્રીય કાર્યાલય આ વખતની ચૂંટણી માટે સ્વીકારી શકશે નહિ માટે કોઇપણ પ્રાદેશિક શાખા આ નામો મોકલવાની બાબતમાં ઢીલ ન કરે. નવી સ્થપાનારી પ્રાદેશિક શાખાઓ માટે પણ પોતાના પ્રતિનિધિઓને મોકલવાની મુદત તા. ૧૫મી ફેબ્રુઆરીની રાખવામાં આવી છે.

આજીવન (કાયમી) સભ્યોની ચૂંટણી

ચાલુ નિયંત્રણ મંડળ પર સંઘના કાયમી સભ્યો તરફથી (૧) શ્રીમતી સરલાદેવી સારાભાઇ (૨) શ્રીમતી જયશ્રી બેન રાયજી અને (૩) શ્રીમતી મંગલા બેન કરંદીકર એમ કુલ ત્રણ સભ્યો છે.

બંધારણના નિયમ ૨૬ બ મુજબ એમાંથી અર્ધા સભ્યો જ નિવૃત્ત થાય છે. આ સભ્યોની સંખ્યા ત્રણ હોવાથી આ વખતે એમાંથી બે સભ્યો ચાલુ રહેશે અને આ સભ્યોની અત્યારની સંખ્યાના પ્રમાણમાં કુલ ચાર જગાઓ હોવાથી નવા બે સભ્યોની ચૂંટણી કરવામાં આવશે.

ઉપરના ત્રણ સભ્યોમાંથી કોણ નિવૃત્ત થાય તે માટેનો નિર્ણય સભ્યોની સમતિથી અથવા ચિઠ્ઠીઓ ઉપાડીને કરવામાં આવશે અને તે ફેબ્રુઆરીનાં અંકમાં જાહેર કરવામાં આવશે.

ઉનાના તાલુકે સિદ્ધપૂરમાં આસો સુદ ૧૦ના રોજ ઉંઝાના અગ્રણ્ય વેપારી શ્રી. મોહનલાલ હરગોવિંદદાસ પટેલના હાથે ગંગારામ ફુલચંદદાસ પટેલ સાર્વજનિક બાલમંદિરની ઉદ્ઘાટન વિધિ થઇ હતી. શ્રી ગંગારામભાઇ પટેલે બાળમંદિરના મકાન માટે રૂ. ૫૦૦૦ કીમતની જમીન તથા રૂ. ૫૦૦૦ રોકડા દાનમાં આપ્યા હતા. ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત સદ્‌ગૃહસ્થો તરફથી સંસ્થાને રૂ. ૭૦૦૦નું દાન મળ્યું હતું. સંસ્થાનો વહિવટ ગ્રામપંચાયત તરફથી કરવામાં આવશે. સંસ્થાના માનદ્ વ્યવસ્થાપક તરીકે શ્રી શાંતિલાલ રાવળની નિયુકત કરવામાં આવી છે.

બધી ચાલુ પ્રાદેશિક શાખાઓને

નોટિસ

અત્યારે આપની નગર અથવા જિલ્લા પ્રાદેશિક તરફથી જે સભ્યો નૂતન બાળશિક્ષણ સંઘના નિયંત્રણ મંડળ પર છે તેમાંથી અરધા સભ્યો પોતાના અધિકારની રૂએ એક્સ-ઓફિસિયો તરીકે નવા નિયંત્રણ મંડળમાં ચાલુ રહી શકશે અને બાકીના સભ્યોની જગામાં નવા સભ્યોની પસંદગી કરીને મોકલવા રહે છે.

સંજોગવશાત્ આપની પ્રાદેશિક શાખાના કોઈ પ્રતિનિધિ ગુજરી ગયા હોય અથવા કોઈ કારણસર પ્રતિનિધિત્વ કરી ન શકતા હોય તો તેમની જગામાં નવા પ્રતિનિધિ પસંદ કરવાનો અધિકાર આપનો જ છે.

બીજું આપની શાખા તરફથી જે પ્રતિનિધિ નિયંત્રણ મંડળ પર ચાલુ રહે તેની સંખ્યા આપની પ્રાદેશિક શાખાના કુલ સક્રિય અને સહાયક સભ્યોની સંખ્યા પર અવલંબિત હોય છે.

ચાલુ નિયંત્રણ મંડળ પર જુદી જુદી પ્રાદેશિક શાખાઓનું નીચે મુજબ પ્રતિનિધિત્વ છે:

		મોકલવાના નામો
મુંબઈ નગર પ્રાદેશિક	૧૨	૬
અમદાવાદ નગર પ્રાદેશિક	૧૦	૫
પૂના નગર પ્રાદેશિક	૫	૨
મહેસાણા જિલ્લા પ્રાદેશિક	૬	૩
થાણા જિલ્લા પ્રાદેશિક	૬	૩
ઇંદોર નગર પ્રાદેશિક	૪	૨
નાગપૂર નગર પ્રાદેશિક	૪	૨
વડોદરા ,, ,,	૪	૨
સૂરત ,, ,,	૨	૧

વધુ નવાં નામો મોકલવાં હોય તો કોઈ પણ પ્રાદેશિક શાખા નવા અને જૂના મળીને ૧૨ કરતાં વધુ પ્રતિનિધિ મોકલી શકશે નહિ.

ચાલુ નિયંત્રણ મંડળ દરેક પ્રાદેશિકની જે કંઈ સંખ્યા હોય તેટલી ચાલુ રાખવા માટે સંઘના નવા બંધારણ મુજબ સહાયક અને સક્રીય સભ્યોની ઓછામાં ઓછી સંખ્યા નીચે મુજબ રહેવી જોઈએ:

મુંબઈ	૧૨૦	ઇન્દોર	૪૦
અમદાવાદ	૧૦૦	થાણા	૬૦
પૂના	૫૦	વડોદરા	૪૦
મહેસાણા	૬૦	નાગપુર	૪૦

(જુઓ કોલમ બીજી)

નૂ. બા. શિ. સંઘના પ્રદાતા, દાતા, શુભેચ્છક અને આજીવન સભ્યો માટે

નોટિસ

એપ્રિલ ૧૯૫૮થી નૂતન બાલ શિક્ષણ સંઘના નિયંત્રણ મંડળની બે બેઠકો માટે સંઘના ઉપર દર્શાવેલા પ્રકારના સભ્યોમાંથી બે ઉમેદવાર ચૂંટવાના છે. તો એ વર્ગમાંથી જે ભાઈબહેનોની ઇચ્છા સંઘની સેવા કરવાની હોય તેઓ પોતાના નામો ફેબ્રુઆરીની ૧લી સુધીમાં સંઘના મંત્રી પર લખીને મોકલે. તા. ૧લી પછી આવેલાં નામો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

મંત્રી: નૂ. બા. શિ. સંઘ

(પહેલી કોલમથી ચાલુ)

સૂરત જિલ્લા પ્રાદેશિક હોય તો ૨૦, નગર પ્રાદેશિક હોય તો ૪૦.

ચાલુ જિલ્લા અને નગર પ્રાદેશિક શાખાઓમાં સભ્યોની સંખ્યા ઉપર જણાવ્યા મુજબ ન થાય તો નિયંત્રણ મંડળ પર મોકલવાના પ્રતિનિધિઓની સંખ્યા પણ દરેક ૧૦ સક્રિય અને સહાયક સભ્યો દીઠ ૧થી ઘટી જશે. માટે દરેક શાખા પોતાના સભ્યોની જરૂરી સંખ્યા બનાવી લે અને થઇ શકે તો વધુ સંખ્યા કરીને સંઘના નિયંત્રણ પર વધુ પ્રતિનિધિત્વ મોકલે.


નિયંત્રણ મંડળ પરનું પ્રતિનિધિત્વ

નિયંત્રણ મંડળ પ્રતિનિધિત્વ ધરાવવા માટે દરેક જીલ્લા પ્રાદેશિકમાં ઓછામાં ઓછા સક્રિય સભ્ય સાથે ૨૦ સહાયક સભ્યોની સંખ્યા આવશ્યક છે. તેમ જ દરેક નગર પ્રાદેશિકમાં ઓછામાં ઓછા સક્રિય સભ્યો સાથે ૪૦ સહાયક સભ્યોની સંખ્યા આવશ્યક છે.

જે પ્રાદેશિક શાખામાં ઉપર મુજબની સંખ્યા ન હોય તો તે શાખા પ્રાદેશિક શાખા તરીકે માન્ય થઇ શકશે નહિ. એથી ઓછી સભ્યપદ ધરાવતી શાખા સ્થાનિક શાખા ગણાશે.

દરેક શાખા નૂતન બાલ શિક્ષણ સંઘને મજબૂત બનાવવા માટે પોતાનું જૂનું બળ ટકાવી રાખે તેમ જ નવા પ્રદેશોમાં પ્રચાર કરે તો જ સંઘ વધુ વ્યાપક બની શકશે.

મંત્રી, નૂ૦ બા૦ શિ૦ સંઘ




SERVE YOU WITH
INDIA'S BEST

Manufacturers

PARADISE PRODUCTS Co.,
B/17, SARVODAYA NAGAR, BOMBAY. 4.

CLEANS
FAR BETTER
LASTS
FAR LONGER

Aryan
Regd



ARYAN Tooth Brush is so designed as to reach every nook & crevice of your dental system.

AVAILABLE IN PLASTIC CONTAINERS ALSO

શાંડુ

ચ્યવન-પ્રાશાવલેહ

(અષ્ટવર્ગયુક્ત)



શીયાળામાં લેવા માટે
અત્યુત્કૃષ્ટ લોનિક.
"ચતુર્મુખ"ની સાથે
લેવાથી તુરત
ગુણ કરે છે.

દત્તાત્રેય કૃષ્ણ સાંડુ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પ્રાયવેટ લિ.
ચેંબૂર-મુંબઈ ૭૪



યુનિકેમ

દવાઓ
ભરોસાથી
એક માત્ર વિશ્વસનીય
નામ

UNICHEM LABORATORIES
QUALITY
RELIABILITY

યુનિકેમ લેબોરેટરીઝ, મુંબઇ. ૨૬

શિક્ષક અને ધીરજ

☆

શિક્ષકને ડગલે ને પગલે ધીરજની જરૂર પડે છે. નવો નવો શિક્ષક વર્ગમાં જાય ત્યારે તો કસોટી જ થાય છે. તે વખતે ઢઢળી પડતા શિક્ષકને પછી સ્વસ્થ થતાં બહુ વાર લાગે છે. પણ જો તેણે ધીરજ રાખવાની ટેવ પાડી હશે તો તે કદાચ શરૂઆતમાં જરાક મૂંઝાશે તો પણ નિરાશ નહિ થાય. જે મુશ્કેલી આવવાની છે તેની પૂર્વકલ્પના કરીને તેના ઉપાયો વિચારવા તે પણ ધીરજ કેળવવા માટે બહુ જરૂરી બાબત છે. લડાઇમાં વાપરવાના બધાં શસ્ત્રોની તાલીમ લીધી હોય, પણ લશ્કર જોતાંવેંત જ જો છક્કા છૂટી જાય તેવું હૈયું હોય તો શા કામનું? પછી તો ભાગવામાં એ જ શસ્ત્રોનો ભાર આકરો લાગવાનો.

પણ કેવળ શરૂઆતમાં જ ધીરજની જરૂર પડે એવું નથી. શિક્ષક તરીકેના ધંધામાં તો ઠેઠ સુધી ધીરજની જરૂર પડવાની. જુદાજુદા સ્વભાવનાં બાળકો, ઊભા થતા અનેક પ્રશ્નો, આપણે શીખવીએ તો પણ બાળકને ન આવડે, એક ને એક વાત વારંવાર કહેવા છતાં બાળકના વર્તનમાં ફેર ન પડે. આ બધાંમાંથી આપણને ઉપાયો તો જડવાના—જો આપણે ધીરજપૂર્વક આ બધાનો વિચાર કરીશું તો. ધીરજને અભાવે જ મોટે ભાગે શાળામાં શારીરિક શિક્ષાનું પ્રમાણ વધ્યું છે. શિક્ષકોને બાળક પર પ્રેમ હોવા છતાં, એટલે કે કોઇ જાતનું વેર ન હોવા છતાં, શિક્ષાનું પ્રમાણ વધવાનું કારણ શિક્ષકમાં ધીરજનો અભાવ એ છે. જો કે આપણા સમાજમાં બધે ય આ દેખાય છે, પણ આપણે અહીં શિક્ષણના ધંધા પૂરતો જ વિચાર કરીએ છીએ. સામાન્ય જીવનમાં પણ ધીરજવાન માણસ પર ઘણા લોકો વિશ્વાસ મૂકતા હોય છે. આશ્વાસન માટે પણ તેવા માણસોની વાણી પ્રેરણાત્મક બને છે, અને શિક્ષકને તો કેટલાં ય બાળકોને આવું આશ્વાસન ને આવી પ્રેરણા આપવાનું કામ કરવાનું છે. હોરેસ વૉલપોલ નામના લેખકે કહ્યું છે: કંટાળો એ શિક્ષણનું મહાપાતક છે.

(કોડિયું)

મૂળશંકર ભટ્ટ

મુદ્રક અને પ્રકાશક: શેષ નામલે, 'શિક્ષણ–પત્રિકા' કાર્યાલય, ૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ-૧૪.
મુદ્રણસ્થાન: સ્ટેટ્સ મૉપલ પ્રેસ, ધોબી–સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ નં. ૧.

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૭૨ : અંક ૧૧ : ફેબ્રુઆરી, ૧૯૫૮

કેળવણીનો મૂળભૂત સિદ્ધાંત

*

કર્મપરાયણ લોકો હંમેશ પ્રેમથી બોલે છે; સમજે છે. સામેનો માણસ સમજતો નથી ત્યારે આપણો અવાજ એકદમ ઊંચે ચડે છે એ હિંસાની પ્રક્રિયા સમજવી. આપણે પ્રેમથી સમજાવીએ તેની ને અસર ન થાય તો પછી વધુ તીવ્ર બનવાથી એની અસર શી રીતે થવાની. ત્યારે એમ સમજવું કે આપણો પ્રેમ ઓછો પડે છે. વધુ પ્રેમ જોઈએ એમ આપણને થવું જોઈએ. આ વાત હું સમગ્ર સમાજ માટે કહી રહ્યો છું. રાજ્યશાસન, વ્યાપાર, વ્યવહાર, સામાજિક ક્ષેત્ર, કૌટુંબિક જીવન એ બધાંને એ લાગુ પડે છે. કેળવણીનો આ મૂળભૂત સિદ્ધાંત છે.

—વિનોબાજી

સંસ્થાપકો :
સ્વ૦ ગિજુભાઇ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
રોષ નાભલે

☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કોલોની દાદર, મુંબઇ-૧૪

દુનિયાનો અંત

ઝાડ ઉપરથી ખખાક દઈને સૂકાં પાંદડાં ઉપર ફળ પડયું; સસ્સાભાઈને લાગ્યું કે "આ તો ખરેખર પૃથ્વીનો પ્રલય થઈ રહ્યો છે, ભાગો ભાઈ! ભાગો!"

સસલું તો ઝપાટાભેર દોડયે જતું હતું ત્યાં બીકમાં ચરતા બીક હરણે પૂછયું, "કેમ સસ્સાભાઈ આટલા બધા ઉતાવળા કયાં દોડ્યા જાઓ છો?"

"કેમ, પૃથ્વીનો પ્રલય થઈ રહ્યો છે તેની તમને ખબર નથી પડતી? જો બચવું હોય તો મારી પાછળ પાછળ હાલ્યા આવો! સસલું હાંફતું હાંફતું બોલ્યું.

હરણ તેની પાછળ દોડયું. અને જરા વારમાં તો ભેંસ, જંગલી આખલો, ગેંડો, વાઘ, હાથી અને સિંહ સુધ્ધાં આ ભાગંભાગમાં જોડાયા. અરે, આ તો આખા પ્રાણી જગતનું સરઘસ એમની પાછળ આવ્યું.

માઇલોના માઇલો સુધી આ પ્રાણીઓ ગભરાટના માર્યા દોડ્યા—આખરે તેઓ થાક્યા. પછી હાથીને થયું કે ભાઇ પૃથ્વીના પ્રલયની કંઇ નિશાની તો જણાતી નથી! તેથી તેણે વાઘને પૂછયું, "વાઘ ભાઇ, પૃથ્વીનો પ્રલય થઈ રહ્યો છે તેની તમને ખાતરી છે?"

વાઘ અટક્યો અને બોલ્યો, "મને તો ભાઇ, આ ગેંડાએ કહ્યું."


"મને ખાતરી નથી હોં ભાઇ!" ગેંડો બરાડ્યો. "મને તો આ આખલાએ કહ્યું."

આખલો ગર્જ્યો, "મારો વાંક કેમ કાઢે છે? મને તો આ ભેંસે જે કહ્યું તે મેં બીજાને કહ્યું."

ભેંસે હરણ તરફ સૂચક દૃષ્ટિએ જોયું અને હરણ બબડયું, "આ સસ્સા ભાઇનાં જ બધાં કારસ્તાન છે!"

હાથીએ ચીચીગારી પાડીને સસલાને પૂછયું, "કેમ, સસ્સા ભાઇ, પૃથ્વીનો પ્રલય થઈ રહ્યો છે એવું તમને કોણે કહ્યું?"

"મને વળી કોણ કહેવાનું હતું?" સસલાએ અભિમાનપૂર્વક કહ્યું. "ખખાક દઈને અવાજ થયો કે તરતજ મને તો ખબર પડી ગઇ; મને એમ લાગ્યું કે નક્કી હવે દુનિઆનો અંત આવી લાગ્યો છે."





"તને એમ લાગ્યું" હાથી હસી પડ્યો, અને બડાખડાટ હસતાં બધાંજ પ્રાણીઓ વિખરાયાં.

વાર્તાનો સાર: સત્ય હકીકત મેળવી શકાય તેમ હોય અને આપણે જાણતા હોઇએ તો પછી વજુદ વગરની અફવાઓ સાંભળવી નહિં. આપણે 'ડાલ્ડા'નોજ દાખલો લઇએ. તેને વિષે સત્ય હકીકત શું છે? સુસ્ત સરકારી ધોરણ અનુસાર શુધ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલું એ સર્વ વાનગીઓ બનાવવા માટે ઉપયોગી રાંધણ દ્રવ્ય છે. વધારાના પોષણ માટે તેમાં પ્રત્યેક ઔંસ દીઠ ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'એ'ના ઉમેરવામાં આવે છે—સારી જાતના ઘીમાં પણ આટલું વિટામિન 'એ' હોય છે—આ ઉપરાંત તેમાં ૪૬ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'ડી'ના પણ ઉમેરવામાં આવે છે. લાખ્ખો ગૃહિણીઓ 'ડાલ્ડા'થી રાંધે છે કારણ કે 'ડાલ્ડા' રાંધવા દ્રવ્ય હોવા ઉપરાંત પૌષ્ટિક ખોરાક સુધ્ધાં છે એની તેમને ખબર છે!

DL. 225-252 GJ

હિન્દુસ્તાન લીવર લિમિટેડ, મુંબઇ.





શીર્ષાસનનો નિયમીત પ્રયોગ, લાંબે ગાળે સફેદ વાળને શ્યામ કરે છે એમ કહેવાય છે પરતુ એના માટે માનસિક શાન્તી ઉપરાંત સમયના ભોગની પણ જરૂર છે.

આધુનીક યુગમાં એમ કરવાની જરૂર નથી **લોમાજ** સફેદ વાળને શ્યામ કરવાનો સચોટ, સલામત અને સરળ ઉપાય છે.





લોમા હવે પીલ્ફરપ્રુફ ઢાકણવાળી ખાસ બનાવેલી બાટલીમાં સર્વત્ર મળે છે.

લોમા REGD.

સોલ એજન્ટસ . **એચ. એમ. પંજાત્વાલા,** અમદાવાદ,૧.

એજન્ટસ : સી. નરોતમની કું., મગલદાસ રોડ, મુંબઈ ૨. ફોન : ૩૦૫૭૫

"શિક્ષણપત્રિકા"

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ — હેમલતાબેન આળવી
હરપ્રસાદ ભટ્ટ — રમેશભાઇ કોઠારી
જયંતિભાઇ ઓઝા — કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

પૂર્વપ્રાથમિક કેળવણીનો પ્રશ્ન	સંપાદકીય	૩
પૂર્વપ્રાથમિક શિક્ષકોની પસંદગી	શે૦ ના૦	૫
વાચન કયારે આપવું ?	શે૦ ના૦	૮
ક્ષોભ-પ્રક્ષોભ	'ઓજસ્'	૯
શિક્ષક કેવો હોવો જોઇએ ?	અનામી	૧૪
ચીમનના ચશ્મા	રતિભાઇ અમીન	૧૯
સ્વીકાર-સમાલોચના		૨૦
બાળશિક્ષણ અને સંઘ સમાચાર		૨૦
— બાલવિભાગ —		
બતકોને મોતીની માળા જોઇએ	સુમતિ પાયગોંવકર	૨૧
બોર ખાવાને	અનુતાઇ	૨૩
શાકવાળી	શાંતિભાઇ રાવળ	૨૩
ફૂલડાં	વ૦ દેસાઇ	૨૩
દહેંગી	શાંતિભાઇ રાવળ	૨૪
કાગડો	વ૦ દેસાઇ	૨૪

નૂતન બાળ–શિક્ષણ સંઘ

સ્થાનિક શાખા ખોલવા સંબંધે: સંઘનું સાહિત્ય મગાવીને કોઇ પણ બાલશિક્ષણ સંસ્થા પોતાના વિદ્યાર્થીવર્ગના વાલી, શિક્ષક અને બાલપ્રેમીઓમાંથી ૨૫ સભાસદો બનાવીને સંઘની સ્થાનિક શાખા શરૂ કરી શકે છે.

પ્રાદેશિક શાખા : કોઇ પણ જિલ્લામાં ચાર સ્થાનિક શાખા સ્થાપન થતાં, તે તે શાખાના પ્રતિનિધિઓ મળીને એક જિલ્લા શાખાની સ્થાપના કરી શકે છે. આવી શાખાને પ્રાદેશિક શાખા કહેવામાં આવશે. આવી શાખાના પ્રતિનિધિને સંસ્થાના નિયંત્રણ મંડળમાં લેવામાં આવશે. સંઘનું બંધારણ, પ્રવેશપત્રો, સૂચના, માહિતી વગેરે સાહિત્ય મેળવવા માટે નીચેને સરનામે લખવું:

મંત્રી : નૂતન બાળશિક્ષણ સંઘ
૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ–૧૪.

ગ્રાહકો–લેખકોને અગત્યની સૂચના

☆ "શિક્ષણપત્રિકા" એ નૂતન બાળશિક્ષણ સંઘનું મુખપત્ર છે. આથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળે જ બની જાય છે.

☆ "શિક્ષણપત્રિકા" એ બાળજીવનના વિકાસ અને કેળવણી સબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમ જ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એકમાત્ર માસિક છે.

☆ "શિક્ષણપત્રિકા"માં પ્રકાશન અર્થે આવતાં લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એક જ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા"ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

☆ "શિક્ષણપત્રિકા"માં બાળશિક્ષણ તેમ જ સંઘ-સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે, તેથી તે અંગેના સમાચારો તા. ૧૨મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા"માં સંપાદકીય નોંધ સિવાય રજૂ થતા લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહિ.

☆ "શિક્ષણપત્રિકા" ગુજરાતી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧૦મી અને ૨૦મીએ પ્રગટ થાય છે.

☆ "શિક્ષણપત્રિકા"ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્રવ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા" માટેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા વિનતિ છે:

વ્યવસ્થાપક, "શિક્ષણપત્રિકા"

૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ–૨૪.

મુંબઇ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનના કેળવણી ખાતાઓ માન્ય કરેલ

નૂતન બાળશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ પત્રિકા

વર્ષ : ૩૨] ફેબ્રુઆરી, ૧૯૫૮ [અંક : ૧૧

સંપાદકીય

પ્રાથમિક અને માધ્યમિક કેળવણીના પ્રશ્ન અંગે સરકારે નીમેલી સમિતિ અને—

પૂર્વપ્રાથમિક કેળવણીનો પ્રશ્ન

મુંબઇ સરકારે રાજ્યના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સાથે સંકળાયેલા એકીકરણના પ્રશ્ન માટે બે જુદી જુદી સમિતિઓની નિમણૂક કરી છે. પ્રાથમિક શિક્ષણ માટેની સમિતિના પ્રમુખ કોલ્હાપુરની શ્રી મૌની વિદ્યાપીઠના મંત્રી શ્રી જે. પી. નાયક છે. સમિતિના અન્ય સભ્યો આ મુજબ છેઃ સૌરાષ્ટ્રના હાલારના અલિયામાડાના શ્રી ગોપાલદાસ મહાવિદ્યાલયના આચાર્ય શ્રી ડી. આર. માંકડ, અમરાવતી જિલ્લાના કરાજ ગામના ડૉ. એ. જી. સોનાર, મરાઠવાડાના શ્રી આર. જી. પરાંજપે, અમદાવાદના શ્રી મગનભાઇ રણછોડભાઇ પટેલ, શિક્ષણના નાયબ સચિવ શ્રી જે. એ. વકીલ અને શિક્ષણના નાયબ સચિવ શ્રી બી. આર. કોલાટકર (સભ્ય સેક્રેટરી).

પ્રાથમિક શિક્ષણ માટેની એકીકરણ સમિતિ રાજ્યના જુદા જુદા પ્રદેશોમાં પ્રાથમિક બુનિયાદી અને પૂર્વ-પ્રાથમિક શિક્ષણની હાલ પ્રવર્તતી પરિસ્થિતિની મોજણી કરશે અને તેના ઉપર સરકારને અહેવાલ આપશે. તેમ જ સમગ્ર રાજ્યમાં નીચેની બાબતોનું ખાસ ધ્યાન રાખીને પ્રાથમિક તેમ જ પૂર્વ પ્રાથમિક તબક્કે શિક્ષણની એક-સરખી પરંતુ સુધારાવધારાને પાત્ર એવી પદ્ધતિનું ઘડતર કરવા માટેના જરૂરી પગલાં ઉપર સરકારને સલાહ આપશે :

(૧) પ્રાથમિક શિક્ષણનો વહીવટ, (૨) પ્રાથમિક શિક્ષણના ઉદ્દેશો, તંત્ર અને તેમાં સમાવેશ કરવાની બાબતો, (૩) પ્રાથમિક શિક્ષણનું વિસ્તૃતિકરણ, (૪) પ્રાથમિક શિક્ષકોની તાલીમ (જેમાં શિક્ષકોની પસંદગી, અભ્યાસક્રમ અને પરીક્ષાઓ અંગેના પ્રશ્નોનો સમાવેશ થાય છે), (૫) પ્રાથમિક શાળાઓ અને તાલીમી કૉલેજોની વ્યવસ્થા કરતી ખાનગી સંસ્થાઓને આર્થિક સહાય, (૬) બુનિયાદી શિક્ષણને વિસ્તૃત કરવાના કાર્યક્રમો, (૭) રાજ્યના અન્ય વિસ્તારો માટે એમ. પી. વિદ્યા-મંદિર ધારો વિસ્તૃત કરવો અને (૮) પૂર્વપ્રાથમિક શિક્ષણની બાબતમાં સરકારે કેટલા પ્રમાણમાં સીધી જવાબદારી લેવી જોઇએ અને આ ક્ષેત્રમાં કામગીરી કરતી ખાનગી સંસ્થાઓને આર્થિક સહાય આપવાના પ્રશ્ન અંગેની બાબતો.

સમિતિ તેનો અહેવાલ ચાર માસના સમયમાં સુપરત કરશે.

ઉપર મુજબ પ્રાથમિક શિક્ષણ સમિતિની સાથોસાથ સરકારે માધ્યમિક કેળવણીના સંઘટન અંગેના પ્રશ્નો માટે એવી જ બીજી સમિતિ નીમી છે, પરંતુ પૂર્વ-પ્રાથમિક કેળવણી સાથે તેનો પ્રત્યક્ષ સંબંધ ન હોવાથી 'શિક્ષણ પત્રિકા'ના વાચકોનું ધ્યાન અમે પ્રાથમિક શિક્ષણ સમિતિની યોજના તરફ દોરીએ છીએ.

આ સમિતિ પ્રાથમિક કેળવણીની સાથોસાથ પૂર્વ-પ્રાથમિક કેળવણીનો વિચાર કરવાની છે એ પૂર્વપ્રાથ-મિક કેળવણી માટે ઘણી આવકારદાયક ઘટના છે. પ્રાથમિક અને પૂર્વપ્રાથમિકનો સંબંધ ઘણો જ ઘનિષ્ઠ છે છતાં આજની સારી કક્ષાની પૂર્વપ્રાથમિક સંસ્થામાં શિક્ષણ પ્રાપ્ત કરતાં બાળકોને જ્યારે પ્રાથમિક શાળા-ઓમાં મૂકવામાં આવે છે ત્યારે એ બાળકો પ્રત્યે જે જાતનો વર્તાવ રાખવામાં આવે છે તેનાથી બાળકોને એક દુનિયામાંથી બીજા જ પ્રકારની દુનિયામાં આવી પડયાનો અનુભવ થાય છે. પરિણામે એ નવી દુનિયા સાથે સયોજન

સાધવાની બાળકોને ઘણી મુશ્કેલી પડે છે. વાલીઓ તે સંબંધમાં પૂર્વપ્રાથમિક શાળાના સંચાલકો પાસે ફરિયાદ કરતા આવે છે, બાળકો પ્રાથમિક શાળા પ્રત્યે અણગમો વ્યકત કરે છે, પરંતુ સંયોજન સાધવું જ જોઇએ એવી મોટેરાંઓની અપેક્ષા હોવાથી બાળકો એ નવી દુનિયા સાથે પોતાનો મેળ સાધી લે છે.

પણ શું આ પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક નિશાળોની દુનિયામાં એટલો તફાવત રાખવાની જરૂર છે ખરી? એમાંથી કઇ દુનિયાની રીતિનીતિ યોગ્ય ગણાય એનું કોઇ માપ કાઢશે કે નહિ? પ્રાથમિક શાળામાં બાળક પ્રત્યે જે વર્તન રાખવામાં આવે છે; ત્યાં જે પ્રકારની અત્યારે શિક્ષણપદ્ધતિ ચાલે છે એનો મેળ પૂર્વપ્રાથમિક શિક્ષણપદ્ધતિની સાથે કરવાની અથવા પૂર્વપ્રાથમિકનો મેળ પ્રાથમિક સાથે કરી લેવાની જરૂર છે કે નહિ? પૂર્વપ્રાથમિક સંસ્થાઓમાં હવે હજારોની સંખ્યામાં બાળકો જાય છે તેથી સરકારના ધ્યાનમાં એ પ્રશ્ન આવ્યો હશે અને તેથી આ સમિતિને પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક કેળવણીના ધોરણોમાં કંઇક સુમેળ સાધવાનું કામ સોંપ્યું હશે એમ અમે માની લઇએ.

સમિતિના આ મુખ્ય કાર્ય સાથે પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અંગે સરકારે કેટલી હદે જવાબદારી ઉપાડવી એ બીજો અગત્યનો પ્રશ્ન આ સમિતિને વિચારવાનો રહે છે. નૂતન બાળશિક્ષણ સંઘના સંમેલનમાં આ પ્રશ્ન વખતોવખત ચર્ચાયો છે. તેમાં કેટલાક વિચારકો પૂર્વપ્રાથમિક કેળવણીમાં સરકારી હસ્તક્ષેપ જરા પણ ન રહેવો જોઇએ એવો મત ધરાવે છે ત્યારે બીજા કેટલાક વિચારકો એમ માને છે કે આપણા દેશની આજની આર્થિક, સામાજિક અને સાંસ્કારિક પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં એમાં સરકારની મદદ મળવી અનિવાર્ય છે. સરકાર અત્યારે આપણી જ છે. એની શાસનવ્યવસ્થામાં જે કોઇ ખામીઓ દેખાતી હોય તો તે ખામીઓ દૂર કરવી એ પણ એક નાગરિક તરીકેની આપણી ફરજ છે. તેથી સરકારી શાસન સાથે અનુકૂળ રીતે વર્તવાથી જ આપણી સંસ્થાઓની પ્રગતિ થઇ શકશે એવું તેઓ માને છે. સરકારી હસ્તક્ષેપ ન જોઇએ એમ કહેવાવાળા લોકો એમ કહે છે કે શાસનવ્યવસ્થા હંમેશ આંધળી જ હોય છે. શિશુ કેળવણી જેવા અત્યંત નાજુક વિષયમાં સરકારી આંધળુ શાસનતંત્ર આવે તો એ કેળવણી કોઇ દિવસ તેજસ્વી રહી શકશે નહિ. આજની કેળવણીની સંસ્થાઓને સરકારી શાસનનો જે દુઃખદ અનુભવ થાય છે તે ટાંકીને તેઓ કહે છે કે શિશુકેળવણીને સરકારી શાસન અથવા તંત્રથી બચાવો. આ પરસ્પર વિરોધી વિચારો સંબંધમાં તટસ્થ રીતે વિચાર કરવા માટે પૂર્વ-પ્રાથમિક કેળવણીને સરકારી શાસનતંત્રથી કયાં કયાં રક્ષણ મળવું જોઇએ એનો વિચાર થવો જોઇએ.

હવે આ ક્ષેત્રની જવાબદારી સરકાર પ્રત્યક્ષ ન લેવા માગતી હોય તો અત્યારે આ ક્ષેત્રમાં જે ખાનગી સંસ્થાઓ કાંઇ કરી રહી છે તેને કયા ધોરણે મદદ આપવી એ સંબંધમાં પણ સમિતિએ સરકારને માર્ગ-દર્શન કરવાનું છે. ખાનગી પૂર્વપ્રાથમિક સંસ્થાઓને આપવાનું ધોરણ શું રાખવું એ પ્રશ્ન પણ આપણે ધારીએ તેટલો સહેલો નથી. એક તો મુંબઇ રાજ્યમાં જે નવા પ્રદેશો જોડાયા છે એ પ્રદેશોમાં અનુબંધન અંગેનું કંઇક ધોરણ પ્રચલિત હતું. બીજું પૂર્વપ્રાથમિક સંસ્થાઓના ખરચના ધોરણમાં કોઇ એક ધોરણ દેખાતું નથી. જે જે વસતિમાં આ સંસ્થાઓ નીભળી છે, તે વસતિની અપેક્ષાને કંઇક અંશે પહોંચવાની દૃષ્ટિએ એ સંસ્થાઓની સાધનસામગ્રીનું વિસ્તરણ અવલંબિત હોય છે. શિક્ષકોના પગારો, શાળાની વ્યવસ્થા બધું જ જુદી જુદી કક્ષાએ થતું હોય છે. પ્રાથમિક અથવા માધ્યમિક સંસ્થાઓની જેમ એના ખરચના ધોરણમાં કોઇ પ્રકારની નિશ્ચિતિ દેખાતી નથી. તે માટે પૂર્વ-પ્રાથમિક કેળવણી પર વ્યાજબી ખર્ચ કયું ગણવું અને બેરવ્યાજબી કયું ગણવું એ પણ સમિતિએ વિચારવાનું રહેશે. આ માટે પૂર્વપ્રાથમિક સંસ્થાની અનિવાર્ય જરૂરિયાતો ધ્યાનમાં લેવી પડશે.

પૂર્વપ્રાથમિક કેળવણી અંગે સમિતિને શું શું વિચારવાનું રહેશે તે અંગે અમે તો કેવળ ત્રણ પ્રશ્નોનો નિર્દેશ કર્યો છે. સમિતિનો કાર્યપ્રદેશ જોતાં પૂર્વપ્રાથમિક કેળવણી અંગે જેને કંઇ અનુભવ છે, જેણે કંઇક આ સંબંધમાં વિચારો કર્યા છે, એવી વ્યક્તિઓને આ સમિતિ પર લેવાની કેટલી જરૂર છે તેની કલ્પના કરવી કોઇ અઘરી વાત નથી.

આ સમિતિમાં જે વ્યક્તિઓને લેવામાં આવી છે તે પોતાના ક્ષેત્રોમાં અધિકારી વ્યક્તિઓ હોઇ શકે, એમના પ્રત્યે અમને સન્માનની જ લાગણી છે; છતાં

પૂર્વપ્રાથમિક શિક્ષકોની પસંદગી

કોઇ પણ વ્યવસાયની પ્રગતિ તે વ્યવસાયની યોગ્ય યોજના, યોજક અને કાર્યવાહક ઉપર અવલંબે છે અને છતાં આ ત્રણે ઘટકો પોતપોતાની રીતે મહત્ત્વના હોય તો પણ, આખરે તે વ્યવસાયની પ્રગતિ મુખ્યત્વે કાર્યવાહક ઉપર વિશેષ અવલંબે છે. કાર્યવાહક યોગ્ય હોય તો યોજક અને યોજનાની ખામીઓ દૂર કરીને તે યોજનાઓ સફળ કરીને બતાવે છે. એનાથી ઊંધું, સારા યોજક અને યોજના હોય પણ તે અયોગ્ય કાર્યકર્તાના હાથમાં પડે તો તે અસફળ નીવડે છે.

બાલશિક્ષણના ક્ષેત્રમાં આ કાર્યકરનો દાખલો અથવા શિક્ષકનું મહત્ત્વ અન્ય કોઇ પણ ક્ષેત્ર કરતા વધારે મહત્ત્વનું છે. શિક્ષક જ શિક્ષણસંસ્થાની પ્રગતિનો મુખ્ય આધાર છે અને એટલે બાલશિક્ષણ સંસ્થાના શિક્ષકની પસંદગી યોગ્ય રીતે થયા સિવાય બાલશિક્ષણમાં પ્રગતિની આશા રાખવી નકામી છે.

આપણી બધી અધ્યાપન સંસ્થામાં અઢારથી તે પાંત્રીસ વર્ષ સુધીના સ્ત્રી અને પુરુષોને પ્રવેશ આપવા અંગે નિયમ કરવામાં આવ્યો છે. આ નિયમ અંગેનો લગભગ વીસ વર્ષ સુધીનો પ્રત્યક્ષ અનુભવ આપણી પાસે છે. નિયમ પ્રમાણે અધ્યાપન સંસ્થામાં સ્ત્રી-પુરુષોનો પ્રવેશ હોવા છતાં આ ક્ષેત્રમાં પગારનું ધોરણ, નોકરીની શાશ્વતી કે એવા કોઇ ધોરણો કે નિયમો ન હોવાથી અને અન્ય પણ કેટલાંક કારણોને લીધે પુરુષવર્ગ અધ્યાપન સંસ્થા તરફ ખાસ વળતો નથી. અધ્યાપન મંદિરમાં કુલ વિદ્યાર્થીઓની સંસ્થામાં સેંકડે દશ ટકા પણ પુરુષો હોતા નથી. તેને લીધે હાલ પૂર્વપ્રાથમિક સંસ્થામાં ઘણે ઠેકાણે સ્ત્રીઓ જ હોય છે. બીજું, આ ક્ષેત્રમાં દાખલ થનાર સ્ત્રીઓમાં પણ તરત જ મૅટ્રિક અથવા શાળાન્ત પરીક્ષા પછી ફાઇનલ પસાર થયેલી સ્ત્રીઓની સંખ્યા વધારે પ્રમાણમાં હોય છે. કારણ ફાઇનલ અથવા મૅટ્રિક થયા પછી આ શિક્ષણક્રમ માટે લાયક ગણવામાં આવે છે, અને એવા વિદ્યાર્થીઓ અઢારથી તે વીસ વર્ષના હોય છે. અધ્યાપન સંસ્થામાં એક વર્ષ શિક્ષણ લીધા પછી આ પૂર્વપ્રાથમિક સંસ્થામાં શિક્ષકના પદ માટે તેમને લાયક ગણવામાં આવે છે.

આ વયમાં કેટલીક સ્ત્રીઓ અવિવાહિત હોય છે તો કેટલીક નવવિવાહિત હોય છે. અવિવાહિત સ્ત્રીઓ સામાન્ય રીતે પોતાના માતાપિતાના કુટુમ્બમાં રહે છે, તો વિવાહિત સ્ત્રીઓને માથે નવા કુટુમ્બની વધતી-ઓછી જવાબદારી પડેલી હોય છે. આપણા સમાજમાં પ્રૌઢ છોકરી વિવાહિત હોય અથવા અવિવાહિત હોય પરંતુ પ્રૌઢ છોકરાની જેમ રહી શકતી નથી. કુટુમ્બના રસોડાનાં કામો, નાનાં બાળકો અંગેનાં બધાં ઘરનાં કામો છોકરીઓને જ કરવા પડે છે. આ ઘરનાં કામોમાં છોકરાઓનો હિસ્સો હોવો જોઇએ એવો આગ્રહ કોઇ પણ કુટુમ્બના કોઇ પણ ઘરમાં થતો નથી, પરંતુ પ્રૌઢ છોકરીએ તેમાં હિસ્સો આપવો જોઇએ એવી આપણી રૂઢિ છે. માતાપિતાના કુટુંબમાં પણ મોટેરાંઓ

પૂર્વપ્રાથમિક ક્ષેત્રનો કોઇને અનુભવ નથી એ હકીકત છે.

ટૂંક વખત પહેલાં પૂર્વપ્રાથમિક કેળવણીનો અને પૂર્વપ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓનો અભ્યાસક્રમ ઘડવા માટે સરકારે શ્રીમતી સુન્નમાબાઇ પાણદીકરના પ્રમુખપદે એક સમિતિ નીમી હતી. એ સમિતિનો અહેવાલ આ નવી સમિતિ માટે માર્ગદર્શક નીવડશે છતાં એ સમિતિના વિચારોનો લાભ અહેવાલો પરથી જે કંઇ મળે તેના કરતાં એ સમિતિમાંથી કોઇ વ્યક્તિને આ સમિતિ પર લેવાની અમે જરૂર જોઇએ છીએ. પ્રાથમિક અને પૂર્વ-પ્રાથમિક કેળવણીના ધોરણમાં સુસંગતા લાવવા માટે પ્રાથમિક કેળવણી જેટલું જ પૂર્વપ્રાથમિક કેળવણીનું પ્રતિનિધિત્વ રહેવાની જરૂર છે.

આજની પૂર્વપ્રાથમિક કેળવણીનું સ્વરૂપ એ પ્રાથમિક કેળવણીને પણ માર્ગદર્શક બની શકે એવું છે. બાળ-માનસશાસ્ત્ર સાથે તેને હંમેશ નિકટ સંબંધ રહ્યો છે. આથી પૂર્વપ્રાથમિક કેળવણીના વ્યવહારમાંથી પ્રાથમિક કેળવણી વિષયક વિચારોને ઘણું લેવા જેવું રહેશે. આ હકીકત ધ્યાનમાં લેશું તો આજની સમિતિમાં પૂર્વ-પ્રાથમિક કેળવણીને સરખું પ્રતિનિધિત્વ અપાય તો જ આ સમિતિ પાસેથી વધુ સમતોલ ધોરણની અપેક્ષા રાખી શકાય એવો અમારો અભિપ્રાય છે. આ સમિતિને વધુ કાર્યક્ષમ બનાવવા માટે સરકાર યોગ્ય પગલાં લેશે એવી અપેક્ષા આપણે રાખીએ. —શે૦ ના૦

ઘરકામ કરે છે ત્યારે છોકરી નોટ અને પુસ્તકો લઈને અભ્યાસ કરે તે છોકરાંઓને પણ સારું નથી લાગતું. અભ્યાસ કરતાં પોતાના ભાવિ જીવનની સાચી તૈયારી ગૃહકામમાં સહભાગી થવાથી વધુ થાય છે એવો પણ તેમનો ખ્યાલ હોય છે.

નવવિવાહિત સ્ત્રીઓને તો નવા કુટુંબમાં નવી વ્યક્તિઓ સાથે માનસિક તથા વ્યવહારિક સંયોજન સાધવાનું હોય છે તેવા જ તેને પોતાના બાળકનો ભાર પડે એટલે તેને બહારની નોકરી કરવાનું લગભગ અશક્ય બને છે અથવા તેને પોતાના બાળકની સંભાળ લેવા માટે કોઈ બીજી વ્યવસ્થા કરવી પડે છે. આ વયની છોકરીઓ અંગે કુટુંબમાંની અને સમાજની વ્યક્તિઓની અપેક્ષા અને તેની આજુબાજુની પરિસ્થિતિની સાથોસાથ આ વયની છોકરીઓના મનનો વિચાર થવો આવશ્યક છે.

અવિવાહિત પ્રૌઢ છોકરી આ વયમાં પ્રશિક્ષણ લે અથવા બાલશિક્ષણ સંસ્થામાં નોકરી કરે પરંતુ સ્વભાવતઃ આ વ્યવસાયમાં તે પોતાનું સર્વ લક્ષ કેન્દ્રિત કરી શકતી નથી. લગ્ન પછી તો એની દ્વિધાસ્થિતિમાં વધુ તીવ્રતા આવીને તેના મન ઉપરની તાણ વધે છે. ઘર ચલાવવાની તથા તેમાંની નાનીમોટી વ્યક્તિને સંભાળવાની જવાબદારી તેના ઉપર આવી પડે છે. તેને બધું જ કરવું જોઈએ એવી સમજણ હોવાને લીધે નોકરીમાં વિશેષ લક્ષ આપીને કામ કરવું તેને માટે અશક્ય બને છે.

કેટલીક વિવાહિત છોકરીને નોકરી કરવા માટે ઘરનો વિરોધ હોય છે, પણ પોતાના સ્વાવલંબનની દૃષ્ટિથી અથવા પોતે જે કંઈ શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તેનો ઉપયોગ કરવાની દૃષ્ટિથી પોતાને નોકરી કરવાનું મન થાય છે એમ છોકરી કહે છે ત્યારે ઘરની વ્યક્તિઓનો વિરોધ ઓછો થાય છે, છતાં 'કોઈને કંઈ ઓછું ન પડે' એની કાળજી લઈને નોકરી ચાલુ રાખવાનો તે પ્રયત્ન કરે છે. તેમાં પાછું લગ્ન પછી પોતાના બાળકની જવાબદારી તેના ઉપર વધે છે. જે કુટુમ્બની સ્ત્રીઓને અર્થોત્પાદન કરવાની આવશ્યકતા હોય છે ત્યાં કુટુમ્બીજનોનો નોકરી કરવા સામે વિરોધ હોતો નથી, પરંતુ સ્ત્રી નોકરી કરે તો પણ ઘરની જવાબદારી સંભાળીને જ નોકરી કરવી એવી અપેક્ષા બહુસંખ્ય કુટુમ્બોમાં હોય છે.

તે નોકરી કરતી હોય તો પણ તેનું મન નોકરીમાં રહેવું કેટલે સુધી શક્ય છે? અને વિવાહિત થાય તો ઘર ચલાવવાની ઓછીવત્તી જવાબદારી તેના ઉપર પડે છે. આવી સ્ત્રીઓને કુટુમ્બ થોડેઘણે અંશે અનુકૂળ થવાનો પ્રયત્ન કરે છે, પરંતુ ઘરના કામનો ભાર સ્ત્રીઓએ જ ઉપાડવો જોઈએ એવી રૂઢિ હોવાથી સ્ત્રી જ્યારે નોકરી કરે છે ત્યારે કવચિત્ બેજવાબદારીનો આક્ષેપ આવે ત્યારે તેનો સામનો કરવા તૈયાર રહેવું પડે છે.

બાલશિક્ષણના ક્ષેત્રમાં વધારે સંખ્યામાં આવતી વ્યક્તિઓના મનની સ્થિતિનું આ ચિત્ર જોયા પછી આ શિક્ષણપદ ઉપર આવતા શિક્ષકના વ્યક્તિત્વની શૈક્ષણિક દૃષ્ટિથી શી શી અપેક્ષા હોય છે તે ટૂંકમાં જોઈએ.

બાલશિક્ષક અંગેની અપેક્ષા

૧. બાલશિક્ષકનું વ્યક્તિત્વ બાળકને આકર્ષે એવું હોવું જોઈએ. જે શિક્ષકમાં બાળકોની જરૂરિયાતો ઝડપથી સમજવાની પાત્રતા અને તે જરૂરિયાતો પૂરી કરવાનું વિશેષ કૌશલ્ય હોય તથા તેવી જ રીતે બાળક માટે જેને સહાનુભૂતિ હોય તેવા જ શિક્ષક બાળકને વિશેષ આકર્ષક લાગે છે.

૨. બાળશિક્ષકમાં સંઘટના–ચાતુર્ય હોવું જોઈએ. દરેક બાળકને શિક્ષક માટેનું ફક્ત આકર્ષણ લાગવું પૂરતું નથી, પરંતુ જે બાળકોના સમાજનું એ નેતૃત્વ લે છે તે સમાજમાં વ્યવસ્થા સ્થાપીને તેની સંઘટના બનાવવાનું કાર્ય પણ તેને કરતા આવડવું જોઈએ.

૩. બાલશિક્ષકમાં કૌટુમ્બિક, સામાજિક તથા શૈક્ષણિક પ્રશ્ન અંગેનું માર્ગદર્શન કરવાનું સામર્થ્ય હોવું જોઈએ. બાળકના સર્વાંગી વિકાસમાં તેને વાલીઓના સહકારની જરૂરિયાત સમજવી જોઈએ. વાલીઓના સહકાર વગર ફક્ત બાલમંદિરના સંસ્કારથી બાલશિક્ષણ સફળ થઈ શકશે નહિ. આ સહકાર મેળવવા માટે વાલીઓને માર્ગદર્શન કરવાની યોગ્યતા પણ શિક્ષકમાં હોવી જોઈએ.

૪. સંશોધન અને પ્રયોગ કરવાની પાત્રતા તથા અભિરુચિ બાલશિક્ષક માટે એક આવશ્યક ગુણ સમજવો જોઈએ. વિવિધ પ્રકૃતિના બાળકો તેના સમાગમમાં આવે છે. એમને એકસરખું શિક્ષણ આપનાર શિક્ષક બાલશિક્ષણમાં સફળ બની શકતો નથી. ભિન્નભિન્ન પ્રકૃતિના બાળકના વિકાસને પોષક બનવાની દૃષ્ટિથી બાલશિક્ષકે સતત પ્રયોગશીલ તથા પ્રગતિશીલ રહેવાની જરૂર છે.

આજનો પૂર્વપ્રાથમિક બાલશિક્ષક વર્ગ

અઢાર વર્ષ પૂર્ણ કર્યા હોય અને મૅટ્રિક સુધી શિક્ષણ લીધું હોય તેવાં સ્ત્રી–પુરુષોને આપણા બાલઅધ્યાપન મંદિરમા

પ્રવેશ મળે છે. આ સંસ્થામાં એક વર્ષનું પ્રશિક્ષણ લીધા પછી કોઇ પણ સ્ત્રી–પુરુષથી બાલશિક્ષક થઇ શકાય. પરંતુ દિવસે દિવસે પુરુષો માટે આ વ્યવસાય માટે આકર્ષણ ઓછું થતું જાય છે. એનાથી ઊંધુ સ્ત્રીઓને આ ક્ષેત્ર પોતાનું લાગે છે અને ઓછો પગાર સ્વીકારીને પણ મુખ્યત્વે ૧૮થી ૨૨ અને આગળ જઇને ૩૫ વર્ષ સુધીની સ્ત્રીઓ આ કામ કરવા માટે આગળ આવે છે. પરંતુ સ્ત્રીઓની મનઃસ્થિતિ અને પરિસ્થિતિ જ્યાં સુધી આપણે બદલી શકતા નથી ત્યાં સુધી માત્ર પાશ્ચાત્ય દેશમાંના પ્રવેશનિયમોનું અનુકરણ કરીને આપણે આપણા બાલ-શિક્ષકોનો પ્રશ્ન હલ કરી શકીશું નહિ એ સ્પષ્ટ દેખાય છે. આપણે ત્યાંની આ ધંધામાંની સ્ત્રીઓ પર આને લીધે એવડા પ્રકારની જવાબદારીનો ભાર પડે છે તેથી તેનાથી કુટુમ્બ અને બાલશાળાનું કામ સારી રીતે થઇ શકતું નથી એવી પરિસ્થિતિ દેખાય છે.

પૂર્વપ્રાથમિક શિક્ષક થવાને લાયક કોણ?

શરીર અને બુદ્ધિનો સાથી વધુ તરવરાટ, ધ્યેયવાદ, નવું નવું કરીને જોવાનો ઉત્સાહ યુવાનોમાં હોય છે એટલે પાશ્ચાત્ય દેશમાં અઢારથી પાંત્રીસ વર્ષની વયના યુવાન-યુવતીઓની પસંદગી શિશુશિક્ષકના પદ માટે કરવામાં આવી હશે, પરંતુ આ બધી બાબતો શિશુના સાનિધ્યમાં રહીને માર્ગદર્શન કરનારા શિક્ષક માટે પ્રાથમિક જરૂરિયાતની છે કે? બુદ્ધિચાપલ્ય દાખવનારા તેમજ પોતાના જીવન વિષયક ધ્યેયવાદની ધૂનમાં પડેલા શિક્ષક તેમજ બાળકના વિકાસને પોષક ભૂમિકા લઇ શકે અને નવું નવું કરી બતાવે તેવા શિક્ષક કરતાં જીવનના વિવિધ અનુભવને લીધે એક પ્રકારની માનસિક સ્થિરતા અને દૃઢતા પ્રાપ્ત કરેલા શિક્ષક બાળકો માટે વધુ યોગ્ય નથી કે?

માતૃપદનો અધિકાર અને જવાબદારી

માતૃપદ પ્રાપ્ત કરેલી સ્ત્રીઓને એક સ્વાભાવિક નવી જવાબદારી પ્રાપ્ત થતી હોય છે. ગરીબ કુટુમ્બમાં માતૃપદ પ્રાપ્ત કરેલી સ્ત્રીઓને પેટ માટે પોતાની આ પ્રાથમિક જવાબદારી ગૌણ બનાવીને પહેલાં જીવતાં રહેવા માટે નોકરી કરવી પડે છે એ સમજવા જેવી વાત છે, પરંતુ દેશમાં યોજનાબદ્ધ માનવવિકાસ સાધવો હોય તો માતાઓના આ પ્રકારના મુશ્કેલીભર્યા જીવનનો પ્રશ્ન પ્રથમ હાથ ધરવો જોઇએ. શિશુના વિકાસ અને સંગોપનની દૃષ્ટિથી પણ દરેક બાળકને પોતાની 'મા' મળવી એ એનો હક્ક નથી કે? આપણા દેશમાં બાલ-સંગોપન આપણે ઘોડિયાઘરને સોંપીશું કે? નોકરી કરવા જતી વખતે પોતાના બાળકને ઘોડિયાઘરને સોંપતી માતાનો અનુભવ શું છે? જ્યાં ઘોડિયાઘરની વ્યવસ્થા નથી ત્યાં નોકર પર અથવા આયા ઉપર જે બાળકો સોંપાયા છે તે બાળકોના વિકાસનો પ્રશ્ન છોડવી શકાય એમ છે કે? બાવીસથી પચ્ચીસ વર્ષની સ્ત્રીઓ સામાન્ય રીતે માતા બને છે. ત્યાર પછી બેત્રણ બાળકોની અપેક્ષા રાખવાથી લગ્ન પછીના ઓછામાં ઓછા દશ વર્ષ પછી તો સ્ત્રીઓને જવાબદારીની નોકરી સ્વીકારવાની બંધી કરવી એ તેમના બાળકની તથા તેમના કુટુમ્બની દૃષ્ટિથી અયસ્કર નીવડશે તે જ પ્રમાણે તે પૂર્વપ્રાથમિક શાળાની પ્રગતિની દૃષ્ટિથી પણ તે ઉપયોગી થઇ પડશે એવું મને લાગે છે.

—શે૦ ના૦ નામલે



વાચન ક્યારે આપવું

બાળક ક્યારે વાંચતું થાય એ પ્રશ્ન બાળકના શારીરિક અને માનસિક વિકાસ સાથે સંકળાયેલો છે. આંબાની કેરીમાં ગળપણ ક્યારે આવે એ પ્રશ્ન જેમ કેરીના પાકવા પર અવલંબે છે તે રીતે વાચનની શક્યતા પણ શરીર અને મનના પાકવા પર અવલંબે છે. વાચનની પ્રગતિ આગળ મુજબ શરીર અને મનનો વિકાસની પરિસ્થિતિ સાથે સંકળાયેલી હોય છે. (૧) બાળકની સંવેદનપાત્રતા (જેમકે દૃષ્ટિશ્રવણ અને સ્નાયુઓનું ચલન) (૨) દર્શનશક્તિનો વિકાસ (જેમ શબ્દો અને અક્ષરોમાં દેખાતો તફાવત ઓળખવા માટેની પાત્રતા) (૩) શબ્દાર્થ બોધવિકાસ (૪) બુદ્ધિ-વિકાસ (૫) હેતુ-પ્રેરણા (વાંચન શીખવા માટેની પ્રબળ ઇચ્છા) (૬) ભાવનાત્મક સ્વસ્થતા (જ્યાં સુધી વાચન આવડે નહિ ત્યાં સુધી એમાં મળતો અપયશ સહન કરવાની શક્તિ) (૭) સામાજિક સમજણ અંગેનો વિકાસ (૮) શારીરિક વિકાસ (જેમાં આંખ, કાન અને સ્નાયુ-ઓના શારીરિક સમધારણ વિકાસની વિગતો આવે છે.)

વાચનની ક્રિયા સાથે સંકલિત એવી શારીરિક અને માનસિક સ્થિતિ અંગેની આ યાદી સંપૂર્ણ નથી. શરીર અને મનની બીજી ઘણી પ્રક્રિયાઓ એની સાથે સંકલિત હોય છતાં આ યાદી પરથી વાચનનો પ્રશ્ન એ કેવળ શિક્ષણપદ્ધતિથી ઉકેલાતો અગર શિક્ષકની દરકાર કે કુશળતાનો પ્રશ્ન નથી તેની પૂરતી કલ્પના આવશે.

બાળક ક્યારે વાંચી શકશે તે માટે, ઉપર નોંધેલા વિકાસ અંગેની જરૂરી પ્રગતિ થાય અને આપણે તેનું માપ કાઢી શકીએ તો જ, કોઇ બાળકને ક્યારે વાચન આપી શકાય તે કહી શકાય છે. ઉપર દર્શાવેલી કોઇ પણ બાબતમાં યોગ્ય વિકાસ ન થયો હોય તો બાળક વાચનમાં પછાત રહી શકે છે. બાળકની ઉંમર એ કાંઇ એના વિકાસની ચોક્કસ કસોટી બની શકતી નથી. માનસશાસ્ત્રીઓ તેથી બાળકની શારીરિક અને માનસિક એવી બે પ્રકારની ઉંમરની નોંધ કરતા હોય છે. માનસિક ઉંમર એટલે માનસિક વિકાસથી મપાતી ઉંમર. તે માપવા માટે માનસશાસ્ત્રો જાતજાતની કસોટીઓનો ઉપયોગ કરતા હોય છે. બાળકની માનસિક ઉંમરનો અને વાચન-પાત્રતાનો સંબંધ હોય છે. આ સંબંધમાં અત્યાર સુધી જે જુદા જુદા દેશોમાં બાલ-માનસશાસ્ત્રીય સંશોધન થયું છે તેના પરથી વૈજ્ઞાનિકોનો એવો અભિપ્રાય છે કે બાળકની માનસિક ઉંમર જ્યાં સુધી સાડાછ વર્ષની ન થાય ત્યાંસુધી વાંચન માટે આવશ્યક એવું બાળકના શરીર અને મનનું પકવીભવન થતું નથી એટલે વાચનની પ્રવૃત્તિ બાળકને આપવી એ-એના હિતમાં નથી.

શરીર અને મનની અપકવ સ્થિતિ હોવા છતાં બાળકો પર વાંચન માટેનું દબાણ કરવાથી તે વહેલા શીખે છે એ વાત સાચી છે, પરંતુ વહેલું વાચન જે બાળકોને અપાયું હોય એવા બાળકોની ટુકડીઓ અને જેને યોગ્ય ઉંમરે વાચન આપવામાં આવ્યું હોય એવા બાળકોની ટુકડી-ઓની પ્રગતિનું ખાસ અવલોકન કરવામાં આવ્યું છે, જેમાં એમ જણાવાયું છે કે સાડાસાતથી આઠ વર્ષની યોગ્ય ઉંમરે વાચન આપતી ટુકડીની પ્રગતિ પહેલી ટુકડી કરતા વધુ સારી હતી. પહેલી ટુકડીના બાળકોમાં ઘણુ વાચન-દોષ નોંધાયા હતા આ બાળકોની આગળની પ્રગતિમાં આ ફેરફાર વધતો જ રહ્યો હતો.

આ પ્રકારના સંશોધનોમાં મળેલા નિર્ણયો ફરી વાર તપાસવામાં આવ્યા અને અન્તે એમ જણાવવામાં આવ્યું કે બાળકોની માનસિક ઉંમર જ્યાં સુધી સાડા-છ વર્ષની ન જણાય ત્યાં સુધી વાચનશિક્ષણ મુલતવી રાખવાથી બાળકોના વાચનદોષની સંખ્યા ઓછી થઇ શકે એટલું જ નહિ, પરંતુ બાળકની સર્વસામાન્ય પાત્રતા પણ ઘણી વધે.

અહીં આપણા દેશમાં આ સંશોધનનો અર્થ આપણે વહેલામાં વહેલી તકે ધ્યાનમાં લેવો જોઇએ. જે વાલીઓ પોતાને દૂરદર્શી સમજીને બાળકને જલદી જલદી લખતાંવાંચતાં કરવા માટે બાળકો પર અને બાળ-મંદિરના શિક્ષકો પર દબાણ કરે છે તેઓ આખરે પોતાના ઉદ્દેશની ખાતર તો આ સંશોધન ધ્યાનમાં લે. વહેલા અપાતા વાચનથી બાળકોને આગળ લઇ જઇ શકાતું નથી. એવા બાળકો ધોરણો પસાર કરે તો પણ તેમના વિકાસનું તેજ ઝાંખું પડી જાય છે. આ જમાનો સ્પર્ધાનો છે એમ આ જ વાલીઓ કહેતા હોય છે. આવા સ્પર્ધાના જમાનામાં પોતાના બાળકોને નબળા બનાવ-વામાં એમનો જ આગ્રહ કારણભૂત હોય એ વસ્તુ તેઓ જાણી લે તો ઘણા બાળકોની અને એના શિક્ષકોની વિટંબણા ઓછી થાય.

—શે૦ ના૦

ક્ષોભ–પ્રક્ષોભ

☆

તે દી જન્માષ્ટમીને દિવસે કેવો ગોટાળો થઇ ગયો! કોઇનો કંઇ દોષ નહિ છતાં કેટલા બધા લોકોનાં મન કચવાયાં!

વાત પહેલેથી જ નોંધું :

આ સત્રની શરૂઆતમાં જ મગનભાઇ એમના પુત્રને લઇને આવેલા. એમને આશા નહોતી કે હું એમના પુત્રને બાલગૃહમાં દાખલ કરીશ.

પ્રમોદ પૂરો પાંચ હાથ ! અને ઉંમરે સોળ વરસનો. અને ભણે ત્યારે માત્ર પાંચમી શ્રેણીમાં ! પણ મેં એને દાખલ કર્યો.

મગનભાઇએ એના પરિચયમાં જ કહેલું :

'એની સ્મરણશક્તિ જરાકે ચાલતી નથી. બીજી રીતે એ ઘણો ડાહ્યો અને સમજુ છોકરો છે.'

મેં ત્યારે પ્રમોદ સામે જોયું. એ પણ એની દયાજનક દૃષ્ટિથી મારી સામે જોઇ રહ્યો હતો.

ત્યાર પછી એ લોકો એક દિવસ રહ્યા. એ દરમિયાન સાથે આવેલો એનો નાનો દીકરો મગનભાઇને કહે :

'બાપુજી, મને અહીં મૂકી દો. પ્રમોદ શું ભણવાનો હતો!'

પિતાએ મને કહ્યું : 'મારો નાનો પણ અહીં રહેવા માગે છે. એને અહીં બહુ ગમી ગયું છે. પણ હું તો નોકરિયાત માણસ છું. આ તો પ્રમોદને રાખવો પડે છે. બાકી તો એને પણ રાખવાની મારી શક્તિ નથી.'

એમની વાત સાચી હતી.

પ્રમોદના પિતાના જવા પછી મેં પ્રમોદનો અભ્યાસ આરંભ્યો. વર્ગશિક્ષકનો રિપોર્ટ તો બીજે જ દિવસે મળી ગયો કે 'પ્રમોદને શાળા વિષયોમાં કંઇ જ આવડતું નથી.'

પણ મેં જોયું કે એને વાતો કરવાનો ભારે શોખ છે. એ જગતના બધા વિષયો ઉપર ચલણી ડહાપણના ઉદ્‌ગારો કાઢ્યા કરે.

પણ બીજી બાજુ એ એટલો બધો ડરપોક કે કોઇ નાનું બાળક પણ એને કનડે તો એ ન તો ફરિયાદ કરે કે ન તો એનો સામનો કરે. એ માત્ર છાનોમાનો રડે!

પણ ત્યારે એ ઘણીવાર એકલો એકલો મેદાનમાં કયાંક ઝાડ નીચે બેસે અને સિનેમાનાં ગીતો લલકારે. અલબત્ત, એ પણ મોટેથી નહિ, પણ હું કેટલીકવાર એને ખબર ન પડે તેમ એ સાંભળી લઉં અને ત્યારે એના ગીતગુંજનમાં રહેલી ઘણી મીઠાશ મને સાંભળવા મળે.

આ એકલરામે થોડા દિવસોમાં શિક્ષક રતિભાઇ સાથે દોસ્તી કરી લીધી. એમાં સગવડ હતી: રતિભાઇ ધર્મધ્યાનમાં સારોએવો વખત કાઢે. એમના દેવની પૂજાપ્રસાદી વખતે પ્રમોદ હાજર રહે અને પોતે પણ સાથે પૂજા કરે. આમ એમણે પહેલો સહારો લીધો ધર્મનો.

હું જાણતો હતો કે આ ધાર્મિકતા એ તો એનો નોધારાનો આધાર છે, અને મને એ કાળ લાંબો ન ટકે એવી ઇચ્છા પણ ખરી. કેમકે ધાર્મિકતા ઘણીવાર Make believe ની તરંગી રમત હોય છે અને તે વ્યકિતને જેમ તરંગ બાળકને જગતની વાસ્તવિકતાથી દૂર લઇ જાય છે તેમ જ ધર્મ દૂર લઇ જાય છે. પરિણામે ઘણા લોકો ખોટા રૂપિયા જેમ જગતના તંદુરસ્ત રાહેથી ફેંકાઇ જાય છે. પણ છતાં મારે મન આ ધાર્મિકતા પ્રમોદ માટે તો પ્રગતિનું પહેલું પગથિયું જ રહે.

સદ્‌ભાગ્યે બાલગૃહમાં તંદુરસ્ત ક્રિયાઓ માટે ઠીકઠીક શકયતાઓ હોઇ એ ઝાઝો વખત તરંગમાં ન રહ્યા. એ બાઇને અનેક કામોમાં મદદ કરવા લાગ્યા અને એ રીતે એણે બાઇ સાથે માદીકરાનો સંબંધ બાંધી લીધો.

હજુ મારી સાથે એનો બહુ સંબંધ બંધાયો નહોતો. પણ મારું તો એના ઉપર અખંડ ધ્યાન હતું જ.

એ શાળાવિષયોમાં કંઇ નહોતા કરતા, પણ બીજી બાજુ એ ઇતર વિષયોમાં સારી પ્રગતિ કરવા લાગ્યા. એ સંગીતમાં શાસ્ત્રીય રાગો આલાપ સહીત ગાવા લાગ્યા. એને એ આલાપો પણ યાદ રાખવામાં કંઇ તકલીફ ન પડી. ત્યારે હિંદી–અંગ્રેજી નાટકોના સમયે પણ મેં જોયું કે એ ઠીક ઠીક ઝડપે પ્રગતિ કરવા લાગ્યા. તેમ જ અમારા 'છાપાના વર્ગ'માં પણ એ જગતની વાતો ભૌગોલિક ખ્યાલ સાથે બરાબર સમજવા લાગ્યા.

આ બધું જ્યારે મેં જોયું ત્યારે મને એની સ્મરણ-શક્તિ માટે કોઈ શંકા ન રહી.

એટલે એક દિવસ મેં એની સાથે વાત કરી:

'પ્રમોદભાઈ, તમને તો બધુંય આવડે છે. સંગીત તમે બરાબર જાણો છો તેમ જ અંગ્રેજી હિંદીમાં પણ તમે બરાબર નાટક કરો છો.'

'હા કાકા. એ તો મને તરત જ યાદ રહી જાય છે. પણ મને શાળાવિષયોમાં કંઈ યાદ નથી રહેતું—મારી સ્મરણશક્તિ સાવ બલાસ છે એટલે.'

'પણ જો સ્મરણશક્તિ ન હોય તો તમને આ સંગીત ને નાટક વગેરે કેમ યાદ રહે?'

એ મૂંઝાયો. પછી અચકાતો બોલ્યો:

'એ બરું, પણ બધા જ કહે છે કે હું સાવ 'ઢ' છું. હું નહિ ભણી શકું. મારા બાપુએ કહ્યું છે કે હું કંઈ ભણવાનો નથી અને જો હું અહીં નહિ ભણું તો પછી મને ઉઠાડી જ લેશે.'

'નહિ, એ વાત ખોટી છે; તમારામાં સ્મરણશક્તિ છે જ અને એ તમે જુઓ છો.'

'એ બરું, પણ તો મને શાળાવિષયો કેમ નથી આવડતા?'

'કેમકે તમે માનો છો કે એ નહિ આવડે માટે નથી આવડતા. પણ તમારે જાણવું જોઈએ કે જો તમને આ નાટક-સંગીત યાદ રહી શકે તો એ કેમ ન આવડે?'

'એ બરું.'

'તો તમે ભલે શાળાવિષયો ન કરો ન ગમે તો. પણ નહિ આવડે એમ તો ન જ માનતા. એ તો જોજોને એની મેળે આવડી જશે.'

એ બોલ્યા નહિ, પણ એના મોં ઉપર આશાનો આનંદ વ્યાપી ગયા.

ત્યાર પછી એ ધીમે ધીમે કબાટમાં બંધ રાખેલ આત્માને ખુલ્લો કરતા ગયા.

અલબત્ત, છતાં ય એ મુક્તપણે તો નહોતા જ વર્તતા.

એ ત્યારે ય પોતાના અન્યાયની ફરિયાદ પંચમાં નહોતા કરતા. બીજા ઉશ્કેરે તો ય એ તો ફરિયાદ ન જ કરે!

અને એ જ અરસામાં તે દી, જન્માષ્ટમીને દિવસે, ગોટાળો થઈ ગયો.

બન્યું એવું કે બપોરે પ્રમોદ મારી પાસે આવ્યો અને સેનેટોરિયમમાં એના કોઈ સબંધીને મળવા જવા મારી પાસે રજા માગી. મેં સહજ ભાવે હા પાડી દીધી.

એને રસ્તે એક જૂનો વિદ્યાર્થી મળ્યો.

'ક્યાં જાઓ છો?'

'સેનિટોરિયમમાં મળવા.

'રજા લીધી છે?'

'હા, કાકાની રજા લીધી છે

'આમાં કાકાની રજા ન ચાલે. તમારે પ્રમુખની રજા લેવી જોઈએ.'

બસ, આટલી વાત પણ એ પોચારામથી સહી ન ગઈ. એ ભાઈ સેનિટોરિયમમાં ગયા અને ત્યાં એના સંબંધી પાસે રડી પડ્યા અને પૂછગાછને અંતે એ સંબંધીને બબર પડી એટલે એમણે મારા ઉપર પત્ર લખીને એની સાથે મોકલ્યો.

એમાં લખેલું કે: 'મને તમારા બાલગૃહ માટે માન છે, પણ એમાં જૂના વિદ્યાર્થીઓ નવા ઉપર ગુંડાગીરી કરે એ સારું ન કહેવાય.'

પત્ર વાંચીને મેં...ને આપ્યો. એણે વાંચ્યો. એને ગુસ્સો આવ્યો. એને થયું કે એક ત્રિયાત વ્યક્તિ આમ કેમ લખી શકે? અને એ પ્રમોદના માનસનો વિચાર કર્યા વગર એના ઉપર ગુસ્સે થયા? મેં અંગ્રેજીમાં તરત જ એમને રોક્યા. એટલે એનો ગુસ્સો પેલા વિદ્યાર્થી ઉપર ઊતર્યો, અને પછી તો મારે વચ્ચે પડીને વાતને શાંત કરવી પડી.

બધું પતી ગયા પછી મેં પ્રમોદની સાથે વાત કરી અને એ એણે બહુ જ શાન્ત ચિત્તે સાંભળી:

'જુઓ ભાઈ, વાત એમ છે કે બાલગૃહમાં જો કંઈ અન્યાય થાય કે તકલીફ પડે એની ફરિયાદ થઈ શકે એ માટે તો આપણું પંચ એકાંતરે બેસે છે. એમાં ફરિયાદ થાય. એમાં ન્યાય ન મળે તો શિક્ષકોને કહેવાય. છતાં ય જો અસંતોષ રહે તો પોતાના પિતાને લખાય. પણ આમ જોઈએ તો બાલગૃહની યોજના–વ્યવસ્થાની બબર નથી એને કહેવાથી ગોટાળો થઈ જાય.'

એણે એ સ્વીકારી લીધું. મેં જોયું કે એના મન ઉપરનો ભાર ઊતરી ગયો. ત્યાર પછી એ આ કે તે બહાનું કાઢી મારી પાસે અવારનવાર આવવા લાગ્યા.

અને ત્યારથી એ વિશેષને વિશેષ નીચે જીવે (At Home) રહેવા લાગ્યા.

પણ મેં એટલેથી પણ એ વાતને છોડી ન દીધી. મારે તો એ આવેલ તકનો ઉપયોગ કરવો હતો.

અને સદ્‌ભાગ્યે એ તક સામે ચાલીને આવી ઊભી. અને એક પ્રમોદને જ નહિ પણ બધાં બાળકો માટે સરલ પ્રજાતંત્રનો પાઠ બની ગઇ!

કોર્ટમાં એ પ્રશ્ન ફરી ઉખેળાયો.

પેલા જૂના વિદ્યાર્થીએ ફરિયાદ મૂકી:

'આપણી શિશુસભાનો કાયદો છે કે કોઇ પણ વિદ્યાર્થીએ કમ્પાઉંડ બહાર જતાં પહેલાં પ્રમુખની રજા લેવી જોઇએ. જેનું પાલન કરવા માટે મેં પ્રમોદભાઇનો રસ્તે વિરોધ કરેલો એમાં મે શું ખોટું કરેલું?'

મેં જોયું કે પ્રમોદનું મોં ભયથી ઘેરાઇ ગયું હતું.

કોર્ટના રિવાજ પ્રમાણે મેં આંગળી ઊંચી કરીને સરપંચની બોલવા રજા માગી, જે આપવામાં આવી.


મેં કહ્યું:

'મારે એ કહેવું છે કે આ 'કેસ'માં કોઇ ગુનેગાર હોય તો તે હું છું. પ્રમોદભાઇએ જવા પહેલાં મારી રજા માગી હતી અને મેં આપી હતી. એટલે જો એ બિનકાયદે હોય તો તેમાં પ્રમોદભાઇ નહિ પણ હું ગુનેગાર છું એટલે મારા ઉપર કામ ચલાવાય. પણ મને યાદ છે ત્યાં સુધી. શિશુસભાનો કાયદો એવો છે કે પ્રમુખ અથવા તો શિક્ષકની રજા લેવી જોઇએ અને એ હકકે મેં રજા આપેલી.'

તરત જ કોર્ટમાં ગણગણાટ વધી ગયો અને સરપંચના ઉપરાઉપરી મંજીરા વાગતાં પણ એ શાંત ન પડયો.

પણ ત્યાં કાયદાની બારીઓના જાણકાર એવા લલિતભાઇ ઊભા થયા:

'આપણે લગભગ એક વરસ પહેલાં કાયદો પસાર કરેલો છે. એટલે આપણે શિશુસભાનું એ વખતનું રેકોર્ડ



☆ કામીનીઆ શૃંગાર

પ્રસાધનો દ્વારા

વ્યક્તિનો કેશકલાપ

અનુપમ લાવણ્ય

અને અસલ જેવી

મુલાયમ ત્વચા

મેળવો

"હું જાણું છું કે કામીનીઆ શૃંગાર પ્રસાધનો ઉત્તમ છે. હું મારી પસંદગી બાબત ખરેખર ગર્વ ધરાવું છું અને ખરેખર તે યોગ્ય જ છે"

☆ વૈજયંતીમાલા

ભારતનાટયમની

પ્રતિભા એમ કહે છે

કામીનીઆ હેઅર ઓઇલ
કામીનીઆ સ્નો
કામીનીઆ ટોઇલેટ સોપ
ઓટો દિલબહાર

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.
મુંબઇ–૨.

આ બધું જ્યારે મેં જોયું ત્યારે મને એની સ્મરણ-શક્તિ માટે કોંઇ શંકા ન રહી.

એટલે એક દિવસ મેં એની સાથે વાત કરી:

'પ્રમોદભાઇ, તમને તો બધુંય આવડે છે. સંગીત તમે બરાબર જાણો છો તેમ જ અંગ્રેજી હિંદીમાં પણ તમે બરાબર નાટક કરો છો.'

'હા કાકા. એ તો મને તરત જ યાદ રહી જાય છે. પણ મને શાળાવિષયોમાં કંઇ યાદ નથી રહેતું—મારી સ્મરણશક્તિ સાવ બલાસ છે એટલે.'

'પણ જો સ્મરણશક્તિ ન હોય તો તમને આ સંગીત ને નાટક વગેરે કેમ યાદ રહે?'

એ મૂંઝાયો. પછી અચકાતો બોલ્યો:

'એ બરું, પણ બધા જ કહે છે કે હું સાવ 'ઢ' છું. હું નહિ ભણી શકું. મારા બાપુએ કહ્યું છે કે હું કંઇ ભણવાનો નથી અને જો હું અહીં નહિ ભણું તો પછી મને ઉઠાડી જ લેશે.'

'નહિ, એ વાત ખોટી છે; તમારામાં સ્મરણશક્તિ છે જ અને એ તમે જુઓ છો.'

'એ બરું, પણ તો મને શાળાવિષયો કેમ નથી આવડતા?'

'કેમકે તમે માનો છો કે એ નહિ આવડે માટે નથી આવડતા. પણ તમારે જાણવું જોઇએ કે જો તમને આ નાટક-સંગીત યાદ રહી શકે તો એ કેમ ન આવડે?'

'એ બરું.'

'તો તમે ભલે શાળાવિષયો ન કરો ન ગમે તો. પણ નહિ આવડે એમ તો ન જ માનતા. એ તો જોજોને એની મેળે આવડી જશે.'

એ બોલ્યા નહિ, પણ એના મોં ઉપર આશાનો આનંદ વ્યાપી ગયા.

ત્યાર પછી એ ધીમે ધીમે કબાટમાં બંધ રાખેલ આત્માને ખુલ્લો કરતા ગયા.

અલબત્ત, છતાં ય એ મુક્તપણે તો નહોતા જ વર્તતા.

એ ત્યારે ય પોતાના અન્યાયની ફરિયાદ પંચમાં નહોતા કરતા. બીજા ઉશ્કેરે તો ય એ તો ફરિયાદ ન જ કરે!

અને એ જ અરસામાં તે દી, જન્માષ્ટમીને દિવસે, ગોટાળો થઇ ગયો.

બન્યું એવું કે બપોરે પ્રમોદ મારી પાસે આવ્યો અને સેનેટોરિયમમાં એના ક્રાઇ સબંધીને મળવા જવા મારી પાસે રજા માગી. મેં સહજ ભાવે હા પાડી દીધી.

એને રસ્તે એક જૂનો વિદ્યાર્થી મળ્યો.

'ક્યાં જઓ છો?'

'સેનિટોરિયમમાં મળવા.

'રજા લીધી છે?'

'હા, કાકાની રજા લીધી છે.'

'આમાં કાકાની રજા ન ચાલે. તમારે પ્રમુખની રજા લેવી જોઇએ.'

બસ, આટલી વાત પણ એ પોચ્યારામથી સહી ન ગઇ. એ ભાઇ સેનિટોરિયમમાં ગયા અને ત્યાં એના સંબંધી પાસે રડી પડ્યા અને પૂછગાછને અંતે એ સંબંધીને બબર પડી એટલે એમણે મારા ઉપર પત્ર લખીને એની સાથે મોકલ્યો.

એમાં લખેલું કે: 'મને તમારા બાલગૃહ માટે માન છે, પણ એમાં જૂના વિદ્યાર્થીઓ નવા ઉપર ગુંડાગીરી કરે એ સારું ન કહેવાય.'

પત્ર વાંચીને મેં...ને આપ્યો. એણે વાંચ્યો. એને ગુસ્સો આવ્યો. એને થયું કે એક ત્રિયાત વ્યક્તિ આમ કેમ લખી શકે? અને એ પ્રમોદના માનસનો વિચાર કર્યા વગર એના ઉપર ગુસ્સે થયા? મેં અંગ્રેજીમાં તરત જ એમને રોક્યા. એટલે એનો ગુસ્સો પેલા વિદ્યાર્થી ઉપર ઊતર્યો, અને પછી તો મારે વચ્ચે પડીને વાતને શાંત કરવી પડી.

બધું પતી ગયા પછી મેં પ્રમોદની સાથે વાત કરી અને એ એણે બહુ જ શાન્ત ચિત્તે સાંભળી:

'જુઓ ભાઇ, વાત એમ છે કે બાલગૃહમાં જો કંઇ અન્યાય થાય કે તકલીફ પડે એની ફરિયાદ થઇ શકે એ માટે તો આપણું પંચ એકાંતરે બેસે છે. એમાં ફરિયાદ થાય. એમાં ન્યાય ન મળે તો શિક્ષકોને કહેવાય. છતાં ય જો અસંતોષ રહે તો પોતાના પિતાને લખાય. પણ આમ જો મને બાલગૃહની યોજના–વ્યવસ્થાની બબર નથી એને કહેવાથી ગોટાળો થઇ જાય.'

એણે એ સ્વીકારી લીધું. મેં જોયું કે એના મન ઉપરનો ભાર ઊતરી ગયો. ત્યાર પછી એ આ કે તે બહાનું કાઢી મારી પાસે અવારનવાર આવવા લાગ્યા.

અને ત્યારથી એ વિશેષ ને વિશેષ નીચે જીવે (At Home) રહેવા લાગ્યા.

પણ મેં એટલેથી પણ એ વાતને છોડી ન દીધી. મારે તો એ આવેલ તકનો ઉપયોગ કરવો હતો.

અને સદ્‌ભાગ્યે એ તક સામે ચાલીને આવી ઊભી. અને એક પ્રમોદને જ નહિ પણ બધાં બાળકો માટે સરલ પ્રજાતંત્રનો પાઠ બની ગઇ!

કોર્ટમાં એ પ્રશ્ન ફરી ઉખેળાયો.

પેલા જૂના વિદ્યાર્થીએ ફરિયાદ મૂકી:

'આપણી શિશુસભાનો કાયદો છે કે કોઇ પણ વિદ્યાર્થીએ કમ્પાઉંડ બહાર જતાં પહેલાં પ્રમુખની રજા લેવી જોઇએ. જેનું પાલન કરવા માટે મેં પ્રમોદભાઇનો રસ્તે વિરોધ કરેલો એમાં મેં શું ખોટું કરેલું?'

મેં જોયું કે પ્રમોદનું મોં ભયથી ઘેરાઇ ગયું હતું.

કોર્ટના રિવાજ પ્રમાણે મેં આંગળી ઊંચી કરીને સરપંચની બોલવા રજા માગી, જે આપવામાં આવી.

મેં કહ્યું:

'મારે એ કહેવું છે કે આ 'કેસ'માં કોઇ ગુનેગાર હોય તો તે હું છું. પ્રમોદભાઇએ જવા પહેલાં મારી રજા માગી હતી અને મેં આપી હતી. એટલે જો એ બિનકાયદે હોય તો તેમાં પ્રમોદભાઇ નહિ પણ હું ગુનેગાર છું એટલે મારા ઉપર કામ ચલાવાય. પણ મને યાદ છે ત્યાં સુધી. શિશુસભાનો કાયદો એવો છે કે પ્રમુખ અથવા તો શિક્ષકની રજા લેવી જોઇએ અને એ હકકે મેં રજા આપેલી.'

તરત જ કોર્ટમાં ગણગણાટ વધી ગયો અને સરપંચના ઉપરાઉપરી મંજીરા વાગતાં પણ એ શાંત ન પડયો.

પણ ત્યાં કાયદાની બારીઓના જાણકાર એવા લલિતભાઇ ઊભા થયા:

'આપણે લગભગ એક વરસ પહેલાં કાયદો પસાર કરેલો છે. એટલે આપણે શિશુસભાનું એ વખતનું રેકોર્ડ



☆ કામીનીઆ શૃંગાર

પ્રસાધનો દ્વારા

ચમકતો કેશકલાપ

અનુપમ લાવણ્ય

અને :અશરૂ જેવી

મુલાયમ ત્વચા

મેળવો

"હું જાણું છું કે કામીનીઆ શૃંગાર પ્રસાધનો ઉત્તમ છે. હું મારી પસદગી બાબત ખરેખર ગર્વ ધરાવું છું અને ખરેખર તે યોગ્ય જ છે"

☆ વૈજયંતીમાલા

ભારતનાટયમની

પ્રતિમા એમ કહે છે

કામીનીઆ હેઅર ઓઇલ
કામીનીઆ સ્નો
કામીનીઆ ટોઇલેટ સોપ
ઓટો દિલબહાર

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.
મુંબઇ-૨.

તપાસવું જોઇએ. પણ તમને બધાને યાદ હશે કે એ કાયદો આ પ્રમાણે છે:

'વિદ્યાર્થી પોતાને કામે બહાર જાય તો તેણે પ્રમુખ-સાહેબની જ રજા લેવી જોઇએ, તેમાં શિક્ષકોની રજા ન ચાલે. પણ વિદ્યાર્થી સંસ્થાને કામે કે, શિક્ષકના વ્યક્તિગત કામે જાય તો તે શિક્ષકની રજાથી જઇ શકે.'

ફરી ગણગણાટ ચાલ્યો અને બધાંના માથાં હકારમાં હાલવા લાગ્યાં. જૂનું રેકૉર્ડ જોવાયું અને લલિતભાઇ સાચા ઠર્યા.

મેટલે મારે પણ સ્વીકાર્યા વિના છુટકો નહોતો:

'છતાં આમાં પ્રમોદભાઇનો દોષ ન ગણાય. કેમકે એ હજુ નવા વિદ્યાર્થી છે. ગુનો મારો છે કે મેં મારા અધિકાર વગર એમને રજા આપી, પણ નામદાર કૉર્ટ જોઇ શકશે કે મારો ઉદ્દેશ જાણી જોઇને કાયદો તોડવાનો નહોતો. મારી ગેરસમજનું પરિણામ છે એટલે નામદાર કૉર્ટ મારો અજાણ્યે થયેલો ગુનો માફ કરશે એવી આશા છે અને હું એ ગુના માટે નામદાર કૉર્ટની માફી માગું છું.'

પંચે મસલત કરીને મને માફી બક્ષી.

સાથે જ મેં જોયું કે પ્રમોદનું મોં આનંદથી હસી રહ્યું હતું.

આ પ્રસંગની બહુ સરસ અસર પડી. પ્રમોદને તો એ પ્રસંગે જાણે ક્રાન્તિ કરી નાખી. બીજાં બાળકો માટે પણ એ પ્રસંગ કંઇ ઓછો શિક્ષણક્ષમ નહોતો.

એ દિવસથી પ્રમોદ તો જાણે બધો ય ભય ખંખેરીને નવો જ થયો હોય તેમ જાહેર રીતે પછી અનેક મંતવ્યો બોલવા લાગ્યો. પછી એ ભાષણ કરવાનો પ્રસંગ એક પણ જવા નહોતો દેતો.

પણ મોટું કામ તો એ થયું કે એ બીજા જ દિવસથી અમારા દળવાના કામમાં જોડાઇ ગયો. તે પણ બીજાની મજૂરી અવારનવાર રમતરૂપે નહિ, પણ નિયમિત કામ તરીકે કરવા લાગ્યો.

આ બહુ જ તંદુરસ્ત વલણ હતું, જેની તેના શરીર-મન બંને ઉપર ઘણી જ સારી અસર થઇ. એના મનમાં મેં જે એક બીજ વાવેલું કે 'તારામાં સ્મરણશક્તિ છે, બુદ્ધિ છે.' તેને આથી ફણગા ફૂટ્યા. એણે જોયું કે પોતે ઘઉંમાંથી લોટ બનાવી શકે છે. એ પોતાના પહેલા લોટ તરફ ખૂબ મમતાથી જોઇ રહેલો. એ એનું પહેલું સર્જન હતું અને એ સર્જને એને ખાતરી આપી દીધી કે એનામાં શક્તિ છે.

આ ક્રિયાએ એનામાં આત્મવિશ્વાસ જગાડ્યો. અને એનું કામ બરાબર પાટે ચડી ગયું.

છ-માસિક પરીક્ષાઓમાં એકાદ વિષય સિવાય બધામાં એણે સફળતા મેળવી. શિક્ષક પણ એની પ્રગતિથી સંતુષ્ટ જણાયા. શરીર પણ એવું બંધાવા લાગ્યું કે એના તરફ બીજાં બાળકોનું ધ્યાન ખેંચાવા લાગ્યું.

દિવાળી ઉપર એ રજાઓમાં ઘરે ગયો. પણ રજા પૂરી થતાં એ પાછા ન આવ્યો.

એકવાર અકસ્માત મુંબઇમાં એમના પિતા રસ્તે મળી ગયા. કહે:

'જયન્તીભાઇ, પ્રમોદ રહી રહીને હમણાં માંદો પડી ગયો અને એટલે એને મોકલી નથી શકાયો.'

'શું માંદગી છે?'

'તાવ આવે છે. આ દિવાળીમાં આચરકૂચર ખવાયું તે એટલે. પણ ખરું તો છોકરો ટોંકાઇ ગયો એ કારણ.' એ હસીને બોલ્યા.

'કેમ ટોંકાઇ કેવી રીતે ગયો?'

'આ એનું શરીર જોઇને બધાં જ કહ્યા કરે કે 'ભારે ફાંકડું શરીર બનાવ્યું છે!' એટલે જ તો.'

'અને અભ્યાસમાં પણ હવે ઠીક કરે છે.'

'હા, હા. એણે તો સારી પ્રગતિ કરી કહેવાય.

ત્યાર પછી કેટલેક વખતે પ્રમોદ ફરી આવ્યો.

પણ એક ફેરફાર થયેલો દેખાયો.

એના મોં ઉપરનું પેલું મુક્ત હાસ્ય ઊડી ગયેલું. એ ફરી કંઇક દબાઇને વાતો કરવા લાગ્યો.

અને બીજો ફરક પડ્યો તે એ કે એણે આવ્યા પછી ધંટીને અડકવાનું છોડી દીધું.

અને જાણે ખોવાયા ખોવાયા જેવો એ ફરવા લાગ્યો. નિરસતા એના વર્તનમાંથી ટપકી રહી હતી.

આમ કેટલાક દિવસો ગયા.

એક દિવસ બાપને કહેઃ 'મને મારી માએ સોગન દીધા છે કે મારે ધંટીએ દળવું નહીં. મેં માત્ર માને જ કહેલું.'

આમાં શું કરવું?

પણ એણે જ ઉકેલ કાઢયો. એણે બાપને કહી દીધું કે 'મા આવે તો કહેતા નહિ કે હું દળું છું' અને જવાબની રાહ જોયા વગર એ દળવા લાગી ગયા.

પણ જે કામ એના મોક્ષનું સાધન હતું એ આપણા સમાજમાં હીણું ગણાય છે. અને એ જ ફરી એના પિતાને જાણવા મળ્યું ત્યારે તો એ બહુ જ નારાજ થયા.

એમણે તો એવો જ અર્થ તારવ્યો હશે કે અમે આ બુધ્ધુ છોકરાની મૂર્ખાઈનો લાભ લઈને એની પાસે આખા બાળગૃહનું દળણું દળાવી લેતા હોઈશું! અને એટલે એના પુત્રને જેલના કેદીની માફક પૈસા દઈને પોતે નકામો દુ:ખી કરી રહ્યા છે.

એમાં થઈને શિક્ષણનો રાહ જાય છે એ વાત હું એમને ગળે ન ઉતારી શકયો. એણે જો કે મારી સામે તો મારી વાત સ્વીકારી લીધી, પણ વરસ પૂરું થતા એણે પ્રમોદને કોઈ કારખાનામાં મજૂરીએ લગાડી દીધો.

હજુ ય પ્રમોદના પ્રેમભરપૂર પત્રો અવારનવાર આવે છે. બીજું હોય છે પોતાના કામની કડવી ફરિયાદ.

હજુ લોકો ડૉકટરોની વાત માનવા અને એના હુકમ પ્રમાણે પરહેજી પાળવા તૈયાર થશે, પણ મનના રોગ માટે તમે કંઈ વિનતિ કરો તો ય લોકો સ્વીકારવા તૈયાર નથી એ હકીકત છે. જ્યારે મનના રોગો તો તનના રોગ કરતાં ય વિશેષ નાજૂક સારવાર માગતા હોય છે—ખેર!

—ઓજસ્

ટેલીફોન :
મુંબઇ : ૨૬૭૩૩૧ (૫ લાઇન)
ભોપાલ : ૩૮૦ અને ૩૦

ટેલીગ્રામ :
"FILTER" — મુંબઇ
"CENTRAL" ભોપાલ

ધી વોલેસ ફ્લોર મિલ્સ કું૦ લિ૦

૯, વોલેસ સ્ટ્રીટ, ફોર્ટ,
મુંબઇ—૧

ભારતના એક આગેવાન ફ્લોર મીલર્સ
ફ્લોર, આટો, રવો, સોજી, બેસન, બ્રાનના ઉત્પાદક તથા નિર્યાતકાર

મેનેજીંગ એજન્ટો :

વીસનજી સન્સ એન્ડ કું૦ પ્રાઇવેટ લિ૦

મુંબઇ : : મીલો : ભોપાલ :

'એ' મીલ્સ, ચીખલવાડી, તારદેવ
'બી' અને 'સી' મીલ્સ, ઉમરખાડી, મઝગાંવ

સેન્ટ્રલ ઇન્ડિયા ફ્લોર મીલ્સ
ભોપાલ

શિક્ષક કેવો હોવો જોઈએ?

શિક્ષણના કામમાં શિક્ષકનું વિશેષ મહત્ત્વ હોય છે; બાળકના વિકાસમાં શિક્ષક મોટો ભાગ ભજવે છે; તેમ છતાં-ય એ એને માટે સંપૂર્ણ રીતે જવાબદાર નથી. માતાપિતા તથા કુટુમ્બની અન્ય વ્યક્તિઓ, તેમ જ જે સમાજમાં બાળક મોટું થાય છે તે સમાજની વ્યક્તિઓ પણ તેના વ્યક્તિત્વને આકાર આપે છે પહેલાના જમાનામાં જ્યારે ગુરુકુળ હતા ત્યારે શિક્ષકનું જે સ્થાન હતું તે હવે રહ્યું નથી, એ એક બાબત ધ્યાનમાં લેવા જેવી છે તથા બીજી વાત એટલે કે એ શિક્ષક થયો તો પણ એ મનુષ્ય જ છે તેથી તેનામાં અપૂર્ણતા હોય જ તેથી સમાજે તે ચલાવી લીધા સિવાય છૂટકો નથી અને એટલે જ ઉત્તમ શિક્ષક કેવો હોવો જોઇએ એનો વિચાર કરતી વખતે આ બધી બાબત ધ્યાનમાં લેવાવી જોઇએ.

સામાન્ય રીતે નીચેની પાંચ બાબતો શિક્ષકોના કાર્યનો વિચાર કરીને ધ્યાનમાં લેવાય છે.

(૧) શિક્ષક જ્ઞાની હોવો જોઇએ.
(૨) શિક્ષક અનુભવી હોવો જોઇએ.
(૩) શીખવવાની કલા જાણનારો હોવો જોઇએ.
(૪) વર્ગમાં યોગ્ય શાંતિ રાખનાર હોવો જોઇએ.
(૫) શિક્ષકે કેમ વર્તવું.

આ ઉપરાંત એ ચારિત્ર્યવાન હોવો જોઇએ વગેરે અનેક બાબતો ધ્યાનમાં લેવાવી જોઇએ. પણ ફકત વિષય શીખવવાની દૃષ્ટિથી યોગ્ય એવા ગુણોનો વિચાર કરીએ તો ઉપરની ચાર બાબતો મુખ્ય ગણાવી જોઇએ. આ ચારે બાબતો આપણે વિગતવાર જોઇએ.

૧. શિક્ષક જ્ઞાની હોવો જોઇએ

જે વધારે શિક્ષિત હોય તે શિક્ષક સારો એવી પ્રચલિત માન્યતા છે. તદ્દન નાનાં બાળકોને શીખવવા માટે તો વધુ ભણેલા શિક્ષકની જ પસંદગી કરવી જોઇએ. કારણ શિક્ષણ માંની તેની કલ્પના સ્પષ્ટ થયેલી હોય છે એટલે બાળકોને યોગ્ય એવી જ કલ્પના તે આપી શકે છે. વળી યોગ્યા-યોગ્યની પસંદગી પણ તેમને કરતાં આવડે છે એટલે બાળમંદિરમાં પદવી ધરાવનાર શિક્ષક હોવા જોઇએ એવું ઘણા જણ માને છે. આજની શિક્ષણવ્યવસ્થામાં વધારે ભણેલો શિક્ષક કૉલેજ માટે, તેનાથી ઓછું ભણેલો હાઇ-સ્કૂલ માટે, અને ફકત શાળાંત પરીક્ષા પસાર કરેલ શિક્ષક પ્રાથમિક શાળા માટે હોય છે અને એનાથી ઓછુ ભણેલા બાલમંદિર માટે ચાલે છે એવી વ્યવસ્થા દેખાઈ આવે છે, પણ આ યોગ્ય નથી. આને લીધે જ આજના શિક્ષકોમાં વિષમતા ઉત્પન્ન થયેલી છે. શિક્ષકની ઓછામાં ઓછી શીખવવાની લાયકાત—પછી તે કોઇ પણ થરનો હોય—જો પદવી જ માનીએ તો આ ભેદભાવ ઓછો થશે.

પૂર્વે આપણા દેશમાં ગુરુકુળની વ્યવસ્થા હતી ત્યારે બાળકને કયા ગુરુકુળમાં મોકલવો એ નક્કી કરતી વખતે ગુરુ કેટલા જ્ઞાની છે એની તપાસ પહેલાં થતી. કારણ ગુરુ પાસે જો જ્ઞાનનો ભંડાર ઓછો હોય તો તે શિષ્યોને કેટલું આપી શકે? તેથી ગુરુ ખૂબ અભ્યાસી તથા જાણીતા પ્રસિદ્ધ પંડિત હોય એ ઇચ્છનીય ગણાતું. આજે શું આટલું બસ ગણાય?

૨. શિક્ષક અનુભવી હોવો જોઇએ

જો આપણે શાળામાં કોઇ એક વ્યક્તિની શિક્ષક તરીકે પસંદગી કરવાની હોય અને આપણી પાસે બે વ્યક્તિમાંની એક વધારે ભણેલી તથા બીજી ઓછી ભણેલી, પણ અનુભવી હોય તો આપણે કોની પસંદગી કરીશું? કોઇપણ ક્ષેત્રમાં ભણતર કરતાં અનુભવની કિંમત વધારે છે; કારણ શિક્ષકે જે જ્ઞાન મેળવેલું હોય છે તેની પચાવવાની ક્રિયા અનુભવના જઠરમાં જ થવાની હોય છે. તે જ્યાં સુધી થયેલી હોતી નથી ત્યાં સુધી મેળવેલું આ જ્ઞાન શિક્ષકના પોતાનામાં ઊતરેલું હોતું નથી. આથી પ્રત્યક્ષ કામનો અનુભવ હોવો ઇચ્છવાયોગ્ય છે. આમાં જો કંઇ ઓછું હોય તો અનુભવથી એ દૂર કરી શકાય છે. અનુભવથી કામ કરવાની કુશળતા પ્રાપ્ત થાય છે અને જે કંઇ આપણી પાસે છે એનો વિકાસ થાય છે તેથી અનુભવની વધારે કિંમત છે. પણ એનો અર્થ એવો નથી કે સેવાનિવૃત્ત થયેલાને જ શિક્ષક તરીકે રાખવા જોઇએ. તેમને ખૂબ અનુભવ હોય છે એ ખરું, પણ એના પ્રમાણમાં કાર્ય કરવાની શક્તિ ઓછી હોય છે તેથી જ તેમને સેવાનિવૃત્ત કરવામાં આવેલા હોય છે. આથી થોડાઘણો

અનુભવ જરૂરી હોવા છતાં ધગશ, ઉત્સાહ તથા કાર્ય-શક્તિ આ બાબતો તરફ પણ ધ્યાન આપવું જોઇએ.

૩. શીખવવાની કલા હસ્તગત હોવી જોઇએ

પંડિત તથા અનુભવી શિક્ષક કરતાં પણ શીખવવાની કળા જેને હસ્તગત્ થઇ છે એવા શિક્ષક હંમેશ મહત્ત્વના ગણાય. શીખવવાની કળા એ કુદરતી બક્ષીસ છે. ઘણા આ કળા સાધી શકે છે પણ બધાં જ સાધી શકે છે તેવું નથી. કોઇ જ્ઞાન પ્રાપ્ત કરવાની કળા સહેલાઇથી પ્રાપ્ત કરી શકે છે તો કોઇની પાસે જે જ્ઞાન છે તે બીજાને કેમ આપવું તે આવડે છે. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ચીવટાઇ તથા પ્રયત્નની ખાસ આવશ્યકતા છે; ત્યારે જ્ઞાન આપવામાં શિષ્યની માનસિક સ્થિતિ તથા શક્તિની યોગ્ય જાણ થવી એ ખાસ જરૂરનું છે તથા તેની સાથોસાથ વિષય જે તે કક્ષાને યોગ્ય એ રીતે સહેલો કરતાં આવડવો એ જરૂરી છે. બાળકના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરી લઇને નવા જ્ઞાનની જાણ તેમાંથી જ કરાવી લેવી જોઇએ. આ બાબતો કંઇ સહેલી નથી. જ્ઞાન પ્રાપ્ત કરવાનુ કાર્ય સહેલું છે પણ શીખવવાનું કાર્ય અઘરું છે એમ કહીશું તો જરાય ખોટું નથી. શીખવવાની કલાની કુદરતી બક્ષીસ જેને ન હોય તે પ્રયત્નો વડે કંઇક અંશે તે સાધ્ય કરી શકે છે તે માટે અધ્યાપન મંદિરો હોય છે. આવા અધ્યાપન મંદિરોમાં આ કલાનું શિક્ષણ લીધેલા શિક્ષક બિનતાલીમી શિક્ષક કરતાં ચોક્કસ વધુ ઉપયોગી છે. અનુભવી શિક્ષકને પોતાના અનુભવ દ્વારા શીખવવાની કલા પ્રાપ્ત થયેલી હોય છે પણ અધ્યાપન મંદિરની તાલીમ દ્વારા એ વધુ ચોક્કસ બને છે, તેથી શીખવવાની કળાનો અભ્યાસ જે શિક્ષકે ન કર્યો હોય તે થોડી કક્ષાનો મનાવો જોઇએ.

૪: વ્યવસ્થા રાખનાર શિક્ષક

શિક્ષકની પાસે જો જ્ઞાન, અનુભવ તથા શીખવવાની કલા હસ્તગત્ થઇ હોય તો સામાન્ય રીતે તે વર્ગમાં શાંતિ જાળવી શકે છે, પરંતુ કેટલાક શિક્ષકો પૂરતા વ્યક્તિત્વને અભાવે વર્ગમાં શાંતિ જાળવી શકતા નથી. જો વર્ગમાં વ્યવસ્થા તથા શાંતિ ન હોય તો શિક્ષકનું કોઇ પણ કામ સારું થવું શકય નથી એ વાત ખૂબ સ્પષ્ટ છે તેથી આખરે કોઇ પણ ઉપાય વડે શાંતિ જાળવવી જ જોઇએ એવું કહેવું પડે છે. જે શિક્ષક પોતાના વ્યકતત્વ વડે શાંતિ જાળવી શકે છે તે આખરે ઉત્તમ પુરવાર થાય છે; કારણ તે પોતાની તરફ તથા અભ્યાસ તરફ બાળકનું સંપૂર્ણ લક્ષ ખેંચી લે છે એટલું જ નહીં, પણ વર્ગમાં સહકારનુ વાતાવરણ સ્થાપી શકે છે. આથી આવા પ્રકારનું વ્યક્તિત્વ હોય એવો શિક્ષક હોવો જરૂરી છે.

૫: શિક્ષકે કેવી રીતે વર્તવું ?

વર્ગમાં વ્યવસ્થા તથા શાંતિ જાળવવી એ બાબત મહત્ત્વની ગણ્યા પછી શિક્ષકે કઇ રીતે વર્તવું એ પ્રશ્ન



પ્રસંગોપાત્ત મુખવાસ માટે વપરાતી

☆ દિલરંજન ☆

સેંટેડ સોપારી

* સુમધુર * સૌને આનંદિત કરતી સર્વ જગ્યાએ વેચાય છે

આપના ગામની એજન્સી માટે લખો :

રાવજીભાઇ કે. સોપારીવાલા

શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ, મુંબઇ, ૭

બ્રાન્ચ : પોસ્ટ ઓફિસની બાજુમાં, વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ, ૪



ઊભો થાય છે. વર્ગમાં વ્યવસ્થા તથા શાંતિ સ્થપવાના અનેક માર્ગો છે તેમાંથી કયો માર્ગ યોગ્ય ગણાય એ પ્રશ્ન જ છે. વળી કોઇ પણ માર્ગ નક્કી કરતાં તેનું આગળ ઉપર શું પરિણામ આવશે તે ધ્યાનમાં લેવું પડે છે. આ દૃષ્ટિથી શિક્ષકે કઇ રીતે વર્તવું જોઇએ એ કલ્પનાનો વિકાસ થયેલો દેખાઇ આવે છે. એમાં નીચેની ત્રણ બાબતો તરફ ખાસ ધ્યાન આપવામાં આવે છે:

(૧) બાળકો ઉપર ધ્યાન રાખીને તેની જ પાસેથી યોગ્ય વર્તન કરાવી લેવું.

(૨) પોતાની વર્તણૂક આદર્શ રાખવી તથા બાળકો ઉપર એની છાપ પાડવી.

(૩) બાળકના કુદરતી વિકાસને યોગ્ય માર્ગ આપવો.

૧. બાળક ઉપર શિક્ષકની ધાક

શિક્ષકનો બાળકો ઉપર ધાક હોય તો બાળકો નકામી બડબડ કરતા નથી તથા શિક્ષકનું શીખવવાનું કામ સરળતાથી ચાલે છે. બાળકો શિક્ષકની આજ્ઞા પાળે છે, પણ એનાથી બાળકના મનમાં શિક્ષક માટે બીકની ભાવના ઉત્પન્ન થાય છે. કેટલાક બાળકો બીકને લીધે શિક્ષકની સામે સારી રીતે વર્તે છે, પણ એમની પાછળ એવી રીતે વર્તતા નથી, તથા શિક્ષકની ઠેકડી ઉડાડતા હોય છે. કેટલાક બાળકોના મન ઉપર તો બીકની ધાક એટલી બધી હોય છે કે તેને લીધે તે ઊંઘમાંથી પણ ઝબકી ઊઠે છે. કારણ શિક્ષકને ધાક રાખવા માટે લાકડીનો ઉપયોગ કોઇ-કોઇવાર અથવા હંમેશ કરવો પડે છે. આવી રીતે બીક પેસી ગઇ હોય તો બાળકનો સારો વિકાસ થતો નથી. ખાય છે તે શરીરે લાગતું નથી, માનસિકશક્તિનો વિકાસ અટકી જાય છે, કાર્યશક્તિ ઓછી થઇ જાય છે, તેથી આવા પ્રકારની સત્તાના જોરે બાળક ઉપર ધાક રાખવો યોગ્ય નથી, એમ હવે બધા જણ માને છે. એક સમય વાલીઓની આ કલ્પના હતી કે શિક્ષણનું ખરું સાધન એટલે સોટી. આ કહેવત પણ આના ઉપરથી જ પડી છે. પણ હવે આ બાબત કોઇ માનતું નથી. એનાથી ઊંધું શિક્ષા કરનાર શિક્ષકને જ દંડ થાય છે એવો કાયદો આજે થયો છે, તથા બાળકોને તેની ખબર પણ છે. બાળમંદિરમાં તો બાળકોને આવી રીતે બીક બતાવીને કાબૂમાં રાખવા યોગ્ય નથી. શિક્ષકનો સ્વભાવ માતાના જેવો જ પ્રેમાળ હોવો જોઇએ. શિક્ષકને જોઇને તેને વળગી પડવું—ભેટી પડવું એવી ઇચ્છા બાળકોને જાગે એ સારું લક્ષણ છે. તેમ છતાં ય આનો અતિરેક થાય એવું વર્તન શિક્ષકે ન કરવું જોઇએ. નહિ તો બાળકો માથે ચઢી વાગશે. પણ આ બાબત ખરી છે કે ઘરમાં અથવા શાળામાં બાળકને ધાકમાં રાખીને તેની પાસેથી યોગ્ય વર્તન કરાવી લેવાની વાત યોગ્ય નથી, પરંતુ શિસ્ત કે વ્યવસ્થા બાળકમાં જન્મે એવું પ્રેમાળ વાતાવરણ હોવું જોઇએ.

૨. શિક્ષક આદર્શરૂપ હોવા જોઇએ

ધાક બતાવ્યા વગર બાળકોને પોતાના કાબૂમાં કે કહ્યામાં રાખવાનો બીજો માર્ગ કયો? આનો વિચાર કરતી વખતે ઘણાને એવું લાગે છે કે શિક્ષક પોતે આદર્શ શિક્ષક હોવા જોઇએ; કારણ તેમના જ વિચારો, કૃતિ તથા ભાવનાઓનું અનુકરણ બાળકો કરતાં હોય છે તેથી શિક્ષકનું વર્તન આદર્શરૂપ હોવું જોઇએ.

પણ આ શક્ય છે કે? આવા કેટલા શિક્ષકો આદર્શ હોઇ શકે. આદર્શ બનવું એ વાત કંઇ નાનીસૂની નથી. શિક્ષકના આદર્શપણાની ગણતરી કે માપ કોણ કરે? શિક્ષક એકલો જ આદર્શ હોય તો સમાજની અન્ય વ્યકિતઓ આદર્શ ન હોવી જોઇએ? દરેક જણને બાળક સાથે સંબંધ આવે છે, તેમાં ય ઘરની વ્યક્તિઓનો




સંબંધ વધારે અસર કરનારો હોય છે. તેથી જો શિક્ષક આદર્શવાદી હોય તથા વાલી તેવા નહિ હોય તો કોની છાપ બાળક ઉપર પડશે? એ એક પ્રશ્ન જ છે, અને આના દ્વારા જો વિરોધ ઉત્પન્ન થાય તો બાળકના મનમાં દ્વિધા શરૂ થાય અને એમાં બાળકની માનસિક શક્તિ વેડફાઈ જાય.

ઘડીભર એમ માની લઈએ કે શિક્ષક આદર્શવાદી થઈ શકશે તો પણ એને એવું થવું યોગ્ય ગણાય? એટલે બાળકે તેના જેવું થવું ઇષ્ટ છે? દરેક બાળકમાં જુદું જુદું વ્યક્તિત્વ હોય છે, તે બધાં બાળકોને એક બિબાંમાં નાખીને એકસરખાં કેવી રીતે બનાવશે? અને એને એવી રીતે કરવું યોગ્ય ગણાય? એવું આપણે માનવું એ પણ બરાબર નથી. તેથી શિક્ષકનું વર્તન સારું હોવું જોઈએ. એની છાપ બાળકો ઉપર પડવી જોઈએ એવું કહેતી વખતે અતિરેક થવો કામનો નથી.

૩. બાળકના વિકાસમાં શિક્ષકની મદદ

શિક્ષકની બાબતમાં જે મુખ્ય કાંઇ અપેક્ષા હોય તો તે આ જ છે કે શિક્ષકે બાળકોનો યોગ્ય વિકાસ થવા દેવો જોઈએ. દરેક બાળકનું વ્યક્તિત્વ તથા અનુવંશિક સંસ્કાર જુદા જુદા હોય છે. આ બાબતોનો વિકાસ સારી રીતે થવા માટે શિક્ષકે લક્ષ આપવાની જરૂર છે. દરેક વ્યક્તિ જુદી રીતે જ વિકસશે તેથી જ 'વ્યકિત તેટલી પ્રકૃતિ' એમ આપણે કહીએ છીએ તે ખરું છે. શિક્ષકે પોતાની છાપ બાળકો ઉપર ન પાડતાં તેને જે કંઇ આકાર પ્રાપ્ત કરવાનો હોય તે કરવા દેવો. આ કુદરતી ક્રમ છે. તેને યોગ્ય વાતાવરણની ગરજ છે. આવું વાતાવરણ નિર્માણ કરવાનું કામ શિક્ષકનું છે. સારો વિકાસ કરવો હોય તો બાળકને સ્વાતંત્ર્ય મળવું જોઈએ; કારણ એમાં જ બાળકો સ્વયંશિક્ષણ લે છે અને સ્વયંવિકાસ સાધે છે. જો વાતાવરણમાં વિકાસને મુશ્કેલી આવે એવી બાબતો હોય તો તેટલી જ બાબતો શિક્ષકે દૂર કરવી જોઈએ. પરંતુ બધાંને એકસરખા કરી નાખવા નહિ. આમાં પણ કલ્પનાનો અતિરેક જણાય છે. કેટલાક એવું માને છે કે કુદરતી યોજના એ જ ઉત્તમ છે, તેનો સંપૂર્ણ રીતે અમલ થવા માટે ફકત યોગ્ય પરિસ્થિતિની જ જરૂરત છે. શિક્ષકે આ કુદરતી યોજનાને મદદ કરવી જોઈએ. એમાં ફેરફાર કરવાની જરૂર હોતી નથી. એકાદી સાડીની ગડી જે પ્રમાણે આપણે ખોલીએ તે જ પ્રમાણે વિકાસનું કાર્ય થતું હોય છે તેમાં ફેરફારની જરૂરત નથી, એટલે શિક્ષકે વ્યકિતવિકાસને મહત્ત્વ આપવું જોઈએ. આમ છતાં વ્યકિતને સમાજમાં રહેવાનું છે. જેમ વ્યકિતગત જીવન એ જેમ વ્યકિતના જીવનમાં મહત્ત્વનો ભાગ છે તેમ સામાજિક જીવન આ બીજો મહત્ત્વનો ભાગ છે. આ જ તો સામાજિક જીવનને જ વિશેષ મહત્ત્વ અપાય છે. સામાજિક જીવન તથા વ્યકિતગત જીવન એકબીજા ઉપર આધાર રાખતાં જ હોય છે. નૈસર્ગિક બાબતો કદાચ થોડા પ્રમાણમાં વ્યકિતગત જીવનની દૃષ્ટિથી યોગ્ય હોય તો પણ તે સામાજિક





જીવનને હંમેશ ઉપયોગી નીવડતી નથી. કુદરતી પ્રેરણાને સંયમમાં રાખવી એ સામાજિક જીવનની દૃષ્ટિથી જરૂરી છે. નહિ તો અવ્યવસ્થા ઊભી થવા પામે.

તેથી બાળકના કુદરતી વિકાસને મદદ કરતી વખતે તેનો વિકાસ યોગ્ય દિશામાં તથા યોગ્ય રીતે થાય એ જોવાનું રહેશે જ. જે વૃત્તિનો વિકાસ સામાજિક જીવનને અયોગ્ય છે તેને શરૂઆતથી જ અટકાવવી જોઇએ. આ કામ ઘરે વાલીઓનું તથા શાળામાં શિક્ષકોનું છે.

સારા શિક્ષકના ગુણો

શિક્ષક કેવો હોવો જોઇએ તથા એને કેવી રીતે વર્તવું આ બે બાબતોનો વિચાર કરતી વખતે સારા શિક્ષકમાં કયા ગુણો હોવા જોઇએ એની પણ થોડી ઘણી ચર્ચા કરીએ. ખાસ કરીને શિક્ષકમાં શીખવવાની કલા હોવી જોઇએ તથા બાળકના સ્વયંશિક્ષણમાં તથા સ્વયં-વિકાસમાં તેણે તેને મદદ કરવી જોઇએ. આ બંને ગુણ મહત્ત્વના છે જ પણ તે ઉપરાંત બીજા અન્ય ગુણો સામાન્ય રીતે શિક્ષકને તથા ખાસ કરીને બાલમંદિરના શિક્ષકને જરૂરી છે એનો વિચાર કરવો જોઇએ. ઘણા માણસો શિક્ષણને લીધે અભિમાની થઇ જાય છે એટલે કે હવે આપણે પ્રવીણ થઇ ગયા છીએ, હવે વધારે અભ્યાસની જરૂર નથી. પરિણામે વિદ્વાન કે ઊંચી કક્ષાના લોકો તરફ એ દુર્લક્ષ કરે છે, આ ઠીક ન કહેવાય. આટલી કક્ષાએ કોઇ પહોંચે. નહિ તો પણ શિક્ષણના કામમાં અલ્પ સંતોષ યોગ્ય નથી. જ્ઞાનનું ક્ષેત્ર વિશાળ છે તથા જીવનકાળ તદ્દન નાનો છે એ તત્ત્વની યાદ શિક્ષકે રાખવી જોઇએ. કોઇ પણ ક્ષેત્રને નીચી કક્ષાનું ગણવું એ પોતાના ન્યૂનતાપણાનું લક્ષણ છે. બાલમંદિરમાં કામ કરવું એટલે એમાં વિશેષ શું? અથવા પ્રાથમિક શાળામાં કામ કરવું તદ્દન સહેલું હશે એવો વિચાર કેટલાંયે પદવીધરોનો હોય છે. આવાની બાબતમાં ડિગ્રીના પૂછડાં એ ખરેખરા પૂછડાં જ બને છે. પ્રત્યક્ષ સારું કામ કરીને બતાવવા માટે જે તે પ્રયત્ન કરે તો તેમની સમજણનું ઉપલકિયાપણું દેખાઇ આવશે. પછી એવું પણ લાગે છે કે મોટાં છોકરાંઓને શીખવવું એ જુદી વાત છે તથા નાના છોકરાને શીખવવું એ જરા અઘરી વાત છે.

તેથી ખાસ વાત એ કે શિક્ષકની વૃત્તિ સતત અભ્યાસની હોવી જોઇએ. તેણે આપણા દેશની ખાસિયતો તથા મુશ્કેલીઓ જાણી લેવી જોઇએ અને જો શક્ય હોય તો પરદેશમાં જઇ કેળવણીના ક્ષેત્રની પરિસ્થિતિ જાણી લેવી જોઇએ. જેની વૃત્તિ અભ્યાસની હોય છે તે કીડીની જેમ કણે કણે જ્ઞાનનો ભંડાર ભરવાને તૈયાર હોય છે. આપણા કરતાં નીચી કક્ષાના લોકો પાસેથી પણ કેટલું બધું શીખવા મળે છે એની ખાતરી બાળમંદિરના નિરીક્ષણના કાર્ય દરમિયાન થશે તેથી જે જે સારું હોય તે તે હમેશ બધે ઠેકાણેથી ગ્રહણ કરીને પોતાનો અભ્યાસ તથા યોગ્યતા વધારનારો શિક્ષક હોવો જોઇએ.

શિક્ષકનો મહત્ત્વનો ગુણ એટલે એના વિચારની ઉદારતા. કોઇ પણ પૂર્વગ્રહ મનમાં ન રાખતાં બીજાના વિચારોનું સત્યપણું જાણી લેનાર એ હોવો જોઇએ. આપણી જેમ બીજા પણ પ્રામાણિક હોય છે એમ તેને લાગવું જોઇએ. શાસ્ત્રીય શોધમાંની કેટલીએ નાની પણ ખૂબ મહત્ત્વનો ફરક લાવનારી બાબતો ક્ષુદ્ર માણસોએ શોધી કાઢી છે, તેથી કોઇ પણ રીતે મોટા થઇએ તેથી ક્ષુદ્ર માણસોના વિચારોને ફગાવી દેવાની વૃત્તિ ન હોવી જોઇએ. સત્યશોધક વ્યકિત હંમેશ ખુલ્લા મનની હોય છે.

—ચાલુ

શ્રી લક્ષ્મી સીલ્ક મિલ્સ

કસ્તુરચંદ મિલ્સ કંપાઉન્ડ

દાદર, મુંબઇ-૨૮.

* બુશ શર્ટીંગ * બ્રેકેટ્સ
* કેપ * ફેન્સી પટ્ટી
* જેકાર્ડ ટાફેટા * ડોબી ટાફેટા
* સાટીન પ્લેઇન * રીબ સાટીન
* શાર્કસ્કીન

તમારી આર્ટ સીલ્ક કાપડની જરૂરીઆત માટે અમારી જાણીતી સુંદર ડીઝાઇન તેમ જ આકર્ષક રંગોમાં નીકળતી જતો ખરીદો

સીલ્ક તથા આર્ટ સીલ્ક કાપડ રંગવાનું તથા છાપવાનું કામ કરીએ છીએ.

ટે. નં. ૬૦૩૮૨ ટેલીગ્રામ: "લક્ષસીલ્કમ"

ચીમનના ચશ્મા

(એક નિરીક્ષણ)

શાળાનો એક વર્ગ કામ કરી રહ્યો હતો. બધા વિદ્યાર્થીઓ સ્વાધ્યાયમાં ગુંથાયલા હતા.

શિક્ષક સ્વાધ્યાય કરતા વિદ્યાર્થીઓનું નિરીક્ષણ કરી રહ્યા હતા. એમની નજર છેટે પાટલી પર બેઠેલા એક વિદ્યાર્થી તરફ ગઇ. ધીરેથી એ એની પાસે જઇ ઊભા રહ્યા.

બાળક ચોપડીને ઠેઠ આંખ સુધી લાવી પરાણે વાંચવા પ્રયત્ન કરી રહ્યો હતો. શિક્ષકે જોયું કે બાળકની આંખ કામ કરતી જણાતી નથી. એમણે એ બાળકને સંબોધીને કહ્યું :

'ચીમન, જરા મોટેથી વાંચ જો.

ટટાર થઇ ચીમને ચોપડીને આંખના ઠેઠ મૂણા સુધી અડાડી પરાણે વાંચવા માંડયું ત્યારે શિક્ષકને ખાતરી થઇ કે ચીમનની આંખનો નંબર ખૂબ વધી ગયો લાગે છે.

આ શુભ પળને આવકારી લઇ એ બાળપ્રેમી શિક્ષક ભાઇએ તેના વાલીને બોલાવી. તેમની સમતિ લઇ, બીજે જ દિવસે આંખના સ્પેશીઆલીસ્ટને બતાવવા લઇ ગયા. ડૉકટરસાહેબે રિપોર્ટ આપ્યો કે આ બાળકને ચશ્માની જરૂર છે ને તેણે દર ત્રણ માસે આંખ તપાસરાવવી પડશે. તેમ નહિ થાય તો તે તેની આંખ ગુમાવશે.

એક વિદ્યાર્થીને ઘર કે શાળાની બેકાળજીને કારણે આંખ કાયમને માટે ગુમાવવી પડે એ આ સેવાભાવી શિક્ષકને ન રુચ્યું. એમણે તુરત પોતાની પાસે પડેલી વિદ્યાર્થીઓની એક નાનકડી ભંડોળ સીલકમાંથી આઠ રૂપિયાનું ખર્ચ પાડયુ ને ચીમનનાં આંખના નંબર કઢાવી ચશ્મા અપાવરાવ્યા.

ચીમન હવે ચશ્મા વાપરે છે. તેના આનંદનો પાર નથી રહ્યો. કારણ તે સારી રીતે વાંચી લખી શકે છે ને પોતાનો અભ્યાસ આગળ વધારી શકશે. ભણીને તે પોતાનું જીવન વિકસાવી શકશે. કાયમના આવતા અંધાપાને એ આમ અટકાવી શકવાથી એના હરખનો પાર નથી.

ઘર કે શાળાની આવી થોડી શી જાગ્રતિથી આપણે કેટલાય બાળકોની બગડતી આંખ સુધરાવી શકીએ છીએ.

—રતિભાઇ અમીન

ડિગ્રી અને જીવન

ભાવિ જીવન માટે જરૂરી એવું બધું ય ડિગ્રી મેળવવાથી મેળવી શકાશે એવો ભ્રમ વિદ્યાર્થીઓ અને માબાપોએ ન સેવવો જોઇએ. ડિગ્રી તો પક્ષીની જિંદગીમાં જરૂરી શીખવા માટેની શક્તિનું એક ચિહ્ન છે. શિક્ષણ શાળા અને કૉલેજની ચાર દીવાલોમાં જ મર્યાદિત રહેતું નથી પણ ખરું શિક્ષણ તો જીવન જીવતાં જીવતાં જ મળે છે. વ્યાવહારિક જીવનમાં જરૂરી શિક્ષણ મેળવવાની શક્તિ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીકાળ દરમિયાન મેળવે છે.

રામસ્વામી મુદાલિયર

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

શેઠ ગોરધનદાસ કરસનદાસ બાળમંદિર અને પ્રાથમિક શાળા : મુંબઇ ભાટિયા સ્ત્રી મંડળ સંચાલિત આ સસ્થાએ બાળકોના હસ્તકામનું પ્રદર્શન પ્રજાસત્તાક દિનની ઊજવણીમાં યોજ્યું હતું.

સ્વ. શેઠ હંસરાજ ત્રે. શ્રોફ શિશુશિક્ષણ મંદિર વાલકેશ્વર મુંબઇ : ભગિની કળામંદિર સંચાલિત આ સંસ્થાનો પંદરમો વાર્ષિકોત્સવ તા૦ ૧૧-૧-૫૮ ના રોજ શ્રી ચરણદાસ મેઘજી મથુરાદાસના પ્રમુખપદે ઊજવાયો. બાળકોના હસ્તકામનું પ્રદર્શન તેમ જ શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયનાં ગીતો એ ઉત્સવનાં વિશેષ આકર્ષણો હતાં.

બાલમંદિર માટે જોઇએ છે

મોન્ટેસોરી તાલીમ લીધેલ એક શિક્ષિકા

જ્ઞાન, પગાર, ઉમર, લાયકાત અને અનુભવ જણાવવા સાથે સર્ટિફિકેટો સહિતની અરજી મોકલો. ઇન્ટરવ્યુ માટે તા. ૧૫-૩-૫૮ ના રોજ પોતાના ખર્ચે આવવાનું રહેશે,

પ્રમુખ, શહેર સુધરાઇ
બીલખા (સૌરાષ્ટ્ર)

સ્વીકાર : સમાલોચના

'માનસદર્શન'

મુંબઇના જાણીતા માનસ ચિકિત્સક ડૉ. રમણલાલ પટેલે અજ્ઞાત મનના કાર્ય અંગે 'જન્મભૂમિ'માં જે લેખમાળા લખી હતી તે હવે સંકલિત કરીને 'માનસદર્શન' ના નામથી પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવી છે. 'માનસ-દર્શન'માં ખાસ કરીને અજ્ઞાત મનનું દર્શન સરળ રીતે રજૂ કરવામાં ડૉ૦ રમણલાલનું આ પુસ્તક ગુજ-રાતીમાં તો પહેલું છે. મરાઠીમાં પણ સામાન્ય માણસ માટે આવી સરળ શૈલીમાં લખેલું પુસ્તક મારા જોવામાં આવ્યું નથી. આપણું મન શી રીતે કામ કરે છે તે જાણવાની જરૂર દરેક વ્યકિતને છે. આપણું મન આપણે જ્યાં સુધી આપણે જાણી શકતા નથી ત્યાં સુધી આપણું યોગ્ય ઘડતર આપણે ઘડી શકતા નથી અથવા તો એ કેળવી શકતા નથી

ડૉ૦ રમણલાલનું આ પુસ્તક મને બાળકેળવણીની દૃષ્ટિએ પણ આવકારવા જેવું લાગે છે. વાલીઓના વહેમો, શંકા, ધાસ્તી, ચિંતા વગેરેનું નિર્મૂલન કરવાની શકયતા આ પુસ્તકના વાંચનથી વાલીઓને સમજાશે અને આવા વાલીઓના પરિસરમાં બાળકોનું જીવન વધુ રક્ષિત બનવાની હું શકયતા જોઉં છું. આ ઉપયુકત સુંદર પ્રકાશન માટે ડૉ. રમણલાલને હાર્દિક અભિનંદન આપીએ છીએ. પુસ્તકનું પ્રાપ્તિસ્થાન ત્રિપાઠી બુકસેલર્સ મુંબઇ ૨. મૂલ્ય રૂા. ૩. ૭૫ ન. પૈ.

૦ ૦ ૦

લોહાણા નર્સરી સ્કૂલ મોમ્બાસા : ટૂંક અહેવાલ : ગાંધી જયંતિના શુભ અવસરે આ સંસ્થા સ્થાપન કરવામાં આવી. સંસ્થાના આચાર્યપદે શ્રીમતી શારદાબેન રાજ્યગોર નિમાયા છે. આર્થિક જવાબદારી લોહાણા સમાજની કાર્યવાહક સમિતિએ સંભાળી લીધી છે. શ્રી. હીરાલાલ નથવાણી તેમ જ શ્રી. જયંતીલાલ ગોકળદાસ રાજાણી સમાજના તેમ જ શાળા સમિતિના પ્રમુખો છે અને તેઓ સંસ્થાના વિકાસમાં સારો ભાગ લે છે. સંસ્થામાં તમામ કોમોના બાળકોને પ્રવેશ અપાય છે. શરૂઆતથી જ સંસ્થામાં ૧૧૫ બાળકો દાખલ થયાં હતાં. મકાનની તંગીને લીધે બંધ થયેલી દેવીબાઇ નર્સરી સ્કૂલની સામગ્રી સંસ્થાને મળી છે. તેમજ કમ્પાલાવાળા શ્રી પોપટ-ભાઇના લગ્ન પ્રસંગે સંસ્થાને રૂા. ૧૦૦૧ની ભેટ મળી હતી.

બાલશિક્ષણ અને સંઘ સમાચાર

ગ્રામબાલશિક્ષા કેન્દ્ર કોસબાડ : નૂતન બાલશિક્ષણ સંઘના ગ્રામ બાલશિક્ષા કેન્દ્રની વિકાસવાડી યોજનાના મકાનોનો ઉદ્ઘાટન-સમારંભ શ્રીમતી ઇંદિરા ગાંધીના શુભ હસ્તે તા૦ ૧૦-૨-૫૮ના રોજ યોજવામાં આવ્યો હતો. વિકાસવાડી યોજનામાં એકથી સાત ધોરણની બુનિયાદી શાળા, બુનિયાદી અને પૂર્વબુનિયાદી અધ્યા-પન મંદિરો, શિક્ષકો અને કાર્યવાહકો માટેના કેટલાક મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ મકાનો લગભગ સવાબે લાખ રૂપિયાની કિંમતનાં છે.

૦ ૦ ૦


નૂતન બાલશિક્ષણ સંઘની ચૂંટણીઓ : અત્યાર સુધી સૌરાષ્ટ્રના હાલાર અને ગોહિલવાડ જિલ્લાઓ મહેસાણા જિલ્લા, થાણા જિલ્લા, અમદાવાદ, નાગપુર, કોલ્હાપૂર પૂના, મુંબઇ શાળાઓની ચૂંટણીઓ વ્યવસ્થિત રીતે થઇને દરેક શાળા તરફથી નિયત્રણ મંડળ પર મોક-લવાના પ્રતિનિધિઓનાં નામો નિશ્ચિત થયાનું જણાય છે.

૦ ૦ ૦

ન. જે. વીરજી બાલમંદિર અને પ્રાથમિક શાળા : મુંબઇની ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ સંચાલિત સંસ્થાનો વાર્ષિકોત્સવ તા૦ ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ અત્યંત ઉત્સાહથી ઊજવવામાં આવ્યો. પ્રથમ દિવ-સનું પ્રમુખસ્થાન શેઠશ્રી ધીરજલાલ મગનલાલે સ્વીકાર્યું હતું અને બીજે દિવસે કુમારી સવિતાબેન નાનજી કાલિદાસ પ્રમુખસ્થાને હતા. બન્ને દિવસે સંસ્થાના બાળકોએ સંસ્થાના દાતાઓ, અતિથિઓ અને વાહકોનું કાર્યક્રમોથી સુંદર મનરંજન કર્યું હતું. કાર્યક્રમના અહેવાલ પરથી અને પ્રત્યક્ષ કાર્યક્રમ જોવામાં આવ્યો તેના પરથી સંસ્થાની પ્રગતિની સરસ કલ્પના મળી હતી.

૦ ૦ ૦

સંસ્કાર બાળમંદિર અંધેરીભાગ મુંબઇ : શ્રી કચ્છી મહિલા સંચાલિત બાળમંદિરનો નવમો વાર્ષિક ઉત્સવ તા૦ ૧૮-૧-૫૮ ના રોજ શ્રી પ્રતાપસિંહ વલ્લભદાસના પ્રમુખપદે ઊજવાયો હતો. બાળકોના હસ્તકામનું પ્રદર્શન તેમજ કવિ-ગાયક શ્રી મધુભાઇ પટેલના ગીતો ઉત્સવના ખાસ આકર્ષણો હતા.



બતકીને મોતીની માળા જોઈએ

એક હતા બતકબેન.

એક હતા બતકભાઇ.

બતકબેનને એક દીકરી હતી.

તેનું નામ બતકી.

તે બધાં એક તળાવને કાંઠે રહેતાં હતાં.

બતકભાઇને એક મોટી નોકરી હતી. તે રોજ નોકરી કરવા જાય.

બતકી દરરોજ શાળામાં જાય.

બતકબેન ઘરમાં જ રહે.

એક દિવસ બતકી તળાવને કાંઠે ફરતી હતી.

પડોશીની દીકરી પંચુ તળાવને કાંઠે ફરવા આવી. તેના ગળામાં મોતીની માળા હતી.

બતકીને તે બૂબ ગમી.

બતકી દોડતી દોડતી ઘરે ગઇ. એના બાપા નોકરી ઉપરથી ઘરે આવી ગયા હતા.

તેણે બાપાને કહ્યું :

"બાપુજી, કાલે મારે માટે મોતીની માળા લઇ આવજો."

બતકભાઇ બોલ્યા :

"મોતીની માળા એકદમ કેવી રીતે મળે? પહેલા મોતી લાવવા પડે."

બતકી મોઢું ચઢાવીને કહે :

"એ હું નહિ જાણું! મને માળા જોઇએ જ."

બીજે દિવસે રજા હતી.

બતકભાઇ મોતી લાવવા માટે નીકળ્યા. તળાવકાંઠે બીજા બતકો ફરતા હતા તેમણે પૂછ્યું :

"કેમ બતકભાઇ, ક્યાં ચાલ્યા?"

બતકભાઇ બોલ્યા :

"અમારી બતકીને મોતીની માળા જોઇએ છે. મોતી ક્યાં મળે છે તે કહેશો જરા?"

બતકો કહે :

"અંહુ! અંહુ! અમને બબર નથી મોતી ક્યાં મળે છે તે. બૂબ ઊંડા પાણીમાં તે મળે છે એમ સાંભળ્યું છે."

બતકભાઇ આગળ ગયા.

બૂબ દૂર ગયા ત્યાં એક મોટું ઝરણું આવ્યું. ઝરણાને કાંઠે કેટલાંક બગલાં ફરતાં હતાં, તેમણે પૂછ્યું :

"ઓહો! બતકભાઇ, ક્યાં જવાને નીકળ્યા?"

બતકભાઇ બોલ્યા :

"અમારી બતકીને મોતીની માળા જોઇએ છે. હું મોતી શોધવા નીકળ્યો છું. મોતી ક્યાં મળે છે તે કહેશો જરા? તે બૂબ ઊંડા પાણીમાં મળે છે એમ બતકો કહેતાં હતા."

બગલાં બોલ્યાં :

"ઓહ ! અમને ખબર નથી મોતી ક્યાં મળે છે તેની. તે ખૂબ ઊંડા પાણીમાં ને છીપલામાં મળે છે એમ સાંભળ્યું છે."

બતકભાઇ આગળ જવાને નીકળ્યા.

ખૂબ દૂર ગયા પછી રસ્તામાં એક નદી આવી. નદી-કિનારે કેટલાંક કરચલાં એક પગ ઉપર ઊભાં હતાં. એમણે પૂછયું :

"કેમ બતકભાઇ, ક્યાં ચાલ્યા ?"

બતકભાઇ બોલ્યા :

"અમારી બતકીને મોતીનો હાર જોઇએ છે. હું મોતી શોધવાને નીકળ્યો છું. મોતી ક્યાં મળે છે તે તમને ખબર છે ?"

કરચલાએ કહ્યું :

"અંહુ ! અમને ખબર નથી મોતી ક્યાં મળે છે તેની. ખૂબ ઊંડા પાણીમાં, સમુદ્રને તળીએ, છીપલામાં એ મળે છે એમ સાંભળ્યું છે."

બતકભાઇ આગળ જવાને નીકળ્યા.

નદીને કિનારે કિનારે ખૂબ આગળ ગયા પછી તેને સમુદ્ર દેખાયો.

બતકભાઇએ સમુદ્રના કિનારાના પાણીમાં ડૂબકી મારી. પણ આગળ પાણી ખૂબ ઊંડુ હતું. બતકભાઇ ગૂંગળાવા લાગ્યા. એટલી વારમાં તેમની પાસે બેચાર મોટા માછલાં આવ્યાં. તેમણે પૂછયું:

"કેમ બતકભાઇ ! ક્યાં ચાલ્યા ? અમારી પીઠ ઉપર બેસો."

એક મોટી માછલીએ તરત બતકભાઇને પીઠ ઉપર બેસાડી દીધા.

બતકભાઇ બોલ્યા :

"તમારી પીઠ ઉપર બેસાડીને ખરેખર તમે મારો જીવ બચાવ્યો છે. અમારી બતકીને મોતીનો હાર જોઇએ છે તે હું મોતી લેવા નીકળ્યો છું. તમને ખબર છે મોતી ક્યાં મળે છે ?"

માછલી બોલી :

"હાં ! હા ! અમને ખબર છે મોતી ક્યાં મળે તેની. તે ખૂબ ઊંડા પાણીમાં આ સમુદ્રના તળીએ છિપલીમાં મળશે તમને. તમે સમુદ્રને કિનારે બેસો. હું તમને હમણા લાવી આપું છું."

એ માછલી ઝડપથી સમુદ્રને તળીએ ગઇ.

થોડીવારમાં જ વીસ-પચીસ માછલાં કિનારે આવ્યાં. દરેકની ઉપર એક એક મોતીની છીપલી હતી. બતકભાઇએ તે બધી લઇ લીધી.

બતકભાઇએ બધી છીપલીઓ ઉઘાડી. તેમાંથી કુલ પચ્ચીસ સુંદર મોતી નીકળ્યાં. બતકભાઇએ દરેક માછલીની પીઠ થાબડીને તેમનો આભાર માન્યો.

બતકભાઇ એકદમ ઝડપથી ચાલતા ચાલતા ઘરે આવ્યા. સાંજ થવા આવી હતી.

બતકબેન બતકભાઈની રાહ જોતાં હતાં.

બતકી પણ બતકભાઇની વાટ જોતી હતી.

બતકભાઇ આવ્યા એટલે બંને બોલ્યાં :

"ખૂબ થાકી ગયા, બરું ને ?"

બતકભાઇ બોલ્યા :

"મોતી તો બાજુએ રહ્યા, પણ હું તો મરી જ જવાનો હતો. પેલી બીચારી માછલીએ બચાવ્યો."

બતકી બોલી :

"ખરેખર ! અરર ! તો મને મોતી નથી જોઇતાં. હવે હું આવી જીદ નહિ કરું"

બતકભાઇ બોલ્યા :

"હવે તો મોતી લઇ આવ્યો છું. આપણે તેનો હાર કરીએ, પણ આવી રીતે જીદ કદી ન કરવી એથી ઘણો ત્રાસ થાય છે."

પછી ત્રણે જણા મજાનો દૂધપાક ને પૂરી જમ્યા. પછી બતકભાઇએ મોતીને કાણા પાડયા, બતકીબેને હાર કર્યો અને બતકીએ ગળામાં પહેર્યો.

બતકીને ખૂબ ખૂબ આનંદ થયો.

સુમતી પાયગાંવકર.

બોર ખાવાને–

છોકરાંઓ રે!
ઓ.....રે!
આવવું છે કે?
કયાં?
ડુંગર ઉપર.
શા માટે?
બોર ખાવાને.
હા! હા! હા! હા!
પગમાં પહેરશું?
ના, ના, ના.
છત્રી લઇશું?
ના, ના, ના.
જશું કેમ?

દોડતાં દોડતાં,
નાચતાં નાચતાં,
ઠેકડા મારતા,
ડુંગર ચઢીશું,
ડાળી પકડીશું,
બોર તોડીશું,
પાકા પાકા ખાઇશું,
ખાટાં ખાટાં ખાઇશું,
મીઠાં મીઠાં ખાઇશું.
ઘેર લઇ જાશું કે?
હા! હા! હા!
કેવી રીતે?

પાન લઇશું,
દડિયા કરશું,
તેમાં ભરશું.
કોને આપશો?
બાને આપશું,
બાપુજીને આપશું,
બહેનને આપશું,
ભાઇને આપશું,
દાદાને આપશું,
ફળિયામાં વેંચશું,
બધાં મળીને
ખૂબ ખૂબ ખાશું.

—અનુતાઇ

શાકવાળી

(અભિનય ગીત)

શાકવાળી હું શાકવાળી આવી.
દૂર દૂર આઘેના ગામડેથી આવી.
વહેલી ઊઠીને ઠંડીમાં ધ્રૂજતી
શહેરમાં આવી હોંશથી દોડતી..શાક૦

દૂર મારું ગામડું ને નાનીશી ઝૂંપડી
વીરડો ગાળીને મેં તો વાવી છે વાડી..શાક૦

પાકાં ટમેટાં ને તાજી છે પાપડી
રીંગણ બટાટાં ને ફૂણી ફૂણી કાકડી..શાક૦

લીલી લીંબોતરી ને મેથીની ભાજી
સસ્તી સરસ ને સારી છે તાજી..શાક૦

—શાંતિભાઇ રાવળ

'ફૂલડાં'

મટી રાત ને ઊગ્યું પરભાત,
ફૂલડાં ઊઠ્યાં ખીલી.
આખી રાતલડી સૂતાં સૂમસામ,
ઝાંકળનાં બિન્દુ ઝીલી.

પેલા કાંટાળા છોડનું ગુલાબ ફૂલડું મેં તો જોયું,
એના વિધવિધ રંગને વાસથી મારું મનડું મોહ્યું,
એની ચૂંટશો ના તમે કુમળી કળી....ફૂલડાં૦

પાન ઓછાં ને ઊંચા ઝાડે મહેકતું ચંપાનું ફૂલ;
એ તો જાણે બગીચાનું નાક એકલડું નાજુક અતુલ,
એની બાજુમાં ઊભી ચમેલી....ફૂલડાં૦

પેલો મઘમઘ કરતો મોગરો મુજને બોલાવી રહ્યો,
એના છોડવે જાણે બીજેલાં ફૂલડાંનો બોજો સહ્યો,
એના માથે નમી છે જૂઇ વેલી....ફૂલડાં૦

—ચ. દેસાઇ

દહેરી


☆


મારા તે ચોકમાં નાનકડી દહેરી,
દહેરીમાં બેઠા છે શંકર પારવતી.
વહેલી સવારે લોકો ત્યાં આવતા,
દર્શન કરવા દોડી દોડી;
મંદિરના ઓટલે દાણા વેરીને,
શંકરને નમતા હાથ જોડી...
મારા તે ચોકમાં૦

ચકલાં ને કાગડાં પોપટ ને મોરલા
પારેવાંના ટોળાં ઉભરાય:
કલબલ કરતી કાબર આવે
હોંશે હોંશે ચણ સહુ ખાય.
મારા તે ચોકમાં૦

દહેરીની પાસે મોટો છે વડલો,
ફાલ્યો ફુલ્યો એ ચોપાસ.
હુપ હુપ કરતા વાંનરભાઇનું
જાણે છે એ નિવાસ.
મારા તે ચોકમાં૦

—શાંતિલાલ રાવળ





કાગડો

☆


કાગડો કા-કા કરે
મારા ઘરની સામે, ઝાડની ડાળે,
બેસીને રોજ રોજ બોલ્યા કરે.
કાગડો કાકા કરે...

કાદવ—કિચ્ચડમાં નજરે પડે,
રંગ કાળો તેથી ડાઘ ના જડે,
એ તો ગંદુ સડેલું ખાયા કરે.
કાગડો કાકા કરે...

છોકરાં ન પજવે તેથી સંતાય,
નળચોકડીમાં જઇને ભરાય,
ત્રાંસી આંખે એ તો જોયા કરે.
કાગડો કાકા કરે...

ઊંચા ઊંચા ઝાડે માળો એ બાંધે,
તાર—તણખલાને ભેગાં સાંધે,
એ તો કોયલના ઇંડા સેવ્યા કરે.
કાગડો કાકા કરે...

—વ. દેસાઇ




HEGD PARADISE HEGD

SERVE YOU WITH INDIA'S BEST


PARADISE PRODUCTS CO.

B/17 SARVODAYA NAGAR BOMBAY-4




ARYAN Tooth Brush is so designed as to reach every nook & crevice of your dental system.

AVAILABLE IN PLASTIC CONTAINERS ALSO



સ્થાનિક શાખાઓ :

ઠાકુરદ્વાર : કાલબાદેવી : પરેલ : દાદર



શિક્ષકની તત્પરતા

આઇન્સ્ટાઇન ત્યારે પ્રિન્સ્ટનમાં રહેતા હતા. તેમની પાડોશમાં એક દંપતી રહેતાં હતાં. તેમને નાની દસેક વર્ષની એક છોકરી હતી. તે નિશાળમાં ભણતી હતી. તે છોકરીએ વાતમાં ક્યાંકથી જાણ્યું કે તેના પાડોશી મોટા ગણિતશાસ્ત્રી છે અને ગણિતના અઘરા દાખલા તો તેઓ તરત જ ગણી આપે છે. માબાપ ન જાણે તેમ તે છોકરી એક દિવસ આઇન્સ્ટાઇનના ઘરમાં પહોંચી ગઇ અને તેની બાળસહજ નિર્દોષતાથી મહાન ગણિતશાસ્ત્રીને કહ્યું કે: અમારા શિક્ષકે ઘરે ગણવા આપેલા દાખલા મને આવડતા નથી માટે કૃપા કરીને મને સમજાવશો?

યુનિવર્સિટીમાં સંશોધન કરનારા મોટા વૈજ્ઞાનિકોને જીવનભર માર્ગદર્શન કરાવનાર આઇન્સ્ટાઇન સમક્ષ એક દસ વર્ષની બાળા શિષ્યભાવે ઊભી હતી. પોતાનું મહત્ત્વનું કામ છોડી તે બાળાને તેઓ શીખવવા લાગ્યા અને તેમની મદદથી બાળાએ ગણિતના અઘરા લાગતા દાખલા ગણી કાઢયા! બાળા અને આઇન્સ્ટાઇન બંને ખૂબ જ રાજી થયાં. આઇન્સ્ટાઇન સાથે થોડી વાતો કરી બાળા ખુશમિજાજમાં પોતાને ઘેર આવી. પછી તો જ્યારે જ્યારે તેને ગણિતમાં મુશ્કેલી લાગે ત્યારે તે આઇન્સ્ટાઇન પાસે દોડી જતી અને આઇન્સ્ટાઇન તેને મદદ કરતા.

એક દિવસ તે બાળાની માતાએ તેને આઇન્સ્ટાઇનના ઘરમાંથી આવતી જોઇ ત્યારે તેને આશ્ચર્ય થયું.

"તું ક્યાં ગઇ હતી?" માતાએ પૂછ્યું.

બાળા: મારા શિક્ષકે આપેલા લેસનમાં મને ગણિતના દાખલા આવડતા ન હતા. એક દિવસ રસ્તામાં કેટલાક લોકોને મેં એવું કહેતા સાંભળ્યા કે, ૧૧૨ નંબરના ઘરમાં કોઇ મોટા ગણિતશાસ્ત્રી રહે છે અને તેઓ ઘણા જ ભલા માણસ છે તેથી હું તેમની પાસે ગઇ અને મારા લેસનમાં આપેલા દાખલા શીખી આવી. તેમણે રાજી થઇને મને બધું બહુ જ સરસ રીતે સમજાવ્યું. નિશાળમાં અમારા શિક્ષક સમજાવે છે તેના કરતાં તેઓ સમજાવે છે ત્યારે ઝટ સમજ પડે છે. તેમણે મને કહી રાખ્યું છે કે જ્યારે તને દાખલો અઘરો લાગે ત્યારે જરૂર મારી પાસે આવી પહોંચવું.

"આવા મોટા વિજ્ઞાનશાસ્ત્રીને ત્યાં આમ જવું તે અવિવેક ગણાય." માતા બોલી. પોતાની દીકરીના અવિવેક અને ધૃષ્ટતાભર્યા વર્તન માટે તેને શરમ ઊપજી, અને તેથી તે આઇન્સ્ટાઇનની માફી માગવા તેમને ઘેર ગઇ.

તેમના ક્ષમાયાચનાના શબ્દો સાંભળતાં જ આઇન્સ્ટાઇન હસીને બોલી ઊઠયા: "અરે! એમાં તમારે કદી માફી માગવાની હોય? તમારી દીકરી મારી પાસેથી શીખી તેના કરતાં તેની સાથેની વાતચીતમાંથી હું ઘણું શીખ્યો છું."

આઇન્સ્ટાઇનની નમ્રતા અને શિક્ષક તરીકે નાની બાળાને પણ મદદરૂપ થવાની તેમની તત્પરતા જોઇ પેલી બાળાની માતા તેમનો આભાર માની ઘરે આવી.

(લોકજીવન) —કુસુમબેન હરિભાઇ પટેલ

મુદ્રક અને પ્રકાશક: શેષ નામલે, 'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય, ૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ-૧૪.
મુદ્રણસ્થાન: સ્ટેટ્સ પીપલ પ્રેસ, ઘોઘા સ્ટ્રીટ, કોઠ, મુંબઇ નં. ૧.

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૭૨ : અંક ૧૨ : માર્ચ, ૧૯૫૮

આદિવાસીઓનું ભણતર

☆

આદિવાસી બાળકોની માંગ ભણવા માટેની નથી, મજૂરી મેળવવા માટેની છે. મજૂરી એટલે શ્રમવાળું અર્થોત્પાદક કામ. મૂળોદ્યોગ શિક્ષણ અંગે કેળવણીકારો ચર્ચા કરે છે. એમની જીવન પરિસ્થિતિની મનઃસ્થિતિમાં એ પ્રશ્ન ચર્ચાનો, માન્યતાનો અગર તો શ્રદ્ધાનો છે. અહીંની પરિસ્થિતિમાં એ પ્રશ્ન જીવનની કઠોર વાસ્તવિકતાનો છે. અહીં શ્રમવાળું અર્થોત્પાદક કામ એ જ એમના જીવનનો અને જીવનવિકાસ માટેનો એકનો એક આધાર છે.

[આ. બા. શિ. કેન્દ્ર કાર્યકર્તાઓના અનુભવના આધારે]

સંસ્થાપકો :
સ્વ૦ ગિજુભાઇ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કોલોની દાદર, મુંબઇ-૧૪

દુનિયાનો અંત

ઝાડ ઉપરથી ધબાક દઈને સૂકાં પાંદડાં ઉપર ફળ પડ્યું; સસ્સાભાઇને લાગ્યું કે "આ તો ખરેખર પૃથ્વીનો પ્રલય થઈ રહ્યો છે, ભાગો ભાઇ! ભાગો!"

સસલું તો ઝપાટાબેર દોડયે જતું હતું ત્યાં બીકમાં ચરતા એક હરણે પૂછ્યું, "કેમ સસ્સાભાઇ આટલા બધા ઉતાવળા ક્યાં દોડ્યા જાઓ છો?"

"કેમ, પૃથ્વીનો પ્રલય થઇ રહ્યો છે તેની તમને ખબર નથી પડતી? જો બચવું હોય તો મારી પાછળ પાછળ હાલ્યા આવો! સસલું હાંફતું હાંફતું બોલ્યું.

હરણ તેની પાછળ દોડ્યું. અને જરા વારમાં તો ભેંસ, જંગલી આખલો, ગેંડો, વાઘ, હાથી અને સિંહ સુધ્ધાં આ ભાગંભાગમાં જોડાયા. અરે, આ તો આખા પ્રાણી જગતનું સરઘસ એમની પાછળ આવ્યું.

આઇલોના માઇલો સુધી આ પ્રાણીઓ ગભરાટના માર્યા દોડ્યા—આખરે તેઓ થાક્યા. પછી હાથીને થયું કે ભાઇ પૃથ્વીના પ્રલયની કંઇ નિશાની તો જણાતી નથી! તેથી તેણે વાઘને પૂછ્યું, "વાઘ ભાઇ, પૃથ્વીનો પ્રલય થઇ રહ્યો છે તેની તમને ખાતરી છે?"

વાઘ અટક્યો અને બોલ્યો, "મને તો ભાઇ, આ ગેંડાએ કહ્યું."


"મને ખાતરી નથી હોં ભાઇ!" ગેંડો બરાડ્યો. "મને તો આ આખલાએ કહ્યું."

આખલો ગર્જ્યો, "મારો વાંક કેમ કાઢે છે? મને તો આ ભેંસે જે કહ્યું તે મેં બીજાને કહ્યું."

ભેંસે હરણ તરફ સૂચક દૃષ્ટિએ જોયું અને હરણ બબડ્યું, "આ સસ્સા ભાઇનાં જ બધાં કારસ્તાન છે!"

હાથીએ ચીચીઆરી પાડીને સસલાને પૂછ્યું, "કેમ, સસ્સા ભાઇ, પૃથ્વીનો પ્રલય થઇ રહ્યો છે એવું તમને કોણે કહ્યું?"


"મને વળી કોણ કહેવાનું હતું?" સસલાએ અભિમાનપૂર્વક કહ્યું. "ધબાક દઈને અવાજ થયો કે તરતજ મને તો ખબર પડી ગઇ; મને એમ લાગ્યું કે નક્કી હવે દુનિયાનો અંત આવી લાગ્યો છે."




"તને એમ લાગ્યું" હાથી હસી પડ્યો, અને બડ-બડાટ હસતાં બધાંજ પ્રાણીઓ વિખરાયાં.

વાર્તાનો સાર: સત્ય હકીકત મેળવી શકાય તેમ હોય અને આપણે જાણતા હોઇએ તો પછી વજુદ વગરની અફવાઓ સાંભળવી નહિં. આપણે 'ડાલ્ડા'નોજ દાખલો લઇએ. તેને વિષે સત્ય હકીકત શું છે? મુક્ત સરકારી ધોરણ અનુસાર શુધ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલું એ સર્વ વાનગીઓ બનાવવા માટે ઉપયોગી રાંધણ દ્રવ્ય છે. વધારાના પોષણ માટે તેમાં પ્રત્યેક ઔંસ દીઠ ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'એ'ના ઉમેરવામાં આવે છે—સારી જાતના ઘીમાં પણ આટલું વિટામિન 'એ' હોય છે—આ ઉપરાંત તેમાં પણ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'ડી'ના પણ ઉમેરવામાં આવે છે. લાખ્ખો ગૃહિણીઓ 'ડાલ્ડા'થી રાંધે છે કારણ કે 'ડાલ્ડા' રાંધણ દ્રવ્ય હોવા ઉપરાંત પૌષ્ટિક ખોરાક સુધ્ધાં છે એની તેમને ખબર છે!

હિન્દુસ્તાન લીવર લિમિટેડ, મુંબઇ.





"ટીનોપાલ" જે. આર. ગાઇગી, એસ. એ., બાલ, સ્વિત્ઝરલેંડનો રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક છે

"આપની દીકરી કદાચ ખૂબ સુંદર
નહિ હોય... પણ મારા દીકરા માટે તે સારી
ગૃહિણી નીવડશે એ હું જાણું છું. મને તો કન્યા
ખૂબજ હોશિયાર જણાઈ... એની સાડી
ધોતી વખતે ટીનોપાલ વાપર્યો છે."

બનાવનાર સુહૃદ ગાઇગી પ્રાઇવેટ લિમિટેડ, વડી વાડી, વડોદરા

સોલ ડિસ્ટ્રીબ્યુટર્સ : સુહૃદ ગાઇગી ટ્રેડીંગ પ્રાઇવેટ લિમિટેડ, પી. ઓ. બોક્સ ૯૬૫, મુંબઈ

વધારે ટીનોપાલ વાપરવાથી ધોવાણ સારું અને સુંદર બને છે

SISTA S-SG-42 GUJ

"શિક્ષણપત્રિકા"

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ	હેમલતાબેન માળવી
હરપ્રસાદ ભટ્ટ	રમેશભાઇ કોઠારી
જયંતિભાઇ ઓઝા	કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

સ્થાનિક અને પ્રાદેશિક શાખાઓ શું કરી શકે	સંપાદકીય	૩
દરેક જિલ્લામાં વિકાસવાડી હોવી જોઇએ	શ્રી ઇન્દિરા ગાંધી	૬
ગ્રામ બાળશિક્ષણ કેન્દ્રનો વિકાસ	શ્રી તારાબેન મેડક	૭
માતાઓનો સહકાર જોયો	શ્રી શે૦ ના૦	૧૧
શારદાને પણ શાળામાં જવું હતું.	શ્રી અનુતાઇ વાય	૧૨
પ્રશ્નોતરી	...	૧૪
ચર્ચાપરિષદમાં આવનારે	શ્રી શે૦ ના૦	૧૭
બાળશિક્ષણ અને સંઘસમાચાર	...	૨૦
— બાલવિભાગ —		
રીંછદાદા	શ્રી રમેશભાઇ કોઠારી	૨૧
વાની વાતો (વાત પહેલી)	શ્રી અનુતાઇ વાય	૨૨
અજબની ઘોડાગાડી	શ્રી રમેશભાઇ કોઠારી	૨૪

નૂતન બાળ–શિક્ષણ સંઘ

સ્થાનિક શાખા ખોલવા સંબંધે: સંઘનું સાહિત્ય મગાવીને કોઇ પણ બાલશિક્ષણ સંસ્થા પોતાના વિદ્યાર્થીવર્ગના વાલી, શિક્ષક અને બાલપ્રેમીઓમાંથી ૫ સભાસદો બનાવીને સંઘની સ્થાનિક શાખા શરૂ કરી શકે છે.

પ્રાદેશિક શાખા : કોઇ પણ જિલ્લામાં ચાર સ્થાનિક શાખા સ્થાપન થતાં અથવા વીસ સહાયક સભાસદો મળતાં તે તે શાખાના પ્રતિનિધિઓ મળીને એક જિલ્લા શાખાની સ્થાપના કરી શકે છે. આવી શાખાને પ્રાદેશિક શાખા કહેવામાં આવશે. આવી શાખાના પ્રતિનિધિને સંસ્થાના નિયંત્રણ મંડળમાં લેવામાં આવશે.

સંઘનું બંધારણ, પ્રવેશપત્રો, સૂચના, માહિતી વગેરે સાહિત્ય મેળવવા માટે નીચેને સરનામે લખવું:

મંત્રી : નૂતન બાળશિક્ષણ સંઘ

૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ–૧૪.

ગ્રાહકો–લેખકોને અગત્યની સૂચના

☆ "શિક્ષણપત્રિકા" એ નૂતન બાળશિક્ષણ સંઘનું મુખપત્ર છે.

☆ "શિક્ષણપત્રિકા" એ બાળજીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમ જ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એકમાત્ર માસિક છે.

☆ "શિક્ષણપત્રિકા"માં પ્રકાશન અર્થે આવતાં લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એક જ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા"ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

☆ "શિક્ષણપત્રિકા"માં બાળશિક્ષણ તેમ જ સંઘ-સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે, તેથી તે અંગેના સમાચારો તા. ૧લી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા"માં સંપાદકીય નોંધ સિવાય રજૂ થતા લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહિ.

☆ "શિક્ષણપત્રિકા" ગુજરાતી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧૦મી અને ૨૦મીએ પ્રગટ થાય છે.

☆ "શિક્ષણપત્રિકા"ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્રવ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

☆ "શિક્ષણપત્રિકા" માટેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે:

વ્યવસ્થાપક, "શિક્ષણપત્રિકા"

૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઇ–૧૪.

મુંબઇ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ તથા રાજસ્થાનના કેળવણી ખાતાએ માન્ય કરેલ

નૂતન બાળશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૨] માર્ચ, ૧૯૫૮ [અંક : ૧૨

નૂતન બાલશિક્ષણ સંઘની

સ્થાનિક અને પ્રાદેશિક શાખાઓ શું કરી શકે

બાળકેળવણી અંગેના નૂતન શિક્ષણના સિદ્ધાંતોનો અભ્યાસ કરવો અને આપણા દેશની પરિસ્થિતિને અનુકૂળ એવી નવી પદ્ધતિઓ અપનાવવા માટે, જરૂરી પ્રત્યક્ષ કામ તેમ જ સંશોધન કરીને, બાળકેળવણીનો ભારતભરમાં પ્રચાર કરવો એ નૂતન બાળશિક્ષણ સંઘનો મુખ્ય ઉદ્દેશ છે. સંઘનો આ ઉદ્દેશ જોતાં સંઘ દુનિયાના જુદા જુદા દેશોમાં બાળકેળવણી અંગે જે કોઇ અખતરાઓ થઇ રહ્યા છે તેનો અભ્યાસ કરવા માગે છે—પ્રત્યક્ષ અનુભવ કરવા માગે છે અને આપણા દેશનાં બાળકોની જીવન-પરિસ્થિતિ ધ્યાનમાં લઇને આ દેશ માટેની બાળકેળવણીનું સ્વરૂપ ઘડવા માગે છે.

સંપાદકીય

સંઘની અંતીમ માન્યતા એવી છે કે બાળકોના પ્રથમ ગુરુપદે બિરાજનારા માતા-પિતા અથવા વાલીઓ અને જેમણે બાળકેળવણીને પોતાનાં જીવનકાર્ય તરીકે સ્વીકારી છે એવા બાલશિક્ષકો કે બાળકેળવણીકારો જ આ દેશની બાળકેવણીને યોગ્ય સ્વરૂપ આપી શકશે. અને એથી જ નૂતન બાલશિક્ષણ સંઘને બાળકેળવણી માટેની વાલી-શિક્ષકોની અખિલ ભારતીય સંસ્થાનું રૂપ આપવાનો પ્રયત્ન થઇ રહ્યો છે. બાળકેળવણી માટેની સર્વ-પ્રથમ અને સ્વાભાવિક જવાબદારી વાલીઓ અને શિક્ષકોની જ હોવાથી બાળકેળવણીને યોગ્ય સ્વરૂપ આપવાનો અધિકાર પણ એમનો જ છે.

જીવન સમગ્રનો વિકાસ જીવનના ઉષઃકાળની કેળવણી પર અવલંબે છે એ આધુનિક માનસશાસ્ત્રનો સિદ્ધાંત ધ્યાનમાં લેતાં આ કેળવણીનું ઘડતર જેઓની આ સ્વાભાવિક જવાબદારી છે તે જ લે તે બરાબર છે. સંઘની સ્થાપના પણ તે માટે જ કરવામાં આવી છે. સરકાર આ કામની જવાબદારી ઉપાડે તો પણ સંઘ કેળવણીની આ બાબતમાં પોતાના વિચારોનો સ્વતંત્ર વિકાસ કરશે. કારણ કે એવો વિકાસ કરવાનો તેને હક્ક છે. આપણા દેશમાં આ કેળવણીની જવાબદારી આ દેશની કોઇ સરકારે હજી સ્વીકારી નથી, અને એટલે જ આ કામ કરનાર સંસ્થાઓ અથવા મંડળોને સરકાર તરફથી પૂરેપૂરું પ્રોત્સાહન મળવાની જરૂર છે. છતાં કોઇ કારણે સરકાર જો યોગ્ય પ્રોત્સાહન આપતી ન હોય તો સંઘ જેવી બાળકોના વાલી-શિક્ષકોની સંસ્થા પોતાનો પ્રભાવ દાખવી સરકાર પાસેથી એ પોતાનું ધાર્યું પણ કરાવી લે. બાળકના વિકાસને સહાયક બનવા માટે તેમ જ તેના વિકાસના રક્ષણ માટે વાલી-શિક્ષકોનું સંગઠન રચવાની અને તેને બળવાન બનાવવાની જરૂર છે.

આપણા દેશના મોટા ભાગના વાલી-શિક્ષકોને પોતાના હકકો અને જવાબદારીનું ભાન નથી; અને ભાન નથી એટલે જ નૂતન બાળ-શિક્ષણ સંઘ જેવી વાલી-શિક્ષકનું સંગઠન સાધતી સંસ્થાની પ્રગતિ ગોકળ-ગાયના પગલે પગલે થઇ રહી છે. સંઘની સ્થાપના થયાને બત્રીસ ઉપરાન્ત વર્ષ વીતી ગયાં છે, કેટલીય બાળકેળ-વણીની સંસ્થાઓની સંખ્યા વધી ગઇ છે, પરંતુ બાળકેળવણી માટેનું વાલી-શિક્ષકોનું સંગઠન હજી સુધી વ્યાપક બની શકયું નથી. બાળકેળવણીની સંસ્થાઓ હજી સંચાલક મંડળોના મરજી અને કાર્ય-ક્ષમતા પર જ નભી રહી છે. ઘણી સંસ્થાઓના સંચા-લકોને પોતાની સંસ્થાના કાર્યમાં વાલી-શિક્ષક સંગઠન કેટલું ઉપકારક બનશે તેનું પણ ભાન નથી. કેટલાક

સંચાલકો વળી આવા સંગઠન માટે ઊંડે ઊંડે મનમાં બીક રાખતા જણાય છે. વાલીઓને સૂતા રાખીને તેઓ એકલા હાથે બાળકેળવણીનુ કાર્ય અગર ધંધો કરવા માગે છે, પરંતુ બાળકેળવણીનું કાર્ય વાલી-શિક્ષકોની સાચી સમજણ સાથેના સહકાર વિના શક્ય નથી એ વસ્તુ તેઓ જેટલી વહેલી સમજે તેટલી બાળકેળવણીની પ્રગતિ વધુ થશે.

કેટલાક સંચાલકોને અને શિક્ષકોને આ વાત સમજાય છે અને તેઓ પૂછવા લાગ્યા છે કે અમે અમારી સંસ્થામાં નૂતન બાળશિક્ષણ સંઘની સ્થાનિક શાખા તો સ્થાપન કરી છે; હવે અમારે આગળ શું કરવાનું છે તે કહો. અમારી સંસ્થાઓના વાલીઓને કંઈક રસ પડે એવો કાર્યક્રમ અમને બતાવો.

સારી સારી બાળશિક્ષણ સંસ્થાઓનો અનુભવ એવો છે કે સંસ્થા જ્યારે બાળકોની કેળવણી અંગે વાલીઓનો સહકાર માગે છે ત્યારે વાલીઓનો સહકાર એમને મળતો જ નથી. ઘણા વાલીઓ એમ માને છે કે બાળકને બાળમંદિરમાં દાખલ કરી દીધું, અને તેની ફી આપવાની વ્યવસ્થા કરી દીધી એટલે પછી વધુ કોઈ કર્તવ્ય એનું રહેતું નથી. ઘણા વાલીઓને આવાં વાલી-શિક્ષક સંગઠનમાં કોઈ અર્થ લાગતો નથી અને અર્થ લાગતો નથી એટલે તેઓ બાળમંદિરનાં કામમાં કોઈ પણ પ્રકારનો રસ લેતા નથી. વાલી-સભાઓ કરીએ તો ભાગ્યે જ દસપાંચ વાલીઓ ભેગા થાય છે. વાલી-શિક્ષક સંગઠનના તેઓ આંખની શરમ ખાતર સભ્ય બનશે પણ કોઈ દિવસ એમાં સક્રિય ભાગ લેવા જેટલી ફુરસદ મેળવશે નહિ.

કેટલાક બાળશિક્ષકોને પણ પોતાની સંસ્થામાં વાલી-શિક્ષક સંગઠનની જરૂર જણાતી નથી. "અમે ગયે વખતે ઘણા સભ્યો કર્યા અને શાખા પણ સ્થાપન કરી, પણ કેન્દ્ર તરફથી કશું થયું નથી પછી શાખા કાઢવાનો શો અર્થ? એની જરૂર શી? અમે આ વખતે સંઘની શાખા નથી કાઢવા માગતા" એક સારી સંસ્થાના બાળશિક્ષકોને આવા ઉદ્‌ગારો કાઢતા સાંભળ્યા છે.

વાલીઓનો, શિક્ષકોનો અને સંચાલકોનો આ કાર્ય સંબંધમાં આવો નિરુત્સાહ રહે તો એ સંસ્થાની બાળકેળવણી જોખમમાં છે એમ ગણવું. એ સંસ્થાની બાળકેળવણી યાંત્રિક અને એકાંગી બની ગઈ છે એમ સમજવું. એ સંસ્થાના સંચાલકો કાં તો અજાગ્રત છે, કાં તો એમને ખોટો ડર છે એમ સમજવું. એ સંસ્થાના શિક્ષકો કાં તો અજાગ્રત હશે અથવા એમના કામનો ઉત્સાહ ઓસરી ગયો હોવો જોઈએ. એ સંસ્થાના વાલીઓ પણ અજાગ્રત અથવા બેદરકાર હશે. બાળકેળવણીનું એ સંસ્થામાં માત્ર નાટક ચાલે છે એમ ચોકસ કહી શકાય

જે શાળામાં સંચાલકો અને શિક્ષકો એકબીજાને અનુકૂળ છે અને સંસ્થાનું શિક્ષણકાર્ય ખૂબ ખંત-પૂર્વક ચલાવી રહ્યા છે, સંસ્થાની પ્રગતિ સારી દેખાય છે, એવી સંસ્થામાં વાલી-શિક્ષક સંગઠનની જરૂર ખરી? એવી પણ ઘણી સંસ્થાઓ છે, કે જે બાળકોના ઘરની પરિસ્થિતિ ધ્યાનમાં લીધા વિના પોતાનું કામ કર્યે જાય છે. આવી સંસ્થાની બાળ-કેળવણીની દૃષ્ટિ પણ સાવ ઉપરછલ્લી જ છે એમ ગણવું. કારણ બાળકોનો જ્યાં ઉછેર થાય છે ત્યાં બાળકનું મન કઈ રીતે ઘડાયું, એના પ્રશ્નો કયા છે, એ ધ્યાનમાં લીધા વિના આ સંસ્થા સાચા અર્થમાં બાળકોની પૂરક બની શકે નહિ.

બાળકેળવણી અસરકારક બનાવવા માટે વાલી-શિક્ષક સંગઠનની જરૂર અનિવાર્ય છે. બાળકોને કેળવણી આપ-વાની પ્રથમ ફરજ વાલી-શિક્ષકોની જ છે. એ ફરજ તેઓ સમજતા નથી એટલે શરૂઆતમાં કેટલીક મુશ્કેલીઓ રહેશે. સમાજના દરેક કામમાં એવું જ હોય છે. આ સંબંધમાં અત્યારે જાગૃતિ નથી એટલે તે લાવવાની જરૂર છે. માટે જે કોઈ બાળકેળવણીની સંસ્થાએ પોતાની સંસ્થામાં વાલી-શિક્ષક સંગઠનની સ્થાપના કરી હશે તેમને અમે હાર્દિક અભિનંદન આપીએ છીએ.

આ સંગઠનમાં વાલીઓ કેમ રસ લેતા થાય, એમની સહકારની લાગણીનો બાળકોના વિકાસ માટે કેમ ઉપયોગ કરી શકાય, એ જ આપણી મુખ્ય સમસ્યા છે. વાલીઓને રસ લેતા કરવાનું કામ આપણે ધારીએ એટલું મુશ્કેલ નથી કારણ વાલીઓને બીજા કશામાં રસ ન હોય તો પણ પોતાનાં બાળકોમાં તો સ્વાભાવિક રીતે રસ હોય છે જ. વાલીઓ જો પોતાનાં બાળકોની કેળવણીમાં રસ ન લેતા હોય તો તેનાં સાચાં કારણો શિક્ષકોએ શોધી કાઢવા જોઈએ. જુદી જુદી પરિસ્થિતિમાં વાલીઓના જીવનના પ્રશ્નો જુદા જુદા પ્રકારના હોય છે, તેમની દિનચર્યા શિક્ષકોએ સમજી લેવી જોઈએ. વાલીઓનો એ પ્રકારનો અભ્યાસ શિક્ષ-કોને વાલીશિક્ષક સંગઠન ચલાવવા માટે જ નહિ, પરંતુ બાળકોના પ્રશ્નો સમજવા માટે પણ ઉપયોગી થઈ પડશે. વાલીઓનું ગૃહજીવન સમજવું બાળશિક્ષકો માટે જેટલું આવશ્યક છે એટલું જ શિક્ષકોનું શાળાનું જીવન સમજવું

વાલીઓ માટે આવશ્યક છે. શાળા અને ઘર વચ્ચેના ઘનિષ્ઠ સંબંધોથી જ વાલી-શિક્ષકોનો સહકાર સક્રિય બની શકશે.

વાલી-શિક્ષકોના સંબંધો વધારવાની દૃષ્ટિએ શિક્ષકોએ દર મહિને અમુક વાલીઓને ત્યાં જઈને એ કુટુંબો સંબંધમાં નોંધ રાખવી જોઈએ. બાળકના વિકાસના પ્રશ્નો સમજવા માટે આ નોંધનો જેટલો વધુ ઉપયોગ કરી શકાય તેટલો ઉપયોગ કરવો જોઈએ. એમાં શિક્ષકો પોતપોતાની નોંધો શિક્ષકોની સભામાં વાંચે, તેના પર ચર્ચા કરે અને તેમાં શું આવવું જોઈએ અને શું ન આવવું જોઈએ તે સંબંધમાં વિચારે.

શિક્ષક જેમ વાલીને ત્યાં જાય એ જરૂરનું છે તેમ વાલીઓ બાળમંદિરમાં આવે અને પોતાના બાળકને બીજા બાળકો વચ્ચે જુએ એ પણ જરૂરનું છે. આ માટે અઠવાડિયામાં એક દિવસ ખાસ વાલીઓ માટે રાખીને તે દિવસે ૮-૧૦ વાલીઓ બાલમંદિર જોવા આવે એવી પ્રથા પાડવી જોઈએ.

વાલી-શિક્ષક સંગઠનનો મુખ્ય હેતુ બાળકોનો વિકાસ અને કેળવણી અંગે પ્રશ્નો સમજવાનો તેમ જ તે માટે બાળકોને દરેક પ્રકારની મદદ પહોંચાડવાનો છે. આ દૃષ્ટિએ દરેક બાળમંદિરમાં વાલીઓની મદદથી વાલીઓ માટે જ ખાસ વાચનાલય અને પુસ્તકાલય ચલાવવામાં આવે. આ વાચનાલય-પુસ્તકાલયની પ્રવૃત્તિમાંથી અભ્યાસમંડળ, વ્યાખ્યાનમાળા, પ્રદર્શનો વગેરેની સુસંગઠિત પ્રવૃત્તિ શાખા ઉપાડી શકે છે.

વાલી-શિક્ષક સંગઠન માટે બાળમંદિરમાં જુદા જુદા તહેવારો અને ઉત્સવો ઊજવવાની પ્રવૃત્તિ એ બીજાનો સંપર્ક વધારવા માટે ખૂબ જ અનુકૂળ હોય છે. તિલક-જયંતી, ગાંધીજયંતી, પ્રજાસત્તાકદિન, સ્વાતંત્ર્યદિન, જાગતિક બાલદિન, બાલશિક્ષણ જયંતીદિન, ગોકુળઆઠમ, વસંતપંચમી, બાલમંદિરના સ્નેહસંમેલન ઉત્સવો—આ બધા પ્રસંગે શિક્ષકો વાલીઓના પ્રતિનિધિઓને સાથે રાખે એ જરૂરનું છે. આ દિવસોની ઊજવણીની યોજના કરવામાં તેમ જ તે યોજનાઓ પાર ઉતારવામાં જોઈતી જે કંઈ શક્ય હોય તેવી સેવાઓ આપવાનું વાલીઓને પણ ગમે છે. વાલીઓમાંથી કોને કઈ કળા આવડે છે, કોણ કઈ રીતે ઉપયોગી થઈ શકે એમ છે એની નોંધ શિક્ષકોએ રાખવી જોઈએ. વાલીઓમાંથી કોઈને ચિત્રકામ, માટીનાં ચિત્રો બનાવવાનું કામ, મણિકામ, મોતીકામ સિવણ-ભરત, રંગોળી-અલ્પના, વાર્તાકથન, નાટ્ય-અભિનય, સંગીત, રમકડાં બનાવવાનું કામ, બાગકામ જે કંઈ આવડતું હોય તેનો લાભ બાલમંદિરને મળે તેની દૃષ્ટિ રાખીને વાલીઓને તે તે પ્રકારનાં કામો આપવાં જોઈએ. ઉત્સવોની ઊજવણી વખતે એવાં ઘણાં કામો નીકળી શકે છે.

કોઈ વખતે વાલી-શિક્ષકો મળીને બાળકો માટે નાટકો કરે, બાળકોને રમકડાં બનાવી આપે, પ્રવાસમાં સાથે આવે, રમત-ગમત કરાવે એવા પણ પ્રસંગો બાળશિક્ષકો ઊભા કરી શકશે.

આ રીતે વાલી-શિક્ષક સંગઠન એકબીજાના સહકારથી બાળમંદિરની અંદરના કામને જીવતું બનાવી શકે છે તેમ જ બાળકનું જીવન સમાજમાં વધુ સુખદ બને તે માટેના પ્રયત્નો પણ કરી શકે છે. એક ગામમાં એક કરતાં વધુ બાલમંદિરો હોય તો એવાં બાલમંદિરો ખોટી અદેખાઈ સ્પર્ધા આદિથી કેવી રીતે મુક્ત થાય અને ગામના કામોમાં સહકાર આપે એ વાલીશિક્ષક સંઘટનાએ જોવું જોઈએ. દરેક ગામમાં આર્થિક રીતે પછાતવર્ગ હોય છે. આ પછાતવર્ગનાં બાળકો માટે પણ બાળકેળવણીનો કંઈ પ્રયત્ન થાય એ માટે બાલક્રીડાંગણો, પૂરક ખોરાકની વ્યવસ્થા, બાલવાડી કે બાલમંદિરોની વ્યવસ્થા ઉજાળિયાતવર્ગ માટે ચાલતી સંસ્થાઓના વાલી શિક્ષક સંઘટનાઓએ કરવી જોઈએ. આ બાળકો માટે શું શું કરી શકાય તેની વિચારણા કરીને ગામની ગ્રામપંચાયત, કલ્યાણ ખાતાં, કેળવણી ખાતું વગેરે તરફથી જે કાંઈ મદદ મેળવવાની શક્યતા હોય તે માટેના પ્રયત્નો તેઓએ કરવા જોઈએ.

ગામેગામની સ્થાનિક શાખાઓના પ્રતિનિધિઓની સંઘની પ્રાદેશિક શાખા બને છે. આ શાખાને પ્રાદેશિક કહેવાનું કારણ એ શાખાને વિશિષ્ટ પ્રદેશમાં પોતાની બાળશિક્ષણ અંગેની પ્રવૃત્તિ વિકસાવવાની હોય તે છે. દરેક પ્રાદેશિક શાખા એક જિલ્લાના પ્રદેશ માટે અથવા એક લાખની વસતિના નગર માટે હોય છે. આવી શાખા દરેક શાખાઓ તરફથી પૂછવામાં આવેલા પ્રશ્નો અંગે નેરાકરણ કરી શકશે. બધાં બાળમંદિરો માટે જોઈતાં સાધનો, બધાં બાળમંદિરો માટે જોઈતી સ્ટેશનરી, સાહિત્ય વગેરેના ભંડારો ચલાવવાનું કામ પ્રાદેશિક શાખાઓ કરી શકશે. બાળકો-વાલીઓ માટેનાં દાર્શનિક કેળવણીના સાધનો મેળવવા, તે બધાંને પહોંચાડવા અથવા તેનું સર્જન પણ તેઓ કરી શકશે. બાળગીતોના સંગ્રહો, વાર્તાઓના સંગ્રહો, બાળનાટકો, બાળસાહિત્યના સંગ્રહો વ્યવસ્થિત

(અનુસંધાન ૬ ઠ્ઠા પાને)

દરેક જિલ્લામાં વિકાસવાડી હોવી જોઈએ

દિલ્હીમાં જ્યારે શ્રીમતી તારાબેન મોડક વિકાસવાડી યોજના માટે મને મળ્યાં, ત્યારે તેમનું કાર્ય પ્રત્યક્ષ જોઈને તેમાંથી બાળશિક્ષણ માટે કંઈ શીખવા હું કોસબાડ આવીશ એમ મેં કબૂલ કર્યું હતું. બાળશિક્ષણના પ્રશ્ન અંગે મને પોતાને ખાસ રસ છે તેથી અહીં આવતાં પહેલાં મેં કેટલીક અપેક્ષાઓ મનમાં રાખી હતી. અહીં આવ્યા પછી મને જે કંઈ જોવા મળ્યું તેના ઉપરથી હું જરૂર કહી શકું કે મારી આ અપેક્ષા સાચી પડી છે અહીંનું વાતાવરણ સુંદર છે અને અહીંનું કામ પણ મારી અપેક્ષા પ્રમાણે ઘણું સુંદર છે.

એકાદા ખૂણામાં બેસીને પણ કોઈ સુંદર કામ કરતું રહે તો તેની સુગંધ ધીરે ધીરે પણ નિશ્ચિત રીતે પ્રસરે જ છે એ વાત આ સંસ્થાના દાખલા ઉપરથી દેખાઈ આવે છે. આ સંસ્થાના કાર્યને હવે આખા યે દેશમાં નામના મળવા લાગી છે. ભારત સરકાર અને જનતાનું ધ્યાન તે તરફ વળ્યું છે.

આપણે અત્યારે ભારતનું રચનાકાર્ય શરૂ કર્યું છે. આ રચનાના મૂળમાં બાળક છે. આ બાળકને નવા વિચાર આપવાના છે. દેશની નવરચના કરવાનો અર્થ આ દેશમાંથી આપણું દરિદ્ર અને અંધશ્રદ્ધા દૂર કરવાનો છે, ઉત્પાદન વધારવાનું છે, બધાંને શિક્ષણ આપવાનું છે. આ બધું કરીને દેશને આગળ લાવવાનો છે. જગતના અન્ય દેશો ખૂબ જ વેગથી આગળ વધી રહ્યા છે ત્યારે આપણો દેશ પાછળ રહે એ યોગ્ય નથી. તેને માટે આ દેશના દરેક બાળકને સરખી તક મળે એવું આપણે કરવું જોઈએ. જ્યારથી આપણને સ્વાતંત્ર્ય મળ્યું છે ત્યારથી સરકાર તરફ બધાં લોક મદદની અપેક્ષાથી જોવા લાગ્યા છે. પણ સરકાર એટલે કોણ? સરકાર જે કંઈ કરે છે તે જનતાએ આપેલાં સાધનથી જ કરે છે. પૈસા જનતા આપે છે એટલે સરકાર કંઈ કરી શકે છે. આપણે બધાં ગરીબ છીએ, પરંતુ આપણી પાસે સેવાની ભાવના છે. ભારતીય સંસ્કૃતિના લોહીમાં જ સેવાની પરંપરા હોઈને આપણા નેતાઓ તરફથી આપણને સેવાનો જ આદેશ મળે છે. આવી સેવાની ભાવનાથી જ આ સંસ્થા આગળ આવી છે. આ સંસ્થા સુંદર છે. થોડા સમયમાં મેં જે કંઈ જોયું છે તેના ઉપરથી મને લાગે છે, કે આવા પ્રકારનું કાર્ય ભારતના દરેક જિલ્લામાં થવું જોઈએ. આપણી ક્રાન્તિની આ જ ખરી રીત છે. આ જ પ્રકારની અહિંસક ક્રાન્તિનો આદેશ આપણને બાપુજીએ આપ્યો છે.

આપણા દેશમાં જ્યાં જ્યાં અજ્ઞાન અને અંધશ્રદ્ધા ફેલાયેલી છે ત્યાં ત્યાં સેવાની જરૂર છે. આપણે વધુ જાગ્રત રહેવું જોઈએ. દેશની વિકાસ-સાંકળમાંની એક પણ કડી જો નબળી રહે તો આ કડીની નબળાઈ આપણી બધાંની નબળાઈ ગણાશે. તેથી આ નબળી કડી અંગે આપણે બેદરકાર રહેવાથી ચાલી શકશે નહિ.

શ્રીમતી તારાબેને ચલાવેલું કાર્ય ખૂણામાં ચાલતું હોય તો પણ જનતાનું સામર્થ્ય વધારવાની દૃષ્ટિથી એનું ખૂબ મહત્ત્વ છે. આવા સુંદર કાર્યને બધાંની સહાય મળશે જ. આ અંધારા ભાગમાં આ કાર્યને લીધે પ્રકાશ મળશે જ અને આ પ્રકાશનો પ્રભાવ બધે ઠેકાણે પડશે એવી અપેક્ષા પ્રગટ કરીને અને શ્રીમતી તારાબેન મોડકના બધાં સહકાર્યકરોને ધન્યવાદ આપીને મારું ભાષણ પૂરું છું.*

—ઇંદિરા ગાંધી

* વિકાસવાડી યોજનાના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીમતી ઇંદિરા ગાંધીએ કરેલા ભાષણના આધારે

(પાના પરથી ચાલુ)

રીતે કરવાનું કામ પ્રાદેશિક શાખાઓ ઉપાડી શકે છે. જિલ્લાની જુદી જુદી સંસ્થાઓની માહિતી પોતાની પાસે રાખીને કયાં શું સારું થાય છે એનો ખ્યાલ પ્રાદેશિક શાખાના રેકર્ડમાં હોવો જોઈએ જેથી તે બીજા જિલ્લાના કાર્યકરોને પણ ઉપયોગી થઈ પડે.

બાળકો માટે આપણે હજી કશું જ વ્યવસ્થિત કરી શકયા નથી. સંઘની સ્થાપનાને બત્રીશ વર્ષ થયાં તો પણ આપણા કાર્યમાં સંઘટિત વ્યવસ્થા હજી નિર્માણ થઈ નથી. દરેક બાળશિક્ષણપ્રેમી આ દિશામાં સંઘ કંઈક સક્રિય કામ કરી શકે તે માટે પોતાની શાખાથી જ શરૂઆત કરે, પોતાની સ્થાનિક શાખા ઉત્તમ રીતે ચલાવે, પોતાની શાખાનું કામ વ્યવસ્થિત કરીને સમગ્ર જિલ્લાનું કામ વિચારી લે, આ જ ક્ષેત્રમાં રસ લેતા બીજા ભાઈબહેનોના સંપર્કમાં રહે અને જિલ્લાના પ્રશ્નો વિચારે, આ પ્રકારના રચનાત્મક કામમાંથી જ આપણો દેશ ફરી ઊભો થવાનો છે. દરેક સંઘી પોતાની ફરજ બજાવીને સંઘને બળવાન બનાવે.

શો૦ ના૦

ગ્રામ બાલશિક્ષણ કેન્દ્રનો વિકાસ

૧૯૫૨ વર્ષ પહેલાં, નૂતન બાલશિક્ષણ સંઘે, ઓરડીમાં પોતાનું બાલશિક્ષણનું ગ્રામીણ કેન્દ્ર શરૂ કર્યું. આ કેન્દ્રમાં અમે પહેલાં એક ગ્રામ બાલ-અધ્યાપનમંદિર એટલે કે ગ્રામીણ ભાગમાં બાલવાડી ચલાવવા માટે શિક્ષકોને તૈયાર કરવા માટેની ટ્રેનિંગ કૉલેજ શરૂ કરી. તે સમયે કસ્તુરબા ટ્રસ્ટ તરફથી તેનાં બધાં કેન્દ્રોમાંથી વિદ્યાર્થિનીઓ તાલિમ લેવા માટે આવતી હતી. આ ટ્રેનિંગ કૉલેજ માટે 'પ્રેક્ટિસિંગ સ્કૂલ' તરીકે અમારા કેન્દ્રમાં એક બાલવાડી ચાલતી હતી. આ બાલવાડીમાં બધાં સાધનો હતાં તથા પદ્ધતિસર ચાલતી હતી. આ બાલવાડીમાં ઓરડી ગામનાં બધા થરનાં બાળકો આવતાં હતાં, પરંતુ ગામના અમુક ભાગમાંથી બાળકો આવતાં નહોતાં. તેમને માટે અમે 'આંગણ બાલવાડી' શરૂ કરી. અમારી પહેલી 'આંગણ બાલવાડી' ૧૯૪૫ના ડિસેમ્બરમાં, ઓરડીના બારા તળાવના એક ખૂણામાં, આદિવાસીઓની વસતિમાં શરૂ થઇ અને તે અનુતાઇ વાઘ ચલાવતાં હતાં. તેમણે તે વસતિને 'હળપતિ નિવાસ' તથા બાલવાડીને 'કમલ-બાલવાડી' એવું નામ આપ્યું. આ બાલવાડી કમળથી ખીચેલા તળાવને કાંઠે, આદિવાસીઓના આંગણામાં, આમલીના ઝાડ નીચે ચાલતી હતી. બાલવાડીનો સામાન અહીંની જ એક ઝૂંપડીમાં રાખતાં હતાં. થાણા જિલ્લાના પ્રખ્યાત થયેલા આદિવાસી લોકોની તથા અમારી આ પહેલી જ ઓળખાણ; આ જ અમારો પછાત ગ્રામીણ વિભાગનો પહેલો અનુભવ અને ગ્રામીણ બાલ-શિક્ષણનો પહેલો પ્રયોગ.

અમારી આ 'આંગણ બાલવાડી'ની સંખ્યા અમે વધારતા ગયાં તથા 'આંગણ બાલવાડી'ના પ્રકાર પણ નિશ્ચિત કરતાં ગયાં. આપણા ખૂબ મોટા દેશમાંના લાખ્ખો ગામડાંમાં શહેરમાં ચાલે છે એવાં બાલમંદિરો શરૂ કરવાની શકયતા નથી; કારણ આર્થિક પ્રશ્નોની સાથેસાથ ત્યાંનું દારિદ્રય, અજ્ઞાન વગેરે પ્રશ્નો પણ છે. આ બધું જ લક્ષમાં લઇને અમે ગામડાંમાં તથા પછાત વસતિમાં ચાલી શકે એવી આ 'આંગણ બાલવાડી'નો વિશેષ પ્રકારનો વિકાસ કર્યો.

અમારા આ પ્રયત્નમાંથી આદિવાસી જનતાનો તથા અમારો પરસ્પર સંબંધ વધતો ગયો. તેને લીધે તેમનાં બાળકોનાં શિક્ષણનો પ્રશ્ન અમારા ધ્યાનમાં વિશિષ્ટ રીતે આવ્યો, કારણ કે અમારી બાલવાડીમાં બાલવાડીની વયનાં બાળકો આવે છે; તેની સાથે-સાથ ઘોડિયાઘરની વયનાં તથા પ્રાથમિક શાળાની વયનાં બાળકો પણ આવતાં હતાં. આથી મોટી વયનાં બાળકો માટે રમતો તથા અક્ષરશિક્ષણ વગેરે પ્રવૃત્તિ પણ શરૂ કરવી પડી. અમારા આ અનુભવમાંથી જ અમને 'વિકાસવાડી યોજના' સૂઝી અને પ્રયોગ તરીકે નાના પાયા પર, ૧૯૫૩માં, ઓરડીથી થોડે દૂર એક વાડીમાં 'વિકાસવાડી'નો પ્રયોગ શરૂ કર્યો. અમારો અનુભવ જેમ જેમ વધતો ગયો તેમ તેમ અમને વિચારો સૂઝતા ગયા તેથી વિગતવાર યોજના તૈયાર કરી અને તે અમે ભારત સરકાર આગળ ૧૯૫૫ના એપ્રિલમાં રજૂ કરી. ઘણું ખરું તે ત્યાં માન્ય થઇ, પરંતુ મંજૂર થઇને પ્રત્યક્ષ હાથમાં આવતાં ૧૯૫૬ના નવેમ્બર જેટલો સમય થયો. તે મંજૂર થશે જ એવી આશાએ અમે ૧૯૫૬ના જૂનથી જ અમારી વિકાસ વાડી ઓરડીથી અહીં કોસબાડ લઇ આવ્યા.

વિકાસવાડીમાં એક ઘોડિયાઘર, એક બાલવાડી તથા એક પ્રાથમિક શાળા ચાલે છે, કારણ કે નાનાં બાળકોને સંભાળવા માટે થોડાંક મોટાં બાળકોને—ખાસ કરીને છોકરીઓને ઘરે રહેવું પડતું હતું તે જ પ્રમાણે ભાષા, ટેવો તથા લેખન, વાચન, ગણિત વગેરે વિષયોના અભ્યાસ, સંસ્કાર નાનપણથી જ નખાય તો તે વિષયોનો અભ્યાસ સારી રીતે થઇ શકે છે, તેવી જ રીતે શાળામાં ઘોડિયાઘર હોવાથી મોટા છોકરાઓ તથા છોકરીઓને બાળકોને સંભાળવા માટેનું શિક્ષણ પણ મળી શકે. આ ઉપરાંત નાનાં બાળકોને પણ નાનપણથી જ સ્વચ્છતાની તથા બીજી ટેવો પડશે. આવું ઘોડિયાઘર તથા બાલવાડી એકત્ર હોવાથી ફાયદો થાય છે. આજે પ્રાથમિક શાળામાં છોકરાંઓ મોડા મોડા એટલે ૭—૮ વર્ષની વયે, કે એનાથી પણ મોટી વયે આવે છે. આથી ટેવો પડવી, તે જ પ્રમાણે શીખવામાં રસ પડવો, તથા શીખેલું ધ્યાનમાં રખવું—આ બધી જ બાબતો અઘરી બને છે.

વિકાસવાડી યોજનામાં આદિવાસી બાળકોનું શિક્ષણ યોગ્ય રીતે કેમ થાય, તેમની મુશ્કેલીઓ શી છે

તે જોઈને તે કેવી રીતે દૂર કરી શકાય, એ અંગેનો પ્રયોગ કરીને તેમાં સરખાપણું લાવવાની પદ્ધતિ શોધવી એટલી બાબત આવે છે, આ માટે તેમની શાળામાં અથવા આપણી ગામડાની શાળામાં યોગ્ય પ્રકારનું શિક્ષણ હોવું અત્યંત જરૂરી છે. શિક્ષકોને ગામડાનાં લોકોની મુશ્કેલીઓ તથા તેમાંથી રસ્તો કાઢવાની રીત સંપૂર્ણ રીતે અવગત હોય તો જ આ બાળકોને બધી શાળામાં સારી રીતે શિક્ષણ આપી શકાય. આ દૃષ્ટિથી અમે આ યોજનામાં 'બેઝિક ટ્રેનિંગ કૉલેજ'નો સમાવેશ કર્યો છે આ ટ્રેનિંગ કૉલેજના મુખ્ય અધ્યાપક શ્રી કાપડીના નેતૃત્વ નીચે જૂનથી ટ્રેનિંગ કૉલેજ શરૂ થઈ છે. શ્રી કાપડી પોતે અનુભવી તથા ઉત્સાહી અધ્યાપક હોવાથી તેમની સેવા અમે સરકાર તરફથી ઊછીની લીધી છે. આ ઉપરાંત અમને શ્રી જ્યોતિભાઈ દેસાઈ (જેમણે ગયે વર્ષે ઇંગ્લૅન્ડ જઈને શિક્ષણનો વિશેષ અભ્યાસ કર્યો છે) જેવા સેવાભાવી તેમ જ ગામડાંના અને પછાત વિભાગમાં કામ કરવાની વિશેષ હોંશવાળા અધ્યાપક પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત શ્રી અનુતાઈ વાઘ, શ્રી વિક્રમ બુઢા પાટિલ વગેરે નિષ્ઠાવાન તથા દિલ દઈને કામ કરનાર વ્યક્તિઓ પ્રાપ્ત થઈ છે. એમના સાથથી છેલ્લાં બાર વર્ષથી ચાલુ રહેલું અમારું બાલવાડીના શિક્ષકોનું 'ગ્રામ બાલઅધ્યાપનમંદિર' ચાલુ છે. શ્રીમતી માલિનીબહેન દેસાઈ ગયા ચાર વર્ષથી મુખ્ય અધ્યાપક તરીકે ઉત્તમ રીતે કામ કરે છે.

કોસબાડમાં આવ્યા પછી દર વર્ષ પ્રમાણે ગ્રામ બાલઅધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ તરફથી ત્રણ મહિના 'આંગણ બાલવાડી' શરૂ કરવાનો ક્રમ શરૂ થયો છે. દૂરના પાડાઓમાંથી નાનાં નાનાં બાળકો તો નહિ જ પરંતુ મોટાં બાળકો પણ શાળામાં આવતાં નથી. આ બાળકો તથા બાલીઓ સાથેનો સંપર્ક અમારે વધારવાની જરૂરિયાત હતી. 'આંગણ બાલવાડી'ને લીધે તેમની સાથે સંપર્ક વધે છે તે જ પ્રમાણે અહીં પૂર્વ-પ્રાથમિક તથા મૂળોદ્યોગ એવી બે ટ્રેનંગ કૉલેજો તથા તેને માટે પ્રેક્ટિસિંગ સ્કૂલ તરીકે ધોડિયાઘર, બાલવાડી, તથા બેઝિક પ્રાથમિક શાળા ચાલુ છે. આ ઉપરાંત 'આંગણ બાલવાડી'ઓ ચાલુ હોઈને વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ માટે બે વસતિગૃહ ચાલુ છે તેમાંથી ટ્રેનિંગ કૉલેજ, પ્રેક્ટિસિંગ સ્કૂલ તથા અધ્યાપકો માટે ઘરો તૈયાર થયાં છે. ખેતીની જમીન ધીરે ધીરે તૈયાર થઈ ગઈ છે, તેને માટે કૂવો પણ બંધાઈ ગયો છે તથા ગાયની કોઠો પણ તૈયાર થઈ ગઈ છે.

આ ઉપરાંત બાલવાડી, છોકરા–છોકરીઓનાં વસતિ-ગૃહો, પ્રાથમિક શિક્ષક વર્ગ માટે પુનર્ભારત થવાનાં છે અને એમ સંસ્થાનો વિસ્તાર વધવાનો છે. આ ઉપરાંત આવતા વર્ષે પ્રથમિક શાળાના ઉપલા વર્ગનાં છોકરા છોકરીઓ માટે વસતિગૃહો પણ ચાલુ કરવાનાં છે. આ સિવાય બીજી પણ કેટલીક બાબતોનો વિસ્તાર વિચારવો પડશે એમ લાગે છે. આ સંસ્થામાં બાળકોને સ્વાશ્રયી કરવાની દૃષ્ટિથી અંબર ચરખા તથા સાળ, સુથારીકામ, છાપકામ વગેરે જેવી પ્રવૃત્તિ પણ અહીં શરૂ કરવી પડશે, કારણ કે અડીના ૭ થી ૧૪ વર્ષનાં બાળકોને પણ પોતાની કમાઈ જાતે કર્યા સિવાય શાળામાં જઈને ભણવું અશક્ય છે. આથી નિર્વાહ માટે કરવું પડતું કામ શાળાએ પૂરું પાડવું જોઈએ તથા એ કામમાંથી બાળક પોતાનો નિભાવ કરી શકે તો જ આ છોકરાઓનો આર્થિક પ્રશ્નનો ઉકેલ થશે. કામ શાળામાંથી જ મળવાથી યોગ્ય હોય તે જ તથા યોગ્ય પ્રકારે આપી શકાશે તથા તે શિક્ષણનું માધ્યમ બની શકશે. આ સંસ્થાનો વિકાસ આ દિશામાં થવો જોઈએ એવું હવે દેખાવા લાગ્યું છે.

ગયા બાર વર્ષમાં ગ્રામીણ લોકોના જીવનની ખૂબ માહિતી તેમના પ્રત્યક્ષ જીવનમાંથી મેળવેલી છે એટલે અમે એમાંથી ઘણું જ શીખ્યા છીએ અને અનુ-ભવ-સમૃદ્ધ થયા છીએ. અમે તેમના જીવનમાં પ્રવેશ કર્યો તેથી તેમના જીવનની ઉત્કૃષ્ટ તથા નિકૃષ્ટ બાજુઓ જોઈ શક્યા છીએ. તેમની જે જે મુશ્કેલીઓ તથા સમસ્યાઓ છે, તે બધી અમે અમારી જ કરવાનો પ્રયત્ન કર્યો તેને લીધે અમે તેની વધુ ને વધુ નિકટ જતા જઈએ છીએ. તેમના જીવનની નવી મુશ્કેલીઓ અથવા બાજુઓ જોઈ તેના ઉપર વિચાર તથા ચિંતન કરીને પગલાં ભરવા લાગ્યા છીએ. ઘોર જંગલમાં તથા અંધારામાં અટવાતા, પડતા–આખડતા, રસ્તો કરતા જતા આજે અમે અહીં આવી પહોંચ્યા છીએ. અમારી પાસે ગયા ૧૨ વર્ષનો અનુભવ છે એવું અમે આજ કહીએ છીએ, તેમ છતાં એ બહુ મોટી મૂડી છે એમ ન કહી શકાય. આજે પણ અમે હજી પડતા-આખડતા છીએ, પ્રયોગ કરતા જઈએ છીએ તથા "આ જ તે રસ્તો" એવું અમે હજી સંપૂર્ણ વિશ્વાસ-પૂર્વક કહી શકીએ એવી પરિસ્થિતિ આવી નથી.

આદી સુધી આવી પહોંચ્યા પછી અમે એટલું જ કહી શકીએ છીએ કે આ કામ આટલું સરળ તથા સહેલું નથી. આની જાણ હોવા છતાં અમારામાં નિરાશા તથા કંટાળો ઉત્પન્ન થયો નથી એટલું જ નહિ, પણ અમારા કામ પ્રત્યે ઉમંગ વધતો જ રહે છે. અમારી ઉમંગનું કારણ એ છે કે અમને ઉષાનો ઉદય આકાશમાં થતો દેખાય છે. રોજ ભળસ્કે, રાત્રિના અંધકાર પછી. આ આનંદવનમાં સુંદર એવો અરુણોદય તથા ઉષા અમને જોવા મળે છે. આ સુંદર દૃશ્ય જ અમારા અડીંના કામનું પ્રતીક છે એવું અમને લાગે છે. એને લીધે અમારો ઉત્સાહ, ઉમંગ તથા આશા વધે છે. આ અરુણોદય એટલે જીવનથી તરબોળ એવા અડીનાં બાળક-બાલિકાઓના હૃદયમાંથી નીતરતો પ્રેમ તથા સહકાર છે. બાળકોના માતાપિતાના મન પણ અમે આ બાળકોના સહકાર દ્વારા અમારા તરફ ખેંચી શકીશું એવી આશા એ જ અમારી ઉષા છે.

અત્યાર સુધી અનુભવથી અમને એ પ્રતીત થયું છે કે આપણા દેશની સામે આ એક ખૂબ મોટી તથા ગંભીર સમસ્યા છે, જેને પાર પાડવી કઠિન છે અને તરત ફળદાયી તો નથી જ. અમે પહેલ્લ જ્યારે આ ક્ષેત્રમાં પ્રવેશ્યા ત્યારે જે અનુભવ થયો હતો તેના કરતાં હવે જ્યારે તેમાં પૂર્ણ રૂપે પ્રવેશ્યા છીએ ત્યારે નવી જ બાબતનો અનુભવ થવા લાગ્યો છે.

પહેલી જ એ બાબત દેખાઈ કે આપણે ભણેલા લોકો આપણી પછાત જનતાથી ઘણાં દૂર છીએ. આપણે અડીંની વસતિની તદ્દન નજદીક જઈશું તો પણ ક્ષણે ક્ષણે એવું લાગે છે કે તેમની અને આપણી વચ્ચે હજી ખૂબ જ જાડો એવો પડદો છે અને તે હજી સુધી અભેદ્ય છે. અંગ્રેજ લોકો તેમની રીતભાત, રહેણીકરણી, વિચાર આચાર વડે જેટલા પારકા હતા તેટલાં જ અમે તેમને માટે પારકા લાગીએ છીએ. ફરક એટલો જ છે કે અંગ્રેજો તરફ આપણે જેમ તેમની સંસ્કૃતિ, શિક્ષણ, સામાજિક જીવન વગેરેને લીધે આકર્ષાયા હતા તેમ આ લોકો આપણી ખૂબ નજીક આવવાને

☆ કામીનીઆ શૃંગાર

પ્રસાધનો દ્વારા

ચમકતો કેશકલાપ

અનુપમ લાવણ્ય

અને મખમલ જેવી

મુલાયમ ત્વચા

મેળવો

"હું જાણું છું કે કામીનીઆ શૃંગાર પ્રસાધનો ઉત્તમ છે. હું મારી પસંદગી બાબત ખરેખર ગર્વ ધરાવું છું અને ખરેખર તે યોગ્ય જ છે"

☆ વૈજયંતીમાલા

ભારતનાટ્યમની

પ્રતિમા એમ કહે છે

કામીનીઆ હેઅર ઓઇલ
કામીનીઆ સ્નો
કામીનીઆ ટોઇલેટ સોપ
ઓટો, દિલબહાર

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કું.
મુંબઈ-૨૦

જરાયે ઉત્સુક નથી. તેઓ પોતાના માનસિક વાડામાં પોતાની સંસ્કૃતિને સુરક્ષિત તથા સાચવીને રાખવા માગે છે. તેમનું આ વલણ યોગ્ય નથી એમ શી રીતે કહી શકાય? પોતાની સંસ્કૃતિના રક્ષણની તેમની ઇચ્છા તથા પ્રયત્ન સ્વાભાવિક રીતે તેમને આપણાથી દૂર રાખે છે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આપણે તેમનામાં ભળવાનો જે પ્રયત્ન કરીએ છીએ તે તેમની સંસ્કૃતિ માટે આક્રમણરૂપ તો નથી ને? આવી પરિસ્થિતિમાં અમે કેવી રીતે એકમેકની નજીક આવી શકીએ એ જ મોટો કૂટ પ્રશ્ન છે.

આક્રમણની ઇચ્છા ન હોવા છતાં આક્રમણ થાય છે એવું અમને દેખાય છે. એક નાનકડો દાખલો લઇએ. તેમની સાડી પહેરવાની રીત, બોલવાની રીત એ અમને ખરેખર ગમે છે તથા અમે એ રીતે બોલીને પણ બતાવીએ છીએ અને તેમને એ જ રીત ચાલુ રાખવાનું સૂચન કરીએ છીએ, પરંતુ તેમની છોકરીઓને હંમેશ પોતાની સાડી પહેરવાની પદ્ધતિ છોડીને અમારા જેવુ પહેરવું, વાળમાં રીબીન બાંધવી, બોબપીનો નાખવી એવું ગમે છે; અને જે પ્રમાણે આપણામાં અંગ્રેજીનું અનુકરણ–એપીંગ–આવ્યું તેવું જ આપણું અનુકરણ તેમનામાં આવતું અમે પ્રત્યક્ષ જોઇએ છીએ પણ એ શી રીતે અટકાવી શકાય?

અમે તેમને શીખવીશું એટલે આ છોકરાંઓ, ગુરુના સંબંધે, અમારા તરફ જોવાનાં અને સાહજિક રીતે અમારી સારી–ખરાબ બધી બાબતો લેવાને તૈયાર થવાનાં. અને એથી જ અમારી જવાબદારી ખૂબ મોટી છે એની જાણ અમને બેચેન બનાવે છે, કારણ કે અનુકરણ ઘણી વાર સારી કરતાં નબળી બાબતોનુ વધુ હોય છે. દા૦ ત૦ અમજીવનનો મહિમા અમે ગાઇએ તો પણ તે અમારી નસમાં જોઇએ તેટલો પચેલો નથી. જ્યારે બીજી બાજુ આ નાનાં બાળકોને પણ રાક્ષસની શક્તિથી કામ કરતાં અમે જોઇએ છીએ. ફક્ત શક્તિ જ નહિ, પણ તેમની હોંશ તથા કામનો આનંદ કેટલો પ્રચંડ હોય છે! અમે અહીં શિક્ષકો તૈયાર કરીએ છીએ અને તેમનામાં શ્રમજીવન તરફ જોવાની યોગ્ય દૃષ્ટિ તથા રસ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરીએ છીએ પણ તે હોંશ અને આનંદ અમારા શિક્ષકોમાં ઉત્પન્ન થશે કે? શ્રમજીવન અંગેની ખરી દૃષ્ટિ તથા ભાવના અમારામાં જન્મત થશે કે? આવી શંકા દિવસે દિવસ વધુ પ્રબળ બને છે અને એમ લાગવા માંડે છે કે આ લોકો શિક્ષણથી તથા સુરક્ષિતપણાથી દૂર છે તે જ સારું નથી કે? અમારા સંપર્કમાં આવીને તે અમારા જેવા જ હાડકાના હરામ થાય તો તેમાં શું ફાયદો?

એકદર રીતે જોતાં બંધી બાબતોમાં અમારી આગળ આ એક મોટી જવાબદારી છે. આ જવાબદારી એ કે તેમની જાતિમાંની સારી બાબતો ટકી રહે તથા અમારી નિર્બળતાનું અનુકરણ ન થાય એવી રીતે અમારે વર્તવું જોઇએ.

આ સિવાય શિક્ષણવિષયક પ્રશ્નો પણ અનેક છે. આ પ્રશ્નો અંગે અમે હજી હમણાં જ વિચારવા માંડયું છે. સંસ્કૃતિ પ્રમાણે ભાષાનો પ્રશ્ન પણ ઘણો મોટો છે. શરૂઆતમાં તેમને તેમની ભાષાની શરમ લાગતી નહોતી. તેઓ અમારી ભાષા સમજી લેતા અને અમે તેમની ભાષા સમજી લેતા, પરંતુ હમણાંથી તેમને તેમની ભાષા બોલવાની શરમ લાગે છે. તેઓ અમારી જેમ બોલવાનો પ્રયત્ન કરે છે. શુદ્ધ અને સમૃદ્ધ ભાષા તેમને શીખવવી એ વાત બરાબર છે, પરંતુ પોતાને માટે તથા પોતાની ભાષા અંગે હીનભાવ ઊભો થાય તે યોગ્ય નથી.

આ રીતે અમે હાથ ધરેલી યોજનાનું આ સ્વરૂપ છે. પ્રશ્ન ખૂબ મોટો છે, દેશવ્યાપી છે, જવાબદારી મોટી છે, મુશ્કેલીઓ તો અનેક છે, તેમ છતાં જનતાની, સરકારની, અમારા સંઘ–કાર્યકર્તાઓની તથા સંસ્થામાં એકચિત્ત રાતનો દિવસ કરીને કાર્ય કરનારા અમારા કાર્યકર્તાઓના સહકારથી મુશ્કેલીઓનો નિકાલ કરીને આગળ જવાનો યોગ્ય માર્ગ શોધી કાઢી શકીશું એવું અમને લાગે છે. જેમણે આ કાર્ય સ્વીકારવાની પ્રેરણા આપી, તથા માર્ગ દેખાડયો તથા નિમિત્ત બનાવ્યા તથા સહાય કરવાની બુદ્ધિ અનેકના મનમાં ઉત્પન્ન કરી તે જ ઈશ્વર અમને આગળ પણ મદદ કરશે, એ શ્રદ્ધાથી અમે આગળની દિશા નક્કી કરીએ છીએ.

તારાબેન મોડક

> પોતાના નિશ્ચયો વિષે દૃઢ રહેવાથી આત્મવિશ્વાસ એની મેળે આવે છે.
>
> —ગાંધીજી

માતાઓનો સહકાર લો

પૂર્વપ્રાથમિક કેળવણીનો પ્રચાર હવે શહેરમાં અને દેશના ગ્રામીણ વિભાગમાં આપોઆપ થવા લાગ્યો છે. સમાજ-ચળવળના એક ભાગ તરીકે પૂર્વપ્રાથમિક કેળવણીની સંસ્થાઓ જ્યાંત્યાં શરૂ કરવામાં આવે છે. આ સંસ્થાના કાર્યમાં ખાસ કરીને માતાઓનો સહકાર પ્રાપ્ત થયા વગર કેળવણીમાંના આ બાળવિકાસના ખરા પ્રશ્નને આપણે સ્પર્શી શકશું નહિ. આ વસ્તુસ્થિતિ દિવસે દિવસે વધુ સ્પષ્ટ થતી જાય છે. તેને લીધે પૂર્વ-પ્રાથમિક કેળવણીના કાર્યમાં સહકાર કેવી રીતે મેળવવો એ અંગે હજી બરાબર માર્ગ દેખાતો નથી. 'માતાઓની સભા' ભરવાનો એક માર્ગ છે પણ તે ખાસ અસરકારક થઇ શકતો નથી એવો બધે ઠેકાણેથી સરખો જ અનુભવ છે. માતાઓનો સહકાર મેળવવાની દૃષ્ટિથી પહેલા માતા અને શિક્ષિકા વચ્ચેનું અંતર ઓછું કરવાનો પ્રયત્ન થવો જોઇએ. બાળશિક્ષકના વિશેષ પ્રકારના પ્રશિક્ષણને લીધે શિશુશિક્ષણની જવાબદારી મુખ્યતે તેમના ઉપર જ હોય છે. આપણને તેમાં ખાસ કંઇ સમજાતું નથી. ફકત શિક્ષકે માગેલી મદદ આપી એટલે આપણું કામ પૂરું થયું એવી માતૃપદ અંગેની જાગ્રત માતાની કલ્પના છે.

બાલશિક્ષકની સમજણ : બાલશિક્ષકને પણ એવું લાગે કે કેળવણીનું કાર્ય આપણે શિશુશાળા દ્વારા જ કરી શકીએ છીએ. તેમાં માતા-પિતાનો ભાગ મહત્ત્વનો હોય તો પણ તે અંગે તેઓ ખાસ કંઇ કરી શકતા નથી. તેને લીધે ફકત બાળકની અપ્રત્યક્ષ કેળવણી જ માતા-પિતા તરફથી મળે છે અને પ્રત્યક્ષ કેળવણી તો આપણે જે કંઇ કરીએ તેને લીધે જ મળે છે. શિશુ-શિક્ષણમાં વાલી સક્રિય ભાગ કેવી રીતે લઇ શકે તેનો ઉકેલ તેઓ લાવી શકતા નથી. બાળક અંગે વાલી બેદરકાર હોય છે અથવા કેટલાક વાલીઓ વધુ પડતી કાળજી લેનારા હોય છે. તે બધાંને તેમને અનુકૂળ એવી સૂચના આપણે આપીએ એટલું જ આપણે કરી શકીએ એવું શિક્ષકોને લાગે છે.

માતાઓ માટે શિક્ષકક્રમની યોજના : શિક્ષકપદ પ્રશિક્ષણ દ્વારા અને માતૃપદ ફકત સ્વેચ્છાથી પ્રાપ્ત થવાથી શિક્ષિકા અને માતામાં ખૂબ અંતર પડેલું દેખાય છે. શિક્ષિકા અને માતા એ બન્નેનું લક્ષ્ય સરખું છે, પરંતુ એ સાધ્ય કરવામાં એકને પ્રશિક્ષણ મળવાથી આત્મવિશ્વાસ વધે છે તો બીજાને કોઇ પણ પ્રકારનું શિક્ષણ ન હોવાથી પોતે કેળવણીની બાબતમાં અજ્ઞાન છે એવું લાગે છે. શિક્ષણના કાર્યમાં માતા અને શિક્ષક વચ્ચેનું આ અંતર આપણે જ્યાં સુધી ઓછું કરવાનો પ્રયત્ન કરીશું નહિ ત્યાં સુધી માતાનો સાચો સહકાર મળવાની શકયતા નથી. આ માટે માતાના શિક્ષણની યોજના થવી જોઇએ.

માતાના શિક્ષણક્રમનું સ્વરૂપ : આ શિક્ષણ-ક્રમમાં જન્મ પહેલાંના કાળથી બાળકનો વિકાસ કેવી રીતે થાય છે તેનું માનસશાસ્ત્ર ને કેળવણીની દૃષ્ટિથી સગોપન, બાલજીવન વિકાસના પ્રશ્નો, કેળવણીનો ઉદ્દેશ, શિક્ષણની પદ્ધતિઓ વગેરે સંબંધીનું સામાન્ય શાસ્ત્ર, બાલ-વિકાસનું અવલોકન અને તે અંગેની ચર્ચા, પૂર્વપ્રાથમિક શિક્ષણની શાળેય યોજના, તેમાંનો કાર્યક્રમ, તેમાં માતા કયાં અને કેવો સહકાર આપી શકે એ અંગેનું જ્ઞાન વગેરે બાબતોનો સમાવેશ કરીને આ શિક્ષણક્રમ કરનારી માતા પૂર્વપ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે પાર્ટટાઇમ કામ કરી શકે એવી રીતે શિક્ષણક્રમને સ્વરૂપ આપવું જોઇએ.

આપણે ત્યાંની પરિસ્થિતિ : આપણે ત્યાંની પરિસ્થિતિમાં પૂર્વપ્રાથમિક શિક્ષણનું કાર્ય માતા અને શિક્ષિકાના સહકારથી જ થવું જોઇએ એ બાબત અનેક દૃષ્ટિથી મહત્ત્વની છે. એક તો આ દ્વારા માતાઓને એક કે બે કલાકનું કામ મળશે. આ કામને લીધે આજે હજારો સ્ત્રીઓની કાર્યશકિતને યોગ્ય દિશા મળશે. પૂર્વપ્રાથમિક શિક્ષણ જે હાલની પરિસ્થિતિમાં આપણને ખૂબ મોંઘું લાગે છે તે કંઇક અંશે સસ્તું થશે પૂર્ણ પ્રશિક્ષિત શિક્ષિકા કરતાં માતાને પગારની જરૂરિયાત ઓછી હોય છે. માનદ વેતન આપીને તેમની સેવાનો દરજ્જો જુદા પ્રકારનો રાખી શકાય. તેને લીધે શિક્ષકો તૈયાર કરવા માટે અને તેમને પગાર આપવા માટે જે કંઇ ખર્ચ થાય છે તેમાં બચત થશે.

શિક્ષણની દૃષ્ટિથી : શિશુશિક્ષણની દૃષ્ટિએ વાલીના સહકારને વિશેષ અર્થ પ્રાપ્ત થશે. ઘર અને શાળા એમાં ઘરમાં અને શાળામાં બન્ને ઠેકાણે સાચેસાચો સહકાર વધારવામાં આ યોજના મદદરૂપ થઇ પડશે. મૂ૦ બા૦ શિ૦ સંઘના બાલ અધ્યાપન નિયંત્રણ મંડળે આ અંગે વિચાર કરીને આ ઉપક્રમને વેગ આપવો જોઇએ એવું મને લાગે છે. શે૦ ના૦

શરદને પણ શાળામાં જવું હતું

રવિવારનો સમય હતો. ઘાસ ઉપર ઝાંકળનાં મોતીડાં ચમકતાં હતાં. એમાંનાં કેટલાંક મોતીડાં ફૂલો ઉપરથી નીચે ટપકતાં હતાં.

શરદની આંખમાંથી પણ આજે આવાં જ મોતીડાં ટપટપ ટપકતાં હતાં. શરદે તાજેતરમાં સાત વર્ષ પૂરાં કર્યાં હતાં. આજે તેની આશ એનની ગોરવ હતી. તેને માટે તે ફૂલ વીણવાને આવ્યો હતો...ના, ના, તેને મોકલવામાં આવ્યો હતો. રમાકાકીએ કાલે જ તેને કહ્યું હતું: "શરદ, મળસ્કે જ ફૂલ વીણવા જજે, છાબડી ઓશિકા પાસે જ રાખજે. ખૂબખૂબ ફૂલો વીણવા જોઇશે. આશા અને એની બધી બેનપણીઓના ગજરા કરવાના છે. વહેલો ઊઠજે, કુંભકર્ણની જેમ પાછો ઘોરતો પડયો રહેતો નહિ."

અને મળસ્કે ચાર વાગે જ ધૂમાધૂમ શરૂ થઇ ગઇ: "શરદ, ઊઠણશી, ઊઠ." શરદ ઝબકીને જાગી ઊઠયો ને મોં ધોઇ, હાથમાં છાબડી લઇ ગામની બહાર બાગ તરફ દોડયો. ત્યા તે એકલો જ હતો—નહિ એકલો. પ્રભાતનાં પ્રસન્ન વાતાવરણને લીધે એનુ મન એક રીતે ઉલ્લાસિત થયું તેમ ભરાઇ પણ આવ્યું. ઘરે મન મોકળું કરવાની જગ્યા નહોતી. કાકા-કાકીએ આ નાના છોકરાને પોષ્યો હતો. બે વાર જમવાનું, શરીર પર પૂરતા કપડાં અને ઓઢવા માટે બે કાંબળી. આટલું બધું કાકીએ એને આપ્યું હતું, એનાથી વધુ તેને જોઇએ પણ શું?

શરદને લાગતું હતું કે વસંતભાઇની જેમ પોતે પણ શાળામાં જાય, અભ્યાસ કરે, ઉષાની જેમ કાકીની ગોદમાં સૂઇ જાય. કિરીટની જેમ કાકાની પીઠ પર સવાર થઇ લાડથી થોડો થોડો રમે. ટીકડી ફોડવાની બંદૂક લઇ ટીકડીઓ ફોડે, પરંતુ એમાંથી કશુ જ થતું નહોતું. વસંત, કિરીટ, ઉષા એ કાકા-કાકીનાં છોકરાંઓ હતાં. તેમને જે જોઇએ તે તેઓ હક્કથી માગી લેતાં હતાં. કાકા-કાકી કંઇ દુષ્ટ માણસો નહોતા, પણ શરદની આ જરૂરિયાત તેમને સમજાતી જ નહોતી અને આમ આ નાનકડા જીવને ગૂંગળામણ થતી.

આ જ સવારનાં શાંત વાતાવરણમાં ફૂલો સાથે વાતો કરવાનું તેને મન થઇ આવ્યું, પણ તેમ કરતાં તેનું ડૂંગુ મન ભરાઇ આવ્યું હતું. આંસુ વહે તે કુદરત સાથે બોલતો હતો. શું થાય છે, શું જોઇએ છે તેની તેને પણ પૂરતી જાણ નહોતી, પણ કયાંક કશુંક ખટકે છે એમ એને લાગતું હતું. ગઇ કાલની જ વાત. શાળાના માસ્તર આવ્યા હતા. શાળામાં ફરજિયાત મોકલવાનાં બાળકોનાં નામોની નોંધ કરતા હતા શરદ સાત વર્ષનો હતો. તેનું નામ શાળામાં નોંધવું જોઇએ, આ વાત ખરી હતી, પરંતુ પછી કાકીને કોણ મદદ કરે? મહેમાનોની આવજા, ઉષા અને કિરીટ નાના હતા, વસંતની સાતમીની પરીક્ષા નજીક હતી, આમ હોય ત્યારે શરદને કેવી રીતે શાળામાં મોકલી શકાય?—કાકાએ શંકા પ્રદર્શિત કરી.

માસ્તરે કહ્યું હતું: નામ નાખવું જ પડશે. થોડો વખત શાળામાં મોકલવા જાવ. હું જરૂરી પાઠો મોકલીશ.

શરદ બધું સાંભળતો હતો. થોડા વખત માટે પણ કેમ ન હોય! એને શાળામાં જવાનું મળશે પાટી-દફ્તર લઇને પોતાને શાળામાં જવાનુ મળશે તેથી તેને ખૂબ આનંદ થયો હતો.

તેણે ઝડપથી બધાં કામો આટોપવા માંડયાં. થાળી-પાટલા માંડતી વખતે આજે એણે પોતાની થાળી પણ માંડી હતી. કાકીએ તે જોયું અને પૂછ્યું: 'કેમ રે! એક થાળી કેમ વધારે મૂકી?' 'આજે મારે મોટા ભાઇની સાથે જ શાળામાં જવાનું છે ને!' તેણે બીતાં બીતાં કહ્યું. 'શાળામાં જવાનું કહે છે પણ આ એઠવાડ કોણ ઉપાડશે? તારો બાપ?' કાકીએ રાડ પાડી.

"અરે એમ શું કરે છે? તેને થોડો વખત શાળામાં મોકલવો પડશે. આજે માસ્તર આવ્યા હતા. તેનુ નામ નોંધ્યું છે. શાળામાં નહિ મોકલીએ તો આપણો દંડ થશે." કાકાએ સમજાવ્યુ.

"દંડ શેનો થાય! કોગ્રેસવાળા કાંઇ ને કાંઇ નવું જ તૂત કાઢયા કરે છે. શાળામાં કંઇ જવું નથી. થવા દે દંડ." કાકી બરડયા.

પણ આખરે બપોરે થોડો વખત શરદે શાળામાં આંટો મારી આવવો એવું નક્કી થયું.

આ બધાં પ્રસંગો યાદ કરી કરીને શરદ રડતો હતો. તેનું અંતઃકરણ આંખો વાટે ઝરતું હતું.

"ઓહ! શરદકુમાર, તને અડીં છો?" કાકીની બેનના દીકરા પ્રભાકરની બૂમ શરદે સાંભળી. ઝટપટ તેણે આંખો લૂછી નાખી. હસતો ચહેરો કર્યો અને પ્રભાકર

તરફ જોયું. પણ પ્રભાકરથી કશું છપું રહ્યું નહિ. તેને અસર પડી ગઇ કે શરદ રડતો હતો.

પ્રભાકર શરદ કરતાં ૨–૪ વર્ષ મોટો હતો. એ શહેરમાં રહેતો હતો. હોશિયાર હતો. તેને ખૂબ મિત્રો હતા. મિત્રો પાસે સુખદુઃખની વાતો કરવાની તેને ટેવ હતી. તેણે શરદની પીઠ ઉપર ધબ્બો મારીને પૂછ્યું :

"દોસ્ત, રડતો હતો ને!"

"જા! જા!" કહીને શરદે ફરીથી આંખો લૂછી ત્યારે પ્રભાકરે તેની પીઠ ઉપર હેતથી હાથ ફેરવ્યો. શરદનું દૈયું હાથ ન રચ્યું.

થોડી વાર રહીને ફરીથી પ્રભાકરે કારણ પૂછ્યું. સૂર્ય ઉપર આવતો હતો. મોડું થતું હતું ફૂલ તો હજી વીણવા ના હતા તેથી 'પહેલા ફૂલો તોડી લઇએ, પછી કહીશ' એમ શરદે કર્યું અને બને જણા ફૂલો વીણવા લાગ્યા.

શરદની સાથે પ્રભાકર ફૂલ વીણવા આવવા નો હતો, રાત્રે જ નક્કી થયું હતું, પરંતુ શરદ ઘરેથી ખૂબ જ જલદી નીકળી ગયો હતો, પ્રભાકર પાછળથી તેને શોધતો આવી પહોંચ્યો હતો

છાબડી ભરાઇ ગઇ. બન્ને મિત્રો પાછા વળ્યા. શરદે ધીરે ધીરે પોતાનું મન હળવું કર્યું :

"મને શાળામાં જવું છે, મને ભણવું છે" તેણે પોતાની ઇચ્છા પ્રગટ કરી.

પ્રભાકરને થયું : આની વાત સાચી છે. શાળામાં જવું જોઇએ, ભણવું જોઇએ, એને આપણી સાથે કેમ ન લઇ જઇએ?

ઘરે આવીને તેણે માસીને વાત કરી. તેણે સાફ ના પાડી. "તારું ઘર નાનું, ત્યાં કયાં ગરદી કરવી? અહીં મને કોણ મદદ કરે?"


પ્રભાકર પાસે કોઇ ઉપાય નહોતો. આખરે તે પણ નાનો છોકરો જ ને? તેણે શરદને કહ્યું : "તું ગમે ત્યારે મુંબઇ આવ અને મને મળ. આપણે કંઇ ઉપાય શોધીશું."

જો કે ગમે ત્યારે આવવાનું અને કંઇ ઉપાય એટલે શું એ બાબતમાં બંને જણ અજ્ઞાન હતા.

પ્રભાકરે પોતાના ઘરનું સરનામું તથા નિશાની લખી આપી. શરદને એમાંનું કંઇ પણ વાંચતા આવડતુ નહોતું. તેમ છતાં એણે એ કાગળની ચબરખી ખૂબ ભકિતભાવપૂર્વક લીધી અને ખૂબ સંભાળીને સાચવી રાખી

રજા પૂરી થઇ. પ્રભાકર ઘરે પાછો ફર્યો. શરદ શૂન્ય મને તેની તરફ જોઇ રહ્યો.

(ક્રમશઃ) અનુવાદક



પ્રશ્નોત્તરી

સ૦ : મુંબઇ રાજ્યમાં પી. ટી. સી. અને પી. પી. ટી. સી.નો શું સંબંધ છે?

જ૦ : પી. ટી. સી. એટલે પ્રશિક્ષિત (trained) પ્રાથમિક શિક્ષક અને પી. પી. ટી. સી. એટલે પ્રશિક્ષિત પૂર્વ-પ્રાથમિક શિક્ષક. આ બન્ને શિક્ષકોના પગાર-ધોરણો માટેનો દરજ્જો સરકાર સરખો ગણાય છે.

સ૦ : પી. પી. ટી. સી. અને સીનિયર ટ્રેઇન્ડ સરખા દરજ્જાના (Equivalent) ગણાય?

જ૦ : પગારધોરણો અને સેવા નિયમો પૂરતા સરખાં ગણાય છે.

સ૦ : પી. પી. ટી. સી. પ્રાથમિક શાળામાં નોકરી કરી શકે?

જ૦ : ના. પૂર્વ-પ્રાથમિક સંસ્થામાં પી. પી. ટી. સી. અને પ્રાથમિક શાળામાં પી. ટી. સી. જ કામ કરી શકે.

સ૦ : મૅટ્રિક પી. પી. ટી. સી. અને વ૦ ફા૦-પી. પી. ટી. સી. ના દરજ્જામાં કોઇ ફેર હોય છે કે?

જ૦ : કોઇ ફેર રાખવાની જરૂર નથી. વ૦ ફા૦-વાળા બે વર્ષ સાત વિષયોનો અભ્યાસ કરે તેથી તેઓનો દરજ્જો મૅટ્રિક પી. પી. ટી. સી. જેટલો જ થઇ જાય છે.

સ૦ : જોડાણુ લવાજમ રૂા. ૧૦ સંસ્થાએ ભરવાથી સંસ્થાને કંઇ ફાયદો છે?

જ૦ : નૂ૦ બા૦ શિ૦ સંઘ ચલાવવામાં કોઇ ફાયદો છે કે નહિ એનો જવાબ 'હા' હોય તો સંસ્થાને ઘણો ફાયદો છે. એનો જવાબ 'ના' હોય તો સંસ્થાને કશો ફાયદો નથી. જે સંસ્થાઓ રૂા. ૧૦ આપીને જોડાય છે તે નૂ૦ બા૦ શિ૦ સંઘ ચલાવવામાં પોતાથી બનતી ઓછામાં ઓછી સહાય આપી રહી છે. બધી સંસ્થાઓ જોડાઇને જ સંઘ બન્યો છે.

સ૦ : સંઘનું નિરીક્ષણ વર્ષમાં છેવટે એક વાર તો થવું જ જોઇએ, પણ તેમ થતું નથી તો એમ કેમ બને છે?


જ૦ : કાર્યકરોની અછત છે. નિરીક્ષણ માટે જિલ્લામાંથી કાર્યકરો આગળ આવે તો તેને તે તે જિલ્લાની બાળશિક્ષણની સંસ્થાઓનું નિરીક્ષણ સોંપી શકાય.

સ૦ : સંઘના કાર્યકરો અમારા શહેરમાં આવે છે ત્યારે તેમને પ્રમાણિત સંસ્થાઓ જોવાનો પણ વખત હોતો નથી. એવું શા માટે?

જ૦ : સંઘના કાર્યકરો જ્યારે કોઇ ગામમાં જાય ત્યારે ત્યાંની પ્રમાણિત સંસ્થાની મુલાકાતે જાય એ અપેક્ષા વધારે પડતી નથી. આ સૂચન સંઘની સંસ્થાઓ અને કાર્યકરોનો પરિચય વધારવાનું એક સરસ સાધન બની શકશે. સંઘના કાર્યકરો એ અપનાવી લે એવી અમે ભલામણ કરીએ છીએ.

સ૦ : વડોદરા શહેરમાં ઘણાં બધાં બાળમંદિરો છે છતાં તેમાંથી ત્રણ બાલમંદિરો જ સંઘ સાથે જોડાયેલાં છે એનું કારણ શું છે?

જ૦ : વડોદરામાં આપણા કાર્યકરોનું જૂથ કાચું છે. એવું હંમેશને માટે કાચું રહેશે એવું માનવાનું કારણ નથી. સમાજ અને બાળકોના પ્રેમીઓ વડોદરામાં ઘણા છે. તેઓ જરૂર આગળ આવશે અને વડોદરાનું કામ ઉપાડી લેશે. નૂ૦ બા૦ શિ૦ સંઘનું કાર્ય દરેક શહેરમાં ઊભું જ છે. તેની પ્રેરણા યથાસમયે કોઇને મળશે જ. છેવટે આપણે જાતે એ કામ માટે ઊભા થઇશું.



ઝરણુથી બનતું સુગંધિત તેલ

આપને ત્રિવિધ ફાયદાની ખાત્રી આપે છે.



૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્ત્વો પૂરા પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે.

આજે જ એક બાટલી ખરીદો અને હંમેશના વપરાશનું સર્વોત્તમ કેશતેલ ઘેર બેઠાં આસાનીથી તૈયાર કરો...

બધે ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ :
સુગંધ ઘર
બાડીયા, અમદાવાદ
(M. P. S.)

સી. નરોત્તમની કું.
મંગલદાસ રોડ,
મુંબઇ-૨.
ફો. નં. ૩૦૫૭૫

સંસ્થાનુ નિરીક્ષણ કરતી વખતે શિક્ષકો કંઇક વિષયક દૃષ્ટિની અપેક્ષા રાખે છે. એમાંનું કંઇ નથી એવુ શા માટે?

એમાંનું એક કારણ એ હશે કે જે સંસ્થા જે પરિસ્થિતિમાં કાર્ય કરી રહી હશે તે સંબંધમાં નિરીક્ષકને પૂરતું સમાધાન હશે. બીજું કારણ નિરીક્ષક પાસે અપેક્ષિત શિક્ષણ વિષયક દૃષ્ટિ પણ નહિ હોય એમ પણ બનવા જોગ છે. પહેલું કારણ સાચું હશે તો સંસ્થાને સમાધાન થવુ જોઇએ. બીજું હશે તો સંસ્થા પણ નિરીક્ષકને દૃષ્ટિ કેમ ન આપી શકે?

સ૦: સંસ્થાજોડાણના નિયમો તથા તેનાથી થતા લાભો વિષયક નિયમો પ્રમાણિત સંસ્થામાં નથી. કારણ શું?

જ૦: સંસ્થાજોડાણથી થતો લાભ એટલો દેખીતો છે કે તે લખી રાખવાની તમને પણ જરૂર લાગશે નહિ. જે વસ્તુથી લાભ નથી હોતો તેને માટે જાહેરાત થાય છે, પણ જે વસ્તુનો લાભ સ્વાભાવિક હોય છે તેની જાહેરાત વગર જાહેરાતે થયા કરે છે. દા૦ ત૦—

૧ સંસ્થાજોડાણથી સંઘ ઊભો રહી શકયો છે. પોતાનું કાર્ય કરી શકયો છે.

૨ દરેક બાળમંદિર સંસ્થા સંઘનાં જીવતાંજાગતાં ઘટક તરીકે કેન્દ્ર સંસ્થા સાથે સંબંધિત બને છે.

૩ શિક્ષકો અને સંચાલકો વચ્ચેનું વાતાવરણ નિર્મળ રાખવા માટે સંઘની જરૂર પડે સહાય લઇ શકાય છે.

૪ દરેક બાળમંદિર પોતે જે કંઇ સુંદર પ્રયોગો કરે તે સંઘ દ્વારા બધા બાળમંદિરોને પહોંચાડી શકે છે.

૫ દરેક બાળમંદિર પોતે બાળકેળવણીને જે કંઇ સુંદર અને સાચું રૂપ આપે તેનો પ્રચાર સંઘ દ્વારા અખિલ ભારતમાં કરી શકશે

આ બધી વિગતો બાળમંદિરો લાભરૂપ ગણે કે નહિ એ છેવટે બાળમંદિરો પર જ અવલંબિત રહે છે.

સ૦: નિરીક્ષણ માટે કોઇ પદ્ધતિ જોઇએ. એ પદ્ધતિ સંઘ કેમ સત્યસૃષ્ટિમાં મૂકી શકતો નથી?

જ૦: નિરીક્ષણ માટે સંઘે એક પદ્ધતિ તો નક્કી કરેલી છે તે મુજબ સંસ્થાએ માહિતી આપવા માટેના તેમજ નિરીક્ષકે જાતે જોઇને ભરવાના ફૉર્મ્સની વ્યવસ્થા કરી છે. એ ફૉર્મ્સ કાળજીપૂર્વક ભરાઇ જાય તો સંસ્થાનુ કાર્ય કેવી રીતે ચાલી રહ્યું છે તેનુ આપમેળે ભાન થઇ શકે છે.

સ૦: નિરીક્ષકો હંમેશા દર વર્ષે બદલવા જોઇએ, એથી દરેક વિભાગને કંઇક નવો દૃષ્ટિકોણ મળતો રહે. નિરીક્ષકો ઉચ્ચ શૈક્ષણિક કક્ષાના હોવા જોઇએ કે જેઓ બાળમંદિરના શિક્ષકોની ફકત ઊણપો ન જોતાં તેમના કાર્યમાં મદદરૂપ થઇ પડે. આ બાબત વિચાર થશે?

જ૦: નિરીક્ષકો દર વર્ષે બદલવાથી બાલમંદિરોનો વર્ષે વર્ષે થનારો વિકાસ જુદા જુદા નિરીક્ષકોના ધ્યાનમાં આવવામાં કંઇક વધુ મુસ્કેલી આવે છે. નિરીક્ષક પ્રગતિશીલ હોય તો જુદા જુદા બાળમંદિરોમાં જે કંઇ નવુ થાય તે તેમના ધ્યાનમાં આવ્યા વિના રહેશે નહિ અને તેનો લાભ



પ્રસંગોપાત્ત મુખવાસ માટે
વપરાતી
☆ દિલરંજન ☆
સેંટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત
કરતી સર્વ જગ્યાએ વેચાય છે
આપના ગામની એજન્સી માટે લખો:
રાવજીભાઇ કે. સોપારીવાલા
શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ,
મુંબઇ, ૭
શાખા: પોસ્ટ ઑફિસની બાજુમાં,
વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ, ૪



પણ તેઓ જો બાળમંદિરોને આપતા રહે તો બાળમંદિરોને નવું નવું જાણવા જેવું મળી રહેશે. જિલ્લાની બહારના નિરીક્ષકો યોજીએ તો ઘરનું વધુ થઈ જાય છે. નિરીક્ષકો શિક્ષકોની ફક્ત ઊણપો જ ન જુએ એ સંઘના હિતનું જ છે. પણ ઊણપો જોનાર વ્યકિત કોઈ વાર આપણી પ્રગતિને પોષક પણ કરે એવો સંભવ છે કે નહિ?

સ૦ સંઘે બાલમંદિરના શિક્ષકોનું પગાર, મોંઘવારી વગેરે બાબતનું ધોરણ બરાબર છે કે નહિ તેમ જ શિક્ષકને કંઈ હરકત છે કે કેમ તેની તપાસ નિરીક્ષક મારફતે કરાવવી જરૂરી છે. આ સંબંધમાં સંઘે શું કર્યું છે?

જ૦ : નિરીક્ષણ અંગેના પત્રકોમાં એ માહિતી સંઘ પાસે આવી જાય છે, ને એ સંબંધમાં સંચાલકોને સૂચનો પણ કરવામાં આવે છે. પરંતુ સંઘ જ્યારે એવાં સૂચનો કરે ત્યારે સંસ્થાના બીજા સંજોગોની સ્થિતિ પણ સંઘને ધ્યાનમાં લેવી પડે છે. સંઘ પાસે સંસ્થાઓને આર્થિક મદદ આપવાનું કોઈ સાધન હોત તો સંઘે આ સંબંધમાં સંસ્થાઓને ફરજ પણ પાડી હોત, પરંતુ આજના આપણા કાર્યના સંજોગોમાં મિત્રભાવે સંઘ જે કંઈ કરી શકે એટલી મર્યાદામાં જ રહેવું પડે છે.

સ૦ : જે સદ્‌ગૃહસ્થો કેટલાક સંમેલનો વખતે હાજર રહેતા નથી છતાં પણ જબરદસ્તીથી એમનાં નામો સમિતિમાં મૂકવામાં આવે છે. બીજા કાર્યકરો જેઓ ખુશી હોય છે તે ઉપર તેમની નજર હોતી નથી. અવું શા માટે? ઉત્સાહી કાર્યકરોને શા માટે સંઘમાં પ્રવેશ ન હોવો જોઈએ?

જ૦ : સંઘના જૂના કાર્યકરોએ એક વખત સંઘ માટે કંઈક કાર્ય કરેલું હોય છે તેથી સંઘને તેમને માટે વિશ્વાસ હોય છે. એ વિશ્વાસ અને સદ્‌ભાવને લીધે સંઘ જેવી સાર્વજનિક સંસ્થા સેવાના કામમાં એમનામાં જ ફરી ફરી વાર વિશ્વાસ વ્યકત કરે એમાં કશું ખોટું નથી, પરંતુ આવું કાંઈ સતત ચાલુ રાખવાનું કામ સંઘ કરી શકે નહિ. બેત્રણ વખત કાર્યકરને કામ સોંપીને જુએ છે અને તેમની અનિચ્છા સાચી જણાય તો એ કામ બીજાને સોંપવાની વિચારણા કરે છે. કોઈ પણ સાર્વજનિક સંસ્થા અને એના કાર્યકરો વચ્ચે આ નીતિ રહે તે જ યોગ્ય ગણાય. છતાં એનો અર્થ એમ નથી કે કોઈ નવા કાર્યકરને પ્રવેશબંધી કરવી. સંઘ એક સાર્વજનિક સંસ્થા છે. લોકશાહી માર્ગે એમાં દરેક કાર્યકર આવી શકે છે. નવા કાર્યકરે પોતાના પ્રયત્નો યોગ્ય દિશામાં વાળવા જોઈએ.

સ૦ : સંઘનું ઘણું કામ કાગળ પર ચાલે છે. પ્રત્યક્ષ કાર્યમાં શિથિલતા દેખાય છે એનું કારણ શું?

જ૦ : ટૂંક વખતમાં સંઘના નિયંત્રણ મંડળની સભા મળવાની છે તે વખતે સંઘનું કાર્ય તેમ જ રીતિનીતિ અંગે ચાર દિવસની ચર્ચા પરિષદ યોજવામાં આવશે. એકમીજાના સહકારથી આ પ્રશ્નનું કારણ પણ શોધવા આપણે પ્રયત્ન કરશું.

'શિક્ષણ-પત્રિકા'

ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) ૧૯૫૬ અન્વયે 'શિક્ષણ-પત્રિકા' પત્ર અંગેની માહિતી.

ફોર્મ નં. ૪

[જુઓ રૂલ ન. ૮]

૧.	પ્રકાશનનું સ્થળ	૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૨૪.
૨.	પ્રકાશનની સામયિકતા	માસિક
૩.	મુદ્રકનું નામ	શેષ નામલે
	રાષ્ટ્રીયતા	હિન્દી
	સરનામું	૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૨૪.
૪.	પ્રકાશકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	,,
	સરનામું	,,
૫.	તંત્રીનું નામ	,,
	રાષ્ટ્રીયતા	,,
	સરનામું	,,
૬.	જે વ્યકિતઓ આ અખબારના માલિકો હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણ રોકનારા ભાગીદારો અથવા શેરહોલ્ડરો હોય તેનાં નામ તથા સરનામાં	નૂતન-બાળશિક્ષણ સંઘ, ૧૧૮, હિન્દુ કોલોની, દાદર, મુંબઈ ૨૪.

હું, શ્રી શેષ નામલે, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી બધુમાં બધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

પ્રકાશક : શેષ નામલે
નૂતન બાળ-શિક્ષણ સંઘ વતી

તા૦ ૧-૩-'૫૮

નૂતન બાલશિક્ષણ સંઘના નિયંત્રણ મંડળની સભા સાથે યોજાયેલી

ચર્ચાપરિષદમાં આવજો

સંમેલનો અને ચર્ચાપરિષદો યોજાય છે. તેમાં વ્યાખ્યાનો, ઠરાવો થાય છે અને સંમેલન કે પરિષદ થયા પછી ફરી બીજું સંમેલન કે પરિષદ ઊભી કરવાનું ન બને ત્યાં સુધી કાર્યકરો શાંત બેસી રહે છે. જ્યારે જ્યારે સંમેલન કે પરિષદ યોજાય છે ત્યારે તે માટે યોજકો મોટી મોટી અપેક્ષાઓ ઊભી કરે છે. કોઇ વાર એ અપેક્ષાઓ મુજબ સમેલનો યશસ્વી પણ થાય છે. પણ પછી તે અંગેનું કાર્ય આગળ ચાલતું નથી તેથી આપણા કાર્યમાં સતત પ્રગતિનું કોઇ નિશાન મળતું નથી. કેટલાક લોકો આથી સમેલનો કે પરિષદો ન યોજવાના મતના બને છે, પરંતુ સંઘ જેવી સાર્વજનિક સેવા કરવા માગતી સંસ્થા સંમેલનો કે પરિષદોનો બહિષ્કાર પોકારવાની તરફેણ કરી શકે નહિ. આપણામાં જે કંઇ ગુણદોષ છે તે બાબત આપણે જેટલે અંશે જાગ્રત બનશું એટલે અંશે આપણી પ્રગતિને કાંઇક વધુ ગતિ મળવાનો સંભવ રહેશે. એ પ્રકારની જાગૃતિ સંમેલનથી જ થાય છે.

ચૂંટણી પૂરી થઇ


સંઘની સ્થાનિક તેમ જ પ્રાદેશિક શાખાઓની ચૂંટણીઓ લગભગ પૂરી થઇ છે. સંઘની સર્વોપરી સત્તા ધારણ કરનાર નિયંત્રણ મંડળના સભ્યોના ઘણાખરા નામો સંઘના કાર્યાલયમાં આવી ગયાં છે. નિયંત્રણ મંડળના આ બધા સભ્યોની સભા આ માસમાં જ યોજવાનો આપણો વિચાર હતો, પરંતુ અનેક કારણોને લઇને આ સભા હવે આવતા માસમાં એટલે કે એપ્રિલ માસમાં તા. ૨, ૩, ૪ અને ૫ નાં રોજ સંઘના એક સ્થાપક શ્રીમતી તારાબેન મોડકની મુંબઇની તપોભૂમિ શિશુવિહાર-દાદરમાં યોજવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે.

નિયંત્રણ મંડળની આ સભા વખતે સંઘના કાર્યકરોની ચર્ચાપરિષદ બોલાવવા માટે કેટલાક કાર્યકરોનું સૂચન છે. સંઘને હવે સુંદર બંધારણ મળી ગયું છે, જેના દ્વારા સંઘનો પ્રચાર વ્યાપક બનવાની પૂરેપૂરી શકયતા છે. સંઘની નાનીમોટી બધી શાખાઓ પોતપોતાના કાર્યનો વિસ્તાર કરવા સ્વયંપૂર્ણ બની શકે એવી શકયતા થઇ ગઇ છે.

વિચાર-વિનિમય કરીએ

આપણા સંગઠનનું તંત્ર આ રીતે સરસ થઇ ગયું હોવાથી હવે સંઘની શૈક્ષણિક પ્રણાલિકા, તેની કાર્ય-





પદ્ધતિ, તેના ઉદ્દેશો, માન્યતાઓ સંબંધમાં અત્યારે કાર્યકર્તાઓના મનમાં જે ઉહાપોહ જાગી રહ્યો છે તે સંઘની પ્રગતિ પ્રત્યેની અભિમુખતાનું સારું ચિહ્ન છે.

આપણી બાલવાડીઓ, બાલમંદિરો અને અધ્યાપન-મંદિરોમાં આપણે પૂર્વપ્રાથમિક કેળવણીને જે સ્વરૂપ આપી રહ્યાં છીએ તે સંબંધમાં વખતોવખત આપણે જેટલી વિચારણા કરશું તેટલું આજના તબક્કે ખાસ જરૂરી છે. આપણે વર્ષો સુધી મૉન્ટેસોરી પદ્ધતિનાં અખતરા આપણાં શહેરોમાં અને ગ્રામિણ વિભાગોમા કર્યા. તો પ્રશ્ન થાય છે કે આપણી પૂર્વપ્રાથમિક કેળવણીના વિકાસની દૃષ્ટિએ એમાંથી કેટલાં મૂલ્યો આપણે પ્રાપ્ત કર્યાં? આપણા દેશમાં બુનિયાદી કેળવણીના વિચારો આવ્યાને બાવીસ વર્ષ વીતી ગયાં છે. બુનિયાદી કેળવણીના પ્રયોગો, સંઘની કેન્દ્રીય સંસ્થા કોસમાડમાં આપણે શરૂ કરી દીધાં છે. કોસમાડની આપણી વિકાસવાડી યોજનામાં ઘોડીયાઘર, બાલવાડી અને પ્રાથમિક શાળાના વિભાગોમાં સુપ્રસન્નતા કેમ લાવી શકાય તે માટે બનતા પ્રયાસો કરીએ છીએ. સંઘના કેન્દ્રમાં આપણે એક બુનિયાદી પ્રશિક્ષણ સંસ્થા પણ શરૂ કરી દીધી છે. આ બધાં પ્રયત્નો જોતાં મૉન્ટેસોરી અને બુનિયાદી પદ્ધતિઓનો આપણા સંઘની પ્રણાલિકામાં શો ફાળો છે? આધુનિક માનસશાસ્ત્રનો પ્રકાશનો લાભ લઈને બાળકેળવણીને આપણે કેવી રીતે વિકસાવી શકીએ? એવા એવા અનેક પ્રશ્નોની સ્પષ્ટતા સંઘના કાર્યકરોએ કોઈ ઠેકાણે મળીને કરવાની જરૂર અનિવાર્ય દેખાય છે.

નિયંત્રણમંડળની સભા

એપ્રિલની શરૂઆતમાં જ આ સભા યોજાય છે તેથી આ વખતની સભા આગળ વાર્ષિક હિસાબો, વાર્ષિક અહેવાલો કે નવા વર્ષના અંદાજપત્રકો, નવા વર્ષના કાર્યક્રમો વગેરે કાર્યક્રમો યોજવાની શકયતા નથી. આ વખતનું નિયંત્રણમંડળ વ્યવસ્થાપકમંડળ, ટ્રસ્ટી મંડળ, અધ્યાપન નિયંત્રણ સમિતિ, ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર સમિતિ વગેરે જેવી કાયમી સમિતિઓની રચના કરવા માટે જ મળી રહ્યું છે. આ કાર્ય સિવાય આ વખતની નિયંત્રણમંડળની સભા માટે બીજો કોઈ કાર્યક્રમ નથી. તેથી નિયંત્રણમંડળની સભા વખતે સંઘના કાર્યકરોની ચાર દિવસની એક ચર્યાપરિષદ રાખીને સંઘના કાર્યની રીતિનીતિ સંબંધમાં અને કેળવણીવિષયક પ્રશ્નો અંગે શાંતિથી વિચારણા કરવા માટે આ એક સુંદર તક છે.

ચર્યાપરિષદની યોજના અને વ્યવસ્થા

ચર્યાપરિષદની બધી વ્યવસ્થા મુંબઈ શાખાને સોંપવામાં આવી છે. બુધવાર તા. ૨૪-૫-૫૮ના બપોરે ૧૨ વાગ્યે પરિષદની શરૂઆત થશે. તે પછી ગુરુવાર, શુક્રવાર, અને શનિવાર એમ કુલ ચાર દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. રોજ સવારના ૧૧થી ૨ વાગ્યા સુધી અને પછી એક કલાકની વિશ્રાંતિ બાદ ૩ થી. સાંજના ૬ વાગ્યા સુધી એમ રોજની કુલ બે બેઠકો થશે.

આ ચાર દિવસોમાં ચર્યા માટે નીચેના વિષયો નિશ્ચિત કરવામાં આવ્યા છે: (૧) બાળકનો સંવેદન-અવબોધાત્મક વિકાસ (Sensory - Perceptual development) જેમાં મૉન્ટેસોરી પદ્ધતિના ઇન્દ્રીય વિકાસના સાધનોની ઉપર્યુક્તતા અંગેની ચર્ચાનો સમાવેશ થઈ શકશે. (૨) બાળકની સર્જનાત્મક કલ્પનાનો વિકાસ (Development of creative imagination), જેમાં ઢીંગલીઓની રમત, મુકતવ્યવસાય, રચનાત્મક સાધનો અને હુન્નરવિભાગ અંગેની ચર્યા-નિદર્શનોનો સમાવેશ કરવામાં આવશે. (૩) પૂર્વ-પ્રાથમિક કેળવણીમાં લેખન, વાચન અને ગણિત શિક્ષણનું સ્થાન તેમ જ તે સંબંધિત પદ્ધતિઓની ચર્ચા ચલાવવામાં આવશે. (૪) મૉન્ટેસોરી પદ્ધતિ અને બુનિયાદી પદ્ધતિનો નૂતન બાલશિક્ષણ સંઘની વૈચારિક પ્રણાલિમાં ફાળો વગેરે વિષયની ચર્ચા કરવામાં આવશે.

આ વિષયો ઉપરાન્ત પરિષદમાં રસ લેતા કાર્યકરોને જો કોઈ વિષય અગત્યનો લાગશે તે વિષયનો સમાવેશ પણ સમયનો અવકાશ હોય તો કરી લેવામાં આવશે.

કાર્યકરો અને અધ્યાપકોને ખાસ વિનતિ

આ ચારે વિષયોની ચર્ચાને લીધે સંઘની વૈચારિક પ્રણાલિકા સ્પષ્ટ થાય એમ સૌ કોઈ ઇચ્છા રાખે છે, પરંતુ આ પરિષદ વખતે આપ આ સંબંધમાં કેવળ ઇચ્છા રાખો એ પૂરતું નથી. આ ચારે વિષયો પરત્વે, એક તકનો લાભ લઈને, આપના મતવ્યો શા છે તેની સ્પષ્ટતા કરે તેવા આપના અનુભવ સાથેના નિવેદનો ચર્યા માટે ઉપયોગી નિવડશે. એટલે આપ સૌને વિનતિ છે કે આ ચારે વિષયો માટે આપ ચાર સ્વતંત્ર નિવેદનો તૈયાર કરશો. પૃથક્ નિવેદનો કરવાથી આપની ચર્ચાને વ્યવસ્થિત સ્વરૂપ આપી શકાશે. આપ આ ચર્યા પરિષદ માટે કયા કયા વિષયો અંગે નિવેદનો કરવાના છો તેની લેખિત જાતો

વહેલી તકે મોકલી આપશો તો તેનો ઉપયોગ-પરિષદનો અહેવાલ તૈયાર કરવા માટે ખૂબ જ કીમતી ગણાશે. મોડામાં મોડા આ માસની આખરે, આપના ઉપલા વિષયો પરત્વેના અથવા આપને મહત્ત્વના લાગે તે વિષયં સંબંધેના નિવેદનો અહીં સંઘના કાર્યાલયમાં તા. ૩૧ માર્ચ પહેલા મળી જાય તેમ કરશો.

હાર્દિક નિમંત્રણ

સંઘના કાર્યમાં રસ લેતા ભાઇબહેનોને આ ચર્ચા પરિષદમાં ભાગ લેવા માટે અમે હાર્દિક નિમંત્રણ આપીએ છીએ. સંઘના નિયંત્રણ મંડળમાં ચૂંટાયેલા સંઘના બધા કાર્યકરો તો આ પરિષદમાં આવે જ, પરંતુ તે સિવાય દરેક બાલમંદિરોના પ્રતિનિધિઓ, અધ્યાપન મંદિરોના અધ્યાપકો, મુખ્યાધ્યાપકો, સંચાલકો અને સંઘના કાર્યમાં વિશેષ રસ લેનાર સૌ ભાઇબહેનોને આ પરિષદમાં ઉપસ્થિત થઇ ભાગ લેવા માટે અમારું હાર્દિક નિમંત્રણ છે. આ પરિષદ માટે **બહારગામથી આવનાર મિત્રોએ અમને ૨૮મી માર્ચ સુધીમાં તે માટે અગાઉ જણાવવું જોઇએ.** મુંબઇમાં જગ્યાની હાડમારી હજી ચાલુ છે. પરિષદનું કામ રોજ ૧૧થી ૬ સુધી ચાલશે. એટલે ઘણા ભાઇબહેનો જે મુંબઇમાં પોતાનાં સગાંઓ, મિત્રો વગેરેને ત્યાં ઊતરવાનું રાખશે તો બધાંને માટે આ સમય-સગવડભર્યો લાગશે. કેટલાક ભાઇબહેનોની ઊતરવાની સગવડ અહીં શિશુવિહારમાં જ કરી શકીશું, પરંતુ અમને **તે સંબંધમાં લેખિત ખબર તા. ૨૮ માર્ચ પહેલાં મળી જવી જોઇએ.** ભોજન માટે એક ટંકનો રૂા. એક આપવાનો રહેશે.

આ પરિષદમાં થનારી ચર્ચાને અનુલક્ષીને કેટલાંક નવાં સાધનોનો બાળકો શી રીતે ઉપયોગ કરે છે તે દર્શાવતું નિદર્શન પરિષદ માટે આવેલા મહેમાનો માટે રાખવામાં આવશે.

આ પરિષદનો હેતુ ધ્યાનમાં લઇને આ પરિષદમાં ભાગ લેવા માટે, બાળમંદિરો, સંઘની સ્થાનિક શાખાઓ, અધ્યાપન મંદિરો અને પ્રાદેશિક શાખાઓ પોતાના પ્રતિનિધિઓને પરિષદમાં ભાગ લેવા માટેની બધી સગવડો કરી આપે એવી મારી વિનતિ છે.

શેષ નામલે
મંત્રી: નૂ૦ બા૦ શિ૦ સંઘ.

ગિજુભાઇ જયંતી ફાળામાં
મુંબઈનાં બાળમંદિરોનો ફાળો

૧૮૦૦૦	ભ૦ સ૦ ટી૦ એન૦ માળવી બાળમંદિરના રજતજયંતી પ્રસંગે મુંબઇ શાખા તરફથી યોજેલા નટયમહોત્સવ પ્રસંગે
૧૬૦૦૦	રામજી આસર વિદ્યાલય
૯૧૦૦	રૂક્મણી ભોગીલાલ બાળમંદિર
૮૨૦૦	ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા
૭૦૦૦	પ્યુપીલ્સ ઓન સ્કૂલ
૭૦૦૦	સંસ્કાર બાળમંદિર
૭૦૦૦	કચ્છ દશા ઓશવાળ બાળમંદિર
૬૭૦૦	આદર્શ બાળમંદિર
૬૩૦૦	બઝારગેટ હાઇસ્કૂલ બાળમંદિર
૬૩૦૦	ભ૦ સ૦ મનોરમા હઝરત બાળમંદિર
૬૦૦૦	શિશુમંદિર–અંધેરી
૫૦૦૦	બાલનિકેતન
૫૦૦૦	મોડર્ન સ્કૂલ
૪૮૦૦	ગોરધનદાસ કરસનદાસ હિન્દુ બાળમંદિર
૪૪૦૦	હંસરાજ પ્રેમજી શ્રોફ શિશુશિક્ષણમંદિર
૪૨૦૦	ફેનોશીપ સ્કૂલ
૪૦૦૦	જૈન મહિલાસમાજ સંચાલિત બાળમંદિર–દાદર
૪૦૦૦	ક્ષત્રિય શિશુવિહાર
૩૩૦૦	ભગિની સેવામંદિર સંચાલિત બાળમંદિર
૩૦૦૦	બાળકમંદિર
૨૬૦૦	ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ સંચાલિત બાળમંદિર–માટુંગા
૨૧૦૦	મરીના બાળશિક્ષણમંદિર
૨૦૦૦	સુમન બાળમંદિર
૨૦૦૦	મદ્રેસા તૈયબીહ બાળમંદિર
૨૦૦૦	ગોવિંદજી માધવજી ભાટિયા બાળમંદિર
૨૦૦૦	શિશુવિકાસ કલા મહિલાસમાજ સંચાલિત
૧૯૦૦	કમલ દાભાડે

(અનુસંધાન ૨૩ મા પાને)

બાળશિક્ષણ અને સંઘ સમાચાર

બાલશિક્ષણ ચર્ચા પરિષદ : એપ્રિલ તા. બીજીના રોજ નૂતન બાલશિક્ષણ સંઘના નિયંત્રણ મંડળની જે બેઠકો યોજવામાં આવી છે તેની સાથોસાથ આગળના ચાર દિવસ બાલશિક્ષણ અંગેની એક ચર્ચા પરિષદમાં યોજવામાં આવનાર છે. ચર્ચા માટે નીચે મુજબના ચાર વિષયો નિશ્ચિત કરવામાં આવ્યા છે :

(૧) બાળકનો સંવેદન અવબોધાત્મક વિકાસ Sensory Perceptual Development of Childre –એમા મૉન્ટેસૉરી ઇંદ્રિયશિક્ષણના સાધનો અંગેની ચર્ચા થશે.

(૨) બાળકની સર્જનાત્મક કલ્પકતાનો વિકાસ Development of creative imagination.

(૩) પૂર્વપ્રાથમિક કેળવણીમાં લેખન–વાચન–ગણિતાદિ વિષયોનું સ્થાન અને એ વિષયોની પદ્ધતિ.

(૪) મૉન્ટેસૉરી પદ્ધતિ અને બુનિયાદી શિક્ષણ પદ્ધતિઓનો સંઘની વૈચારિક ભૂમિકામાં ફાળો.

બાળમંદિરો, અધ્યાપન મંદિરોના પ્રતિનિધિઓ અને સંઘની શાખાઓના કાર્યકર્તાઓ માટે જ આ સેમિનાર યોજાય છે. સેમિનાર વિષેની વધુ માહિતી માટે મંત્રી મુ૦ બા૦ શિ૦ સંઘ, ૧૧૮, હિંદુ કૉલોની, દાદરના સરનામે લખવું.

× ×

શિશુવિહાર વિલેપાર્લેનું ઉદ્‌ઘાટન : શ્રી વિલેપાર્લે કેળવણી મંડળ સંચાલિત શિશુવિહારનું ઉદ્‌ઘાટન તા. ૧૬–૨–૫૮ના રોજ સંઘના મંત્રી શ્રી. શેષ નામલેના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. શિશુવિહારના મુખ્ય શિક્ષકપદે શ્રીમતી મધુરિકાબેન ત્રિવેદી બી. એ. બી. ટી. (પૂર્વપ્રાથમિક)ની નિમણૂક કરવામાં આવી હતી.

× ×

રૂક્ષ્મણીબેન પરીખ બાળમંદિર (વિલાપરલા) વાર્ષિકોત્સવ : નવસમાજ સંચાલિત આ બાલમંદિરના ચતુર્થ વાર્ષિકોત્સવ નિમિત્તે સંસ્થાની આર્થિક મદદમાં સંસ્થાના બાળકોના ત્રણ મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. પરિણામે સંસ્થાને લોકો તરફથી સારો આવકાર મળ્યો હતો.

બાલઅધ્યાપન નિયંત્રણ સમિતિ : તા. ૧૬-૨-૫૮ના રોજ મળેલી મુ૦ બા૦ શિ૦ સંઘની અધ્યાપન નિયંત્રણ સમિતિએ પૂર્વપ્રાથમિક નિયંત્રણ માટે યોજેલી આ સમિતિનું કામ હવે મુંબઇ રાજ્યે આ પ્રશિક્ષણ અંગેની જવાબદારી ઉપાડેલી હોવાથી બંધ કરવામાં આવે એવી ભલામણ સંઘના વ્યવસ્થાપક મંડળને કરી છે.

× ×

સંઘની ચૂંટણીઓ : સંઘની સ્થાનિક તેમ જ પ્રાદેશિક શાખાઓની ચૂંટણીઓનું કાર્ય હવે લગભગ પૂરું થયું છે. સૌરાષ્ટ્રના હાલાર અને ગોહેલવાડ જિલ્લાઓ તેમ જ શોલાપૂર અને કોલ્હાપૂર જિલ્લાની પ્રાદેશિક શાળાઓનો સંઘમાં ઉમેરો થયો છે.

× ×

બાલમંદિરોની લેખી પરીક્ષાઓ : મુંબઇ રાજ્યના પૂર્વપ્રાથમિક બાલઅધ્યાપન મંદિરોની લેખી પરીક્ષાઓ એપ્રિલની તા. ૨૩, ૨૪, ૨૫ અને ૨૬ના રોજ રાખવામાં આવી છે.


હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....

☆ ફૂલી ☆

☆ ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
☆ મગજને ઠંડુ રાખી વાળને મુલાયમ બનાવે છે.
☆ સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે.

લોમા પ્રોડકટસની એક અણમોલ કૃતિ

સોલ એજન્ટસ : એમ. એમ. ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ.
એજન્ટસ : સી. નરોત્તમ એન્ડ કું.
મગલદાસ રોડ, મુંબઇ–૨.
ટે. નં. ૩૦૫૭૫ M. P. S.



રીંછદાદા

શનો નામનો એક ખેડૂત.

રોપણીનો વખત આવ્યો. શનો તો ગાડામાં સામાન લઈ શકરિયાં રોપવા ચાલ્યો. ખેતર પાસે એક નાનું વન. એ વનમાં એક ઘરડું રીંછ રહે. એ રીંછ બધા ખેડૂતોને કનડે. ડરના માર્યા બધા ખેડૂતો એને રીંછદાદા કહે.

શનાના ગાડા સામે પણ રીંછદાદા આવ્યા. બે હાથ પહોળા કરીને બોલ્યા :

'એય શના, ઊભો રે, મને તારા ખેતરમાં વાવણી કરવા લઈ જા. પાક થાય ત્યારે ઉપરનો ભાગ મારો ને મૂળિયાં તારાં.'

શનાના જવાબની રાહ જોયા વગર રીંછદાદા તો ગાડા પર ચઢી બેઠા.

શનાનું ખેતર રોપાઈ ગયું. પાક તૈયાર થયો અને શનો ખોદવા જવા માંડ્યો. સામે રીંછદાદા તૈયાર જ હતા. શકરિયાં ખોદાઈ ગયાં એટલે રીંછદાદાએ ઉપરનો ભાગ કાપી લીધો. એ એવું સમજ્યા કે જુવાર-બાજરીની જેમ શકરિયાનો પાનવાળો ભાગ વધારે કીમતી હશે. રીંછદાદાએ તો ખૂબ પાન ચાવ્યાં પણ પેટ ભરાય જ નહિ.

શનો તો પોતાનો ભાગ ભેગો કરી બજારમાં વેચવા ગાડું ભરીને ચાલ્યો. સામે દાદા તૈયાર જ હતા. રીંછદાદા બોલ્યા :

'શના, ઊભો રે! તારો ભાગ મને ચાખવા દે.'

રીંછદાદાએ તો શકરિયું ચાખ્યું. એમને તો ભાવી ગયું. જરાપણ મહેનત કર્યા વિના રીંછદાદાએ બીચારા શનાના અર્ધા શકરિયાં લઈ લીધાં.

બીજું વરસ આવ્યું. પાછી રોપણીની વેળા આવી. શનો તો ગાડું લઈને ઊપડ્યો. આ વખતે એ શેરડી રોપવાનો હતો.

સામે રીંછદાદા તૈયાર હતા. એ તો શનાના ગાડા પર ચઢી બેઠા ને બોલ્યા : 'આ વરસે મારો ભાગ. મૂળિયાં મારાં ને ઉપરનો ભાગ તારો. ગયા વરસે તું મને છેતરી ગયો હતો.'

રીંછદાદાની મૂર્ખાઈ ઉપર શનાને હસવું આવ્યું. રોપણી થઈ, પાક તૈયાર પણ થયો. શનો ખેડૂત ગાડું લઈને પાક લેવા ઊપડ્યો. સામે રીંછદાદા તૈયાર હતા. એ પણ કૂદીને ગાડામાં બેસી ગયા.

શેરડી કપાઈ. રીંછદાદાએ ખૂબ મહેનત કરીને મૂળ ભેગાં કર્યાં. મૂરખા રીંછદાદા એમ સમજ્યા કે ગયા વરસની જેમ આ વરસે પણ શકરિયાં જેટલાં મીઠાં મૂળ હશે. એમણે તો પહેલું મૂળ ખાધું. પણ મૂળ ગળેથી નીચે જ ના ઊતરે. ખૂબ ખાંસી ખાધી પણ બહાર ય ન નીકળે.

આખરે રીંછદાદા ગૂંગળાઈ મર્યા. શનો શેરડી લઈ ચાલતો થયો.

—રમેશચંદ્ર કોઠારી



વડની વાતો

વાત પહેલી

'કડાડ્ કડાડ્ કડાડ્ અવાજ થયો. બધાં ઝબકીને જાગી ગયાં. શું પડયું? શેનો અવાજ? બધાં દોડતાં ગયાં. આ શું? અમારો વડ, અમને ગમતું વડનું ઝાડ, તૂટીને પડયું હતું. ડાળીઓ જમીન ઉપર આડી પડી હતી—મૂળની સાથે.

આ શું થયું? અમને ગમતું આ વડનું ઝાડ આમ કેવી રીતે પડી ગયું? આમ કેવી રીતે સૂઇ ગયું? બધાંની આંખો ભરાઇ ગઇ. કંઇ સૂઝ ના પડે. તેના થડ ઉપર હાથ ફેરવ્યા. તેની ડાળીઓને ભેટી પડયા. તેની વડવાઇઓને પંપાળી. આખરે થાકીને ત્યાંથી ઊઠયા. બીચારું મૂંગું ઝાડ! તે શું બોલે? આખો દિવસ વડના જ વિચારો સૌને, આખ્યા કર્યા રાત્રે પણ તેના જ વિચારો કરતા ઊંઘી ગયા. અને કેટલું આશ્ચર્ય! દિવસે ન બોલનારું વડનું ઝાડ રાત્રે સ્વપ્નામાં મારી સામે આવીને ઊભું રહ્યું. તે જ તે ટટ્ટાર ઊભેલું તેનું થડ. એ જ એનાં પાનનો સુડોલ ઘેરાવો આનંદમાં હિલોળા ખાતી તે જ વડવાઇઓ! બૂબ આનંદ થયો. હું વડને ભેટી પડી. તું કેવી રીતે પડી ગયો? મેં પૂછ્યું.

વડ પણ રડવા લાગ્યો. થોડી વાર પછી બન્ને જણ શાંત થઇ ગયા. મેં પૂછ્યું: "તું તો કેટલાએ દિવસોથી અહીં ઊભો હતો ને! તેં ઘણી મઝા કરી હશે! અને તેં ઘણું જોયું હશે!"

"હા! ઘણું જોયું છે. તને મારા અનુભવો કહું કે?"

"હા! હા! કહે ને!"

અને વડે શરૂઆત કરી:

"એ વખતે હું બૂબ નાનો હતો. માંડ માંડ એક ફૂટ ઊંચો હઇશ.

"કૂણાં કૂણાં ૫-૬ પાન મને આવ્યાં હતાં. પાનની એક સુંદર કળી ઉપર શોભતી હતી. પવનની લહેરો સાથે હું હિલોળા લેતો હતો. કુમળા તડકામાં હું ચમકતો હતો.

"એક દિવસ બેં બેં બેં કરતાં ૪-૫ ગાડરાં આવ્યાં. બૂબ નાનાં ને ધોળાં ધોળાં. તેને જોઇને મને બૂબ આનંદ થયો. તે દોડતાં જ મારી પાસે આવ્યાં. મારાં કુમળા નાજૂક પાંદડાં જોઇને તેઓ નાચવા લાગ્યાં, અને ઊંચાં ઊંચા ઠેકડા મારવા લાગ્યાં, અને પાન બેચવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. એટલે મારો જીવ થરથર

કંપવા લાગ્યો. માંડ માંડ ચાર-પાંચ પાન, તેમાં આ ગાડરાં ખાઇ નાખે તો પછી શું રહે? હે ભગવાન મને મોટો થવા દે. ખૂબ પાંદડા ઊગવા દે. પછી હું આ ગાડરાંને પેટ ભરીને પાંદડા આપીશ. હવે મારું રક્ષણ તું જ કર. મારી આ પ્રાર્થના ઈશ્વરે સાચે જ સાંભળી. એક ૭-૮ વર્ષની છોકરી દોડતી દોડતી આવી. તેણે એ બધાં ગાડરાંને હાંકી કાઢ્યાં. પછી તે મારી પાસે આવી. મમતાથી મારા પર હાથ ફેરવ્યો અને બોલી: "કેટલું નાનું! કેટલું સુંદર! કેટલું નાજુક ઝાડ! એને બકરીઓ ખાઇ જશે." એટલામાં તેની બહેનપણીઓ આવી, તેના સાથીદારો આવ્યા. બધાંના હાથમાં લાકડીઓ હતી. બધાં ગોવાળો હતા. તે છોકરીએ કહ્યું: "આપણે આ ઝાડ ફરતી વાડ બાંધીએ." છોકરાઓને આ વાત બરાબર લાગી. થયું. વાંદરાંની જ જાત ને! ઝટપટ દાતરડાં લાવ્યાં. ટપ્‌ટપ્ કાંટાના ઝાડ કાપ્યાં. મારી ફરતી જબરજસ્ત વાડ બંધાઇ ગઇ. મેં ઈશ્વરનો પાડ માન્યો. છોકરાઓનો આ આભાર જિંદગી સુધી હું ભૂલ્યો નથી. આ નાનાં ગોવાળ-બાળો જ્યારે મારી બાંધે કૂદતાં, વડવાઇએ લટકતાં ત્યારે મને ખૂબ આનંદ થતો.

'બીચારાં ગાડરાં! મારી પાસે આવતાં, મોંઢું નાખવા માટે બટપટ કરતાં, પણ કાંટા ખૂંપે એટલે પાછાં ફરતાં. હું કહેતોઃ થોડો વખત વાટ જુઓ, મને મોટો થવા દો. ખૂબ મોટો થવા દો. પછી તમને જોઇશે એટલા પાન આપીશ.


— અનુતાઇ

ગિજુભાઇ જયંતી : બાળમંદિરોનો ફાળો

(૧૯ મા પાનાથી ચાલુ)

૧૭.૦૦	કેશવજી કરસનદાસ ભાટિયા બાળમંદિર
૧૭.૦૦	જૈન ઘોઘારી ત્રૈયસ્કરમંડળ સંચલિત બાળમંદિર
૧૬.૦૦	રમાબાઇ પ્રાંજપે બાળમંદિર
૧૫.૦૦	અલી નર્સરી નં. ૨
૧૪.૦૦	સર્વોદય સ્ત્રી સહકારી બાળમંદિર
૧૩.૦૦	ભગિની સમાજ બાળમંદિર-તારદેવ, મુંબઇ
૧૩.૦૦	ભ૦ સ૦ ટી૦ એન૦ બાળમંદિર
૧૨.૫૦	નૂતન બાળમંદિર-મુલુંડ
૧૨.૦૦	અલી નર્સરી નં. ૧
૧૦.૦૦	બી. પી. કોઠારી સહકારી વિદ્યામંદિર
૧૦.૦૦	કચ્છી વીશા ઓશવાળ બાળમંદિર
૧૦.૦૦	સુનંદિની કાલે
૫.૦૦	મોન્ટેસોરી બાળમંદિર
૫.૦૦	અમુલખ અમીચંદ વિક્ટોરિયલક્ષ્મી વિદ્યાલય
૫.૦૦	દાઉદભાઇ ફાજલેભાઇ નર્સરી સ્કૂલ
૪.૦૦	ગોકળીબાઇ સ્કૂલ સંચાલિત બાળમંદિર
૨.૦૦	ભગિની સમાજ સંચાલિત અનંતવાડી બાળમંદિર
૧૭૯.૫૦	

સ્વદેશી ભાવના કેળવી સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો.



ગજબની ઘોડાગાડી

એક નાનાં શહેરમાં ઘોડાગાડી ઊભી રહેવાની એક જગ્યા. ત્યાં જાતજાતની ઘોડાગાડી ઊભી રહે. કોઇ જૂની તો કોઇ નવી. કોઇ લાલ તો કોઇ પીળી. કોઇનો ઘોડો જુવાન તો કોઇનો ઘોડો ઘરડો. શહેરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા સૌ ઘોડાગાડી ભાડે કરીને જાય.

પછી તો એક પીળા છાપરાવાળી નાનકડી સરરર....ચાલે એવી. પેટ્રોલના ધૂમાડા કાઢતી 'ભોંપી....ભોંપી....પી....' અવાજ કરતી ભાડે ફરનારી મોટર આવી. બધા ભાડૂતોનું મન આ નવી મોટર પર જ ચોંટે. પછી તો આવી ઘણી મોટરો આવી. આવી મોટરને લોકો 'ટેક્સી' ના લાડીલા નામે બોલાવે.

લોકો ટેક્સીમાં જ બેસે. ગાડીવાળા તો બીચારા ભૂખે મરવા માંડ્યા. ઘોડા પાંતળા પડવા માંડ્યા. ગાડીઓના રંગ ફિક્કા પડ્યા. પણ મોટરગાડીઓ તો વધ્યે જ જાય. ઘોડાગાડીવાળાએ ગાડીઓ બંધ કરી, પણ એક ઘોડાગાડીવાળાએ પોતાની ગાડી ચાલુ રાખી તે રાખી જ. જેટલું ઓછું ભાડું મળે તેટલું ખરું, પણ ગાડી તો ચાલે જ.

ઘોડાગાડીની ઊભી રહેવાની જગ્યાએ 'ટેક્સી'ઓ ઊભી રહેવા માંડી. ચમકદાર ટેક્સીઓ, પીળાં છાપરાં અને કાળા રંગવાળી ટેક્સીઓ. ટેક્સીઓના ચલાવનારા પણ બધા એકસરખાં કપડાંવાળા. આ બધી નખરાળી ટેક્સીઓની વચમાં બીચારી જૂનીપુરાણી ઘોડાગાડી બહુ છોભીલી પડી જતી.

બધી ટેક્સીઓ પેલી ઘોડાગાડીને 'જૂનુ ઠાઠિયું' કહીને ચીડવતી. જ્યારે ઘોડાગાડી 'ટપક....ઠપક! ટપક...ઠપક!' કરતીકને ધીરી ધીરી રસ્તો કાપતી ત્યારે પાછળથી સ....ર....ર કરતીકને ટેક્સી એને વટાવી જતી ને 'ભોં....પી....પી' કરીને ઠાઠિયું કહીને એની મશ્કરી કરતી. બીચારી ઘોડાગાડીને સાહું લાગતું પણ એ મૂંગે મોંઢે બધું સહન કરતી. ઘોડાગાડીને ઘણી વાર એવું થતું કે આના કરતાં ક્યાંક સંતાઇ જવું સારું, છતાં હિમ્મતથી એ પોતાનું કામ ચલાવે રાખતી.

પછી શહેરમાં એક સંગ્રહસ્થાન બંધાવા માંડ્યું. સંગ્રહસ્થાન તૈયાર થયું. આ સંગ્રહસ્થાનના એક વિભાગમાં શહેરની સૌથી જૂની વસ્તુઓ મૂકવાની હતી. બધી જગ્યા ભરાઇ ગઇ પણ શહેરનું જૂનામાં જૂનું વાહન ન મળે. અચાનક સંગ્રહસ્થાન માટે લોકોની નજરમાં આ એકની એક ઘોડાગાડી આવી ગઇ.

બસ પછી તો ગાડીને લોકોએ સંગ્રહસ્થાનના બારણા પાસેની કાચની બારી પાસે ગોઠવી.

સંગ્રહસ્થાન ખુલ્લું મુકાવાનું હતું. બધા લોકો ટેક્સીઓ કરીને આવેલા. ટેક્સીઓની હાર જામેલી. સંગ્રહસ્થાનનાં બારણાં ખુલ્યાં ને બધી ટેક્સીઓએ સુંદર શણગારેલા બારણા પાસેની કાચની બારીમાં પેલી ગાડી જોઇ.

વાહ! ભાઇ વાહ! ગાડીનો શો વટ!

ત્યારથી શહેરી ટેક્સીઓ વટ મારવાનું ભૂલી જ ગઇ!

—રમેશ કોઠારી

આનંદી બાળક..




બાળકોને દાંત આવતી વખતે થતી પેટપીડા ઝાપો, ઝાડા વગેરે પર અકસીર. દરાંડ કુદરતી ઓકડ ઝમો બાળકને આનંદી રાખશે!

ગ્લાઈપોઝોન

ધી ઝોન કેમીકલ કું.- મુંબઈ.૬.

CLEANS FAR BETTER LASTS FAR LONGER

Aryan Regd



ARYAN Tooth Brush is so designed as to reach every nook & crevice of your dental system.

AVAILABLE IN PLASTIC CONTAINERS ALSO

શાંડુ

આયુર્વેદ-પ્રાણાવલેહ

(અષ્ટવર્ગયુક્ત)

શીયાળામાં લેવા માટે અત્યુત્કૃષ્ટ લેનિક. "અમૃતમુખ"ની સાથે લેવાથી તુરત ગુણ કરે છે.



ધાનેરા કુપા શાંડુ ઔષધિ વૈદ્યકીય પ્રાયવેટ લિ.

ફોન-૬૯૬૬

સ્થાનિક શાખાઓ :

ઠાકુરદ્વાર : કાલબાદેવી : પરેલ : ઘાટકો

યુનિવર્સ.



ઉપાધિ

અભાવનાશક્તિના

કોઈ પણ વિશ્વસનીય

નામ

UNIVERSAL LABORATORIES

યુનિવર્સ લેબોરેટરીઝ, મુંબઇ.૨૬

શિક્ષક છું !

*

હું શિક્ષક છું !
નવઘડતર ને સંસ્કારતણો
સંરક્ષક છું !
હું શિક્ષક છું !

જે પ્રાકૃત છે, જે હિલ્મિષ છે;
તામસઘેર્યું ને સીમિત છે,
તે સર્વ અસત્નો ભક્ષક છું,
પણ એના સતનો રક્ષક છું,
હું શિક્ષક છું !

જગને મેળે બાજાર ભર્યો
એનાં ના ધંધાદારી છું;
હું જુદો એક મદારી છું !
માનવઉરના સંઘર્ષ સહી
આ હૈયું શારે કોર્યું છે,
એમાં ચેતનના સૂર પૂરી,
આ છોટી માનવતા સામે
આ ભોળી માનવતા [illegible]
ધરતીના કંઇ કંઇ ફેલ કરા

એ સૌને હૈયે ગેલ કરી
ને એમ ખતમ આ ખેલ કરી
સસલાં, સાપણ, ડુગડુગિયું ને
આ ઈલમસળીને
જૂને કંડિયે કેદ કરી;
પૈસો-પૈ જે ધૂળમાં ફેંકયાં
ખંખેરી લઇ, બે હુવા કઇ
ચાલ્યો જાતો,
હું અનંતનો રા'દારી છું !
હું શિક્ષક છું !

મજદૂર નથી, હું માળી છું !
આ હર્યાભર્યા ગુલઝાર તણો હું
માળી છું.
ગુલશન અને કાંટા બન્નેનો
રખવાળી છું.
હું નથી કસોટી, ભઠ્ઠી છું !
પ્રજ્ઞા-વિકાસનું ઔષધ ના,
જડીબુટ્ટી છું !
હું શિક્ષક છું !

(ખંજરી) જયંતીન્દ્ર આચાર્ય

મુદ્રક અને પ્રકાશક : શેષ નામલે, 'શિક્ષણ-પત્રિકા' કાર્યાલય, ૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ-૧૪.
મુદ્રણસ્થાન : સ્ટેટ્સમૅન પ્રિન્ટિંગ પ્રેસ, ધોબી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ નં. ૧.